અવધૂતી મસ્તી

ભા.-૧



શ્રીરંગ ચૅરિટેબલ ટ્રસ્ટ

અવધૂતી મસ્તી

ભાગ-૧



વિવેચક :

જમિયતરામ નરભેરામ અધ્વર્યુ

પ્રકાશક :

શ્રી અવધૂતી સાહિત્ય પ્રકાશન સમિતિ

તરફથી

રામજીભાઈ મણિભાઈ નાયક,

પાર ફળિયું, શ્રીરંગ નિવાસ, નવસારી

પુનઃ પ્રકાશક :

શ્રીરંગ ચૅરિટેબલ ટ્રસ્ટ,

મેડીકેર, ટાઉનહૉલ પાસે, અમદાવાદ-૩૮૦૦૦૬

પ્રકાશક :
શ્રીરંગ ચેરિટેબલ ટ્રસ્ટ,
મેડીકેર, ટાઉનહૉલ પાસે,
અમદાવાદ-૩૮૦૦૦૬

દ્વિતીય આવૃત્તિ : ૧૧૦૦
એપ્રિલ - ૧૯૯૯

કિંમત :
ત્રણ પુસ્તકના સેટની રૂપિયા ૧૦૦/-

મુદ્રક :
મુદ્રેશ પુરોહિત,
સૂર્યા ઑફસેટ,
આંબલીગામ, બોપલરોડ, જિ. અમદાવાદ-૩૮૦૦૫૮

અર્પણ

સ્વ. મંગળભાઈ મોતીરામ દવે

તથા

સ્વ. દિનેશભાઈ મંગળભાઈ દવેની

પાવનસ્મૃતિમાં

નિવેદન



ભા.- ૧

તત્ત્વજ્ઞાનનાં ગૂઢ રહસ્યો હસ્તામલકવત્ સરળ રીતે સમજાવતાં **શ્રી અવધૂત** (નારેશ્વરનિવાસી પૂજ્ય શ્રી અવધૂત મહારાજશ્રી)નાં આ ભજનો આ અવધૂતે (એ નામથી જ એ પૂજ્યપાદ વિભૂતિને આપણે આ ગ્રંથમાં ઓળખીશું.) લખ્યાં છે !! ના, ના. એ તો નિજાનંદની મસ્તીની છોળો ઊડી રહેલી તેવી કોઈ ધન્ય અણમોલ પળોમાં એઓશ્રીના અંતઃ સાગરના અમાપ ઊંડાણમાંથી ઊભરાઈને બહાર વેરાતી વૈખરીને કાગળ પર કલમને ટાંકણે ટાંકી લીધેલ આકૃતિઓ છે. એટલે કે આ ભજનો પોતાના આનંદ અર્થેજ, કાગળ પર ટપકી પડેલ કાવ્યોર્મિઓ છે. એ પ્રભુપ્રેરિત દિવ્ય સાહિત્યસર્જન છે.

વેદ, ઉપનિષદ, સત્‌શાસ્ત્રો-મહાપુરુષોની સ્વૈરવાણીમાંથી જે પ્રેરણા અને અપાર્થિવ આનંદ મળે છે તેવો જ અલૌકિક આનંદ શ્રી અવધૂતના સ્વાનુભવના સ્વૈર ઉદ્‌ગારોમાંથી આપણને મળે છે. એનું સાચું મૂલ્યાંકન તો એટલી જ ઉચ્ચ આધ્યાત્મિક કક્ષાએ ઉડ્ડયન કરનાર એવો જ કોક સમાનધર્મી અવધૂત જ આંકી શકે !

આ ભજનોમાં ભારોભાર તત્ત્વજ્ઞાન ભર્યું છે. પણ એને ભાષાના આડંબરભર્યા, આંજી નાખતા ઝળકદાર જરિયન વાઘાથી વિભૂષિત કરવાને બદલે તેના નગ્નસ્વરૂપમાં નિર્દોષ બાળકની સ્વાભાવિક વાણીની માફક રજૂ કર્યું છે. ભાષાપંડિતોને એમાં શબ્દલાલિત્ય કે અલંકારની ઝમકની ઊણપ દેખાય, પરંતુ શ્રી અવધૂતે જીવશિવના અભેદનું ગૂઢ તત્ત્વજ્ઞાન સહેલાઈથી સમજી શકાય એવી સરળ પણ સોંસરી હૃદયને સ્પર્શ કરે એવી પ્રાણપ્રદ જોશીલી ભાષામાં રજૂ કરીને પરાવાણીની એ અતિ ઉચ્ચ, ઉદાત્ત, લોકોત્તર ભાવનાઓને વૈખરી દ્વારા નીતારીને ધાર્મિક સાહિત્યની જેવી તેવી સેવા નથી કરી ! તત્ત્વચિંતકને અમૂલ્ય ચિંતન-ખોરાક પીરસીને ખરેખર મહાન ઉપકાર કર્યો છે !

જે સત્ય કહેવા માટે વિદ્વાનો ગ્રંથો લખે તે જ સત્ય અનુભવી સંત-મહાપુરુષ-એકાદા વાક્યમાં જ સમજાવી દે છે. વિદ્વાનના એ ગ્રંથને અનુભવનો ઓપ નથી. જ્યારે સંતની એ વાણી પાછળ અનુભવનું ઓજસ્ ઝળહળતું હોય છે. એટલે જ સત્પુરુષના વેદવાણીસમા ગ્રંથ ચિરસ્થાયી રહે છે, જ્યારે ભાષાપંડિત વિદ્વાનોના ગ્રંથ અલ્પાયુ હોય છે. આ વિધાનથી



ભા.- ૧

વિદ્વાનો કે વિદ્વત્તાની અવગણના કરવાનો જરાય હેતુ નથી. પરંતુ ઉપર કહ્યું તે સત્ય તો આજે પણ જેટલું સત્ય છે તેટલું જ ભવિષ્ય માટે પણ સત્ય રહેવાનું છે. રામાયણ, મહાભારત, ગીતા ઉપનિષદ, તુકારામના અભંગ કે સુરદાસનાં પદ, મીરાંનાં ભજનો કે નરસીનાં પરભાતિયાં એવા એવા અનેક સંતોના સાદા, સરળ પણ તત્ત્વચિંતનમાં નૂતન પ્રકાશસમા ગ્રંથોમાં ભરેલી વાણી વર્ષોનાં વા'ણાં વાયાં હોવા છતાંય તેટલી જ તેજસ્વી છે અને લોકમાનસમાં-લોકહૃદયમાં **અમર** છે. શ્રી અવધૂતના બૃહત્ ભજન સંગ્રહ-**અવધૂતી આનંદ**ને એ કોટિમાં મૂકીએ તો જરાય અતિશયોક્તિ થતી નથી. શ્રી અવધૂતે એક વખત કહેલું યાદ આવે છે : "સંતોની વાણી શ્રુતિ જેવી છે, જ્યારે કેવળ વિદ્વાનોની વાણી સ્મૃતિમાંથી જન્મે છે."

તમને કે મને જે વાત પ્રયાસ કરીને શબ્દના ચોકઠામાં ગોઠવવા દશ લીટી જોઈએ અને છતાંય એટલી સ્પષ્ટતા ન થાય, તે જ વાત સંતપુરુષ કેવળ એકાદ વાક્યમાં જ સમજાવી દે છે. એમાં ભભકભરી શબ્દજાળ ભલે ન હોય, પારિભાષિક પંડિતાઈનું પ્રદર્શન ભલે ન હોય પણ અંતરના સૂક્ષ્મતમ તાર હલાવી નાંખે એવું અર્થબોધભર્યું, સાત્ત્વિક તપસ્યાનું તેજસ્વી જોમ તેમાં હોય છે !! શ્રોતાના મનનું તરત જ સમાધાન થઈ જાય એટલી એમાં સરળતાને સહજતા હોય છે. આત્માની ભાષાની આ જ ખૂબી છે.

શ્રી અવધૂતજીના **અવધૂતી આનંદ**માંનાં માત્ર સાઠ ભજનોને જ આ **અવધૂતી મસ્તી**માં સમાવેશ થયો છે. એ બધાંનું વિવેચન ધાર્યા કરતાં વધારે લાંબુ થઈ ગયું છે. પુસ્તકનું કદ અતિ મોટું થઈ જવાની બીકે એને ત્રણ ખંડમાં વહેંચી નાખ્યું છે. એટલે આ પ્રથમ ખંડમાં માત્ર પંદર જ ભજનોનો વિવેચનાત્મક વિચાર થઈ શક્યો છે. સાઠ ભજનો જ કેમ ? નહિ વધુ, નહિ ઓછાં – એનું કંઈ કારણ ? વાત એમ છે કે **શ્રી અવધૂતજી**ને આપણા જેવા દેહધારી થયાને આજે - **કૃતયુગાદિ તિથિ**, કારતક શુક્લ નવમી, સં. ૨૦૧૪ને દિને-ઓગણસાઠ વર્ષ પૂરાં થાય છે. પોતે સાઠમા વર્ષમાં પ્રવેશે છે. એ માંગલિક **હીરક મહોત્સવના મંગળ દિનના પુણ્ય સ્મૃતિચિહ્ન** તરીકે એઓશ્રીના **અવધૂતી આનંદ**ના ગુજરાતી, હિન્દુસ્તાની બૃહત્ ભજન-થાળમાંથી હળવી – ભારે સાઠેક વાનીઓની પસંદગી કરીને તેને અલ્પમતિ અનુસાર સમજાવવાનો એક વિચાર સ્ફુરેલો. મિત્રોનું તેને અનુમોદન મળ્યું. **શ્રી અવધૂતજી**ની સતત જીવંત પ્રેરણાતળે થયેલ એ સ્વાધ્યાયનો-મનનનો-વિવેચનનો લાભ અન્ય જીજ્ઞાસુ ભાઈબેનોને મળે એવો કેટલાક સુહૃદ ભાઈઓને પુણ્ય સંકલ્પ સ્ફુર્યો અને તેનું સુખદ સાકાર ફળ તે આ **અવધૂતી મસ્તી**.

હીરો નાનો હોય કે મોટો હોય પણ તેના પાણીની-તેજની-જાત એક સરખી જ હોય, સાકરની કણી નાની હોય કે મોટો ખડો હોય પણ તેમાંનું ગળપણ તો જેમ એક સરખું જ હોય, તેમ શ્રી અવધૂતનાં અવધૂતી મસ્તીમાં અંતઃપ્રેરણાથી કલમ દ્વારા ટપકેલાં ભજનોના, આ ઉત્તમ, આ મધ્યમ, આ કનિષ્ઠ એવા ભેદ પાડવા જતાં આપણી કસોટીની કચાશનુંજ પ્રદર્શન થઈ જાય તેમ છે. માટે એ વિચાર જ અસ્થાને છે.



ભા.- ૧

સાઠ ભજનોનું વિવરણ-વિવેચન એક સાથે પુસ્તકાકારે છાપતાં ગ્રંથ, આગળ કહ્યું તેમ અતિ મોટો અને અતએવ અતિ કિંમતી થઈ જવાની દહેશત લાગી. એટલે એને ત્રણ જુદા જુદા ખંડમાં વહેંચી દેવો ઠીક લાગ્યો. આમાં અવધૂતી મસ્તીમાં મસ્ત અવધૂતની જુદી જુદી થોડીક તસ્વીરો મૂકી છે. શ્રી અવધૂતની હૃદયપારખું તેજસ્વી આંખોમાં ભીષણ ત્યાગ, ઉગ્ર તપસ્યા, તીવ્ર વૈરાગ્ય, સમાધિપર્યવસાયી યોગ, સ્વાનુભવપૂર્ણ અગાધ જ્ઞાન અને સર્વ સાધનાની કલગી સમાન, સાધન સમસ્તની પરિપૂર્ણતાના કળશ સમાન આત્મસાક્ષાત્કારનું ઓજસ કેવું ને કેટલું બધું ચમકી રહ્યું છે તે પ્રથમ દર્શને જ સમજાયા વિના નહિ રહે. એ અવધૂતજીના અફાટ જ્ઞાનનિધિમાંથી જે કંઈ જરાતરા જડ્યું-સમજાયું તે મારી અલ્પમતિ અનુસાર રજૂ કરવાનો પ્રયત્ન કર્યો છે. સુજ્ઞ વાચક આમાંથી ક્ષીરનીર ન્યાયે સારસાર ગ્રહણ કરે એવી નમ્ર વિનંતી છે. આ વિવેચનથી શ્રી અવધૂતનાં બીજાં ભજનો વાંચવા વિચારવાની પ્રેરણા અને દિશા પણ કોઈ કોઈ ભજનાનંદી ભાઈબેનોને મળશે તોય આ પ્રકાશનપ્રયાસનું સાફલ્ય જ છે એટલો આત્મસંતોષ થશે.

બહુ ટૂંકા ગાળામાં આટલું બધું છપાવીને બહાર પાડવાનું થવાથી અને અધીરા સુહૃદ જિજ્ઞાસુને શીઘ્ર સંતોષવાનું બીડું ઝડપેલું હોવાથી કેટલીયે ભૂલો રહી જવા પામી છે, જે બદલ ગુણજ્ઞ વાચકની ક્ષમા ચાહીએ છીએ.

મણિ મુદ્રણાલયના ઉત્સાહી, ખંતીલા માલિક શ્રી સોમાભાઈ ભગવાનજીના સંપૂર્ણ સહકારને લીધે જ આવડું મોટું પ્રકાશન કાર્ય માત્ર ત્રણેક મહિના જેટલા ટૂંક સમયમાં મણિ મહોત્સવ ટાંકણાસર આટોપી શકાયું છે, એ એમનો ઋણસ્વીકાર અહીં સાભાર જાહેર રીતે કરીને વિરમીએ છીએ.

રંગજયંતી
૨૦૧૪
નવસારી

સંત ચરણરજ
જમિયતરામ નરભેરામ અધ્વર્યુ



ભા.- ૧

પ્રકાશકનું નિવેદન

પરમ પૂજ્ય શ્રીરંગ અવધૂતજીએ ગુજરાતી, સંસ્કૃત અને મરાઠીમાં મહત્ત્વપૂર્ણ સાહિત્ય સર્જન કર્યું છે. એમની જન્મ શતાબ્દિ પ્રસંગે એમના એ સાહિત્યમાંથી કંઈક પુનઃ પ્રકાશિત થાય એવી અંતરની અભિલાષા હતી. શતાબ્દિ વર્ષની ઉજવણી દરમિયાન અને એ પહેલાં નારેશ્વર દર્શન (બસયાત્રા દ્વારા), મીની નર્મદા પરિક્રમા, ચોવીસ કલાકની અખંડ ધૂન, અમૃતબિંદુ - પૂ. ગુરુદેવનાં અમૃતવચનોનું પ્રકાશન, પૂ. સ્વામી તદ્રૂપાનંદજીની બોધમાલિકા પરની જાહેર વ્યાખ્યાનમાળા, જન્મભૂમિ (ગોધરા)થી તપોભૂમિ (નારેશ્વર)ની પદયાત્રા, રક્તદાન શિબિર, અન્નદાન, વસ્ત્રદાન વગેરે કાર્યક્રમો થયા. ઈશકૃપા અને પૂ. બાપજીના આશીર્વાદથી એ તમામ કાર્યક્રમો સુપેરે પાર પડ્યા. પરંતુ બાપજીના અક્ષરદેહના પુનઃ પ્રકાશનનું સ્વપ્ન કાર્યાન્વિત ન થઈ શક્યું એનો વસવસો મનમાં રહી ગયો હતો. આજે મોડે મોડે પણ એ સ્વપ્ન સાકાર થઈ રહ્યું છે એનો હૈયે પરમ આનંદ છે. અક્ષરદેહના પ્રકાશનના પ્રથમ ચરણરૂપે અવધૂતી મસ્તી ભા.-૧, ૨, ૩. વાચકોના હાથમાં મૂકતાં આજે ઊંડા પરિતોષની લાગણી અનુભવીએ છીએ.

આ ગ્રંથત્રયની ઉપાદેયતા વિશે વિશેષ કંઈ કહેવાની અમારી પાત્રતા નથી. વિવેચકશ્રીએ એમના નિવેદનમાં એનું મહત્ત્વ દર્શાવ્યું જ છે. અમે તો નમ્રભાવે એટલું જ કહીશું કે પૂજ્ય બાપજીના જીવન અને વિચારના રહસ્યને સમજવાની ગુરુચાવી આ ગ્રંથોમાંથી સાંપડે છે. પૂજ્ય બાપજીનાં સાઠ ભજનોનું વિસ્તૃત અને વિદ્વત્તાપૂર્ણ ભાષ્ય આપીને સ્વ. પૂ. શ્રી જમિયતરામ નરભેરામ અધ્વર્યુએ વાચકો પર ભારે મોટો ઉપકાર કર્યો છે. એમના આ વિવેચન ગ્રંથોની દ્વિતીય આવૃત્તિના પ્રકાશન પ્રસંગે એમનું ભાવપૂર્વક પુણ્ય સ્મરણ કરી એમના પ્રત્યે ઊંડા આદરની લાગણી વ્યક્ત કરું છું.

અવધૂતી મસ્તીના આવા આધ્યાત્મિક પાથેયરૂપ ત્રણ ગ્રંથોના પુનઃપ્રકાશનની મંજૂરી આપવા બદલ શ્રી અવધૂતી સાહિત્ય પ્રકાશન સમિતિનો આભાર માનું છું. પ્રસ્તુત બીજી આવૃત્તિમાં બાપજીના કેટલાક દુર્લભ ફોટાઓનો સમાવેશ કર્યો છે. એ દુર્લભ ફોટાઓ સુલભ કરી આપવા બદલ પૂ. શ્રી. બાલ અવધૂતજીનાં અને એ ફોટાઓને અનુરૂપ ભજન-પંક્તિઓ શોધી આપવા બદલ પૂ. પ્રેમ અવધૂતજીનો ઋણી છું.



ભા.- ૧

જેમની પ્રેરણા તથા પ્રોત્સાહનને કારણે આ ગ્રંથોના પુનઃપ્રકાશનનું કામ હાથ ધરાયું તથા પ્રૂફ રીડીંગ અને પ્રકાશનને લગતાં અન્ય કામો પાછળના જેમના અથાક પરિશ્રમને કારણે આ કામ સમયસર સુપેરે પાર પાડી શકાયું તે ગુજરાત વિદ્યાપીઠના નિવૃત્ત અધ્યાપક આદરણીય શ્રી મગનભાઈ પટેલનો આભાર કયા શબ્દોમાં માનવો ? એમનું ઋણ બહુ ભારે છે.

મારા પ્રત્યેક જાહેર કામની જેમ આ કામમાં પણ શ્રી જિતેન્દ્રભાઈ ઠક્કર તથા ગ્રાફિક તથા પેઇન્ટિંગ ક્ષેત્રે દિલ્હીની લલિતકળા એકેડમીએ વર્ષ '૯૯નો જેમને રાષ્ટ્રીય એવોર્ડ એનાયત કર્યો તે શ્રી અરવિંદભાઈ પટેલની સેવાઓ ઉપલબ્ધ રહી છે. સમયસર કામ પૂરું કરવા અધ્યાપક શ્રી નરોત્તમભાઈ પટેલ તથા સંદેશના પ્રૂફ રીડર શ્રી ચંદ્રકાન્તભાઈ ભટ્ટનો પણ પ્રૂફ રીડીંગમાં સહર્ષ સહકાર સાંપડ્યો છે. આ સૌ મિત્રોનો હૃદયપૂર્વક આભારી છું.

અંતમાં અવધૂતી મસ્તીના ત્રણેય ગ્રંથો – પ્રિન્ટિંગ, બાઈન્ડિંગ, ગેટ-અપ એમ બધીય રીતે ઉત્તમ કક્ષાના થાય એ અમારી અભિલાષાને ચરિતાર્થ કરી બતાવવા બદલ સૂર્યા ઑફસેટના શ્રી જિતેન્દ્રભાઈ તથા શ્રી મુદ્રેશભાઈ પુરોહિતનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

અવધૂતી મસ્તી ગ્રંથત્રય સર્વાંગ સુંદર બને એવા અમારા નિષ્ઠાપૂર્વકના પ્રયત્નો છતાં અહીંતહીં ક્યાંકને ક્યાંક ત્રુટિઓ રહી ગઈ હશે એ માટે અમે વાચકોના ક્ષમાપ્રાર્થી છીએ. સુજ્ઞ વાચકોને અમારી નમ્ર વિનંતી છે કે એ ત્રુટિઓ તરફ અમારું લેખિત ધ્યાન ખેંચે જેથી નવી આવૃત્તિ વેળાએ એ સુધારી શકાય.

– ડૉ. ઈન્દુભાઈ દવે

ઋણ સ્વીકાર



ભા.- ૧

અવધૂતી મસ્તીના આ ત્રણ ભાગની દ્વિતીય આવૃત્તિના પ્રકાશનમાં નીચેના દાતાઓનાં સ્વૈચ્છિક દાન મળ્યાં છે. પરિણામે સેટની કિંમત માત્ર ૩. ૧૦૦/- રાખી શકાઈ છે. એ બદલ દાતાઓનો અમે હાર્દિક આભાર માનીએ છીએ.

(૧) ૬૧,૧૦૧/- શ્રી રતિલાલ જેઠાલાલ પંડ્યા
હસ્તે શ્રી અશોકભાઈ રતિલાલ પંડ્યા
શ્રી મહેશભાઈ રતિલાલ પંડ્યા

(૨) ૨૫,૦૦૧/- શ્રી સતીશભાઈ ઓઝા (નવાપુરવાળા)
હાલ શિકાગો (યુ.એસ.એ.)

(૩) ૧૦,૦૦૧/- સ્વ. મંગળભાઈ મોતીરામ દવે અને
સ્વ. દિનેશભાઈ મંગળભાઈ દવેના
સ્મરણાર્થે હસ્તે ડૉ. ઈન્દુભાઈ દવે

(૪) ૧૦,૦૦૧/- સ્વ. શંકરલાલ મોતીરામ દવે અને
સ્વ. શાંતાબેન શંકરલાલ દવેના
સ્મરણાર્થે હસ્તે. ભરતભાઈ શંકરલાલ દવે–
શિકાગો (યુ.એસ.એ.)

(૫) ૫,૦૦૧/- શ્રી રણબીર સીંગ બગ્ગા (સરદારજી)
અમદાવાદ

(૬) ૫૦૦૧/- સ્વ. વિપુલભાઈ અંબાલાલ પટેલના સ્મરણાર્થે
હસ્તે અંબાલાલ પટેલ (મંત્રીશ્રી અવધૂત પરિવાર)
અમદાવાદ

(૭) ૫,૦૦૧/- શ્રી મહેશશંકર નર્મદાશંકર પંડ્યા
(હસમુખ ચાવાળા) મુંબઈ

(૮) ૨,૦૦૧/- શ્રી ગિરધરભાઈ લટુરભાઈ દિક્ષિત, અમદાવાદ

(૯) ૧,૦૦૧/- અન્નપૂર્ણાબેન નટવરલાલ ભટ્ટ, અમદાવાદ

(૧૦) ૧,૦૦૧/- સ્વ. જુગલકિશોર હિંમતલાલ શુક્લનાં સ્મરણાર્થે
હસ્તે ભદ્રાબેન જુગલકિશોર શુક્લ - અમદાવાદ.

(૧૧) ૧૧,૦૦૧/- સૂર્યાબેન જિતેન્દ્ર પુરોહિત, અમદાવાદ

અવધૂતી-મસ્તી


પ્રથમ ખંડ

અનુક્રમણિકા




ભા.- ૧


ક્રમ		પૃષ્ઠ
(૧)	ઊઠ અઘભંજના દત્ત મુનિરંજના...	૧ થી ૪૯
(૨)	એક કિરતાર કલિતાર સૃષ્ટિ તણો...	૫૦ થી ૮૩
(૩)	એક આધાર કિરતારનો જગતમાં...	૮૪ થી ૧૧૫
(૪)	દરદીનું દરદ એક દરદી જાણી શકે...	૧૧૬ થી ૧૩૦
(૫)	ભેદમાં ખેદ અભેદ નિર્વાણ છે...	૧૩૧ થી ૧૪૫
(૬)	ઢૂંઢત દેખા જગતમેં, સાર વસ્તુ હૈ એક...	૧૪૬ થી ૧૫૮
(૭)	કહે દિવાના મુજકો, દુનિયા, કહે દિવાના મુજકો...	૧૫૯ થી ૧૬૮
(૮)	ભિક્ષા ૐ દે, મા પારવતી ! જેથી આત્મામાં થાય રતિ...	૧૬૯ થી ૧૮૯
(૯)	શૂન્ય શિખર પર ચઢી, નિહાળ્યો વીજળીનો ચમકાર !...	૧૯૦ થી ૧૯૪
(૧૦)	ગીતા અજબ પઢાયા રે, મુજકો ત્યાગી બનાયા રે !...	૧૯૫ થી ૨૦૭
(૧૧)	શું થયું જે રૂપ તારું જીવ ગયું ફરી ?...	૨૦૮ થી ૨૨૪
(૧૨)	સતસે નાહીં ચીજ પરાઈ...	૨૨૫ થી ૨૩૮
(૧૩)	મન મૂરખ નાદાન અતિશે, શી રીતે સમજાવું રે ?...	૨૩૯ થી ૨૪૫
(૧૪)	ભજો શું મૂરખ ભૂત અનેક ? ઈશ્વર છે સઘળે એક...	૨૪૬ થી ૨૫૯
(૧૫)	બોલ રહી કોકીલ કાનનમેં !...	૨૬૦ થી ૨૬૮




બાર બાર પ્રણતિ કરું ,
ગાઉં મુખ સે ગાન.



મનડું મોહ્યું ચિતડું ચોર્યું,
દિલ આનંદ અપાર !



જ્ઞાનયોગ કર દંડ ગહાયા,
વાહ ગુરુકી શીખ !



ભજો શું મૂરખ ભૂત અનેક ?
ઈશ્વર છે સઘળો એક.



મંદ હાસ્યે કરી ભવ ચિંતા હરી,
શાંતિ દે નરહરિ શ્યામવરણા.

ॐ

॥ श्री दत्तः प्रसन्नोऽस्तु ॥

અવધૂતી મસ્તી

(આસા માંડ, તાલ ત્રિતાલ)

ઊઠ, અઘભંજના દત્ત મુનિરંજના,
સંસૃતિગંજના વિશ્વમૂર્તે!
પૂર્ણ કરી કામના સત્ય કર નામના, દુઃખ હર વામના ભવ્યમૂર્તે!! ટેક૦

ભક્ત આવી ખડા બારણે બાપડા,
હાથમાં લઈ પડા પુષ્પફળના;
મંદ હાસ્યે કરી ભવચિંતા હરી, શાંતિ દે નરહરિ શ્યામવરણા. ઊઠ૦(૧)

અંત અનંત ના જો હવે ચિદ્‌ઘના,
ના રહે તુજ વિના પ્રાણ ઝાઝા;
શે થયો ચંદ્રમા તપ્ત ? પૃથ્વી ક્ષમા, છોડી દે અર્યમા કેમ માઝા ? ઊઠ૦(૨)

શરણ ભાવે થતાં ના રહે ત્યાં કથા
દુઃખની હે તતા બ્રીદ તારું;
કેમ ભૂલી દમે ભક્તજન આ સમે ? કાં ઉપેક્ષા ગમે ? દૈવ મારું! ઊઠ૦(૩)

દાર ઘર વિસરી ત્વત્પદે નત હરિ!
જનિમૃતિ સંહરી તાર વેગે;
ભ્રાન્ત ભવકાનને શ્રાન્ત શાસ્ત્રાટને, ક્ષાળ કર્દમ મુને! જ્ઞાનમેઘે. ઊઠ૦(૪)

વિષયધૂલિ ઊડે સૂઝ કંઈ નવ પડે,
આંખ ચોળી રડે જીવ હારી;
વિરતિજળધારથી બોધઆસારથી, સ્વાત્મવિચારથી ઠાર હાળી. ઊઠ૦(૫)

દોડ સદ્‌ગુરુવરા કર હવે તો ત્વરા,
આવી આખર જરા કાળદૂતી;
રંગ શિરનો ફર્યો ચિત્તમળ ના ગળ્યો, વ્યર્થ દોડી મર્યો કરમ કૂટી. ઊઠ૦(૬)

♦ ♦ ♦



અઘ એટલે પાપ અને તેને ''નહીંવત્ કરનાર પરમાત્મા'' અને તેથી ''અઘભંજના'' એ વિશેષણ ભગવાનને આપવામાં આવે છે. અગ્નિ જેમ અનેકવિધ મેલથી ભરેલા સુવર્ણના મેલને બાળી નાખી તેને શુદ્ધ કંચન બનાવે છે, તેમ પરમાત્મા જીવનાં પાપ, તાપ અને સંતાપને નહીંવત્ બનાવીને જીવને શુદ્ધ બનાવે છે. તેથી તે **''અઘભંજન.''**

પ્રાચીનકાળથી અર્વાચીન કાળ સુધી રાજામહારાજાઓનાં રાજ્ય હતાં ત્યાં સુધી, પ્રણાલિકા અનુસાર બંદીજનો રાજ્યદરબારનાં આભૂષણ ગણાતાં. જેમ અલંકાર શરીરની શોભામાં વૃદ્ધિ કરે તેમ એ બંદીજનો પણ રાજદરબારની શોભામાં વૃદ્ધિ કરતા. રાજામહારાજાનાં પરાક્રમોની ગાથાઓ ગાવી, એ તેમનું કાર્ય અને એ બંદીજનોના યોગક્ષેમનો ભાર વેંઢારવો એ રાજામહારાજાઓનો ધર્મ. રાજામહારાજાઓની પરોઢિયાની મીઠી તંદ્રામાંથી તેમને જાગ્રત કરવા, જેમ એ બંદીજનો તેમનાં ગુણગાન-ભરી તેમની જીવનગાથા મંજુલ સ્વરે ગાતા; તેમ અહીં પણ ભક્ત ભગવાનના અવેતન બંદીજનો ભગવાનને-માનવદેહને અનુરૂપ નિદ્રામાંથી જાગ્રત કરવાને તેનાં ગુણગાન કરે છે. જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ એ ત્રણે અવસ્થાથી પર પરમાત્માને નિદ્રા હોવાનો સંભવ નથી. પણ ભક્તની એવી ભાવના છે અને ભક્તહૃદય શ્રીઅવધૂતે એ ભાવનાને અહીં મૂર્ત બનાવી છે.

પરમતત્ત્વ નિરાકાર. છતાંય અત્રિ-અનસૂયાને નિમિત્ત કરીને જગતના કલ્યાણ અર્થે પ્રગટેલા શ્રીદત્ત ભગવાનનાં ગુણગાન કરતાં ભક્તો ગાય છે...

''ઊઠ અઘભંજના..''

''હે પાપનું નિવારણ કરનાર દત્ત મહારાજ, જાગો.'' જેમ અગ્નિ અને પદાર્થનો સંયોગ થતાં જ પદાર્થ ભસ્મ થાય છે, તેમ પરમતત્ત્વના પ્રકાશનો જીવની સાથે સંયોગ થતાં જ જીવના આવરણરૂપે રહેલાં સૂક્ષ્મ અને કારણ શરીર, જે જીવના સુખદુઃખ અને જન્મમૃત્યુના નિમિત્ત કારણ છે, તે નિઃશેષ ભસ્મીભૂત થઇ જાય છે. અને તેથી જીવ એ મહાપાપથી મુક્ત બનીને શિવસ્વરૂપ બની જાય છે. કર્મના પરિણામે જીવે જે પાપના પુંજ ભેળા કર્યા હોય તે બધાય પ્રકાશના કેવળ એક જ કિરણથી આમ ભસ્મ થઇ જતા હોવાથી જ શ્રીદત્તભગવાન જીવનાં પાપોનું નિવારણ કરનાર છે. અને તેથી અહીં તેને ''અઘભંજના'' એવું વિશેષણ આપવામાં આવ્યું છે. એ અઘભંજન કોણ ? શ્રીદત્ત. શ્રીદત્ત એટલે કેવળ અત્રિઅનસૂયાને નિમિત્ત બનાવી તેના પુત્ર સ્વરૂપે પ્રગટ થયેલી પરમ વિભૂતિ જ નહીં; પણ શ્રીદત્ત તો પરમતત્ત્વ છે. જે પરમતત્ત્વને પામવા માટે ઋષિમુનિઓ આમરણાંત ઉગ્ર તપ આદરે છે, અષ્ટાંગયોગ કે જ્ઞાન કિંવા ભક્તિ દ્વારા જે પરમતત્ત્વનો સાક્ષાત્કાર કરવાને અનેક જન્મ એની પાછળ પડે છે,

છતાંય તેનો પાર પામવો દુર્લભ છે, તે પરમતત્ત્વનું કેવળ અત્રિ અને અનસૂયાની પૂર્ણ તપશ્ચર્યાને પરિણામે શ્રીદત્ત સ્વરૂપે પ્રાગટ્ય થયું.

આપણે ''અત્રિ'' શબ્દનો અર્થ જોઈએ. સત્ત્વ, રજસ્ અને તમસ્ એવા ત્રણ ગુણના આ જગતરૂપી પસારામાં સંલગ્ન થયા વિના, એ ત્રણે ગુણોથી પર થઈને કેવળ પરમતત્ત્વની જ આરાધના કરે છે તે 'અત્રિ'; એટલે ત્રણ ગુણોથી મુક્ત-ગુણાતીત. જેનામાં ઈર્ષા, દ્વેષ આદિ અધઃપતનના ગર્તમાં જીવને લઈ જનારા દુર્ગુણો નથી તે ''અનસૂયા''. આમ જ્યારે પતિપત્નીના નામનો અર્થ આપણે ઉકેલીએ ત્યારે આપણને સમજાશે કે ત્રિગુણાતીત અને રાગદ્વેષ રહિત જીવ પરમતત્ત્વની પ્રાપ્તિ કરવાને યોગ્ય ગણાય. આ તપોનિષ્ઠ દંપતીના એ ગુણથી આકર્ષાઈને એ પરમતત્ત્વનું અહીં પ્રાકટ્ય થાય એમાં નવાઇ જેવું પણ નથી.



ભા.- ૧

વાત એવી બની કે પ્રાચીન કાળમાં અત્રિ અને અનસૂયા ઘોર અરણ્યમાં ઉગ્ર તપ આદરી રહ્યાં હતાં. તપની સિદ્ધિનો સમય આવ્યો અને પરમતત્ત્વ એ દંપતી સન્મુખ સાકાર સ્વરૂપે વ્યક્ત થયું.

''હે ઋષિવર, તમારી ઉભયની ભક્તિથી હું રીઝ્યો છું. તમને અભીષ્ટ એવું વરદાન તમે માગો. ત્રિભુવનમાં દેવોને પણ દુર્લભ એવું વરદાન હું તમને આપીશ.'' અત્રિમુનિ તો કામનાથી મુક્ત હતા. તેને તો ત્રિભુવનમાં પણ કોઈ કામનાની પ્રાપ્તિ કરવાની નહોતી. એ નિરીહને શું જોઈએ ? જ્યાં સુધી જીવ ઉપર ગુણનો પ્રભાવ પડે; ત્યાં સુધી જ અંતર કામનાભિમુખ બને. જ્યારે એ ગુણોની પકડમાંથી જીવ મુક્ત થાય; ત્યારે તે પોતાના શુદ્ધસ્વરૂપની પ્રતીતિ કરીને નિષ્કામ અને અકામ બની જાય છે. અત્રિમુનિ તો આપણે આગળ જોયું તેમ ગુણોની પકડમાંથી મુક્ત જ બન્યા હતા; પણ અનસૂયા પતિને અનુસરનાર છતાંય માતૃહૃદયને અનુરૂપ માતા થવાની કામનાથી મુક્ત નહોતાં. સ્ત્રીસ્વભાવને અનુરૂપ માતા થવાની અભિલાષા અંતરમાં સતત રહેતી. અત્રિએ ભગવાનના આ શબ્દો શ્રવણ કરીને સતી અનસૂયા સામું જોયું. અનસૂયાએ પણ સ્મિતવદને પોતાના અંતરના ભાવ મૂકભાવે જ વ્યક્ત કર્યા અને અત્રિએ કહ્યું :

''ભગવન્, જો આપ પ્રસન્ન હો તો આપના જેવો જ પુત્ર મને પ્રાપ્ત થાય.''

શ્રીભગવાને અત્રિ મુનિના એ ગૂઢરહસ્યયુક્ત શબ્દો સાંભળ્યા. પછી પ્રસન્ન વદને કહ્યું :

''મારા જેવો દયા, ક્ષમા, રૂપ, ગુણ, શીલ ઔદાર્ય, શમ, દમ આદિ અનેક ગુણોથી યુક્ત પુત્ર તો હું તમને ક્યાંથી આપી શકું ? પણ હે મુનિ ! હું જ તમારો પુત્ર થાઉં છું.'' અને એમ કહીને ત્યાં જ સત્ત્વપ્રધાન સ્વરૂપ ધારણ કર્યું અને બાળક સ્વરૂપે પ્રગટ થયા.

અત્રિ જેવા ત્રિગુણાતીતને અને અનસૂયા જેવી સતીને પરમતત્ત્વની

પ્રાપ્તિ ન થાય એ તો સંભવિત જ નથી. અને તેથી જેણે પોતાનું દાન દીધું તે "શ્રીદત્ત" કહેવાયા.

મનુ અને શતરૂપા, વસુદેવ અને દેવકી વગેરેને નિમિત્ત કરીને ભગવાને ભિન્ન ભિન્ન અવતારો ધારણ કર્યાના પ્રસંગો આપણને ભાગવતમાં ક્યાં નથી મળતા ?



આમ શ્રીદત્તનો જન્મ થયો અને તે અત્રિ અને અનસૂયાના પુત્ર તરીકે પ્રખ્યાત થયા.

ભા.- ૧

એવા શ્રીદત્ત ભગવાનને જાગ્રત કરવા માટે ભક્તો તેની પ્રશંસા કરતાં કહે છે :

"મુનિરંજના"

"હે ભગવન્ ! તું મુનિજનનું રંજન કરનાર છે." મુનિ કોણ ? માંડૂક્યોપનિષદ્માં મુનિ શબ્દની વ્યાખ્યા કરતાં કહ્યું છે :

अमात्रोऽनन्तमात्रश्च द्वैतस्योपशमः शिवः ।
ओंकारो विदितो येन स मुनिर्नेतरो जनः ।

"જેણે માત્રાહીન, અનન્તમાત્રાવાળા, દ્વૈતના ઉપશમસ્થાન અને મંગલમય ૐકારને જાણ્યો છે તે મુનિ છે; બીજાઓ નહીં". એવા મુનિને આનંદ દેનાર પણ શ્રીદત્ત ભગવાન જ છે, અને તેથી અહીં "**મુનિરંજના**" એવું વિશેષણ સહેતુક આપવામાં આવ્યું છે. સકામ ભક્તોની કામના પૂર્ણ કરીને તો તેને રીઝવી શકાય; પણ જે નિષ્કામ છે તેને પણ રીઝવી શકાય તે જ ખરી અવસ્થા છે. મૌન રાખીને જેણે વાણીને વશ કરી છે, પ્રાણાયામ આદિ દ્વારા જેણે મનને વશ કર્યું છે, નિશ્ચેષ્ટ સ્થિતિ દ્વારા જેણે ઇન્દ્રિયસંઘાતરૂપી શરીરને વશ કર્યું છે, તે મન, વચન અને કર્માતીત પુરુષ મુનિ છે. એવા મુનિનું મન પરમતત્ત્વથી જ રંજન પામે છે. જાગતિક પ્રપંચ તેને રાજી કરી શકતા નથી; કારણકે તેણે તેની નશ્વરતાનો સંપૂર્ણપણે અનુભવ કર્યો હોય છે. કેવળ પરમાનંદ જ તેના સંતોષનું અને આનંદનું કારણ છે. અને ભગવાન શ્રીદત્તાત્રેયનું સાકાર સ્વરૂપ અને પરમાનંદનું કેન્દ્ર જ નહી પણ પરમાનંદનું સ્વરૂપ જ હોવાથી મુનિજન - માનસનું રંજન છે.

આગળ ચાલતાં ભક્ત કહે છે : –

"संसृतिगंजना विश्वमूर्ते"

સંસૃતિ એટલે જન્મમૃત્યુનું વિષચક્ર. એ જન્મમૃત્યુના વિષચક્રમાં પડેલો જીવ જન્મ અને મૃત્યુની વિડંબના ભોગવતો જ રહે છે. દુઃખની જો પરાકાષ્ટા હોય, તો તે એ સંસૃતિ જ છે, અને તેની ગંજના કરનાર એટલે સંહાર કરનાર શ્રીદત્ત ભગવાન. જ્યારે ભક્ત અનન્ય ભાવે ભગવાનને શરણે જાય છે ત્યારે ભક્તના અંતરના ભાવ પરખીને જીવને જન્મમરણના ફેરામાંથી મુક્ત કરે છે. શ્રી ભગવાને પણ :

तेषामहं समुद्धर्ता मृत्युसंसारसागरात्।
भवामि न चिरात्पार्थ मय्यावेशितचेतसाम्।

એ પ્રમાણે કહીને જીવમાત્રને આશ્વાસન આપ્યું છે. શ્રી ભગવાનની શરતો પાળનાર ભગવાનનો ભક્ત કદી પણ કાળનો ગ્રાસ થતો નથી, અને તેથી જ અહીં "**संसृतिगंजना**" એવું વિશેષણ આપ્યું છે. પ્રભુ સિવાય એ જન્મમરણની મહાન વિપત્તિમાંથી જીવને ઉગારનાર બીજું કોઇ નથી, અને તેથી જ "સંસૃતિગંજના" એ પ્રભુનું "પણ" છે એમ કહેવું અયોગ્ય નથી. આમ સંસૃતિગંજના કહીને ભક્ત પોતાની અંતર-અભિલાષા ભગવાન આગળ વ્યક્ત કરે છે. "હે પ્રભો! જન્મમરણની શૃંખલામાંથી મુક્ત કર", એવી યાચનાનો એ ઉપમાના ગર્ભમાં સંકેત રહેલો છે.



બીજું વિશેષણ છે. "**विश्वमूर्ते**"

વિશ્વ જેનું મૂર્તસ્વરૂપ છે તે વિશ્વમૂર્તિ. અથવા વિશ્વ જેમાં મૂર્તિમાન છે તે વિશ્વમૂર્તિ.

વિશ્વ એ પરમાત્માનું મૂર્તસ્વરૂપ છે. પરમાત્મા એ જ સૃષ્ટિનું નિમિત્ત અને ઉપાદાન કારણ છે. સર્જનનાં જેટલાં નામ છે, રૂપ છે અને આકાર છે, તે બધાંય પરમાત્માનાં જ નામ, રૂપ અને આકાર છે. પરમાત્મા નિરાકાર હોવા છતાંય સાકારને આધાર દેનાર અને સાકારમાં અંશરૂપે રહીને સાકારનો સર્વ વ્યવહાર ચલાવનાર સર્વાકાર છે. અને તેથી તે વિશ્વમૂર્તિ છે. "જેમ વૃક્ષમાં અવ્યક્ત સંસ્કાર રૂપે બીજ રહેલું છે અને જેમ બીજમાં અવ્યક્ત સંસ્કાર રૂપે વૃક્ષ રહેલું છે, તેમ વિશ્વમાં અવ્યક્ત સંસ્કાર રૂપે બ્રહ્મ વ્યાપક છે અને બ્રહ્મમાં અવ્યક્ત સંસ્કાર રૂપે વિશ્વ વ્યાપક છે. તેથી એ બ્રહ્મ સબાહ્યાભ્યંતર વિશ્વવ્યાપક હોવાથી તે વિશ્વમૂર્તિ છે", એવું એક સમે શ્રી અવધૂતે કહ્યાનું સ્મરણ છે.

શ્રીભગવાને કહ્યું :

सर्वभूतस्थमात्मानं सर्वभूतानि चात्मनि।
ईक्षते योगयुक्तात्मा सर्वत्र समदर्शनः।।

"યોગયુક્ત અંતઃકરણવાળો અને બધે સમદૃષ્ટિવાળો મનુષ્ય આત્માને સર્વભૂતોમાં રહેલો અને સર્વભૂતોને આત્મામાં રહેલા જુએ છે." આ છે શ્રી ભગવાનભાખી વિશ્વમૂર્તિની વ્યાખ્યા.

અર્જુનને ભગવાનનાં રૂપ અને ઐશ્વર્યનાં દર્શન કરવાની ઇચ્છા થઇ અને તેથી ભગવાનને પ્રાર્થના કરી...

मन्यसे यदि तच्छक्यं मया द्रष्टुमिति प्रभो!।
योगेश्वर! ततो मे त्वं दर्शयात्मानमव्ययम्।।

"હે યોગેશ્વર પ્રભો ! તે મારાથી જોવાને શકય છે એમ જો આપ માનતા હો તો આપનું એ અવિનાશી સ્વરૂપ મને બતાવો." અને ભગવાને અર્જુનને પોતાના વિશ્વરૂપનું દર્શન કરાવ્યું. એ વિશ્વરૂપદર્શનમાં અર્જુને



શું જોયું ? વાચક ગીતાના અગિયારમા અધ્યાયને જુએ અને ખ્યાલ કરે. એટલો ખ્યાલ કરશો તો ભગવાન વિશ્વમૂર્તિ છે, ભગવાનમાં વિશ્વ છે અને વિશ્વમાં ભગવાન છે એ વાતની પ્રતીતિ થશે.

શ્રી કૃષ્ણને ગોપીએ કહ્યું :

''ગુણમય દેહધારી કનૈયા ! અમે તારાથી અજાણ નથી. તારી બધીયે લીલાઓ અમે નિહાળી છે. એ લીલાઓ પ્રાકૃત બાળક કરી શકે એમ નથી. અને તેથી અમે જાણીએ છીએ કે તું કેવળ નંદયશોદાનો પ્રાકૃત બાળક જ નથી, લાડીલો કનૈયો જ નથી, પણ તું તો પરબ્રહ્મ છે. અને આ તારું પ્રાકૃત સ્વરૂપ તો કેવળ લીલાવિગ્રહ છે.'' ભગવાનના ભકતો પણ ભગવાનને એમ જ કહે છે. પ્રહ્લાદ, પરશુરામ, યદુ, અર્જુન આદિ શ્રીદત્ત ભગવાનના અનુગૃહીત ભક્તોનાં જીવનચરિત્રો ઉપરથી એ બધાયને શ્રીદત્ત ભગવાનના વિશ્વસ્વરૂપની પ્રતીતિ થઇ છે એમ લાગ્યા વિના રહેતું નથી. એ પરમતત્ત્વ નિરાકાર હોવા છતાંય ભકતને અનુગ્રહ કરવા કિંવા અવતારકાર્ય કરવા માટે સગુણસાકાર સ્વરૂપનો સ્વીકાર કરીને આવે છે, એ વાત તો શ્રી ભગવાને જ કહી છે. શ્રી ભગવાને અર્જુનને કહ્યું :

यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत!।
अभ्युत्थानमधर्मस्य तदात्मानं सृजाम्यहम्।।
परित्राणाय साधूनां विनाशाय च दृष्कृताम्।
धर्मसंस्थापनार्थाय सम्भवामि युगे युगे॥

''હે ભારત, જયારે જયારે ધર્મની હાનિ અને અધર્મની વૃદ્ધિ થાય છે ત્યારે ત્યારે હું શરીર સર્જું છું. સત્પુરુષોના રક્ષણ માટે, દુષ્ટોના વિનાશ માટે અને ધર્મની સ્થાપના માટે હું યુગે યુગે પ્રગટું છું''.

શ્રીભગવાનભાખ્યાં આ કારણો અર્થે શ્રી ભગવાન સગુણસાકાર શરીર ધારણ કરે છે, પણ તેથી તેના વિશ્વમૂર્તિત્વનું ખંડન થતું નથી. અમર્યાદ મર્યાદિત બનતા નથી. અને તેથી રામ, કૃષ્ણ, દત્ત આદિ અનેક અવતારો ધારણ કરવા છતાંય પરમતત્ત્વ તો જે છે તેનું તે જ રહેલું છે. તે વિશ્વમાં વ્યાપ્ત છે. શ્રીદત્ત આમ પરમતત્ત્વ સ્વરૂપે જ પ્રકાશિત હોવાથી શ્રીઅવધૂતે અહીં ''વિશ્વમૂર્તિ'' એવું વિશેષણ સહેતુક વાપર્યું છે. શ્રીદત્ત ભગવાનની ઉપાસના સાંપ્રદાયિક નથી પણ સાર્વત્રિક છે એવો ભાવ પણ આ ''વિશ્વમૂર્તે'' એવું વિશેષણ આપીને વ્યક્ત કરવામાં આવ્યો છે. ખરેખર, વિશ્વ એ પરમાત્માનું પ્રાકૃત સ્વરૂપ જ છે. એ પ્રાકૃત સ્વરૂપનું વર્ણન વેદો અને ઉપનિષદોમાં પણ મળે છે. જેમ શરીરમાં રહેલો આત્મા શરીરના એકેક કણરજકણમાં રહીને શરીરને ચેતનવંતુ બનાવે છે, તેમ બાહ્ય વિરાટ પ્રકૃતિમાં રહેલું પરમતત્ત્વ અવ્યક્તરૂપે વિરાટના એકેક કણરજકણમાં રહી તેને ચેતનવંતુ બનાવે છે, અને તેથી પણ એ વિશ્વમૂર્તિ છે. આમ આપણે જોયું કે ભગવાન શ્રી દત્તાત્રય અઘભંજન છે, મુનિરંજન

છે, સંસૃતિગંજન છે અને વિશ્વમૂર્તિ છે.

હવે આપણે આગળ ચાલીએ. શ્રીઅવધૂત શ્રી ભગવાનને વિનવે છે :

"પૂર્ણ કરી કામના સત્ય કર નામના"

અહીં ભગવાનને તેની નામના સત્ય કરવાની પ્રાર્થના કરવામાં આવી છે. એ નામના સત્ય કરવા માટે ભગવાને શું કરવું જોઈએ તેનો પણ સાથે જ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. અને તે છે :



ભા.- ૧

"પૂર્ણ કરી કામના"

અહીં આપણે ભક્તના બે પ્રકારનો વિચાર કરીશું. ભક્ત સકામ પણ છે અને નિષ્કામ પણ છે. શ્રી ભગવાને પણ ભક્તના ચાર ભેદ બતાવ્યા છે.

चतुर्विधा भजन्ते मां जनाः सुकृतिनोऽर्जुन !।
आर्तो जिज्ञासुरर्थार्थी ज्ञानी च भरतर्षभ !॥

"હે ભરત શ્રેષ્ઠ, ચાર પ્રકારના પુણ્યશાળી મનુષ્યો મને ભજે છે. આર્ત, જીજ્ઞાસુ, ધનની ઇચ્છાવાળો અને જ્ઞાની."

રોગ અથવા બીજા શારીરિક દુઃખથી પિડાતો હોય તે આર્ત. રાત-દિવસ પ્રભુને પામવાની જ જિજ્ઞાસા રાખતો હોય તે જિજ્ઞાસુ. શરીરસુખ, સ્ત્રીસુખ આદિ ઐહિક સુખની આકાંક્ષા પૂર્ણ થવા માટે જ જે ભગવાનને ભજતો હોય તે અર્થાર્થી. અને કેવળ પ્રભુને ખાતર જ પ્રભુનું ભજન કરનાર અને પ્રભુના સ્વરૂપનો સાક્ષાત્કાર કરવાને એક પગે થઈ રહેલો તે જ્ઞાની ભક્ત છે.

આ ચારે પ્રકારના ભક્તો સકામી છે. કારણ કે કોઈને પારમાર્થિક કામના છે તો કોઈને ઐહિક કામના છે. જેઓ કશું જ કરતા નથી તેના કરતાં કામનાયુક્ત ભક્તો સારા છે. જે કેવળ પ્રભુને ખાતર જ પ્રભુને ભજનારા છે તેમના કરતાં સકામ ભક્તો ઊતરતી કોટીના છે. જે કેવળ નિષ્કામી છે તેઓ સર્વશ્રેષ્ઠ ભક્ત છે. એ બધાય ભક્તોમાં જ્ઞાની ભક્ત શ્રીભગવાનને પ્રિય છે, એટલુંજ નહીં પણ તે ભગવાનનો આત્મા છે. અસ્તુ. આપણે મૂળ વસ્તુનો વિચાર કરીએ.

ભગવાન ભક્તકામકલ્પદ્રુમ છે અને એ જ તેની નામના છે. ગમે તે ભાવે ભગવાનને ભજનારની કામના ભગવાન પૂર્ણ કરે છે અને તેથી જ તે 'ભક્તકામકલ્પદ્રુમ' કહેવાય છે. એ નામના વસ્તુતઃ તો ભક્તોએ જ જગતમાં ગાઈ છે. સાધુકર્મ કરનાર જગતમાં પ્રશંસાને પાત્ર બને છે, લોકો તેનાં વખાણ કરે છે, તેને સન્માન આપે છે. પણ એ બધું સ્વાર્થ પૂરતું જ છે. અને તેથી સ્વાર્થસાધુઓ ભગવાનને પોતાનો સ્વાર્થ સિદ્ધ કરવા માટે ભજે છે. સ્વાર્થની સિદ્ધિ થતાં ભગવાનની પ્રશંસા કરે છે. જેનો સ્વાર્થ ગમે તે કારણસર સધાતો નથી તે ભગવાનની નિંદા કરવામાં



પણ ચૂકતો નથી. પણ તેની સાથે અહીં આપણને સંબંધ નથી. ભગવાનનો વાસ્તવિક ભક્ત તો ભગવાનદીધો મોક્ષ પણ સ્વીકારતો નથી અને ભગવાન પાસે કશાની યાચના પણ કરતો નથી. અને તેથી જ તેવો ભક્ત ભગવાનનો આત્મા છે. જે જ્ઞાની છે તેની રગેરગમાં સંસાર અને સાંસારિક પદાર્થોની નશ્વરતા પચી ગયેલી છે. જગત નાશવંત છે, જગતની સમૃદ્ધિ નાશવંત છે, જગતનાં સુખદુઃખ આગંતુક છે અને તેથી તેને જગત પર મોહ નથી. જાગતિક પદાર્થોની અભિલાષા નથી; પણ એવા ભક્ત તો જવલ્લે જ જોવાના મળે છે.

ભગવાનને ત્યાં તો બધાય ભિખારી જ છે. બધાયને એક અથવા બીજી કામના રહેલી જ છે, અને તે કામનાની પૂર્તિ અર્થે બધા જ ભગવાન પાસે પાલવ પાથરે છે. લાખકરોડે એકાદો એવો કોક નિષ્કામ ભાવે ભગવાનને ભજનારો–પોતાના સ્વરૂપને જાણવાની તમન્નાવાળો - મળશે. પણ એવા કામનારહિત ભક્તને પણ કામના તો હોય જ છે. અલબત્ત, તે ઉત્કૃષ્ટ છે, સાત્ત્વિક છે, છતાંય કામના તો ખરીજને ? અને ભક્તની કામના પૂર્ણ કરવી એ તો ભગવાનનું બિરદ છે. સકામભાવે કે નિષ્કામભાવે ભગવાનને શરણે ગયેલાને એ અશરણશરણ પરમાત્મા કોઈ દિ નિરાશ કરતો નથી. અને તેથી જ આંગણે આવેલા ભક્તની કામના પૂર્ણ કરીને પોતાનું બિરદ પાળવાની પોતાની નિષ્કલંક કીર્તિમાં કલંક ન આવે, કોઈ નિરાશ ન થાય, એ જોવાની ભક્ત ભગવાનને પ્રાર્થના કરે છે.

પણ ભાઈ, ભગવાન તો સતત જાગૃત છે. તેને તેનું બિરદ પાળવાનું સ્મરણ કરાવવાની આપણે શા સારુ કાળજી રાખીએ ? ભગવાનનું બિરદ છે-ભક્તની કામના પૂર્ણ કરવાનું. પણ સાથે ભગવાનની એક શરત પણ છે. તે શરત જો ભક્ત પાળે તો જ ભગવાન તેની કામના પૂર્ણ કરવાને બંધાયેલા છે, એ નિઃશંક છે. ભગવાનની એ શરત છે - ''ભાવ'' અને ''અનન્યશરણ.'' સકામભાવે પણ તમે ભગવાનને ભલે ભજો, પણ તેમાંયે ભગવાનમાં સંપૂર્ણ ભાવ રાખશો, અચળશ્રદ્ધા અને વિશ્વાસ રાખશો, અનન્યશરણ શોધશો તો નિરાશ નહીં થાઓ. ભગવાનં તમારો સમુદ્ધાર કરનાર છે, ભગવાન તમારી પ્રત્યેક કામના પૂર્ણ કરનાર છે. પણ ક્યારે ? તમે ભગવાન સિવાય અન્ય શરણનો ત્યાગ કરીને અનન્યભાવે તેને શરણે જાઓ ત્યારે. તમે અનન્યભાવે શરણે જાઓ છો ખરા ? એ પ્રશ્ન તમારા અંતઃકરણને પૂછજો અને જવાબ તમને નકારમાં જ મળશે. આજે રામ, કાલે વિષ્ણુ, વળી શંકર - એમ તમે તો રોજ નવા નવા દેવોને ભેદબુદ્ધિપૂર્વક શોધતા જ રહેશો અને નિરાશ થશો ત્યારે ભગવાનને દોષ દેશો. કહો દોષ કોનો ? તમારો કે ભગવાનનો ? આજે રામ, કાલે કૃષ્ણ, પરમ દિ શિવ - એમ ભલે ભજો, પણ એ બધાયમાં રહેલી ભેદબુદ્ધિનો ત્યાગ કરો. બધાંય ભિન્નભિન્ન સ્વરૂપોમાં એક જ પરમતત્ત્વ રહેલું છે

એવી અભેદબુદ્ધિએ તમ[illegible]ને, અરે મારગના પાણાને ભજો. અને જુઓ તો ખરા, તમારો ભાવ અ[illegible]ણામાંથી પ્રભુ પ્રગટાવશે. તમારી કામના એ મારગનો પાણો પૂરણ કરશે. [illegible]ન હોય, અનન્ય શરણ ન હોય, પણ કેવળ ગાડરિયાં પ્રવાહને અનુસરનો[illegible]ક્ત હોય, તે નથી પોતે પોતાને રીઝવી શકતો કે નથી ભગવાનને રીઝવી [illegible] અને તેથી ભગવાનને તેનું ''પણ'' પાળવાની સલાહ આપતાં પહેલાં ભ[illegible]પોતાનું અંતઃકરણ ખોજવું જોઈએ, આત્મનિરીક્ષણ કરવું જોઈએ. જો ત્યાં [illegible]નો અભાવ જણાય તો ભાવ ભરો. જો ત્યાં અનન્યશરણ ન હોય [illegible] અનન્યશરણ બનો. અને એટલું થશે એટલે ભગવાન તો ભક્તને અધીન છે, તે ક્યાં જવાના છે ? સૂતરને તાંતણે બંધાયેલો વિશ્વંભર તમારી બધીય કામના પૂર્ણ કરવાને સમર્થ છે. પૂરણ કરશે એ નિશ્ચિત છે. પછી તમારે ભગવાનને ''પણ''નું સ્મરણ કરાવવાની જરૂર નહીં રહે. એ સર્વજ્ઞ બધાય ભક્તનાં પાણી માપવાને સમર્થ છે.

પણ તમે જ્યારે :

''પૂર્ણ કરી કામના''

એવું કહો છો ત્યારે તમારી કામના શી છે તે તમે નક્કી કર્યું છે ખરું ? ભગવાનને ત્યાં તો ''કર્મ અને ફળ''નો અદલ ન્યાય છે. ''જેવું કરો તેવું પામો'' - એ ભગવાનનો અટલ નિયમ છે. ''જેવું વાવો તેવું લણો'' - એ નિસર્ગનો અચળ નિયમ છે. એને જ આપણે પ્રારબ્ધ કહ્યું છે. એ પ્રારબ્ધમાં કર્મના ફળનું નિર્માણ કરનાર શ્રી ભગવાન પણ ફેરફાર કરવાને શક્તિમાન નથી. અને જો ફેરફાર કરે તો તેની ભગવત્તા, નિષ્પક્ષપાતપણું લજાય. લોકેષણા, દારેષણા, અને વિત્તેષણા, અને એ એષણાત્રયીને અનુસરતાં પરિણામો તે કેવળ પ્રારબ્ધને આધીન છે. એની તો કામના કરો યા ન કરો; તોપણ જેમ આંબાનુ ફળ યથાકાળે પાકશે અને તે તમે ખાશો જ, તેમ કર્મનું ફળ પણ યથાકાળે પરિપકવ થશે અને તમને મળશે. તેની કામના કરીને તેના અભાવે અશાંતિ અને અસંતોષનો અનુભવ કરવો એ માનવહૃદયની નિર્બળતા સિવાય બીજું કશું જ નથી. હવે તમે વિચાર કરો, તમારી કયી કામના પૂર્ણ કરવાને તમે પ્રભુને પ્રાર્થના કરો છો.

ચારે કોર ધુમ્મસથી છવાયેલા માર્ગ પર ચાલતા પથિકને જેમ માર્ગ સૂઝતો નથી. તેમ મોહ, મમતા અને અહંતાના ધુમ્મસથી ઘેરાયેલા તમારા ચિત્તને, જો તમારે શી કામના અર્થે પ્રભુ પાસે જવું જોઈએ તે ન સૂઝે તો બાળક છતાં પ્રૌઢને પણ લજવે એવા કુશાગ્રબુદ્ધિ નચિકેતા પાસે જાવ. તે તમને તમારી સાચી કામના શી હોવી જોઈએ તેનો બોધ કરશે.

યમરાજાએ નચિકેતાને અનેક પ્રલોભનો આપ્યાં. સ્વર્ગની સમૃદ્ધિનો સ્વામી બનાવવાનું વચન આપ્યું, ઇચ્છામૃત્યુ આપવાનું સૂચન કર્યું, અને



એવું એવું તો કંઈ કંઈ કહી નાખ્યું પણ નચિકેતા એકનો બે ન થયો. એની શી કામના હતી ? જાણો છો ? એની કામના આત્મ તત્ત્વનો અપરોક્ષ અનુભવ કરવાની હતી. યમરાજ સિવાય એ બીજા કોની પાસે એવી વાંચ્છા રાખી શકે ? અને તેથી યમરાજનાં બધાંય પ્રલોભનોને નકારીને માત્ર પોતાની એક જ કામના પૂર્ણ કરવાનું નચિકેતાએ યમરાજને કહ્યું. યમરાજના શબ્દોમાં કહીએ તો :

श्रेयश्च प्रेयश्च मनुष्यमेत
स्तौ संपरीत्य विविनक्ति धीरः ।
श्रेयो हि धीरोऽभिप्रेयसो वृणीते
प्रेयोमन्दो योगक्षेमाद् वृणीते ॥

"શ્રેય અને પ્રેય મનુષ્યની આગળ છે. તે ઉભયને બુદ્ધિમાન પુરુષ સારી રીતે વિચાર કરીને જુદાં જુદાં કરે છે. વિવેકી પુરુષ પ્રેયની અપેક્ષાએ શ્રેયનો જ સ્વીકાર કરે છે, કિન્તુ મૂઢ મનુષ્ય યોગક્ષેમના નિમિત્તે પ્રેયનું વરણ કરે છે." યમરાજભાખ્યા એ બે માર્ગ છે. એક શ્રેય માર્ગ અને બીજો પ્રેય માર્ગ. એક પ્રકાશનો અને પરમ શાંતિનો પ્રશાંત સમુદ્ર; બીજો અંધકારનો, પરમ દુઃખ અને અશાંતિનો અંધકૂપ. તમારી કામના પ્રકાશનાં અને પરમ શાંતિના પ્રશાંત સમુદ્રમાં સમાવાની હોય તો શ્રેયમાર્ગ સ્વીકારો. તમારી કામના અંધકાર અને પરમ દુઃખના અંધકૂપમાં પડવાંની હોય તો પ્રેયનો માર્ગ સ્વીકારો. નચિકેતાએ તો પ્રેયના માર્ગનો ત્યાગ કરીને શ્રેયનો માર્ગ સ્વીકાર્યો. ધીરપુરુષો જેનામાં વિવેક અને વિચાર કરવાની શક્તિ છે તે તો શ્રેયમાર્ગનો જ સ્વીકાર કરે. અને જ્યારે શ્રી અવધૂત જેવા

"પૂર્ણ કરી કામના."

એવા શબ્દો દ્વારા ભગવાનને પ્રાર્થના કરે ત્યારે તેની કામના શ્રેયની હોય એમાં આશ્ચર્ય નથી. ત્રણે એષણાઓથી પર એવા એને એકે કામના નથી. જ્યાં એષણા છે ત્યાં જ કામના છે. અને તેથી અહીં જે કામના પૂર્ણ કરવાની પ્રાર્થના કરવામાં આવી છે, તે શ્રેયમાર્ગની પ્રાપ્તિ અને તેના અંતિમ પરિણામ તરીકે આત્માનુભવની કામના પૂર્ણ કરવાની જ પ્રાર્થના કરવામાં આવી છે, એમ કહેવું વાસ્તવિક છે. અને તેથી :

"દુઃખ હર વામના ભવ્યમૂર્તે"

એમ કહીને જીવના, દુઃખના આત્યંતિક નિવારણ તરફ સંકેત કર્યો છે.

એ દુઃખ કયું ? પરમાત્મપ્રાપ્તિ એ જેમ શાશ્વતસુખ છે તેમ જન્મ અને મૃત્યુના વમળમાં વીંટળાયા કરવું, એ પણ પ્રલયકાળ સુધી અને તે પછીના પ્રારંભકાળે પણ પહોંચનારું આત્યંતિક દુઃખ છે. અને એ દુઃખના નિવારણ માટે શ્રીઅવધૂતે અહીં પ્રાર્થના કરી છે. એ પ્રાર્થના પણ કોને ? ભવ્યમૂર્તિ વામનને. છે તો એ વામન, છતાંય ભવ્યમૂર્તિ છે. આગળ આપણે

વિશ્વમૂર્તિનો વિચાર કર્યો. હવે આપણે વામન છતાંય ભવ્યમૂર્તિનો પણ વિચાર કરીશું.

અરે, એને ત્યાં તે કોઈ સુખના અખૂટ ભંડાર ભર્યા છે કે એ જેનાં તેનાં દુઃખ હરણ કરી સહુને સુખ આપે ? અને જો બધાય સુખ જ માંગે તો દુઃખના ડુંગરને એ રાખશે પણ ક્યાં ? કેમ કોઈ દુઃખ માંગતું નથી ? હા, કુંતીએ દુઃખ માગ્યું. કારણ ? દુઃખમાં પ્રભુ જેટલો નજીક છે તેટલો સુખમાં નથી. સુખમાં તો સંસાર સાંભરે અને રામ તો દુઃખમાં જ સાંભરે. માટે જ કુંતીએ ભગવાન પાસે દુઃખ માગ્યું.



ભા.- ૧

પ્રાપંચિક દુઃખ તો પ્રારબ્ધ સાથે સંકળાયેલું જ છે. કર્મ કરીને ફળમાં આસક્ત રહેનારને કર્મના પરિપાકે સુખ-દુઃખ પ્રાપ્ત થશે જ, અને પ્રારબ્ધ ક્ષીણ થતાં એ દુઃખ પણ જશે અને સુખ પણ જશે. એવા પ્રાપંચિક દુઃખથી ડરીને નામર્દ પ્રમાણે પ્રભુને શા સારુ ત્રાસ દેવો ઘટે ? જ્યારે જગત સુખ માગે છે ત્યારે ઉપર કહ્યું તેમ કુંતાએ દુઃખ માગ્યું. દુઃખમાં પ્રભુનું જેટલું તીવ્ર અને વેગવાન સ્મરણ થાય છે, એકાગ્રતા થાય છે, તેટલું સુખમાં થતું નથી. સુખમાં તો સંસાર સાંભરે અને દુઃખમાં તો હરિનાં સંભારણાં થાય. પણ પ્રપંચમાં રચીપચી રહેલો માનવી એ ડહાપણની વાત નહીં સાંભળે. તેને તો પગમાં કાંટો સરખો વાગશે તો તેને પણ તે મહાભારત દુઃખ માનીને તે દુઃખના નિવારણ માટે પણ પ્રભુને પ્રાર્થના કરશે. હા ભાઈ, દુનિયા એવી જ છે. ચાલતા આવેલા પ્રવાહને અટકાવી પણ કેમ શકાય ? જ્યાં મનુષ્યમાત્રની પ્રવૃત્તિ પ્રેય તરફ જ છે, ત્યાં કેવળ શ્રેયની વાત કરીએ તે સે'જે ગળે નહીં ઊતરે. પણ એ વાત ગળે નહીં ઊતરે ત્યાં સુધી તો ગમે તેટલા સુખમાં પણ દુઃખ ડોકિયું કરવાનું જ છે એની ખાત્રી રાખજો. આપણે પણ કહીશું, ''હે ભગવાન, અમારા દુઃખનું હરણ કરો.''

આપણી દૃષ્ટિ સ્વાર્થભરી છે. આપણી દૃષ્ટિ કૂપમંડુક સમી સંકુચિત છે. અને તેથી જ આપણી એ સંકુચિત દૃષ્ટિમાં પ્રતિકૂળ જણાતાં પ્રભુનાં વિધાનો આપણને દુઃખદાયક લાગે છે. વસ્તુતઃ તેમ નથી. પ્રભુનું કોઈ પણ વિધાન અમંગળ નથી,પણ અમંગળ જણાતાં એ વિધાન કલ્યાણ અર્થેજ છે. નિઃસ્વાર્થ અને વિશાળ દૃષ્ટિએ વિચાર કરશું તો જણાશે કે, જેમ એક પિતા પોતાના બાળકને દુઃખ આપતો નથી તેમ એ જગતનો પિતા પણ પોતાના સર્જનને દુઃખ દેતો નથી. જેમ માતા બાળકના રોગ નિવારણ અર્થે તેને કટુ ઔષધ આપે છે, તેમ પ્રસંગોપાત્ત આવી પડેલું દેખીતું દુઃખ પણ, માનવીના નિરીક્ષણના અભાવે તેને નહીં સમજાય. તે એવી કોઈ અઘટિત ઘટનાના નિવારણ અર્થેજ હોય છે. અને તેથી એક દુઃખ બીજા દુઃખને મટાડે છે એવો નિસર્ગનો અટલ નિયમ છે. ભલે ભગવાન પાસે આપણે માગીએ, પણ ભૌતિક દુઃખનું નિવારણ માગવાથી શો ફાયદો



છે ? તેનાથી જીવનો જન્મમરણનો ફેરો ટળશે ખરો ? અને શ્રીઅવધૂતે અહીં એવા ભૌતિક દુઃખના નિવારણ માટે પ્રાર્થના કરી છે એમ ? ના, શ્રીઅવધૂતે અહીં જે દુઃખની આત્યંતિક નિવૃત્તિ અર્થે પ્રાર્થના કરી છે તે દુઃખ તો જીવને કપાળે જડાયેલું જન્મ-મૃત્યુનું દુઃખ છે. અને તેથી જ આગળ ''સંસૃતિગંજના'' એવું સંબોધન પણ કરવામાં આવ્યું છે.

હવે આપણે :

''વામના ભવ્યમૂર્તે''


એ પંક્તિનો વિચાર કરીએ.

સાગરની સરખામણીએ ખાબોચિયું વામન છે. હિમાચળની સરખામણીએ નાનકડી ટેકરી વામન છે. પરમાત્માની સરખામણીએ માનવી વામન છે. તેનામાં મહાન થવાની ગુપ્ત શક્તિ રહેલી છે. જે અણુ છે તે જ મહાન થઈ શકે, પણ જે મહાન છે તે જ્યાં સુધી અણુ ન થાય ત્યાં સુધી મહાન થવાની તેનામાં રહેલી શક્તિનો તેને ખ્યાલ આવતો નથી. ભગવાનનાં સ્વરૂપનું વર્ણન કરતાં ઉપનિષદોએ કહ્યું :

अणोरणीयान् महतो महीयान्।

અણુથી પણ સૂક્ષ્મ અને મહાનથી પણ મહાન એવું પરમતત્ત્વ અણુમાં અને મહાનમાં એક જ સરખું વ્યાપ્ત છે. પણ અણુ જ્યાં સુધી અણુતાનો જ ખ્યાલ રાખે છે ત્યાં સુધી તેનામાં મહત્તા આવતી નથી. અહીં શ્રી અવધૂતે વામન છતાંય ભવ્યમૂર્તિને અણુ છતાંય મહાનને મૃત્યુમાંથી અમૃતમાં લઈ જવાની વિનંતિ કરી છે. વામન જ્યાં સુધી વામન રહે ત્યાં સુધી તેના વિરાટ સ્વરૂપની કલ્પના સહસા આવતી નથી. વટનું બીજ જ્યાં સુધી બીજ રહે ત્યાં સુધી તેમાં રહેલા વિરાટ વટવૃક્ષની કલ્પના નથી આવતી. પણ જ્યારે એ વામન વિરાટ બને છે ત્યારે એ વિરાટ સર્જનને આવરીને પણ અવશેષ રહે છે. શ્રીઅવધૂતે અહીં એ વામનનું વામન સ્વરૂપ પણ અનુભવ્યું છે. અને તેના વિરાટ સ્વરૂપનો પણ અનુભવ કરીને વામન જ્યારે વિરાટ બને છે ત્યારે તેનું કેવું ભવ્ય સ્વરૂપ બને છે, તેની કલ્પના કરીને જ અણુથી પણ અણુ અને મહાનથી પણ મહાન પરમતત્ત્વની આ શબ્દોમાં પ્રાર્થના કરી છે. અણુની અનંત શક્તિનો આપણને વામન અવતાર દ્વારા પરિચય થાય છે. અસ્તુ.

વામન અવતારનો ઈતિહાસ ભાગવતમાં આપ્યો છે. દુર્વાસાના શ્રાપના પરિણામે પરમતત્ત્વના દસ પ્રસિદ્ધ અવતારો અને બીજા અપ્રસિદ્ધ અવતારો થયા, તેમાં ''વામન'' એ એક અવતાર છે. દુર્વાસા જેવા મહાન ઋષિ શ્રાપ આપે એ સંભવિત ખરું ? અને તે પણ સાક્ષાત્ વિષ્ણુને ?'' ''સાધુ અને શ્રાપ સાથે રહી શકતા નથી. સાધુ શ્રાપ આપતા જ નથી પણ કેવળ ભવિષ્ય-વાણીનો જ ઉચ્ચાર કરે છે. સાધુનો શ્રાપ એ ક્રોધજનિત નથી, કેવળ ક્રોધાભાસ છે,'' એવું શ્રીઅવધૂતે એક સમે કહ્યાનો ખ્યાલ છે.



પ્રેરક શરણે વિવેચક

બલિરાજા એટલે અસૂરોના અધિપતિ, પ્રહ્લાદના વંશજ. એટલે અસૂર હોવા છતાંય ધર્મભાવના તેનામાં પ્રધાન. મહારાજા બલિએ અનેક યજ્ઞો કર્યા અને પુણ્ય સંચય કર્યા. તમે કહો છો ને ''સ્વર્ગમાં સુખ છે. ત્યાં મૃત્યુલોકના જેવા વિકારો નથી.'' તમારી એ માન્યતા ભ્રામક છે. ત્યાં પણ જેવું અહીં છે તેવું જ છે. ઈર્ષા, સ્પર્ધા, પ્રતિષ્ઠાનો મોહ આદિ આસુરી ભાવો દેવોમાં પણ ઘર કરીને બેઠા જ છે. બલિરાજાની એ પુણ્ય સમૃદ્ધિ જોઈને દેવરાજ ઇન્દ્રને પોતાનાં સ્વર્ગનાં સિંહાસન ડોલતાં જણાયાં. ''રખેને મારું ઇન્દ્રાસન બલિરાજા છીનવી લે'', એવો ભય તેના ચિત્તને ચંચળ બનાવી રહ્યો અને તેથી દેવરાજે પ્રભુની પ્રાર્થના કરી. પ્રભુએ ઇન્દ્રને આશ્વાસન આપ્યું.

મહારાજા બલિનો અંતિમ યજ્ઞ પરિપૂર્ણ થાય તો દેવરાજનું ઇન્દ્રાસન જાય અને તે બલિને મળે. અસૂરો બળવાન બને તો દેવો અને મહાનુભાવોના ત્રાસનું કારણ બને. દૈત્યરાજ ભલે ધર્માત્મા, પણ તેની પ્રજા તો સાધુને રંજાડે જ ને ? બધા જ અસૂરોમાં કાંઈ દૈત્યરાજ બલિનાં ગુણ અને સાધુતા ન હોય. અને તેથી દૈત્યરાજ બલિનો એ અંતિમ યજ્ઞ અધૂરો રહે એ નિમિત્તે વામન અવતારનો પ્રાદુર્ભાવ થયો.

યજ્ઞની પૂર્ણાહુતિ પહેલાં જ બટુક બ્રાહ્મણ યજ્ઞશાળામાં આવી ઊભો. માનવશરીર છતાંય પરમતત્ત્વની આભા કાંઈ છુપાય ખરી ! તેજના અંબાર

સમા એ બટુક બ્રાહ્મણને નિહાળી યાજ્ઞિકો અને બલિરાજા પણ આભા બન્યા. બટુક બ્રાહ્મણે–

''ભિક્ષાં દેહિ''



ભા.- ૧

કહીને પોતાનો જમણો હાથ પસાર્યો. બલિરાજાએ તેને પ્રણામ કર્યા, પૂજન કર્યું અને આંગણે આવેલા અતિથિને તેની અભિલાષા પૂર્ણ કરવાના હેતુએ યાચના કરવાનું સૂચન કર્યું. બલિ મહારાજના મનમાં તો કલિએ પ્રવેશ નહોતો કર્યો અને તેથી એ બટુકના સત્યસ્વરૂપથી અનભિજ્ઞ બલિરાજાએ તેને સામાન્ય બ્રાહ્મણકુમાર સમજીને દાનની યાચના કરવાનું કહ્યું અને દાન દેવાને તત્પર થયા. પણ દૈત્યગુરુ શુક્રાચાર્યના મનમાં ચોર પેઠો. તેને થયું : આ બ્રાહ્મણ બટુક સામાન્ય નથી.

''રાજા, મને તો માત્ર ત્રણ ડગ પૃથ્વીનું જ દાન જોઈએ.'' બટુએ બલિરાજાને કહ્યું.

''ત્રણ જ ડગ પૃથ્વી !'' બલિરાજાને આશ્ચર્ય થયું.

''ઘરબાર, ધનસંપત્તિ કે એવું કશું જ નહીં અને માત્ર ત્રણ ડગલાં પૃથ્વી ?'' બલિરાજાએ બટુકને પ્રશ્ન કર્યો.

''હા, માત્ર ત્રણ ડગલાં પૃથ્વી.''

બટુએ ઉત્તર આપ્યો અને બલિરાજાએ જળભરી ઝારી હાથમાં લીધી. બ્રાહ્મણની યાચના સાંભળીને શુક્રાચાર્યની શંકા બળવાન બની.

''આ સામાન્ય બ્રાહ્મણકુમાર નથી. પણ કોઈ વિલક્ષણ મૂર્તિ બ્રાહ્મણકુમારના સ્વાંગમાં અહીં ઉપસ્થિત થઈ છે.'' શુક્રાચાર્યે મનોમન વિચાર કર્યો. દાનનો સંકલ્પ કરતા બલિરાજને નિવારવાના તેણે નિષ્ફળ પ્રયાસો કર્યા. બલિરાજાએ જ્યારે શુક્રાચાર્યના એ પ્રયાસોને નહીં ગણકારતાં ઝારીમાંથી જળ બ્રાહ્મણના હાથમાં મૂકવા પોતાનો હાથ લંબાવ્યો ત્યારે શુક્રાચાર્યે કહ્યું :

''સબૂર, રાજન્ ! આ દાન આપતાં પહેલાં તમારી માતાની ઇચ્છા પણ જાણવી જરૂરની છે.''

બલિરાજા માતૃભક્ત. માતાની આજ્ઞા લેવી જરૂરની લાગી અને માતાને બોલાવ્યાં. મહારાજા બલિનાં માતા પણ તેના જેવાંજ ધર્મભાવનાયુક્ત. તેમણે આવીને પરિસ્થિતિનો કયાસ કાઢ્યો. બટુકને ઓળખ્યા અને બલિરાજાને કહ્યું :

''વિલંબ શેનો બેટા ? આંગણે આવેલા અનન્ય અતિથિ નિર્મુખ જાય તો તારા કુળને લાંછન લાગે. તારા પિતૃઓ નરકે જાય. તારા સઘળાય યજ્ઞોની પૂર્ણાહુતિ આ બ્રહ્મકુમારને માંગ્યું દાન દીધે જ થશે. બેટા, અવસર ના ચૂકીશ. હાથથી ઓસર્યો અવસર ફરીને નહીં મળે. યજ્ઞો કરીને તેનું ફળ જેને તું અર્પણ કરે છે, તે પરમતત્ત્વ આજે તારે આંગણે અતિથિરૂપે ઊભું છે. સાકારસ્વરૂપે તારા યજ્ઞની પૂર્ણાહુતિ કરવા અને યજ્ઞનું શ્રેય

લેવા અને આપવા, તારી કામનાની સિદ્ધિનો દાતાર ભગવાન તારે આંગણે બ્રાહ્મણ બનીને આવ્યો છે. ભગવાન નિર્મુખ ન જાય. બેટા, સંકલ્પ કરો.''

માતાએ આજ્ઞા આપી. માતાની આજ્ઞા શ્રવણ કરતાં જ મહારાજા બલિએ વિપ્રકુમારના હાથમાં ત્રણ ડગલાં પૃથ્વીના દાનનો સંકલ્પ આપવા ઝારી નીચી વાળી. શુક્રાચાર્યથી એ સહ્યું ન ગયું અને સૂક્ષ્મ સ્વરૂપે ઝારીના મુખમાં પ્રવેશ કરી જળ પડતું અવરોધ્યું. બ્રાહ્મણ બટુકે તુરત જ તે નળીમાં તણખલું નાખ્યું અને શુક્રાચાર્યની આંખ ફૂટી. જળ દડદડ કરતું બ્રાહ્મણકુમાર વામનના હાથમાં પડ્યું અને બલિરાજાએ વામનને ત્રણ ડગલાં પૃથ્વીનું દાન દીધું.



ભા.- ૧

ક્યાં ગયું એ વામનસ્વરૂપ ? ક્યાં ગયો એ વામન બ્રાહ્મણ ? આ તો ભવ્યસ્વરૂપ, જેનો આદિ પણ ન જણાય અને અંત પણ ન જણાય, એવું ભવ્યસ્વરૂપ મહારાજ બલિએ જોયું. એ ભવ્ય સ્વરૂપે એક જ ડગલે મૃત્યુલોકને આવરી લીધું, બીજે ડગલે સ્વર્ગને આવરી લીધું. ત્રીજું ડગ મૂકવાની જગ્યા જ ક્યાં રહી ?

''રાજા, બે ડગ ભર્યા, ત્રીજું ડગ ક્યાં મૂકવું?'' વામનની એ ભવ્ય મૂર્તિએ-અણુની એ મહાનતાએ બલિરાજાને પ્રશ્ન કર્યો. વામનના એ પ્રશ્નનો શો ઉત્તર આપવો ? બલિરાજાએ દાનનો સંકલ્પ તો પૂર્ણ કરવો જ જોઈએ. વિપ્ર નિર્મુખ જાય તો તેનું ''પણ'' ન રહે. બલિરાજાએ તુરત જ

''મારા મસ્તક પર ભગવન્,''

એવું કહીને પોતાનું મસ્તક ઝુકાવી વિપ્ર આગળ ધર્યું. વામન ભગવાનનો એ વિરાટ પગ બલિરાજાના નતમસ્તક પર પડ્યો અને મહારાજ બલિ પાતાલ લોકમાં ગયા. બલિરાજાના આ સર્વસ્વાર્પણના પરિણામે ભગવાન વામન રીઝ્યા. એ પરમતત્ત્વની પ્રતિમા સમા વામન મહારાજે પોતાની ત્રિકાલાબાધિત ભવ્યમૂર્તિનાં બલિરાજાને દર્શન કરાવ્યાં અને એ સર્વ-સ્વાર્પણને બદલે ભગવાન પાતાળમાં બલિરાજાના દ્વારપાળ બન્યા. આ છે વામનું વિરાટ સ્વરૂપ.

આમ શ્રી ભગવાને ત્રણ ડગલે ત્રિભુવનને આવરી લીધું. અને તેનું પરિણામ ? પોતાનું સર્વસ્વાર્પણ કરનાર બલિને પોતાનું દાન આપી પોતાનું ''દત્ત'' નામ સાર્થક કર્યું, દેવરાજ ઇન્દ્રના ભયનું નિવારણ કર્યું અને અંતે પોતાની ભવ્યમૂર્તિનું અને ભવ્યતાનું જગતને ભાન કરાવી

अणोरणियान् महतो महीयान्

એ ઉપનિષદ વાક્યની સાર્થકતા કરી.

અહીં એવા ભવ્યમૂર્તિ ભગવાન શ્રી દત્તની ભક્તો પ્રાર્થના કરે છે.

''અનેક નામે નામી એક''

એવું શ્રીઅવધૂતે ગાયું છે. રામ, કૃષ્ણ, દત્ત, શંકર આદિ અનેક નામે



એક જ પરમતત્ત્વ અભેદભાવે જગતમાં વ્યાપક છે. શ્રી દત્ત ભગવાનનુ નામ પણ એવા પરમતત્ત્વનું જ એક નામ છે. ''શ્રી દત્ત'' એ નામ દ્વારા પણ એક અને અજોડ પરમતત્ત્વનું જ સ્મરણ થાય છે. સ્મરણ નામનું થાય છે પણ લક્ષ જ્યારે નામીમાં રહે ત્યારે જ ''નામસ્મરણ'' કર્યું સાર્થક થાય. અને તેથી શ્રીદત્ત ભગવાન પરમતત્ત્વથી ભિન્ન નથી પણ

''दत्तस्तु भगवान् स्वयम्''

''શ્રીદત્ત સ્વયં ભગવાન જ છે.''

આગળ ચાલતાં શ્રીઅવધૂત કહે છે.

''ભક્ત આવી ખડા બારણે બાપડા,
હાથમાં લઈ પડા પુષ્પ ફળના.''

ગરજવાન ગમે તેવો સેતાન હોય તો પણ ''રાંકડો જ.'' ગરજવાન અને દરદવાન બન્ને સરખા. ગરજવાનને ભગવાનની ગરજ, દરદવાનને વૈદ્યની ગરજ. સમાજમાં કેસરી સિંહ જેવી ત્રાડ પાડનારો, બધાયના ઉપર દોર ચલાવનારો પણ ભગવાનના દરબારમાં તો ''રાંકડો'', બકરી જેવો. જેને હજારો મનુષ્યો સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરતા હોય તે જ્યારે ભગવાનના મંદિરમાં જાય ત્યારે ભગવાનનાં પ્રતીક સમી પાષાણની પ્રતિમાને પણ સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરે. ગરીબ ગાય જેમ આજીજી કરતી ઊભી રહે તેમ તે પણ ગરીબ ગાય જેવો બે હાથ જોડી ભગવાન સમક્ષ ઊભો રહે, અને પોતાનાં ઐહિક દુઃખોની નામાવલિનું પારાયણ કરે અને તેથીજ ગરજવાન બાપડો. ''બાપડા'' શબ્દ જ ભક્તની આંતરિક વ્યથિત અને વ્યથાથી વ્યાકુળ અવસ્થાનો તાદૃશ ચિતાર આપવાને પૂરતો છે.

કેટલીક વેળા દીનતાનો દંભ કરનારા વાસ્તવિક દીન હોવાનો સંભવ નથી. એ દીનતાના ઓથામાં રહેલી શઠતા પ્રસંગ આવ્યે ઝળક્યા વિના રહેતી નથી.

नमन नमन में फेर है बहोत नमे नादान,
दगलबाज दूना नमे चित्ता चोर कमान.

પણ અહીં ભગવાનની પ્રાર્થના કરનારા ''બાપડા'' ભલે સ્વાર્થની સિદ્ધિ અર્થે હોય, પણ પરમાત્મા આગળ શઠતા દાખવી શકતા નથી. કારણ ભગવાન સાધુનો પણ સાધુ છે. શઠનો પણ શઠ છે - સરદાર છે. એ તો અંતર્યામી છે ને ? બધાંયનાં અંતરમાં બિરાજમાન છે ને ? એટલે કોણ વાસ્તવિક દીન છે અને કોણ દંભી દીન છે, તે એનાથી ક્યાં અજાણ્યું છે ? જ્યારે આપણે વાસ્તવિક દીનતાના ઓથામાં કેટલા સદ્‌ગુણો રહેલા છે તેનો વિચાર કરીએ ત્યારે; અંતરથી ખરેખર દીન બનેલામાં ભગવાને વર્ણવેલાં, ભક્તનાં ગીતામાં ગાયેલાં બધાંય લક્ષણોનો સમાવેશ થાય છે. અને તેથી તે ભક્ત છે. એ અર્થમાં શ્રીઅવધૂતે પણ

''ભક્ત આવી ખડા બારણે બાપડા''

એ શબ્દો ઉચ્ચાર્યા છે. અહીં સ્વાંગધારી ભક્તને કે દંભી બાપડાને ઊભા રહેવાનું પણ સ્થાન નથી. તે સકામ હો યા નિષ્કામ પણ પ્રભુને દ્વારે તો દીન બનીને જ જઈ શકાય છે. અને ત્યારે જ એ દીનવત્સલ, ભક્તવત્સલ પોતાના વાત્સલ્યની વૃષ્ટિ એવા દીનભક્તના ઉપર કરે. જે જગતના વિષયો પાછળ ભટકે છે તે દીન નથી. અંતરનો દીન જ પ્રભુને વહાલો છે. એવા દીન ભક્તો ભગવાનને બારણે ઊભા છે એમ અહીં શ્રીઅવધૂતે કહ્યું છે.



ભા.- ૧

શું લઈને ઊભા છે ? શ્રીઅવધૂતે કહ્યું :

હાથમાં લઈ પડા પુષ્પ ફળના.

શ્રેષ્ઠ પુરુષો સમક્ષ રિક્તપાણિ જવું નહીં એવું એક શિષ્ટાચારનું ધોરણ છે. રાજાને ત્યાં જઈએ તો નજરાણું જોઈએ. પ્રભુને દ્વારે ધનવાન જાય તો ધનના થાળ નજરાણામાં ધરે, પણ બિચારા દીન ભક્તો શું ધરે ?

"પડા પુષ્પ ફળના"

હાથમાં પુષ્પ અને ફળના પડા લઈને જ ઊભા રહે. શું આર્થિક દૃષ્ટિએ જે દીન છે તે જ પુષ્પ અને ફળના પડા લઈને ભગવાન સંમુખ જાય છે એવો ભાવ છે ? ના, એમ નથી. ભગવાન તો લક્ષ્મીપતિ છે. તેને ત્યાં ધનની શી મણા છે ? પણ જે જગતમાં ધનવાન છે તે કેવળ પોતાની ધનસંપત્તિનું પ્રદર્શન કરવા માટે અને કીર્તિ કમાવા માટે જ ધનના થાળ ભરી ભગવાન પાસે જાય છે.

ભગવાન શાથી રીઝે ? ભગવાનને શું પ્રિય છે ? શ્રી ભગવાને સ્વયં અર્જુનને કહ્યું : -

पत्रं पुष्पं फलं तोयं यो मे भक्त्या प्रयच्छति ।
तदहं भक्त्युपहृतश्नामि प्रयतात्मनः ॥

"જે પુત્ર, પુષ્પ, ફળ કે જળ ભક્તિથી મને આપે છે તે શુદ્ધચિત્ત-વાળાનું ભક્તિપૂર્વક આપેલું હું સ્વીકારું છું." ધનવાનના ધનના ઢગલાને ભગવાન ઠોકરે મારે છે. પણ નિર્ધનના દીધા એક તુળસીદલનો પણ ભગવાન પ્રેમથી સ્વીકાર કરે છે. ભગવાન જ્યારે ધૃતરાષ્ટ્ર સાથે વિષ્ટિ કરવા ગયા ત્યારે દુર્યોધનના ભક્તિ અને ભાવવિહોણા મેવામિષ્ટાન્નનો ત્યાગ કરીને વિદુરની ભાવયુક્ત ભાજીનાં ભોજન કર્યાં. વિદુરની ભાજી, કરમાબાઈની ખીચડી, શબરીનાં જૂઠાં બોર અને સુદામાના સૂકા તાંદુલમાં ભગવાનને જે આનંદ આવે તે આનંદ ભાવવિહોણી ભક્તિનો કેવળ દંભ કરનારા કહેવાતા ભક્તના મિષ્ટાન્નમાં નહીં આવે. જગતની સમૃદ્ધિ એને રીઝવી શકતી નથી. ભક્તનાં કેવળ ભાવભર્યાં પત્ર, પુષ્પ, ફળ અને પાણી પણ એને રીઝવી શકે છે. જુઓને, દ્વારિકાનો એ નાથ બોડાણાના ભાવે રીઝ્યો અને ડાકોર આવ્યો, અને ત્યાંયે કેવળ એક તુલસીદલના પ્રભાવે **"સવાવાલ થયા વનમાળી !"** કેટલો ઊંચો છે ભક્તિનો ભાવ! તમારાં



ધન એને નહીં રીઝવે. તમારા એ ધનભંડાર તો એના દીધેલા જ છે ને ? અને એ લક્ષ્મી તો એના ચરણ તળાશે. તમારી મહેલાતો એને નહીં રીઝવે. શી મણા છે દ્વારિકાધીશને મહેલાતોની ? એને તમારા વૈભવો ? એ તો એના વૈભવ આગળ તરણા કરતાંયે તુચ્છ છે. એને તો રીઝવશે તમારા અંતરનો નિષ્પાપ અને નિર્દંભ ભાવ. એવા ભાવભર્યા જે પત્ર, પુષ્પ, ફળ અને છેવટે જળની એક જ અંજલિ પણ તમે અર્પણ કરશો તો તેટલાથીયે એ તમારા ભવભયનો સંહાર કરશે. અને તેથી જ ભગવાને ''**भक्त्या**'' એમ કહીને એક જ શરત મૂકી છે. અને તે એ છે કે, જે અર્પણ કરો તે કેવળ ભક્તિ સાથે જ અર્પણ કરો. અને તેથી જ અહીં શ્રીઅવધૂતે પણ

''ભક્ત આવી ખડા બારણે બાપડા,
હાથમાં લઈ પડા પુષ્પ ફળના.''

એમ કહીને ભગવાનને રીઝવવાના સર્વોત્તમ અને સર્વસુલભ સાધન તરફ સંકેત કર્યો છે. ભક્તો ભગવાનને ઉઠાડવા માટે આ સામગ્રી સાથે ભગવાનને આંગણે જઈ ઊભા અને ભગવાન ક્યારે ઊઠે, ક્યારે તેનાં દર્શન થાય, એની આતુર આંખે વાટ જોઈ રહ્યા.

શ્રીઅવધૂતે જ્યારે આ ગીતનું આલેખન કર્યું ત્યારે એ શબ્દના ગર્ભમાં રહેલા ચિત્રનું પ્રત્યક્ષ દર્શન નારેશ્વરમાં એને થશે એવી ભાગ્યે જ કલ્પના કરી હશે. શ્રીઅવધૂત ઘણી વાર નમ્રભાવે કહે છે : ''મારામાં તો કશું જ ભર્યું નથી. હું તો તમારા જેવું પાંચ ભૂતનું શરીર છું. પણ એ શરીરમાં રહેલો પ્રકાશપુંજ આત્મદેવ અહીં રહ્યો રહ્યો વિશિષ્ટ રીતે પ્રકાશે છે અને તેના પરિણામે જ તમે બધા એ આત્મદેવના પ્રકાશમાં પતંગિયું જેમ દીપકના પ્રકાશ તરફ આકર્ષાઈને ધસી જાય છે તેમ ધસી આવો છો.'' ખરેખર, શ્રીઅવધૂતના એ શબ્દો અક્ષરશઃ સત્ય છે. સામાન્ય રીતે પણ નારેશ્વર આવતા ભક્તો શ્રીઅવધૂતનાં દર્શન કરી પુષ્પ અને ફળ અર્પણ કરે જ છે. વિશિષ્ટ પ્રસંગોએ ભેળી થતી માનવમેદનીનું જ્યારે આપણે દશ્ય જોઈએ છીએ, શ્રી દત્તજયન્તિ જેવા પ્રસંગે જ્યારે શ્રી અવધૂતનાં દર્શન અર્થે હાથમાં પુષ્પ અને ફળ લઈને કતારમાં ઉભેલા ભક્તોને આપણે જોઈએ છીએ, ત્યારે ખરેખર શ્રીઅવધૂતના આ શબ્દોએ જાણે મૂર્ત સ્વરૂપ ધારણ કર્યું હોય એમ લાગ્યા વિના રહેતું નથી. ગમે તેટલી મુશ્કેલીઓ વેઠીને, ટાઢ તડકો અને પરિશ્રમ સહન કરીને, શિયાળો, ઉનાળો, ચોમાસું - બારે માસ નારેશ્વર આવતા દર્શનઘેલા ભક્તો બધા જ ગાડરિયા પ્રવાહને અનુસરનારા અંધશ્રદ્ધાળુ ભક્તો નથી. ત્યાં વિદ્વાન, ચિકિત્સક, જિજ્ઞાસુ અને બધી જ કોટિના ભક્તો આવે છે. એ બધાયની જ્યારે આપણે આ જ પ્રકારની પરિસ્થિતિ જોઈએ છીએ ત્યારે શ્રીઅવધૂત કહે છે તેમ એ ઘરમાં-એ શરીરમાં, શરીરિ તરીકે રહેલો આત્મા વિશિષ્ટ રીતે પ્રકાશતો હોવાથી જ લોકોનાં ટોળાં આમ ભેળાં થાય છે એમ માન્યા

વિના ચાલતું નથી. અને તેથી જ શ્રી અવધૂત એ એક અણઉકલ્યો કોયડો છે અને તે ભગવાન ઉકેલશે ત્યારે જ ઉકલશે એમ લાગ્યા વિના પણ રહેતું નથી. જેવાની સાથે તેવા રહેવા છતાંય આત્માનુંસંધાનના અખંડ પ્રવાહમાં ઓતપ્રોત બનેલી એ વિભૂતિને શત શત પ્રણામ હો. અસ્તુ !



શ્રીઅવધૂત અહીં એમ સૂચવે છે કે, ''હે ભગવન્ ! હું તો તારા દર્શનની લાયકાત નથી ધરાવતો. અનેક દોષોથી ભરેલો છું. એટલે ભલે મારે માટે નહીં પણ આ અનેક ભાવભર્યા ભક્તજનો હાથમાં પુષ્પાદિ લઇ તારા પવિત્ર દર્શનાર્થે ક્યારનાય ખડે પગે ઊભા છે તેમને દર્શન આપવાને માટે પણ તારી યોગ-નિદ્રાનો ત્યાગ કરી, આંખ ખોલી જાગ્રત થા અને તારી સ્નેહભરી કરુણાર્દ્ર દૃષ્ટિથી એમના તરફ જો. એવા અન્ય જનોના દર્શનાર્થે પણ જાગ્રત થયેલ, તારી ઝાંખી થતાં ભેગેભેગા મારા જેવા અધમનો પણ ઉદ્ધાર થશે. માટે તારી યોગનિદ્રાનો ત્યાગ કર અને દર્શન દઈ

''મંદ હાસ્યે કરી ભવચિંતા હરી,
શાંતિ દે નરહરિ શ્યામ વરણા...''

એવું શ્રીઅવધૂતે ગાયું છે.

જે ભગવાનનો સાચો ભક્ત છે તે ભગવાન પાસે ભૌતિક પદાર્થોની પ્રાપ્તિ અર્થે પ્રાર્થના કરતો નથી. ભૌતિક પદાર્થોની પ્રાપ્તિ તો પ્રારબ્ધને આધીન છે, એટલે વણ માંગી પણ પ્રાપ્ત થવાની જ છે. જે અશાશ્વત છે, આજે છે અને કાલે નથી - એવી તડકા અને છાંયડા જેવી - ભૌતિક પદાર્થોની પ્રાપ્તિથી સાચો ભક્ત રાજી પણ થતો નથી અને તેના અભાવે વિવાદ પણ કરતો નથી. સર્જનમાત્રને માથે જે ભય તોળાયેલો છે તે તો કેવળ જન્મ અને મૃત્યુનો ભય છે. એ ભયમાંથી મુક્ત થવા માટે જ સાચો ભક્ત ભગવાનની કૃપાની યાચના કરે છે. ભગવાનનો કૃપાપાત્ર છે તે જ જન્મ મૃત્યુની બેડીઓમાંથી મુક્ત થઈને શાશ્વત શાંતિ પ્રાપ્ત કરે છે. જ્યારે ભગવાનની કૃપા થાય છે ત્યારે તેની એંધાણી ''મંદ હાસ્ય'' છે. સાધારણ વહેવારમાં પણ આપણા કૃપાપાત્ર સાથે આપણે મલકાતે મુખે વાતો કરીએ છીએ. તેની અભિલાષા પૂર્ણ કરવામાં આપણે પાછીપાની કરતા નથી. અને તેથી અહીં ''મંદ હાસ્યે કરી'' ભવચિંતાના નિવારણ માટે ભક્તની પ્રાર્થના છે.

અધઊગ્યા ભાણને ભાળી અધખીલ્યું કમળ જેમ મંદમંદ હાસ્ય કરે છે; તેવું ''હે નાથ! તારા એ મુખકમલનું એક જ-બસ એક જ મંદ હાસ્ય-મંદ મુસ્કાન જોવાની અભિલાષાએ આશાભર્યો ઊભો છું. ભગવાન એટલી, બસ એટલી જ આશ પૂરી કર. તારા એ મંદહાસ્યથી, તારા એ મલકાતા મુખનાં કેવળ દર્શનથી જ મારી ભવચિંતા ટળી જશે. તારા એ મંદ હાસ્યમાં મારું ''હું'' ઓગળી જશે. અને ''હું'' વિહોણો હું તારા



એ મંદ હાસ્યમાં ભળીને તારામાં જ સમાઈ જઈશ. પછી ? પછી જો તને ભવચિંતા હશે તો જ મને રહેશે. પણ એ મંદ હાસ્યમાં ''મને'' અને ''તને''નો ભેદ ગળી જશે, અને ત્યારે તારું એક જ સ્વરૂપ રહેશે. હે પ્રભો! જરા મલકાતે મુખે મારી સામું તો જો. તારા મુખનું એ સ્મિત-મંદ હાસ્ય તારી અમૃતભરી આંખોમાંથી ઝરતાં કરુણાનાં અમીઝરણાં મારા ભવભવના બંધનોને એક જ ક્ષણમાં-એક જ ઇક્ષણથી અને તેથીયે ઓછા સમયમાં છિન્નભિન્ન કરી નાખશે. ''નથી આશા બીજી, ફરી ફરી નહીં નાથ વિનવું.'' એક વાર નાથ, એક જ વાર તારા એ હાસ્યનાં, કેવળ હાસ્યનાં જ દર્શન તો કરવા દે. અને તારા એ હાસ્યમાં તરબોળ બની પાવન થવા દે. તારું શું જાય છે ? તારા પૂર્ણ સ્વરૂપમાં એમ કરે કાંઈ ઊણપ નહીં આવે. અને મારા સમો એક હીણો-અધમ ભવના બંધનથી મુક્ત થશે. પણ ના, એ કુસુમથીયે કુણા છતાંય વજથીયે કઠોર કાળજાનો કઠોર કનૈયો નહીં સાંભળે. એ તો શ્યામ વરણો છે ને ? ભીતર બહાંર શ્યામ જ છે.'' પણ જવા દો એ પ્રલાપોથી ''વળે શું દિ તમારો ત્યાં.'' હા, ભક્તો વિનવે છે, ''ભગવન્! શ્યામવરણ નરહરિ! તારા મંદ હાસ્ય વડે ભવચિંતા હરીને શાંતિ દે.''

શાંતિ ! કેટલો મીઠો શબ્દ છે ! કેટલી ભવ્યતા છે એ શબ્દમાં ! અને છતાંય ''શાંતિ છે'' એમ કહેનારો સદા અશાંત છે, અને તેથી જ શાંતિ શોધવાને આકાશ પાતાળ એક કરે છે. પણ તેનો પુરુષાર્થ અવળી દિશામાં વળેલો હોવાથી, શાંતિને બદલે મનુષ્ય અશાંતિના અગાધ ઊંડાણમાં જ દિનપ્રતિદિન તણાતો જાય છે. પાણીમાં પડેલા મગરનો પાણીમાં જ શિકાર બનેલો જેમ ગમે તેટલો પુરુષાર્થ કરે તોયે મગરના ચૂડપાશમાંથી મુક્ત થતો નથી અને ઊંડા અને ઊંડા અગાધ નીરમાં ઘસડાતો જાય છે, તેમ રજસ્ અને તમસ્ વૃત્તિઓ મનુષ્યને સદા પ્રવૃત્તિ અને પ્રમાદ તરફ જ ઘસડી જાય છે; ત્યારે તેને સાત્ત્વિક પ્રકાશની કલ્પના સરખી પણ આવતી નથી. અને એ પ્રકાશના અભાવે તે શાંતિનો અનુભવ પણ કરી શકતો નથી. શ્રીભગવાને અર્જુનને કહ્યું :

नास्ति बुद्धिरयुक्तस्य न चायुक्तस्य भावना ।
न चाभावयतः शान्तिरशान्तस्य कुतः सुखम् ॥

''અયુક્ત-અસંયમીની બુદ્ધિ સ્થિર નથી. અયુક્તને ભાવના-એટલે શ્રદ્ધા-ભક્તિ હોતી નથી. ભાવનારહિતને શાંતિ નથી. અશાંતને સુખ ક્યાંથી હોય ?''

જ્યાં સુધી અંતઃકરણ પર રજસ્ અને તમસ્ ગુણનું વર્ચસ્વ જામ્યું હોય ત્યાં સુધી તે મનુષ્ય સ્થિરમતિ બની શકતો નથી. પ્રવૃત્તિ એ રજોગુણનું લક્ષણ છે અને પ્રમાદ એ તમોગુણનું લક્ષણ છે. એ પ્રવૃત્તિ અને પ્રમાદના પરિણામે મનુષ્ય ઐહિક સુખની સામગ્રી પ્રાપ્ત કરવા પાછળ ભટકે છે અને



ત્યારે તે પોતાની એ પ્રવૃત્તિમાં પરમાત્માને ભૂલે છે. અને તેથી તે અયુક્ત છે. તે પોતાનું નિયંત્રણ કરી શકતો નથી. પોતાના અંતઃકરણની વૃત્તિઓને સંયમિત બનાવી શકતો નથી. અને ધર્મ અને મોક્ષનો વિચાર સરખો પણ કર્યા વિના, કેવળ અર્થ અને કામની પાછળ પોતાનું જીવન વ્યતીત કરે છે. જ્યાં સુધી ચિત્તની પ્રસન્નતા પ્રાપ્ત ન થાય ત્યાં સુધી બુદ્ધિ સ્થિર થતી નથી. બુદ્ધિની અસ્થિરતાના કારણે તે પોતાના અંતઃકરણ ઉપર કાબૂ રાખી શકતો નથી, અને તેથી તેનામાં ભાવના જાગૃત થતી નથી. જેનામાં ભાવના જાગૃત નથી તેને શાંતિ નથી અને શાંતિના અભાવે સુખની કલ્પના કરવી એ મૃગજળપાન કરીને તૃષા તૃપ્ત કરવા જેવું છે.

એ બધાનો નિસ્તાર કરવા માટે કેવળ સત્ત્વગુણનો આશ્રય લેવો એ જ એક અને અજોડ ઉપાય છે. જ્યારે સત્ત્વનો પ્રકાશ અંતઃકરણને ઉજાળે છે ત્યારે રજસ્ અને તમસ્નો અંધકાર આપોઆપ વિલીન થઈ જાય છે. અને જેમ સૂર્યના ઉજાશમાં રાત્રીનો અંધકાર ક્યાંય જડતો નથી, તેમ રજસ્ અને તમસ્ની પ્રવૃત્તિ અને પ્રમાદ ક્યાં લુપ્ત થઈ જાય છે તેની જાણ પણ થતી નથી. અને તેથી કેવળ સત્ત્વગુણ દ્વારા જ શાંતિ લાભ કરી શકાય છે. શ્રીભગવાને એ શાંતિ પ્રાપ્ત કરવાનો સરળ માર્ગ પણ અર્જુનને કહ્યો જ છે :

विहाय कामान्यः सर्वान्पुमांश्चरति निःस्पृहः ।
निर्ममो निरहंकारः स शान्तिमधिगच्छति ॥

"જે પુરુષ સર્વકામનાઓને ત્યજી દઈને નિઃસ્પૃહ, મમતારહિત અને અહંકારરહિત થઈને વિચરે છે તે શાંતિ પામે છે."

શ્રીઅવધૂતે અહીં જે શાંતિની વાત કરી છે, જે શાંતિ દેવા માટે ભગવાનની પ્રાર્થના કરી છે તે શાંતિનું આ સ્વરૂપ છે. એ શાંતિ પરમ શાંતિ છે-સુખ છે- અક્ષય નિર્વાણ છે.

પ્રવૃત્તિ અને પ્રમાદનું જ્યાં સુધી અંતઃકરણ પર સ્વામિત્વ છે ત્યાં સુધી મનુષ્ય અસંગભાવે કર્મ કરી શકતો નથી. કર્મમાં ફલાસક્તિને કારણે બંધન સરજાય છે, અને જ્યાં સુધી બંધન છે ત્યાં સુધી શાશ્વત શાંતિની આશા નથી. અને તેથી જ જેને શાશ્વતશાંતિની અભિલાષા છે તેણે તો ભગવાન-ભાખ્યો આ માર્ગ ગ્રહણ કરીને, સત્ત્વગુણના પ્રકાશમાં રજસ્ અને તમોગુણના અંધકારને વિલીન કરીને, સર્વ કામનાઓનો ત્યાગ કરીને, મમતા અને અહંતા રહિત બનીને, જગતમાં રહેવા છતાંય જગતથી પર રહીને જ શાશ્વત શાંતિનો અનુભવ કરવાનો છે. પણ આવી પરમ શાંતિ મનુષ્યના એકલા આંધળા પુરુષાર્થથી પ્રાપ્ત થતી નથી. જો પ્રાપ્ત થતી હોત તો વિશ્વ આખું આમ અશાંતિમાં સબડતું ન હોત. માટે જ અહીં એ શાંતિની પ્રાપ્તિ અર્થે એ પરમ શાંતિનિકેતન પરમાત્માની કરુણાની ભીખ માંગી છે.



ઉપર કહ્યું તેમ માનવી શાંતિ માટે ઝંખે છે અને તે જાતે પ્રભુ પાસે શાંતિની યાચના કરે છે. ભવાટવીમાં અટવાતા માનવીની ભવની ચિંતા જો ટળી જાય તો તેને શાંતિ મેળવવાની રહેતી નથી. ચિંતાનો અભાવ એટલે જ શાંતિ. ચિંતા વિહોણાના ચિત્તમાં વ્યગ્રતાનો અભાવ જ રહે છે અને જ્યાં વ્યાકુળતા નથી ત્યાં શાંતિનું જ સામ્રાજ્ય છે. અને તેથી જ અહીં શ્રી અવધૂતે **"ભવચિંતા હરી"** એમ પ્રસ્તાવના કરીને જ, **"શાંતિ દે નરહરિ"** એમ કહ્યું છે. સૂર્યોદય થતાં જ જેમ અંધકાર શોધ્યો પણ જડતો નથી, તેમ જન્મમરણની ભવચિંતાનો નિસ્તાર થતાં જ અશાંતિ પણ શોધી જડતી નથી. અશાંતિનો અભાવ એટલે જ શાંતિ. પ્રાપંચિક શાંતિમાં તો અશાંતિ સતત ડોકિયું કરતી જ હોય છે. પારમાર્થિક શાંતિનો પ્રકાશ જ એ અશાંતિના અંધકારને નિવારવાને સમર્થ છે. શાંતિ, અશાંતિ, સુખ, અસુખ વગેરે વૃત્તિઓ માનસિક છે. વિકૃત માનસના એ ભાવનું નિવારણ થાય તો વસ્તુતઃ શાંતિ પણ નથી અને અશાંતિ પણ નથી. સામ્યાવસ્થામાં જ્યારે ક્ષોભ ઉત્પન્ન થાય છે ત્યારે સમુદ્રમાં જેમ તરંગો ઊછળે છે તેમ અંતરમાં પણ શાંતિ, અશાંતિ, સુખ, અસુખ આદિના તરંગો ઊછાળા મારે છે. અનુકૂળ તરંગ શાંતિનો અનુભવ કરાવે છે, પ્રતિકૂળ તરંગ અશાંતિનો અનુભવ કરાવે છે. એ અનુભવ કરનાર મન. મન ન હોય તો કશું જ નથી. અને તેથી જ સર્વાનર્થમૂલક મનને મરણતોલ બનાવવાને સંતોએ અને શાસ્ત્રોએ ઉપદેશ કર્યો છે.

એવી શાંતિ કોણે આપી અને કોણ આપી શકે ? એવી શાંતિ કોને આપી અને ક્યારે આપી ? એ ઉભય પ્રશ્નનો ઉત્તર અહીં શ્રી અવધૂતે શ્રી ભગવાનનાં "નરહરિ" અને "શ્યામવર્ણ" એ બે વિશેષણો વાપરીને આપ્યો છે.

ભગવાન નરહરિ કેમ કહેવાયા ? પ્રહ્લાદની કથા તો જાણોછો ને ? હિરણ્યકશિપુ હરિનો જન્મોજન્મનો વૈરી, અને તેનો પુત્ર પ્રહ્લાદ હરિનો અનન્ય ભક્ત. પિતાને પ્રભુએ જ વરદાન દીધું : "તારું મૃત્યુ માનવીથી નહીં થાય." હરિભક્ત બાળ પ્રહ્લાદના પ્રાણ હરવા પિતાએ શક્ય તેટલા બધા જ નિષ્ફળ પ્રયાસો કર્યા. અંતે થાક્યો અને પોતે જ પુત્રના પ્રાણ હરવા તત્પર થયો. અભય પ્રહ્લાદ અડગ ઊભો.

"તારો પ્રભુ ક્યાં છે ?" પિતાએ પ્રશ્ન કર્યો.

"મારો પ્રભુ ! મારો પ્રભુ તો સચરાચરમાં છે. મારામાં છે, તમારામાં છે અને જ્યાં જ્યાં તમારી દૃષ્ટિ જાય ત્યાં ત્યાં બધે જ એ સભર ભર્યો છે." પ્રહ્લાદે ઉત્તર દીધો.

"આ સ્થંભમાં ?"

"હા, એ સ્થંભમાં પણ એ ઘટઘટવ્યાપી વિરાજે છે."

"તો બતાવ તારા પ્રભુને."

અને એટલું કહેતાં જ એ સ્થંભ ફાટ્યો, ગગનભેદી મેઘગર્જના થઈ અને ''નર'' અને ''સિંહ''ના સંયુક્ત આકારયુક્ત પ્રભુનું પ્રાકટ્ય થયું. હિરણ્યકશિપુનો સંહાર થયો, જગતને શાંતિ મળી. એ **''નરહરિ''**.

અને શ્યામવર્ણ ? વ્રજવનિતાનો લાડીલો કોનાથી અજાણ્યો છે ? એ વ્રજનો નંદકિશોર, કંસનો કાળ, એ જ શ્યામવર્ણ. એનો વર્ણ મેઘશ્યામ. એણે તો જન્મથી આરંભી સ્વદેહે સ્વધામ વિચર્યા ત્યાં સુધી



परित्राणाय साधूनां विनाशाय च दुष्कृताम् ।

એ એનાં અમરવેણને સાચાં ઠરાવવાને, જ્યાં જ્યાં એને અનિષ્ટ જણાયું ત્યાં ત્યાં પહોંચી, તે અનિષ્ટનો અને અનિષ્ટના કરનારનો સંહાર કરીને,

धर्मसंस्थापनार्थाय सम्भवामि युगेयुगे ॥

એ વચન સિદ્ધ કર્યાં છે. એ શાંતિનો સાચો અવતાર. વ્રજભોમનાં તરણાં, વૃક્ષ, ગૌ, ગોપાળ અને ગોપીઓને એણે જ શાશ્વત શાંતિ આપી પોતાનામાં સમાવી દીધાં. એના ભક્તોને તો એણે ઉગાર્યાં છે એ નિશ્ચિત છે, પણ એના શત્રુઓને પણ એણે ઉગાર્યાં છે. તેમને પણ શાશ્વત શાંતિનાં દાન દઈને પોતાની ઉદારતા અને દાનશીલતાનો દાખલો જગત સમક્ષ મૂક્યો છે. અઘાસૂર, બકાસૂર, કંસ, શિશુપાલ આદિ અનેક શત્રુરૂપે પણ એનું અખંડ સ્મરણ કરતા દુષ્ટોનો સંહાર કરીને અંત સમયે એમને પોતાના સ્વરૂપમાં વિલીન કર્યા છે. અને તેથી જ

ये ये हताश्चक्रधरेण दैत्या–
त्रैलोक्यनाथेन जनार्दनेन ।
ते ते गता विष्णुपुरीं प्रयाताः ।
क्रोधोऽपिदेवस्य वरेण तुल्यः ।

એવું દ્રોણાચાર્યે ગાયું છે. પાંડવગીતામાં એ શ્લોક છે. એવા એ મેઘવર્ણા વૃંદાવનવિહારીને કોણ ન જાણે ? અને જે ન જાણે તે મનુષ્યયોનિમાં પશુ જેવો જ છે.

આમ આપણે જોયું કે ભગવાનને તેના ગુણગાન ગાઈને, તેના પુરુષાર્થની ગાથાઓ ગાઈને ભક્ત જાગ્રત કરે છે અને જન્મમૃત્યુના પાશમાંથી મુક્ત કરીને શાશ્વત શાંતિનું પ્રદાન કરવાની પ્રાર્થના કરે છે.

હવે ભક્ત પોતાની સ્થિતિનું પણ થોડું વર્ણન કરે છે. શ્રીઅવધૂતે પોતાની લાક્ષણિક શૈલીમાં તે અહીં જણાવ્યું છે.

જે ભક્ત છે તે ભગવાનથી વિભક્ત રહી શકતો નથી. ભગવાનથી પોતે વિભક્ત છે એવી માત્ર કલ્પના પણ ભક્તથી સહી જતી નથી. અને તેથી જ ભક્ત કાતરસ્વરે ભગવાનને પ્રાર્થના કરતાં કહે છે :

''અંત અનંતના જો હવે ચિદ્‌ઘના''
''ના રહે તુજ વિના પ્રાણ ઝાઝા.''



પ્રભુદર્શનની આશામાં ને આશામાં ભક્તની આશાનો તાંતણો લાંબો ને લાંબો થતો જાય છે. શબરી ભગવાન રામચંદ્રનાં દર્શન માટે કેટલી આતુર ! હમણા આવે, આજે આવે, કાલે આવશે, પણ આવશે એ વાત તો તેના અંતરમાં નિશ્ચિત હતી જ. અને તેથી જ તે આઠે પ્રહર પ્રભુદર્શનની તાલાવેલીમાં ભૂખ, તરસ, ઊંઘ, ઉજાગરો, અને અંતે દેહનું પણ ભાન ભૂલીને કેવળ રામચંદ્રના ધ્યાનમાં તલ્લીન બની રહેતી. પણ માનવી તો અંતવાન છે. પ્રભુ તો અનંત છે. એ અનંતને પામવાને અંતવાન શી રીતે શક્તિવાન બને ? જ્યાં સુધી અંતવાન અંતવાન જ રહે, જ્યાં સુધી આગળ કહ્યું તેમ અણુ અણુ જ રહે ત્યાં સુધી વિરાટ અનંતને પહોંચવાની તેની ગતિ નથી. અંતવાન અનંત બને ત્યારે જ અનંતમાં ભળે. અને અંતવાન અનંત ક્યારે બને ? જ્યારે અંતવાનના બધાય ધર્મોથી મુક્ત થાય ત્યારે. અને અંતવાનના ધર્મો એટલે માયાની ક્ષુભિત અવસ્થાના કારણે સરજાયેલા વિકારો. માનવી માયાનું રમકડું. માયા પોતાના બધા જ વિકારોનું માનવીને સંગ્રહસ્થાન બનાવીને માનવીથી અળગી રહી. અને ત્યારે માનવી જે અનન્ત છે તે અન્તવાન બન્યો. પોતે અંતવાન બનીને અનંતથી ભિન્ન છે એવા દ્વૈતભાવનું સેવન કરતો થયો ત્યારે જ એ અનન્ત તેને પોતાનાથી અન્ય જણાયો. અને તેથી તેણે કહ્યું :

"અંત અનંત ના જો હવે ચિદ્‌ઘના..."

એક બાજુ જળસીકર છે, સામે ચારેકોરથી જળથી છલકાતો મહાસાગર છે. જળસીકર મહાસાગરને પ્રાર્થના કરે : "મને તારામાં સમાવી દે." મહાસાગર કહે : "મારી પાસે આવ." ઉપરથી પ્રખર તાપની વૃષ્ટિ કરતો ભાણ જળસીકરને માર્ગમાં જ સૂકવી દે. શું કહે બિચારું જળસીકર ? એક બાજુ જંતુ જેવો જીવ છે અને બીજી બાજુ સમસ્ત સરજનને આવરી રહેલો શિવ છે ! જંતુ જેવો જીવ શિવને વિનવે : "મને તારામાં સમાવ" શિવ કહે : "મારી પાસે આવ." જીવ શિવ તરફ આકર્ષાય, પણ વચમાંજ જગતના ત્રિવિધ તાપે તપતો એ જીવ શિવને પામતાં પહેલાં જ અસ્ત થાય. તેનો અંત આવે. એ જીવનો એ શિવને પામવાનો આરો ક્યારે આવે ? ત્રિવિધ તાપથી જીવ મુક્ત થાય ત્યારે. અને તેથી જ જીવ શિવને પ્રાર્થના કરે : "અંત અનંત ના જો." અનન્ત કહે. "તારા ત્રિવિધ તાપથી તું મુક્ત થા અને તું મારામાં સમાયેલોજ છે." એ ત્રિવિધ તાપથી મુક્ત ક્યારે થવાય ? જ્યારે કર્મ અને પ્રારબ્ધનાં બંધનો તૂટે ત્યારે. અને તે ક્યારે બને ? ઉપનિષદે ગાયું :

भिद्यते हृदयग्रंथिः छिद्यन्ते सर्व संशयाः ।
क्षीयन्ते चास्य कर्माणि तस्मिन्द्रष्टे परावरे ॥

"તે પરમતત્ત્વના પર અને અપર એવા ઉભય સ્વરૂપોનું જ્ઞાન થાય ત્યારે હૃદયની ગ્રંથિ છૂટી જાય છે. બધાય સંશય મટી જાય છે, અને બધાંય

કર્મોનો ક્ષય થઈ જાય છે.'' આમ જ્યારે બધાંય કર્મોનો ક્ષય થાય ત્યારે અન્તવાન અનન્ત બને અને અનન્તમાં ભળે. અને તેથી ભક્તે ગાયું :

''બહુ તાણતાં તૂટી જાશે.''



ભા.- ૧

આપણે આગળ જોયું કે જે ભક્ત છે તે ભગવાનથી વિભક્ત રહી શકતો નથી. જેને ભગવાનને પ્રાપ્ત કરવાની તાલાવેલી લાગી છે, તે ભગવાન પોતાથી ભિન્ન છે એવી કલ્પના પણ સહન કરી શકતો નથી. ભક્ત હૃદયનો એ ભાવ પ્રદર્શિત કરવાને શ્રી અવધૂતે અહીં આ પંક્તિ આલેખી છે. શ્રી અવધૂત કહે છે :

અંત અનંત ના જો હવે ચિદ્‌ઘના...

''હે ચૈતન્યઘન ! રગેરગમાં તું વ્યાપેલો છે. તારાથી શું અજાણ્યું છે ? હવે ક્યાં સુધી તાવીશ ? તૂટતાં સુધી તાણતાં આ કાચો તાંતણો તૂટી જંશે. માટે તાગ ના જોઈશ. તારી હૂંફ વિના, તારા દર્શન વિના, તારી ઝાંખી વિના હવે આ પ્રાણ ઝાઝો વખત નહીં ટકે. અને એ નીકળી જતાં તું આવી પહોંચે તે પણ શા કામનું ? પાક સુકાઈને બળી જાય ને પછી અમૃત જેવો પણ મેહ તૂટી પડે, તો તેથી શું ? માટે દોડ, જલદી દોડ. આમ બળીને ખાખ થતાં સુધી તાવી ના જોઈશ !'' હે અનન્ત, તું તો ચિદ્‌ઘન છે, ચિત્તમાં રહેલું ચૈતન્ય તું જ છે. વાણીમાં નીતરતો આ ભાવ મારા હૃદયમાં ભારોભાર સાકાર ભર્યો છે કે નહીં, તે જોવાની તારામાં ગતિ છે. તું તો અંતર્યામી છે. ત્યાં દંભ છે કે નિર્દંભ ભાવે આ પ્રાર્થના છે તે જાણવાની તારામાં શક્તિ છે, અને તારી શક્તિ વડે જ જ્યારે હું આ શબ્દોચ્ચાર કરી શકું છું ત્યારે હવે તો દર્શન આપ ? આ પ્રાર્થનાનું જો પરિણામ નહીં આવે તો મારી શી દશા થશે, તેની તું જ કલ્પના કરી લેજે.'' જ્યારે ઝૂરીઝૂરીને વિયોગના સંતાપે મૃત્યુની અણીપર આવેલો ભક્ત નિરાશાની પળો જ ગણતો હોય છે ત્યારે, અને જ્યારે પ્રભુ તેની પ્રાર્થનાનો પ્રત્યુત્તર આપતો નથી દેખાતો એવી ભક્તને પ્રતીતિ થાય છે ત્યારે, ભક્ત અંતે ગાય છે :

ના રહે તુજ વિના પ્રાણ ઝાઝા.

ખરા પ્રેમીના પ્રેમની એ પરાકાષ્ટા છે. ખરા પ્રેમીના પ્રેમનું એ અંતિમ લક્ષણ છે. પ્રિયતમના વિયોગે ઝૂરીઝૂરીને મરતી સતી પળ પળ પતિની જ માર્ગપ્રતીક્ષા કરતી હોય અને જ્યારે પતિનાં દર્શન થાય ત્યારે તેના ઉન્માદનો અને હર્ષનો પાર ન રહે. પતિદર્શન ન થાય ત્યારે તેનો પ્રાણ અનાયાસે જ છૂટી જાય. જગતમાં ભક્તને પ્રભુ વિના અન્ય શું છે ? કોના આધારે તે જીવન જીવે છે ? તેને જાગતિક સુખની અભિલાષા નથી. જે જાગતિક સુખને સુખ માનીને જે સાધનો ભેળાં કરવા પાછળ પ્રાણાંત પ્રયત્ન કરે છે તેમાંનું એકે સાધન ભક્ત સુખનું સાધન માનતો નથી અને તેથી તેની પાછળ તે પડતો પણ નથી. ભક્તને મન કેવળ



આત્મદર્શન-પ્રિયતમનું દર્શન-એ જ સુખની પરાકાષ્ટા છે, અને એ અંતિમ સુખની પ્રાપ્તિ અર્થે જગતનાં સર્વ સુખનું બલિદાન કરવાને ભક્ત ખંચાતો નથી. અરે, બલિદાન કરીને જ એ શાશ્વત સુખની પ્રાપ્તિ કરે છે. જે સંસાર તેને અમૃત જેવો મીઠો લાગતો તે જ સંસાર આજે તેને કડવો વિષ સમો લાગે છે. સંસારના જે વૈભવવિલાસો એક વેળા તેને માટે આનંદનાં સાધનો હતાં, તે જ હવે તેને પોતાના માર્ગમાં અંતરાયરૂપ જણાય છે, ખાવા ધાય છે. જે શણગારો વડે એક દિ હોંસથી તે પોતાના અન્તવાન શરીરને શણગારતો હતો, તે જ શણગારો તરફ દૃષ્ટિપાત કરવાનું હવે તેને મન પણ થતું નથી. તેને હવે ગમે છે માત્ર તેના ભગવાન. તેના ભગવાનની નયન મનોહર મૂર્તિ. તેના ભગવાનનાં નિર્મળ નેત્રમાંથી નીતરતાં અમૃત પીવાની તેને હવે હોંસ. તેના ભગવાનના મુખ કમળમાંથી સરી પડતા બે વહાલસોયા બોલ : ''તું મારો છે''–બસ એટલા જ બોલ સાંભળીને પોતાના કર્ણને પાવન કરવાની અને જીવનને કૃતાર્થ કર્યાની તેને એક માત્ર આશા. અને તેથી સંસારને વિસારી ભગવાનના જ સ્મરણમાં જાણે પ્રભુ દર્શનની એક માત્ર આશાએ શરીરમાં પ્રાણ ટકાવી પરાણે જીવતો હોય એમ તેને ભાસે. અકારું એ જીવન પણ પ્રભુના દર્શનની આશાને તાંતણે બંધાયેલું અને તેથી જ શરીર ટકે; પણ જ્યારે અવધિ આવી જાય ત્યારે એ પ્રાણ પણ દેહમાં ક્યાં સુધી રહે ? આશા જ્યારે નિરાશામાં પરિવર્તન પામે ત્યારે નિરાશ જીવન કેટલો સમય ટકે ? હિરણ્ય ગર્ભની માત્રાની કેટલી શક્તિ ? આવું બધું થાય એ જ ભક્તની ભક્તિની પૂર્ણાવસ્થાનાં લક્ષણો. અને તેથી જ શ્રીઅવધૂતે એ બધાંય લક્ષણો તરફ સંકેત કરતાં :

''અંત અનંત ના જો હવે ચિદ્‌ઘના,
ના રહે તુજ વિના પ્રાણ ઝાઝા''

એ વેણ કાઢ્યાં છે.

અને વ્રજની ઘેલી ગોપીઓ પ્રાણ કોને કાજે ધરતી ? કોને કાજે જીવતી હતી એ પ્રેમની પ્રતિમાઓ ? કેવળ કનૈયાને જ સુખી કરવા. કનૈયાએ પ્રેમાવતાર ગોપીઓને પ્રેમસાગરમાં તરબોળ કરી. જગત આજે પણ જે ગોપીઓની મુક્ત કંઠે પ્રશંસા કરે છે તે શ્રીરાધિકા આદિ અનેક વ્રજગોપીઓનો ત્યાગ કરીને શ્રીકૃષ્ણ વ્રજથી મથુરા ગયા. વિરહઘેલી ગોપીઓની દશા ન જોવાય એવી, છતાંય શ્રીકૃષ્ણે પાછું વળીનેય ન જોયું. શ્રીકૃષ્ણની નિઃસંગતા અને ગોપીઓની પ્રેમાવસ્થાનું એ આબેહૂબ દૃશ્ય વ્યાસજી જેવાને પણ પ્રેમવિહ્‌વળ બનાવવાને શક્તિવાન બન્યું. શ્રીકૃષ્ણે ઉદ્ધવને મથુરાથી વ્રજ મોકલ્યા. શા સારુ ? ગોપીઓની અવસ્થા જોવા અને તેને આશ્વાસન દેવા. ઉદ્ધવે વ્રજમાં આવીને શું જોયું ? હાડમાંસના માળખામાં શ્રીકૃષ્ણ વિરહે શુષ્ક બનેલા એ ગોપીવૃંદના દેહને

જોઈને ઉદ્ધવનું ભક્ત હૃદય પણ રોયું. ભાગવતનો એ પ્રસંગ ખરેખર

ના રહે તુજ વિના પ્રાણ ઝાઝા.

એ શ્રીઅવધૂતના શબ્દોને મૂર્ત બનાવવાને અને એ શબ્દોમાં રહેલા સત્યની પ્રતીતિ કરાવવાને પૂરતા છે. તેથી જ શ્રીઅવધૂત વિરહની વેદનાના અંતિમ પરિણામની વાત કરતાં કહે છે : ''હે ભગવન્, તારા વિરહે હવે આ પ્રાણ ઝાઝો સમય શરીરમાં નહીં ટકે.'' વિરહની વેદના એ તો એકાંગી પ્રેમની કસોટી છે. અગ્નિમાં બળવું એ તો કાંચન બનવા માટે છે. વિરહ પણ અગ્નિ છે અને એ અગ્નિમાં બળીને જે બહાર આવ્યો છે તે જ કાંચન બન્યો છે. તેને જ પ્રભુ મળ્યા છે. વિરહની વેદનાનો વેગ જેમ જેમ તીવ્ર બનતો જાય તેમ તેમ ભગવાન જાણે તેનાથી દૂરને દૂર જતા જણાય. અને તેથી અંતે ભક્તની ધીરજ ખૂટી જતી જણાય, અને ત્યારે જ ભક્ત અંતિમ પળો આવી એમ માનીને પુકાર કરે :



''હે પ્રભો, ક્યારે મળશો ? ક્યારે દર્શન દઈ આંખોને ઠારશો ?'' પાર્થિવ પદાર્થોની પ્રાપ્તિ અર્થે પ્રાણાંતક પ્રયાસ કરતો પુરુષ આપણે જોઈએ છીએ, છતાંય તેની સફળતા નિશ્ચિત નથી. આશામાં ને આશામાં રક્તનું પાણી કરતા એ માનવીને જ્યારે નિરાશ થવાનો પ્રસંગ આવે છે, ત્યારે તેનું કાળજું એ નિરાશાની કલ્પનામાત્રથી જ ધડકતું બંધ પડે છે. આતો જે અદીઠ છે છતાંય છે એવો અંતરમાં સથિયારો છે. એક દિવસ આવશે અને દર્શન દેશે, એવો અતૂટ વિશ્વાસ છે. છતાંય તેને નહીં મળાય એવી નાની સરખી શંકા પણ ભક્તના હૈયાને હચમચાવી મૂકે છે, અને પ્રાણ પણ જાણે છૂટી જશે એવો તેને ભાસ થાય છે. એવી સ્થિતિ જ્યારે પ્રાપ્ત થાય છે ત્યારે એ ઘટઘટવ્યાપી પ્રભુ-ભક્તવત્સલ ભગવાન ભાવને વશ ભક્તની આગળ આવીને ઊભો રહે છે. દર્શન દઈને તેને કૃતાર્થ કરે છે. પણ એ તો ધીરજનાં ફળ મીઠાં છે. અંતે તો મનુષ્ય ને ? છે તો અંતવાન ને ? ક્યાં સુધી ધીરજ રાખે ? પણ ભાઈ, તું તેનો થા. ''હું તારો છું'' એટલું એક જ વખત સર્વભાવે તેને સંભળાવ અને પછી નિઃસ્પૃહ થઈ જા. પણ તું જ્યાં સુધી ''હું'' માં રહે ત્યાં સુધી ''તે''ને પ્રાપ્ત કરવાની તારી અભિલાષા તૃપ્ત નહીં થાય એની ખાત્રી માનજે. એ જ કારણે શ્રી ભગવાને કહ્યું :

सर्वधर्मान्परित्यज्य मामेकं शरणं व्रज।
अहं त्वां सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुचः॥

''સર્વ ધર્મોનો પરિત્યાગ કરીને મને એકલાને જ શરણે જા. હું તને સર્વ પાપથી મુક્ત કરીશ. શોક ન કર.'' એવી સ્થિતિ ન થાય ત્યાં સુધી તારો ક્યાંય પત્તો લાગે એમ નથી.

જ્યારે ભક્ત અકળાય છે, તેના વિરહનો વેગ વધી જાય છે ત્યારે

શેં થયો ચંદ્રમા તપ્ત પૃથ્વી ક્ષમા ?
છોડી દે અર્યમા કેમ માઝા ?



ભા.- ૧

તેને ચંદ્રમાંથી અગ્નિના તણખા ઝરતા હોય એમ લાગે છે. ક્ષમાની મૂર્તિ સમી પૃથ્વી જાણે ક્ષમાનો પોતાનો ધર્મ છોડીને તેના તરફ ક્રોધભરી દૃષ્ટિએ જોતી હોય એવો તેને ભાસ થાય છે. સ્વર્ગમાં રહેલા તેના પિતૃઓ પણ જાણે પોતાની માઝા મૂકીને તેના તરફ રોષે ભરાયા હોય એમ તેને લાગે છે. આમાંનું કશું જ સત્ય નથી. અમૃતના અખૂટ નિર્ઝર સમો, શીતળતાની મૂર્તિ સમો ચંદ્ર તપ્ત થાય એ કલ્પનાતીત વાત છે. પૃથ્વી ક્ષમાનો પોતાનો સ્વભાવ ત્યાગે એ સંભવિત નથી અને પિતૃઓ પણ પોતાની મર્યાદાનો લોપ કરે એ બનવું જ શક્ય નથી. જો એ બને તો નિયતિનો નિયમ તૂટે, નિસર્ગની સામ્યાવસ્થામાં ક્ષોભ ઉત્પન્ન થાય અને સર્વત્ર અનવસ્થા થાય. પણ આ તો નિરાશાને આરે ઊભેલા ભગ્નહૃદય વિરહી ભક્તના મનની કલ્પના છે. શીતળતાનાં અમીબિંદુ વરસાવતો ચંદ્ર પણ જાણે સૂર્ય પેરે પ્રખર તાપનો અગ્નિ વરસાવીને તેને બાળી રહ્યો છે એમ તેને લાગે. પૃથ્વી જાણે પોતાનો ક્ષમાનો સ્વભાવ-ધર્મ ભૂલીને તેના તરફ ક્રૂર થતી હોય એમ તેને જણાય છે. અને પિતૃઓના અધિષ્ઠાતા અર્યમા પણ જાણે માઝા મૂકીને તેના તરફ ઘૃણાયુક્ત ક્રૂર દૃષ્ટિએ જોઈ રહ્યા હોય એવો તેને ભાસ થાય. એ બધાંય લક્ષણો અધીર બનેલા ભક્ત-હૃદયનાં છે. એને આશ્વાસનની જરૂર છે. સંસારમાં એની વિહ્વળતામાં એને સહાય દેનાર, સહાનુભૂતિના બે શબ્દો કહેનાર કોઈ નથી. એ સહાયને આશ્વાસન દેનાર એકમાત્ર પ્રભુ પણ જાણે એનાથી રૂઠ્યો છે. અને ત્યારે એ કેવળ નિરાધાર દશા અનુભવી રહ્યો છે. સંસારનો સગો કોઈ એનો નથી એવો અંતરનો નિશ્ચયાત્મક નિરાશાજનક અવાજ ઊઠે છે, ભાવ જાગ્રત થાય છે ત્યારે પ્રભુ તેને કહે છે :

"નિરાધારનો આધાર હું છું"

અને "હું તારો છું" એવું કહેનારને "તું મારો છે" એવું સાંભળવાનો પ્રસંગ પ્રાપ્ત થાય છે, ત્યારે જ એ આશ્વાસન પામીને કૃતાર્થ બને છે. પણ જ્યારે તમે નિરાધાર બનશો ત્યારે. અસ્તુ.

શ્રી અવધૂત આગળ કહે છે,

"શરણભાવે થતાં ના રહે ત્યાં કથા
દુઃખની હે તતા બ્રીદ તારૂં"

"જે ભાવપૂર્વક પરમાત્માને શરણે જાય છે તેને દુઃખ રહેતું નથી, એ આ ઉક્તિનો ભાવ છે.

પરમાત્મા સર્વોદ્ધારક છે. પણ ઉદ્ધાર કરવાની પ્રભુને ફરજ પડે તે પહેલાં પ્રભુભાખી શરતો પાળવી એ આપણો ધર્મ છે. ભગવાનનાં બે બિરદ છે. એક તો

अनन्याश्चिन्तयंतोमां ये जनाः पर्युपासते।
तेषां नित्याभियुक्तानां योगक्षेमं वहाम्यहम्॥

"જેઓ એકનિષ્ઠ ભાવે મારું એકમેવ ચિંતન કરી મને સર્વ રીતે ઉપાસે છે તેવા મારી અંદર નિત પરોવાયેલાનાં યોગ અને ક્ષેમ હું નિભાવું છું."

અને બીજું

ये तु सर्वाणि कर्माणि मयि संन्यस्य मत्पराः।
अनन्येनैव योगेन मां ध्यायन्त उपासते॥
तेषामहं समुद्धर्ता मृत्युसंसारसागरात्।
भवामि न चिरात्पार्थ मय्यावेशितचेतसाम्॥

"પણ, હે પાર્થ, જેઓ સર્વ કર્મ મારામાં સમર્પણ કરીને મત્પરાયણ થઈને અનન્ય યોગથી મારું જ ધ્યાન ધરે છે અને મને ઉપાસે છે, તે મારામાં સ્થિર થયેલા ચિત્તવાળાઓનો મૃત્યુરૂપ સંસારસાગરથી હું જલદી ઉદ્ધાર કરું છું."



અનન્ય ભાવે ચિંતન કરનાર ભક્તનો યોગક્ષેમ વેંઢારવાનો અને મૃત્યુસંસાર સાગરમાંથી તેની જીવનનૌકા સહીસલામત પરમધામે પહોંચાડવાનો ભાર ભગવાને પોતે રાખ્યો છે. એ ભાર ભગવાને માયાના હાથમાં સોંપ્યો નથી. જગતના સર્વ વ્યવહારની લગામ માયાના હાથમાં આપી છે, સર્વકર્મનાં ફળ પ્રારબ્ધને અધીન રાખ્યાં છે, પણ જીવને શિવતા પ્રાપ્ત કરાવવાનું એકમાત્ર મહાન ફળ ભગવાને પોતાને હાથ રાખ્યું છે. પોતાના અંશને પોતાનામાં સમાવી દઈને એકરૂપ બનાવવાનો અધિકાર ભગવાને પોતે જ પોતાના હાથમાં રાખ્યો છે. અને તેને માટે શ્રી ભગવાનભાખ્યા આ ઉભય શ્લોકમાં શરત મૂકી છે.

અહીં શ્રી અવધૂતે પણ શરણાગતિની જ વાત કહી છે. ભગવાન જાણે પોતાનું બિરદ ભૂલી ગયા હોય તેમ ભક્ત ભગવાનને તેના બિરદનું સ્મરણ કરાવે છે. એ બિરદ શું છે ? ભક્ત કહે છે :

"હે ભગવન્ ! તમારું બિરદ તો યાદ કરો ! તમને અનન્ય ભાવે શરણે થનારને હે તાત ! દુઃખની કથા-દુઃખનું સ્મરણ સરખુંય થતું નથી." ભગવાનને ભક્ત તેના બિરદનું સ્મરણ તો કરાવે છે પણ ભગવાનની શરતો પાળવાને પોતે ક્યાં તૈયાર છે ? ભગવાને તો કહ્યું જ છે : "હું તો યોગક્ષેમ નિભાવવાને અને જન્મમૃત્યુરૂપ સંસારમાંથી ઉદ્ધાર કરવાને કટીબદ્ધ ઊભો જ છું. પણ હે જીવ, તું મારું અનન્યશરણ ક્યાં સ્વીકારે છે ? તેં તારું મન મારામાં ક્યાં પરોવ્યું છે ? તેં તારાં બધાંય કર્મોનો મારામાં ક્યાં સંન્યાસ કર્યો છે ? તું અનન્યયોગ દ્વારા એકાંતમાં મારું ધ્યાન ક્યાં કરે છે ? પ્રભુના આ પ્રશ્નોનો આપણી પાસે શો જવાબ છે ? પ્રભુ પોતાનું બિરદ પાળવાને આપણી આગળ આવી ઊભો રહે એટલી આપણી તૈયારી છે ખરી ? આપણું અંતર તપાસીશું તો જણાશે કે પ્રભુની એ શરતો આપણે પાળતા નથી અને માયાની મોહજાળમાં પ્રભુની એ



શરતોને આપણે પાળીશું કે કેમ તે પણ નિશ્ચિત નથી. જો એમ છે તો પછી આ શબ્દોચ્ચાર કરવાનો આપણને અધિકાર છે ખરો ? ના. પણ શ્રી અવધૂતે ભગવાનની એ બધી જ શરતો પાળી છે, ભગવાનભાખી એ બધી જ વાતોનો સ્વીકાર કરીને જ પોતાનું સર્વસ્વ પ્રભુચરણે અર્પણ કરીને, પ્રભુ સિવાય અન્યના શરણનો સર્વભાવે અસ્વીકાર કરીને જ આ શબ્દો ઉચ્ચાર્યા છે. અને તેથી શ્રી અવધૂતને એ શબ્દોચ્ચાર કરવાનો અધિકાર છે. શ્રી અવધૂત ભગવાનને તેના બિરદનું સ્મરણ કરાવી શકે. પણ તેમાંયે એક વાત તો કહી છે, અને તે છે ''ભાવયુક્ત શરણાગતિ.''

શરણે જવાના બે માર્ગ છે : એક ભાવયુક્ત શરણાગતિ છે અને બીજી ભયયુક્ત-સ્વાર્થયુક્ત શરણાગતિ છે. અહીં જે શરણાગતિની વાત કરીએ છીએ તે કેવળ ભાવભરી શરણાગતિ છે. સરકસનો કેસરી તેના માલિકને શરણે જાય છે કેવળ ભયને લીધે. ગરીબ ધનવાનનું શરણ શોધે છે કેવળ સ્વાર્થ સાધવાને. પણ ભક્ત ભગવાનનું શરણ શોધે છે નિષ્કામ ભાવે. અને જ્યારે ભક્ત નિષ્કામ ભાવે પ્રભુને શરણે જાય ત્યારે તેવા શરણાર્થીનો સ્વીકાર ન કરે એવો ભગવાન નિષ્ઠુર નથી. તમે પ્રભુની શરતો પાળો તો પ્રભુ પણ પોતાનું વચન પાળવાને બંધાયેલો છે એમાં શક નથી. અને તેથી શ્રી અવધૂતે પણ અહીં ''ભાવ'' શબ્દ મૂકીને શરણાગતિનું મહત્ત્વ શું છે અને કયા પ્રકારની શરણાગતિ ભગવાનને અંતરિક્ષમાંથી નીચે ઉતારવાને શક્તિવાન બને છે તેનો ખ્યાલ આપ્યો છે. એકલી શરણાગતિનો કશો જ અર્થ નથી. જો ભાવ નથી તો તે શરણાગતિનું પરિણામ નથી. જો ભાવ છે તો તેનું પરિણામ પણ નિશ્ચિત છે. અને તે છે દુઃખનું નિવારણ.

એ દુઃખ કયું ? શ્રી અવધૂતે જે

''ના રહે ત્યાં કથા
દુઃખની હે તતા !''

એ વાક્યોચ્ચાર કર્યો છે તે કયા દુઃખને અનુલક્ષીને કર્યો છે તેનો આપણે થોડો વિચાર કરીએ.

આજે તો શ્રી અવધૂત કહે છે, ''તમને ક્યાંય દુઃખ જેવું કશું જ જણાતું નથી. તમે બધા સુખની શોધમાં નીકળ્યા છો- હું દુઃખની શોધમાં નીકળ્યો છું. તમને સુખ નથી મળતું, મને દુઃખ નથી મળતું. વસ્તુતઃ પરમાત્મા સુખસ્વરૂપ છે. અને તેથી જે સુખસ્વરૂપ પરમાત્મા સર્વત્ર વ્યાપેલો છે તે પરમાત્માના સ્વરૂપમાં દુઃખ ક્યાં રહી શકે ? ક્યાં હોઈ શકે ? જો પ્રકાશ જ સર્વત્ર વ્યાપેલો છે તો અંધકાર ક્યાં રહી શકે ? પણ તમે જે સુખને શોધવા નીકળ્યા છો તે સુખ તમારાથી ભિન્ન, તમારાથી બહાર છે એમ માનીને તમે સુખની શોધ બહાર કરો છો. હું જે દુઃખને શોધું છું, તે દુઃખ મારાથી બહાર છે એમ માનીને હું પણ શોધવા નીકળ્યો છું. તેથી મને દુઃખ નથી જડતું, અને તમને સુખ નથી જડતું. વાસ્તવિક

સુખ તો તમારા અંતરમાં જ ભરેલું છે. એટલે એ તમને બહાર નહીં જડે. અને વાસ્તવિક દુઃખ તો તમારાથી બહાર છે, એટલે તે પણ નહીં જડે. એટલે એ સુખદુઃખનો જે કાંઈ તમારો ખ્યાલ છે તે મિથ્યા છે, માત્ર આભાસ છે. પણ જે દિવસે આ પંક્તિ શ્રી અવધૂતે લખી તે દિવસે કદાચ એ પરમ તેજનાં દર્શન એમને નહીં થયાં હોય. અથવા **વસુધૈવ કુટુંબકમ્**ની ભાવનાવાળા ભક્તજન જગતનાં દુઃખીજનો સાથે તાદાત્મ્ય અનુભવી પરમ કારુણિક ભાવે તે દુઃખ દૂર કરવા પ્રભુને પોકારે છે: એટલે જ આટલી વ્યાકુળતા અને અંતરવ્યથા આ કાવ્યમાં ભરી છે. હવે તો એને દુઃખની કથા રહી જ નથી. પણ આપણને તો રહી છે, એટલે આપણે એ દુઃખનો થોડો વિચાર કરીએ.



આપણે આગળ જોયું છે તેમ જીવભાવયુક્ત આત્માને કર્મનાં પ્રારબ્ધ ભોગવવાને અનેક જન્મો શરીરાંતર કરવું પડે છે. એક શરીરનું પ્રારબ્ધ પૂરું થતાં બીજું શરીર ધારણ કરીને તેમાં પ્રવેશ કરી તે શરીરનું પ્રારબ્ધ ભોગવી ત્રીજું શરીર ધારણ કરવું પડે છે. એમ જન્મ અને મરણના આવર્તમાં પડેલો એ જીવ એ જન્મ અને મૃત્યુનાં દુઃખ ભોગવતો જ રહે છે. એ દુઃખનું નિવારણ કેવળ પ્રભુના હાથમાં હોવાથી અહીં શ્રી અવધૂતે જે દુઃખને અનુલક્ષીને કહ્યું તે દુઃખ ભૌતિક દુઃખ નથી પણ પારમાર્થિક દુઃખ છે. અને જે ભગવાનને શરણે ભાવયુક્ત બનીને જાય છે તે તેના એ દુઃખથી મુક્ત થાય છે. શ્રી ભગવાનના એ બિરદનું ભગવાનને સ્મરણ કરાવતાં ભક્ત કહે છે :

"કેમ ભૂલી દમે ભક્તજન આ સમે ?
કાં ઉપેક્ષા ગમે ? દૈવ મારૂં !"

"હે ભગવન્ ! તારું એ બિરદ ભૂલીને આ સમે તું ભક્તનું કેમ દમન કરે છે ? ભક્તની ઉપેક્ષા કેમ કરે છે ? શું મારું એવું દૈવ છે ! પણ ના, તારો વાંક નથી. તને દોષ દેવામાં અર્થ નથી. મારું દૈવ જ એવું વાંકું છે. મારું પ્રારબ્ધ એ સુખને પ્રતિકૂળ છે, અને તેથી જ તારા જેવા નિર્હેતુક કરુણાના અનંત સ્રોતને પણ, એવું બિરદ ધરાવનારને પણ, આમ મારા જેવા અનન્ય શરણાગતને દમવાનું મન થાય છે. તારે શરણે આવ્યો છું, છતાંય મારું દમન ? છતાંય મારી ઉપેક્ષા ? **"તાર્યા પથ્થર ગણિકા વ્યાધ"** એવું બિરદ ધરાવનારને પણ મારા જેવા અનન્ય શરણાર્થીને દમવાનું મન થાય છે ?"

અહીં શ્રી અવધૂતે બે વાત કહી છે : એક છે "ભક્તજન", બીજી 'ઉપેક્ષા', "દમન" અને અંતે દૈવ.

સાચો ભક્ત કદી પણ પરમાત્માનો દોષ કાઢતો નથી. પ્રતિકૂળ સંજોગો પ્રાપ્ત થતાં એ સૂક્ષ્મ આત્મનિરીક્ષણ કરે છે, અને તેમ કરતાં એને એનાં પોતાનાં પ્રાક્કર્મોનો જ - પ્રારબ્ધનો જ દોષ દેખાય છે. આ



શબ્દો ભગવાનને સંભળાવવાનો અધિકાર ક્યા ભક્તને છે ? જે ભક્ત છે તે અનેકવિધ વાતો ભગવાનને કહી શકે. પણ જે ભક્ત નથી તે આવા શબ્દો દ્વારા ભગવાનનું હૃદય પીગળાવી ન શકે. તમે ભક્ત છો ખરા ? આત્મનિરીક્ષણ કરો. તમારું મન તમને છોડીને પ્રભુમય બન્યું છે ખરું ? તમારી વૃત્તિઓ તમને છોડીને પ્રભુમાં લીન બની છે ખરી ? તમારાં મોહ અને મમતાનો તમે ત્યાગ કર્યો છે ખરો ? તમારું અંતર અનાસક્ત છે ખરું ? ભક્તના તો જગતમાં રાફડા ફાટી નીકળ્યા છે. ટીલાંટપકાં કર્યાં, ગળામાં માળા ઘાલી, મુખથી ''રામ'' બોલ્યા, અંગે ભગવાં ધર્યાં અને નીકળી પડ્યા ! કોણ છો ? ભક્તરાજ. અને મન ભટકે સંસારમાં. સાથે બેચાર ચેલાઓ પણ મૂંડ્યા હોય, એકાદ બે ચેલકી પણ હોય. એક સંસારનો ત્યાગ કરીને બીજો સંસાર શરૂ કર્યો હોય અને તેમાં જ ચિત્ત ચોંટ્યું હોય; છતાંય કહેવાશે ભક્ત. એવા ભક્તને આવાં કડવાં વેણ પ્રભુને કહેવાનો લેશમાત્ર અધિકાર નથી. એવા શબ્દો તો મીરાં કહે, નરસિંહ કહે કે શ્રી રાધિકા કહે. શ્રી અવધૂતે કહ્યા અને તેનું પરિણામ પામ્યા. દુઃખની પરાકાષ્ટારૂપ જન્મમરણની નિવૃત્તિ થઈ, અને ભગવાને કહ્યું તેમ :

''अनेकजन्मसंसिद्धिस्ततो याति परांगतिम्''

અને એ પરા ગતિ એટલે જ દુઃખની પરાકાષ્ટાનું આત્યંતિક નિવારણ. જન્મમરણના બંધનથી મુક્તિ, અને શિવસ્વરૂપ અવસ્થા.

જે ભક્ત ભગવાનની આ શરતો પૂરી કરે અને છતાંય જો તે ભગવાનની ઉપેક્ષા અને અનાદરને પાત્ર થાય તો તેવા ભક્તને જ આ શબ્દો ભગવાનને સંભળાવવાનો અધિકાર છે. અને છતાંય તે પ્રભુનો દોષ નથી કાઢતો. તેને પોતાના કર્મમાં જ કંઈક કાળું દેખાય છે. પ્રભુ ભક્તની ઉપેક્ષા કરતો જ નથી. પણ ભક્તના અંતરની અશુદ્ધિ એને શંકા ઉપજાવે છે, અને તેથી જ તે બહિર્દષ્ટિએ કોકવાર ભક્તને દમતો દેખાય છે. શ્રી અવધૂતે તેથી જ ''દૈવ મારું'' કહી ખૂણે ખૂણે પણ રહેલી પ્રભુને પડકારવાની અબુધ માનવીની વૃત્તિને દફનાવવાનું સૂચવ્યું છે.

આગળ ચાલતાં શ્રી અવધૂત કહે છે :

''દાર ઘર વિસરી, ત્વત્પદે નત હરિ,
જનિમૃતિ સંહરી તાર વેગે;''

પ્રપંચનો પ્રારંભ પત્નીથી થાય છે. પત્ની આવે એટલે ઘર જોઈએ. ઘર આવે એટલે ઘર ચલાવવાને ધન જોઈએ. ધન આવે એટલે પત્ની સાથે વિલાસ થાય અને પરિણામે પરિવાર વધે. પરિવારની વૃદ્ધિ સાથે દિન-પ્રતિદિન જીવનની જરૂરિયાતો, એશઆરામનાં સાધનો, વસ્ત્રપરિધાન માટે સુંદર વસ્ત્રો, શરીરના શણગાર અર્થે સુવર્ણનાં અને હીરામોતીનાં આભૂષણો અને આમ એક પ્રપંચને પરિપૂર્ણ કરવાને મનુષ્યને અનેક

સાધનોની જરૂર જણાય. એ સાધનોની પ્રાપ્તિ અર્થે મનુષ્ય પ્રાતઃકાળથી પ્રારંભી રાત્રિ પર્યંત અને પ્રસંગોપાત્ત મધરાત સુધી પણ લોહીનું પાણી કરીને તનતોડ મહેનત કરે, અને પરિણામે જીવનનિર્વાહનો ભાર વેંઢારે. તેમાંય પ્રસંગોપાત્ત અસંતોષ, કલહ અને અશાંતિનો જ મુખ્યત્વે અનુભવ કરવાનો રહે. જે આનંદ પ્રપંચના પ્રારંભ સાથે જ વિલીન થતો અનુભવાય, જે સુખ અને શાંતિ અર્થે મનુષ્ય પ્રપંચનો પ્રારંભ કરે તે સુખ અને શાંતિ તેના જીવનમાં એક ક્ષણ પણ અનુભવવાનાં જ ન રહે, ત્યારે પણ સંસાર વિષમય છે કે અમૃતમય છે તેની સમજ પુરુષને પડતી નથી. એ છે માયાનો સંભાર. માયાના આ સંભાર આગળ મનુષ્યના અંતરમાં પ્રભુની પ્રભુતાનો પ્રકાશ પડતો નથી અને તેથી તે સદાય અંધકારમાં જ અટવાતો રહે છે. એવા વિષમય સંસારથી મુક્ત થવાને એક માત્ર હરિનું જ શરણ શોધવાનું રહ્યું. તેનો જ આધાર મેળવીને સાચું સુખ અને સાચી શાંતિ પ્રાપ્ત કરવી રહી. અને તે પ્રાપ્ત કરવા માટે જ અહીં શ્રી અવધૂતે કહ્યું :

દાર ઘર વિસરી...

જ્યાં સુધી દારા, ઘર, પરિવાર, પાર્થિવ પદાર્થોની સમૃદ્ધિમાં મનુષ્યનું ચિત્ત પરોવાયેલું રહે, એ પ્રવૃત્તિમાં જ્યાં સુધી મનુષ્ય રચ્યોપચ્યો રહે ત્યાં સુધી તેને પરમાત્માનું સ્મરણ સરખુંય થાય એ સંભવિત નથી. રાહુ અને કેતુ જેમ સૂર્ય અને ચંદ્રને ગ્રસે તેમ માયાના મોહ, મમતા, અહંકાર આસક્તિ આદિ વિકારો મનુષ્યના ચિત્તને ચારે કોરથી આવૃત્ત કરી રાખે અને તેથી તેને પરમાત્માના પ્રભાવની કલ્પના સરખીય ન આવે. અને તેથી જ તે દુઃખી થાય. જીવનની કોક સુભગ પળે જ્યારે એને એ પ્રપંચ પ્રત્યે વૈરાગ્ય આવે ત્યારે જ તેને માયાને પણ આધીન રાખનાર માયાપતિનું સ્મરણ થાય. અને ત્યારે જ તે સ્ત્રી, પુત્ર આદિ પરિવારને વીસરી-ભૂલી જઈ, મનમાંથી કાઢી નાંખી, પરમાત્માનું શરણ શોધતો થાય. અને તેથી જ જ્યાં સુધી પ્રપંચમાં મનુષ્ય રચ્યોપચ્યો રહે, પ્રપંચ એ જ એકમેવ એના ચિંતનનો વિષય થઈ રહે ત્યાં સુધી પ્રભુને તે ઓળખતો નથી. તેને ઓળખવાની તેને કલ્પના પણ આવતી નથી. અને પરિણામે તે આત્મસુખથી વંચિત રહે છે. અને તેથી શ્રી અવધૂત કહે છે તેમ પ્રભુની પ્રીતિ સંપાદન કરવાની તમન્ના હોય તો એ પ્રપંચને વિસારે મૂકવો જરૂરનો છે, અને પરમાત્માને શરણે જવાનું જરૂરનું છે. અને તેથી શ્રીઅવધૂતે કહ્યું :

દાર ઘર વિસરી, ત્વત્પદે નત હરિ...

આત્માની ફરતે રહેલું તેનું સૂક્ષ્મ શરીર જ આ બધી ઉપાધિનું કારણ છે. પોતાનો સ્વભાવ - આત્મા એ સૂક્ષ્મ શરીરને કારણે જ ભૂલે છે અને પરભાવનો સ્વીકાર પણ એ જ કારણે સ્વીકારીને, અનાત્મમાં આત્મભાવ રાખીને આત્મભાવથી અળગો રહે છે; અને ''જીવ'' બને



છે. વાસના અને વિકારોનું એ જાળું જ્યાં સુધી જીવની ફરતે વીંટાયેલું રહે ત્યાં સુધી, કરોળિયાની જાળમાં સપડાયેલી માખી જેમ જાળામાંથી મુક્ત થઈ શકતી નથી, એટલું જ નહીં પણ તે જાળા સિવાય પોતાની ફરતે બીજું કશું જ જોઈ શકતી નથી, તેમ જીવ પણ પોતાની જ સમક્ષ રહેલા આત્માનાં દર્શન કરી શકતો નથી. તેની મુક્ત અવસ્થાનો તેને ખ્યાલ આવતો જ નથી; અને બકરાં જેમ મેં મેં કરે તેમ તે ઘર-દાર વગેરે ''મારું મારું'' કરતો જ રહે છે અને એ મારામાં જ મરણને શરણ થાય છે. અને પુનઃ જન્મ ધારણ કરે છે ત્યારે પણ રોતો કકળતો જ જન્મે છે. એ અવસ્થાનું નિવારણ કરવા માટે જ :

''त्वत्पदे नत हरि''

એ અમોઘ ઉપાય શ્રી અવધૂતે કહ્યો છે. શ્રી અવધૂતભાખ્યા આ ચરણનો અનર્થ ન કરશો. શ્રી અવધૂત સંસારનો ત્યાગ કરીને, ઘરબાર છોડીને વનવગડે જઈ વસવાની તમને સલાહ નથી આપતા. જેવો તમારો કૂપમંડૂક સંકુચિત સંસાર છે તેવો જ શ્રી અવધૂતનો પણ વિરાટ સંસાર છે. શ્રી અવધૂતનો એ સંસાર છે છતાંય એ વિરાટ સંસારમાં એને લેશમાત્ર પણ મમતા નથી, આસક્તિ નથી કે એ વિરાટ સંસારના સ્વામી હોવાનું ''અહં'' પણ નથી. અને તેથી જ એ સાચા સુખનો અનુભવ કરીને પરમાનંદ તૃપ્ત અવસ્થામાં તરબોળ રહે છે. શ્રી અવધૂતે તમને ઘરબારને તજીને બાવા થવાનું કહ્યું જ નથી. તેણે તો કહ્યું છે :

''दार घर विसरी''

એટલે એ દારા સાથે રહીને, 'ઘરના પ્રપંચને નિભાવીને' પણ તેનાથી વિરક્ત રહેવાની અને મન, જેના વડે એ સંસારમાં મમત્વ છે, મન, જેના વડે એ સંસારની અહંવૃત્તિ છે તે જ મનથી એ સંસારને ''વિસારી'', એ સંસારને બદલે એ મનમાં શ્રી હરિને ભરવાની અને તેમ કરીને પ્રભુનાં ચરણોમાં નતમસ્તક બની, સંસારથી અળગા રહીને, મન પ્રભુના ચરણોમાં રાખીને પ્રભુને પ્રાપ્ત કરવાનો આપણને બોધ આપ્યો છે. એ પ્રભુચરણપ્રાપ્તિનું પરિણામ શું છે તે પણ શ્રી અવધૂતે સાથે સાથે જ કહ્યું છે. પ્રભુના ચરણોમાં મન રાખવાનું પ્રયોજન પણ અહીં સૂચવ્યું છે. અને તે છે.....

''जनिमृति संहरी तार वेगे''

ઉપર જે દુઃખની શ્રી અવધૂતે વાતો કરી છે તે દુઃખ શું છે તેનું અહીં સ્પષ્ટીકરણ કર્યું છે. દાર અને ઘરનું જ્યારે વિસ્મરણ થાય ત્યારે દારૈષણા અને વિતૈષણા પણ જાય અને સાથે લોકૈષણાને પણ લેતી જાય. પણ જ્યારે જન્મમૃત્યુ એ જ સાચું દુઃખ છે અને તેનું નિવારણ કરવાનો જ જ્યારે નિરધાર થાય ત્યારે જ એ ત્રણે એષણાઓ તરફ અંતરમાં વૈરાગ્યવૃત્તિ ઊપજે, અને ત્યારે જ ભગવાનને પ્રાર્થના કરી શકાય કે....

''जनिमृति संहरी तार वेगे''

અને એ વિનંતીનો મર્મ જેમજેમ વેગવાન બનતો જાય તેમતેમ હરિ પણ પાસે જ આવતો જાય. જન્મ અને મૃત્યુનો સંહાર થાય ત્યારે જ વાસ્તવિક ઉદ્ધાર થાય, અને તે અર્થે જ પ્રભુને આવી પ્રાર્થના પણ થાય. અને ત્યારે જ પ્રભુ પણ પોતાનું બિરદ

''तेषामहं समुद्धर्ता मृत्युसंसारसागरात्''

પાળવાને આવીને ઊભો રહે. પણ જ્યાં સુધી મનમાં સંસાર રહે ત્યાં સુધી એ ન બને. અને તેથી જ દાર અને ઘરના વિસ્મરણની અહીં સૂચના કરી છે. કેવળ દાર અને ઘરનું વિસ્મરણ પૂરતું નથી. એ વિસ્મરણ પછી ભાવયુક્ત શરણાગતિ આવે છે. અને તે શરણાગતિ જ્યારે અનન્ય બને છે ત્યારે



"તાર વેગે"

એ વાક્યનું ઈષ્ટ પરિણામ પણ પ્રાપ્ત થયા વિના રહેતું નથી. ભક્ત બીજું કશું જ વાંછતો નથી અને તેથી ભક્ત ભગવાનને તેના બિરદનું સ્મરણ કરાવે છે.

આત્મા જે સ્વભાવે શુદ્ધ છે, બ્રહ્મનું જ સ્વરૂપ છે તેને આમ જીવભાવ ઉત્પન્ન થવાથી, પરમાર્થને ભૂલીને સ્વાર્થમાં અંધ બની પરમાત્માને વીસરીને પ્રપંચને ગળે બાંધે છે. અને તેથી જ્યારે તે જીવને પોતાના સત્યસ્વરૂપનો કાંઈક આભાસ થાય છે, ત્યારે તે

"ભ્રાન્ત ભવ કાનને શ્રાંત શાસ્ત્રાટને
ક્ષાળ કર્દમ મુને ! જ્ઞાનમેઘે"

એવું કહે છે.

પ્રપંચમાં પરમાર્થ છે અને સ્વાર્થ પણ છે. પરમાર્થને ભૂલીને સ્વાર્થમય બનેલો જીવ કેવળ મૂઢતાના કારણે જ ભવકાનનમાં અટવાય છે. પણ જે પ્રપંચમાં રહીને, પણ સ્વાર્થને અંતરથી અળગો કરીને કેવળ પરમાર્થને જ વળગી રહે છે તેને માટે તો પ્રપંચમાં પણ પરમાત્મા જ છે અને પરમાત્મામાં પણ પ્રપંચ છે.

માયાનું જ્યાં સુધી આવરણ છે ત્યાં સુધી સંસાર ઘોર અરણ્ય જેવો છે. માયાનું આવરણ જો અદશ્ય થઈ જાય તો એ જ ઘોર અરણ્ય નંદનવન બની જાય, અને ત્યારે જગવૃંદાવનનો એ ગોપાળ એ નંદનવન સમા સંસારમાં પણ જ્યાં જ્યાં નજર ફરે ત્યાં ત્યાં જણાય. ઘોર અરણ્યમાં ગીચ ઝાડીમાં પ્રવેશેલો પાંથ પંથ ભૂલીને જેમ અટવાય છે તેમ સંસારમાં પણ જીવ વિષયોની ઘાડી વનરાજીમાં ગૂંચવાઈને પોતાનો માર્ગ, આત્મપ્રાપ્તિનો પંથ ભૂલી જાય છે. એ વિષયોના અઘોર અરણ્યમાં એ એક વખત અટવાયેલો જીવ પોતાનો સત્ય પંથ શોધી શકતો નથી અને તેથી ભુલભુલામણીમાં જેમ માનવી ભટક્યા જ કરે છે તેમ સંસારમાં પણ જન્મમરણના ફેરા મારતો જ રહે છે. ઘાંચીનો બળદ સવારથી સાંજ



સુધી ઘાણી ફરતે ફરે છે, કેટલાય કોસની મુસાફરી કરી સાંજને છેડે જેમ જ્યાંનો ત્યાં જ હોય છે તેમ એ ભવકાનનમાં ભૂલો ભટકતો માનવી-જીવ પણ જ્યાંનો ત્યાં જ રહે છે. તેને એકે આરો જડતો નથી. અને તેથી તેનાં જન્મ-મરણનાં બંધનો છૂટતાં નથી. અને તેથી જ ભક્ત કહે છે; ''હે ભગવન્! સંસારરૂપી ઘોર અરણ્યમાં હું ભ્રાંત-પાગલ જેવો-ભ્રમણાથી અટવાયા કરું છું.''

જેમ થાક્યોપાક્યો મુસાફર એ પરિશ્રમથી મુક્ત થવાને એકાદ વિસામાની અને વિશ્રામની જગ્યા શોધી કાઢે છે તેમ ફાંફાં મારતો અને મારગભૂલ્યો એ ભવકાનનમાં અટવાતો જીવ પણ થાકીને સંસાર-પ્રપંચની વિડંબણાઓથી શ્રાંત બનીને ક્યાંક વિશ્રાંતિ અર્થે આશ્રય શોધે છે. અને ત્યારે તેની નજર શાસ્ત્ર અને શાસ્ત્રોક્ત પ્રણાલિકાઓ તરફ જાય છે. જેમ અરણ્યમાં ભૂલેલા વટેમાર્ગુને એકાદ પગથી મળી જાય અને તે રસ્તે પોતાના ગંતવ્ય સ્થાનને તે પામશે, એવું આશાનું એકાદ કિરણ તેના અંતરને ઉજાળે ત્યારે તે પગકેડીએ ચાલવાનું શરૂ કરે છે. તેમ જીવ પણ જગતથી અને જાગતિક પ્રપંચથી જ્યારે ત્રાસી જાય છે ત્યારે તેને શાસ્ત્રોનું અધ્યયન કરવાનું સૂઝે છે તથા શાસ્ત્રો આત્મોદ્ધારનો માર્ગ બતાવશે એવી આશાએ તે શાસ્ત્રોનું શરણ ગ્રહણ કરે છે. પણ તેનો અનુભવ તેની આશાને નિરાશામાં ફેરવી નાંખે છે. શાસ્ત્રો પણ અરણ્ય જેવાં જ છે. પ્રભુ છે કે નથી ? પ્રભુ નિરાકાર છે કે સાકાર ? સગુણ છે વા નિર્ગુણ ? પ્રભુ અદ્વૈત છે, દ્વૈતાદ્વૈત છે, શુદ્ધાદ્વૈત છે કે કેવલાદ્વૈત છે ? જીવ એક જ છે કે અનેક ? એવા અનેક પ્રશ્નો શાસ્ત્રોમાં જોવામાં આવે છે. ભિન્નભિન્ન મતાંતરને પરિણામે શાસ્ત્રોમાં પણ બુદ્ધિચાતુર્ય અને તર્કની પરાકાષ્ટાનો અનુભવ થાય છે. અભેદ આત્મામાં ભેદભાવ એ શાસ્ત્રોએ જ નિર્માણ કર્યો છે. પોતપોતાના મતનું પ્રતિપાદન કરવાને બીજા મતોનું ખંડન કરવામાં જ એ શાસ્ત્રો પોતાની ઇતિશ્રી માને છે. અને પરિણામે સાચા જિજ્ઞાસુને એ શાસ્ત્રોમાંથી પણ કેવળ આપબળે સન્માર્ગ મળતો નથી. ઊલટું શાસ્ત્રવાસનારૂપી એક વધારે ઊંડી ખાઈમાં અટવાવું પડે છે, અને તેમાંજ બધી શક્તિ ક્ષીણ થઈ, અહંકારના બોજાથી ચગદાઈ, થાકીને લોથપોથ થઈ જાય છે. કર્મકાંડીઓ કર્મનું, યોગીઓ યોગનું, જ્ઞાનીઓ જ્ઞાનનું, ભક્તો ભક્તિનું, નૈયાયિકો ન્યાયનું મહત્ત્વ બતાવશે. એમ છ શાસ્ત્રો અને છ દર્શનોનો ભિન્ન ભિન્ન મત વાચકનો કેવળ બુદ્ધિભેદ જ કરે છે. અને ત્યારે શાસ્ત્રોનું સન્માર્ગ પ્રાપ્ત કરવાને, રાજમાર્ગે ચઢવાને શરણ લેનાર અંતે નિરાશ થાય છે. વૈષ્ણવો વિષ્ણુને સર્વસ્વ માનશે. શૈવો શિવને જ પરમ તત્ત્વ માનશે. અને તેથી સાકાર ઉપાસનામાં પણ ભેદ-બુદ્ધિ ઉત્પન્ન થશે. અનેક શાસ્ત્રો અને અનેક મતમતાંતરના અવલોકનથી સાધક એક નિશ્ચય પર આવી શકતો નથી. બાળકની આંગળ

જેમ રમવાનાં અનેક સાધનો મૂક્યાં હોય તો તે એકને વળગી રહેતો નથી પણ દરેક પળે એક મૂકી બીજાને પકડે છે, તેમ સાધક પણ સાધનની પ્રણાલિકા વખતોવખત બદલતો જાય છે અને ત્યારે તેનું એકે સાધન ઈષ્ટ પરિણામ આપી શકતું નથી. પૃથ્વીના પડમાં રહેલું પાણી આપણે પ્રાપ્ત કરવું હોય તો જેમ એક જ સ્થળે ખોદતાં ખોદતાં તેના ઉપર રહેલા માટી વગેરે અનેક પદાર્થોનાં પડ આપણે ઉલેચી નાખીએ તો જ પાણી પ્રાપ્ત કરી શકીએ છીએ, તેમ જ એક જ પ્રણાલિકાને વળગી રહેનાર સાધક સિદ્ધિને વરે છે. પણ આજે એક જગ્યાએ અને કાલે બીજી જગ્યાએ આપણે ખોદીએ તો જેમ આપણે કોઈ દિવસ પણ પાણી હાંસલ કરી શકતા નથી, તેમ પ્રણાલિકાને અધીરતાપૂર્વક વખતોવખત બદલતા જઈએ તો તેમાં કશોય દિવસ વળતો નથી. અને અંતે તો જન્મમૃત્યુના આવર્તમાંથી છૂટકો થઈ શકતો નથી. અને તેથી જ સાધક કહે છે, ''હે ભગવાન, હવે તો આ શાસ્ત્રોનાં અવલોકન કરીને પણ હું થાક્યો છું.'' જેટલા વાડા છે, જેટલા પંથો છે, જેટલા મતભેદો છે તે બધાય કેવળ ભેદદૃષ્ટિનું પરિણામ છે. અને અભેદમાં ભેદ દર્શન એ જ ખેદનું મૂળ કારણ છે, અને તેથી જ શ્રી અવધૂતે કહ્યું છે :



ભા.- ૧

''ભેદમાં ખેદ અભેદ નિર્વાણ છે.''

જે લોકો પરમતત્ત્વના વાસ્તવિક સ્વરૂપથી વિમુખ છે તે લોકો જ આવા પ્રકારોના વાચારંભણ અને વાણીવિલાસ દ્વારા પોતાના અહંને પોષવાને અને પોતાના મતને બીજા ઉપર ઠોકી બેસાડવાને આવા વાદો ઊભા કરે છે. એવા લોકો અજ્ઞાનમૂલક વાચારંભણથી મુક્ત બનીને પોતે પરમાત્માને પ્રાપ્ત કરી શકતા નથી અને બીજાઓને પણ અંધકૂપમાં હડસેલી દે છે. જેમ અંધ મનુષ્ય બીજા અંધને દોરી જતો હોય તો બંને કૂવામાં પડે છે તેમ એવા શાસ્ત્રાધ્યયનથી સાધક ઊગરવાને બદલે નિતનિત ડૂબતો જ જાય છે. અને તેથી જ સાધકને માટે શાસ્ત્રાટન એ એક વિટંબણા જ છે. અને તેથી એ ભૂલ્યોભટક્યો પથિક ભગવાનને કહે છે :

શ્રાંત શાસ્ત્રાટને...

શ્રી ભગવાને કહ્યું છે તેમ જ્યાં સુધી સાધકની બુદ્ધિ નિશ્ચયાત્મિક અને એકાંગી થતી નથી ત્યાં સુધી એ શાસ્ત્રો તેને કોઈ દિવસ સ્થિર રહેવા દેતાં નથી. એક વાસણ પર રોજ રોજ ધૂળ પડતી જાય તો જેમ તે વાસણ મેલથી ઢંકાઈ જાય છે, તેમ આ શાસ્ત્રના અવળા પરિશીલનના પરિણામે બુદ્ધિ પર મેલ-ભેદબુદ્ધિના થર ચઢતા જાય છે. તે સાધકને અંતિમ ધ્યેય નિશ્ચિત કરવા દેતાં નથી. અને તેથી જ સાધક થાકીને જ્યારે તેને, એ મેલ છે એવી પ્રતીતિ થાય છે ત્યારે ભગવાનને કહે છે ''હે પ્રભો.....

''ક્ષાળ કર્દમ મુને ! જ્ઞાનમેઘે''

આપણે જોયું કે શાસ્ત્રના ભિન્નભિન્ન વાદો અને ઉપાસનાની



અનેકવિધ પ્રણાલિકાઓ યોગ્ય માર્ગદર્શનને અભાવે સાધકના ચિત્તને શુદ્ધ કરવાને બદલે તેના મનમાં અનેકવિધ શંકાઓ ઉપજાવે છે. એ શંકાના પરિણામે સાધક એકે સ્થાનનો રહેતો નથી. નથી એનો આ ભવ સુધરતો કે નથી પરભવ સુધરતો. અને એ રીતે શંકાના વમળમાં પડેલો સાધક સાધ્યની પ્રાપ્તિ કરી શકતો નથી. અને અંતે ''संशयात्मा विनश्यति'' એ ન્યાયે સદ્‌પંથે ચાલતો હોવા છતાંય શંકાના વમળમાં પડીને પોતાનો વિનાશ નોતરે છે. અને તેથી જ એ સંશયરૂપી કાદવને ધોવાની અહીં શ્રી અવધૂતે ભગવાન પાસે પ્રાર્થના કરી છે.

શાસ્ત્રોનો એ ભેદદૃષ્ટિમૂલક વાદ કાદવ જેવો છે. તેમાં જેમ જેમ પથરા નાખીશું તેમ તેમ તેમાંથી છાંટા ઊડીને શરીર પર જ પડશે અને શરીરને મલિન બનાવશે. તેમ એ શાસ્ત્રોમાં પણ જેમ જેમ ઊંડા ઊતરતા જઈશું તો તર્કપ્રધાન એ શાસ્ત્રો અંતરને અધિક અને અધિક મલિન બનાવતાં જશે. એક પણ વાતમાં બુદ્ધિને સ્થિર નહીં થવા દે અને અંતે ઉપર કહ્યું તેમ ચિત્ત શુદ્ધ થવાને બદલે સંશયનાં વાદળોથી મેઘાડંબરયુક્ત આકાશ જેવું બની જશે અને સત્ય વસ્તુનાં દર્શન પણ નહીં થાય. એ કાદવ તો ધોવાની જ જરૂર. એ સંશયથી મુક્ત થયા વિના તેનો પાર નહીં પમાય. એ કાદવ ધોવાને, એ શંકાને દૂર કરવાને થોડું પાણી નહીં ચાલે. એ કાદવને જડમૂળથી ધોઈ ચિત્તને દર્પણ જેવું સ્વચ્છ બનાવવાને તો જ્ઞાનરૂપી મેઘની ઝડી જ જરૂરની. અને તેથી અહીં ભગવાનને ''જ્ઞાનમેઘ'' કહીને સંબોધન કર્યું છે. ભગવાન એ જ્ઞાનનો મેઘ છે. અને તેથી ભગવાનને પ્રાર્થના કરી છે :

''क्षाळ कर्दम मुने ! ज्ञानमेघे''

''એ કાદવને જ્ઞાનરૂપી મેઘ વડે ધોઈ નાખ.''

પ્રભુને જ્ઞાનમેઘ કેમ કહેવા પડ્યા ? કેટલીક વાર વરસાદ છીછરો પડે છે. કેટલીક વાર વરસાદ મૂશળધાર પડે છે. છીછરો ઝરમર ઝરમર વરસતો વરસાદ કાદવને ધોઈ નાખતો નથી. ઊલટો કાદવને ચીકણો અને ઢીલો બનાવે છે. પણ મેઘાડંબર થાય, વાવાઝોડાં કે તોફાન વિના જ જે એકધારો મૂંગો મૂંગો અષાડની હેલી જેવો વરસાદ વરસે છે તે ચોંટી ગયેલા કાદવને પોતાના પ્રવાહના જોરથી ધોઈ નાખે છે. તેમ અંતઃકરણના જન્મજન્માન્તરના એ અજ્ઞાનરૂપી આવરણને તળિયાઝાટક ધોઈ નાખી અંતઃકરણને સ્વચ્છ બનાવવાને માટે છીછરું જ્ઞાન સમર્થ નથી. પણ જન્મજન્માંતરના ઘર ઘાલી ગયેલા એ અજ્ઞાનને અને અજ્ઞાનના આવરણને સ્વચ્છ કરવાને અને અંતઃકરણને શુદ્ધ આયના જેવું બનાવવાને તો જ્ઞાનની સતતધારાના પ્રબળ પ્રવાહની જરૂર છે. અને તેથી જ એવો જ્ઞાનનો સતત પ્રવાહ વહાવીને તેના વડે અંતરનું અજ્ઞાન સ્વચ્છ કરવાની અહીં પ્રભુને પ્રાર્થના કરી છે. પરમાત્મા સિવાય એવા સત્યજ્ઞાનની અપેક્ષા કોની પાસે

રાખી શકાય ? નચિકેતાએ બ્રહ્મજ્ઞાનની અપેક્ષા યમરાજ પાસે જ રાખીને ? યમરાજ એટલે મૃત્યુના રાજા. આત્માની અવસ્થા અને બ્રહ્મવિદ્યાના સચોટ જ્ઞાની. આમ જ્ઞાનમેઘ દ્વારા અંતરનું અજ્ઞાન દૂર કરવાની પ્રભુને પ્રાર્થના કરતો ભક્ત માત્ર ભવકાનનમાં ભૂલો પડીને જ અટવાયો નથી, માત્ર શાસ્ત્રોના ભેદબુદ્ધિમૂલક વિવિધ વાદોના ભ્રમમાં જ ભ્રાંત બન્યો નથી, પણ એ સિવાય હજુ બીજું ઘણુંય એના માર્ગમાં અંતરાય રૂપ ઊભું જ છે. અહીં શ્રી અવધૂતે ''જ્ઞાનમેઘ'' ઉપરાંત બીજું પણ એક વિશેષણ વાપર્યું છે અને તે ''મુને'' એ છે. એટલે આપણે ''મુનિ'' શબ્દનો પણ શાસ્ત્રોકત વિચાર કરીએ. માંડૂકયોપનિષદમાં ''મુનિ'' કોણ તેનો વિચાર કરતાં :-



अमात्रोऽनन्तमात्रश्च द्वैतस्योपशमः शिवः।
ओङ्कारों विदितो येन स मुनि र्नेतरो जनः॥

''અમાત્ર તુરીય ઓંકાર છે. જેણે માત્રાહીન, અનન્ત માત્રાવાળા દ્વૈતના ઉપશમ સ્થાન અને મંગલમય ઓંકારને જાણ્યો છે તે મુનિ છે. બીજા કોઈ મુનિ નથી.'' ઓંકારની આ વ્યાખ્યા છે. અને એવા ઓંકારને જેણે જાણ્યો છે તે જ મુનિ છે; બીજો કોઈ મુનિ નથી. એવા ઓંકારને જ પરમાત્માનું વેદોક્ત પ્રતીક કહ્યું છે. શ્રી ભગવાને પણ

''प्रणवः सर्ववेदेषु''

એમ કહીને એ જ ઓંકારને પોતાનું સ્વરૂપ સ્વીકાર્યું છે. જેણે એવા ઓંકારરૂપ પરમતત્ત્વને જાણ્યું છે તે પરમતત્ત્વમાં જ સમરસ બની જાય છે. પછી તે પરમતત્ત્વથી ભિન્ન રહેતો નથી. અને તેથી તે મૌનની પરાકાષ્ટાએ પહોંચી જાય છે. પછી મન, વચન અને કાયાનું કોઈ પણ ચાંચલ્ય તેની આત્મ સ્થિતિમાંથી તેને ચલિત કરી શકતું નથી. એવો જે મુનિ કે પરમતત્ત્વસ્વરૂપ સદ્‌ગુરુ છે તે જ આત્મતત્ત્વવિત્ છે અને તે જ જ્ઞાનમેઘની ઝડી વરસાવીને સાધકના અંતઃકરણ પર ચઢેલા અજ્ઞાનના આવરણને ધોઈ નાખવાને સમર્થ છે. તેવા તો એક ભગવાન જ છે. અને તેથી અહીં ભગવાનને 'મુનિ'' શબ્દથી સંબોધન કરવામાં આવ્યું છે. પરમતત્ત્વ હમેશાં મૌન મુદ્રાનો જ આશ્રય લઈને રહેલું છે. માયાનો ચાંચલ્યરૂપ પ્રપંચ એ તો એ પરમતત્ત્વનો એક નાનકડો સંકલ્પ છે અને તે સંકલ્પ જ પોતાનું કાર્ય કરી રહ્યો છે. તેની સાથે પરમતત્ત્વ જે અતૂટ મૌનનું જ પ્રતીક છે તેને કશો જ સંબંધ નથી. એ મહામૌન તૂટતું નથી. અસ્તુ. એવા મુનિને પ્રાર્થના કરતાં. શ્રી અવધૂત આગળ કહે છે....

''વિષયધૂલિ ઊડે, સૂઝ કાંઈ નવ પડે
આંખ ચોળી રડે જીવ હારી....''

વિષયો ધૂળ જેવા છે. જેમ વાયરો વાય અને ધૂળ ઊડે તેમ વિષયો પણ જીવની ફરતે ઊડતા જ રહે છે. અને જીવની આંખમાં એ વિષયો ખૂંચી જાય છે. આપણી આંખમાં એક ઝીણી રજકણ પડે તો શું થાય



એ વાતનો તો બધાયને અનુભવ છે જ. એ ધૂળનું રજકણ જ્યાં સુધી આંખમાંથી નીકળી ન જાય ત્યાં સુધી મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર - બધું જ એ આંખમાં પડેલી રજકણમાં જ કેંદ્રિત થાય છે. એ રજકણ આંખમાં ખટકે છે તેમ મનમાં પણ ખટકે છે. એ રજકણનું જ મનમાં મનન થાય છે. એ રજકણને આંખમાંથી કાઢવાના અનેક ઉપાયો યોજવામાં જ બુદ્ધિ કામે લાગી જાય છે. એ રજકણનું ચિંતન ચિત્તમાં થવા માંડે છે. અને ''મારી આંખમાં રજકણ પડી છે'', એમ કહીને અહંકાર પણ જાગ્રત થઈ જાય છે. આમ એક નાનકડું રજકણ કેટલા અનર્થ સરજાવે છે ? કેટલી શક્તિને પોતાના તરફ કેંદ્રિત કરે છે ? અને પરિણામે જીવને પણ પોતાની આંખ માનીને અનાત્મમાં આત્મબુદ્ધિયુક્ત બનાવીને કેટલો બેચેન બનાવે છે ! તેવું જ આ વિષયની ધૂળનું છે.

સ્થૂળ સ્વરૂપે વિષયો છૂટી જાય એ શક્ય છે અને તે દ્વારા બાહ્ય ઇન્દ્રિયોના બાહ્યકરણને સાધક સંયમિત કરી શકે એ પણ શક્ય છે. એમ કરીને સાધક ક્ષણભર એમ પણ માને કે તેણે વિષયો ઉપર અને એ વિષયો ભોગવનારી ઇન્દ્રિયો ઉપર વિજય પ્રાપ્ત કર્યો છે. ક્ષણભર પોતાને જિતેન્દ્રિય માનીને પણ તે રાચે. પણ વિષયોનો સ્થૂળ ત્યાગ વસ્તુતઃ સાચો ત્યાગ નથી, અને વિષયો પરનો વિજય પણ એ નથી. વિષયેન્દ્રિયને તેના વિષયોનો ભોગ કરવામાં અવરોધ કરવો એ જિતેન્દ્રિયપણું નથી. જ્યાં સુધી અંતઃકરણના ઊંડાણમાં એ વિષયો પ્રતિ અનુરાગ રહેલો છે ત્યાં સુધી એ વિષયો જિતેન્દ્રિય મનાતા સાધકને પ્રસંગ આવે પછાડ્યા વિના નહીં રહે. એ સૂક્ષ્મ અનુરાગ એ વિષયની ધૂળની રજકણ જેવો છે. નરી આંખે જોઈ શકાય નહીં એવી કેટલીક રજકણો આંખ આગળ તરવરતી હોય છે. તેમ અંતઃકરણમાં પણ એ વિષયના અનુરાગની રજકણો અવસરની વાટ જોતી તરવરતી હોય છે. જેમ એ ધૂળની રજકણો આંખમાં ઓચિંતી ઊડીને પડે છે એટલે આપણે આંખો ચોળવી શરૂ કરીએ છીએ, તેમ જ્યારે એવો વિષયોનો સૂક્ષ્મ અનુરાગ પોતાના ઉપર હલ્લો કરી જીવને વશ કરે છે અને વિષયોપભોગ તરફ ઘસડી જાય છે ત્યારે એ જીવ, જેમ આપણે આંખમાં ધૂળ પડે ત્યારે આંખ ચોળીને દર્દના દુઃખે કોક વાર રોઈ પડીએ છીએ તેમ રડે છે. પોતાની પોતાના સત્યસ્વરૂપને શોધવાની, તેના રૂપ થવાની પ્રાણાંતક જહેમતને પરિણામે તેણે અંશતઃ પ્રગતિ કરી હતી. પણ આમ એ વિષયોના એક જ હુમલાથી એ કર્યું કરાવ્યું બધું જ પાણીમાં ગળી ગયું જાણીને જીવ રૂએ છે. સંપત્તિ ભેળી કરતાં માનવીનું જીવન તેની પાછળ ખર્ચાઈ જાય છે, પણ એક જ લૂંટારો એક જ રાતમાં તલવારની અણી બતાવીને બધોય ધનમાલ એક જ ક્ષણમાં હરણ કરી જાય છે ત્યારે માથે હાથ દઈને રોવાનું જ હોય છે. એ રીતે વિષયની ધૂળ ઊડે છે અને તેના પરિણામે જીવને કશી જ સૂઝ

પડતી નથી, અને તેથી તે આંખ ચોળીને રડે છે. જીવનભર મહેનત કરીને, લોહીનું પાણી કરીને જેમ તેમ વિષયો પ્રત્યેનો અનુરાગ ટાળ્યો હોય, ઇન્દ્રિયોને પણ અંકુશમાં આણી હોય પણ લલનાનું એક જ કટાક્ષ જ્યારે એ સૂક્ષ્મ અનુરાગને જાગ્રત કરે, ચિત્તને ચંચળ બનાવે ત્યારે જીવનભરની બધીય મહેનત એક જ પળમાં નકામી થઈ જાય, અને ત્યારે વિષયોની, મનની અને ઇન્દ્રિયોની પ્રમાથિ શક્તિ આગળ પોતે કાંઇ જ નથી, એ પ્રમાથિ બળવાન અને દૃઢ મન આગળ પોતે કેવળ મરકટ સમાન છે, પ્રમાથિ ઇન્દ્રિયો મનને પોતાના તરફ આકર્ષે છે ત્યારે એ જીવ એ ઇન્દ્રિયો આગળ પણ રાંકડો–નિર્વીર્ય બની જાય છે. એમ માનીને હારી ગયેલો જીવ

"આંખ ચોળી રડે જીવ હારી..."

અને ત્યારે જીવ પ્રભુને પ્રાર્થના કરે છે : "હે પ્રભો ! વિષયોના એ સૂક્ષ્મ અનુરાગની રજકણ હજીય અંતરના ઊંડાણમાં ભરી છે અને તે હજીય મારા સત્યસ્વરૂપને આવરણરૂપ બની રહી છે. તેને ઠાર, શાંત કર, ઊડતી બંધ કર. અર્થાત્ મારા અંતરમાં ભરેલો એ સૂક્ષ્મ વિષયાનુરાગ તું દૂર કર." પણ કેવી રીતે ? શ્રી અવધૂત કહે છે....

"વિરતિજળધારથી બોધ આસારથી,"
"સ્વાત્મ વિચારથી ઠાર હાળી..."

આપણે આગળ જોયું તેમ જ્ઞાનમેઘની ઝડીઓ ન વરસે, મુશળધાર સતત વરસાદની હેલીઓ ન થાય ત્યાં સુધી ચિત્ત ઉપર વજ્રલેપ બનેલો અજ્ઞાનનો કર્દમ ધોવાતો નથી. એ વૃષ્ટિ જેટલી બળવાન અને વેગવાન, તેટલે જ અંશે અજ્ઞાનનો એ કર્દમ પણ જલદી ધોવાઈ જાય છે. અને જ્યારે ચિત્ત દર્પણ જેવું સ્વચ્છ બને છે ત્યારે તે ચિત્તમાં પ્રભુના પ્રકાશનાં દર્શન થાય છે. એ પ્રકાશ પામીને જ્યારે જીવ શિવસ્વરૂપ બને છે ત્યારે જ સંસૃતિનું ગંજન થાય છે. પણ એ રીતે જ્ઞાનવૃષ્ટિથી શુદ્ધ થયેલા ચિત્તને તેવું જ નિર્મળ રાખવાનેં પણ અન્ય સાધનની જરૂર છે. કચરો ભેગો ન થાય તે માટે જેમ ઓરડો રોજ રોજ સ્વચ્છ કરવો પડે છે, તેમ એક વખત જ્ઞાનવૃષ્ટિની ઝડીથી સ્વચ્છ થયેલા ચિત્તને તેવું જ સ્વચ્છ રાખવાને પણ શ્રી અવધૂત કહે છે.....

"વિરતિજળધારથી....."

વૈરાગ્યરૂપી જળધારાની જરૂર છે. વિષયોનો પ્રતિકાર કરવાનું અમોઘ શસ્ત્ર છે "વિરાગ". જ્ઞાનથી કૈવલ્ય પ્રાપ્તિ થાય છે. જ્ઞાન વિના મુક્તિ નથી એ ખરું, પણ એ જ્ઞાન જ્યાં સુધી સ્થિર ન થાય ત્યાં સુધી કૈવલ્યની આશા રાખવી–આત્મદર્શનની ઝંખના કરવી વ્યર્થ છે. આપણે મકાન બાંધવું હોય તો પાયો ખોદી પાયામાં ચણતર કરીએ છીએ, પણ તે ચણતર ઉપર તુરત જ મકાન બાંધીએ તો દીવાલમાં તડ પડે અને બાંધકામ

જોખમાય, અને તેથી તે પાયાના ચણતરને સ્થિર થવા દઈએ છીએ. તે જ રીતે જ્ઞાન પ્રાપ્તિ પછી તે જ્ઞાનની સ્થિરતા અર્થે વિરતિ–વૈરાગ્યની જરૂર છે.



વિષયો અને તેને ભોગવનારી ઇન્દ્રિયો તો જડ છે. જેમ સૈનિકોનો સંહાર કરવાથી જ યુદ્ધમાં વિજય પ્રાપ્ત કરી શકાતો નથી, તેમ વિષયો અને તેને ભોગવનારી ઇન્દ્રિયો ઉપર ઘા મારવાથી અંતઃકરણ ઉપર વિજય પ્રાપ્ત કરી શકાતો નથી. અને તેથી વિરતિ–વૈરાગ્યનું લક્ષ્ય બને છે અંતઃકરણ. કટકના પ્રાણસમો સેનાપતિ જ જો યુદ્ધમાં - સમરાંગણમાં રગદોળાય, પ્રાણવિહોણો બને અથવા શરણે આવી શસ્ત્ર છોડે તો બીજા સૈનિક જીવતા રહે તોય સેનાપતિના અભાવે વેરણ છેરણ થઈ જાય, અને રક્તપાત વિના જ યુદ્ધમાં વિજય પ્રાપ્ત કરી શકાય. તેમ અંતઃકરણને લક્ષ્ય બનાવીને વિરાગરૂપી રામબાણથી શરસંધાન કરી, અંતઃકરણને જ ભેદે તો બીજું કશું જ કરવાનું ન રહે. અંતઃકરણ એટલે મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકારનો સંઘાત. તેમાંય વિરતિ પ્રથમ આઘાત કરે છે અહંકાર ઉપર. એ અહંકાર વડે તો જીવને દેહાધ્યાસ છે. અહંકારના અભાવે ''મારું શરીર'' અથવા ''હું શરીર'' એવો અનાત્મમાં આત્મભાવ થવો શક્ય જ નથી. અહંકાર નથી તો પ્રપંચ નથી. અહંકાર નથી તો જીવભાવ નથી. અહંકાર નથી તો કર્મનું બંધન નથી અને કર્મના સંસ્કારને પરિણામે પ્રારબ્ધ નથી. પ્રારબ્ધના અભાવે જનિમૃત્તિનો સંહાર કરવાની પ્રભુને પ્રાર્થના કરવાની પણ રહેતી નથી. અને તેથી જો મૂળનું જ છેદન થાય તો ડાળાં પાંખડાંને છેદવાની જરૂર નથી. એ જ અહંકારના પરિણામે વિષયાસક્તિ છે; એ જ અહંકારના પરિણામે મોહ અને મમતા છે. અને તેથી વિરાગ પોતાનું કાર્ય પૂર્ણ કરવાને પ્રથમ અહંકારનો ભેદ કરે છે. અહંકારનો કુશળતાથી ભેદ થાય, નિરહંભાવ સ્થિર થાય તો મન, બુદ્ધિ અને ચિત્ત, જે કેવળ અહંકારની હૂંફમાં જ પોતાનું પ્રાબલ્ય બતાવે છે તેનું બળ પણ સમૂળ નષ્ટ થઈ જાય. પણ એક જ સેનાપતિની સેનાની જુદી જુદી ટુકડીઓ અથવા શાખાઓના નેતાઓ–ઉપસેનાપતિઓ જેમ થોડો વખત પોતાની ટુકડીઓ લઈને યુદ્ધમાં ઝઝૂમે, તેમ થોડો વખત એ મન, બુદ્ધિ અને ચિત્ત પણ વિરાગની સત્તાને પડકારે અને સહેજે પરાજયનો સ્વીકાર ન કરે. વિરાગની સામે ઝઝૂમે, પણ એ બળ ક્યાં સુધી ચાલે ? અંતે અહંકારનું પ્રેત પડતાં એ મન, બુદ્ધિ અને ચિત્ત પણ તેની પાછળ પરાજયનો સ્વીકાર કરીને નતમસ્તક વિરાગને વશ થાય. આમ જ્યારે વિરાગ વિજેતા થાય ત્યારે વિષયોને ભોગવનારી ઇન્દ્રિયો જે મન, બુદ્ધિ અને ચિત્તના બળ ઉપર ઝઝૂમતી હોય છે, તે પણ શિથિલ થાય અને એ ઇન્દ્રિયો પોતપોતાના વિષયો સાથે જ વિરાગનો વિજય સ્વીકારે. આમ એક અહંકારને જ ભેદીને વિરાગ અંતઃકરણના સમગ્ર સૈન્યનો સંહાર કરીને વિજયધ્વજ ફરકાવે.

અને તેથી શ્રી અવધૂતે વિષયની રજકણ એટલે વિષયો પ્રત્યેના સૂક્ષ્માતિસૂક્ષ્મ અદમ્ય અનુરાગના દમન અર્થે વિરાગ એક અમોઘ સાધન હોવાથી, ''વિરતિજલધાર''થી એ ધૂળને ઠારવાની–ઊડતી બંધ કરવાની પ્રભુને પ્રાર્થના કરી છે. વસ્તુતઃ આત્મા પ્રત્યે અનુરાગ અને આનાત્મા પ્રત્યે વિતરાગ એ જ પરમતત્ત્વને પ્રાપ્ત કરવાનું એક અને અજોડ સાધન છે. પણ એ વિરાગ એકલે હાથે શું કરી શકે ?



વૈરાગ્ય સહસા આવતો નથી. સ્મશાનવૈરાગ્ય સમો વૈરાગ્ય અર્થહીન છે. કદાચ વૈરાગ્ય થાય તો તે સ્થિર થતો નથી. અને જ્યાં સુધી વૈરાગ્યની વૃત્તિ અસ્થિર રહે ત્યાં સુધી તેની સચોટ અસર પણ થતી નથી. એવા અસ્થિર વૈરાગ્યનો વેગ જ્યારે મોળો પડે છે ત્યારે જે અનુરાગ વધે છે તે દ્વિગુણ બળથી સાધકને પોતાના સાણસામાં પકડે છે. અને તેથી સ્થિર વૈરાગ્યની જરૂર છે.

વૈરાગ્ય કેવો હોય તો અસરકારક નીવડે ? જલધાર સમો. આપણે શિવલિંગ પર અભિષેક કરીએ છીએ. એ જળધારામાંથી કેટલી ઝીણી પણ એક સરખી ધાર સતત પડ્યે જ જાય છે ? ઘડો ભરીને શિવલિંગ ઉપર પાણી રેડીએ તો તેથી પણ અભિષેક કરી શકાય. પણ ના, તેમ નથી. એ એક સરખી જળધારા વડે આપણે શિવલિંગને અભિષેક કરીએ તેટલો સમય આપણી વૃત્તિ એ શિવસ્વરૂપ પરમાત્મામાં રહે છે, અને તેટલો સમય આપણી વૃત્તિ જેમ સ્થિર થાય છે તેમ જ એ વૈરાગ્યવૃત્તિ પણ સ્થિર થવાની જરૂર છે. જ્ઞાનની ઝડી થાય અને ચિત્તના મળનું ક્ષાલન થઈ ચિત્ત શુદ્ધ થાય ત્યારે ત્યાં પરમતત્ત્વના દિવ્ય પ્રકાશનો જે સાક્ષાત્કાર થાય, તે સાક્ષાત્કારને પણ સ્થિર કરવા માટે તેના સતત અભ્યાસની આવશ્યકતા ઉપર શાસ્ત્રો અને શ્રી ભગવાને પણ ભાર મૂક્યો છે. બ્રહ્મજ્ઞાન થવું સહેલું છે. ''अहं ब्रह्माऽस्मि'' કહેવું પણ સહેલું છે. ''सर्वंखल्विदं ब्रह्म'' એમ બોલવું પણ સરળ છે. પણ તેનો અનુભવ કરવો, એ જ્ઞાનને પચાવવું અને એ જ્ઞાનને જીવનમાં ઉતારવું અને આચારમાં મૂકવું એ જ મુશ્કેલ છે. અને તેથી વૈરાગ્યયુક્ત જ્ઞાનને સ્થિર કરી અનુભવ સિદ્ધ કરવા માટે, એ વૈરાગ્યને સ્થિર કરવા માટે સતત અભ્યાસની જરૂર છે. એ અભ્યાસ જેટલો વેગવાન અને આત્મવાન તેટલી જ સિદ્ધિ સાન્નિધ્યમાં.

સ્મશાનમાં આપણે કોઈ પ્રેતને બળતું જોઈએ અથવા કોઈ શરીરને મૃત્યુ પામતું જોઈએ ત્યારે આપણને એકાએક વૈરાગ્ય ઉત્પન્ન થાય. સંસારની અને શરીરની અસારતાનો અને અંતિમ પરિણામનો ખ્યાલ આવે. પણ એ કેટલો સમય ટકે ? શિવલિંગ ઉપર ઘડો ભરીને રેડેલું પાણી કેટલી વાર ટકે ? સ્મશાનેથી ઘેર આવીએ ત્યાં સુધી જ એ વૈરાગ્યની અસર મન પર રહે છે. અને તેથી જ તેને સ્મશાનવૈરાગ્ય કહ્યો છે. એ વૈરાગ્ય અભ્યાસ વિનાનો અને વિવેક વિહીન હોવાથી અંતઃકરણ ઉપર તેની ચિરસ્થાયી



અસર થતી નથી. ઝીણી સરખી ધાર વડે જળધારીમાંથી પડતી જળધારા સમો અખંડ રહેતો વૈરાગ્ય જ પૂર્ણ વિવેકયુક્ત હોય છે. એવા વિવેક વિનાનો વૈરાગ્ય વાસ્તવિક વૈરાગ્ય નથી. એ વૈરાગ્યને સ્થિર કરવાને વિષયોની અનાત્મતાનો ધીમે ધીમે વિચાર કરવો ઘટે. વિવેક અને યુક્તિ પુરઃસર કરેલો એ અભ્યાસ વૈરાગ્યને દૃઢ બનાવે. જેમ એક વક્તા પોતાનું ધ્યેય શ્રોતાના મન પર ઠસાવવાને યુક્તપ્રયુક્તિઓ દ્વારા દાખલા દલીલો આપીને પોતાના વક્તવ્યની શ્રોતાના મન પર સચોટ અસર કરી શકે છે, તેમ જ્ઞાનમેઘથી શુદ્ધ થયેલા અંતઃકરણ ઉપર ક્રમશઃ થયેલા વૈરાગ્યની ચિરસ્થાયી અસર થાય છે. અને ત્યારે જ એ વૈરાગ્ય અમોઘ શસ્ત્ર બનીને જીવનો ઉદ્ધારક બને છે.

બીજી રીતે આપણે વિચાર કરીએ તો ઉપર કહ્યું તેમ શુદ્ધ ચિત્તમાં પરમાત્માનો જે પ્રકાશ અનુભવાય છે તે પ્રકાશને સ્થિર કરવાને પણ ''વિષયધૂલિ'' પુનઃ અંતઃકરણ ઉપર આક્રમણ કરીને તેને મલિન ન બનાવે તે કારણે સાધકે સજાગ કહેવાની જરૂર છે. વાવેલાં બીજ ઊગ્યા પછી જો તેના ઉપર વૃષ્ટિની ઝડીઓ પડે તો તે બીજ નિર્મૂળ બનીને સડી જાય; પણ સપ્રમાણ જલધાર પડે તો તે જ બીજને બળ મળે અને તેનાં સુંદર વૃક્ષ બને. એ કારણે બીજને જળસિંચનની જરૂર છે. અને જળસિંચન તો ધીમે ધીમે જ થાય ને ? આપણે વૃક્ષના મૂળમાં જેમ ધીમે ધીમે જળસિંચન કરીએ છીએ, તેમ એ વૈરાગ્યને સ્થિર કરવાને પણ ઉપર કહ્યું તેમ વિવેક અને અભ્યાસરૂપી જળસિંચન કરવાની જરૂર છે. એ જ રીતે જ્યારે ''વિરતિજળધારથી'' અંતઃકરણ ઉપર રેખાયેલા પરમતત્ત્વના પ્રકાશને સિંચન મળે છે ત્યારે તે જ્ઞાન વિવેક પુરઃસરના અભ્યાસયુક્ત વૈરાગ્યથી સ્થિર થયા વિના રહેતું નથી. જેનો વૈરાગ્ય સ્થિર છે તેનું આત્મદર્શન પણ સ્થિર છે. અને તેથી જ આત્મસાક્ષાત્કાર કરીને તેને સ્થિર કરવાને વિરતિજળધારની જરૂર છે.

આગળ ચાલતાં શ્રી અવધૂત બીજી પણ વાત કરે છે. જ્ઞાનમેઘ વડે જે મલિનતા અદૃશ્ય થઈ છે તે મલિનતાનો પુનઃ સંચય ન થાય એ અર્થે ઉપર કહેલો પ્રથમ ઉપાય છે વિરતિજળધારનો. એ વિરતિજળધારથી મલિનતા સતત દૂર થતી જ રહે છે. વિકારો આવ્યા કે તુરત વૈરાગ્યનું શરણ લેવાથી વિકારો દૂર થતા જ જાય છે અને આત્મસ્વરૂપમાં જ વૃત્તિ લીન થતી જાય છે. હવે અવધૂત એ આત્મવૃત્તિને પણ સ્થિર કરવાને બીજો ઉપાય સૂચવે છે.

બોધ આસારથી...

એ વિરતિજલધારનું પરિણામ શું થશે ? આગળ આપણે ''વિષયધૂલિ'' શબ્દનો વિચાર કર્યો છે. અને અહીં ''વિરતિજળધાર'' છે. શહેરમાં આપણે સુધરાઈના ગાડાઓ રસ્તા પરની ઊડતી ધૂળ, પાણીનો છંટકાવ કરીને

દબાવી દે છે. ધૂળ પાણીથી પલળે છે એટલે દબાઈ જાય છે. તેમ વિરાગની જલધાર વડે એ વિષયની ધૂળ પણ દબાઈ જાય છે. પણ તે તો રસ્તાની ધૂળ જેમ પાણી સુકાઈ જતાં પાછી ઊડે છે તેમ એ વિષયધૂલિ પણ ભલે જ્ઞાનમેઘ વડે ધોવાઈ ગઈ હોય, વિરતિજલધારથી ઠરી હોય, પણ ફરીને જ્યારે અંતઃકરણ પોતાના સ્વભાવને સ્વીકારે ત્યારે તે જ વિષયધૂલિ ફરીને માયાનો વાયુ વાતાં ઊડશે. અહીં શ્રી અવધૂતે એ વિષયધૂલિ ફરીને ઊડતી જ અટકી જાય તેનો ઈલાજ કહ્યો છે અને તે છે –



ભા.- ૧

બોધઆસારથી,

જ્ઞાનમેઘનું કાર્યક્ષેત્ર છે ચોંટી ગયેલા કાદવને ધોઈધોઈ સ્વચ્છ બનાવી અંતરને શુદ્ધ બનાવવાનું, વિરાગનું કાર્યક્ષેત્ર એ શુદ્ધ અંતઃકરણમાં વિષયોની અસારતાનાં બીજ વાવીને તેને જ્ઞાનમેઘની ભીનાશથી અંકુરિત કરીને ઉગાડવાનું. અને બોધઆસારનું કાર્યક્ષેત્ર છે એ અંતઃકરણ ઉપર ઉછરેલા વિષયોની અસારતાના છોડને પોષણ આપી દૃઢીભૂત બનાવવાનું અને તે દ્વારા ઈપ્સિત ફળ લણવાને તૈયાર કરવાનું. આમ જ્ઞાન અને બોધ એ ઉભય વૈરાગ્યને અંતઃકરણમાં દૃઢ બનાવે છે. જ્ઞાનમેઘ, વિરતિજળધાર અને અંતે બોધઆસાર. આસાર એટલે વરસાદનાં ઝાપટાં. સાધારણ રીતે અષાડની હેલી પછી શ્રાવણનાં સરવરિયાં જ હોય છે. અષાડ માસમાં મૂળ ઘાલેલા ધાન્યના છોડને અવારનવાર જળસિંચનની જરૂર રહે છે અને તે શ્રાવણનાં સરવરિયાં પૂરું પાડે છે. અહીં પણ તેવું જ સમજવાનું છે.

અહીં શ્રી અવધૂતે ''હાળી'' શબ્દનો પ્રયોગ કરીને તેનો અર્થ ખેડૂત કર્યો છે. ખેડૂત જમીનને સ્વચ્છ કરે છે. પછી થોડો વરસાદ વરસતાં બીજ વાવે અને અષાડની હેલીમાં તે છોડવાને રોપી દે છે. એ છોડ જમીનમાં મૂળિયાં દૃઢ બનાવે છે ત્યારે તેને જે જળસિંચન વડે ઉછેર અને પોષણ મળે છે તે જ આ આસાર છે. આપણે જોયું કે જ્ઞાનરૂપી મેઘ વડે ચિત્તશુદ્ધિ થાય છે. પછી વિરતિજલધારથી ક્યાંક વળગી રહેલી વિષયધૂલિ ઊખડી જાય છે. અને નવી વિષયની વાસનારૂપી ધૂળ અંતઃકરણમાં જામતી નથી. એ શુદ્ધ ચિત્તમાં રોપાયલા વિરાગના બીજને પોષણ આપવાને, તેનાં મૂળ દૃઢ કરવાને અવારનવાર બોધની જરૂર પડે છે. અને તેથી અહીં બોધઆસારથી અંતરને ઠારવાની પ્રાર્થના કરે છે. બોધઆસારનો અર્થ શ્રી અવધૂતે બોધરૂપી વરસાદનાં ઝાપટાં કર્યો છે. તેને વળગી રહીએ તો શ્રાવણ માસમાં અવારનવાર વરસાદનાં ઝાપટાં પડે છે અને તે પાકને પોષક છે. તેમ જ અહીં પણ વૈરાગ્યને સ્થિર કરવાને બોધની જરૂર. વૈરાગ્ય દ્વારા નિઃસત્વ થયેલી વિષયોની કામના પ્રસંગ આવે સત્ત્વશાળી બની દ્વિગુણ બળથી હલ્લો કરે એ સંભવિત છે. અને તેથી પણ આપણે, જેમ બાળકને એક વાત ઠસાવવાને જુદી જુદી



રીતે સમજાવીએ છીએ અને તે વાત બાળકના અંતરમાં દૃઢ કરીએ છીએ તેમ, વિષયોની વિષમતા, અસારતા આદિ અંતઃકરણમાં સ્થિર થયેલા વૈરાગ્યને સ્થિરતર બનાવવાને બોધની જરૂર છે. વૈરાગ્ય દ્વારા સ્થિર થયેલા અંતઃકરણના આત્મભાવને જો એમ ને એમ છોડી દેવામાં આવે, તો જેમ વરસાદ વિનાની ખેતી સૂકાઈ જાય છે તેમ એ શિખામણની વાતો પણ અંતરમાંથી ભૂંસાઈ જવાનો સંભવ છે. તેમ ન થાય અને આત્મભાવ સતત જાગૃત રહે, અનાત્મભાવમાં આસક્તિનો હુમલો ન થાય, એ અર્થે બોધની જરૂર છે. બોધ દ્વારા વૈરાગ્ય નવપલ્લવિત રહે છે અને ઈપ્સિત પરિણામ પણ આવે છે. જેમ શરીરના ધારણ અને પોષણ અર્થે અન્ન આવશ્યક છે તેમ અંતઃકરણના ધારણ અને પોષણ અર્થે જ્ઞાન, વૈરાગ્યબોધ અને આત્મવિચાર આવશ્યક છે; પણ એ ક્રમે ક્રમે હોય તો જ પચી શકે. ''જેમ અકરાંતિયાપણું કરીને ગમે તેવું અન્ન ખાનારનું મૃત્યુ જ થાય છે, તેમ એક સામટો ગમે તેવા પાસે લીધેલો બોધ મુક્તિ પ્રાપ્ત કરાવ્યા કરતાં અધઃપાતનું કારણ બને છે. શુદ્ધ આહાર જેમ સત્ત્વશુદ્ધિ કરે છે તેમ શુદ્ધ બોધ પણ અંતરશુદ્ધિ કરે છે. અને તેથી બોધ યોગ્ય વ્યક્તિ પાસે જ લેવો હિતાવહ છે,'' એવું શ્રી અવધૂતે એક સમે કહ્યાનું સ્મરણ છે. બોધ ગમે તેવાની પાસે લેવાથી અર્થ સરતો નથી. ગંગાનું નિર્મળ જળ ગંગામાં જ પાન કરવાથી પાવન કરે છે, પણ તે જ ગંગાનું નિર્મળ જળ ગંધાતી ગટરમાંથી આવે અને તેનું પાન કરીએ તો તે પાવન કરવાને બદલે શરીરમાં રોગ વધારે છે. જ્યારે કોઈ આત્મવિત્ પાસેથી જ અવારનવાર બોધ મળે ત્યારેજ તેની સચોટ અસર થાય છે. આજકાલના જમાનામાં બોધ દેનારા વાટે અને ઘાટે મળે છે. ઈશ્વર, તત્ત્વ, વેદ આદિ વિષયો ઉપર ચાર ચોપડાં વાંચી વ્યાસપીઠ ઉપરથી ભાષણ કરનારાઓની આજકાલ મણા નથી, છતાં તેવાં વ્યાખ્યાનોના શ્રવણથી કેટલાનો ઉદ્ધાર થયો ? કેટલા આત્મવિત્ બન્યા અને સંસારને પાર કરી ગયા ? ભાગ્યે જ કોઈ હશે. એક સમે શ્રી અવધૂતે કહ્યું, ''જો આ ઉપદેશ કરનારાઓ પાંચ વર્ષ સુધી મૌન સેવે અને મૌનવ્રત લે તો સમાજ પોતાની મેળે વિચાર કરતો થાય. સમાજને આજકાલના કલહભર્યા જીવનમાંથી શાંતિ પ્રાપ્ત કરવાની ક્ષુધા જાગ્રત થઈ છે, પણ તેને માટે પોતે જ વિચાર કરવાને બદલે બીજાઓના વિચારો સાંભળીને તેટલાથી જ સંતોષ માને છે. જો પોતે જ વિચાર કરતા થાય તો એનું ઇષ્ટ પરિણામ આવે એમાં શંકા નથી.'' તાત્પર્ય એ છે કે બોધ દેનાર પોતે શું બોધ આપે છે તેનો તેને સંપૂર્ણ ખ્યાલ હોવો જોઈએ. એટલું જ નહીં પણ બોધ તેણે પોતાના જીવનમાં ઉતાર્યો હોય તો જ તેની અસર શ્રોતાઓ ઉપર થઈ શકે. અને તેથી એવો બોધ યોગ્ય પુરુષ પાસેથી જ મળવો જોઈએ. એ બોધ સતત મળે તો પણ તે પચતો નથી અને તેનું પરિણામ આવતું નથી. તેથી

જ તે ક્રમે ક્રમે હોવો જોઈએ એવું અહીં સૂચન કરવામાં આવ્યું છે. અસ્તુ.

આમ જ્ઞાનમેઘ, વિરતિજળધાર અને બોધઆસારના પરિણામે વિષયો અને કામનાઓ નવપલ્લવિત થવાને બદલે મૃત્યુશાયી બને છે. પણ તેના સંપૂર્ણ મૃત્યુ અર્થે સ્વાત્મવિચારની આવશ્યકતા છે અને તેથી શ્રી અવધૂતે ચોથી વાત ''સ્વાત્મવિચાર''ની કરી છે. જ્યારે વૈરાગ્ય દ્વારા વિષયો અને કામનાઓનો લોપ થાય છે, અનાત્મ પદાર્થોમાં રહેલો આત્મભાવ દૂર થાય છે ત્યારે અંતઃકરણ ખાલી થાય છે. એ અવકાશમાં કાંઈક એવું ભરવાની જરૂર છે કે જેથી એ પોતાની ચાંચલ્યપ્રકૃતિને વશ ન થાય, અને તેથી ''સ્વાત્મવિચાર''ની જરૂર છે. વિષયો અને કામનાઓના વિચારને બદલે સ્વાત્મવિચારનો ત્યાં અભિષેક કરવામાં આવે છે. અંતઃકરણની ખાલી પડેલી ગાદી ઉપર, જેમ એક રાજાના મૃત્યુ પછી તેની ખાલી પડેલી ગાદી ઉપર તેના ઉત્તરાધિકારીનો અભિષેક કરવામાં આવે છે તેમ, એ ખાલી પડેલા અંતઃકરણની ગાદી ઉપર આત્માના વિચારરૂપી ઉત્તરાધિકારીનો અભિષેક કરીને એ અવકાશને પૂરી દેવાની જરૂર છે. અને તેથી અહીં સ્વાત્મવિચારની વાત શ્રી અવધૂતે કરી છે.



ભા.- ૧

આમ આપણે જોયું કે સાધકને સાધ્ય-વસ્તુની પ્રાપ્તિ અર્થે સાધન રૂપે જ્ઞાન, વૈરાગ્ય, બોધ અને આત્મવિચાર એ આવશ્યક છે. એ બધુંય કરવા છતાં સાધકને આત્મદર્શન થતું નથી. શ્રી હરિની કૃપાનું એકે ચિહ્ન જીવને જણાતું નથી, અને આત્મદર્શનની શાંતિનો અનુભવ પણ થતો નથી. કેવળ વાણીવિલાસથી રિઝાય એવો ભગવાન ભોળો નથી. ઘટઘટવ્યાપી ભગવાનને કેવળ પોકાર કર્યે તે આવીને ઊભો રહેતો નથી. એ પોકારની પાછળ અનન્યતા જોઈએ. આતુરતા પણ જરૂરની. પોકાર પણ અંતરમાંથી તીવ્રવેગ ધારીને નીકળવો જરૂરનો. અને તો જ તે પ્રભુને કાને અથડાય અને એવો પોકાર શ્રવણ કરીને પ્રભુ એક ક્ષણ પણ વૈકુંઠમાં ટકી ન શકે. જુઓને દ્રોપદીએ એક જ પોકાર કર્યો :

શામળિયાજી કરજો મારી સહાય
વહાલા, ગરુડે ચઢીને વહેલા આવજો રે...

અને ગરુડની પણ રાહ જોયા વિના જ અડવણ પગે જ દુર્યોધનના દરબારમાં દ્રૌપદીની લાજ રાખવા ચીર રૂપે હાજર થયા. નાટકી ભાવથી અર્થ સરતો નથી. જ્ઞાન થાય, વૈરાગ્ય થાય, બોધ મળે, આત્મનો વિચાર પણ થાય પણ જ્યાં સુધી અનન્યભાવ ન થાય ત્યાં સુધી એ બધું શુષ્ક છે.

પણ જ્યારે આટલું આટલું કરવા છતાંય, આટલું આટલું કહેવા છતાંય પ્રભુનો પરચો ન દીઠો ત્યારે જીવ અકળાઈ ઊઠ્યો-રોઈ ઊઠ્યો :

દોડ સદ્‌ગુરુ વરા કર હવે તો ત્વરા
આવી આખર જરા કાળ દૂતી.....



પરમાત્મા તો જગદ્‌ગુરુ છે. ગુરુમાં અને પરમાત્મામાં ભેદ નથી. જીવે પોકાર કર્યો પરમાત્માને પણ સદ્‌ગુરુ ભાવે...

''હે ગુરુવરા, હવે તો ઉતાવળ કર અને દોડ.''

કારણ કે

''આવી આખર જરા કાળદૂતી....''

બાલ વીત્યું, સાધન ન કર્યું. યૌવન વીત્યું, મદમોહ અને કામની મસ્તીમાં ત્યારેય સાધન ન કર્યું અને આવ્યું ઘડપણ. ઘડપણ એટલે કાળની દૂતી. બચપણમાં રમતગમતમાં ભગવાનનું ભજન ન સૂઝે. યૌવન વીતે મોજમઝા માણવામાં ત્યારે વળી કામિની અને કાંચનની વાતો આગળ ભજન અને વૈરાગ્યની વાતો કેમ સૂઝે ? જ્યારે ઘડપણ આવે ત્યારે જ પ્રભુનાં સંભારણાં થાય. જીવને ત્યારે જ ભાન થાય કે, ''હવે તો આ દેહ છોડીને તેણે જવાનું છે. જે દેહ ''હું છું'' એમ માનીને તેણે એ દેહની સાથે પ્રીતિ બાંધી, તે જ દેહ પણ છેહ દેશે. જે દેહના લાલનપાલન અર્થે જીવનભર અનેકવિધ પ્રપંચો કરી ધન ભેળું કર્યું તે દેહ, જે સંસાર અર્થે એણે તનતોડ મહેનત કરી ''મારું, મારું'' કરી મમત્વમાં પોતાનું સ્વરૂપ જાણવું ભૂલ્યો તે સંસાર એની સાથે નહીં આવે. જે જ્યાં છે ત્યાં જ રહેશે અને પોતે તો પોતાના કર્મનાં ફળ ભોગવવાને પાપપુણ્યનો પુંજ સાથે લઈને એ દેહને, એ સંસારને છોડીને ચાલ્યો જશે. અને એ દેહ બળીને ભસ્મનો ઢેર બની જશે. એવા નશ્વર દેહની પ્રીતિ કરી જીવ શું કમાયો ?'' આવું આવું તો અનેક પ્રકારનું સ્મરણ જીવને જીવનની સંધ્યાએ થાય છે. અને ત્યારે ''હવે મારું શું થશે ?'' એવા નિરાધાર અવસ્થાના સ્વગત ઉદ્‌ગારો કાઢતો જીવ અકળાઈને પ્રભુને પોકારે છે. ઘડપણમાં અંગો શિથિલ થયાં હોય, શક્તિ પણ હણાઈ ગઈ હોય, માથાના વાળ પણ કાળાના ધોળા થયા હોય, ત્યારે તે બલહીન પ્રભુને ક્યાંથી પામે ? જીવ જ્યારે અંતકાળે પોતાના સમગ્ર જીવનનો સરવાળો કરે છે ત્યારે તેને પોતાની પ્રાર્થનાનો પ્રતિઉત્તર-પોતે પ્રભુને કરેલી વિનંતીનો જવાબ મળી રહે છે. અને તે છે....

''રંગ શિરનો ફર્યો, ચિત્તમળ ના ગળ્યો
વ્યર્થ દોડી મર્યો કરમ ફૂટી....''

તાત્પર્ય એટલું જ છે કે ગમે તેટલાં સાધનો કરો, ગમે તેવાં જ્ઞાન કહેવરાવો, ગમે તેવા સિદ્ધની ગણતરીમાં આવો, પણ જ્યાં સુધી ચિત્તનો મળ નથી જતો ત્યાં સુધી આત્મદર્શનની આશા વ્યર્થ છે. જ્યાં સુધી ચિત્ત અશુદ્ધ છે ત્યાં સુધી આત્મદર્શન અર્થે કરેલા પ્રયાસો અફળ છે. અને તેથી જ શાસ્ત્રોએ ચિત્તશુદ્ધિ ઉપર ભાર મૂક્યો છે. અંતઃકરણનું સંશોધન કરીને જ્યાં જ્યાં મલિનતા જણાય ત્યાં ત્યાંથી તેનો નાશ કરીને અંતઃકરણને સ્ફટિક જેવું પારદર્શક બનાવશો તો જ ત્યાં સર્વવ્યાપક બ્રહ્મનાં

દર્શન થશે. એ ચિત્તશુદ્ધિ અર્થે જ શાસ્ત્રોની અનેક યોજનાઓ પણ છે.

પણ જીવ આપબળે ફાવે તેટલા ધમપછાડા કરે, ફાવે તેટલાં સાધન કૂટી મરે તો પણ એને પરમાત્માની ઝાંખી થતી નથી. તેને ડગલે ને પગલે નિષ્ફળતાનો જ અનુભવ આવે છે. અને કોઈ આદર્શ માર્ગદર્શક સદ્‌ગુરુને અનન્યભાવે પોકાર કરે છે ત્યારે જ તે સદ્‌ગુરુની અમીદૃષ્ટિથી જ - કૃપા કટાક્ષથી જ એ આખરની મંઝિલે પહોંચે છે. એ જ ભાવ અહીં



ભા.- ૧

દોડ સદ્‌ગુરુવરા....

વગેરેથી વ્યક્ત કર્યો છે. અને છેવટે તો

"गुरुकृपा हि केवलम्"

એ સૂત્રનું ઉદ્‌બોધન કર્યું છે.





ભા.- ૧

એક કિરતાર કલિતાર સૃષ્ટિ તણો,
મૂકીને મૂઢ નાના ઉપાસે;
એક અનંત અવિનાશી પરિબ્રહ્મને,
ભૂલીને ભૂતની દોડે વાંસે ! – ટેક –
આંખ દેખે નહિ કાન સૂણે નહિ,
ઈન્દ્રિયો સ્પર્શ ના જેહ કરતી;
તે થકી ઊપન્યું સર્વ સૃષ્ટિ વિષે,
પવન પાણી અને તેજ ધરતી. – એક. – (૧)
કાળ કંપે અતિ બીકથી જેહની,
તેજ ચંદ્રાર્ક જો અમિત આપે;
સૂર્યનો સૂર્યએ ચંદ્રનો ચંદ્રએ,
દુઃખડાં દીનનાં એ જ કાપે. – એક. – (૨)
પ્રેતને પ્હાણને, પૂજી પાખંડને,
પોટલાં પાપનાં કેમ છૂટે ?
વ્હેમ બાધા થકી, બોધ થાયે નહિ,
બોધ વિણ બંધ જનિ કેમ તૂટે? – એક. – (૩)
બીજમાં વૃક્ષને વૃક્ષમાં બીજ પરિ-
બ્રહ્મમાં આપ પર તેમ કાસે,
રજ્જુભુજંગ સમ વિશ્વ ભ્રાંતિ બધી,
આદિમધ્યાન્ત પરિબ્રહ્મ ભાસે. – એક. – (૪)
સુજ્ઞને સાન બસ અજ્ઞને આણ પણ
દગ્ધને ડા'પણ કોણ દેશે ?
દેખતાં આંધળો આપથી થાય જે,
તેહનો હસ્ત તે કોણ સ્હેશે ? – એક. – (૫)
તર્કવિતર્કનું જોર ચાલે નહિ,
પંડિતાઈ વૃથા ત્યાં તકાસે;
જ્ઞાતઅજ્ઞાતથી પાર પર એ વસે,
જ્ઞાત અજ્ઞાત એથી પ્રકાશે ! – એક. – (૬)
જ્ઞાની મૂગા થયા મૂક બોલે ઘણું,
દેખતા આંધળા અંધ દેખે !
પંગુ દોડે ઘણું દોડતા પાંગળા,
સુરિજનો શૂન્યમાં આપ પેખે !! – એક. – (૭)
તેહ તું તેહ તું વેદ ગર્જી કહે,
સૂણતાં રંગ નર ભાન ભૂલે;
મોહપડદો ખરે સંસૃતિ ભય ટળે,
ગુરુકૃપા હોય તો ભેદ ખૂલે. – એક. – (૮)

એક કિરતાર....

સત્ય, ત્રેતા, દ્વાપર અને કલિ એવા ચાર યુગો. ચાર યુગોમાં યુગ-ધર્મને અનુસાર પરમાત્મપ્રાપ્તિના માર્ગો પણ ભિન્ન ભિન્ન. કલિયુગમાં પ્રભુપ્રાપ્તિનો રાજમાર્ગ :—



ભા.- ૧

"कलौ केशव कीर्तनम्"

કલિયુગમાં એક અને અજોડ તારક તે "કેશવ." એ એક જ છે. એ એક જ ઉત્પત્તિ, સ્થિતિ અને સંહારનું નિમિત્તકારણ છે અને ઉપાદાનકારણ પણ છે. ઘટની ઉત્પત્તિનાં બે કારણો છે. માટી અને કુંભાર. પણ વિશ્વની ઉત્પત્તિનું એક જ કારણ છે અને તે છે પરમતત્ત્વ. એ પરમતત્ત્વના અમોઘ ઈક્ષણનું વિશ્વ એ પરિણામ છે. શ્રી ભગવાને કહ્યું :

भूमिरापोऽनलो वायुः खं मनो बुद्धिरेवच।
अहंकार इतीयं मे भिन्ना प्रकृतिरष्टधा॥

"પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ, આકાશ, મન, બુદ્ધિ અને અહંકાર એમ અષ્ટધા વિભક્ત પ્રકૃતિ અપરા પ્રકૃતિ કહેવાય છે. જ્યારે

अपरेयमितस्त्वन्यां प्रकृतिं विद्धि मे पराम्।
जीवभूतां महाबाहो ययेदं धार्यते जगत्॥

"આ પ્રકૃતિ અપરા-જડ છે, પણ હે મહાબાહો ! આથી બીજી મારી પરા—ચેતન પ્રકૃતિને જીવરૂપ તું જાણ, અને તેના વડે આ જગત ધારણ કરાય છે."

સર્જનના મૂળમાં આ પરા અને અપરા પ્રકૃતિ સિવાય બીજું કશું જ નથી. સર્જનનું સૂક્ષ્મ રીતે આપણે અવલોકન કરીએ તો ઉપર કહી તે અષ્ટધા વિભક્ત અપરા પ્રકૃતિ સ્થૂળ સર્જન કરે છે અને તેમાં પરા-પ્રકૃતિરૂપે જીવ પ્રવેશ કરીને તેને ચેતનવંતુ બનાવે છે. અને તેથી શ્રી ભગવાને કહ્યું :

"ययेदं धार्यते जगत्"

એ પરા અને અપરા પ્રકૃતિનો સરજનહાર શ્રી ભગવાનના જ શબ્દોમાં કહીએ તો :—

एतद्योनीनि भूतानि सर्वाणीत्युपधारय।
अहं कृत्स्नस्य जगतः प्रभवः प्रलयस्तथा॥

"સર્વભૂતો આ બે પ્રકૃતિરૂપ ઉત્પત્તિસ્થાનવાળાં છે. સમગ્ર જગતને ઉત્પન્ન કરનાર તથા તેનો નાશ કરનાર હું છું એમ તું જાણ." એ પ્રમાણેની સ્થિતિ હોવાથી જ શ્રી અવધૂતે કહ્યું :

એક કિરતાર...

એ એક જ જગતનો કર્તા, ભર્તા અને હર્તા છે. એ વાતનો આપણે ઉપનિષદોની ભાષામાં વિચાર કરીએ.

"एष योनिः सर्वस्य"



એ માંડૂક્યોપનિષદના વાક્ય અનુસાર આ સંપૂર્ણ જગતનું એ પરમાત્મા કારણ છે. કારણ કે સમસ્ત પ્રાણીઓની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયનું સ્થાન એ જ છે. શ્વેતાશ્વતર ઉપનિષદ્‌ના શબ્દોમાં કહીએ તો

एको देवः सर्वभूतेषु गूढः सर्वव्यापी सर्वभूतान्तरात्मा।
कर्माध्यक्षः सर्वभूताधिवासः साक्षी चेता केवलो निर्गुणश्च॥

''એ એક જ દેવ પ્રાણીમાત્રમાં રહેલો છે. સર્વવ્યાપી છે અને સમસ્ત પ્રાણીઓનો અંતરાત્મા છે. તે જ સર્વનાં કર્મોનો અધિષ્ઠાતા છે, પ્રાણીમાત્રનું નિવાસસ્થાન છે, સર્વનો સાક્ષી, ચેતન સ્વરૂપ, સર્વથા વિશુદ્ધ અને ગુણાતીત છે. તૈતેરીય ઉપનિષદ્‌ના શબ્દોમાં કહીએ તો

यतो वा इमानि भूतानि जायन्ते
येन जातानि जीवन्ति यत्प्रयन्त्यभिसंविशन्ति
तद्विजिज्ञासस्व। तद्‌ब्रह्मेति।

''આ સર્વ પ્રત્યક્ષ જણાય છે તે પ્રાણી જેનાથી ઉત્પન્ન થાય છે, ઉત્પન્ન થઈને જેના આધારે જીવિત રહે છે અને અંતે પ્રયાણ કરીને જેમાં પ્રવેશ કરે છે તેને જાણવાની ઇચ્છા કર. તે જ બ્રહ્મ છે''. આ રીતે આપણે શ્રી અવધૂતભાખ્યા ''એક કિરતાર'' એ શબ્દોનો વિચાર કર્યો. ઇતર ઉપનિષદો પણ એ વાતનું સૂચન કરે છે. હવે આપણે એ ''એક કિરતાર'' સર્વનો કર્તા, ભર્તા અને હર્તા શી રીતે થઈ શકે છે, તેનો પણ થોડો વિચાર કરીએ.

ઐતરેયોપનિષદકારે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે :

ॐ आत्मा वा इदमेक एवाग्र आसीत् । नान्यत्किं
चन मिषत् । स ईक्षत लोकान्नुसृजा इति ॥

''પ્રથમ એક માત્ર આત્મા જ હતો. તેના સિવાય કોઈ અન્ય સક્રિય વસ્તુ નો'તી. તેણે ''લોકોની રચના કરું'' એવો વિચાર કર્યો. ઐતરેયોપનિષદના આ સૂત્ર ઉપરથી આપણે જાણી શકીએ કે એ આત્માના ઇક્ષણનું પરિણામ તે આ સચરાચર જગત છે. એ સચરાચર જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લય કેવી રીતે થાય છે તેનું વિશદ વર્ણન અસ્થાને છે. આપણે આટલાથી જ સંતોષ માનીને આગળ ચાલીશું.

એ ''એક કિરતાર'' કેવો છે ? શ્રી અવધૂત કહે છે :

''કલિતાર સૃષ્ટિ તણો...''

સૃષ્ટિના કલિકાળનાં બધાંય પાપોમાંથી જીવને ઉગારનાર એ એક જ કિરતાર છે. શ્રી ભગવાને કહ્યું :

मां हि पार्थ व्यपाश्रित्य येऽपि स्युः पापयोनयः ।
स्त्रियो वैश्यास्तथा शूद्रास्तेऽपि यांति परां गतिम् ॥

''હે પાર્થ, જેઓ પાપયોનિવાળા હોય, કે સ્ત્રીઓ, વૈશ્યો તથા શૂદ્રો છે તેઓ પણ મારો આશ્રય કરીને પરમગતિને પામે છે.'' અને તેથી જ

એ કિરતાર કલિતાર છે. છતાંય શ્રી ભગવાનના એ શબ્દોમાં વિશ્વાસ ન કરનારા મૂઢ મનુષ્યો એ એકનું શરણ છોડીને બીજા અનેકનું શરણ ગ્રહણ કરતા જણાય છે. એવા મૂઢાત્માઓની અધોગતિનો સચોટ ખ્યાલ આપતાં–

अविद्यायामन्तरे वर्तमानाः
स्वयंधीराः पण्डितंमन्यमानाः ।
दन्द्रमयमाणाः परियन्ति मूढा
अन्धेनैव नीयमाना यथान्धाः ॥

"એ અવિદ્યામાં રહેનારા પોતે પોતાને મહાન બુદ્ધિમાન બનેલા અને પોતાને પંડિત માનવાવાળા મૂઢ પુરુષો આંધળાને આંધળો દોરી જાય તે રીતે અનેક કુટિલ ગતિઓની ઇચ્છા કરતા ભટકતા રહે છે." એ પ્રમાણે કઠોપનિષદકાર કહે છે. અભેદમાં ભેદબુદ્ધિ એ મૂઢતાની નિશાની છે. શૈવ, શાક્ત, સૌર્ય, વૈષ્ણવ, ગાણપત્ય આદિ ભિન્નભિન્ન માર્ગાવલંબીઓ શ્રી ભગવાનની ભેદબુદ્ધિયુક્ત ભક્તિ કરે છે. અંતરમાં પોતાના ઇષ્ટદેવ સિવાય ઇતર પ્રત્યે દ્વેષભાવ રાખે છે. એ મૂઢતાનું પ્રતીક છે. પરમાત્માથી ભિન્ન એવી એકે શક્તિ નથી. બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, ગણપતિ આદિ ભિન્ન દેવતાઓ એ પરમાત્માની ભિન્ન ભિન્ન શક્તિઓના પ્રતીકસમા છે. એ શક્તિઓમાં પરમાત્મા ઓતપ્રોત રહીને સૃષ્ટિનું સંચાલન કરે છે. અને તેથી શ્રી ભગવાને અર્જુનને કહ્યું :

ईश्वरः सर्वभूतानां हृद्देशेऽर्जुन तिष्ठति ।
भ्रामयन्सर्वभूतानि यन्त्रारूढानिमायया ॥

"હે અર્જુન, સંસારરૂપી મંચ પર ચઢેલા સર્વ પ્રાણીઓને માયા વડે ભમાવતો ઈશ્વર સર્વ પ્રાણીઓના હૃદયપ્રદેશમાં રહે છે." અને તેથી જ એ એક કલિતાર કિરતાર. ઈશાવાસ્યોપનિષદના શબ્દોમાં કહીએ તો

ईशावास्यमिदं सर्वं यत्किञ्च जगत्यां जगत् ।

એ ન્યાયે ઈશ્વર સિવાય ઇતર કોઈ સત્તા નથી એમ નિશ્ચિત થાય છે. અને તેથી અભિન્નભાવે ભલેને તમે મારગના પાણાને પરમાત્મા માનીને પરમાત્મભાવે પૂજશો તો એ પાણો તમારો ઉદ્ધાર નહીં કરે પણ એ પાણામાં રહેલો પરમાત્મભાવ તમારો ઉદ્ધારક બનશે. સત્ય પરિસ્થિતિ આ છે. તે શાસ્ત્ર સંમત છે અને ઉપનિષદુક્ત છે; છતાંય અજ્ઞાનના કારણે ભક્તો ભગવાનમાં ભેદબુદ્ધિ રાખીને પરસ્પરના ઝઘડાઓ ઊભા કરે છે અને તેમાંથી જ વિખવાદ ઉત્પન્ન થાય છે. અને તેથી જ શ્રી અવધૂતે કહ્યું :

"મૂકીને મૂઢ નાના ઉપાસે"

એ "નાના ઉપાસે" એ શબ્દો દ્વારા જે ઉપાસના તરફ શ્રી અવધૂતે સંકેત કર્યો છે તેનું સ્પષ્ટીકરણ કરતાં શ્રી ભગવાને અર્જુનને કહ્યું :

यान्ति देवव्रता देवान् पितॄन्यान्ति पितृव्रताः ।
भूतानि यान्ति भूतेज्या यान्ति मद्याजिनोऽपि माम् ॥

''દેવોનું વ્રત કરનારા દેવોને પામે છે, પિતૃઓનું વ્રત કરનારા પિતૃઓને પામે છે, ભૂતોને પૂજનારા ભૂતોને પામે છે અને મને પૂજનારા મને પામે છે.''



ભા.- ૧

આ છે દેવપૂજનનું, પિતૃપૂજનનું અને ભૂતપૂજનનું પરિણામ. બ્રહ્મના પૂજનનું પરિણામ બ્રહ્મપ્રાપ્તિ છે. જે બ્રહ્મમાંથી જ એ દેવ, પિતૃ અને ભૂતની ઉત્પત્તિ થઈ છે, જે બ્રહ્મમાં જ એ બધાંય વિલીન થવાનાં છે, તે બ્રહ્મની ઉપાસના છોડીને મર્યાદિત દેવ, પિતૃઓ અને ભૂતની ઉપાસના કરનારો મુક્તિનો અધિકારી બનતો નથી. અને તેથી ભિન્ન ભાવે કરેલી બીજાની ઉપાસના મૂઢતા છે.

'આગળ ચાલતાં શ્રી અવધૂતે કહ્યું :

''એક અનંત અવિનાશી પરિબ્રહ્મને,
ભૂલીને ભૂતની દોડે વાંસે...''

પરમતત્ત્વ એક જ છે. અનંત અને અવિનાશી છે. બાકીના બીજા બધાય એ પરમતત્ત્વની શક્તિથી પ્રકાશિત થનારા અને પ્રાપ્ત થયેલા મર્યાદિત અધિકાર અનુસાર મર્યાદિત કાર્ય કરી, સૃષ્ટિના પ્રલયકાળે પરબ્રહ્મમાં વિલીન થવાના છે. અને તેથી શ્રી ભગવાને અર્જુનને કહ્યું :

सर्वभूतानि कौन्तेय प्रकृतिं यान्ति मामिकाम् ।
कल्पक्षये पुनस्तानि कल्पादौ विसृजाम्यहम् ॥

''હે કુંતીપુત્ર અર્જુન ! કલ્પના અંતમાં સર્વભૂતો મારી પ્રકૃતિને વિષે લય પામે છે અને કલ્પના આરંભમાં હું તેઓને ફરીથી સરજું છું.'' શ્રી ભગવાનભાખી આ સ્થિતિ સરજાય છે ત્યારે પણ એ પરબ્રહ્મ તો જેમ છે તેમ જ રહેવાનું છે. એ બ્રહ્મ ચારે બાજુએ પ્રસરેલું છે અને સમસ્ત વિશ્વને આવરીને રહેલું છે. અને તેથી જ અહીં શ્રી અવધૂતે ''પરિબ્રહ્મ'' શબ્દનો સહેતુક પ્રયોગ કર્યો છે. તેને ભૂલી જઈને બીજા ભૂતોની પાછળ દોડનારાઓ મૂઢ છે. મૂળને પકડવાથી જ ભવસાગર પાર કરી શકાય છે. વટવૃક્ષની શીતળ છાયાનો આશ્રય ગ્રહણ કરનારનો જ પરિતાપ શાંત થાય છે. બાવળને આશ્રયે બેઠેલાનો તાપ ટળતો નથી અને પગમાં કાંટા વાગે છે તે નફામા. નૌકા હોય તો જ સાગર પાર તરાય. નૌકાના સઢ અને હલેસાનો આશ્રય લીધાથી સાગર તરી શકાતો નથી. પરબ્રહ્મનું શરણ ગ્રહણ કરવાથી જ સંસારના જન્મમરણરૂપી ફેરામાંથી જીવનો છુટકારો થઈ શકે છે. ન્યાયાધીશ ખૂનીને ફાંસીને માંચડે ચઢાવવાની શિક્ષા કરે, કારણ કે મહારાજાએ તેને તે સજા કરવાનો અધિકાર બક્ષેલો છે. પરંતુ પોતાની કરેલી શિક્ષા ફેરવવાનો અધિકાર તે ન્યાયાધીશને નથી. તેમ પરમાત્માની દીધેલી મર્યાદિત શક્તિ વડે કામ કરતા દેવદેવીઓ તો માત્ર પરમાત્માના દીધેલા અધિકારનો જ અમલ કરી શકે. તેમના અધિકાર મર્યાદિત છે અને તે અધિકારને ઓળંગીને તેમનાથી જઈ શકાતું

નથી. પણ મહારાજાને અરજી કરવાથી જેમ ફાંસીની સજા માફ કરવાની સર્વ સત્તા અને અધિકાર તે સર્વ સત્તાવાન હોવાથી તેને છે, તેમ જીવનાં બધાંય બંધનોમાંથી જીવને મુક્ત કરવાની સર્વ સત્તા અને સર્વ અધિકાર પરબ્રહ્મના છે, અને તેથી શ્રી ભગવાને અર્જુનને કહ્યું :



तमेव शरणं गच्छ सर्वभावेन भारत ।
तत्प्रसादात्परां शान्तिं स्थानं प्राप्स्यसि शाश्वतम् ॥

"હે ભરતવંશી ! સર્વભાવથી તે પરમેશ્વરને જ શરણે જા; તેની કૃપાથી તું પરમશાંતિ અને સનાતન સ્થાન-મોક્ષપદ પામીશ."

તાત્પર્ય એ છે કે જે કલિતાર છે, એક જ કિરતાર છે, જે સમસ્ત બ્રહ્માંડનો સમ્રાટ છે તે પરબ્રહ્મને ભજવાનું છોડીને ઇતરને, તેની દીધેલી શક્તિ વડે શક્તિ સંપન્ન જણાતા તેના અધિકારી જેવાં દેવદેવીઓને ભજીને જીવ, જનિમૃતિમાંથી મુક્ત બની શકતો નથી કે પરમતત્ત્વને પ્રાપ્ત કરી શકતો નથી. પરમપદ પ્રાપ્ત કરવા માટે તો પરમતત્ત્વની જ ઉપાસના કરવાની રહે છે.

એ પરમતત્ત્વ કેવું છે ? શ્રી અવધૂત કહે છે :

આંખ દેખે નહીં કાન સૂણે નહીં
ઇન્દ્રિયો સ્પર્શ ના જેહ કરતી.

પરમતત્ત્વનો અપરોક્ષ અનુભવ કરનારાઓ પણ એનું વર્ણન કેવળ સંકેતરૂપે જ કરી શક્યા છે. યમરાજાએ નચિકેતાને એ પરમતત્ત્વનું જે વર્ણન કર્યું છે તે પણ કેવળ સંકેતરૂપે જ કર્યું છે. ઉપનિષદોમાં પણ જ્યાં જ્યાં એ પરમતત્ત્વનો ઉલ્લેખ છે ત્યાં ત્યાં નજરે જણાતી, અથવા મન કિંવા બુદ્ધિથી કલ્પી શકાતી વસ્તુનું જેવું સચોટ વર્ણન થઈ શકે છે તેવું વર્ણન નથી. વેદોમાં એ પરમતત્ત્વનું વર્ણન નિષેધાત્મક કરવામાં આવ્યું છે. એ તત્ત્વનો અપરોક્ષ અનુભવ સ્વસંવેદ્ય છે, એટલે વાણીથી એનું વર્ણન કરી શકાતું નથી. એ પરમતત્ત્વ નિરાકાર અને કેવળ સત્તામાત્ર હોવાથી આંખનો વિષય નથી. એ તત્ત્વ વાણીનો વિષય નથી એટલે શબ્દાતીત છે. વાણી હોય તે શ્રવણ કરી શકાય. પણ પરમતત્ત્વ શબ્દસ્વરૂપ પણ નથી અને તેથી જ ઉપનિષદે ગાયું :

न चक्षुषा गृह्यते नापि वाचा
नान्यैर्देवैस्तपसा कर्मणा वा ।
ज्ञानप्रसादेन विशुद्धसत्त्व-
स्ततस्तु तं पश्यते निष्कलं ध्यायमानः ॥

"આ આત્મા નેત્રથી ગ્રહણ થઈ શકતો નથી, વાણીથી પણ ગ્રહણ થઈ શકતો નથી અને અન્ય ઇન્દ્રિયો દ્વારા પણ ગ્રહણ થઈ શકતો નથી. તપ અને કર્મની પણ એને ગ્રહણ કરવાની શક્તિ નથી. જ્ઞાનના પ્રસાદ વડે જ્યારે પુરુષ શુદ્ધચિત્ત થઈ જાય છે ત્યારે જ ધ્યાન કરવાથી તે નિષ્કામ

આત્મતત્ત્વનો સાક્ષાત્કાર તેને થાય છે.'' આ પ્રમાણે, શ્રી અવધૂત કહે છે તેમ આંખ એ પરમતત્ત્વને જોઈ શકતી નથી અને કાન એ પરમતત્ત્વને સાંભળી શકતા નથી. શ્વેતાશ્વતર ઉપનિષદે પણ એ જ પ્રમાણે કહ્યું છે :



ભા.- ૧

न संदृशे तिष्ठति रूपमस्य
न चक्षुषा पश्यति कश्चनैनम् ।
हृदा मनीषा मनसाभिक्लृप्तः
य एतद् विदुरमृतास्ते भवन्ति ॥

''એનું રૂપ નેત્રાદિથી ગ્રહણ કરવા યોગ્ય નથી. તેને કોઈ પણ નેત્રથી જોઈ શકતું નથી. જે આ હૃદયસ્થિત પરમાત્માને શુદ્ધબુદ્ધિ વડે મનથી એ રીતે જાણી લે છે તે અમર થઈ જાય છે.'' કેનોપનિષદમાં પણ આ જ સત્યને પુષ્ટ કરનારી એક ઉક્તિ છે :

''यत् चक्षुषा न पश्यति येन चक्षूंषि पश्यति''

''જેને કોઈ નેત્ર દ્વારા જોઈ શકતું નથી, પણ જેની સત્તાથી નેત્ર જોઈ શકે છે તે બ્રહ્મ છે.''

અનાહત નાદરૂપે પરમતત્ત્વ જે મૂળાધાર ચક્રમાં પ્રવેશ કરે તે તો તેની સત્તામાત્ર છે અને તે પણ શ્રાવ્ય નથી. એટલે એ પરમતત્ત્વનું શ્રવણ કરવાને કાન પણ શક્તિવાન નથી. શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ પાંચ વિષયો ઈન્દ્રિયોના છે. પરમતત્ત્વ એ પાંચ તત્ત્વોથી પર છે અને તેથી તે ઈન્દ્રિયગમ્ય પણ નથી. એ પાંચ તત્ત્વો પણ પરમતત્ત્વનાં નથી પણ કેવળ ગુણોનાં તત્ત્વો છે, એટલે પણ પરમતત્ત્વનો પાર એ પામી શકતા નથી. આંખ જે પદાર્થ જોઈ શકતી હોય તેને જોઈ શકે, કાન એ નાદને શ્રવણ કરી શકે, જીવ્હા એ રસને ગ્રહણ કરી શકે અને રસનો સ્વાદ માણી શકે. એ તત્ત્વ જો સ્પર્શ્ય હોય તો જ ત્વચા તેને સ્પર્શરૂપે કળી શકે, એ પરમતત્ત્વ જો ગંધરૂપે હોય તો નાકથી સૂંઘીને એ તત્ત્વનું માપ કાઢી શકાય. એ બધાંય તત્ત્વોમાં એ પરમતત્ત્વની સત્તા તો વ્યાપેલી છે. અને તેથી જ શ્રી ભગવાને સત્તારૂપે

रसोऽहमप्सु कौन्तेय । पुण्यो गन्धः पृथिव्यां । शब्दः खे

આદિ શબ્દો દ્વારા સર્વમાં પરમતત્ત્વનું સર્વગતપણું અને સર્વવ્યાપકત્વ વ્યક્ત કર્યું છે. એ સત્તાથી પરમતત્ત્વ વેગળું છે અને તેથી એ પરમતત્ત્વ ઈન્દ્રિયોનો વિષય નથી. એટલે જ અહીં,

''ઈન્દ્રિયો સ્પર્શ ના જેહ કરતી...''

એમ કહીને શ્રી અવધૂતે એ તત્ત્વ અગોચર છે એમ વ્યક્ત કર્યું છે. એ પરમતત્ત્વ અગોચર છે; પણ એ ઈન્દ્રિયો એ પરમતત્ત્વની સત્તા વડે જ વિષયોને ગ્રહણ કરી શકે છે, એવું પ્રતિપાદન કરનારાં ઉપનિષદવાક્યો પણ આ જ વાતને પુષ્ટ કરે છે.

આગળ ચાલતાં શ્રી અવધૂત કહે છે :

"તે થકી ઉપન્યું સર્વ સૃષ્ટિ વિષે
પવન પાણી અને તેજ ધરતી"

એ જ પરમતત્ત્વમાંથી પરમતત્ત્વના ઈક્ષણ દ્વારા આ સૃષ્ટિની ઉત્પત્તિ થઈ છે. પૃથ્વી, પાણી, તેજ, પવન અને આકાશ એ પંચમહાભૂતોની ઉત્પત્તિ જે વિશ્વને ધારણ કરનાર છે, તે એ જ પરમતત્ત્વમાંથી ઉપની છે. એ પાંચ મૂળ તત્ત્વોનું આ બ્રહ્માંડ મંડાણ છે અને એ તત્ત્વો એ પરમતત્ત્વની શક્તિનાં જ દ્યોતક છે.



ભા.- ૧

एतस्माज्जायते प्राणो मनः सर्वेन्द्रियाणि च ।
खं वायुर्ज्योतिरापः पृथिवी विश्वस्य धारिणी ॥

"આ અક્ષર પુરુષથી જ પ્રાણ ઉત્પન્ન થાય છે તથા એના વડે જ સંપૂર્ણ ઈન્દ્રિયો, આકાશ, વાયુ, તેજ, જલ અને સમસ્ત સંસારને ધારણ કરવાવાળી પૃથ્વી ઉત્પન્ન થાય છે" એવું મુંડકોપનિષદનું વાક્ય શ્રી અવધૂતની આ વાણીને પુષ્ટ કરે છે. અન્ય ઉપનિષદો પણ એ જ વાત કહે છે અને શ્રી ભગવાને પણ અર્જુનને

भूमिरापोऽनलो वायुः खं मनो बुद्धिरेव च ।
अहंकार इतीयं मे भिन्ना प्रकृतिरष्टधा ॥

એ પ્રમાણે કહીને એ આઠ પ્રકૃતિ પોતાની છે એમ કહ્યું છે. એ પાંચ મહાભૂતોને ઉત્પન્ન કરીને સ્વયં તેમાં પ્રવેશ કરે છે અને તેથી તેને શક્તિશાળી બનાવે છે - એવા આશયનો ઉલ્લેખ પણ ઉપનિષદોમાં મળે છે. એ બધું વિસ્તારભયે અહીં આલેખવાની જરૂર જણાતી નથી. જિજ્ઞાસુ ભલે ઉપનિષદનું અવલોકન કરી પોતાની જિજ્ઞાસાને તૃપ્ત કરે. આમ છતાંય પરમતત્ત્વ એ તત્ત્વોથી પર હોવાથી એ તત્ત્વો પરમતત્ત્વનો પાર પામી શકતાં નથી. અને તેથી જ શ્રી અવધૂતે પણ કેવળ સાંકેતિક ભાષામાંજ મહત્‌ની મહત્તા અને અલિપ્તતાનું ભાન કરાવ્યું છે. કલ્પનાતીત અને સ્વસંવેદ્ય પરબ્રહ્મની પિછાન કેવી રીતે આપી શકાય ?

હવે એજ પરમતત્ત્વની વધુ સાંકેતિક ઓળખ આપતાં શ્રી અવધૂત કહે છે :

કાળ કંપે અતિ બીકથી જેહની,
તેજ ચંદ્રાર્ક જો અમિત આપે.
સૂર્યનો સૂર્ય એ ચંદ્રનો ચંદ્ર એ,
દુઃખડાં દીનનાં એ જ કાપે.

જે કાળ ત્રિભુવનને પોતાની સત્તાથી ડરાવે છે, જે કાળનું નામ સાંભળતાં જ વજ્રકઠોર હૈયાં પણ કંપી ઊઠે છે, જેના જડબામાં સર્જન માત્ર સમાયેલું છે તે સર્વભક્ષી કાળ પણ એ પરમતત્ત્વના ભયથી ધ્રૂજી ઊઠે છે. એ પરમતત્ત્વની આજ્ઞા વિના એ કાળ પણ પોતાની સત્તાનો અને શક્તિનો ઉપયોગ કરી શકતો નથી. અને તેથી જ


''मृत्युर्धावति पञ्चमः''

એ પ્રમાણે ઉપનિષદે ગાયું છે. એ ભયનું કારણ એક જ છે. કાળની પોતાની સ્વતંત્ર સત્તા જેવું કશું જ નથી. કાળ સસીમ છે જ્યારે પરમતત્ત્વ અસીમ છે. જેમ મહારાજાના અધિકારીઓ મહારાજાથી ડરતા રહે છે તેનું કારણ પોતાની સત્તા અને અધિકાર સાચવી રાખવો એ છે; તેમ કાળને પણ, રખેને પોતાની સત્તા છીનવાઈ જશે એવો એ પરમતત્ત્વનો સતત ભય રહે છે, અને તેથી જ તે સ્વચ્છંદવિહાર કરી શકતો નથી. બીજી રીતે વિચાર કરીએ તો સર્જનની વ્યવસ્થા સાચવી રાખવાને પણ જો કંઈ નિયમ ન હોય તો એ તત્ત્વો બેફામ બની જાય અને સર્જનમાં આજે છે તેવી વ્યવસ્થા ન રહે. એ અનવસ્થાને ટાળવા માટે, જેમ બેફામ જતા અશ્વોને લગામ દ્વારા રથી પોતાના કાબૂમાં રાખે છે તેમ પરમતત્ત્વ એ પોતાનામાંથી જ, પોતાની સત્તા વડે અસ્તિત્વમાં આવેલા તત્ત્વોને પોતાની સત્તામાં રાખવાને સતત જાગ્રત રહે છે. અને તેથી અહીં શ્રી અવધૂતે ''એ પરમતત્ત્વથી કાળ પણ અતિશય કંપે છે.'' એવું કહ્યું છે. કઠોપનિષદકારે પણ...

''महद्भयं वज्रमुद्यतम्...''

''તે બ્રહ્મ મહાન ભયરૂપ અને ઉપાડેલા વજ્ર સમાન છે'', એ પ્રમાણે કહ્યું છે. કહેવાનું તાત્પર્ય એ છે કે જેમ સ્વામીને પોતાની સામે શસ્ત્ર ઉગામીને ઊભેલા જોઈને સેવક લોકો નિયમાનુસાર તેની આજ્ઞામાં રહીને પ્રવૃત્ત થાય છે, તેમ ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર, તારા – આ સમસ્ત વિશ્વ પોતપોતાનાં અધિષ્ઠાતાઓ સાથે એક ક્ષણ પણ વિશ્રામ લીધા વિના નિયમાનુસાર બ્રહ્મની આજ્ઞામાં રહે છે. એ જ ભાવ વ્યક્ત કરવાને...

भयादस्याग्निस्तपति भयात्तपति सूर्यः ।
भयादिन्द्रश्चवायुश्च मृत्युर्धावति पञ्चमः ॥



શ્રી અવધૂત-નિવાસ : નારેશ્વર [ફોટો : દિનકર નાયક]

"એ પરમેશ્વરના ભયથી અગ્નિ તપે છે. એના ભય વડે સૂર્ય તપે છે અને એના જ ભય વડે ઇન્દ્ર, વાયુ અને પાંચમું મૃત્યુ પણ દોડે છે." એ પ્રમાણે કઠોપનિષદકારે કહ્યું છે. અને તેથી જ શ્રી અવધૂતે કહ્યું



"કાળ કંપે અતિ બીકથી જેહની,
તેજ ચંદ્રાર્ક જો અમિત આપે."

સૂર્ય અને ચંદ્ર જે અપાર તેજ આપીને સંસારને ઊજળો બનાવે છે તે સૂર્યચંદ્ર પણ પોતાના તેજ વડે પ્રકાશિત થતા નથી. એ તેજ પણ પરમતત્ત્વનું જ તેજ છે અને તેના તેજ વડે જ સૂર્ય અને ચંદ્ર પણ જગતને પ્રાણ આપે છે. અને તેથી જ

न तत्र सूर्योभाति न चन्द्रतारकम्
नेमा विद्युतो भान्ति कुतोऽयमग्निः ।
तमेव भान्तमनुभाति सर्वम्
तस्य भासा सर्वमिदं विभाति ॥

"એ પરમતત્ત્વ આગળ સૂર્ય ચમકતો નથી. ચંદ્ર, તારા કે વીજળી પણ ત્યાં પોતાનું તેજ પહોંચાડી શકતાં નથી, તો પછી આ અગ્નિની તો ત્યાં પહોંચ શી રીતે હોઈ શકે ? જેના પ્રકાશના પ્રતાપે સૂરજ, ચંદ્ર, તારા, અગ્નિ પ્રકાશિત થાય છે તેના જ તેજથી આ સર્વ પ્રકાશિત થાય છે. એવું કઠોપનિષદકારે કહ્યું છે. એ પરમતત્ત્વના તેજથી તેજાળા એ સૂર્ય, ચંદ્ર આદિ તેજવાન સર્વ પદાર્થો પરમતત્ત્વના તેજ આગળ ઝાંખા પડે છે. અને તેથી જ એ પરમતત્ત્વને શ્રી અવધૂતે

"સૂર્યનો સૂર્ય એ ચંદ્રનો ચંદ્ર એ."

એ પ્રમાણે ઉપમાથી બિરદાવ્યું છે અને એની મહત્તાનો સંકેત કર્યો છે. સૂર્યનું સૂર્યતત્ત્વ અને ચંદ્રનું ચંદ્રતત્ત્વ એ તેની વિભા વડે જ છે. સૂર્યની અને ચંદ્રની એ પ્રભા તે પરમતત્ત્વ છે, અને તેથી શ્રી ભગવાને કહ્યું :

"प्रभाऽस्मि शशिसूर्ययोः ।"

અને તે અર્થે જેના વડે એ સૂર્ય અને ચંદ્રની ઓળખ છે તે પ્રભા પરમતત્ત્વ હોવાથી જ શ્રી અવધૂતે એ પરમતત્ત્વને સૂર્યના સૂર્ય તરીકે અને ચંદ્રના ચંદ્ર તરીકે ઓળખાવ્યું છે.

આગળ ચાલતાં શ્રી અવધૂત કહે છે :

"દુઃખડાં દીનનાં તે જ કાપે."

એ જે પરમતત્ત્વ છે તે જ દીનનાં દુઃખ કાપે છે. પણ દીન એટલે કોણ અને દુઃખ એટલે શું ? એ પ્રશ્નો વિચાર માગી લે છે. પ્રભુની દૃષ્ટિમાં દીન કોણ ? જગતની દૃષ્ટિમાં દીન કોણ ? જગતની દૃષ્ટિએ જે દીન છે તે પ્રભુની દૃષ્ટિએ દીન છે ખરો ?

પ્રભુની દૃષ્ટિમાં દીન કોણ ? સંસારનાં સુખસંપત્તિ અને વૈભવવિલાસની પ્રાપ્તિ એ તો પ્રારબ્ધને અધીન છે. પૂર્વે સત્કર્મ કર્યાં હોય તો તેના



ફળસ્વરૂપે આ ભવમાં એવી સમૃદ્ધિ પ્રાપ્ત થાય. તે જ રીતે ગરીબી અને ભિખારીદશા પ્રાપ્ત થવી એ પણ પ્રારબ્ધને વશ છે. પૂર્વે કરેલા દુષ્કર્મનું એ પરિણામ છે. એટલે સંસારની દૃષ્ટિએ સંસારના વૈભવવિલાસ અને દુઃખ એ પ્રારબ્ધને આધીન છે. તેમાં પુરુષાર્થ કરવો પડતો નથી. કારણ કે પ્રારબ્ધને અનુરૂપ પુરુષાર્થ કરવાની "बुद्धिः कर्मानुसारीणि" એવું પણ એક વચન છે. જગતમાં જણાતા લક્ષ્મીપતિઓ કે વાટે જણાતા ભિખારીઓ વાસ્તવિક રીતે દીન નથી અને તે પ્રભુની દૃષ્ટિમાં પણ દીન નથી. સંસારના ધનપતિઓની પ્રભુને ત્યાં કોડીની પણ કિંમત નથી. કારણ કે ધનપતિઓને ધનનો ઘમંડ છે. ગરીબોને ધનના અભાવનું દુઃખ છે, ધનપતિઓની તેમને ઈર્ષા છે. એટલે પ્રભુની દૃષ્ટિમાં તો એ ઉભય વર્ગો સરખા જ છે. સંસારની દૃષ્ટિએ જણાતો શ્રીમંત પ્રભુની દૃષ્ટિએ શ્રીમંત નથી. સંસારની દૃષ્ટિએ જણાતો રંક પ્રભુની દૃષ્ટિએ રંક નથી. પણ એ ઉભય પોતપોતાનાં સુકૃત અથવા દુષ્કૃતનાં ફળ ભોગવી રહ્યા છે.

જગતની દૃષ્ટિમાં દીન કોણ ? જેની પાસે ખાવા ધાન નથી, પહેરવા વસ્ત્ર નથી, રહેવા ઝૂંપડી નથી, ઓઢવા પછેડી નથી અને જે કંગાળ છે તે જગતની દૃષ્ટિમાં દીન છે. જગતની દૃષ્ટિએ જે દીન છે તે પ્રભુની દૃષ્ટિએ દીન નથી.

તો ખરો દીન કોણ ? પ્રભુ કોની દીનતા પર દયા કરીને, તેને પોતાનો કરીને આશ્રય આપે છે ? જે અકિંચન હોવા છતાં તેની અકિંચન અવસ્થાનો તેના અંતરમાં કલેશ નથી. જે અનિકેત હોવા છતાં, જે રસ્તે રઝળતો હોવા છતાં તેની એ અવસ્થાનો તેના અંતરમાં કલેશ નથી. જેની પાસે કશું જ નથી તેમ જેને સર્વનો અભાવ હોવા છતાં કશાની આવશ્યકતા નથી અને વાસ્તવિક રીતે જે સંતોષી છે તે પ્રભુની દૃષ્ટિએ ખરો દીન છે. વસ્તુતઃ સાધન અને સામગ્રીની વિપુલતા હોવા છતાંય તેમાં જેને અંશમાત્ર આસક્તિ નથી, અને એ વિપુલતાના અભાવે જેના અંતરમાં અંશમાત્ર પણ રંજ નથી તે જ નિરહંકારી પ્રભુની દૃષ્ટિએ સાચો દીન છે. એવા દીનજનનાં દુઃખો દૂર કરવાને પ્રભુ સદા સર્વદા કટીબદ્ધ છે. જ્યાં સુધી મોહ છે, મમતા અને અહંતા છે અને જાગતિક પદાર્થો પ્રત્યે આસક્તિ છે, ત્યાં સુધી વાસ્તવિક દીનતા આવવી સંભવિત નથી. અને તેવાને પ્રભુનો આધાર પણ નથી. તેવાને તો પ્રારબ્ધનો જ આધાર છે.

એવા જે દીન છે તેનાં જ દુઃખ ભગવાન દૂર કરે છે. એ દુઃખ લક્ષ્મીનો અભાવ, વૈભવવિલાસનો અભાવ વગેરે સાંસારિક દુઃખ નથી. પણ જન્મમરણનું જે દુઃખ જીવને કપાળે જડેલું છે તે દુઃખ છે. તે દુઃખનું નિવારણ કરવાને પરમાત્મા શક્તિવાન છે. અને તેથી જ શ્રી અવધૂતે કહ્યું :

દુઃખડાં દીનનાં તે જ કાપે.

આગળ કહ્યું તેમ એવાં મનુષ્યો તો પ્રારબ્ધવશ સુખ-દુઃખ ભોગવી

પ્રારબ્ધ પૂરું થયે પરિવર્તન પામશે, અન્ય જન્મ ધારણ કરશે. નિસર્ગનો એ અટલ નિયમ છે. એ ક્ષણિક સુખદુઃખની લાગણી જેના અંતરાત્માને સ્પર્શ કરતી નથી, જે વૈભવમાં અને દુઃખમાં પણ અનાસક્ત રહે છે, જે નિરભિમાનવૃત્તિથી કેવળ પ્રભુને જ શરણે રહી પ્રારબ્ધના ભોગ ભોગવે છે, તે જ ખરો દીન છે. એવો દીન જે દીનભાવે પ્રભુને શરણે જાય છે તેને જ પ્રભુ સહાય કરે છે. સંસારના તવંગર ભલે સંસારમાં મહાપુરુષો ગણાય, પણ પ્રભુને ત્યાં તેના ધનવૈભવની મહત્તા નથી. સંસારના ભિખારીઓ ભલે સંસારને ઘૃણાસ્પદ લાગતા હોય પણ તેમની આંતરિક શુદ્ધિના કારણે તે પ્રભુને ત્યાં તુચ્છ નથી. જે માનવીઓ મદમાં મસ્ત બનીને પ્રભુને માર્ગે નથી વળ્યા તે જ ખરા તુચ્છ છે. એવાઓ જન્મ મરણના ફેરા ફર્યા જ કરશે. પ્રભુની નજરે જે દીન ગણાય છે તેનાં દુઃખ પ્રભુ અવશ્ય દૂર કરે છે. જાગતિક સુખદુઃખ તો ક્ષણિક છે. તડકા અને છાંયડા જેવાં એ સુખ અને દુઃખ તો આવશે અને જશે, પણ જીવને ખરું દુઃખ તો ઉપર કહ્યું તેમ જન્મ અને મૃત્યુનું છે. એ વાસ્તવિક દુઃખનું નિવારણ કરવાને બ્રહ્મા, વિષ્ણુ, શિવ, દેવદેવીઓ, ભૂત અથવા પિતૃઓ શક્તિવાન નથી. એ દુઃખનું નિવારણ કરવાને તો કેવળ પરમાત્મા જ શક્તિવાન છે. જે દીન બનીને તેને શરણે જાય છે તેના જ ભવના ફેરા ટળી જાય છે અને તે પ્રભુનો જ બની જાય છે. અહીં એવા દીનનો અને એવા દુઃખનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. અને તેથી જ આગળ ચાલતાં શ્રી અવધૂત કહે છે :

પ્રેતને ખ્હાણને પૂજી પાખંડને,
પોટલાં પાપનાં કેમ છૂટે ?

ભૂત અને પિશાચ યોનિ નથી એમ નથી. વાસનાભર્યો જીવ અધૂરી રહેલી વાસનાને ભોગવવાને ભૂત કે પિચાશયોનિમાં જાય છે, અવગતિયો થાય છે એમ આપણે વખતો વખત કહીએ છીએ. તેને પ્રારબ્ધવશાત્ એ યોનિ પ્રાપ્ત થાય છે. પણ એવા ભૂત કે પિચાશને ભજવાથી શું ફળ મળે ? શ્રી ભગવાનને કહ્યું :

''भूतानि यान्ति भूतेज्याः ।''

''જે ભૂતની ઉપાસના કરે છે તે પણ ભૂતયોનિને જ પ્રાપ્ત કરે છે.'' એટલે ભૂતપિશોચોને ભજવાથી શું ફળ મળે ? જે વસ્તુની એટલે મુક્તિની પ્રાપ્તિ થવી જોઈએ તે ભૂતઉપાસનાથી થતી નથી. એથી વિપરીત ભૂતપ્રેતને વશ કર્યાથી તો ઊલટા પાપના પૂંજ વધે છે. એ જ પાપ તેના બંધનનું કારણ બને છે. અને તેથી ભૂતપ્રેતાદિની ઉપાસનાની શ્રી અવધૂતે અવગણના કરી છે. સ્વાર્થાંધ માનવી સ્વાર્થ સાધવાને બધું જ કરે છે. મોહગ્રસ્ત માનવીની દૃષ્ટિએ ધન, પત્ની, વૈભવ, વિલાસ આદિની પ્રાપ્તિ એ પરમસ્વાર્થ છે. અને તે મેળવવા મલિનવિદ્યાનો આશ્રય લઈને મનુષ્યો

પિશાચની ઉપાસના કરે છે. સાચો સ્વાર્થ – સ્વ + અર્થ – શું છે તે જો માનવી સમજે તો એવા પ્રેતપૂજન તરફ તેનું મન કદી વળશે નહીં. જે ભૂત સાધકની સાધનાના પરિણામે તેને વશ થાય છે, તે જ ભૂત સાધનાનું વિપરીત પરિણામ આવતાં તેને બાધક થાય છે અને પ્રાણહર પણ બને છે. અને તેથી ભૂતસાધના કોઈ પણ રીતે જીવનને ઉપકારક નીવડતી નથી.

હવે આપણે ''પાણપૂજા''નો પણ થોડો વિચાર કરીએ. પથ્થર પૂજ્યાથી પ્રભુની પ્રાપ્તિ થાય છે ? ઉત્તર ''હા'' પણ છે અને ''ના'' પણ છે. ''सर्वं खल्विदं ब्रह्म'' એ શ્રુતિવાક્યનો મર્મ કળીને જે મનુષ્ય એ પાષાણને બ્રહ્મભાવે ભજે છે તેને એ પાષાણ પ્રભુ રૂપે દર્શન આપી કૃતાર્થ કરે છે. જે એ પાષાણને પ્રભુભાવે પૂજવાને બદલે અન્યભાવે પૂજે છે તેને એ પાષાણ પ્રભુસ્વરૂપે દર્શન આપી કૃતાર્થ કરતો નથી. અને તેથી જ કેવળ જડવૃત્તિથી પાણને પૂજવાથી કશું જ પરિણામ આવતું નથી. એક પથ્થરને ગોઠવ્યો અને સિંદૂર ચોપડ્યું. તેને હનુમાનજીનું સ્વરૂપ આપ્યું. લોકોએ તેની પૂજા કરી. તેથી શું વળ્યું ? પથ્થર હનુમાનજી નથી. એ પથ્થરને હનુમાનજી માનવાવાળી વ્યક્તિમાં એ પથ્થર હનુમાનજી છે એવો ભાવ નથી, કેવળ લોકોને એ બહાને આકર્ષી, તેની પાસે પૂજાને મિષે દ્રવ્ય કઢાવવાનું એ પાખંડ છે. ઘણાય ધુતારાઓ એવા અનેકવિધ પાખંડના અખાડાઓ જમાવીને ભોળા મનનાં માનવીઓને ઠગીને પોતાનો અર્થ સાધે છે. તેવા પાખંડીઓથી બચવા માટે આ એક સૂચન છે. ધર્મને નામે પાખંડીઓને વશ બનેલા ભોળા માનવીઓ કેટલાં પાપ કરે છે તેની સીમા નથી. લક્ષ્મીને મિષે, પુત્રને મિષે, અને એવા એવા પ્રાપંચિક અનેક સ્વાર્થ સાધવાને માટે ભોળા મનુષ્યો સ્વાંગધારી સાધુઓ પાસે જાય છે અને ધર્મને નામે અનેકવિધ પાપ, અનાચાર ત્યાં થાય છે. અને તેથી જ ''લોભિયા હોય ત્યાં ધુતારા ભૂખે ન મરે'' એવી એક લોકવાયકા પણ પ્રચલિત છે. પાખંડને પૂજનારાઓ અને પોષનારાઓ પાખંડીઓની પૂજા પરમાર્થે કરતા નથી પણ સ્વાર્થાંધ બનીને કરે છે. ''મહારાજ પ્રસન્ન થશે તો મને લક્ષ્મી મળશે, પુત્ર મળશે. મહારાજ પ્રસન્ન થશે તો મારો પતિ મને માનીતી લેખશે.'' આ અને આવા અનેક સ્વાર્થે લોકો મહારાજની શક્તિનો આંક બાંધ્યા વિના કેવળ બાહ્ય આડંબરને જોઈને જ ટોળે ટોળે દોડ્યા જાય છે. મહારાજ પણ કુશળ હોય છે. જગતના ભોળા માનવીઓની નાડ પરખીને જેની સાથે તેવી વાતો અને આચાર કરે છે. અને અંતે એવા શરણાર્થીઓનું ધન પડાવી લઈ એક રાત્રે ગામમાંથી ભાગી જાય છે. લોકો હાથ ઘસતા થાય છે અને ત્યારે જ તેનાં પાખંડ છતાં થાય છે. આમ પથ્થરને અને પાખંડને પૂજનારાઓ પુણ્યનો સંચય કરવાને બદલે પાપના જ પુંજ ભેળા કરે છે. એ પાપનાં પોટલાં કેમે કર્યાં છૂટતાં

નથી. અને પાપનું ફળ-અધમયોનિ-પ્રાપ્ત કરીને તેઓ અધિક દુઃખ ભોગવે છે. એવા અંધશ્રદ્ધાળુઓ માટે શ્રી અવધૂતભાખ્યું આ એક સુંદર માર્ગદર્શન છે. એવા ગુરુઓ તો માત્ર ધનને જ હરણ કરે છે પણ ધોકાને હરણ કરતા નથી; તેથી પાખંડીઓથી બચવા માટે અહીં સંકેત કર્યો છે. પાપના એ પુંજ ક્યારે છૂટે ? શ્રી ભગવાને અર્જુનને કહ્યું :



ભા.- ૧

ब्रह्मण्याधाय कर्माणि सङ्गं त्यक्त्वा करोति यः ।
लिप्यते न स पापेन पद्मपत्रमिवांभसा ॥

"જે પુરુષ કર્મોને બ્રહ્માર્પણ કરીને, ફલાસક્તિનો ત્યાગ કરીને કર્મ કરે છે તેને જેમ પાણીનો અને કમળના પત્રનો સંબંધ થતો નથી તેમ પાપ લેપન કરતાં નથી." આમ પાપથી નિર્લિપ્ત થવાનો એક માર્ગ શ્રી ભગવાને બતાવ્યો છે. જે કર્મો થાય છે તે ગુણને આધીન થાય છે. એ સત્ત્વાદિ ગુણમય કર્મનો આરંભ કરીને તે સમસ્ત કર્મોને જે પરમાત્માને અર્પણ કરે છે, તેનો તે કર્મ અને તેના ફળ સાથેના સંબંધનો અભાવ થઈ જાય છે, અને તેના પરિણામે તેના પૂર્વકૃત કર્મોનો નાશ થાય છે. "કર્મોનો ક્ષય થાય છે ત્યારે તે પરમાત્માને પ્રાપ્ત થાય છે," એવું ઉપનિષદ વાક્ય પણ છે.

તાત્પર્ય એ છે કે, જે કંઈ કરવામાં આવે તે નિઃસંગ ભાવે કરવામાં આવે તો જ તેના પાપ કે પુણ્યનો ભોક્તા કર્મ કરનાર બનતો નથી. પણ ઉપર કહ્યું છે તેમ જેઓ કેવળ ભૂતપિશાચપાષાણ આદિને પૂજનારા છે, જે પાખંડીઓના લોખંડી પંજામાં સ્વાર્થાંધ થઈને સપડાયા છે તે પાપથી મુક્ત થતા નથી. જ્યારે અંતઃકરણના સાત્ત્વિક પશ્ચાત્તાપ દ્વારા તેનું સ્મરણ કરીને પાપમાંથી મુક્ત થવા માટે પ્રભુની અંતઃકરણપૂર્વક પ્રાર્થના કરીએ ત્યારે પ્રભુકૃપાએ એ મલિન ચિત્ત શુદ્ધ થતાં, જ્ઞાનાગ્નિ પ્રગટતાં એ પાપના પુંજ, જેમ ઘાસમાં પડેલી અગ્નિની ચિનગારી ઘાસને એક જ ક્ષણમાં ભસ્મનો ઢેર બનાવી દે છે તેમ, ભસ્મ બની જાય છે. ત્યારે જીવ શુદ્ધ થાય છે. પ્રેતને પૂજવાથી, પાણાને પૂજવાથી કે પાખંડને પૂજવાથી પાપના પુંજ છૂટતા નથી, પણ બંધનો વધારે દૃઢ થતાં જાય છે. અસ્તુ.

આમ શ્રી અવધૂતે જીવની અધોગતિનાં કારણો આગળ બતાવ્યાં. બીજાં પણ થોડાં માનસિક કારણોનું વર્ણન કરતાં શ્રી અવધૂત કહે છે :

વ્હેમ બાધા થકી બોધ થાયે નહીં,
બોધ વિણ બંધ જનિ કેમ તૂટે ?

"મંગલમય પરમાત્માનું પ્રત્યેક વિધાન જીવના કલ્યાણ અર્થે છે, એ સૂત્ર જો આપણે આપણા જીવનમાં ઉતારીએ તો વહેમને જીવનમાં ક્યાંય સ્થાન છે ખરું ? "ભગવાન કરે તે ભલા માટે જ કરે છે," એમ આપણે વારંવાર બોલીએ છીએ અને બીજાઓને બોલતાં સાંભળીએ છીએ, છતાં એ વાતનું સત્ય આપણે જીવનમાં ઉતારતા નથી. અને બોલીએ છીએ તેવું



વિચારતા નથી અને વર્તનમાં પણ મૂકતા નથી. તેના પરિણામે જ વાતવાતમાં આપણે વહેમના ભોગ બનીએ છીએ. વહેમ અને બાધા એ પાખંડને પૂજનારાઓનાં અને પાખંડને પૂજાવનારાઓનાં જ ધતિંગ છે. વહેમ એ સાંસર્ગિક સંસ્કાર છે. બીજાઓને કરતા જોઈએ, બીજાઓને બોલતા સાંભળીએ અથવા બીજાઓને માનતા અનુભવીએ તે પ્રમાણે માનવાનું આપણને પણ મન થઈ જાય છે. એ સંસ્કારો પણ ઘણી વખત સ્વભાવને વહેમી બનાવે છે. બીમારી આવી તો કહેશે, ભગવાન રૂઠ્યા, બાધા લ્યો. બહાર જવા નીકળ્યા અને બિલાડી આડી આવી, અથવા કોઈ છીંક્યું તો તે અપશુકન ગણાય એ પ્રચલિત સંસ્કાર છે. એકે માન્યું, બીજાએ માન્યું અને એમ ગતાનુગતિક સંસ્કારે એવાઓના સંસર્ગમાં આવનારા બધાઓએ એવા વહેમને વજૂદ આપ્યું અને એ વહેમ રૂઢ બન્યો, સંસ્કાર બન્યો. પિતાના એ સંસ્કાર પુત્રમાં ઊતર્યા, સમાજના એ સંસ્કારે સમાજને ઘેરી લીધો અને આમ કાગનો વાઘ બનાવવાની મનુષ્યોને ટેવ પડી; એટલે અંધકારમાં પડછાયામાં પણ ભૂતની ભ્રમણા થાય એમ એ વહેમનું જાળું મનુષ્યને કેટલીક વાર હેરાન પરેશાન બનાવી દે છે. અરે, એટલું જ નહિ પણ કેટલીક વાર તો એ જ વહેમથી જીવનું પણ જોખમ થાય છે. આપણે પૂછીએ : એવા પ્રસંગનો કોઈએ અનુભવ કર્યો છે ખરો ? છીંક આવી અને છતાં જવાથી કિંવા બિલાડી આડી ઊતરી અને જવાથી કોઈનું અનિષ્ટ થયું છે ખરું ? જવાબ નહીં મળે. કારણ કે જ્યાં વહેમ છે ત્યાં સાહસ કરવાની હિંમત નથી. એ તો બિલાડી આડી ઊતરે એટલે પાઘડી ઉતારીને બેસે. નથી જવું. શું એમ કરવાથી વિપત આવવાની હશે તે ટળી જશે ? ના. જે થવાનું છે તે તો થશે જ. અગ્નિમાં ભૂસકો મારશો તો બળી જશો, પાણીમાં ભૂસકો મારશો તો ડૂબી જશો અને ઝેર પીશો તો મરી જશો. આમ છતાંય એ વહેમના વહેણમાં માણસો તણાય છે. એ વહેમના નિવારણ અર્થે પાખંડીઓએ બાધાનું તૂત ઊભું કર્યું છે. બિલાડી આડી આવ્યા છતાંય બહાર જનારને નુકસાન થયાના દાખલાઓ ભાગ્યે જ મળશે. વહેમ એ બીજી રીતે વિચાર કરીએ તો માનસિક નિર્બળતા છે. અથવા વહેમ જ્યારે અંતરમાં ઘર કરી જાય છે ત્યારે માનસિક નિર્બળતા સ્વાભાવિક રીતે જ આવી જાય છે, અને નબળા મનનો માનવી એક પણ ડગલું ભરતાં પહેલાં સો વખત વિચાર કરશે. માનસિક નિર્બળતાના પરિણામે માઠા વિચારનું એક આંદોલન ઊભું થાય છે. એ આંદોલન મૂર્તિમંત બનીને મનુષ્યની આગળ હાલતાં અને ચાલતાં તરવરતું જ જણાય છે. આમ કરીશ તો આમ થશે. ઉત્તરમાં જઈશ તો કાળ છે, પશ્ચિમમાં જઈશ તો લક્ષ્મીની હાનિ છે—આવા અનેક અનિષ્ટ વિચારો એવા વહેમીના મનમાં સદા આવ્યા જ કરે છે. વહેમ જ્યારે જડ ઘાલી જાય છે ત્યારે નીકળવો પણ મુશ્કેલ છે. અને જ્યાં સુધી એ વહેમની નિવૃત્તિ ન થાય

ત્યાં સુધી એ વહેમનો ભોગ બનેલો માનવી કદી શાંત થતો નથી. અને તેથી જ ''संशयात्मा विनश्यति'' એવું પણ વચન કહ્યું છે.

આગળ કહ્યું તેમ વહેમ માનવીને ભીરુ બનાવે છે. વહેમના જાળામાં વીંટળાયેલો માનવી વાતવાતમાં ભયાકુળ બની જાય છે. પરિણામે તે કોઈ પણ કાર્ય નિર્ભીતપણે કરી શકતો નથી. એ જ વહેમમાંથી બાધાના અનિષ્ટનો જન્મ થયો છે. માથું દુખ્યું કે બાધા લીધી. કોઈ પણ બીમાર પડ્યો કે બાધા લીધી અને એમ વાતવાતમાં બાધાઆખડી કરવાની આપણને ટેવ પડી જાય છે. એ વહેમ અને બાધાના ભોગ ઘણે ભાગે પુરુષો કરતાં સ્ત્રીઓ બને છે. એવા સંશયાત્માનો વિનાશ જ થાય છે.



આગળ કહ્યું તેમ નિર્માણમાં મીનમેખ મારવાને પ્રભુ પણ સમર્થ નથી. પ્રારબ્ધ એટલું બળવાન છે કે એની શક્તિ આગળ કોઈનું કશું જ જોર ચાલતું નથી. એ પ્રારબ્ધના ભોગરૂપે જે સુખ વા દુઃખ આવી પડે તે ભોગવવાને જ માનવી સર્જાયો છે. આટલી વાતનો દૃઢ નિશ્ચય કરીએ તો કોઈ પણ વહેમનું પ્રાબલ્ય ચાલતું નથી. અને બાધાઓ લેવાની પણ જરૂર પડતી નથી.

''સુખ દુઃખના હેતુ માનવીઓ નથી, દેવતાઓ નથી, શરીર અને ગ્રહ પણ નથી, અને કર્મ કિંવા કાળ પણ નથી. પણ આ સંસારચક્ર ચલાવનાર મનુષ્યનું મન જ એ સુખદુઃખના પરમ કારણરૂપ છે.

नायं जनो मे सुखदुःखहेतु–
र्न देवताऽऽत्मा ग्रहकर्मकालाः ।
मनः परं कारणमामनन्ति
संसारचक्रं परिवर्तयेद् यत् ॥

બ્રાહ્મણને જ્યારે વૈરાગ્ય થયો ત્યારે તેણે આત્મમંથન કર્યું. એ મંથનના પરિણામે તેણે આ નિર્ણય કર્યો – વહેમ અને બાધાઓનું ભૂત અંતઃકરણમાંથી સમૂળ કાઢી નાખવાનો. એ નિર્ણય પ્રત્યેક મનુષ્યે જીવનનો મુદ્રાલેખ બનાવવા જેવો છે. આનો વિશદ વિસ્તાર શ્રીમદ્ ભાગવતના એકાદશ સ્કંધના ત્રેવીસમા અધ્યાયમાં મળી રહેશે. મન અતિશય બળવાન છે. તેણે જ વિષયો, ગુણો અને વૃત્તિઓની સૃષ્ટિ રચી છે. એ વૃત્તિઓને અનુસરીને જ સાત્વિક, રાજસી કિંવા તામસી આદિ જે જે કાર્યો થાય છે તે તે કર્મના પરિણામે જીવની વિવિધ ગતિ પણ થાય છે. આત્મા તો અનીહ એટલે નિષ્કર્મ અને નિષ્ક્રિય છે. જે કાંઈ ચેષ્ટાઓ થાય છે તે બધી જ મનની ચેષ્ટાઓ છે. આ સમગ્ર વાતનું રહસ્ય એ છે કે માનવીના સુખદુઃખનો ભાર કોઈના શિર પર મૂકવાની જરૂર નથી. માનવી માનવીનો શત્રુ નથી. દેવો માનવીના શત્રુ નથી. કાળની ગતિ પણ સુખદુઃખ આપી શકતી નથી. માત્ર મનનાં દોરવ્યાં જે કર્મો થાય તે કર્મના પડઘા અથવા પ્રત્યાઘાતનું જ પરિણામ પ્રારબ્ધ છે, અને તે પ્રારબ્ધને



લીધે જ સુખ અથવા દુઃખની પ્રાપ્તિ થાય છે. આમ સર્વ અનર્થનું કારણ કેવળ મન છે.

જ્યારે એક અને અદ્વિતીય આત્મા અખંડ અને સર્વવ્યાપક છે અને તે આત્મા જ્યારે મારામાં અને તમારામાં એક જ સરખો સમાયેલો છે ત્યારે જુદે દેહે પણ એ આત્મતત્ત્વ તો એક જ હોવાથી તાત્ત્વિક દૃષ્ટિએ હું અને તમે જુદાં નથી. અને તેથી કોઈ કોઈનું સુધારી શકતું નથી કે કોઈ કોઈનું બગાડી શકતું નથી. દાંત વડે જીભ કચરાય, એક હાથ બીજા હાથને હાનિ કરે તો કોણ કોને દંડે ? કોણ કોના પર ક્રોધ કરે ? એ રીતે વિચાર કરતાં શત્રુમિત્રની, શુભાશુભની ભાવના સંભવિત નથી. અને તેથી તે માત્ર માનસિક કલ્પના છે. અને તેથી વિચાર કરીશું તો વહેમ અને બાધાઓ અસ્થાને છે. એટલું જ નહીં પણ માનવીને નિર્બળ બનાવવાનું એક સાધન છે. એ વહેમ અને બાધાની ઉપાધિથી મુક્ત થવાને જીવનના પ્રત્યેક પ્રસંગને થોડી તાત્ત્વિક દૃષ્ટિ એ વિચારી લેવાની જરૂર છે. તેમ કરશો તો તમને તમારી એ મૂર્ખતા ઉપર હસવું આવ્યા વિના નહીં રહે.

આ રીતે આપણે જ્યારે વહેમ અને બાધાના મૂળમાં ઊતરીશું અને નિરીક્ષણ કરીશું તો જણાશે કે મનની વૃત્તિમાં રહેલા દોષને કારણે મનુષ્ય પળેપળે પોતાના અનિષ્ટની કલ્પના કરતાં હોય છે. એ કલ્પનાને કારણે મનુષ્ય જ્યાં ત્યાં અનિષ્ટને જ જોતો હોય છે, અને એ અનિષ્ટના નિવારણ અર્થે ડૂબતો માણસ તરણું ઝાલે તેમ એવી બાધાઓ લઈને પોતાના મનની નાહિંમતને હિંમત આપતો હોય છે. ''કાંઈ નહીં બાધા લીધી છે, બધું સારું થશે'', એમ મનમાં વિચારતો હોય છે અને કાકતાલીય ન્યાયે જ્યારે પરિણામ શુભ આવે છે ત્યારે ''જુઓ મેં બાધા લીધી અને સારું થયું'', એમ બધાયને કહેતો ફરે છે. એ રીતે વહેમને પોષક બાધાની પ્રથા પણ સમાજમાં રૂઢ બને છે. મનનો જીવમાં અભિનિવેશ હોવાથી મનનો દોરવ્યો જીવ, જે હંમેશાં સુખની જ ઝંખના કરતો હોય છે અને અનિષ્ટથી ડરતો રહે છે; તે જ એ બાધા અને વહેમની વૃત્તિને પોષે છે. પરિણામે ઉન્નતિને બદલે અધોગતિ જ થાય છે. દિનપ્રતિદિન જીવ અધોગતિ તરફ જ ઘસડાતો જાય છે. અભય એ ઉન્નતિનું કારણ છે. ભય અધોગતિને માર્ગે ઘસડે છે. અભયને વહેમ કે બાધાની ઉપાધિ નથી. ભયગ્રસ્તને જ એ વહેમ અને બાધાઓનું શરણ પોતાને ભયથી મુક્ત થવાને લેવું પડે છે. અરે ભલા માણસ ! જો તું ભયાકુળ છે તો નિર્ભય પરમાત્માને શરણે જા. જો તું દ્વૈતની કલ્પના કરે છે તો અદ્વૈતમાં સમાઈ જા. તારો ભય જ્યાં સુધી તું દ્વૈતની કલ્પના રાખશે ત્યાં સુધી જ તને રાત્રિ અને દિવસ ત્રાસ દેશે. અદ્વૈતમાં ભળી જા. અભય બની જા.

જ્યાં સુધી મનુષ્ય એવા વહેમના વમળમાં વીંટાયેલો રહે છે અને તે

વહેમના માની લીધેલા અનિષ્ટમાંથી મુક્ત થવાને બાધા વગેરે રાખી દેવને રીઝવવાની વૃત્તિને પોષે છે, ત્યાં સુધી તેને આત્મતત્ત્વનું વાસ્તવિક જ્ઞાન થતું નથી. જ્યાં સુધી આત્મજ્ઞાન પ્રાપ્ત ન થાય ત્યાં સુધી જન્મમરણના ફેરા ટળતા નથી. એ કારણે એવા અનિષ્ટકારક વહેમ અને બાધાઓ તરફ દુર્લક્ષ્ય કરી આત્મોન્નતિને માર્ગે લઈ જનાર આત્મજ્ઞાન પ્રાપ્ત કરવા માટે અને તે દ્વારા સંસૃતિભય ટાળવા માટે જીવે કટીબદ્ધ થવું જોઈએ. અને તેથી જ શ્રી અવધૂતે કહ્યું :



ભા.- ૧

વ્હેમ બાધા થકી બોધ થાયે નહીં,
બોધ વિણ બંધ જનિ કેમ તૂટે ?

આપણે આગળ જોયું છે કે વહેમ અને બાધાઓ અજ્ઞાનમૂલક છે, અને તેથી એ વહેમ અને બાધાઓને લીધે જ્ઞાન થતું નથી. ખાબોચિયાના મલિન પાણીમાં સ્નાન કરનાર પોતાના શરીરનો મેલ ધોઈ શકતો નથી પણ મેલને વધારે છે. તેમ વહેમ અને બાધાથી જ્ઞાન તો થતું નથી પણ જે અજ્ઞાનના કારણે આપણે વહેમ અને બાધાની પકડમાં આવ્યા છીએ તે અજ્ઞાનમાં જ વધારો થાય છે, એ અજ્ઞાનને ટાળવાને જ્ઞાનની જરૂર છે. એ જ્ઞાનનો પ્રકાશ જો અંતઃકરણ ઉપર પડે તો જ અજ્ઞાનનો અંધકાર દૂર થાય. અને તેથી નાનકડી લીટીમાં શ્રી અવધૂતે કહ્યું :

"વ્હેમ બાધા થકી બોધ થાયે નહિ."

ત્યારે બોધ થાય શી રીતે ? જ્યારે જીવનનું આપણે વાસ્તવિક દર્શન કરતા થઈએ ત્યારે; કેવળ કલ્પનાના સમુદ્રમાંથી નીકળીને વાસ્તવિક સમુદ્રમાં સ્નાન કરીએ ત્યારે જ આપણું શરીર પાણીથી પલળે. તેમ અજ્ઞાનનાં એ બંધનથી મુક્ત થઈને જ્યારે આપણે જ્ઞાનદૃષ્ટિએ વિચાર કરતા થઈએ ત્યારે જ આપણું એ અજ્ઞાન દૂર થાય અને જ્ઞાન પ્રાપ્ત કરી શકાય. અને ત્યારે જ "ज्ञानादेवच कैवल्यम्" એ શ્રુતિવાક્યની યથાર્થતાનો અનુભવ મળે.

વાસ્તવદર્શી શ્રી ભગવાને અર્જુનને સમગ્ર ગીતાનો બોધ આપીને અવાસ્તવિક-અજ્ઞાનથી ભરેલું તેના જીવનનું દર્શન પલટાવ્યું અને ત્યારે અર્જુનને બોધ થયો અને એણે કહ્યું :

नष्टो मोहः स्मृतिर्लब्धा त्वत्प्रसादान्मयाच्युत ।
स्थितोऽस्मिगतसंदेहः करिष्ये वचनं तव ॥

"હે અચ્યુત, આપની કૃપાથી મારો મોહ નાશ પામ્યો છે અને મેં સ્વધર્મ-કર્મ-આત્મજ્ઞાન વગેરેની સ્મૃતિ પ્રાપ્ત કરી છે. હવે સંશયરહિત થઈ હું તૈયાર ઊભો છું. આપનું કહેવું કરીશ." મોહનો નાશ થવો જોઈએ. જ્યાં સુધી આપણને સંસારમાં અને શરીરમાં મોહ છે ત્યાં સુધી આપણે કોઈ દિવસ વાસ્તવિક દર્શન કરી શકીએ એમ નથી. એ મોહનાશ અર્થે શ્રી ભગવાને અનેક યુક્તિ-પ્રયુક્તિઓ દ્વારા વાસ્તવિક દર્શન કરાવ્યું છે,

તેમ શ્રી અવધૂત પણ આપણને વસ્તુનું વાસ્તવિક દર્શન કરાવવાને હવે કહે છે :

"બીજમાં વૃક્ષ ને વૃક્ષમાં બીજ,
પરિબ્રહ્મમાં આપ પર તેમ કાસે."



બીજમાં જેમ વૃક્ષ સમાયેલું છે અને તે જ વૃક્ષમાં જેમ વૃક્ષનું બીજ પણ સમાયેલું છે તેમ પરિબ્રહ્મમાં જગત અને જગતમાં પરિબ્રહ્મનો પ્રકાશ રહેલો છે. શ્રી અવધૂતભાખી ઉક્તિનો આ સાદો અર્થ છે. એમાં શાસ્ત્ર અને ઉપનિષદનું ગૂઢ રહસ્ય સમાયેલું છે.

બીજ પહેલું કે વૃક્ષ ? બાપ પહેલો કે બેટો ? વૃક્ષ વિના બીજ નથી અને બીજ વિના વૃક્ષ નથી. બાપ વિના બેટો નથી અને બેટા વિના બાપ નથી. પ્રશ્ન રમૂજી છે, ખરું ? અને ગૂઢ પણ છે જ ને ? પ્રથમ અસ્તિત્વ કોનું ? જરા વિચાર કરીશું તો જણાશે કે બીજનું અસ્તિત્વ પ્રથમ છે. પણ તુરત જ શંકા થાય છે – વૃક્ષ વિના બીજનું અસ્તિત્વ ક્યાંથી આવ્યું ? શ્રી ભગવાને અર્જુનને કહ્યું :

बीजं मां सर्वभूतानां विद्धि पार्थ सनातनम् ।

"સર્વ ભૂતોનું સનાતન બીજ તું મને જાણ." અને આ બીજ તે જ વૃક્ષ વિનાનું પ્રથમ બીજ. એવું સનાતન બીજ જ્યાં સુધી બીજરૂપે રહે ત્યાં સુધી અવ્યક્ત રહે અને અદ્વૈત રહે. પણ એ જ સનાતન બીજમાંથી પુરુષ અને પ્રકૃતિ એવા દ્વૈતનો જન્મ થાય.

"બીજમાં વૃક્ષ" ને "વૃક્ષમાં બીજ" એ શ્રી અવધૂતભાખ્યા સનાતન સત્યમાં અને ઉભય સિદ્ધાંતોમાં અતિશય ગૂઢ રહસ્ય સમાયેલું છે. એ રહસ્ય ઉપનિષદોએ ગાયું છે. પરમાત્મા નિર્બીજ છે. પ્રકૃતિ સબીજ છે. પરમાત્માનું ઈક્ષણ કિંવા અમોઘ સંકલ્પ એ પ્રકૃતિનું સનાતન બીજ છે. અને તેથી શ્રી ભગવાને અર્જુનને કહ્યું :

मयाऽध्यक्षेण प्रकृतिः सूयते सचराचरम् ॥

"અધ્યક્ષ એવા મારા વડે પ્રકૃતિ જડચેતન સહિત જગતને ઉત્પન્ન કરે છે." અને તેથી પરમાત્મા

गतिर्भर्ता प्रभुः साक्षी निवासः शरणं सुहृत् ।
प्रभवः प्रलयः स्थानं निधानं बीजमव्ययम् ॥

"ગતિ, પોષણકર્તા, પ્રભુ, સાક્ષી, નિવાસસ્થાન, શરણ, સુહૃદ, ઉત્પત્તિ, પ્રલય, સ્થિતિ નિધાન તથા અવિનાશી બીજ હું જ છું." એવું શ્રી ભગવાને કહ્યું છે.

એ સનાતન બીજમાંથી પ્રકૃતિરૂપ વૃક્ષનું નિર્માણ થયું છે. જેમ બીજ વાવ્યા પછી પ્રથમ અંકુર ફૂટે છે, ત્યારે તે બીજ દ્વિધા વિભક્ત થાય છે. તેમ પરમાત્માના અમોઘ સંકલ્પમાંથી પુરુષ અને પ્રકૃતિ એવા બે અંકુરો ફૂટે છે. બીજની એ બે ફાડ અથવા બન્ને અંકુરોની વચમાં

એક નાનકડો કણ હોય છે, જેના ઉપર એ બન્ને ફાડનો આધાર હોય છે. એ નાનકડો કણ છે તે ''પરમતત્ત્વ.'' અને તેથી જે પરમાત્મા છે તેની શક્તિના આધારે જ એ ક્ષર અને અક્ષરનું અસ્તિત્વ સુરક્ષિત છે એમ કહેવામાં હરકત નથી. એ નાનકડા કણના આધારે જ અંકુર નીકળીને વૃદ્ધિ પામતા જાય છે. ત્યારે એ બંને ફાડો માટી ભેળી બની જાય છે. અને તેથી જેમ બીજમાં વૃક્ષ છે તેમ પુરુષમાં પ્રકૃતિ છે. વૃક્ષમાં બીજ છે તેમ પ્રકૃતિમાં પુરુષ છે. એ પુરુષ ક્ષર અક્ષર પ્રકૃતિમાં હોવા છતાંય એ ઉભયથી અલિપ્ત છે.



આપણે ઉપર જોયું તેમ આપણે કોઈ બીજનું નિરીક્ષણ કરીએ તો જણાશે કે જ્યારે બીજને જમીનમાં વાવીએ છીએ ત્યારે અને જળસિંચન કરીએ છીએ ત્યારે તેમાંથી એક ફણગો ફૂટે છે. એ ફણગાને બે જ પાન હોય છે. એક છે પુરુષ અને બીજું છે પ્રકૃતિ. એ બે પાંદડાંનો જે બીજમાંથી પ્રાદુર્ભાવ થાય છે તે બીજ હવે બીજસ્વરૂપે રહેતું નથી. જમીનમાં મૂળ લઈને સ્વરૂપાંતર થઈ જાય છે. એ ફણગામાંથી ક્રમશઃ વિકાસ પામીને એ જ બીજ વિશાળ વૃક્ષરૂપે આપણે જોઈએ છીએ. એ જ વૃક્ષની પરિપક્વ અવસ્થા થયા પછી તેમાંથી જ આપણને બીજની પ્રાપ્તિ થાય છે. એમ બીજમાં વૃક્ષ રહેલું છે અને વૃક્ષમાં બીજ રહેલું છે. બીજને જેમ પૃથ્વી ધારણ કરીને તેમાંથી વટવૃક્ષને અને ઇતર વૃક્ષને જન્મ આપે છે, તેમ એ સનાતન બીજને પ્રકૃતિ ધારણ કરીને તેમાંથી સચરાચર જગતને જન્મ આપે છે. અને તેમાં પણ સનાતન બીજનું અધ્યક્ષપણું હોય છે. આમ પુરુષ, પ્રકૃતિ અને બીજનો પરસ્પર સંબંધ હોવાથી અને વૃક્ષનું મૂળ કારણ બીજ હોવાથી એ જ બીજ રૂપાંતરે જેમ વૃક્ષમાં ઓતપ્રોત છે, તેમ પરમતત્ત્વ પણ બીજરૂપે જગતરૂપી સંસારવૃક્ષમાં ઓતપ્રોત છે. છતાંય બીજ વૃક્ષ નથી, તેમ પરમતત્ત્વ જગત નથી. પણ એ જગતનું મૂળ કારણ છે. જેમ બીજમાં વૃક્ષ રહેલું છે તેમ પરમાત્મામાં જગત રહેલું છે. અને પરમાત્માની શક્તિ વડે જ તેનો નિર્વાહ પણ ચાલે છે. અને છતાંય એ પરબ્રહ્મને જગતના વિકારો લેશ માત્ર પણ વળગતા નથી. કેવળ દ્રષ્ટા રૂપેજ એ જગતમાં રહે છે.

''વૃક્ષ'' શબ્દનો અર્થ સૂચક છે. કોક વિદ્વાને તેનો અર્થ કર્યો છે : ''વૃ'' એટલે વૃદ્ધિ અને ''ક્ષ'' એટલે ક્ષય. આમ વૃદ્ધિ અને ક્ષય જેનો ધર્મ છે તે વૃક્ષ. અને જગત પણ વૃદ્ધિ અને ક્ષયને અધીન છે. અને તેથી શ્રી ભગવાને એ સંસારને :

ऊर्ध्वमूलमधःशाखमश्वत्थं प्राहुरव्ययम् ।

''ઊંચા મૂળ તથા નીચી શાખાવાળા અશ્વત્થવૃક્ષને અવ્યય કહે છે.'' એ પ્રમાણે કહીને સંસારને અશ્વત્થવૃક્ષ સાથે સરખાવ્યો છે, જેનાં મૂળ ઉપર છે. એટલે જેમ વૃક્ષને મૂળનો આધાર છે તેમ એ જગતરૂપી અશ્વત્થને પરમતત્ત્વનો આધાર છે. એ વૃક્ષની શાખાઓ નીચે છે એટલે પ્રકૃતિ દ્વારા

એ વૃક્ષનો વિસ્તાર થાય છે. એવા આ જગતરૂપી વૃક્ષમાં મૂળરૂપે એટલે આધારરૂપે પરમતત્ત્વ છે. અને એ જગતરૂપી વૃક્ષ પરમતત્ત્વમાં સમાયેલું છે, અને તેથી સનાતન બીજના વિસ્તારરૂપ આ જગતમાં પરમાત્મા પ્રકાશે છે. પણ વૃક્ષમાં જેમ બીજ રહેલું છે તેમ જે પરમતત્ત્વ જગતમાં રહેલું છે, તેની અભિવ્યક્તિ પણ જગતથી જ થાય છે. પરમતત્ત્વ બીજરૂપે તો અવ્યક્ત છે અને તેથી વૃક્ષનું પ્રાકટ્ય કેવળ બીજથી થઈ શકતું નથી. બીજમાંથી વૃક્ષના પ્રાકટ્ય અર્થે જેમ ભૂમિ, જળ, અને તેજની જરૂર છે, તેમ સનાતન બીજમાંથી સંસારરૂપી વૃક્ષની અભિવ્યક્તિ અર્થે પણ પ્રકૃતિ અને ગુણોની આવશ્યકતા છે. તેથી પ્રકૃતિ અને ગુણોના આધારે એ પરમતત્ત્વ શક્તિ અને સત્તારૂપે અભિવ્યક્ત થાય છે. અને તેથી જ વૃક્ષમાં પરમતત્ત્વ બીજરૂપે રહેલું છે અને તેથી જ જગતમાં બ્રહ્મ અને બ્રહ્મમાં જગત સમાયેલું છે એવું કહેવાયું છે.

सर्वभूतस्थमात्मानं सर्वभूतानि चात्मनि ।
ईक्षते योगयुक्तात्मा सर्वत्र समदर्शनः ॥

''યોગયુક્ત અંતઃકરણવાળો અને બધે સમદૃષ્ટિવાળો મનુષ્ય આત્માને સર્વભૂતોમાં રહેલો અને સર્વભૂતોને આત્મામાં રહેલો જુએ છે.'' અને તેથી જ પરમતત્ત્વ એ ''**बीजमव्ययम्**'' છે એમ શ્રી ભગવાને કહ્યું છે. વળી,

''**यच्चापि सर्वभूतानां बीजं तदहमर्जुन**''

એ પ્રમાણે શ્રી ભગવાને કહ્યું છે. શ્રી અવધૂતે ''બીજમાં વૃક્ષ'' અને ''વૃક્ષમાં બીજ''ની જે ભાવના અહીં ગાઈ છે તે આ રીતે સિદ્ધ થઈ શકે. અને તેથી જ શ્રી ભગવાન,

''**बीजप्रदपिता ।**''

છે.

હવે એ જ વાતનો જરા વધુ વિચાર કરીએ. ઉપર આપણે કહ્યું કે પરમતત્ત્વના અમોઘ ઈક્ષણરૂપ બીજમાંથી જ આ પ્રકૃતિરૂપ સંસારવૃક્ષનું સર્જન થયું છે. પ્રકૃતિનું એ પ્રાકટ્ય અનુલોમ છે. એનો પ્રલય પ્રતિલોમ છે. એટલે આપણે આગળ કહ્યું તેમ એનું પ્રાકટ્ય ઉપરથી નીચે છે,જ્યારે પ્રલય નીચેથી ઉપર છે. એ શી રીતે તેનું થોડું વિવેચન કરીએ. આપણે બીજમાંથી વૃક્ષ થાય છે તે જોયું. હવે વૃક્ષમાંથી બીજ શી રીતે થાય છે તે પણ જોઈએ.

પરમતત્ત્વના અમોઘ સંકલ્પના પરિણામે પ્રથમ ''શબ્દ'' તન્માત્રાનો પ્રાદુર્ભાવ થયો. તેને રહેવા માટે અવકાશની જરૂર હોવાથી અવકાશનું નિર્માણ થયું. એ અવકાશમાં શબ્દરૂપે પરમતત્ત્વે પ્રવેશ કર્યો અને ત્યારે જ ભગવાને કહ્યું '' **शब्दः खे**''

પછી ''સ્પર્શ'' તન્માત્રાનું નિર્માણ થયું. એમાં શબ્દ તન્માત્રા અંશરૂપે

રહેલી છે. એ સ્પર્શ તન્માત્રાનો આધાર પામીને વાયુનું નિર્માણ થાય છે અને તેથી વાયુમાં આકાશનો અંશ છે. એ જ રીતે ''રૂપ'' તન્માત્રાનું શબ્દ અને સ્પર્શ તન્માત્રાના સહકારથી નિર્માણ થયું. અને તેનો આધાર પામીને અગ્નિતત્ત્વનું નિર્માણ થાય છે. એ અગ્નિતત્ત્વમાં આકાશ અને વાયુ અંશરૂપે રહેલા છે. એ જ રીતે ''રસ'' તન્માત્રા શબ્દ, સ્પર્શ અને રૂપનો અંશ લઈને નિર્માણ થાય છે. અને તેના આધારે ''અપ્'' તત્ત્વનું નિર્માણ થાય છે. જેમાં આકાશ, વાયુ, અગ્નિ અંશરૂપે રહેલા છે. એ જ રીતે ''ગંધ'' તન્માત્રાનું નિર્માણ શબ્દ, સ્પર્શ, રૂપ અને રસનો અંશ લઈને થાય છે. તેના આધારે આકાશ, વાયુ, અગ્નિ અને અપ્ના અંશયુક્ત પૃથ્વીતત્ત્વનું નિર્માણ થાય છે. આમ પંચ તન્માત્રાઓ યુક્ત પંચમહાભૂતોનું નિર્માણ થાય છે. અને તેમાં પરમતત્ત્વ ઓતપ્રોત રહેલું હોવાથી તેની સત્તા, સ્ફૂર્તિ અને શક્તિ વડે જ એ પંચમહાભૂતો શક્તિશાળી અને ક્રિયાશીલ જણાય છે.



આ રીતે અનુલોમક્રમે જે પંચતન્માત્રાઓ અને પંચ મહાભૂતોનું નિર્માણ થાય છે તેનો પ્રલયકાળે પ્રતિલોમક્રમે પરમતત્ત્વમાં વિલય થાય છે. એ પંચ તન્માત્રાઓનું કારણ અહંકાર છે. અહંકારમાંથી જ ચિત્ત, બુદ્ધિ અને મનનું નિર્માણ થાય છે.

ઉત્પત્તિકાળે સૂક્ષ્મતામાંથી સ્થૂળતા પ્રાપ્ત થાય છે. જ્યારે પ્રલયકાળે સ્થૂળતામાંથી ક્રમશઃ સૂક્ષ્મતા પ્રાપ્ત થતી જાય છે. અને અંતે એ સૂક્ષ્માતિસૂક્ષ્મ પરમતત્ત્વમાં કેવળ બીજ સંસ્કારરૂપે વિલીન થઈ જાય છે. ખૂબ જ કૂશળતાપૂર્વક એ સર્જનની ઉત્પત્તિ અને સંસારનો ક્રમ યોજાયો છે. ઉપર આપણે સર્જનની ઉત્પત્તિનો ક્રમ જોયો. હવે આપણે તેના પ્રતિલોમ સંહારનો ક્રમ એટલે સ્થૂળમાંથી સૂક્ષ્મનો ક્રમ પણ જોઈએ.

આપણે જોયું કે પૃથ્વીતત્ત્વમાં સ્વતત્ત્વ ઉપરાંત આકાશ, વાયુ, અગ્નિ અને અપ્ તત્ત્વનું પણ મિશ્રણ હોવાથી એ ચાર તત્ત્વો તેની તન્માત્રાઓ સાથે રહેલાં છે. એ ચાર તત્ત્વો પૈકી જ્યારે વાયુતત્ત્વ બળવાન બનીને પૃથ્વીની ગંધ તન્માત્રાનું આકર્ષણ કરે છે અને પોતાનામાં આકર્ષી લે છે, ત્યારે પૃથ્વી આધારહીન બનીને અપ્સ્વરૂપ બની જાય છે. એટલે પૃથ્વી અપ્માં ભળી જાય છે. પછી એ જ વાયુ બળવાન બનીને અપ્ની તન્માત્રા જે ''રસ'' છે તેનું આકર્ષણ કરીને પોતાનામાં ભેળવી દે છે. ત્યારે તે જ અપ્તત્ત્વ તેના કારણભૂત અગ્નિતત્ત્વમાં સમાઈને અગ્નિ બની જાય છે, એટલે અગ્નિમાં પરિવર્તન પામે છે. અગ્નિની તન્માત્રા રૂપ છે, એ તન્માત્રાને અંધકાર આકર્ષણ કરે છે. ત્યારે અગ્નિના પ્રકાશગુણનો લોપ થાય છે અને ત્યારે અગ્નિ તેના કારણભૂત વાયુતત્ત્વમાં લીન થઈ જાય છે. અને જ્યારે આકાશ વાયુની ''સ્પર્શ'' તન્માત્રાને પોતાનામાં આકર્ષે છે ત્યારે તે વાયુ આકાશમાં લીન થઈ જાય છે. આમ એ ચારે

તત્ત્વો ઉત્તરોત્તર આકાશતત્ત્વમાં લીન થઈ જાય છે.

પ્રલય એ પણ પરમતત્ત્વની એક સંહારતાંડવક્રીડા છે. અને તે શ્રી ભગવાને કહ્યું તેમ :



ભા.- ૧

कालोऽस्मि लोकक्षयकृत्प्रवृद्धो, ।
लोकान्समाहर्तुमिह प्रवृत्तः ॥

''હું લોકોનો નાશ કરનાર અત્યંત વધેલો કાળ છું અને લોકોનો સંહાર કરવા અહીં તત્પર થયો છું'' કાળસ્વરૂપે લોકોનો ક્ષય કરવાને તત્પર થાય છે. આકાશના અવશિષ્ટ શબ્દ તન્માત્રાને પોતાનામાં લીન કરે છે ત્યારે અંતે આકાશ તામસ્ અહંકારમાં લીન થઈ જાય છે. બુદ્ધિ અને ઇન્દ્રિયો રાજસ્ અહંકારમાં લીન થઈ જાય છે અને મન સાત્ત્વિક અહંકારથી ઉત્પન્ન થયેલ દેવો સહિત સાત્ત્વિક અહંકારમાં લીન થઈ જાય છે. મહત્તત્ત્વ પ્રકૃતિમાં અને પ્રકૃતિ બ્રહ્મમાં લીન થઈ જાય છે. અને છેવટે સનાતન અવ્યય બીજરૂપે પરમતત્ત્વનો અમોઘ સંકલ્પ પણ પરમતત્ત્વ નિઃસંકલ્પ બ્રહ્મમાં જ સમાઈ જાય છે.

''બીજમાં વૃક્ષ'' અને ''વૃક્ષમાં બીજ''ની પ્રક્રિયાનું આ રહસ્ય છે. વિવેચન કરીએ તો એટલા ઉપર જ એક સ્વતંત્ર પુસ્તક થાય. પણ શું થાય ? સંતોની વાણીની ગૂઢતા સંતો જ જાણી શકે.

જરા આગળ ચાલીએ. આપણે જ્યારે શરીરનો વિચાર કરીએ ત્યારે હાથ, પગ, નાક, કાન, આંખ વગેરે અવયવોને પકડીને તેને શરીર કહેતા નથી, પણ સર્વાંગસંપૂર્ણ સુવ્યવસ્થિત આકારને શરીર કહીએ છીએ. આપણે જ્યારે એક મકાનનો વિચાર કરીએ છીએ ત્યારે તેના એક ખંડને કિંવા એક અંગને મકાન કહેતા નથી, પણ અનેક અંગોયુક્ત એક સુવ્યવસ્થિત આકારને મકાન કહીએ છીએ. ઈંટનો ઢગ મકાન નથી. છો કે સીમેંટનો-ઢગ મકાન નથી. લાકડાંનો ઢગ પણ મકાન નથી. એ બધી વસ્તુઓ મકાનનો આકાર આપવામાં આવશ્યક છે. પણ પૃથક્રૂપે જેમ એ એકએક વસ્તુ મકાન નથી તેમ પંચભૂતો, પંચતન્માત્રા, મન, બુદ્ધિ કે અહંકાર પૃથક્રૂપે પ્રકૃતિ નથી. પૃથ્વી પૃથક્રૂપે પ્રકૃતિ નથી. આકાશ, વાયુ, અગ્નિ કે અપ્ પણ પૃથક્રૂપે પ્રકૃતિ નથી. અને એ પંચ મહાભૂતોની વ્યક્તિગત કાંઈ પણ શક્તિ કે સત્તા નથી. પણ એ પાંચે તત્ત્વોના તેની તન્માત્રા સહિતનાં વ્યવસ્થિત ગુણમય એકીકરણની સઘળી સત્તા અને શક્તિ છે. એ સત્તા અને શક્તિ પણ એ પંચમહાભૂતોની કે તન્માત્રાઓની નથી. પણ તે પરમતત્ત્વની શક્તિને આભારી છે. એવા સત્તા અને શક્તિશાળી પંચમહાભૂતોના એકીકરણને પ્રકૃતિ કહી. જેમ શરીરનું એક અંગ શિથિલ થાય તો તેની અસર બીજા અંગો ઉપર થાય છે અને તેથી સમગ્ર શરીરની ક્રિયાઓ પણ શિથિલ થાય; તેમ પ્રકૃતિનું એકાદું તત્ત્વ મોળું પડે અથવા વધારે બળવાન બને તો સમગ્ર પ્રકૃતિ ઉપર તેની અસર થાય એમાં શંકા

નથી. જેમ એક શરીરનાં કે મકાનનાં ભિન્ન ભિન્ન અંગો છે, તેમ પંચમહાભૂત તેની તન્માત્રા સહિત મન બુદ્ધિ અને અહંકાર એ પ્રકૃતિનાં ભિન્ન ભિન્ન અંગો છે. અને તેથી એ પ્રકૃતિને શ્રી ભગવાને પોતાની ''અષ્ટધા પ્રકૃતિ'' તરીકે વર્ણવી છે. એ આઠે તત્ત્વોનું એકીકરણ એટલે પ્રકૃતિ એવો આપણે અર્થ કરીએ તો અયોગ્ય નથી. અનેં એ એકીકરણ કોણ કરી શકે ? સુથાર મકાન ચણી શકે તેમ એ આઠ પ્રકારની પ્રકૃતિના એકીકરણના પરિણામે સંસારનું સર્જન કરી શકે તે ''પુરુષ''. બ્રહ્માંડનું સર્જન બ્રહ્માએ કર્યું, તે પણ એ આઠ પ્રકારની પરમાત્માની પ્રકૃતિનો આધાર લઈને જ કર્યું. પરમતત્ત્વની શક્તિ પ્રાપ્ત કરીને બ્રહ્માએ આ વિરાટ સર્જન સરજ્યું. અને તે દૃષ્ટિએ તેને ''પુરુષ'' કહીએ તો કાંઈ ખોટું નથી. સર્જન ક્ષર છે, કારણ કે તે જન્મ અને મૃત્યુને આધીન છે. જ્યારે બ્રહ્મા અક્ષર છે. તે ક્ષરની અપેક્ષાએ અક્ષર છે. જ્યાં સુધી પ્રલયકાળે પ્રકૃતિ અવ્યક્તમાં લીન થતી નથી ત્યાં સુધી એ બ્રહ્માનું અસ્તિત્વ પણ જોખમાતું નથી. પ્રલયકાળે જેમ પ્રકૃતિ લીન થાય છે તેમ એ બ્રહ્મા પણ લીન થાય છે. અનેં પ્રકૃતિ સાથે પરબ્રહ્મમાં લીન થઈને એ બ્રહ્મા પરમતત્ત્વમાં જ સમાઈ જાય છે. અને તેથી જે પરમતત્ત્વ છે તે ક્ષરસર્જન અને અક્ષરબ્રહ્મથી પર છે, અને તે જ ''પુરુષોત્તમ'' છે. એ જ બીજની બે ફાડ વચ્ચેની બે ફાડના આધારરૂપે રહેલી કણિકા છે. એ જ વૃક્ષમાં બીજરૂપે અને બીજમાં વૃક્ષરૂપે રહીને વિશ્વમૂર્તિ બનેલું પરમતત્ત્વ છે. અસ્તુ.



હવે આપણે આગળ ચાલીએ. શ્રી અવધૂત કહે છે :

''રજ્જુભુજંગ સમ વિશ્વ ભ્રાંતિ''

જે તત્ત્વદર્શી છે, જેનું વાસ્તવિક દર્શન છે, તે દૃશ્યને પણ તત્ત્વ સ્વરૂપે જ જુએ છે. અને તેથી તે દોરડીને દોરડી રૂપે જ જુએ છે. ભલે તે દોરડી અંધકારમાં પડી હોય કે પ્રકાશમાં પડી હોય, તો પણ તેને તે દોરડીમાં સર્પની ભ્રમણા થવાનો સંભવ નથી. જેના અંતરમાં પરમતત્ત્વનો પ્રકાશ ચોમેર વ્યાપ્યો છે અને તે જ પ્રકાશને જે પોતાના અંતરની બહાર પણ જુએ છે તેને ક્યાંય અંધકાર જણાતો નથી. પાર્થિવ અંધકારમાં પણ તે પરમતત્ત્વનો પ્રકાશ જ જુએ છે અને અનુભવે છે. અને તેથી તેને ભ્રાંતિ જેવું કશું જ નથી. અને તેથી તે પરમતત્ત્વને વિશ્વરૂપે અને વિશ્વને પરમતત્ત્વરૂપે અનુભવીને, અભેદદૃષ્ટિએ જગતમાં સર્વત્ર બ્રહ્મનાં જ દર્શન કરે છે. જે સર્વત્ર દોરીને જ જુએ છે તેને સર્પ ક્યાં જણાય ? સર્પદર્શન એ મિથ્યાદર્શન છે, ભ્રાંતિ છે. જ્યાં દ્વૈતભાવ છે ત્યાં જ એ ભ્રાંતિ પોતાનું પોત પ્રકાશે છે. જે વાસ્તવદર્શી છે તે અદ્વૈતદર્શી છે. વસ્તુતઃ

सर्पस्य रज्जुता नास्ति नास्तिरज्जौ भुजङ्गता ।
उत्पत्तिनाशयोर्नास्ति कारणं जगतोऽपि च ॥

''જે પ્રકારે સર્પમાં રજ્જુત્ત્વ અને રજ્જુમાં સર્પત્ત્વ નથી, તે જ

પ્રકારે જગતની ઉત્પત્તિ અને નાશનું કોઈ પ્રયોજન નથી.'' પણ :

लोकानां व्यवहारार्थमविद्येयं विनिर्मिता ।
एषा विमोहिनीत्युक्ता द्वैताद्वैतस्वरुपिणी ॥

''આ અવિદ્યાની રચના લોકવ્યવહાર અર્થે થઈ છે. એ દ્વૈતાદ્વૈત સ્વરૂપિણી છે, અને સમસ્ત સંસારને મોહિત કરનારી હોવાથી ''विमोहिनी'' કહેવામાં આવી છે. આ પ્રકારની સ્થિતિ છે.



અંધકારમાં એક દોરી પડી હોય, જનારને પગે અથડાય અને સાપ માનીને ભય પામે. એ સાચો ભય નથી. તેનો એ કલ્પિત ભય છે. તેના મનમાં સર્પના સંસ્કાર છે. એ સંસ્કાર અજ્ઞાનજનિત હોવાથી તેને રજ્જુમાં સર્પ જણાય છે. પણ તેમાં દોરીનો શો દોષ ? દોરી તો દોરી જ છે. જોનાર તેને સર્પ માને એ જોનારનો દોષ છે. એ પરિણામ તેની ભ્રમિત બુદ્ધિને કારણે નીપજે છે. આ જગત કેવળ સ્વપ્નમય છે, ભ્રામક છે અને અજ્ઞાનમૂલક છે; છતાંય જો તેને સત્ય માનવામાં આવે તો તેમાં વિશ્વનો શો દોષ ? મૃગજળ પીવા દોડતું હરણું મૃત્યુ પામે અને તેની તરસ ન મટે તો તેમાં મૃગજળનો શો દોષ ? વિશ્વ તો કહે છે : ''મારો તો આદિ પણ છે અને અંત પણ છે, મારી સ્વતંત્ર સત્તા નથી. કોઈની ઉછીની લીધેલી સત્તા અને સ્ફૂર્તિ વડે હું સત્તાવાન અને સ્ફૂર્તિવાન છું. હું તો કેવળ પ્રતિબિંબ છું.'' સરિતાનાં પાણી સુકાશે અને સૂર્યનું પ્રતિબિંબ તેમાં નહીં જણાય, પણ તેથી સૂર્યનો લોપ થવાનો નથી. તેમ વિશ્વ જેનું પ્રતિબિંબ છે તે પરમતત્ત્વનો લોપ થવાનો નથી. માયાના મૃગજળમાં જણાતું એ પ્રતિબિંબ, જ્યારે માયામૃગજળ સુકાઈ જશે ત્યારે આપોઆપ અદશ્ય થઈ જશે.' વિશ્વની એ વાત સાંભળનાર ન માને અને તેના મોહમાં તણાય તો દોષ વિશ્વનો નથી, વિશ્વને સત્ય માનનારનો જ એ દોષ છે. રજ્જુ તે રજ્જુ રહેશે તેમ બ્રહ્મ તે બ્રહ્મ જ રહેશે અને સર્પ તે સર્પ જ રહેશે; તેમ ભ્રાંતિ તે ભ્રાંતિ જ રહેશે. ''ભ્રાંતિ'' એટલે જ ''સત્યમાં અસત્યનો આરોપ.'' રજ્જુમાં સર્પનો આરોપ કરવો એ બ્રહ્મમાં વિશ્વનો આરોપ કરવા બરાબર છે. એ આરોપ કેવળ કલ્પિત છે એટલુંજ નહીં પણ મનનો એક તરંગ છે. વિશ્વની ઉત્પત્તિ થઈ તે પહેલાં તેનું અસ્તિત્વ નહોતું અને વિશ્વનો અંત આવશે ત્યારે તેનું અસ્તિત્વ નહીં રહે. અને તેથી જે આદિની પૂર્વે અને અંતની પછી નથી રહેવાનું તે મધ્યમાં નથી એમ સમજવું જોઈએ. શ્રી ભગવાને ઉદ્ધવને પણ એજ વાત કહી છે.

न यत् पुरस्तादुतयन्न पश्चा–
न्मध्येच तन्न व्यपदेश मात्रम् ।

અને તેથી તે કેવળ કલ્પના માત્ર-નામ માત્ર છે. અને તેથી આ જગત રજ્જુભુજંગની ભ્રાંતિ જેવું છે એમ માનવું જોઈએ, એ જ તત્ત્વબોધ

છે. બ્રહ્માંડના આરંભ પહેલાં અને બ્રહ્માંડના વિલય પછી પણ જે પરમત્ત્વનું અસ્તિત્વ રહેવાનું છે તે પરમતત્ત્વ, જેમ વસ્ત્રમાં સૂતર ઓતપ્રોત છે તેમ આદિ, મધ્ય અને અંતમાં પણ ઓતપ્રોત છે અને રહીને અંતે બ્રહ્માંડના અંત-વિનાશ પછી પણ રહેવાનું જ છે. સુવર્ણના અલંકારો બન્યા તે પહેલાં સુવર્ણ તો હતું જ, અને સુવર્ણમાંથી બનેલા અલંકારનો નાશ થશે ત્યારે પણ સુવર્ણ તો પોતાના સ્વરૂપમાં રહેવાનું જ છે. તેમ પરમતત્ત્વમાંથી સંકલ્પરૂપે ઉપજેલા વિશ્વનો વિલય થશે ત્યારે પણ એ પરમતત્ત્વ તો રહેવાનું જ છે. આદિમાં અને અંતમાં જે સુવર્ણ છે તે સુવર્ણ જેમ મધ્યમાં અલંકારરૂપે ભાસે છે, તેમ અલંકાર કેવળ સુવર્ણમાં આરોપિત કરવામાં આવ્યો છે. એ આરોપ મિથ્યા છે અને સુવર્ણ સત્ય છે. તેમ વિશ્વના આદિની પૂર્વે અને વિશ્વના-આરોપના અંતની પછી પણ જે પોતાના સ્વસ્વરૂપમાં સ્થિત છે તે જ પરમતત્ત્વ મધ્યમાં પણ વિશ્વસ્વરૂપે-સુવર્ણના અલંકારસ્વરૂપે ભાસે છે. અલંકારમાંથી આપણે સુવર્ણના અલંકારરૂપ આકાર-આવરણનો છેદ કરીએ તો તે અલંકાર હોવા છતાંય બુદ્ધિમાં તે અલંકારરૂપે નહીં જણાય પણ સુવર્ણરૂપે જ જણાશે; તેમ વિશ્વનું ભાસમાન સ્વરૂપ જો આપણે બુદ્ધિમાંથી કાઢી નાખીએ તો મધ્યમાં પણ એ જ વિશ્વની જગ્યાએ પરબ્રહ્મનો જ અનુભવ થશે. અને તેથી :

"રજ્જુભુજંગ સમ વિશ્વ ભ્રાંતિ."

એવું શ્રી અવધૂતે કહ્યું છે.

अस्मिन्निदं जगदशेषमशेष मूर्तौ ।
रज्वां भुजंगमइव प्रतिभासितंवै ॥

"જે રીતે રજ્જુમાં સર્પની ભ્રાંતિ થાય છે તે રીતે તેના અનંતસ્વરૂપમાં આ સમસ્ત જગત જણાય છે"; એવું એક વાક્ય પણ છે. અને તેથી જ શ્રી અવધૂતે કહ્યું :

"આદિમધ્યાન્ત પરિબ્રહ્મ ભાસે."

"આદિ, મધ્ય અને અંતમાં પણ પરિબ્રહ્મ જ ભાસે છે."

એક વસ્ત્ર લઈને અને તેના બધાય વાણાતાણા જુદા કરી નાંખીએ તો શું રહેશે ? વસ્ત્રનું અસ્તિત્વ ટળી જશે. પણ સૂતરનું અસ્તિત્વ રહેશે. વસ્ત્ર જેમ સૂતરના અસ્તિત્વને આભારી છે તેમ જગત પરિબ્રહ્મના અસ્તિત્વને જ આભારી છે. "જો બ્રહ્મ નથી તો જગત નથી", એ સત્ય છે. પણ "જો જગત નથી તો બ્રહ્મ નથી", એ સત્ય નથી. "બ્રહ્મ સત્ય છે અને જગત મિથ્યા છે", એ વેદનું વચન છે. સૂતર પ્રથમ હતું. વસ્ત્ર બન્યું ત્યારે પણ હતું અને વસ્ત્ર જતું રહેશે ત્યારે પણ રહેશે. તે જ રીતે સુતરનો તાંતણો જેમ વસ્ત્રનો આધાર છે તેમ બ્રહ્મતત્ત્વ જગતનો આધાર છે. જગત જતું રહેશે કારણ કે તે કલ્પિત છે, સ્વપ્નોપમ છે. પણ બ્રહ્મ નહીં જાય કારણ કે તે સત્ય છે. વસ્ત્ર જેમ સૂતરમાં



લય પામ્યું, અલંકાર જેમ સુવર્ણમાં લય પામ્યો, તેમ એ જગત અંતે બ્રહ્મમાં જ લય પામશે. અને તેથી જ ભગવાને કહ્યું :

सर्वभूतानि कौन्तेय प्रकृतिं यान्तिमामिकाम् ।

''હે અર્જુન, પ્રલયકાળે ભૂતમાત્રનો મારામાં લય થાય છે.'' સ્વપ્ન ક્યારે મટે ? જ્યારે જાગ્રત અવસ્થા પ્રાપ્ત થાય ત્યારે. અને ભ્રમણા ક્યારે ટળે ? જ્યારે જ્ઞાન થાય, સત્યનું દર્શન થાય ત્યારે. રજ્જુ એ સર્પ નથી પણ રજ્જુ છે એમ નિશ્ચય કરવાને આપણે દીપકના પ્રકાશમાં એ રજ્જુને જોવી જોઈએ અને ત્યારે જ ભ્રમનું નિવારણ થાય. જ્યાં સુધી અજ્ઞાનમૂલક ભેદદૃષ્ટિ છે ત્યાં સુધી એ ભ્રમણા રહેવાની છે. ભેદદૃષ્ટિના નિવારણ અર્થે અભેદબુદ્ધિ-અદ્વૈતભાવ અંતરમાં સ્થિર કરવાની જરૂર છે. અને ત્યારે એ જ રજ્જુ અને એ જ સર્પ બુદ્ધિમાંથી નિવૃત્ત થશે અને સર્વત્ર પરમતત્ત્વનો જ અનુભવ થશે. એવી સ્થિરમતિ થાય ત્યારે જ શ્રી અવધૂતભાખી–

''આદિમધ્યાંત પરિબ્રહ્મ ભાસે''–

ની અવસ્થા પ્રાપ્ત કરી અનંત સુખ સાગરમાં તરબોળ બની શકાય. આગળ ચાલતાં શ્રી અવધૂત કહે છે :

''સુજ્ઞને સાન બસ, અજ્ઞને આણ પણ,
દગ્ધને ડા'પણ કોણ દેશે ?''

વેદાંતનો સાર એટલે **''બ્રહ્મ સત્ય જગત મિથ્યા''** અને **''જીવ એજ બ્રહ્મ છે.''** ઉપનિષદોએ પણ એજ વાત વિવિધરૂપે સમજાવી છે અને અહીં શ્રી અવધૂતે પણ,

''સાનમાં સમજાવ્યું, શાણે સાનમાં સમજાવ્યું.''

એ શ્રી અવધૂતના એક ગીતના આધારે સાનમાં જ વાત સમજાવી છે. અને તેથી જ ઉપરોક્ત વેદાંતનો સાર સંકેતરૂપે શ્રી અવધૂતે સૂત્રરૂપે સમજાવીને કહ્યું :

''સુજ્ઞને સાન બસ.''

જે સુજ્ઞ છે તેને તો માત્ર ઈશારાની જ જરૂર છે. જેના અંતરમાં જ્ઞાનના સંસ્કારો લુપ્તપ્રાય પડેલા છે તેને તો માત્ર સાનથી જ સમજાવી શકાય. પણ જેનું હૃદય જડ છે તેવાને માટે તો જેમ ગધેડાને ડફણાં મારીએ તો પણ તે દોડતું નથી, તેમ ગમે તેટલું સમજાવો તોયે તેની સાન ઠેકાણે આવતી નથી. જે સારગ્રહી હંસ જેવો બુદ્ધિમાન છે તે તો માત્ર સંકેત દ્વારા પૂર્વાપરનો વિચાર કરીને મર્મ કળી શકે છે. પણ જે અજ્ઞાની છે તેને કેવળ સાંકેતિક ભાષામાં ગમ પડતી નથી. તેથી તેને યુક્તિપ્રયુક્તિએ એક વાત સમજાવવાની જરૂર પડે છે. જે અભણ છે તેનામાં ભણેલા અને જાણકારના કરતાં શ્રદ્ધા, ભક્તિ અને વિશ્વાસનું પ્રમાણ વધુ હોય છે. જાણકાર બધીય વાતોને બુદ્ધિ અને તર્કને ત્રાજવે

તોળે છે. જ્યારે અજ્ઞાની માણસો, બાળકો જેમ માતાપિતાના શબ્દો ઉપર સંપૂર્ણ વિશ્વાસ રાખે છે તેમ સંતોનાં વેણને અને શાસ્ત્રનાં વચનને કેવળ શ્રદ્ધા અને ભક્તિથી અનુસરીને ઇષ્ટલાભ પ્રાપ્ત કરે છે. એટલે જ ભર્તૃહરિએ કહ્યું : ''વિદ્વાનને રીઝવી શકાય, અજ્ઞાનીને રીઝવી શકાય પણ જે દુર્વિદગ્ધ છે તેને બ્રહ્મા પણ રીઝવી શકતા નથી.'' અને તેથી જ શ્રી અવધૂતે કહ્યું :

''દગ્ધને ડા'પણ કોણ દેશે ?''

જે દોઢડાહ્યો છે, જેને પોતાની બુદ્ધિનું અભિમાન છે, જેનામાં શ્રદ્ધા અને ભક્તિની તાણ છે, વિશ્વાસનો અભાવ છે અને કેવળ તર્ક કરીને જ પોતાની બુદ્ધિના અભિમાનમાં પોતાને સર્વજ્ઞ માને છે, જે બધે જ શંકાશીલ છે એવો જે દોઢડાહ્યો છે, જે દગ્ધ છે તેને ડહાપણ આપી શકાતું નથી. એવા માણસો છતી આંખે આંધળા છે. અને તેથી જ શ્રી અવધૂત આગળ ચાલતાં–

''દેખતાં આંધળો આપથી થાય જે
તેહનો હસ્ત તે કોણ સ્હેશે ?''

એવું કહે છે.

જે અંધ છે તેને દોરવી સાચે માર્ગે ચઢાવનારા મળે, તેમ જે અજ્ઞાની છે તેને સાચું માર્ગદર્શન કરાવીને, જ્ઞાન આપીને તેને સન્માર્ગે દોરવનારા સાધુ, સંત, શાસ્ત્રો સદ્ગ્રંથો આદિ છે. પણ જે માણસો દેખતા છે, જેને આંખ છે, જોવાની શક્તિ છે અને છતાં સત્ય તરફ આંખમીંચામણાં કરી જોવાનો ઇન્કાર કરે છે અને પોતાના અસદ્ આગ્રહમાં જ દૃઢ રહી રાચે છે તેને માર્ગદર્શન કોણ કરાવી શકે ? જે સમજ્યા છતાં પોતાની ભૂલ કબૂલ કરી બીજાએ બતાવેલી સાચી દિશાએ પણ જવાને તૈયાર નથી તેને દોરવણી કોણ આપી શકે ? એવાને તો સાક્ષાત્ બૃહસ્પતિ પણ રસ્તે ચઢાવી શકે તેમ નથી, તો બીજો કોણ દોરવી શકે ? એવા જ્ઞાનીઓ જ્ઞાનચક્ષુ હોવા છતાંય, સદસદ્નો વિચાર કરવાની શક્તિ હોવા છતાંય, જગતની ક્ષણભંગુરતા અને બ્રહ્મની નિત્યતાનો બોધ પ્રાપ્ત કર્યા છતાંય જે જ્ઞાનીઓ, અજ્ઞાનીઓ-મોહાંધ માનવીઓની માફક જગતના પ્રપંચમાં રગદોળાય છે તેવા જાણી જોઈને આંધળા થયેલા દેખતા માણસોનો હાથ કોણ પકડે ? કૂવો છે, કૂવામાં પાણી છે, પડવાથી મૃત્યુ થશે એ જાણીને જે માનવી કૂવામાં પડે છે તેનો હાથ કોણ ઝાલે ? અસ્તુ.

આગળ ચાલતાં શ્રી અવધૂત કહે છે :–

''તર્કવિતર્કનું જોર ચાલે નહિ,
પંડિતાઈ વૃથા ત્યાં તકાસે;''

બુદ્ધિ એ ભગવાનની અષ્ટધા પ્રકૃતિમાંની એક છે. તર્કવિતર્ક કરવા એ તેનું કાર્યક્ષેત્ર છે, છતાંય એ મર્યાદિત છે. એટલે અમર્યાદ પરમતત્ત્વને

પહોંચવાની એની ગતિ નથી. અને તેથી જ પરમતત્ત્વ એ અતર્ક્યભાવ હોવાથી બુદ્ધિની પકડમાં એ આવી શકતું નથી. કુશાગ્રબુદ્ધિની સૂક્ષ્માતિ સૂક્ષ્મ કલ્પના કરતાં પણ એ પરમતત્ત્વ અતિ સૂક્ષ્મ છે અને તેથી ત્યાં તર્કનું જોર ચાલતું નથી. કઠોપનિષદકારે પણ એ જ વાત કહેતાં



ભા.- ૧

"नैषा तर्केण मतिरापनेया"

"એ તર્ક દ્વારા પ્રાપ્ત કરવાયોગ્ય નથી." એ પ્રમાણે કહ્યું છે. વળી પંડિતાઈ એટલે શુષ્ક શબ્દજ્ઞાન - અનુભવ વિનાનું તત્ત્વજ્ઞાન પણ એ પરમતત્ત્વને પહોંચી વળતું નથી. અને તેથી કહેવાતા પંડિતોની પંડિતાઈનો પ્રભાવ એ પરમતત્ત્વનો નિર્ણય કરવાને ફાંફાં મારે છે.

પરમતત્ત્વના પ્રાકૃતિક અષ્ટધા પ્રકૃતિના આ મંડાણમાં પ્રકૃતિની ઓથમાં રહીને પરમતત્ત્વ આ બ્રહ્માંડનો વ્યવહાર ચલાવે છે. બ્રહ્માંડમાં કેટલીક અપરોક્ષ સૃષ્ટિ છે. અને કેટલીક પરોક્ષ સૃષ્ટિ છે. પરોક્ષ સર્જન આપણે જોઈ કે જાણી શકતા નથી અને તેથી તે અજ્ઞાત અવસ્થામાં છે. અપરોક્ષ સર્જન આપણે જોઈ શકીએ છીએ અને તેથી તે જ્ઞાત અવસ્થામાં છે. એ ઉભય જ્ઞાત અને અજ્ઞાત સર્જનમાં પરમતત્ત્વનો પ્રકાશ વ્યાપક હોવા છતાંય જેમ સૂર્યનો પ્રકાશ સૂર્ય નથી, સમુદ્રના તરંગો સમુદ્ર નથી, તેમજ પ્રકૃતિ પણ પરમતત્ત્વ નથી. શ્રી ભગવાને **"मम माया"** એ શબ્દનો પ્રયોગ કરીને એ માયા પોતાનાથી ભિન્ન છે એમ સૂચવ્યું છે. એ પ્રકૃતિને પેલે પાર રહીને એ પ્રકૃતિને ગતિમાન કરે છે અને તેથી સૂત્રાત્મા એવું પણ એક નામ એ પરમતત્ત્વનું છે. નાટકના સૂત્રધાર જેવો એ પ્રભુ, જેમ નાટકમાં સૂત્રધાર જણાતો નથી, છતાંય તેના સંચાલન વિના પાત્ર અભિનય કરી શકતો નથી તેમ, આપણને જણાતો નથી, છતાંય એ જ્ઞાતઅજ્ઞાત પ્રકૃતિ એ પરમતત્ત્વ વડે જ પ્રકાશિત થાય છે. અને તેથી શ્રી અવધૂતે કહ્યું છે :

'જ્ઞાતઅજ્ઞાતની પાર પર એ વસે
જ્ઞાત અજ્ઞાત એથી પ્રકાશે ?...."

વિદ્યાના બે પ્રકાર. પરા વિદ્યા બ્રહ્મની દ્યોતક છે, જ્યારે અપરા વિદ્યા પ્રકૃતિની દ્યોતક છે. એક જ્ઞાનસ્વરૂપ, બીજી અજ્ઞાનસ્વરૂપ. અપરા વિદ્યાના બોધ દ્વારા પ્રાકૃતિક નશ્વરતાનો બોધ કરવાથી અક્ષરની સાચી આરાધના થાય ત્યારે એ જ્ઞાનસ્વરૂપ પરાવિદ્યાનો પ્રભાવ પ્રકાશિત થાય. ત્યારે અનાત્મબુદ્ધિમાં આત્મબુદ્ધિનો સર્વાંશે નાશ થાય અને સર્વત્ર આત્મબુદ્ધિ પ્રાપ્ત થાય. એ પ્રતાપ "પંડા"નો છે. પંડાને જાણનાર જ સાચો પંડિત છે અને તે જ પરમતત્ત્વને પામેલો છે. અને તેથી જ શ્રી અવધૂતે કહ્યું :

"જ્ઞાની મૂંગા થયા, મૂક બોલે ઘણું,
દેખતા આંધળા અંધ દેખે ?
પંગુ દોડે ઘણું દોડતા પાંગળા,
સુરિજનો શૂન્યમાં આપ પેખે."

''જ્ઞાની મૂંગા થયા.'' એ વાક્ય થોડો વિચાર માંગી લે છે. ઉપર કહ્યું તેમ જેણે બ્રહ્મવિદ્યા દ્વારા પરમતત્ત્વની ઓળખ કરી છે તે પરમતત્ત્વનું સ્વરૂપ અંતરમાં ઉતારીને, ખરો જ્ઞાની બનીને મૂંગો બની જાય છે. જે સાચો જ્ઞાની છે તેના જ્ઞાનનું પરિણામ મૌન છે. તેને વાચારંભણ કરવાની વૃત્તિ જ રહેતી નથી. વાણીવિલાસથી તે પર છે, કારણ કે તત્ત્વ અનુભવગમ્ય છે, શબ્દગમ્ય નથી. પંડિતની વ્યાખ્યા કરતાં શ્રી ભગવાને કહ્યું :



भा.- १

यस्य सर्वे समारम्भाः कामसंकल्पवर्जिताः।
ज्ञानाग्निदग्ध कर्माणं तमाहुः पंडितं बुधाः॥

''જેના સર્વ આરંભો કામનાઓથી અને સંકલ્પોથી રહિત હોય, જેનાં કર્મો જ્ઞાનરૂપી અગ્નિ વડે ભસ્મ થઈ ગયાં હોય તેને જ્ઞાનીઓ ''પંડિત'' કહે છે.'' જ્યારે જેને કશું જ કરવાનું ન રહે, જ્યારે જેના અંતરમાં ઊર્મિ જ ન ઊછળે ત્યારે તેનો વૈખરીનો પ્રયોગ ભાગ્યે જ સંભવિત છે. અને તેથી જ શ્રી અવધૂતે કહ્યું તેમ જ્ઞાની છે તે મૂક બની જાય છે. કારણ કે તેણે જે જાણવાનું હતું તે જાણી લીધા પછી જ્યારે બીજું કશું જ જાણવાનું અવશેષ રહેતું નથી ત્યારે તેની વાણી બંધ થઈ જાય છે. એનો અર્થ એવો નથી કે તે બોલતો નથી. એનો અર્થ એવો છે કે જે પરમતત્ત્વ વાણીથી પર છે તેનું વર્ણન વાણીથી થઈ શકતું નથી. અને તેથી એ અર્થે તે મૂક છે.

મૂક બોલે ઘણું...

બીજી વાત શ્રી અવધૂતે કહી છે :

અક્ષરનો આરાધક અક્ષરની પ્રાપ્તિ કરી શકતો નથી, કારણકે તેની આરાધના કેવળ સ્થૂળની છે. માત્ર ભાષા અને શબ્દજ્ઞાન જાણીને તેના જ્ઞાનનું ઘમંડ વધે છે, અને તેથી એ અક્ષરમાં રહેલા અક્ષર પરમતત્ત્વનું ગૂઢરહસ્ય તેને અવગત થતું નથી. અને તેથી તે જ્યાં ત્યાં વાસ્તવિક મૂક હોવા છતાં કેવળ વૈખરીને બહેકાવીને વાણીવિલાસમાં જ રચ્યોપચ્યો રહે છે અને પોતાની પંડિતાઈનું પ્રદર્શન કરે છે. જેમ અધૂરો ઘડો છલકાયા વિના રહેતો નથી તેમ કેવળ શબ્દજ્ઞાન વડે જ પંડિત કહેવાતો મનુષ્ય પણ પોતાની વિદ્વતાના કારણે વિદ્વાન તરીકે ખ્યાતિ કમાવવા માટે કોઈ પણ જાતના અધિકાર કે યોગ્યતા વિના બકવાદ કરતો રહે છે. જે ખરો જ્ઞાની છે, જેણે પરાવિદ્યા દ્વારા અપરોક્ષ બ્રહ્માનુભવ કર્યો છે તે એ વિષયમાં એક પણ શબ્દ બોલતો નથી. અને તેથી લૌકિક દૃષ્ટિએ તે ''મૂક'' છે. એ જ્ઞાનસ્વરૂપ બનેલો જ્ઞાની મૂક બની જાય છે, નહિવત્ જ બોલે છે. તેના એ અનુભવગર્ભ મૌનમાં જ સાચો અર્થ સમાયેલો છે.

આગળ ચાલતાં શ્રી અવધૂત કહે છે :

''देखता आंधळा अंध देखे ?''

જગતને જગત તરીકે જોનાર માત્ર ચર્મચક્ષુનો જ ઉપયોગ કરે છે.



જગતનું-નશ્વરનું એ દર્શન એ સાચું દર્શન નથી. અને તેથી જગતને જોનારો વાસ્તવિક રીતે અંધ છે. દુનિયા તેને દેખતો કહે છે પણ તેની દ્રષ્ટિ માત્ર દુનિયા તરફ વળેલી અતએવ બહિર્મુખ અને સ્વસ્વરૂપ કે પરમતત્ત્વ તરફ બંધ હોય છે. એટલે આંખથી ફાવે તેટલો આચાર કરવા છતાંય આંધળો છે. શ્રી અવધૂતે આ અવળી વાણીમાં જ્ઞાનીની વાણીનો જ ઉલ્લેખ કર્યો છે. જ્ઞાનની દૃષ્ટિએ જે દર્શન થાય છે તે જ સાચું દર્શન છે.

પ્રભુને પરખવાનું સ્થાન તો હૃદય છે. હૃદયમાં વિરાજમાન પ્રભુને જોવાને ચર્મચક્ષુની શક્તિ નથી. આંખોનો વિષય તો પ્રપંચ છે, અને તેથી જ પ્રભુએ તેને બર્હિમુખ બનાવી છે. જે આંખો વડે પોતાનું જ મુખ જોઈ શકાય તે જ સાચી આંખો છે. ચર્મચક્ષુ વડે તમે તમારું મુખ જોઈ શકતા નથી. તમારું મુખ જોવાને તમને દર્પણની જરૂર પડે છે, અને તેથી એવી આંખોવાળો માનવી ખરેખર જગતને દેખતો છતાં પોતાને નહીં દેખતો હોવાથી વાસ્તવિક રીતે અંધ જ છે. જગતને જે નિશા છે તે જ જ્ઞાનીને પ્રકાશ છે. જગતને જે પ્રકાશ છે તે જ જ્ઞાનીને નિશા છે. દૃષ્ટિની વિપરીતતા એ જ સાચી દૃષ્ટિ છે. તમે જેને વૃક્ષરૂપે જુઓ, તમો જેને અશ્વરૂપે જુઓ તેને જ જ્ઞાની પરમાત્મારૂપે જુએ. અને તેથી તે સાચો ''દેખતો'' છે. તમે સાચા ''અંધ'' છો. અંધ છો એનો અર્થ એવો નથી કે તમે જગતને જોઈ શકતા નથી, પણ તમે અંધ છો કારણ કે તમે જગતને તેના સાચા અર્થમાં જોઈ શકતા નથી અને અનુભવી શકતા નથી. અને તેથી જ શ્રી ભગવાને એ વાતનો તોડ કાઢતાં અર્જુનને–

या निशा सर्वभूतानां तस्यां जागर्ति संयमी।
यस्यां जाग्रति भूतानि सा निशा पश्यतो मुनेः॥

''જે જ્ઞાનદશા સર્વ પ્રાણીઓની રાત્રી છે તેમાં સંયમી જાગે છે. અને જે ભોગેચ્છામાં પ્રાણીઓ જાગે છે તે પરમતત્ત્વને જોતા મુનિની રાત્રી છે'', એ પ્રમાણે કહ્યું. જે દૃષ્ટિ સર્વત્ર સમભાવે રહેલા પરમતત્ત્વને જુએ છે તે જ સાચી દૃષ્ટિ છે. અને જે સર્વત્ર પરમાત્માને નથી જોતી તે દૃષ્ટિ દેખતી હોવા છતાં અંધાપો છે. જે જગતને જોઈને તેમાં રહેલા જગતના આધારરૂપ પ્રભુને જોતો નથી તે આંધળો છે. જગતને જગતરૂપે નહીં જોનારો પણ પરમતત્ત્વરૂપે જોનારો છે તે અંધ હોવા છતાંય ખરો જોનાર છે. પ્રશ્ન માત્ર દૃષ્ટિપરિવર્તનનો જ છે. જે દૃષ્ટિ ભેદયુક્ત છે તે દૃષ્ટિને અભેદ બનાવો, અને તમે પણ અંધ બનશો છતાંય સત્ય વસ્તુને જોવાની તમારામાં શક્તિ આવશે. એવા જગતને આત્મસ્વરૂપે જોનારને અહીં ''જોનાર'' કહ્યો છે અને એવા જગતને જગતરૂપે જોનારને અહીં ''અંધ'' કહ્યો છે. તેનાં જ્ઞાનચક્ષુ અંતર્મુખ છે. આપણાં ચર્મચક્ષુ બહિર્મુખ છે. અંતર્મુખ ચક્ષુયુક્ત સાચો જોનાર છે. બહિર્મુખ ચક્ષુવાળો અંધ છે. માત્ર દૃષ્ટિભેદ છે અને તે સમજાવવા શ્રી અવધૂતે આ પંક્તિ લખી છે.

''પંગુ દોડે ઘણું દોડતા પાંગળા,''

એવી કહી છે. પાંગળો દોડે ખરો ? અને દોડતો હોય તે પાંગળો કહેવાય ખરો ? શ્રી અવધૂતની આ વાણીમાં પણ મર્મ રહેલો છે. અહીં શરીરની ક્રિયા સાથે સંબંધ રહેલો નથી. માત્ર અંતરની ક્રિયા સાથે સંબંધ છે. અવયવો તો જડ છે. એ અવયવોને ગતિ તો આત્માની મળે છે. આત્માની ગતિ વિનાના અવયવો પાંગળા છે-શક્તિહીન છે અને કશું જ કરી શકતા નથી. આગળ કહ્યું તેમ, જેમ વિષયોને જ જોનારા છતી આંખે અંધ છે, તેમજ વિષયોની પાછળ જે પડે છે તે પણ છતે પગે પાંગળા છે. જેઓ વિષયો પાછળ દોડાદોડ નથી કરતા તે છતે પગે પણ પાંગળા છે. અને તેવા પંગુ છે તે જ ઘણું દોડીને પરમતત્ત્વને પ્રાપ્ત કરી શકે છે. તેથી જ એ વાસ્તવિક સત્ય છે. અહીં ઇન્દ્રિયોને તેના ક્ષેત્રનો સદુપયોગ કરવાનું સૂચન કરવામાં આવ્યું છે. પગનું સ્થૂળ દૃષ્ટિએ જોઈએ તો વેશ્યાને ઘેર જવાનું કામ નથી, પણ તીર્થયાત્રાએ જવાનું કે દેવમંદિરે જવાનું કાર્ય છે. એ કાર્યને બદલે જો પગ બીજું કાર્ય કરે તો તે પાંગળો જ ગણાય. જે હેતુસર જે વસ્તુ પ્રાપ્ત થઈ હોય તે હેતુને પાર પાડવાને બદલે જો તેથી વિપરીત હેતુ અર્થે તે વસ્તુનો ઉપયોગ કરવામાં આવે તો તે વિશ્વાસનો ભંગ થાય. પ્રભુએ પગ દીધા છે તીર્થાટન માટે. તેનો ઉપયોગ તમે વેશ્યાના આવાસમાં જવામાં કરો, તો તમે પ્રભુએ તમારામાં જે વિશ્વાસ મૂક્યો તેનો ઘાત કરીને પ્રભુના અપરાધી બનો છો. આ ઉક્તિનો મર્મ એટલો જ છે કે હાથ, પગ આદિ જે અવયવો છે તેનો સદુપયોગ કરીને, ઇન્દ્રિયોને તેના વિષયોની નશ્વરતાનો બોધ કરાવી તે તરફ જતી અવરોધી, તે ઇન્દ્રિયોનું લક્ષ પરમાત્મા તરફ વાળવું જોઈએ. અને તેથી જ શ્રી અવધૂતે,

''સુરિજનો શૂન્યમાં અંધ પેખે !''

એવું કહ્યું છે.

જે સાચા જ્ઞાનીઓ છે તે પ્રકૃતિથી પર અન્ય શૂન્ય સ્વરૂપ એકમેવ પરમત્ત્વનાં દર્શન કરે છે. પ્રકૃતિના કાર્યમાત્રમાં પણ તેને જ્યાં નામ અને રૂપનો લય થાય છે એવા નિઃસંકલ્પ પરમતત્ત્વની જ પ્રતીતિ થાય છે. આવા અભેદ જ્ઞાનીજનોને અહીં ''સુરિજન'' કહ્યા છે, કારણ કે તેઓ આત્મસૂર્યદર્શનમાં જ રાચે છે. અહીં શ્રી અવધૂતે, ''આપ'' શબ્દનો પ્રયોગ કેટલો હેતુપુરઃસર કર્યો છે તેની કલ્પના ન આવે. ''આપ'' એટલે પોતે. શૂન્યમાં તમે તમને જોઈ શકો છો પણ તમે જો સુરિજન હો તો. બ્રહ્મવિદ્યા દ્વારા જ્યારે સમ્યક્‌જ્ઞાન થાય છે ત્યારે એવા આત્મવિત્‌ને પોતે બ્રહ્મથી ભિન્ન છે, એવો ભાવ રહેતો નથી. તેને પ્રથમ બોધ, ''આ જે કાંઈ છે તે બ્રહ્મ છે'' એવો થાય છે. અને તેથી તે સર્વત્ર બ્રહ્મદર્શન કરતો





થાય છે. બ્રહ્મદર્શન કરતાં કરતાં જ્યારે તે પોતાના તરફ જુએ છે, ત્યારે પોતે પણ બ્રહ્મ છે એવો તેને, ''હું બ્રહ્મ છું'' એવો અનુભવ થાય છે. એ અનુભવ દૃઢ કરવાને જ્યારે તેના પર ગુરુકૃપા થાય છે ત્યારે તેને, ''तत्त्वमसि-તે તું છે'' એવો બોધ આપીને, ''બ્રહ્મ તું જ છે'' એવો બોધ ગુરુદેવ આપે છે, ત્યારે તે એ શૂન્યમાં, ''આપ'' એટલે પોતાને જોતો થાય છે. તેની ભેદદૃષ્ટિનો સમૂળ નાશ થાય છે. અદ્વૈતદૃષ્ટિ પ્રાપ્ત કરીને આત્મભાવે પરમાત્માથી અભિન્ન બની જાય છે. આમ ઉભય રીતે જ્યાં ત્યાં અને પોતાનામાં પણ પરમાત્માનાં દર્શન કરીને પોતે પણ તે જ છે, એવો નિશ્ચય થાય છે. અને તેથી જ શ્રી અવધૂતે,

''તેહ તું તેહ તું વેદ ગર્જી કહે,
સૂણતાં રંગ નર ભાન ભૂલે;

એવું કહ્યું છે.

વેદાંતનો સાર છે : ''तत्त्वमसि-તે તું છે.'' વેદની એ ગર્જનાને સાંભળીને માનવી પોતાના દેહનું ભાન ભૂલી જાય છે. એનો ભેદભાવ ઊડી જાય છે. જીવભાવયુક્ત જીવ, જ્યાં સુધી જીવભાવને ભૂલીને બ્રહ્મભાવમાં સમરસ બની બ્રહ્મરૂપ ન થાય, ત્યાં સુધી તેને બ્રહ્મદર્શન થતું નથી.

વેદની ''તેહ તું'' ''તેહ તું'' એવી ''तत्त्वमसि''ની ગર્જના જ્યારે જીવ સાંભળે છે ત્યારે તે, ''જે છે તેનાથી વિલક્ષણ છે'' એવું કાંઈક સૂચન તેને થાય છે, પછી તે વાસ્તવિક રીતે ''પોતે કોણ છે,'' તેની ખોજ કરવાને ઉદ્યમ કરતો થાય છે. એ જ્ઞાનમાર્ગ છે. એવા જ્ઞાનમાર્ગે જતાં જતાં જીવને જેમ જેમ જ્ઞાનનો પ્રકાશ મળતો જાય છે, તેમ તેમ આનંદનો અનુભવ થતો જાય છે. અંતે જ્યારે તેને ''હું બ્રહ્મ છું'' એવું પરોક્ષ જ્ઞાન થાય છે, ત્યારે આનંદનો અતિરેક થાય છે. એ અતિરેકને સ્થિર કરવાને અને એ આનંદમાં જીવની જીવવૃત્તિ પુનઃ અવરોધ ન કરે એ અર્થે, ''जीवो ब्रह्मैव ना परः।'' એવો બોધ દૃઢ કરવાની જરૂર રહે છે. એ બોધ જ્યારે દૃઢ થાય છે ત્યારે, ''अहं ब्रह्मास्मि।''ની પોતાની ગર્જના પણ ભૂલી જાય છે. મીઠાની પૂતળી સાગરમાં ભળી જેમ સાગર બની જાય છે, તેમ બ્રહ્મમાં ભળી બ્રહ્મ બની જાય છે. અને ત્યારે આનંદનો અતિરેક પણ રહેતો નથી. આનંદ એ જ એનું સ્વરૂપ બની જાય છે. પણ એ અવસ્થા પ્રાપ્ત શી રીતે થાય ? શ્રી અવધૂત કહે છે :

''મોહ પડદો ખરે''

જીવ અને આત્મા એ બેની વચ્ચે મોહનો પડદો છે. જે આત્મા છે તે મોહમુક્ત છે. જે જીવ છે તે મોહયુક્ત છે. એ મોહનો પડદો જ્યારે ખસી જાય છે ત્યારે જ આત્મદર્શન થાય છે. જ્યારે લગ્ન થાય છે ત્યારે કન્યા અને વર એ બેની વચ્ચે અંતરપટ રાખવામાં આવે છે.

એ અંતરપટ જ્યારે હટી જાય છે ત્યારે વર કન્યાને અને કન્યા વરને જોઈને એક બની જાય છે. તેમ જીવ અને આત્માની વચ્ચે રહેલો મોહનો પડદો દૂર કરવાની જરૂર છે. અજ્ઞાનના આવરણને કારણે અનાત્મ વસ્તુમાં જીવને જે આત્મબુદ્ધિ પ્રાપ્ત થઈ છે તેનો ક્ષય થાય છે અને અનાત્મ વસ્તુથી પોતે ભિન્ન, ''अहमात्मा'' આત્મા છે એવો બોધ થાય છે ત્યારે તેનો એ મોહ ટળી જાય છે. જ્યારે મોહનો પડદો ખસી જાય છે ત્યારે, જેમ નાટકનો પડદો ઉઘડતાં અંદરનું દૃશ્ય પ્રેક્ષકો જોઈ શકે છે તેમ, જીવ અને આત્માની વચ્ચે અંતરાયરૂપ રહેલો મોહનો પડદો ખસી જતાં જ જીવ અને બ્રહ્મની દૃષ્ટિ એક થાય છે. અને ત્યારે જ જીવ બ્રહ્મ બની જાય છે. તેનું પરિણામ ?



ભા.- ૧

''સંસૃતિ ભય ટળે.''

દેહ, ઇન્દ્રિય, પ્રાણ અને મનમાં રહેલો આત્મા જ એ ઇન્દ્રિયો વગેરે પોતે જ છે એવું અભિમાન ધારણ કરીને ''હું દેહ છું'' એમ માનતો થાય છે. તે પોતાનું વાસ્તવિક રૂપ ભૂલી જાય છે ત્યારે તે ''જીવ'' સંજ્ઞાને પ્રાપ્ત થાય છે. એવો જીવ જ્યાં સુધી કર્મ અને પ્રારબ્ધના વિષચક્રમાંથી છૂટતો નથી ત્યાં સુધી તે જન્મ અને મૃત્યુના મુખમાંથી મુક્ત થતો નથી એ વાત નિશ્ચિત છે. જ્યારે મોહનો પડદો ટળે છે ત્યારે જીવ, ''હું દેહ છું'' એમ માનતો નથી. ''હું દેહથી વિલક્ષણ સાક્ષી છું'', એમ માનતો થાય છે. એવો જ્યારે સત્યબોધ થાય છે, અને તેનો અપરોક્ષ અનુભવ થાય છે ત્યારે તેનાં સર્વ કર્મનો ક્ષય થતાં, તેનાં જન્મજન્માંતર ટળી જાય છે. અને તે પરમતત્ત્વના સર્વધર્મયુક્ત, અજન્મા, અમર બની જાય છે.

પણ એ બને છે ક્યારે ?

''ગુરુકૃપા હોય તો ભેદ ખૂલે.''

જ્યાં સુધી ગુરુકૃપા ન હોય ત્યાં સુધી મોહનો પડદો ખરતો નથી. અને એ ભેદ-જીવ અને બ્રહ્મનો ભેદ-ખૂલતો નથી. બધુંય કરવા છતાં ગુરુકૃપા વિના એ પાર પામી શકાતો નથી. જ્યાં સુધી ભોમિયો ન મળે ત્યાં સુધી માર્ગ ભૂલેલો પાંથ; સાચે પંથે ચઢી ગંતવ્ય સ્થાન પ્રાપ્ત કરી શકતો નથી, તેમ જ્યાં સુધી સદ્‌ગુરુની કૃપા ન થાય ત્યાં સુધી એ ભેદ ખૂલતો નથી. ''હું જીવ છું'' એવી ભ્રમણા રહ્યા જ કરે છે. અને તેથી જ ગુરુકૃપાની મહત્તા છે. ''હું જીવ છું'' એવી ભ્રમણા ટળીને, ''હું આત્મા છું'' એવી બુદ્ધિ સ્થિર થાય ત્યારે જ જીવ બ્રહ્મમાં સમાઈને, સરિતા સાગરમાં સમાય તેમ અભિન્નભાવે પરમતત્ત્વ બની મૂક બની જાય છે.



ભા.- ૧

એક આધાર કિરતારનો જગતમાં,
એ વિના શૂન્ય શમશાન ઠાલું;
દીપ વિણ ગેહ જયમ સ્નેહ વિણ દીપ જયમ
પ્રાણ વિણ દેહ જયમ કુણપ મેલું.–ટેક.
દિવ્ય રચના કરી માનવી તનુ રચી,
અંગઉપાંગથી પૂર્ણ કેવી ?
દુગ્ધ પેદા કરી જનનીના સ્તન વિષે,
જન્મ પહેલાં લીધી સૂધ એવી!! – એક – (૧)
ચિત્ત ચિંતન કરે બુદ્ધિ નિશ્ચય કરે,
શક્તિ એવી વળી જેણે દીધી;
તેહને ભૂલીને અન્ય વાંસળ ફરે,
રતનને છોડીને રાખ લીધી! – એક – (૨)
આંખની આંખ જે કાનનો કાન જે,
દેવનો દેવ જે તેહ ભૂલી;
વિષયકર્દમ ચુંથી મોહ જાળું ગુંથી,
શીરો મૂકી ગળી વ્યર્થ થૂલી! – એક – (૩)
શું થયું વેદવાણી બક્યાથી ઘણી ?
શું થયું શાસ્ત્ર પુરાણ વાંચ્યે ?
શું થયું સ્નાન ને દાન કીધા થકી ?
શું થયું તીર્થ ને પ્હાણ પૂજ્યે ? – એક – (૪)
શું થયું રૂપ કાઢી થયે ફૂટડો ?
શું થયું નાર કોડે રમાડી ?
શું થયું હસ્તીને વાજી સ્વારી થકી ?
શું થયું લોક અચરજ પમાડી ? – એક – (૫)
શું થયું ગદ્ય ને પદ્ય રચના થકી ?
શું થયું ભાષણો વ્યર્થ દીધે ?
શું થયું દેશવિદેશવિખ્યાતિથી ?
શું થયું કાવ્યરસ ભૂરિ પીધે ? – એક – (૬)
શું થયું મુંડ મુંડાવી ચોદિશ ભમ્યે ?
શું થયું વન વિષે વાસ કીધે ?
શું થયું કાય સૂકાવી ઉપોષણે ?
શું થયું શુષ્ક હરિનામ લીધે ? – એક – (૭)
વેદના મૂળને શાસ્ત્રના સૂરને
જગતકરતારને જો ન જોયો;
વ્યર્થ નર અવતરી માતૃયૌવન હરી
રંગ ચિંતામણિ જન્મ ખોયો!! – એક – (૮)

જગત સ્વાવલંબી નથી. કોઈ નહીં તો કોઈ અવલંબન વિના જગત ટકી શકતું નથી. મકાનને પાયાનો આધાર છે. જેટલો પાયો દૃઢ તેટલી જ મકાનની સ્થિરતા. રાજાને પ્રજાનો આધાર છે. જેટલી પ્રજા સમૃદ્ધ, તેટલું જ રાજ્ય સમૃદ્ધ. આધેયની સ્થિરતા આધાર પર અવલંબે છે. વર્ષો જૂનાં વૃક્ષોને પૃથ્વીનો આધાર છે. એ વૃક્ષનાં મૂળ જેટલાં ઊંડાં અને એ ધરતી જેટલી દૃઢ તેટલી જ વૃક્ષની સ્થિરતા. જગતને પણ એક પરમાત્માનો આધાર છે. એ આધાર વિનાના બધાય આધારો પરાવલંબી છે અને તેથી ક્ષણભંગુર છે. ઊંચી ઊંચી ગગનચુંબી મહેલાતો, જે પાયાના આધારે વર્ષો સુધી ટકી રહે છે તે પાયામાંથી પણ એકાદ ઈંટમાં ચીર પડી તો તે મકાનને સાથે જ લઈને ભોં ભેગી કરી દે છે. પણ જગતના આધારરૂપ પરમાત્મા તેવો નથી. જેને એણે આધાર આપ્યો છે તે આધેય અવિચળ છે અને તેના વિનાશનો ભય નથી. એ જ વાત સમજાવવા માટે શ્રી અવધૂતે :



"એક આધાર કિરતારનો જગતમાં,"

એવાં વેણ ભાખ્યાં છે. સ્વાનુભવની એ વાણી શાસ્ત્રસંમત છે.

આજના કપરા કાળમાં આપણે જોઈએ છીએ કે અર્થકામપ્રધાન આધાર આધેયને ટકાવી રાખવાને રાત દિવસ એક કરે છે, છતાંય **"એકને સાંધતાં તેર તૂટે"** એવી દશા દિનપ્રતિદિન થતી જાય છે. યુગયુગજૂના સર્જનમાં એક તૂટતું પણ નથી અને એકને સાંધતાં તેરને તૂટવાની ભ્રાંતિ પણ ઉપજતી નથી.

જીવને જો આધાર-સાચો આધાર હોય તો કેવળ પ્રભુનો જ આધાર છે. એ શાશ્વત આધાર વિનાના બધાય આધારો ક્ષણિક છે. પણ એ વાત જીવને ગળે ઉતરતી નથી. અને તેથી તેને ભૂલીને જે પરાવલંબી છે તેનો આધાર શોધતો ફરે છે અને પરિણામે લખચોર્યાશી યોનિમાં ભટકતો રહે છે. સુખમાં ભલે આપણે ભગવાનને ન સંભારીએ પણ જ્યારે દુઃખ આવે છે, દુનિયાના બધાય આધારસ્થંભો જ્યારે એકે એકે ખસી જાય છે, જ્યારે આપણને "મારું કોઈ નથી," એમ લાગે છે. એવી નિરાધાર દશામાં જ્યારે મન મુંઝાતું હોય છે ત્યારે આપણે એ દુઃખના નિવારણ અર્થે, "હે પ્રભો ! તારો આધાર છે." કહીને અંતરથી આર્તપોકાર કરીએ છીએ. આ તો એક અનુભવની વાત છે. પીઠબળ વિના પ્રકૃતિ પણ પાંગળી છે, તો તે પ્રકૃતિના રજકણ સમો માનવી નિરાધાર કેમ રહી શકે ? શ્રી અવધૂતના વાક્યની સચોટતા પણ એ જ પ્રતીતિ કરાવે છે. શરીરના સગાંસંબંધીઓ સ્વાર્થપરાયણ છે અને સુખના ભાગીદાર છે. મિત્રો પણ સુખના સમયમાં જ આનંદ માણવા ભેળા થાય છે. જ્યારે દુઃખ આવી પડે છે, જ્યારે મનુષ્ય નિરાધાર બની જાય છે, જ્યારે તેના રક્ષણનો એકે આરો તેની નજરે પડતો નથી ત્યારે એ સ્વાર્થનાં સગાંવહાલાંઓની સહાયતા માટે તે હાથ લાંબો

કરે છે પણ તેને કોઈ આંગણે ઊભું રાખતું નથી. જેને ત્યાં સાંજને છેડે સો માણસો જમતાં હોય, જેને ત્યાં અનેક દાસદાસીઓ હાજર હોય, વૈભવવિલાસની મણા ન હોય તેને જ્યારે આપત્તિ આવી પડે, બધાય વૈભવો હણાઈ જાય, એક વેળાના ભોજનના પણ જ્યારે સાંસાં પડે ત્યારે તેને કોઈ સહાય કરવાને કે તેને માટે પાંચ પૈસા ઘસાવાને આવતું નથી. એથી વિપરીત જ્યાં જ્યાં તે જાય ત્યાં ત્યાં તેનો તિરસ્કાર થાય. બે કડવાં વેણ સાંભળીને જ તેણે નીચે મોંએ પાછું ફરવું પડે. આંખો ઉઘાડી રાખી આપણે દુનિયામાં ફરીશું તો આવી સ્થિતિનો આપણને અનુભવ થયા વિના નહીં રહે. અને ત્યારે જ ''દુનિયાનો પ્રાપંચિક આધાર ક્ષણભંગુર છે,'' એ વાતની આપણને પ્રતીતિ થશે.

જ્યાં સુધી પ્રાપંચિક આધારનો તમને ભરોસો છે, જ્યાં સુધી ''મારો પુત્ર મારું પોષણ કરશે, મારી પત્ની મારું રક્ષણ કરશે, મારા મિત્રો મને વિપત્તિમાં મદદ કરશે'', એવો શરીરના સંબંધીઓનો તમારા અંતરમાં ભરોસો છે. જ્યાં સુધી વિપત્તિથી મુક્ત થવાને તમે એવાઓ ઉપર મુરાદ રાખીને એવાઓનો આધાર શોધવા નીકળો છો ત્યાં સુધી પરમાત્માને તમારી પડી નથી. જગતના નાશવંત અને સ્વાર્થપરાયણ આધારની હૂંફમાં જીવતો જીવ એકાદ દિવસ નિરાશાનાં ઘેરાં વાદળાંમાં ગરકાવ થઈ જશે. પ્રભુના શાશ્વત આધારની હૂંફમાં જીવતો જીવ સ્વપ્ને પણ નિરાશ નહીં થાય; એટલું જ નહીં પણ અંતે પણ હસતે મુખ ભવસાગર તરી જશે. જ્યાં સુધી મનુષ્ય માયાના મોહમાં રચીપચી રહેલો છે ત્યાં સુધી તેને એ શાશ્વત આધારની ઓથ શોધવાનું સૂઝતું નથી. પણ જ્યારે ચોમેર નિરાશાનું મેઘાડંબર છવાયું હોય ત્યારે જ તેને પ્રભુનું શરણ શોધવાની બુદ્ધિ સૂઝે છે. અને ત્યારે તે એ મેઘાડંબરને ચીરીને પ્રભુની શાશ્વત આધારની શક્તિનું એક તેજસ્વી કિરણ નિહાળે છે, અને તે જ પ્રકાશ તેને શાંતિપ્રદ બને છે.

દુર્યોધનના દરબારમાં દ્રૌપદીની લાજ લૂંટાય. વયોવૃદ્ધ પણ અંધ ધૃતરાષ્ટ્ર, ભિષ્મપિતામહ, ધર્મ, અર્જુન, ભીમ આદિ તેના પતિઓ અને ઇતર બુદ્ધિશાળી વડીલોની સમક્ષ એ ઘૃણિત કાર્ય થાય. દુર્યોધનની આજ્ઞાનો અમલ થવાનો એ વાત નિશ્ચિત. દ્રૌપદીએ એ સભાના આભૂષણ સમા વડીલોને પ્રશ્ન કર્યા, તેમની દયાની યાચના કરી, પતિને પડકાર્યા પણ તેની લાજની રક્ષા કરવાને કોઈ ઊભું ન થયું. અંતે તેણે નોંધારાના આધાર શ્રી દ્વારિકાધીશને પોકાર કર્યો. પણ ક્યારે ? જ્યારે તેને અન્યનું શરણ ન મળ્યું, જ્યારે તેની વિપત્તિમાંથી તેને ઉગારવાને અન્ય કોઈએ હામ ન ભીડી, બીડું ન ઝડપ્યું ત્યારે દ્રૌપદીએ અનન્યભાવે એ અશરણ શરણનું શરણ ગ્રહણ કર્યું અને પરિણામે શ્રી ભગવાનનો ચીરાવતાર થયો.

ગજેન્દ્ર જ્યાં સુધી પોતાના બળ પર ઝઝૂમ્યો ત્યાં સુધી ગ્રાહે તેને

પોતાના પંઝામાંથી છટકવા ન દીધો. અંતે અંતસમે એ જ ગજેન્દ્ર નિરાશ થયો. બધાય આધાર વિનાનો ગજેન્દ્ર અંતે શ્રી હરિને અનન્ય શરણે ગયો અને ભગવાને તેને મૃત્યુના મુખમાંથી ઉગારી લીધો. એ છે શાશ્વત આધાર.

પિતાના પ્રાણાંતક પ્રયત્નો છતાં પ્રહ્લાદ મૃત્યુનો ગ્રાસ ન બન્યો. એ છે દિવ્ય આધાર. એ આશ્વાસન કેટલું બળવાન છે ? ''મારો પ્રભુ છે.'' એટલો જ અંતરમાં દૃઢ વિશ્વાસ હોય, અટળ શ્રદ્ધા હોય તો એ દૃઢ વિશ્વાસ અને અટળ શ્રદ્ધા એ જ શ્રી ભગવાનનું સુદર્શનચક્ર છે. ભક્તહૃદયનું એ જ સાચું કવચ છે. એ અટલ શ્રદ્ધા અને વિશ્વાસનું બળ બધાંય બળો કરતાં બળવાન છે. જેને એ પીઠબળ છે તે બીજા પીઠબળની આશા સરખીયે રાખતો નથી. તે જગત તરફ યાચકવૃત્તિએ જોતો પણ નથી, છતાંય તેનું એકે કાર્ય અટકતું નથી. ભક્તોની ભાવઠ ભાંગનાર ભગવાન ભક્તો માટે જ્યાં જુએ ત્યાં હાજર જ છે. જીવંત ઈતિહાસને પાને આલેખાયેલાં અનેક ભક્તોનાં જીવન ચરિત્રો એ વાતની પ્રતીતિ કરાવે છે. જેને જગદાધારનો આધાર છે તેને જગતના આધારની જરૂર નથી.



ભા.- ૧

અને એ આધાર વિનાનું જગત કેવું ? શ્રી અવધૂત કહે છે :

''તે વિના શૂન્ય શમશાન ઠાલું.''

એ આધાર વિનાનું જીવન બાહ્યદૃષ્ટિએ ગમે તેવું સુખી અને સમૃદ્ધ જણાય છતાંય અંતે તો તે સ્મશાન જેવું સૂનકાર ભરેલું અને ખાલી છે. સ્મશાન એટલે ઉદાસીનતા અથવા ગ્લાનિનું સ્થાન. સ્મશાનના વાયુમંડળનો અનુભવ કર્યો છે ? જરૂર કર્યો હશે. ત્યાં પ્રથમ દૃષ્ટિએ શું અનુભવ થાય છે ? ઉદાસીનતા. જગતની નશ્વરતાના વિચાર સ્મશાનમાં આવ્યા વિના રહેતા નથી. જ્યાં સુધી જીવનના બળરૂપે અંતરમાં પરમાત્માનો આધાર જાગ્રત થતો નથી, ત્યાં સુધી જાગતિક પ્રપંચ બાહ્યદૃષ્ટિએ ગમે તેટલો આનંદમય, સુખમય જણાય છતાંય, એ સંસાર અંતરમાં તો ઉદાસીનતા, ભગ્ન હૃદયતા અને ઉદ્વેગ ભર્યો જ છે. જગતમાં એવો કોણ છે જે પોતે, ''સુખી છું'' એમ હિંમતથી કહી શકે ? અરે ભાગ્યે જ કોક મળશે. કોઈ ધનવાન હશે તો શરીરે પીડાતો હશે. કોક નિરોગી હશે તો દારિદ્રના દુઃખે રિબાતો હશે. કોઈ સત્તાધીશ હશે તો પોતાનો દોર સાચવી રાખવાને સતત અશાંત રહેતો હશે. એમ અનેકવિધ ઉપાધિઓથી વીંટળાયેલા આ જગતમાં ભાગ્યે જ કોઈ જગતને આધાર માનીને સાચું જીવન જીવતો જોવા મળશે. જેને પરમાત્માનો આધાર છે તે જ ખરું જીવન જીવે છે. અને તે જ, ''હું સુખી છું'' એમ કહી શકે છે. જેને પરમાત્માનો આધાર છે તેને કાલની કાળજી નથી. જેને પરમાત્માનો આધાર છે તે અન્યના આધારની અપેક્ષા રાખી તેની શોધમાં વલખાં મારતો નથી. જેને પરમાત્માનો આધાર છે તે સુખના સાગરમાં તરબોળ બન્યો છે. તેનું અંતર સંતોષથી છલકાય છે. તે કોઈ દિવસ અસંતોષનો



અનુભવ કરતો નથી અને તેથી જ તે સાચો સુખી છે. તેને કશી જ ચિંતા નથી. માતાની હૂંફમાં ઊંઘતા બાળકને જેમ સ્વરક્ષણની ચિંતા નથી તેમ એવા પરમાત્માના આધારને પામેલાને યોગક્ષેમની ચિંતા નથી. જગતની માતાસ્વરૂપ પરમાત્માના ખોળામાં ઊંઘતા જીવને ચિંતા હોય ? અને તેથી જ શ્રી ભગવાને કહ્યું તેમ તેનો યોગક્ષેમ પોતે જ વહોરી લે છે, એટલું જ નહીં પણ અંતે પણ,

तेषामहं समुद्धर्ता मृत्युसंसारसागरात्।

''તેવાને જન્મ અને મરણરૂપી સાગરમાંથી ઉદ્ધાર કરનાર પણ હું જ છું,'' એવા પરમાત્માને જ પોતાનો આધાર માનીને જીવનનું નાવ ભવસાગરમાં હંકારતા જીવને મૃત્યુસંસારસાગરમાંથી ઉગારી લેનાર એ પરમાત્મા જ છે; અને તેથી એ શૂન્ય સ્મશાન જેવા જગતને નંદનવન બનાવવાને તો મનુષ્યે જગતનો આધાર છોડીને પરમાત્માના શાશ્વત આધારનો જ સ્વીકાર કરવો ઘટે.

આ આધાર વિનાનું જીવન કેવું છે તેનાં વ્યાવહારિક દૃષ્ટાંત આપતાં શ્રી અવધૂત કહે છે :

''દીપ વિણ ગેહ જ્યમ.''

પરમાત્માના શાશ્વત આધાર વિનાનું જીવન અંધકારમય છે. બહારથી ઊજળા જણાતા એ જીવનના અંતરમાં તો કેવળ અંધકાર જ સમાયેલો છે. જેમ રાત્રે ઘરમાં દીવડો ન હોય તો ઘરમાં અંધકારનું જ સામ્રાજ્ય હોય છે, તેમ પ્રભુના આધાર વિનાના જીવનમાં પણ અંધકાર, અસંતોષ, અશાંતિ અને દુઃખનો જ અનુભવ થાય છે. જેમ ઘરમાં અંધકારના કારણે ઘરનાં બધાં કાર્યો થંભી જાય છે તેમ એ પરમતત્ત્વના આધાર વિના જીવન પણ અસ્તવ્યસ્ત થઈ જાય છે, એટલું જ નહીં પણ ટકી પણ શકતું નથી. એ આધાર વિના જીવનની શક્તિ પણ પ્રાપ્ત થતી નથી. કારણ કે પરમતત્ત્વ સર્વમાં વ્યાપક છે અને તેના પરિણામે જ શરીર પણ જીવિત છે.

પણ દીપકનો પ્રકાશ શાના પર અવલંબે છે ? શ્રી અવધૂત કહે છે :

''સ્નેહ વિણ દીપ જ્યમ.''

દીપક વિના ઘરમાં અંધકાર હોય છે પણ તેલ વિના દીપક પ્રકાશ આપી શકતો નથી. જો કોડિયામાં તેલ ન હોય તો દિવેટ સળગતી નથી અને દિવેટ ન સળગે તો દીવો બળતો નથી. દીવો ન બળે તો પ્રકાશ ક્યાંથી મળે ? તેલ વિના જેમ દીપક બળી શકતો નથી, તેમ પરમાત્માનો સહારો ન હોય તો અંધકારમય જીવન ટકી શકતું નથી. જીવનનો અંધકાર ટાળવાને સ્નેહ એટલે તેલની જરૂર છે, તે તેલ એ જ પરમતત્ત્વનો આધાર છે. એ આધાર વિનાનું જીવન ખરેખર શૂન્ય લાગે છે.

દીપક વિનાનું અંધકારથી છવાયેલું મકાન કેવું અમંગળ લાગે છે !

શ્રી અવધૂત કહે છે :

"પ્રાણ વિણ દેહ જ્યમ કુણપ મેલું."

શરીરનો આધાર પ્રાણ છે. એ પ્રાણ જ્યાં સુધી શરીરમાં રહીને શરીરનું સંચાલન કરે છે ત્યાં સુધી જ એ શરીર પણ પવિત્ર અને મંગળમય ગણાય છે. જ્યાં સુધી શરીર મંગલમય છે ત્યાં સુધી જ જગતનો અશાશ્વત આધાર પણ એ શરીર સાથે સંબંધ રાખે છે. શરીરમાંથી પ્રાણ નીકળી જતાં જ એ પ્રેત અસ્પૃશ્ય બની જાય છે. તેના પ્રત્યે મોહ અને મમત્વ ધરાવનારાઓ તેને બને તેટલું સત્વર સ્મશાને પહોંચાડવાની જ કાળજી રાખે છે. અને તેથી જ કોકે કહ્યું છે :



ભા.- ૧

"જીવને શ્વાસ તણી સગાઈ."

જ્યાં સુધી શ્વાસ છે ત્યાં સુધી જ જગતની સગાઈ છે. શ્વાસ જતાં મરનારને પણ દુનિયા મરી ગયેલી લાગે છે અને જીવનારને પણ તે શરીર મરી ગયેલું લાગે છે. તાત્પર્ય એ છે કે શરીરનો આધાર પ્રાણ જ્યાં સુધી શરીરમાં છે ત્યાં સુધી જ શરીર મંગળ છે, તેમ જીવનમાં જ્યાં સુધી પરમતત્ત્વનો આધાર છે ત્યાં સુધી જ એ જીવન પણ મંગળમય છે. એ આધારના અભાવે એ જીવન પણ પ્રાણવિહોણા શરીર જેવું અમંગળ જ છે. પ્રભુના આધાર વિનાનું જીવન અંધકારમય અને અમંગળજ છે.

એ શાશ્વત આધાર કેવો છે ? શ્રી અવધૂત કહે છે :

"દિવ્ય રચના કરી માનવી તનુ રચી,
અંગઉપાંગથી પૂર્ણ કેવી ?"

માનવીનું જ નહીં પણ આકારધારી શરીરમાત્ર એ એક અણઉકલી સમસ્યા જ છે. એ સમસ્યા ઉકેલવાને શરીરશાસ્ત્રીઓ જેમ જેમ ઉત્કટ પ્રયત્નો કરતા જાય છે, તેમ તેમ તેની આંટીઘૂંટીઓ વધતી જાય છે. તેનું એક જ કારણ છે કે એ શરીર "દિવ્યકૃતિ" છે. માનવકૃતિ હોય તો તેની કરામત કળાય. પણ દૈવી કૃતિમાત્રની કરામત સમજી શકાતી નથી. અને તેથી જ આ "દિવ્યરચના"ની કરામત પણ સમજી શકાતી નથી અને અણઉકલી જ રહે છે. માતાનું "રજ" અને પિતાના "વીર્ય"ના માતાના ગર્ભાશયમાં થયેલા મિશ્રણનું પરિણામ આ દેહ છે. આ શરીર એ ઉભયના મિશ્રણથી થયેલો કર્દમ છે. જેમ કુંભારને ઘડો ઘડવા માટે માટીની જરૂર છે તેમ આ શરીરના બંધારણ અર્થે પણ માટીની જરૂર છે. ઉપર કહ્યા મિશ્રણમાંથી જ એ માટી તૈયાર થાય છે અને તેનો પિંડ બંધાય છે. જેમ કોઈ કુશળ શિલ્પકાર એક પાષાણના પિંડને કોરીકોતરીને પોતાને મનગમતો આકાર બનાવે છે, તેમ જગતનો કુશળ કારીગર પણ એ પિંડને પોતાને મનગમતો આકાર આપે છે. માનવશિલ્પકારને તો હાથ, પગ અને ટાંકણાની જરૂર છે, જ્યારે આ દિવ્યતનુની રચના માટે એ કુશળ કારીગરને એ કશાની જરૂર નથી. નૈસર્ગિક ક્રિયાના પરિણામે જ એ અવયવોની રચના

થતી જાય છે. સપ્રમાણ સાવયવ બનેલો એ પિંડ જ્યારે સંપૂર્ણ રીતે આકૃત બને છે ત્યારે તેમાં ચૈતન્યરૂપે જીવ પ્રવેશ કરે છે. જીવના પ્રવેશ પહેલાં એ શરીર, જે સૂક્ષ્મ શરીર માટે નિર્માણ થયું છે તે સૂક્ષ્મ શરીરનો તેમાં પ્રવેશ થાય છે, અને એ શરીર દ્વારા જે જીવનું જેવું અને જેટલું પ્રારબ્ધ ભોગવવાનું હોય છે તે જીવ તે સૂક્ષ્મ શરીરને અનુસરતો તેમાં પ્રવેશ કરે છે. એ ચેતન વડે જ એ આકૃતિ માતાના શરીરના ભિન્ન ભિન્ન રસો દ્વારા પોષણ મેળવી પોષાય છે. અંતે નવ માસની અવધ પૂરી થતાં એક સુંદર, સુડોળ, સજીવ શરીરરૂપે મૂળ કાદવનો પિંડ માતાના ઉદરમાંથી યોનિ દ્વારા બહાર આવે છે. એ બધીય ક્રિયાઓનો શાસ્ત્રીય ઉલ્લેખ કરવાને અહીં અવકાશ નથી. અંતે એ બહાર આવેલું તનુ, જે દૈવી રચનાનો એક નમૂનો છે, તે આપણે તેની પૂર્ણ અવસ્થામાં જોઈએ છીએ. જીવને પ્રારબ્ધ ભોગવવા માટે શરીર એ એક સાધન છે. જેવું પ્રારબ્ધ જીવે ભોગવવાનું હોય, તેવું જ તેની વાસનાને અનુરૂપ શરીર તેને પ્રાપ્ત થાય છે. એટલે વસ્તુતઃ શરીરને તેની સાથે કશો જ સંબંધ નથી. શરીર તો જડ છે અને જીવના પ્રારબ્ધનો અંત આવતાં જીવ જ્યારે દેહાંતર કરે છે ત્યારે જડવત્ પડી રહેવાનું છે. એવી દૈવી રચનાના નમૂનારૂપ શરીરને આપણે તેની પૂર્ણ અવસ્થામાં જીવના પ્રારબ્ધને અનુરૂપ આકારધારી સ્વરૂપમાં જોઈએ છીએ. બીજાં શરીરોની વાત પડતી મૂકીને આપણે માત્ર માનવશરીરની જ વાત કરીએ. માતાના શરીરમાં-ગર્ભાશયમાં-પોષાયેલા એ શરીરમાત્રની આકૃતિ એકબીજાને મળતી આવતી નથી. નિસર્ગની કોઈ પણ બે વસ્તુઓ-માનવીની વાત શું કરવા કરીએ, ઝાડનાં પાન એકસરખાં દેખાય છે છતાં તેની આકૃતિમાં પણ ભિન્નતા છે. જો નિરીક્ષણ કરીશું તો જણાશે કે, મનુષ્યો એક જ બીબામાં ઢાળીને અનેક પૂતળાં બનાવે છે પણ બીબું એક જ હોવાથી તેમાં વિચિત્રતા કે નવીનતા નથી આવતી. જ્યારે નિસર્ગના બીબામાં સર્જાયેલી વસ્તુમાત્રમાં નવીનતા છે અને વિચિત્રતા પણ છે. એ જ નિસર્ગની મહત્તા છે.

એ દિવ્ય રચના કરીને, માનવીનું શરીર રચીને શ્રીહરિએ તેને અંગ-ઉપાંગથી સંપૂર્ણ બનાવ્યું. માનવશરીરની આંતરિક રચનાને કોરે મૂકીને આપણે માત્ર બાહ્ય રચનાનો જ વિચાર કરીએ તો જણાશે કે, શરીર એટલે અનેક અવયવોનો સંઘાત; એટલું જ નહીં પણ બ્રહ્માંડનાં બધાંય તત્ત્વોનો તેમાં પ્રભુએ સમાવેશ કર્યો છે. આ શરીર પરમાત્માનું જ્ઞાન પ્રાપ્ત કરવાને

''शरीरमाद्यं खलु धर्मसाधनम्।''

એ વચનાનુસાર ધર્મને જાણવા માટે જ છે. શરીર એટલે પરમાત્મા-કિરતારનું જ્ઞાન પ્રાપ્ત કરીને તે દ્વારા તેને પ્રાપ્ત કરવાનું મુખ્ય સાધન છે. અને તેથી જ તેને પૂર્ણ બનાવવામાં પ્રભુએ કશી મણા રાખી નથી. આહાર, નિદ્રા, ભય અને મૈથુનની વૃત્તિઓ પશુઓ અને માનવીમાં સમાન

છે, પણ માનવીમાં સદસદ્‌વિવેકબુદ્ધિ છે અને તેથી જ તે પરમાત્માને જાણી શકે છે. એ જ માનવશરીરની મહત્તા છે અને એટલે જ તે શ્રેષ્ઠ છે.

જે તત્ત્વોનું બ્રહ્માંડ બનેલું છે તે જ તત્ત્વોનું આ શરીર પણ બનેલું છે. અને તેથી જ ''પિંડે તે બ્રહ્માંડે'' એમ આપણે કહીએ છીએ. શરીરમાં જે નથી તે બ્રહ્માંડમાં નથી અને જે બ્રહ્માંડમાં છે તે સઘળુંજ શરીરમાં છે. મૂળે તો બ્રહ્મતત્ત્વ સિવાય ઇતર તત્ત્વનું અસ્તિત્વ જ નહોતું. પરમાત્માના અમોઘ સંકલ્પના પરિણામે એ બ્રહ્મની માયા દ્વારા પુરુષ અને પ્રકૃતિ એવા બે ભેદ પડ્યા. એ પ્રકૃતિ બ્રહ્મના ઈક્ષણથી ક્ષુબ્ધ થઈ અને તેના પરિણામે સત્વ, રજસ્ અને તમસ્ એવા ત્રણ ગુણો પ્રગટ થયા. એ ત્રણ ગુણોનો પસારો એટલે જ આ જગત. અને તેથી જ શ્રી ભગવાને કહ્યું :



ભા.- ૧

त्रिभिर्गुणमयैर्भावैरेभिः सर्वमिदं जगत्।
मोहितं नाभिजानाति मामेभ्यः परमव्ययम्॥

''આ સર્વ જગત ત્રણ ગુણમય પદાર્થો વડે મોહિત છે. માટે એઓથી પર અને વિકારરહિત એવો જે હું તેને જાણતો નથી''. એ ગુણમય જગતમાં માનવી એ માયાનું રમકડું. કારીગર જેમ સુંદર રમકડાં બનાવીને રાચે, તેમ બ્રહ્મ પણ માનવરૂપી સુંદર રમકડાં બનાવીને રાચે. અને તેથી જ રમકડાં જેવો માનવી તેના બનાવનારને ઓળખી શકે, એ હેતુએ પ્રભુએ એ માનવ રમકડું પૂર્ણ બનાવ્યું. પોતે ગુણમયી માયાની ઓથમાં રહીને, ગુણમયી પ્રકૃતિને મોખરે રાખી. એટલે એ માનવ રમકડું કેવળ ગુણમયી પ્રકૃતિને જોઈને જ રાચ્યું. અને તેથી પ્રભુને પિછાનવાનું ભૂલીને પ્રભુના પડછાયા જેવી પ્રકૃતિને જોવામાં જ ભાન ભૂલ્યું, સાન પણ ગુમાવી અને વિષયોની ઘેલછામાં સત્યજ્ઞાન પણ પ્રાપ્ત ન કરતાં કેવળ અંધકારમાં જ અટવાતું રહ્યું. અને તેથી જ શ્રી ભગવાને કહ્યું,

दैवी ह्येषा गुणमयी मम माया दुरत्यया।
मामेव ये प्रपद्यन्ते मायामेतां तरन्ति ते॥

''મારી આ ગુણમયી દૈવી માયા છે તે ઓળંગવી મુશ્કેલ છે. જેઓ મારે જ શરણે આવે છે તેઓ આ માયાને ઓળંગી જાય છે.'' માનવી માયા આગળ માયાપતિને ભૂલ્યો અને તેથી ભવમાં ભટકતો થયો.

એ માનવી પ્રભુની અજબ કૃતિ છે, એમાં તો કોઈથી ના પાડી શકાય એમ નથી. કોઈ આકૃતિ સ્ત્રીની છે, કોઈ પુરુષની છે, કોઈ નપુંસક છે, કોઈ કાળા છે, કોઈ ગોરા છે, કોઈ ઘઉંવર્ણા છે. આમ વર્ણ તથા આકારના ભેદ હોવા છતાં એ બધાય સ્વરૂપવાન, ઘાટીલા અને આકર્ષક છે. હાથ, પગ, આંખ, કાન, નાક, મુખ એ બધાંય કેવાં સુંદર છે ! કેટલાં ઉપયોગી છે ! અને એ ચામડે મઢેલા શરીરની અંદર ડોકિયું કરીશું તો શું ? માંસ, રુધિર, સ્નાયુ, મેદ, મજ્જા અને હાડકાંઓથી ખડકાયેલું એ



શરીર મળ, મૂત્ર અને પરુ આદિ દુર્ગંધથી ભરેલા પદાર્થોથી ભરેલું છે. છતાંય બહારથી તો એ સ્વરૂપવાન છે. શરીરમાં ભરેલા એ બધાય પદાર્થો શરીરના નિર્વાહ અર્થે આવશ્યક છે એમાં પણ શંકા નથી.

એવા એ પોતાને પ્રિય અચરજ જેવા માનવશરીરની પ્રભુને કેટલી કાળજી છે ! પણ માનવ જ નગુણો છે. કૃતઘ્ન છે. તે પ્રભુને ઓળખતો નથી. પ્રભુ પરોક્ષ રહીને પોતાની આટલી કાળજી રાખે છે તે પ્રભુને પ્રીછવાની સ્પૃહા નથી. જુઓને, પહેલાં જ એ શરીરના પોષણ અર્થે એ,

"દુગ્ધ પેદા કરી જનનીના સ્તન વિષે,
જનમ પહેલાં લીધી સુધ કેવી?"

એ નિરાધારનો આધાર છે એટલે દયાળુ છે. જેણે જન્મ દેતાં પહેલાં જ જનનીના સ્તનમાં અર્ભકના પોષણ અર્થે દૂધ ભર્યું છે. કેટલી વિચિત્ર કરામત છે ! સ્ત્રીના સ્તનમાં બારે માસ દૂધ હોતું નથી. ઘણે ભાગે જ્યાં સુધી ધાન્યથી શરીરનો નિર્વાહ કરવાની સ્થિતિમાં શિશુ ન આવે ત્યાં સુધી જ માતાના સ્તનમાંથી તેને દૂધનું પાન કરવાનું મળે છે. એ દૂધ ક્યાંથી આવે છે તે કળી શકાતું નથી. એમ કરીને પ્રભુએ જન્મેલા બાળકની સંભાળ લીધી છે. કહો, જગતનો આધાર કેટલો દયાળુ છે? નિઃસ્વાર્થ ભાવે બીજાને આધાર આપનારા જગતમાં ભાગ્યે જ મળે છે. આ આધાર અહૈતુકી કૃપાનો અવતાર છે. એને ભજનાર કિંવા ન ભજનાર, કોઈને માટે પણ એ આધારસ્તંભ તૈયાર છે. એવા એ શાશ્વત આધારને ભૂલીને આપણે મોહવશ જગતનો આધાર શોધીએ છીએ અને અંતે તો નિરાશ જ થવું પડે છે. તેથી શ્રી અવધૂતે એવા શાશ્વત આધારને જ વળગી રહેવાનું કહ્યું છે.

એ આધારના બળ વડે જ,

"ચિત્ત ચિંતન કરે બુદ્ધિ નિશ્ચય કરે,
શક્તિ એવી વળી જેણે દીધી."

વળી એ આધાર કેવો છે ? ચિત્તને ચિંતન કરવાની શક્તિ દેનાર પ્રભુ છે. પરમાત્માની એ શક્તિ વિના ચિત્ત કોઈ પણ પ્રકારનું ચિંતન કરી શકતું નથી. એ શક્તિ પ્રભુએ આપી છે, તે તેનું ચિંતન કરવાને આપી છે. કેનોપનિષદમાં એ વિષયનો વિસ્તૃત ઉલ્લેખ મળે છે. ચિત્ત, બુદ્ધિ અને મન એ એક જ છે પણ તેમના કાર્યનાં ક્ષેત્ર ભિન્નભિન્ન હોવાથી એ ત્રણ નામ પાડ્યાં છે. એ મન, બુદ્ધિ અને ચિત્ત પરમતત્ત્વની શક્તિ વડે જ પોતપોતાના કાર્યક્ષેત્રમાં કામ કરી શકે છે. અને તેથી,

यन्मनसा न मनुते येनाहुर्मनोमतम् ॥
तदेव ब्रह्म त्वं विद्धि नेदं यदिदमुपासते ॥

"જે મનથી મનન કરવામાં આવે છે અથવા જેની શક્તિ વડે મન મનન કરે છે એમ કહેવામાં આવે છે, તેને તું બ્રહ્મ જાણ. જે આ

દેશકાલાવચ્છિન્ન વસ્તુની લોકો ઉપાસના કરે છે તે બ્રહ્મ નથી.''

અને એ જ રીતે,

यद्वाचानभ्युदितं येन वागभ्युद्यते।
तदेव ब्रह्म त्वं विद्धि।
यच्छ्रोत्रेण न श्रृणोति येन श्रोत्रमिदंश्रुतम्।
तदेव ब्रह्म त्वं विद्धि।



ભા.- ૧

''જે વાણીથી પ્રકાશિત નથી, પણ વાણી જેનાથી પ્રકાશિત થાય છે; જેને કોઈ કાનથી સાંભળતું નથી, પણ જેના વડે આ કાન શ્રવણ કરે છે; જે નાકમાં રહેલા પ્રાણનો વિષય નથી, પણ જેના વડે પ્રાણ પોતાના વિષયો તરફ જાય છે તે બ્રહ્મ છે.'' કહેવાનું તાત્પર્ય એટલું જ છે કે, મન, બુદ્ધિ અને ચિત્ત તેમ જ આંખ, કાન, નાક આદિ ઈન્દ્રિયસંઘાતની સ્વતંત્ર સત્તા નથી, પણ એ સર્વ સત્તાવાન બ્રહ્મતત્ત્વની સત્તા વડે જ એ સત્તાવાન છે અને તેથી,

''ચિત્ત ચિંતન કરે,
બુદ્ધિ નિશ્ચય કરે.''

એ પંક્તિઓ દ્વારા શ્રી અવધૂતે મનના એ બધા વિભાગો અંતઃકરણચતુષ્ટય અને ઈન્દ્રિયસંઘાત તરફ સંકેત કર્યો છે.

મનુષ્યને પ્રભુએ એ શક્તિ તેનું ચિંતન કરીને તેને જાણવા માટે જ આપી છે, છતાંય માનવી કૃતઘ્ન છે. પ્રભુએ તેને આપેલી એ થાપણનો તે દુરુપયોગ કરે છે. કારણકે તે પ્રભુનું ચિંતન કરવાને બદલે વિષયોનું ચિંતન કરે છે. પ્રભુએ જે વિશ્વાસ મૂકયો છે તેનો એ ઘાત કરે છે. એ વિશ્વાસઘાત કરનાર કૃતઘ્ન માનવી તેનાં માઠાં ફળ પણ ભોગવે છે, છતાંય તે સમજતો નથી. કેમ? અહંકાર અને મોહનાં ચશ્માં વડે જોવાની તેને ટેવ પડી છે. અને તેથી એ વિકારયુક્ત ચશ્માં વડે તેને પ્રભુને બદલે જગત જણાય છે. જેમ રંગીન ચશ્માં પહેરનારને દશ્ય પદાર્થો તે રંગે રંગાયેલા જણાય છે, તેમ મોહવશ દૃષ્ટિએ અને આંખમાં અહંકાર ભરેલો હોવાથી તેને જગત પ્રભુમય જણાતું નથી પણ જગત વિષયમય જણાય છે.

પ્રભુએ બીજું શું કીધું ? બુદ્ધિ દીધી. બુદ્ધિ શા સારુ દીધી? નિશ્ચય કરવા. શેનો નિશ્ચય કરવા? સદ્વસ્તુ શું છે અને અસદ્વસ્તુ શું છે એનો નિશ્ચય કરીને, ગ્રહણ કરવા યોગ્ય શું છે તેનો વિવેકપૂર્વક નિશ્ચય કરવા માટે પ્રભુએ બુદ્ધિરૂપી પ્રસાદ મનુષ્યને આપ્યો છે. એ પ્રસાદનો સદુપયોગ થાય તો જીવ જીવ મટી શિવ થાય. પણ કરોળિયાની જાળમાં જકડાયેલી માખી જેવો મોહની જાળમાં જકડાયેલો જીવ, પ્રભુદત્ત એ પ્રસાદને વેડફી નાંખે છે. સારગ્રાહી મનુષ્ય બુદ્ધિના એ દોહનમાંથી સાર શોધી શકે છે અને માઠું ફેંકી દે છે. સારું શું છે, એ નિશ્ચય કરવામાં જો બુદ્ધિનો સદુપયોગ કરવામાં આવે, તો જગતનો સાર માત્ર પરમાત્મા છે તેની



પ્રતીતિ કરી શકાય. પણ માનવમાં એ બુદ્ધિ જાગ્રત થતી નથી અને જે અસાર છે તેને જ સારરૂપ માનીને વિષયો તરફ વળેલો માનવી પોતાનું સત્યસ્વરૂપ જોવાને કદાપિ ભાગ્યશાળી બનતો નથી. પરમાત્માએ એક બાજુ પોતે રહી બીજી બાજુ જગતને રાખીને માનવી સમક્ષ બે દશ્યો મૂક્યાં છે. એક દશ્ય ચર્મચક્ષુ વડે જોઈ શકાય છે. બીજુ દશ્ય જોવાને જ્ઞાનચક્ષુની જરૂર પડે છે. જ્ઞાનચક્ષુ આડે મોહ, મમત્વ અને અહંતાનાં વિકારયુકત કાળાં ચશ્માં છે, જ્યારે ચર્મચક્ષુ આગળ દશ્ય પદાર્થોનું સૌંદર્ય, મોહકતા અને આસક્તિ છે. ચર્મચક્ષુ જે જુએ છે તેને તે પ્રાપ્ત કરવાની ઇચ્છા થાય છે, અને તેથી એ ચર્મચક્ષુના દર્શનમાં જે ભેદ છે તેનો નિર્ણય કરવાનું કામ બુદ્ધિનું છે.

શાસ્ત્રોએ ''જગત મિથ્યા, બ્રહ્મસત્ય'' એવો બોધ પણ આપ્યો છે. વેદ અને ઉપનિષદે ''तत्त्वमसि'' નો બોધ આપીને, આ જગતના દશ્ય અને અદશ્ય પદાર્થો તરફ આંગળી ચીંધીને, ''નેતિ નેતિ'' કહીને, એ બ્રહ્મ નથી એમ પણ કહ્યું છે. અને એ બોધને અનુસરીને શાશ્વતને ગ્રહણ કરવા અશાશ્વત જગતનો અને તેમાં રહેલી મમતાનો ત્યાગ કરવાની શિખામણ પણ આપી છે. શ્રી ભગવાને પણ, ''मामेकं शरणं व्रज।'' એવું કહીને પરમતત્ત્વનું અનન્ય શરણ સ્વીકારવાનું કહ્યું છે. સંતોએ પણ પોતાના અનુભવયુકત જ્ઞાનને તારવીને જેમ શ્રી અવધૂત કહે છે તેમ એ જ વાત આપણી આગળ મૂકી છે. ક્ષણભર શાંત ચિત્તે વિચાર કરનારને પણ એ વાત સમજાયા વિના રહેતી નથી. પણ જેમ પવન વિનાની જગ્યામાં સ્થિર બળતી દીપકની જ્યોત વાયુનો નાનો સરખો ઝકોરો લાગતાં જ હલવા લાગે છે, તેમ મન તરત જ વિષયો તરફ જીવને આકર્ષી જાય છે, અને ત્યારે એ ક્ષણિક જ્ઞાન હતું ન હતું થઈ જાય છે. જ્યારે બુદ્ધિ અવળે માર્ગે ચઢી ચગડોળે ચઢે છે ત્યારે તેને એ બોધવચન અવળાં જ લાગે છે. અને તેથી બુદ્ધિનો સદુપયોગ કરવાને બદલે માનવીની સંકુચિત વૃત્તિ શાસ્ત્રોના, વેદ અને ઉપનિષદના અને સંતોના એ સદુપદેશની અવગણના કરીને વિષથી ભરેલા, બહારથી સુંદર અને આકર્ષક જણાતા વિષમય વિષયો તરફ જ દોડ્યો જાય છે. પ્રભુનું સ્વરૂપ તેને આકર્ષણ કરતું નથી. જેને બુદ્ધિભ્રમ છે તેને હીરા કરતાં કાચનું આકર્ષણ વધારે થાય છે. પરિણામ એ આવે છે કે સાચા સુખથી માનવી સદાય વંચિત રહે છે અને ઓપ ચઢાવેલા અલંકાર જેવાં દુઃખ છતાંય સુખ જણાતા જાગતિક પ્રપંચમાં જ ઓતપ્રોત બની જાય છે. પ્રભુએ બુદ્ધિ એ સારુ નથી આપી. પ્રભુએ બુદ્ધિ દીધી છે તે જગતને જોવા અને તેમાંથી એ જગતના કરનાર એક આધાર જગદીશ્વરને શોધી કાઢી તેને શરણે જવા. પણ દુર્ભાગી માનવી! તને પ્રભુનો એ મારગ નહીં સૂઝે. એ મારગ તો જે શૂરા છે તેને જ સૂઝે. કારણ કે

"પ્રભુનો મારગ છે શૂરાનો નહીં કાયરનું કામ"

એવું એક વચન પણ છે. કાગડાને વિષ્ટા જ પ્રિય હોય. કોક હંસલો જ એ વિષ્ટાનો ત્યાગ કરીને દૂર દૂર હિમાલય પર ઊડીને મોતીનો ચારો ચણે.



ભા.- ૧

ચિત્તને ચિંતન કરવાની અને બુદ્ધિને નિશ્ચય કરવાની શકિત દેનાર શ્રી હરિને ભૂલી માનવી બીજાની પાછળ એટલે માયાની પાછળ ફરે છે. એક બાજુ હીરો મૂક્યો છે. બીજી બાજુ રાખનો ઢગ. માનવીએ પસંદગી કરવાની છે. જે ઝવેરી હશે તે તો રાખનો ઢગ જોશે પણ નહિ અને હીરો લઈને જ ચાલ્યો જશે. પણ બીજાઓ તો એ રાખના ઢગને જ ઉત્તમ માની હીરા તરફ નજર સરખી પણ નહીં કરે. તેની બુદ્ધિ જ અવળી છે. વિવેકનો અભાવ જ માનવીને અંધકારના ગર્તમાં હડસેલી દે છે. અને તેથી બુદ્ધિનો સદુપયોગ કરીને, સારાસારનો વિવેક કરીને, સારગ્રાહી બનવાની શ્રી અવધૂતે આપણને સૂચના આપી છે. રાખ તો પવનના ઝકોરાએ ઊડી જશે; તેમ માયા તો પ્રભુના એક જ કટાક્ષથી નહીંવત્ બની જશે. પણ હીરો પવનની લહરોને સહન કરશે અને અડગ રહેશે. જગતનો રાખ જેવો ચમકાર ઊડી જશે, પણ પ્રભુનો તેજના અંબારસમો ચમકાર તો શાશ્વત રહેશે. અને તેથી

"તેહને ભૂલીને અન્ય વાંસળ ફરે,
રતનને છોડીને રાખ લીધી."

એવું શ્રી અવધૂતે કહ્યું છે. અસારનો ત્યાગ કરીને સારગ્રાહી બનવું એ જ બુદ્ધિનો સદુપયોગ છે. ડાંગરનાં છોતરાં કોઈ લેતું નથી. ચોખાનો કોઈ ત્યાગ કરતું નથી.

આગળ ચાલતાં એ પ્રભુનું વર્ણન આપતાં શ્રી અવધૂત કહે છે :

"આંખની આંખ જે કાનનો કાન જે,
દેવનો દેવ જે તેહ ભૂલી.'

ઇન્દ્રિયો જડ છે. એને જ્યાં સુધી ચેતન પ્રાપ્ત થતું નથી ત્યાં સુધી એ નિશ્ચેષ્ટ છે, નિષ્ક્રિય પણ છે. ઇન્દ્રિયોની ક્રિયાશકિત એ જ પરમાત્માની ક્રિયાશકિત છે. એ શકિત વિના ઇન્દ્રિયોની કોઈ પણ ક્રિયા કે ચેષ્ટા સંભવિત નથી. આંખ એ તો બે ગોલક છે. એ ગોલકમાં જ્યાં સુધી આત્મતત્ત્વનો દીપક પ્રગટતો નથી ત્યાં સુધી એ ગોલક માત્ર જોવાનાં જ છે. આપણે કાચની આંખો ગોઠવી હોય અને તેનાથી કશું જ દેખાતું ન હોય એવા સુરદાસને જોઈએ છીએ ત્યારે એ આંખોનો માત્ર આકાર છે એમ આપણે જાણી શકીએ છીએ. એ દીપકરૂપે આંખમાં રહીને પરમાત્મા જ જગતની વિવિધતા જુએ છે. અને તેથી કેનોપનિષદકારે શ્રી અવધૂતના આ શબ્દોને પુષ્ટ કરનાર

"શ્રોત્રસ્ય શ્રોત્રં મનસો મનો યદ્વાચો હ વાચં સ ઉ પ્રાણસ્ય



प्राणश्चक्षुषश्चक्षुरतिमुच्य धीराः प्रेत्यास्माल्लोकादमृता भवन्ति।''

''જે શ્રોતનો શ્રોત્ર, મનનું મન અને વાણીની પણ વાણી છે, તે જ પ્રાણનો પણ પ્રાણ છે, ચક્ષુનું ચક્ષુ છે એવું જાણીને ધીરપુરુષ સંસારથી મુકત બનીને આ લોકથી જઈને અમર બની જાય છે,'' એવું વચન કહ્યું છે. અને તેથી જ પરમાત્મા એ જ આંખની આંખ એટલે જોવાની શકિત છે.

એ જ રીતે કાન પણ બે ગોલક જેવા જ છે. શબ્દને શ્રવણ કરવા માટે શરીરમાં એ બે ગોલક મૂક્યા છે. એ બે બખોલમાં પણ જ્યાં સુધી શ્રવણ કરવાની શકિતનો સંચાર ન થાય ત્યાં સુધી એ બખોલનો કશો જ ઉપયોગ નથી. શ્રવણશકિતરૂપે એ કર્ણેન્દ્રિયમાં રહીને પરમાત્મા જ અનેકવિધ શબ્દો શ્રવણ કરે છે, અને તેથી જ પરમાત્મા કાનનો પણ કાન છે. પરમાત્માનું શુદ્ધ સ્વરૂપ તો નિરાકાર છે પણ તેનાં જ સર્વ ચક્ષુ છે. સર્વ મુખ છે. સર્વ બાહુ છે. સર્વ પગો પણ તેના જ છે. શ્વેતાશ્વતર ઉપનિષદકારે કહ્યું :

विश्वतश्चक्षुरुत विश्वतोमुखो
विश्वतोबाहुरुत विश्वतस्पात्॥

''તે સર્વ તરફ નેત્રવાળો, સર્વ તરફ મુખવાળો, સર્વ તરફ ભૂજાઓવાળો અને સર્વ તરફ ચરણોવાળો છે.'' અને તેથી જ્યાં જ્યાં આકાર છે ત્યાં ત્યાં જે અવયવો છે તે અવયવોમાં ક્રિયાશકિતરૂપે રહેલ પરમાત્માના જ એ બધા અવયવો છે. નિરાકાર પરમાત્મા અવયવરહિત હોવા છતાંય શાસ્ત્રોમાં

सहस्रशीर्षा पुरुषः सहस्राक्षः सहस्रपात्।
स भूमिं विश्वतो वृत्वात्यतिष्ठद्दशांङ्गुलम्॥

''તે સહસ્ર શિર, સહસ્ર નેત્ર અને સહસ્ર ચરણયુકત તથા પૂર્ણ છે. ભૂમિને સર્વ બાજુએથી વ્યાપ્ત થઈને અનન્તરૂપે તેનું અતિક્રમણ કરીને સ્થિત છે,'' એવું વર્ણન કરવામાં આવ્યું છે. અને તેથી એ જ ઉપનિષદકારે

अपाणिपादो जवनो ग्रहीता
पश्यत्यचक्षुः स शृणोत्यकर्णः।
स वेत्ति वेद्यं न च तस्यास्ति वेत्ता
तमाहुग्र्यं पुरुषं महान्तम्॥

''તે હાથપગથી રહિત હોવા છતાંય વેગવાન અને ગ્રહણ કરનાર છે. નેત્રહીન હોવા છતાંય દેખે છે, અને કર્ણરહિત હોવા છતાંય શ્રવણ કરે છે. તે સંપૂર્ણ જાણવાનું જાણે છે પણ તેને જાણનાર કોઈ નથી. તેને ઋષિઓએ સર્વનો આદિપુરુષ અને મહાન કહ્યો છે,'' એવું વર્ણન કર્યું છે. એ વર્ણનનો મર્મ એ જ છે કે જ્યાં જ્યાં આકાર છે, અવયવો છે, તે તે આકાર અને અવયવોની ક્રિયાશકિતનો આધાર એક પરમાત્મા છે. તેથી પરમાત્મા નિરાકાર હોવા છતાંય આકારવાન જેટલી ક્રિયા કરે

છે. એ બધી જ ક્રિયાઓ પરમાત્માની શક્તિ વડે જ થાય છે. શ્રી અવધૂતે આ બધાંય વચનોના સારરૂપે અહીં

"આંખની આંખ જે કાનનો કાન જે."

એમ કહીને એવા વિશ્વરૂપ પરમાત્મા તરફ સંકેત કર્યો છે.



ભા.- ૧

પરમાત્માના નિરાકાર સ્વરૂપનું માનવીને ભાન કરાવવાને ઉપનિષદ ભાખ્યું આ વર્ણન પૂરતું છે. એ વાંચતાં આપણને એમ તો થાય જ છે કે જે કાંઈ કરીએ છીએ તે ક્રિયામાત્રનો ચાલક કોઈક બીજો જ છે. એ વાતનું વિસ્મરણ કરીને આપણે શ્રી ભગવાને અર્જુનને કહ્યું તેમ,

प्रकृतेः क्रियमाणानि गुणैः कर्माणि सर्वशः।
अहङ्कारविमूढात्मा कर्ताहमिति मन्यते॥

"પ્રકૃતિના ગુણો વડે સર્વ કર્મો કરાય છે, છતાં અહંકારથી અતિ મૂઢ થયેલા ચિત્તવાળો "હું કર્તા છું" એમ માને છે." "હું જોઉં છું, હું સાંભળું છું, હું કરું છું" એ આપણું અલ્પજ્ઞાન છે. વાસ્તવિક રીતે ક્રિયામાત્રનું જે કરણ થાય છે તે અંતઃકરણની પ્રેરણા અન્વયે પ્રાકૃતિક છે. પ્રકૃતિ એ પરમતત્ત્વનું ઈક્ષણ છે અને તેથી તે પરમતત્ત્વની પ્રેરણામાત્ર છે. તેનો કરનાર માનવી તો માત્ર નિમિત્ત છે. કર્મમાં જ્યારે તે મમત્વ અને અહંતા ધારણ કરે છે ત્યારે તે કર્મોનો પોતે કર્તા છે એવું માનીને કર્મના ફળમાં આસક્તિ રાખતો થાય છે. આસક્તિના પરિણામે બંધન થાય છે. પણ જો પ્રકૃતિના સ્વભાવ અનુસાર શ્રી ભગવાને અર્જુનને કહ્યું તેમ નિમિત્તમાત્ર બનીને, કર્મના કર્તાપણાનું અભિમાન ત્યજીને કર્મનું સાધન જ બની રહે, તો તેવું કર્મ કરનારને કલેશ કરાવતું નથી. પરિણામની પરવા કર્યા વિના મમત્વરહિત વૃત્તિથી આવી પડેલું કર્મ ફરજ સમજીને કરનારો કર્મના અનિષ્ટ પરિણામનો કલેશભાગી બનતો નથી; તેમ જ ઇષ્ટ પરિણામથી રાજી પણ થતો નથી.

અહીં શ્રી અવધૂતે પરમાત્માનું વર્ણન કરતાં તે કાનનો પણ કાન છે, આંખની પણ આંખ છે અને દેવોનો પણ તે દેવ છે એવું કહ્યું. એ વાતનો જ્યારે આપણે ઉપનિષદની ભાષામાં વિચાર કરીએ ત્યારે આપણને જણાશે કે :

"અગ્નિ જેનું મસ્તક છે, ચંદ્ર અને સૂર્ય જેનાં નેત્ર છે, દિશાઓ જેના કર્ણ છે, પ્રસિદ્ધ વેદ વાણી છે, વાયુ પ્રાણ છે, સમસ્ત વિશ્વ જેનું હૃદય છે અને જેના ચરણોમાંથી પૃથ્વી પ્રકટ થઈ છે તે દેવ સંપૂર્ણ પ્રાણીઓનો અંતરાત્મા છે." એ જ પુરુષથી સૂર્ય જેની સમિધ છે એવો અગ્નિ ઉત્પન્ન થાય છે, એવા દ્યુલોકરૂપ અગ્નિથી નિષ્પન્ન થયેલા સોમથી મેઘ અને મેઘથી પૃથ્વીતલમાં ઔષધિઓ ઉત્પન્ન થાય છે. પુરુષ સ્ત્રીમાં વીર્યનું સિંચન કરે છે અને તે રીતે પુરુષથી જ અનેક પ્રજા ઉત્પન્ન થાય છે. એ જ પુરુષથી ઋચાઓ, સામ, યજુ, દિશા, સંપૂર્ણ યજ્ઞ, ક્રતુ,



દક્ષિણા, સંવત્સર, યજમાન, લોક અને જ્યાં સુધી ચંદ્રમા પવિત્ર કરે છે અને સૂર્ય તપે છે તે લોક ઉત્પન્ન થાય છે. તથા સાધ્યગણ મનુષ્ય, પશુ, પક્ષી, પ્રાણ, અપાન, વ્રીહિ, યવ, તપ, શ્રદ્ધા, સત્ય, બ્રહ્મચર્ય અને વિધિ-- એ બધું જ તેનાથી ઉત્પન્ન થાય છે. આ રીતે મુંડકોપનિષદ્માં એક જ પરમતત્ત્વમાંથી સર્વની ઉત્પત્તિ થયાનું વર્ણન છે.

એ જ વાતનો આપણે ગીતાની ભાષામાં વિચાર કરીએ તો, શ્રી ભગવાને અર્જુનને પોતાના વિરાટ સ્વરૂપનું દર્શન કરાવ્યું ત્યારે અર્જુને પણ એ વિરાટ સ્વરૂપમાં ગીતાના અગિયારમા અધ્યાયના ૧૫મા શ્લોકથી આરંભી ૩૧મા શ્લોક સુધીમાં પોતે ભગવાનના એ વિરાટ સ્વરૂપમાં શું જોયું તેનું વિશદ વર્ણન કર્યું છે. અને તેથી જે કાંઈ સર્જન થયું છે તે સર્વનો સમાવેશ એ પરમતત્ત્વમાં જ થયેલો છે એ વાતની પ્રતીતિ થાય છે. ઈશાવાસ્યોપનિષદના પ્રારંભમાં જ

ૐ ઈશાવાસ્યમિદં સર્વં યત્કિઞ્ચજગત્યાં જગત્।

એ પ્રમાણે કહીને પરમતત્ત્વ એ સર્વનું અધિષ્ઠાન છે એવો સૂર કાઢ્યો છે. અને તેથી શ્રી અવધૂતે કહ્યું તેમ એ પરમતત્ત્વ

"દેવનો દેવ જે"

છે એમાં શંકા નથી. છતાંય મનુષ્યો કેવળ મૂઢતાને કારણે એને ભૂલીને બીજાઓની પાછળ ભમે છે. તેમને સાવધ કરવા માટે શ્રી અવધૂત કહે છે :

"વિષયકર્દમ ચૂંથી મોહ જાળું ગૂંથી,"
"શીરો મૂકી ગળી વ્યર્થ થૂલી."

શ્વેતાશ્વતર ઉપનિષદમાં પણ

યો દેવાનામધિપો યસ્મિંલ્લોકા અધિશ્રિતાઃ।
ય ઈશે અસ્ય દ્વિપદશ્ચતુષ્પદઃ કસ્મૈ દેવાયહવિષા વિધેમ ॥

"જે દેવતાઓનો સ્વામી છે, જેમાં સંપૂર્ણ લોક આશ્રિત છે અને એ આ દ્વિપદ તેમજ ચતુષ્પદ પ્રાણીવર્ગનો શાસનકર્તા છે. તે આનંદરૂપ દેવની અમે હવિ દ્વારા પરિચર્યા (પૂજા) કરીએ છીએ અને

યો દેવાનાં પ્રભવશ્ચોદ્ભવશ્ચ
વિશ્વાધિપો રુદ્રો મહર્ષિઃ।
હિરણ્યગર્ભં જનયામાસ પૂર્વં
જ નો બુદ્ધ્યા શુભયા સંયુનક્તુ॥

"જે રુદ્ર દેવતાઓની ઉત્પત્તિ અને ઐશ્વર્ય પ્રાપ્તિનો હેતુ છે, જગતનો સ્વામી અને સર્વજ્ઞ છે, જેણે સર્વપ્રથમ હિરણ્યગર્ભને પોતાનાથી ઉત્પન્ન થયેલા દેખ્યા તે અમને શુદ્ધ બુદ્ધિથી યુક્ત કરે." એ બે મંત્રો શ્રી અવધૂત ભાખી "દેવનો દેવ જે" એ વાણીને પુષ્ટ કરવાને પૂરતા છે.

એ રીતે પરમતત્ત્વનું વર્ણન કરતાં શ્રી અવધૂતે કહ્યું કે "જે કાનનો

પણ કાન છે, આંખની પણ આંખ છે અને દેવનો પણ દેવ છે તેને ભૂલીને માનવી બીજાની પાછળ દોડે છે. જે કોઈ જગતમાં સ્થાવર, જંગમ, મનુષ્ય, દેવ, રાક્ષસ આદિ સર્જન માત્ર છે તે કેવળ પરમાત્માની લીલા છે. એ લીલા પરમાત્મા પોતે માયાને ઓથે રહીને નિહાળે છે. એવા દેવાધિદેવને તજીને બીજાઓની પાછળ દોડવું એ નરી મૂર્ખતા છે. અને તેથી જ શાસ્ત્રોએ જીવને ''જંતુ''ની ઉપમા આપી છે અને ''મૂઢ'' કહીને વર્ણવ્યો છે.



ભા.- ૧

એવા પરમાત્માને ભૂલીને માનવી વિષયરૂપ કાદવને ચૂંથવામાં મશગૂલ બની ગયો છે. શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધની પાછળ માનવી કેવળ મોહને વશ બનીને ભમે છે. મોહરહિત માનવીને એ વિષયો કેવળ વિષ્ટા જેવા જ જણાય છે. અને તેના તરફ તે કદીય નજર સરખી પણ કરતો નથી. પરોક્ષ રીતે અહીં એ મોહને તિલાંજલિ આપવાની સૂચના કરી છે. અને દેવાધિદેવને ઓળખવા બોધ પણ આપ્યો છે. રાજાના નીચલા થરના નોકરોને ઓળખવાથી કે તેની ખુશામત કરવાથી રાજા પ્રસન્ન થતા નથી. રાજાને રીઝવવા હોય તો રાજાનો જ સંપર્ક સાધવો જોઈએ. રાજા રીઝે તો એ નીચલા થરના નોકરોની કશી જ કિંમત નથી. રાજા રીઝે તો એ બધાય તમારી ખુશામત કરતા થાય, અને તેથી જ એ રાજાને જ વળગી રહેવાની જરૂર પર અહીં ભાર મૂકવામાં આવ્યો છે.

એ પરમત્વ ''શીરા'' જેવું મિષ્ટ છે. અને વિષયો ''થૂલી'' જેવા સત્ત્વહીન છે. ડાહ્યો માણસ સત્ત્વથી ભરેલા શીરાનો જ સ્વીકાર કરે છે; પણ મૂર્ખ માનવી ભલે સ્વાદિષ્ટ પણ સત્વહીન થૂલીનો જ સ્વીકાર કરે છે. તાત્પર્ય એ છે કે જે સત્યવસ્તુ છે, જે સત્યવસ્તુની માનવીને ડગલે ને પગલે પ્રતીતિ થાય છે તેનો ત્યાગ કરીને જે અસત્ય છે તેને વળગી રહેવું, તેની પાછળ જીવન વેડફી નાંખવું અને અણમોલ માનવજીવનની કિંમત કોડીની કરવી એ નરી મૂઢતા છે.

હવે એ વિષયકર્દમને ચૂંથનારા અનેક વર્ગના માનવીઓની અવદશાનો ખ્યાલ કરીએ. એવા વર્ગના માનવીઓને શ્રી અવધૂતે પ્રશ્ન કર્યો છે.

''શું થયું વેદવાણી બક્યાથી ઘણી,
શું થયું શાસ્ત્ર પુરાણ વાંચ્યે?''

વેદ, શાસ્ત્રો અને પુરાણો વાંચવાં જરૂરનાં છે. તેમાંથી મળતું જ્ઞાન પ્રાપ્ત કરવું પણ જરૂરનું છે. એ શાસ્ત્રાદિના અનુશીલનનો હેતુ જીવની મૂઢતા ટાળવાનો છે, પરમતત્ત્વની પ્રાપ્તિનો છે. અને તેથી પારમાર્થિક વિષયોમાં સહાયક બને અને પ્રગતિનો પંથ ઊજળો થાય એ હેતુએ જ એ શાસ્ત્રોનું અનુશીલન આવશ્યક છે. એ જ્ઞાનના ભંડારમાંથી જ્ઞાનસ્વરૂપ પરમાત્માની આપણને પિછાન થાય છે. કેવળ વેદિયા થવાથી કે પુરાણી



થવાથી એ હેતુ સરતો નથી. ''ગીતા વાંચવી એ સમજવા માટે જરૂરનું છે પણ ગીતા વાંચ્યાથી કે તેનાં પારાયણ કર્યાથી જ પરમતત્ત્વની પ્રાપ્તિ થતી નથી. ગીતા માર્ગ બતાવે છે પણ ગીતાના જ્ઞાનને પચાવવા માટે અને તેને મૂર્ત બનાવવા માટે તો સાધનની જરૂર રહે'', એવાં વેણ શ્રી અવધૂતે એક પ્રસંગે ઉચ્ચાર્યાં હતાં. એ વેદનાં વાક્યોનો મુખપાઠ કરીને કે પુરાણોની ગાથાઓની કથા કરીને લોકનું મનરંજન કરનાર વેદિયા કે પુરાણી એ જ્ઞાનના અભિમાનમાં ઘસડાઈને જે પોતાનું છે તે પણ ગુમાવે છે. અને તેથી એ જ્ઞાનાભિમાની વેદિયો કે પુરાણી એક અભણ, અજ્ઞાન પણ ધર્મભીરુ માનવીથી નપાતર છે. કેવળ વેદ વાક્યોનો બકવાદ કર્યાથી કે પુરાણો વાંચ્યાથી આત્મજ્ઞાન થતું નથી. આત્મલાભ અર્થે જે જિજ્ઞાસાની જરૂર છે તે જિજ્ઞાસા કદાચ એના અનુશીલનથી જાગ્રત થાય, પણ કેવળ ધંધાની દૃષ્ટિથી, દ્રવ્યલાભની દૃષ્ટિથી એ વેદને અને પુરાણને કેવળ સાધન બનાવી, લોકોમાં વિદ્વત્તાની છાપ મેળવવી એ અધોગતિને ઉત્તેજિત કરે છે એમાં શંકા પણ નથી. વેદ અને પુરાણોનું અનુશીલન કર્યા છતાં પણ જો આત્મલાભ ન થયો તો એ મહેનત વ્યર્થ છે. અને તેથી જ એવા વેદિયાઓ અને પુરાણીઓને શ્રી અવધૂત આત્મનિરીક્ષણ કરીને

''શું થયું વેદવાણી બક્યાથી ઘણી'
શું થયું શાસ્ત્ર પુરાણ વાંચ્યે?''

એ પ્રશ્નનો ઉત્તર આપવાનું કહે છે. અસ્તુ.

હવે બીજો એક વર્ગ છે – સ્નાનમાં કૃતાર્થતા માનનારો અને દાન આપીને કૃતાર્થ થવાની વૃત્તિ પોષનારો. તેને શ્રી અવધૂત પૂછે છે :

''શું થયું સ્નાન કે દાન કીધા થકી,
શું થયું તીર્થ ને પ્હાણ પૂજ્યે?''

અહીં શ્રી અવધૂતે સ્નાન, દાન, તીર્થ અને પ્રતિમાપૂજા તરફ આપણું લક્ષ દોર્યું છે.

માનવશરીર એ આત્મદેવનું મહામૂલું મંદિર છે. જેમ દેવમંદિરને આપણે સર્વ રીતે શુદ્ધ રાખીએ છીએ તે જ રીતે એ આત્મદેવના મંદિર સમા શરીરને-માનવદેહને-પણ શુદ્ધ અને સ્વચ્છ રાખવું જોઈએ. અને તેથી સ્નાનની મહત્તા છે; પણ જો એ હેતુ અર્થ એ સ્નાન કરીએ તો એ સ્નાનથી શરીરની કેવળ બાહ્ય શુદ્ધિ જ થાય છે. સ્નાનનો વાસ્તવિક હેતુ જળવાતો નથી. જો માત્ર સ્નાન કરે મુક્તિ મળતી હોય તો મુશળસ્નાન કરનારની સંખ્યા જગતમાં કાંઈ ઓછી નથી. જ્યાં સુધી અંતરશુદ્ધિ નથી ત્યાં સુધી એ બાહ્યસ્નાનની શી કિંમત? તેનું ફળ પણ શું? જો કેવળ સ્નાન કર્યે જ પરમતત્ત્વની પ્રાપ્તિ થતી હોય તો માછલાં અને જળમાં રહેનારાં અનેકવિધ જળચર પ્રાણીઓને મુક્તિલાભનો સર્વપ્રથમ અધિકાર છે. વસ્તુતઃ તેમ નથી. જો એ બાહ્યશુદ્ધિ અંતરશુદ્ધિને સહાયક અને પૂરક

ન બને તો એ બાહ્યશુદ્ધિ હોય કે ન હોય તે ઉભય સરખું જ છે. શરીરને સ્વચ્છ અને શુદ્ધ રાખનાર કાળા કાળજાનો, કરપીણ કર્મ કરનારો માનવી બહારથી અને અંતરથી અશુદ્ધ માનવી કરતાં કોઈપણ રીતે શ્રેષ્ઠ નથી. ''હું ત્રિકાળ સ્નાન કરું છું'', એવું કહેનારા કર્મઠો આપણે જોઈએ છીએ. સૂતરને અડક્યા એટલે સ્નાન, શૌચ ગયા એટલે સ્નાન, અને બીજાને અડ્યા એટલે સ્નાન કરનારા વૈષ્ણવો પણ આપણે જોયા છે. શા સારુ એ સ્નાન કરવાં પડે ? શરીર તો કેવળ મળ, મૂત્ર આદિ અમંગળ વસ્તુઓથી ભરેલું છે. એને બહારથી સ્વચ્છ રાખ્યે શો અર્થ સરવાનો છે? જ્યાં સુધી અંતરનો મેલ ગયો નથી ત્યાં સુધી બહારનો મેલ સાફ કર્યે શું સાર્થ છે ? સ્નાન જરૂરનું છે તે માત્ર શરીરની સ્વચ્છતા અને તે દ્વારા મનની સ્વચ્છતા કરવા માટે જ જરૂરનું છે. પણ કેવળ શરીરના લાલનપાલન અર્થે કિંવા કર્મકાંડના ચીલાનું અંધપણે પાલન કરવા માટે નથી. શરીરને અભ્યંગસ્નાન કરાવ્યે, તેલફુલેલ, સાબુ વગેરેથી સ્વચ્છ રાખ્યે, મનનો મેલ જતો નથી. સ્નાનને જ મહત્ત્વ આપનારા દાંભિકોને આ એક કટાક્ષ છે. અસ્તુ.



શ્રી અવધૂત પૂછે છે :

''શું થયું દાન કીધા થકી.''

દાન દીધે શું વળે? શાસ્ત્રોમાં તો દાનની મહત્તા વર્ણવી છે. દાન એ પુણ્યકર્મ છે એવું કહ્યું છે. અને અહીં ''શું થયું દાન કીધા થકી?'' એવો પ્રશ્ન શ્રી અવધૂત જેવા શાસ્ત્રના પારગામી પૂછે એમાં કાંઈ રહસ્ય જરૂર હોવું જોઈએ. એ રહસ્ય ઉકેલવાનો આપણે અલ્પ પ્રયાસ કરીશું. શાસ્ત્રભાખી દાનની જે મહત્તા છે,દાન જે પુણ્યકર્મ પણ છે, તે દાનનો તો પ્રકાર જ જુદો છે. શ્રી ભગવાને દાનના ત્રણ પ્રકારનું ગીતામાં વર્ણન કર્યું છે. તેમાં સાત્ત્વિક, રાજસી અને તામસી એવા દાનના ત્રણ પ્રકાર કહ્યા છે. તેમાં કેવળ સાત્ત્વિક દાનને જ મહત્ત્વ આપ્યું છે. પ્રભુએ જેને સંપત્તિ આપી છે તેનો તેણે ત્યાગપૂર્વક વ્યય કરવો જોઈએ. તે સંપત્તિ જેને જરૂર છે તેના ઉપયોગમાં આવે એ રીતે તેનો સદ્વ્યય કરવો એ સાચું દાન છે. અને તેથી જ શ્રી ભગવાને

दातव्यमिति यद्दानं दीयतेऽनुपकारिणे।
देशे काले च पात्रे च तद्दानं सात्त्विकं स्मृतम्॥

''દાન દેવું એ ફરજ છે એમ સમજીને જે દાન દેશ, કાલ અને પાત્રને ઉપકાર નહીં કરનારને દેવાય છે તે દાન સાત્ત્વિક દાન છે, એમ કહ્યું છે.'' દાનમાં અપરિગ્રહ કિંવા સંગ્રહ નહીં કરવાની ભાવના સમાયેલી છે. દયા લાવીને દાન કરવું એ પણ યોગ્ય નથી. કૃપાભાવે દેવું એ પણ વાસ્તવિક નથી. પ્રભુનું દીધું પ્રભુ અર્થે વાપરવું અને તેમ કરીને પ્રભુરૂપ જનતાના ઉપયોગમાં લાવવું એ જ ખરું દાન છે. જેમાં મમત્વ છે, જેમાં

અહંતા છે, તે દાન નથી પણ દાનનો દંભ છે. એવા દંભભર્યા દાનથી દાનનું મહત્ત્વ રહેતું નથી. એવાં દાન શ્રી ભગવાનની ભાષામાં કહીએ તો રાજસી કિંવા તામસી છે, અને તેવા દાનથી દાનનું ઇષ્ટ પરિણામ પ્રાપ્ત થતું નથી. તેથી જ શ્રી અવધૂતે અહીં આ પ્રશ્ન પૂછ્યો છે. કેવળ કીર્તિને કારણે કરેલું દાન, દાન નથી. એ પણ દાનનો દંભ છે. જમણા હાથે દીધેલું દાન ડાબો હાથ ન જાણે ત્યારે જ તે ખરું દાન છે. કોઈ પણ પ્રકારના ફળની આશા વિના કરેલું દાન, દાન ગણાશે. આજકાલની દાનની પ્રણાલિકા તરફ અહીં કટાક્ષ કરવામાં આવ્યો છે. એવા દાનના દંભથી આત્મશુદ્ધિ થતી નથી પણ ઊલટો અંતર ઉપર મલિનતાનો થર વધારે જામે છે, અને તેથી જ એવા દાન પ્રત્યે અહીં ઘૃણા દાખવી છે.

આગળ ચાલતાં શ્રી અવધૂત વળી પ્રશ્ન પૂછે છે :

"શું થયું તીર્થ ને પ્હાણ પૂજ્યે ?"

આંગણે આવેલા અતિથિનો અનાદર કરીને યાત્રા કરવાથી શું વળ્યું? દેહે દેહે વસતા પરમાત્માનું પૂજન કરવાનું અને તેને તૃપ્ત કરવાનું ભૂલીને પથ્થરની પ્રતિમાને પૂજવાથી શું વળ્યું? આંગણે આવેલો અતિથિ એ જંગમ તીર્થ છે. એ તીર્થને તૃપ્ત કરો એટલે બધાંય તીર્થમાં સ્નાન કર્યાનું ફળ મળશે. તીર્થાટન કરવાનો હેતુ શો છે? શરીરને કષ્ટ આપીને, મનની મલિનતા તે દ્વારા ધોઈને, મન શુદ્ધ બનાવીને આંતરશુદ્ધિ કરવાનો. જો ભારતના અડસઠ તીર્થ કર્યાથી પણ એ અર્થ સિદ્ધ ન થયો તો એ તીર્થનું શું ફળ? પથ્થર પાણીમાં ડુબાડ્યો પણ બહાર નીકળ્યો એટલે કોરો ને કોરો. તેમ તીર્થમાં ગયા, ખોળિયું જળમાં ડુબાવ્યું અને બહાર નીકળ્યા એટલે કોરું ને કોરું. એ તીર્થમાં સ્નાન કર્યાનું પરિણામ જો અંતઃકરણ ઉપર ન થાય તો ઘેર સ્નાન કર્યું અને તીર્થસ્નાન કર્યું, એ ઉભય સરખાં જ છે. એ એવાં તીર્થસ્નાન અને યાત્રા તરફ અહીં કટાક્ષ છે.

પાષાણની પ્રતિમા એ તો માનવકૃત આકૃતિ છે. એમાં તો પરમાત્માનો આવેશ ભકતની બુદ્ધિ દ્વારા થાય છે. જ્યાં સુધી એ પથ્થરની પ્રતિમામાં પરમાત્મભાવના જાગ્રત ન થાય, જ્યાં સુધી એ પાષાણમાં રહેલા પરમાત્માને જોવાની ગુરુગમ ચાવી હાથ ન લાગે ત્યાં સુધી મંદિરમાંના એ દેવને પૂજ્યા તોય શું અને ન પૂજ્યા તોય શું? તીર્થમાં તપશ્ચર્યાની ભાવના રહેલી છે. તીર્થ કરીને દેહનું અભિમાન ખાળવાની આવશ્યકતા છે. તીર્થને પાવન કરનારાં માનીને જ તે ભાવનાથી તીર્થયાત્રા કરીએ તો તેનું શાસ્ત્રોક્ત ફળ અવશ્ય પ્રાપ્ત થાય છે. પણ આજકાલની યાત્રાઓ મિષે જે પર્યટન થાય છે તે અહંકાર પોષક છે. "અરે અમે તો ચાર ધામ કરી આવ્યા" એવું અભિમાનપૂર્વક કહેનારા અને જેણે તીર્થયાત્રા નથી કરી તેને હીણા લેખનારાઓ આજકાલ ઘણાય જોવા મળશે. એ તીર્થયાત્રા નથી, કેવળ પર્યટન કે સહેલગાહ છે. શક્તિ અને સંપત્તિનો

દુરુપયોગ છે. યાત્રા કરીને શું મેળવ્યું ? પાષાણપ્રતિમાની પૂજા કરીને શું મેળવ્યું? ગંગા યમુનામાં સ્નાન કરીને ઘેર આવ્યા, કાશી વિશ્વેશ્વરની પૂજા કરી, જગન્નાથજીનાં દર્શન કર્યાં, પણ મનનો મેલ ન ટળ્યો તે ન જ ટળ્યો અને હતા ત્યાંના ત્યાં જ રહ્યા. ઊલટું યાત્રા કરી આવ્યાનો અહંકારના મેલનો થર વધ્યો તે જુદો. એવી યાત્રા અને એવી પૂજાનું કશું જ ફળ નથી. અને તેથી જ શ્રી અવધૂત જેવા આસ્તિકના પણ આસ્તિક એવી નામની યાત્રા અને નામની પ્રતિમાપૂજાને અહીં વખોડી કાઢે છે. શ્રી અવધૂત નાસ્તિક નથી. એના જેવા સર્વાંગસંપૂર્ણ આસ્તિક જોવા ભાગ્યે જ મળશે. એની આસ્તિકતામાં ધર્મનું વેવલાપણું નથી, પણ માનવતાનું ગાંભીર્ય છે. યાત્રા અને પૂજામાં એને સંપૂર્ણ શ્રદ્ધા છે, પણ જે યાત્રાથી અને જે પૂજનથી મનની મલિનતા ટળે અને દેહનું અભિમાન ગળે તે યાત્રા અને પૂજાનો એને અનુરાગ છે. ખરી યાત્રા પણ એ જ છે. ખરું પૂજન પણ એ જ છે. માત્ર યાત્રા કે પૂજનના આડંબરથી અને બાહ્ય દંભથી એનું મન રાચતું નથી. જે કાર્ય કરીએ તેનું ઈષ્ટ પરિણામ જો પ્રાપ્ત ન થાય તો તે કાર્ય પાછળ વેડફેલું ધન, વ્યય કરેલો વખત નકામો છે. જો ભોજન કર્યાથી તૃપ્તિના ઓડકાર ન આવે તો તે ભોજન નકામું છે. યાત્રા કરો તો તાત્ત્વિક અર્થમાં કરો. પૂજન કરો તો ભલે પાષાણપ્રતિમાનું કરો પણ તેમાં પ્રભુને પરખીને તે પ્રભુનું પૂજન કરો. કેવળ પાષાણમાંથી કોતરી કાઢેલા આકારનું નહીં. અસ્તુ.



ભા.- ૧

હવે દેહઅહંતાને સ્પર્શ કરતા કેટલાક પ્રશ્નો શ્રી અવધૂત પૂછે છે.

"શું થયું રૂપ કાઢી થયે ફૂટડો ?"

એ પ્રથમ પ્રશ્ન છે.

દેહ તો નાશવાન છે. ક્ષણે ક્ષણે કાળનો કોળિયો બનતો જ જાય છે. મનુષ્ય જો વિચાર કરે તો પોતે પ્રત્યેક પળે પંચત્વ પામતો જાય છે, એ વાતની તેને ખાત્રી થશે. એક પળ વીતે છે તે આયુષ્યમાંથી ઓછી થાય છે અને એ વીતી પળ પાછી આવતી નથી, અને કોટી ઉપાય કરો તોપણ ક્ષીણ થતા આયુને વધારવાની કોઈનામાં શક્તિ નથી. પણ મોહના પંજામાં સપડાયેલા માનવીને એ સમજાતું નથી, અને પોતે જાણે અમર હોય તેમ જીવન વિતાવતો જાય છે. દેહઅહંતા એ અજ્ઞાનનું કારણ છે. ક્ષણે ક્ષણે થતાં એ મૃત્યુ અને જન્મ સૂક્ષ્મ હોવાથી તે કળી શકાતાં નથી. ગર્ભાધાનથી મૃત્યુપર્યંતની શરીરની નવ અવસ્થાઓ એ દેહની ક્ષીણતાની જ અવસ્થાઓ છે; છતાંય જેમ જેમ શરીર વધતું જાય છે તેમ તેમ તેનાં લાલનપાલન પાછળ મનુષ્ય ઘેલો બનતો જાય છે. એ ઘેલછાની પાછળ કેવળ દેહાધ્યાસ-'મારું શરીર અથવા હું શરીર'' એ અજ્ઞાનમૂલક ભાવના જ રહેલી છે. દેહના રૂપનો ગર્વ, દેહની શક્તિનો મદ જ્યાં સુધી ગળે નહીં ત્યાં સુધી એ દેહની નશ્વરતાની વાત ભાગ્યે



જ કોઈને ગળે ઊતરશે; અને તેથી દેહની ક્ષણભંગુરતાને ભૂલીને દેહને સુંદર બનાવવાને માનવી સતત પ્રયાસ કરતો જ રહે છે. એની પાછળ દ્રવ્યનો વ્યય કરે છે, વસ્ત્રો અને અલંકારોથી એને શણગારે છે અને જોનારને આંજી દેવાને પ્રયત્નો કરે છે. એ બધું કરીને લોકોમાં ''ફૂટડો'' કહેવરાવવાની એની અભિલાષા છે. લોકો કહેશે : ''કેવું સુંદર શરીર છે !'' અને ભાઈ સાંભળીને ફુલાશે. બીજી જ પળે એક ઠોકર વાગશે કિંવા હૃદય બંધ પડી જશે અને એ શરીરમાંથી પ્રાણપંખેરું ઊડી જશે; ત્યારે એ જ શરીરની પ્રશંસા કરનારાઓ એ જ શરીરને માટી સમાન લેખશે અને અગ્નિ ચાંપશે. ક્યાં ગયું એ ફૂટડું શરીર? ક્યાં ગયા એના પ્રશંસકો? રોજરોજ એવાં કેટલાંયે સુંદર શરીરો બળીને ભસ્મ થઈ જાય છે કે જીવતાં છતાં પણ રોગ કે અકસ્માતોથી ગ્રસિત થઈને સામે જોવું પણ ન ગમે એવાં કદરૂપાં કે બદરૂપાં બની જાય છે, તેની કલ્પના એ દેહ અહંતાયુક્ત માનવીને નહીં આવે. ''બીજા મરે તો ભલે મરતા, હું તો અમર છું.'' એવી જ એની ભાવના હોય છે. શીદને મરે છે એ દેહના મિથ્યા અભિમાનમાં? એ દેહને સુંદર કહેવરાવીની જેટલી પ્રશંસાની અપેક્ષા રાખે છે તેટલો જ એ દેહ ''મારો નથી પણ પ્રભુનું મંદિર છે'' એમ સમજીને તેને પવિત્ર રાખીને, જે અર્થે એ માનવદેહ પ્રભુએ આપ્યો છે તે અર્થે જ-પ્રભુ પ્રાપ્તિ અર્થે જ, એ દેહનો ઉપયોગ કર તો તારા ભવભવના ફેરા ટળશે અને જગતમાં તારી કીર્તિ અમર થશે. સાંભળે છે ને સંતોનાં કીર્તિગાન ? જેણે દેહ પ્રભુને અર્પણ ર્ક્યો છે અને જીવન સાર્થક કર્યું છે તેવા સંતોના જીવનમાંથી એ ધડો લઈને, મનુષ્યે પોતાનું જીવન પણ એ જ માર્ગે વાળી જન્મ્યું સાર્થ કરવું ઘટે. અને ખરી સુંદરતા તો તે જ છે. પુષ્પ તો કરમાઈને ધૂળમાં મળી જવાનું છે પણ પાછળ સુવાસ મૂકી જવાનું છે. માનવી પણ મૃત્યુને વશ થવાનું જ છે પણ પાછળ સુવાસ મૂકી જશે તો જ અમર થશે. નટવા જેવા સહેલાણી છેલબટાઉ ફૂટડાઓ તો મરતાં જ વિસારે પડશે. વસ્ત્રો, અલંકારો, સૌદંર્ય એ શરીરની સાચી શોભા નથી.

બીજો પ્રશ્ન છે :

''શું થયું નાર કોડે રમાડી?''

અને નારને કોડે રમાડ્યાથી પણ શું થયું ? આશય નારી જાતિની અવગણના કરવાનો નથી. નારીનું મૂલ્યાંકન ઘટાડવાનો પણ આશય નથી. અહીં તો પુરુષજાતની પાશવવૃત્તિ પર શ્રી અવધૂતે પ્રહાર ર્ક્યો છે. નારી તો રત્નગર્ભા છે. જગતમાં જન્મેલા અને ઈતિહાસને પાને જેમનાં નામો સુવર્ણ અક્ષરે અંકિત થયાં છે તે સંતરત્નોએ નારીની કૂખ ઉજાળી છે. ઈતિહાસને પાને પાને આલેખાયેલા વીરનરો અને વીરાંગનાઓએ નારીની કૂખ ઉજાળી છે. પ્રભુની વિભૂતિરૂપે જ્યાં જ્યાં અસાધારણ માનવતા ઝળકે



છે તે પણ નારીની કૂખનાં જ પરિણામ છે. પણ પાશવવૃત્તિના દાસ સમો પુરુષ, એ ત્યાગ અને બલિદાનની મૂર્તિસમી જગન્માતા નારીના આંતરિક સૌંદર્યની અવગણના કરીને તેના બાહ્યસૌંદર્યનો દુરુપયોગ કરે છે. કામવિકારને વશ બનેલો માનવી માનવતાને તિલાંજલિ આપી નરી પશુતાને પોષે છે. અરે, પશુ પણ પોતાની મર્યાદામાં રહીને નિસર્ગના નિયમને આધીન રહે છે; પણ માનવી તો મર્યાદાનું પણ ઉલ્લઘંન કરીને સ્ત્રૈણવૃત્તિમાં અણમોલ જીવન વેડફી નાખે છે. પરિણામે શું પ્રાપ્ત કરે છે ? સરવાળે શૂન્ય. પુરૂરવાએ ઉર્વશી જેવી સૌંદર્યમૂર્તિના બાહ્ય સૌંદર્યનું અવિશ્રાંત પાન કર્યું. તેના અધરામૃતનું પાન કરતાં કરતાં તે તૃપ્ત ન થયો. તેનાં ચામડાં ચૂંથતાં ચૂંથતાં તેને તૃપ્તિ ન થઈ. કામવાસનારૂપ બનેલો એ પુરૂરવા કેવળ કામરૂપ બની ગયો. જેમ જેમ ઉર્વશીનો સંગ કરતો ગયો તેમતેમ અગ્નિમાં ઘી હોમાતાં જેમ અગ્નિની જવાળા વધારે ભડકે બળે તેમ કામાગ્નિ દિનપ્રતિદિન વધારે પ્રજ્વલિત બનતો ગયો. તેના મોહમાં રાજ્યપાટ ભૂલ્યો, નગ્નાવસ્થામાં તેની પાછળ દોડ્યો. અરે, માનવતા ગુમાવી! અંતે એ જ ઉર્વશી તેને લાત મારીને ચાલી નીકળી ત્યારે જ તેને સમજાયું કે ભોગ ભોગવ્યાથી ઘટતા નથી. તેનો મોહ ટળ્યો, પશ્ચાત્તાપ થયો અને પરિણામે વૈરાગ્ય ઉપજ્યો. શ્રી વ્યાસજીએ ભાગવતના એકાદશમ સ્કંધમાં એ ગાથા સુંદર રીતે વર્ણવી છે. વૈરાગ્ય પછીના પુરૂરવાના શબ્દો મનનીય છે. વિષયોનો મર્યાદિત ઉપયોગ હમેશાં સુખપ્રદ છે. અમર્યાદિત વ્યવહાર હમેશાં દુઃખને જ આમંત્રણ આપે છે. પુરુષ જો આટલું જ સમજે, ગૃહસ્થાશ્રમના શાસ્ત્રોક્ત નિયમોનું જો અંશતઃ પણ સમજપૂર્વક પાલન કરે અને તદનુરૂપ નારી સાથેનો સંસર્ગ રાખીને જીવન વિતાવે તો જ નારી તેનો ઉદ્ધાર કરે. નારીનો ઉપયોગ અને નારી સાથેનો વહેવાર સહધર્મચારિણી તરીકેનો હોવો ઘટે. સ્ત્રીના બાહ્યસ્વરૂપ ઉપર પતંગ પેરે ઘેલો બનીને પુરુષ પોતાનું જીવન વેડફી ન નાંખે તો આત્મસુખ પ્રાપ્ત કરે. અને તેનો દુરુપયોગ કરે તો સદાસર્વદા આત્મસુખથી વંચિત રહે. અને તેથી જ શ્રી અવધૂતે અહીં પ્રશ્ન પૂછ્યો છે :

"ભાઈ ! નારને કોડે રમાડીને શું પ્રાપ્ત કર્યું ?"

શો જવાબ આપશો? પ્રાપ્તિનું પલ્લું ઊંચું જ રહે છે ત્યારે નીચું જોઈને શરમથી લજાવું પડે. પણ એવા સ્ત્રૈણપુરુષનો ઉદ્ધાર પણ નારીને હાથે જ થાય છે. સુરદાસ જુઓને? ચિંતામણીના વજ્રાકઠોર એક જ વાગ્બાણથી જીવન સુધારી પ્રભુપદ પામ્યો અને આજે પણ, કાળનાં કંઈક વહાણાં વિત્યાં છતાંય આપણે તેની કીર્તિ અમર બનાવીએ છીએ. તેને પ્રભુ પેરે પૂજીએ છીએ. નારીના મોહમાં મરતા અને જીવન બરબાદ કરતા પુરુષે સમજવું જોઈએ કે આકૃતિભેદ હોવા છતાંય એ પણ હાડમાંસનું જ માળખું છે અને તેમાં મોહ કરવો એ નરી મૂર્ખતા છે.



''પુરુષ પ્રકૃતિનો પતિ છે. પ્રકૃતિ પુરુષને આધીન છે. પ્રકૃતિને જ્યાં સુધી પુરુષ પોતાને આધીન રાખે છે ત્યાં સુધી તે સુખી છે. પણ પ્રકૃતિના વર્ચસ્વમાં અંજાઈ જઈને પુરુષ જ્યારે પ્રકૃતિને વશ થાય છે ત્યારે તે દુઃખી થાય છે. પુરુષાર્થહીન બનીને પુરુષત્વને લજવે છે'', એવું શ્રી અવધૂતે એક સમે કહ્યાનું સ્મરણ છે. અસ્તુ.

હવે શ્રી અવધૂત બીજો પ્રશ્ન પૂછે છે :

શું થયું હસ્તીને વાજી સ્વારી થકી ?
શું થયું લોક અચરજ પમાડી ?

હાથી અને ઘોડાની સવારી કરી પોતાની વીરતા અને વૈભવવિલાસનું પ્રદર્શન કરાવ્યાથી શું થયું? એનું પ્રદર્શન કરી પ્રશંસકોની ક્ષણિક પ્રશંસાના બે બોલ શ્રવણ કરીને પણ શી કમાણી કરી? શું તેનાથી આત્મોદ્ધાર થયો? આત્માની ઉન્નતિની પ્રગતિમાં કાંઈ પુરુષાર્થ કર્યો? ના. લોકો આશ્ચર્યચકિત થાય એવાં કામો કરીને લોકોને મુગ્ધ બનાવ્યાથી પણ કાંઈ દિવસ વળતો નથી. એ તો બધાં દેહાભિમાનનાં છમકલાં છે. કોઈ રોગનો એક ઝકોરો લાગશે એટલે એ દેહની સૌંદર્યતાનો પણ વિલય થશે અને એ વીરતાનો પણ લય થઈ જશે. એ વૈભવવિલાસો પણ પ્રારબ્ધનો એક જ ધક્કો લાગશે તો હતા ન હતા થઈ જશે. શરીરની અવસ્થા એક સરખી રહેતી નથી. એ બળ પણ કાળે કરી ક્ષીણ થશે અને એ મર્દાનગી પણ જતી રહેશે. એટલે જે અશાશ્વત છે તેની પાછળ ઘેલા બની શાશ્વત પરમતત્ત્વને પામવાના એક અને અનન્ય સાધન જેવા માનવદેહને એમ ને એમ વેડફી દેવામાં સાચો પુરુષાર્થ નથી.

શ્રી અવધૂતે આ તો દેહંતાની વાત કહી. હવે વિદ્વાનો અને જગવિખ્યાત પુરુષોને પણ શ્રી અવધૂત બે પ્રશ્નો પૂછે છે :

શું થયું ગદ્ય ને પદ્ય રચના થકી ?
શું થયું ભાષણો વ્યર્થ દીધે ?
શું થયું દેશવિદેશવિખ્યાતિથી ?
શું થયું કાવ્યરસ ભૂરિ પીધે ?

આ ચારે વાતોનો શ્રી અવધૂતને અનુભવ છે. અને અનુભવ કરીને અંતે શ્રી અવધૂતે એ બધીય વસ્તુઓની અસારતાનો ઊંડો ખ્યાલ કરીને, એ બધાયનો ત્યાગ કરીને આ પ્રશ્ન પૂછ્યા છે. શ્રી અવધૂતે ગદ્યપદ્યના ગ્રંથો પણ લખ્યા છે. પૂર્વાશ્રમમાં ભાષણો પણ કર્યા છે અને શ્રોતાઓને પોતાની અપ્રતિમ વકતૃત્વશક્તિનો પરિચય કરાવીને ''વાહ વાહ'' પણ શ્રવણ કરી છે. દેશપરદેશમાં વિખ્યાતિ પણ મેળવી છે અને કાલિદાસ, ભવભૂતિ આદિ મહાન કવિઓનાં કાવ્યોનો રસ પણ આકંઠ પીધો છે. છતાંય એમાંથી એને ક્યાંય આત્મોદ્ધારનો માર્ગ ન મળ્યો, આત્મસાક્ષાત્કાર ન થયો. અને અંતે



જો આપકો દેખે, ન ઉસકો દુસરા દિખતા કહીં;
જો દુસરા નજરોં ભરા, ના આતમા દિખતા વહીં !!

"મૂકી દીધી કલમ બંધો હવેના કાંઈ લખવું છે,
લખ્યું તે ના લખ્યું થાશે જનો સહુ ભૂલી એ જાશે."

એ નિર્ણય કરીને જ હવે શ્રી અવધૂત એ જાણેલું ભૂલી જવાના માર્ગે વળ્યા છે અને નારેશ્વરના નંદનવનમાં વાસ કરતાં પરિણામે એ ભૂલી પણ ગયા છે એમ આપણે સહજે જોઈ શકીએ છીએ.

લેખક બનીને કિંવા કવિ બનીને અનેક ગ્રંથો કે કાવ્યો રચ્યાં, નિસર્ગને નિહાળી તેમાંથી નીતરતા સૌંદર્યની પ્રેરણા મેળવી તેનાં ગાન કર્યાં, અનેકવિધ વિષયો વાંચ્યા અને ગ્રંથો રચ્યા, લોકોનાં ટોળાં ભેગાં કરી ભાષણો કર્યાં, તાળીઓના ગડગડાટ વચ્ચે લોકોએ તત્પૂરતી પ્રશંસા કરી, અને એમ કરીને પોતાની વકતૃત્વશક્તિથી જનતાને આંજી દીધી. લોકોએ પ્રશંસા કરી પણ તેથી જીવનનો શું ઉદ્ધાર થયો? તેથી શું પરમતત્ત્વની-જીવનના ચરમ લક્ષ્યની પ્રાપ્તિ થઈ? એ તો ચાર દિવસની ચાંદની. કીર્તિ કાળે કરી વિલય પામશે. લેખક હોય, કવિ હોય કે વ્યાખ્યાતા હોય પણ જ્યાં સુધી પોતાના કાવ્યમય, ગદ્યાત્મક કે વક્તવ્ય દ્વારા થતા વિચારો પોતાના જીવનમાં ન ઉતાર્યા ત્યાં સુધી એ માત્ર બુદ્ધિનો જ ચમત્કાર છે. વીજળીનો ચમકારો કેટલો ક્ષણિક છે? આત્મોદ્ધાર અર્થે તો આચાર જ આવશ્યક છે. વિચાર કરો પણ આચારહીન વિચારોની કશી જ કિંમત નથી. એવા આચારહીન વિચારોની શ્રોતાઓ ઉપર જરાય અસર થતી નથી. સંતોની વાણી શ્રવણ કરતાં જ શ્રોતાના આત્માને તેની સચોટ અસર થાય છે અને અંશતઃ પણ તદ્નુસાર જીવનમાં આચારયુક્ત થવાની



શ્રોતાની વૃત્તિ થાય છે. તેનું કારણ એ છે કે સંતો જેવું વિચારે છે તેવું જ બોલે છે. જેવું બોલે, તેવું જ વર્તન કરીને સમાજ ઉપર છાપ બેસાડે છે. સમાજ ઉપર છાપ બેસાડવા માટે સંતો એવું વર્તન કરતા નથી પણ સંતોના એ સ્વાભાવિક વર્તનની સમાજ ઉપર સચોટ અસર થાય છે, અને તેથી જ એવા સંતો વંદનીય છે. જે પોતે ઊગર્યો નથી તે બીજાને ઉગારી શકતો નથી અને તેથી જ તો તુકારામ મહારાજે કહ્યું, ''જેવું બોલે તેવું કરે તેના ચરણોમાં વંદન.'' અંધ જો બીજા અંધને દોરી જાય તો ઉભય કૂવામાં પડે, પણ જો એક દેખતો હોય તો સો આંધળાને દોરીને સન્માર્ગે ચઢાવે. વાણી, વિચાર અને વર્તનની ત્રિપુટી જ્યાં સુધી સુસંગત હોય, જેવું બોલે તેવું જ વિચારે. અને વર્તે તો જ તે જગતમાં પૂજ્ય લેખાય. બોલે એક અને કરે બીજું તે જગતમાં ભલે થોડો વખત પૂજાય, પણ અંતે જગતના લોકો તેવા દંભીને ભૂલી જાય એમાં શી નવાઈ? ચારિત્ર્યની કિંમત છે.

દેશવિદેશમાં વિખ્યાતિ મળી, લોકોએ વધાવી લીધા, પણ એ બધાનું પરિણામ તો કાંઈ આવતું જ નથી. આગળ કહ્યું તેમ અર્થકામપ્રધાન એ બધીય પ્રવૃત્તિ આત્મોદ્ધારના માર્ગમાં અવરોધક છે. એ બધાંય તત્ત્વો કેવળ અભિમાનનાં પોષક છે અને તેથી પરમાત્માથી દૂર જ લઈ જનારાં છે. જીવનનાં શત્રુઓ છે. ભવભૂતિ, કાલિદાસ આદિ કવિઓના કાવ્યરસથી છલકાતા ગ્રંથો વાંચ્યા કે તેના ઉપર વ્યાખ્યાન કર્યાં. છતાંય તેમાંથી જો પ્રભુ ન જ મળ્યા તો એ પણ નકામું જ છે.

સીતાજીએ પ્રસન્ન થઈ હનુમાનને પોતાના કંઠનો મૂલ્યવાન મોતીનો હાર આપ્યો. હનુમાન તો રામનો ભક્ત. રામ વિનાનું કશું જ એને ન રુચે. એક એક મોતી તોડી તેમાં જુએ, ''મારો રામ અહીં છે?'' રામ એ મોતીમાં તેને ન જણાય અને મોતીને ફેંકી દે. કોકે પ્રશ્ન કર્યો, ''હનુમાનજી, સીતાજીએ આવા અણમોલ મોતીની તમને ભેટ દીધી અને તમે તો કાંકરા સમાન લેખી આમ વેડફી નાખો છો એનું કારણ?'' હનુમાનજીએ કહ્યું, ''રામ વિહોણા એ અણમોલ મોતીની મને પથ્થર જેટલી પણ કિંમત નથી. હું જોઉં છું કે એ દાણે દાણે મારો રામ ભરાયો છે કે નહીં? રામ વિનાનું ત્રિભુવનનું રાજ્ય પણ મને કોડીની પણ કિંમતનું નથી, તો તમારી નજરે જણાતા આ અણમોલ મોતીની મને શી કિંમત? તમે તમારી આંખે જુઓ છો એટલે તમને અણમોલ મોતી જણાય છે. હું મારી આંખે જોઉં છું, અને એ મને કંકર કરતાંય ઊતરતી કોટીનાં જણાય છે.'' તેમ અહીં પણ જ્યાં, જે સાહિત્યમાં આરામ એટલે ચોમેર રામ નથી, આત્માની શાંતિ નથી તે બધાય ઉદ્યોગો ભલે ભૌતિક દૃષ્ટિએ પ્રશંસાને પાત્ર લેખાય પણ વાસ્તવિક રીતે વાંઝિયા છે. શ્રી વ્યાસજીએ મહાભારત રચ્યું, વાલ્મિકીએ રામાયણ રચ્યું, તુલસીદાસે માનસરામાયણ

રચ્યું, નરસિંહ અને મીરાંએ પદની રચના કરી અને તે અમર રહ્યાં, કારણ કે તેમાં જીવનનો અનુભવ હતો. અંતરના એ ઉદ્‌ગારો હતા. તેમના જીવનને ઉત્કર્ષને શિખરે લઈ જનારા સિદ્ધાંતો એમાં ભર્યા હતા. એની પાછળ આચારનું બળ હતું. આજના કવિઓ અને લેખકોની કૃતિઓ અને વક્તાઓનાં ભાષણો તો આગિયાનાં અજવાળાં જેવાં જ છે અને ચાર દિવસોમાં જ અદૃશ્ય થઈ જવાનાં છે. એ વાત સમજાવવાને જ શ્રી અવધૂતે આ ગીતમાં આ પ્રશ્નો કર્યા છે.



ભા.- ૧

નારદ જેવા ત્રિભુવનવિહારી મહાત્માએ સનતકુમારને શાંતિની સાક્ષાત્ મૂર્તિ સમા જોયા અને પ્રશ્ન કર્યો, "ભગવન્, મને શાંતિ નથી." સનતકુમારે નારદજીને પૂછ્યું, "શું જ્ઞાન મેળવ્યું છે?" નારદજીએ પોતાના જ્ઞાનની ગણના કરાવી. એ બધુંય જ્ઞાન અપરાવિદ્યાન્તર્ગત હતું. પરાવિદ્યાનો એ જ્ઞાનમાં લેશ પણ અંશ નહોતો. અને તેથી સનતકુમારે નારદજીને શાશ્વત શાંતિ અર્થે પરા કે અવિનાશી પરમતત્ત્વનું જ્ઞાન કરાવી આપનારી વિદ્યાનું શરણ લેવાનું કહ્યું. છાંદોગ્યોપનિષદમાં એ ગાથા સુંદર શબ્દોમાં વિશદ રીતે વર્ણવી છે. તાત્પર્ય એ છે કે જે અપરાવિદ્યા છે તે ત્રિગુણાત્મક છે. વેદ, ષડ્‌શાસ્ત્રો, ષડ્‌દર્શન આદિ જે કાંઈ છે તે ત્રણ ગુણોને પ્રતિપાદન કરનારી વિદ્યા છે. જ્યાં સુધી એ ત્રણ ગુણોની પકડમાંથી મુક્ત બનીને માનવી ત્રિગુણાતીત થતો નથી ત્યાં સુધી તે પરાવિદ્યાનો અધિકારી નથી. પરાવિદ્યાનો અધિકાર પ્રાપ્ત કરીને જ્યાં સુધી માનવી આત્મદર્શન કરતો નથી ત્યાં સુધી તેને સાચી શાંતિ મળતી નથી. એ જ વાત સમજાવવાને શ્રી અવધૂતે પોતાની અવધૂતી શૈલીમાં આ પ્રશ્નપરંપરાનું આયોજન કર્યું છે. હવે આગળ ચાલીએ.

ઉપરોક્ત પ્રશ્નપરંપરા તો કેવળ શરીર અને શરીરના અભિમાનને પોષનારાઓ માટે હતી. હવે શ્રી અવધૂત થોડા પ્રશ્નો પૂછે છે બીજા વર્ગના માનવીઓને. અંતરમાં તો શા શા ભાવો ભર્યા હશે તે જાણવાનું સાધન નથી; પણ બાહ્ય આચાર અને આડંબર ઉપરથી સાધુ જેવા જણાતા અને સાધન કરવાનો દંભ કરનારા માનવીઓને શ્રી અવધૂત પૂછે છે :

શું થયું મુંડ મુંડાવી ચોદિશ ભમ્યે ?
શું થયું વન વિષે વાસ કીધે ?
શું થયું કાય સૂકાવી ઉપોષણે ?
શું થયું શુષ્ક હરિનામ લીધે ?

આ ચારે પ્રશ્નો અંતરશુદ્ધિને સ્પર્શે છે. અંતરશુદ્ધિ વિનાનો કેવળ બાહ્ય આચાર પરમાત્માપ્રાપ્તિમાં સહાયક થતો નથી, એ સત્ય જ્યાં સુધી પરખાય નહીં ત્યાં સુધી બાહ્ય આડંબરથી પ્રભુ મળતા નથી. એ સત્ય જેણે પરખ્યું છે તે બાહ્ય આડંબર કરતા નથી. દંભથી તો હરિ દૂર છે. સાચો સંન્યાસ મુંડ મુંડાવીને ચોદિશ ભમવામાં નથી. પણ સાચો સંન્યાસ

તો અંતરનો વૈરાગ્ય છે. સાચો વૈરાગ્ય થાય છે ત્યારે જ સંન્યાસદીક્ષા ગ્રહણ કરવાની શાસ્ત્રની આજ્ઞા છે. શ્રી ભગવાને ઉદ્ધવને કહ્યું :

વિરાગો જાયતે સમ્યઙ્ ન્યસ્તાગ્નિ પ્રવ્રજેતતઃ ।



ભા.- ૧

શ્રી ભગવાનના આ શબ્દો મિથ્યા નથી, સાચો સંન્યાસ એટલે પૂર્ણ વૈરાગ્યની અવસ્થા. શ્રી ભગવાને અર્જુનને સંન્યાસની ઓળખ કરાવતાં કહ્યું :

જ્ઞેયઃ સ નિત્ય સન્યાસી યો ન દ્વેષ્ટિ ન કાઙ્ક્ષતિ ॥
નિર્દ્વંદ્વો હિ મહાબાહો સુખં બન્ધાત્પ્રમુચ્યતે ॥

''હે મહાબાહો ! જે દ્વેષ કરતો નથી કે કોઈ ઇચ્છા રાખતો નથી તેને સદા સંન્યાસી જાણવો. કેમ કે રાગદ્વેષરહિત, દ્વંદ્વથી રહિત મનુષ્ય અનાયાસે સંસારરૂપ બંધનથી છૂટે છે.'' શ્રી ભગવાને આગળ પણ સંન્યાસીઓની ઓળખ આપતાં કહ્યું :

અનાશ્રિતઃ કર્મફલં કાર્યં કર્મ કરોતિ યઃ ।
સ સંન્યાસી ચ યોગી ચ ન નિરગ્નિર્ન ચાક્રિયઃ ।

''જે મનુષ્ય કર્મના ફળનો આશ્રય કર્યા વિના જ કરવાનું કાર્ય કરે છે તે સંન્યાસી અને યોગી છે. કેવળ બાહ્યદૃષ્ટિએ અગ્નિ અને કર્મનો ત્યાગ કરનાર નહીં.''

આમ, આપણે સંન્યાસ શબ્દની વ્યાખ્યાનો વિચાર કરીએ ત્યારે તેમાં મુંડ મુંડાવવાનું કે ભગવાં વસ્ત્ર પરિધાન કરવાનું કશેય આવશ્યક જણાતું નથી. સંન્યસ્ત, આશ્રમ-ચતુર્થ આશ્રમના-ધર્મને અનુસરીને એ મુંડ-મુંડન અને કષાયવસ્ત્રપરિધાન ભલે હોય, પણ જ્યાં સુધી અંતઃકરણમાં ત્યાગ અને વૈરાગ્યની ભાવના જાગ્રત ન થાય અને અંતર કષાય ન થાય ત્યાં સુધી ગેરુવા રંગનાં વસ્ત્રો પહેરીને કે મુંડ મુંડાવીને જગતમાં ફરતા સંન્યાસી સાચા સંન્યાસી નથી; પણ આશ્રમને લજવનારા, આશ્રમને લાંછન રૂપ છે. અને તેના પરિણામે જ આજે ચતુર્થાશ્રમની જગતમાં અવગણના થતી સાંભળીએ અને જોઈએ છીએ.

ભગવાને ગીતામાં સાચા સંન્યાસીની ટૂંકીશી પણ સુંદર વ્યાખ્યા કરી છે.

કામ્યાનાં કર્મણા ન્યાસં સંન્યાસં કવયો વિદુઃ ।

''કામ્ય કર્મના ત્યાગને, એ કર્મમાં રહેલી ફલાસક્તિના ત્યાગને જ તત્ત્વદર્શી પુરુષો સંન્યાસ કહે છે.'' આવા સંન્યાસ અર્થે નથી મુંડ મુંડાવવાની જરૂર, કે નથી ઘર ઘર ભટકવાની જરૂર. નથી ઉપોષણ કરીને કાયા સૂકવવાની જરૂર, કે નથી શુષ્ક હરિનામ લેવાની જરૂર. ઉપર કહી તેવી કામ્યકર્મના ન્યાસની અને કર્મના ફળત્યાગની અવસ્થા પ્રાપ્ત ન થાય ત્યાં સુધી બાહ્યચિહ્નો દ્વારા જગતમાં સંન્યાસી કહેવરાવવું અને મુંડ મુંડાવી ઘર ઘર ભટકવું એ સંન્યાસીનું સાચું લક્ષણ નથી. અને એ સાચો સંન્યાસ

પણ નથી. જે શ્રી ભગવાનના શબ્દોમાંથી નિષ્પન્ન થતા સંન્યાસ ધર્મનો અનુયાયી છે તે એવું કશું જ કરવાનો આગ્રહ સેવતો નથી. અને છતાંય તે સંન્યાસી છે. સંસારમાં રહીને સંન્યાસી થવાનો આ એક અમોલ બોધ શ્રી ભગવાને અર્જુનને આપ્યો છે. શ્રી અવધૂતે આ પ્રશ્નો પૂછ્યા છે તેનો હેતુ પણ એ જ છે. કેવળ બાહ્ય આડંબરથી અને બાહ્ય વેષભૂષાથી ભગવાન રીઝતા નથી. ભગવાન તો કેવળ અંતઃકરણની શુદ્ધિ તરફ જ લક્ષ આપે છે. અંતરશુદ્ધિને બાહ્ય આડંબર કે વેષભૂષા સાથે કશો જ સંબંધ નથી. આપણે તો કસ્તુરી પ્રાપ્ત કરવાની છે. મૃગ કાળું છે કે ગોરું તેનું આપણે કામ નથી. આપણને જો ભગવત્પ્રાપ્તિની તમન્ના હોય તો બધાય બાહ્ય આડંબરો અને વેષભૂષાનો ત્યાગ કરીને કેવળ ચિત્તશુદ્ધિ તરફ જ આપણી પ્રવૃત્તિના વેગને વહેતો કરવાની જરૂર છે. જેના અંતરનો આશય શુદ્ધ છે તે ઈરાદાપૂર્વક જગતને ઠગવા માટે આવા આડંબર કરતો નથી કે વેષભૂષાનો સ્વીકાર કરતો નથી. જ્યારે હેતુ શુદ્ધ હોય છે ત્યારે દેહઅહંતાનો જેમ જેમ અભાવ થતો જાય છે તેમ તેમ બાહ્ય આડંબર અને વેષભૂષા તરફથી તેનું લક્ષ્ય દૂર જતું જાય છે. અંતે માથે જટા છે કે મુંડ મુંડાવ્યું છે, શરીરે કષાય વસ્ત્ર છે કે શરીર ઉઘાડું છે તેની પણ તેને દરકાર રહેતી નથી. અને પરિણામે એ આનંદમૂર્તિને એ શરીરને ઢાંકવાની પણ સુધ રહેતી નથી. એ સાચો સંન્યાસી છે. હા, આશ્રમ તરીકે સંન્યસ્તાશ્રમના કેટલાક આચાર પાળવાનાં રહે છે, અને તે પાળતાં જે કરવું પડે તે કરવું જરૂરનું છે. એવા આદર્શ સંન્યાસીઓ મુંડ મુંડાવતા હોય છે, કષાય વસ્ત્ર પરિધાન કરતા હોય છે અને છતાંય પેટ ભરવા માટે ભીખ માંગતા ઘર ઘર ભટકતા જોવામાં આવતા નથી. વાસ્તવિક રીતે વર્ણ અને આશ્રમના શાસ્ત્રવિહિત ધર્મોનો આચાર કરવો જરૂરનો છે. એ આચાર પણ ઉપર કહ્યું તેમ લક્ષ્યસ્વરૂપાનુભૂતિ દૃષ્ટિમાં રાખીને કર્મના ફળની આશારહિત થઈને કરવો ઉપયોગી છે.



ભા.- ૧

આપણે જોયું કે પ્રકૃતિની પ્રવૃત્તિ શુદ્ધ છે અને સ્વચ્છ છે. તેમ માનવની પ્રવૃત્તિમાત્ર જો સ્વાભાવિક રીતે જ થાય તો તે નિર્દોષ જ હશે. એવી નિર્દોષતામાં સમતા પણ હશે અને ત્યારે નિર્દોષ અને સમભાવયુક્ત પરમતત્ત્વની પ્રાપ્તિ પણ થશે, એ નિઃશંક છે.

તાત્પર્ય એ છે કે જો મુંડ મુંડાવવું એ પરમતતત્ત્વની પ્રાપ્તિ અર્થે ન હોય તો તે નિરર્થક છે. અને ચારે દિશાઓમાં પર્યટન પણ શા સારુ કરવું ઘટે? શું પર્યટન કરે પરમાત્મા મળતા હશે? અને મળતા હોય તો પશુ અને પંખીઓ સવારથી આરંભી સંધ્યાકાળ સુધીમાં ક્યાં વિશ્રાંત થઈને એક જગ્યાએ બેસી રહે છે ? અને છતાંય તેમને ક્યાં પરમાત્મા મળે છે? પણ ના, પર્યટનનો હેતુ બીજો છે. એક જ સ્થાનમાં રહેવાથી તે સ્થાન પ્રત્યે અને સ્થાનના માનવીઓ પ્રત્યે મમત્વ થાય છે. એ મમત્વનો નિસ્તાર કરવા માટે પર્યટનની યોજના કરી છે. યોજનાને સમજપૂર્વક અમલમાં મૂકીને જો

પર્યટન કરવામાં આવે તો જ તેનું ફળ પણ મળે છે અને નિર્મળ અને નિરહંકાર થવામાં, તેમ જ અસંગવૃત્તિ કેળવવામાં તે સહાયક બને છે. અહીં શ્રી અવધૂતે કહ્યું તે વાસ્તવિક જ છે કે :



"શું થયું મુંડ મુંડાવી ચોદિશ ભમ્યે?"

જો ઉપર કહ્યા તેવા આશયથી એ ભ્રમણ કરવામાં આવે તો ઠીક છે. પણ એ ભ્રમણનો આશય પેટ ભરવાનો અને પૂજાવાનો હોય તો એ ભ્રમણ કરી કરીને થાકશો તોય પ્રભુ નહીં મળે તે નહીં જ મળે, અને ભવના ફેરા તો ખાવા જ પડશે. અસ્તુ.

આગળ ચાલતાં શ્રી અવધૂતે બીજી વાત કરી.

"શું થયું વન વિષે વાસ કીધે ?"

બીજો વર્ગ છે વનમાં વસનારનો. જગતની જંજાળથી કંટાળેલા કેટલાક ઘરબાર, સ્ત્રી, પુત્ર આદિ પરિવારનો ત્યાગ કરીને જંગલમાં જઈને પોતાનો કાળ નિર્ગમન કરે છે. પણ તેમના અંતરમાં "એકાંત" નથી. તેમના અંતરમાં "શાંતિ" નથી. અને તે અશાંતને ઠારવાને એ અરણ્યમાં પણ ઠામ નથી. દેખાતા એકાંતમાં વસનારા, દેખાતી શાંતિનો અનુભવ કરનારાના અંતરમાં ભારોભાર અશાંતિ અને કોલાહલ સિવાયં બીજું કશું જ નથી. વનમાં રહેવા છતાંય જો મનમાંથી વિકાર ન ગયો હોય તો તેનો વનવાસ વ્યર્થ છે. જનમાં રહેવા છતાંય જો તેના અંતરમાં વિકાર નથી તો તેનો જનવાસ પણ વનવાસ કરતાં ઉત્કૃષ્ટ છે. ભૂખ, તરસ, તાપ, ટાઢ આદિ દ્વંદ્વો તો વનમાં પણ તેને સતાવે જ છે. અને પેટનો ખાડો એવો ખરાબ છે કે ગમે તેમ તેને ભર્યા વિના ચાલતું નથી. અને વનમાં પણ અન્નને માટે વલખાં તો મારવાં જ પડે છે. એવા વર્ગના માનવીઓ ભલે વનમાં રહે પણ મનમાં તો તેના પરિવારનો વાસ રહેલો જ છે. અને તેથી તે પરિવારનું તેને સતત સ્મરણ થતું જ હોય છે. જેને પ્રભુના પ્રેમની લગની લાગી છે તેને તો જનમાં કે વનમાં – બધે જ આનંદ છે અને શાંતિ પણ છે. સમસ્તનો અંત એક અનન્તમાં છે એમ માનનારને બીજા એકાંતની જરૂર નથી. અને તેથી તેણે ઘરબારનો ત્યાગ કરીને, સંસાર છોડીને, વનમાં ભાગી જવાની જરૂર નથી. કેવળ સાંસારિક ક્લેશ અને કલહથી કંટાળીને જ જેઓ વનવગડે વસતા થયા છે તેઓને શ્રી અવધૂતે આ પ્રશ્ન પૂછ્યો છે. હા, આશ્રમ તરીકે વાનપ્રસ્થાશ્રમ ઇચ્છનીય છે; પણ તે આશ્રમના આચાર પળાતા હોય અને તેની પાછળ પ્રભુપ્રાપ્તિ અર્થે તપશ્ચર્યાનું બળ હોય તો જ એ વનવાસ કદાચ ફળદાયી બને. ઘણાય ભીલો વનમાં વસે જ છે ને? અને પોતાનો કાળ નિર્ગમન કરે જ છે ને? આપણે જો આ હેતુ સિદ્ધ કરવા માટે વનવાસ ન કરીએ તો, આપણે પણ એ ભીલથી શી રીતે ચઢિયાતા કહેવાઈશું ? અમદાવાદની વાત છે. શ્રી અવધૂત એક પ્રસંગે અમદાવાદ પધાર્યા. એક ભાવિકભાઈ શ્રી અવધૂતનાં દર્શન કરવા

આવ્યા. વાતો ચાલતાં એમણે શ્રી અવધૂતને કહ્યું : ''કાંઈ ગોઠતું નથી. હવે તો એકાંતમાં રહેવાનો વિચાર છે.'' શ્રી અવધૂતે કહ્યું : ''જાવને, તમને કોઈ રોકતું નથી. પણ મન અહીં મૂકીને જજો.'' આગંતુકે કહ્યું : ''એ કેમ બને?'' શ્રી અવધૂતે કહ્યું : ''તો પછી જનમાં રહો કે વનમાં રહો, સરખું જ છે.'' જો મનથી તમે અળગા ન પડી શકો તો જ્યાં જશો ત્યાં એ મન તમને ત્રાસ આપ્યા વિના નહીં રહે. જો મનથી તમે અળગા પડશો તો જ્યાં તમે હશો ત્યાં બધે જ તમને એકાંત છે. આ કોલાહલ અને ખળભળાટ તો તમારો નથી પણ તમારા મનનો છે.'' આ જ પ્રસંગને અનુસરીને શ્રી અવધૂતે એક બીજે પ્રસંગે કહ્યું :



''સરિતા ઉપર તરતી હોડી જ્યાં સુધી પાણીની સપાટી ઉપર રહે ત્યાં સુધી તે પોતે ડૂબતી પણ નથી અને મુસાફરોને પણ ડુબાડતી નથી. પણ જ્યારે એ જ સરિતાનાં પાણી હોડીમાં પ્રવેશ કરે છે ત્યારે તે એ નાવને પણ ડુબાવે છે અને તેમાં બેઠેલા મુસાફરોને પણ સરિતાને તળિયે લઈ જાય છે.'' જ્યાં સુધી માનવીનું મન સંસારમાં પ્રવેશ ન કરે ત્યાં સુધી સંસારનાં બંધનો તેને સ્પર્શ કરી શકતાં નથી. પણ સંસારનો મનમાં સંચાર થતાં જ તે વનમાં જાય તોય તેનો સંસાર તેની સાથે જ જવાનો છે. તાત્પર્ય એ છે કે જો મન મરી ન ગયું હોય તો વનમાં જવાનું કશું જ ઈષ્ટ પરિણામ આવતું નથી. અને જો મન મરી ગયું હોય તો વનમાં જવાનો કશો જ અર્થ નથી. આ વિવેચનનો મર્મ સમજીને વનમાં જવું હોય તો ભલે જજો.''

આગળ ચાલતાં શ્રી અવધૂતે પૂછ્યું :

શું થયું કાય સુકાવી ઉપોષણે ?

ત્રીજો વર્ગ છે ઉપવાસ કરીને કાયાને સુકાવી દેનારનો. વૃત્તિઓ અને ઇન્દ્રિયોના નિગ્રહ અર્થે ઉપવાસ કેટલીક વખત જરૂરના જણાય છે. અને તેથી શાસ્ત્રકારોએ એવા નિયમોને ધર્મના બહાના હેઠળ શાસ્ત્રોમાં સ્થાન આપ્યું છે. એ ઉપવાસ જો કેવળ બાહ્ય આડંબરને ખાતર જ થતા હોય તો તે નિરર્થક છે. પ્રભુપ્રાપ્તિ અર્થે તો શારીરિક અને માનસિક બળની જરૂર છે. કાયા સુકાયાથી જે તત્પૂરતી નિર્બળતા-અશક્તિ આવે છે તેના પરિણામે ઇન્દ્રિયો શિથિલ થઈ જાય છે, પણ વૃત્તિઓ મરી જતી નથી. વૃત્તિઓ જો ન મરી જાય તો, એ શરીરને અન્ન મળતું થાય એટલે બમણા જોરથી પોતાનું કાર્ય કરતી થાય અને સાથે સાથે ઇન્દ્રિયો પણ બળવાન બને. દેહદમન જરૂરનું છે, કારણ કે શિસ્તપાલન એ આત્મપ્રાપ્તિ અર્થે અને ચિત્તશુદ્ધિ અર્થે જરૂરનું છે. અને તેથી જ શ્રી ભગવાને યુક્ત આહારવિહારની આવશ્યકતાનો સ્વીકાર કરીને આહારવિહાર મર્યાદિત કરવાનું અર્જુનને કહ્યું છે. એકલું શરીર સુકાય તો તેથી શું પ્રભુ મળે છે? ના. શરીર સૂકવવાની જરૂર નથી પણ તેમાંથી મમત્વ દૂર કરવાની જરૂર છે. શરીરમાંથી મમત્વ દૂર કરવાને તો મનને કેળવવાની જરૂર છે. શરીરને



કષ્ટ દેવાથી તો ઊલટું ચિત્ત ભજનમાં ચોંટતું નથી. જેનું ચિત્ત સ્થિર છે તેના શરીર સશક્ત છે કે અશક્ત છે તેની ચિંતા થતી નથી. અને તેથી માત્ર સ્થૂળ ઉપવાસ કરીને કાયાને કષ્ટ આપવાથી જ કાર્ય સરતું નથી. હા, શાસ્ત્રોક્ત નિયમોનું પાલન આવશ્યક છે પણ તે સંયમ પૂરતું જ છે. જો ઉપવાસના આચારમાં એ સંયમનું ધ્યેય ન હોય તો એ ઉપવાસ દંભ છે. ઉપવાસ કર્યા છતાંય જો મન ભોજનમાં જ રહેતું હોય તો તે ઉપવાસ ઉપવાસ નથી. ઉપવાસ શબ્દનો અર્થ જ બોધક છે. પ્રભુની પાસે વાસ કરવો એટલે સદાસર્વદા પરમાત્માનું અંતરમાં રટણ કરવું એ સાચો ઉપવાસ છે. પણ શરીર સૂકવવું શા સારુ ઘટે? શરીર જો તમારો શત્રુ હોય તો તેનો સંહાર કરવો ઘટે, પણ શરીર તો પ્રભુનું પવિત્ર મંદિર છે. આત્મોપલબ્ધિનું એક અને અજોડ સાધન છે. એને જેટલું દૃઢ, સ્વચ્છ અને પવિત્ર રાખશો તેટલી જ આત્મોપલબ્ધિ સરળ બનશે. સૂકવવું જ હોય તો મનને સૂકવો. મન સુકાઈ જશે તો શરીર ભલેને ફાવે તેવું રહે એની ચિંતા નહીં. શરીર એ એક પરમાર્થ પ્રાપ્તિનું સાધન છે. પ્રભુનું મંદિર છે એ ધ્યાનમાં રાખી એનો યથાયોગ્ય ઉપયોગ કરી લેવો. કેવળ દેહદમનમાં જ સાધનની પરાકાષ્ઠા માની લેવાની ભૂલ ન કરવી કે ભ્રમ ન સેવવો એ જ કહેવાનું તાત્પર્ય છે.

અને ચોથો વર્ગ છે શુષ્ક હરિનામ લેનારનો. શ્રી અવધૂત પૂછે છે :

"શું થયું શુષ્ક હરિનામ લીધે ?"

અહીં શ્રી અવધૂતે "શુષ્ક હરિનામ" કહ્યું છે. પોપટને શીખવીએ છીએ : "અચરે અચરે રામ". અને પોપટ બોલે છે : "અચરે અચરે રામ." એવા રામનામમાં કાંઈ અર્થ છે ખરો? હૃદયના ભાવ વિનાના કેવળ શુષ્ક હરિનામથી શો દિ વળવાનો છે? એ નામની પાછળ અંતરમાં નામીની ભાવનાનો અભાવ હોય તો મુખથી જ હરિ હરિ કર્યાથી કદાચ જગત ભક્ત કહેશે, પણ ભગવાનનાં દ્વાર તો તેને માટે સદાય બંધ જ રહેશે. "મુખમેં રામ બગલમેં છૂરી, ભગત ભયા પર દાનત બૂરી." એવું એક વાક્ય પણ એ "શુષ્ક હરિનામ" નિરર્થક છે એ વાતને પુષ્ટ કરવાને મળે છે. નામ એ મુખ્ય નથી પણ નામીનું ધ્યાન અને ભાવ એ મુખ્ય છે. અને તેથી જ નામનો મહિમા છે. નામોચ્ચાર અને નામસ્મરણ એ બે ભિન્ન છે. જ્યાં જ્યાં નામનો મહિમા ગવાયો છે ત્યાં નામસ્મરણનો મહિમા ગવાયો છે. કેવળ શુષ્ક નામોચ્ચારનો નહીં. અને તેથી જ શ્રી અવધૂતે અહીં "શુષ્ક" શબ્દનો પ્રયોગ પણ સહેતુ કર્યો છે. કરવું હોય તો નામસ્મરણ કરવું જરૂરનું છે અને તે પણ નામીના ગુણમાં ધ્યાન રાખીને, તેના સ્વરૂપમાં મનને કેંદ્રિત કરીને કરવાથી જ ફળદાયી નીવડે છે. શુષ્ક હરિનામ લીધે કાંઈ પત્તો લાગતો નથી. મુખથી રામરામ કરતા હોય અને મન રામામાં રત હોય તો એ રામ ક્યાં મળશે ? અને તેથી એવા ભગતથી જગત ચેતતું રહે.

આ સમગ્ર ભજનના સારરૂપે હવે શ્રી અવધૂત કહે છે :

વેદના મૂળને શાસ્ત્રના સૂરને,
જગત કરતારને જો ન જોયો;
વ્યર્થ નર અવતરી માતૃયૌવન હરી,
''રંગ'' ચિંતામણી જન્મ ખોયો.



ભા.- ૧

વેદનો મૂળ સ્રોત સ્વયં ભગવાન છે અને તેથી જ વેદોને પરમાત્માના શ્વાસરૂપ અપૌરુષેય કહ્યા છે. વેદ અને એના વિસ્તારરૂપ શાસ્ત્ર વાંચ્યા છતાંય એ વેદના મૂળ રૂપે રહેલા શ્રી ભગવાનને જ્યાં સુધી માનવી ઓળખી શકતો નથી, ત્યાં સુધી એ વેદનું અનુશીલન વ્યર્થ છે. શાસ્ત્રોએ એ વેદસ્વરૂપ ભગવાનને પ્રાપ્ત કરવા માટે અનેકવિધ શાસ્ત્રોની યોજના કરી છે અને પ્રણાલિકાઓનું નિર્માણ કર્યું છે. આ શાસ્ત્રોનો હેતુ સમજ્યા વિના અને તેને અનુસરીને તત્ત્વપ્રાપ્તિ કર્યા વિના જો જીવન વ્યતીત કર્યું તો એ શાસ્ત્રનું અનુશીલન પણ વ્યર્થ છે. એ શાસ્ત્રો કોણે રચ્યાં? જેણે વેદના મૂળને જાણવા માટે અનેક જન્મો સુધી તપશ્ચર્યા કરી અને પરિણામે બ્રહ્માનુભવ પ્રાપ્ત કર્યો તેણે. તેવા બ્રહ્મવિત્ મહાનુભાવોએ સ્વાનુભવયુક્ત પરમતત્ત્વને પ્રાપ્ત કરવાને જે પ્રણાલિકાનું નિર્માણ કર્યું તે સતશાસ્ત્રો. એવા સતશાસ્ત્રોરૂપી વાજિંત્રોમાં ગુંજી રહેલા ભગવાનના સૂર જેણે શ્રવણ ન કર્યા તેણે ખરેખર ચિંતામણી સમો આ માનવદેહ વ્યર્થ જ ગાળ્યો છે. શાસ્ત્રોનું અનુશીલન માત્ર એક જ હેતુથી કરવું આવશ્યક છે, અને તે છે એ શાસ્ત્રોના પ્રકાશક પરમતત્ત્વની પ્રાપ્તિ. એ હેતુને કોરે મૂકી કેવળ દુનિયામાં વિદ્વત્તાનું પ્રદર્શન કરવાને શાસ્ત્રી બનવું એ શાસ્ત્રનું સાચું અનુશીલન નથી.

સાધન છે, સાધ્યનું જ્ઞાન છે, સાધન કરીને સાધ્ય પ્રાપ્ત કરવાની શક્તિ છે, છતાંય જો માનવી એ પ્રમાણે ન કરે તો ખરેખર તે માતાના યૌવનનું હરણ કરીને પોતાનો જન્મ પણ વ્યર્થ ગુમાવે છે.

મનુષ્ય જીવનનું ધ્યેય તો પરમાત્માને પ્રાપ્ત કરવાનું છે. ''પોતે કોણ છે? ક્યાંથી આવ્યો? ક્યાં જશે? અને કેમ આવ્યો? – એવા અનેકવિધ પ્રશ્નો આત્મસંશોધન કરનારના અંતરમાં હરઘડી ઊઠે છે. એ પ્રશ્નોનો વિચાર કરીને, તેનો પાર પામવાનો પુરુષાર્થ કરીને જો માનવી પોતાના જીવનનું એકમાત્ર ધ્યેય શ્રી હરિને બનાવે, તો જ તેનો જન્મ, જનની અને જન્માંતરે કરેલા અનેકવિધ પુરુષાર્થ સાર્થક છે. એ સિવાય ઇતર રીતે જીવેલું જીવન વેડફી દેવા જેવું છે,'' એવો શ્રી અવધૂતનો સચોટ બોધ છે. અનુસરો અને ઉદ્ધાર છે. અવગણના કરો અને મૃત્યુ અને જન્મ છે.

સમસ્ત પ્રશ્નપરંપરાનું લક્ષ્ય આત્મસંશોધન છે. નિરીક્ષણ કરીને જ્યાં જ્યાં અશુદ્ધિ જણાય ત્યાં ત્યાં જાગ્રત બની અશુદ્ધિનો નિસ્તાર કરવાનાં સાધનો પણ અહીં જ છે. અને પરિણામે માયાની ઓથમાં રહેલા માયાપતિને શોધવામાં જે અંતરાયો આવે તેને કાપતાં કાપતાં અંતે એ મહેશ્વરને પ્રાપ્ત કરી જીવન સાર્થક કરવાનો સદ્‌બોધ છે.



ભા.- ૧

(૪)

દરદીનું દરદ એક દરદી જાણી શકે,
આન મન દેખીને હાંસી આવે;
પ્રેહની ઝાળ એક વિરહી પરખી શકે,
કલ્પના આનને અલ્પ નાવે.-ટેક.

રડી રડી આંખડી સૂજી થઈ રાતડી,
રાતડી જુગ સમી લાગે કારી;
નિંદ આવે નહિ જાગ ભાવે નહિ,
ઊઠબેસે તૂટી તંગ મારી.-દરદીનું.-(૧)

આવને આવ અવધૂત દિગંબરા,
ક્યાં લગી અંત અનંત જોશે ?
કંથ વિણ કામિની પંથ શે લાધશે ?
માત વિણ તોકગતિ શી જ થાશે ?-દરદીનું-(૨)

આપું શું તુજને સર્વદાતા હરે?
વિધિ હરિ હર કરે તુજ સેવા !
ધ્રુવ ઉપમન્યુએ આપ્યું શું ભૂધરા,
જે થકી પામિયા મિષ્ટ મેવા?-દરદીનું-(૩)

શુષ્ક કાષ્ઠે હરિ પત્ર આણ્યાં ફરી,
રજકને રાજ દીધું અઘારિ;
સતીપતિ ઊઠવી દુષ્ટભગ ટાળિયું,
એકલો રંગ કાં દીધ વિસરી?-દરદીનું-(૪)

કોટિ દોષે કરી પૂર્ણ હું નરહરિ,
તુંજ તણો જગતમાં દાસ કહાઉં;
માર કે તાર તુજ દ્વાર આવી ખડો,
લાજ જાશે યદિ ખાલી જાઉં ? - દરદીનું-(૫)

ભગવાનવિહોણા ભક્તહૃદયની આર્તસંવેદનાનું આ એક શબ્દચિત્ર છે. આપણને આ ગીતમાં શ્રી અવધૂતની અંતરવ્યથાનું દર્શન થાય છે. આત્મદર્શન અથવા અપરોક્ષ અનુભવ અર્થે તલસતા ભક્તહૃદયની ઉત્કટ અભિલાષા ગમે તે કારણે જ્યારે સંતોષાતી નથી, ત્યારે તેની અંતરવ્યથા પરાકાષ્ઠાએ પહોંચે છે. ''આટઆટલું કર્યા છતાંય પ્રભુ કેમ ન રીઝ્યા?'' એ પ્રશ્ન તેના હૃદયને વલોવી નાંખે છે. પ્રભુદર્શનતરસી આંખો જીવનભર પ્રભુદર્શનની ઝંખના કરતી રહે અને પ્રભુનાં તેને દર્શન ન થાય અથવા ખોળંબે પડે ત્યારે તેનું હૃદયમંથન કેવું હોય તેનો અહીં ભક્તહૃદયને ઝાંખો ખ્યાલ આવે છે. ભક્ત ભગવાનને ભાળવા અને ભેટવા જેમ જેમ તલસે ને તેમ તેમ ભગવાન તેનાથી દૂર અને દૂર ભાગે. બાળક માતાને ભેટવા દોટ મૂકે અને માતા તેનાથી દૂર ભાગે ત્યારે બાળકનું આક્રંદ, બાળકની તાલાવેલીનો અહીં આપણને ખ્યાલ આવ્યા વિના નહીં રહે. વહાલાના વિરહે વ્યાકુળ બનેલી ગોપીની અંતર દશાનો ખ્યાલ જેણે એ વિરહવેદના નથી અનુભવી તેને શી રીતે આવે? પિયામિલનની આશામાં ને આશામાં ઝૂરતી છતાંય પ્રતિપળે મિલનની આશા સેવતી અને સફળતાનાં સ્વપ્ન અનુભવતી મીરાં જેવી, શ્રી અવધૂતની આપવીતીનું આપણને આ ગીતમાં દર્શન થાય છે. એવી દશા બધાય ભક્તોની એકસરખી જ હોય છે. અને તેથી જ સાધક અવસ્થામાં સાધ્યના અપરોક્ષ અનુભવના અભાવે સાધકની શી દશા થાય છે, તેનો સચોટ ખ્યાલ તો જે એ પરિસ્થિતિમાં મુકાય તેને જ આવી શકે.



ભા.- ૧

શ્રી અવધૂત પોતાના સાધનાકાળની કથા ભાગ્યે જ કોઈને કહે છે. પણ જ્યારે શ્રી અવધૂતના આ પ્રકારના સાહિત્યનું પરિશીલન કરીએ ત્યારે એ શબ્દોના ગર્ભમાં રહેલી સાધક અવસ્થામાં હૃદયમંથન અને સંવેદનાનો આપણને ખ્યાલ આવ્યા વિના રહેતો નથી. અને તેથી જ

''દરદીનું દરદ એક દરદી જાણી શકે''

એ શબ્દો શ્રી અવધૂતે ઉચ્ચાર્યા છે.

એક રોગગ્રસ્ત રોગીની રોગવ્યથાને કારણે શી અવસ્થા થાય છે, રોગની વેદના તેને કેટલો અને કેવો ત્રાસ નિપજાવે છે તેની કલ્પના કોઈ નિરોગીને ભાગ્યે જ આવે. તેનો સચોટ ખ્યાલ તો બીમારી ભોગવતો હોય, કિંવા ભોગવીને ઊઠ્યો હોય તેને જ આવી શકે. જેણે બીમારીનો ખાટલો સેવ્યો નથી તેને જેમ બીમારીની વ્યથાની કલ્પના આવતી નથી, તેમ જેને ભગવાનનાં દર્શનની તાલાવેલી લાગી છે તેની શારીરિક અને માનસિક દશાનો ખ્યાલ બીજા સંસારીને આવતો નથી. મીરાંએ પણ હૃદયમંથનની એવી જ કોક પળે ગાયું :

''ઘાયલકી ગત ઘાયલ જાણે કી જીન ઘાયલ હોય.''

સમરાંગણમાં ઝઝૂમતાં પ્રતિપક્ષીની તાતી તલવારના ઘા વાગ્યા હોય



તેની કલ્પના જેણે ઘા સહન નથી કર્યા તેવાને જેમ આવતી નથી, તેમ પ્રભુપ્રેમમાં તરબોળ બનેલા ભક્તની પ્રભુના દર્શનની અભિલાષા પૂર્ણ થતી નથી ત્યારે શું થાય છે તે ભક્તિવિહીન હૃદયની કલ્પનામાં પણ આવતું નથી. જ્યારે એવા ભક્તહૃદયની વ્યથા અથવા દશાને બીજો બિનઅનુભવી જુએ છે ત્યારે તેને અજ્ઞાનના કારણે હાસ્ય આવે છે. એવા ભક્તની તે મશ્કરી-ઠઠ્ઠા ઉડાવે છે. ભક્તહૃદયના ઊંડાણનું માપ કાઢવાની તેનામાં શક્તિ નથી. સરિતાના છીછરા પાણીમાં સ્નાન કરનારને સમુદ્રના મધ્યમાં સ્નાન કરનારની ગતિનો ખ્યાલ આવતો નથી. તેમ જેને ભક્તિ એટલે શું? ભગવાન એટલે શું ? તેનું ભાન નથી તેને, જે ભક્તિમાં તરબોળ છે છતાં ભગવાનનાં દર્શનના અભાવે તેને જે અંતરવેદના થાય છે તેની કલ્પના આવી શકતી નથી. અને તેથી વ્યથાના પરિણામે એવા ભક્તને જે સાત્ત્વિક અષ્ટભાવ જાગ્રત થાય છે તે જ્યારે એવો શુષ્કહૃદય માનવી ભાળે છે ત્યારે તેને હસવું આવે છે. એવા ભાવને તે કેવળ ઢોંગ માને છે. અને તેથી જ શ્રી અવધૂતે કહ્યું કે દરદીના દુઃખની કલ્પના દરદીને જ આવી શકે. જે નિરોગી છે તે તો એવા દરદીને જોઈને હસે છે. ભક્તના હૃદયની કલ્પના જે ભક્ત હોય તેને જ આવી શકે.

એ જ વાતને પુષ્ટ કરવા શ્રી અવધૂતે બીજું દૃષ્ટાંત આપ્યું છે :

"પ્રેહની ઝાળ એક વિરહી પરખી શકે,
કલ્પના આનને અલ્પ નાવે."

પતિ વિરહે ઝૂરતી, પળપળ પતિના આગમનની આશા સેવતી એક વિરહી નારની વિરહવ્યથા-વિરહ વેદનાનો ખ્યાલ વેશ્યાને ન આવે. પતિવિરહના અગ્નિની પળપળ પ્રજળતી એ વિરહી નારને ચંદ્રની શીતળતા પણ ઉષ્ણ લાગે, ચંદનના લેપન પણ તેને પ્રજાળે અને હિમવર્ષા પણ તેને અગ્નિકણ જેવી ઉષ્ણ લાગે. એ વિરહીની વેદનાનો ખ્યાલ તો જેને વિરહની વેદના થાય તેને જ આવે. બીજી કોઈ નારને તેની લેશ પણ કલ્પના આવી શકતી નથી. પાણી વિના વેલી સુકાય, પાણી વિના મીન તરફડે, તેમ એ વિરહવેલી પણ પતિના વિયોગે તરફડે. સતી પતિનો વિયોગ સાંખી શકતી નથી. વેશ્યાને પતિ જેવું કે વિરહ જેવું કશું જ નથી. અને તેથી તેને એ વિયોગની વેદના સહન પણ કરવાની રહેતી નથી. કામી પુરુષને સ્ત્રી કેટલી વહાલી છે તે તે જાણે. લોભીને ધન કેટલું વહાલું છે તે લોભી જાણે. જે કામી નથી, જે લોભી નથી તેને એ કામી અને લોભી મનુષ્યના હૃદયમાં રહેલા કામ અને લોભની કલ્પના આવી શકતી નથી. તેમ ભક્તને ભગવાન કેટલા વહાલા છે, ભક્ત ભગવાનથી એક પળ પણ વિભક્ત થાય તો તેને કેટલું દુઃખ થાય છે તેની કલ્પના જે ભક્ત નથી તેને કેમ આવી શકે ? જયદેવ કવિની સતી પત્નીને જ્યારે જયદેવના પંચત્વના સમાચાર આપવામાં આવ્યા ત્યારે તે

જ ક્ષણે તેનું પ્રાણપંખેરું ઊડી ગયું. એ છે વિરહની વેદના. એ છે વિયોગની પરાકાષ્ઠા અને તેનું પરિણામ.

પ્રભુપ્રેમઘેલી ગોપી જુઓને ! શ્રી કૃષ્ણનો એક પળનો વિરહ એ સાંખી શકતી નથી. પતિમય બનેલી સતીને જેમ પતિનો વિયોગ વ્યથિત કરી મૂકે છે, વિહ્વળ બનાવે છે, તેમ પ્રભુદર્શનઘેલા પ્રેમી ભક્તને પ્રભુવિરહ નખશિખ પ્રજાળે છે. એ વિરહ એવો છે કે પળપળ બાળે છે. કપાસના ઢગમાં અગ્નિની ચિનગારી જેમ ભડકે બળતી નથી પણ ધીમે ધીમે રૂને પ્રજાળે છે, તેમ પ્રભુવિરહી ભક્તહૃદય પણ ધીમે ધીમે પ્રજળે છે અને એ વિરહની ઝાળ અને વેદના જેમ ચોમેર ધુમાડાના ગોટાઓ ફરી વળે અને વચમાં માનવી ગુંગળાતો હોય કિંવા પાણીમાં ડૂબેલો મનુષ્ય જેમ બહાર આવવાને તાલાવેલી કરે અને તરફડે તેમ પ્રભુવિરહે એ ભક્ત ઝૂરે છે. પણ એ જાણે કોણ ? જે એવો વિરહી હોય તે. જેણે એ વિરહવેદના સહન કરી હોય તે જ જાણે. મીરાંએ એવો વિરહ સહન કર્યો ત્યારે જ ગાયું :

"જૌહરકી ગત જૌહરી જાને કી જીન જૌહર કીન."

અને શ્રી અવધૂતે પણ સાધનાકાળમાં એવો વિરહ સહન કર્યો, તેની ઝાળમાં મન, બુદ્ધિ, ચિત્ત, અહંકારને પ્રજાળ્યાં અને ત્યારે જ ગાયું :

"પ્રેહની ઝાળ એક વિરહી પરખી શકે
કલ્પના આનને અલ્પ નાવે."

વિરહી નાર પતિવિરહે ઝૂરે, ઝૂરતી ઝૂરતી રુદન કરે અને રોઈ રોઈને આંખો રાતી થાય તોય પતિનાં દર્શન ન થાય. ભક્ત ભગવાનથી એક પળ પણ વિભક્ત થઈ શકતો નથી. એવી વિભક્તિ સાંખી શકતો નથી. અરે, વિભક્તિની કલ્પના જ એની આંખોમાં આંસુ ભરી દે છે. જ્ઞાનદૃષ્ટિએ તો ભક્ત પણ નથી અને ભગવાન પણ નથી. જે છે તે બધું જ ભગવાન છે. એ જ્ઞાનદૃષ્ટિ અથવા અદ્વૈતબુદ્ધિ પ્રાપ્ત થાય અને તે સ્થિર થાય ત્યાં સુધી તો ભક્ત અને ભગવાન એવી ભેદબુદ્ધિ રાખવી જ જરૂરની છે. અવ્યક્તની ઉપાસના સર્વસુલભ નથી, અને તેથી જ ભગવાને પણ ભક્તિની પ્રણાલિકાને અપનાવી છે. દ્વૈતબુદ્ધિએ સાધનાનો પ્રારંભ કરીને જ અદ્વૈતને પ્રાપ્ત કરી શકાય છે. જ્યારે એવો દ્વૈતબુદ્ધિયુક્ત સાધક ભગવાનને પોતાનાથી ભિન્ન માનીને, તેના દર્શન માટે તલસે છે અને છતાંય જ્યારે તેની આંખો દર્શનથી તૃપ્ત થતી નથી, ત્યારે તેને શું થાય ?

નિરાધાર બાળક, કેવળ માતાને જ પોતાનું સર્વસ્વ માની, માતાના જ આધારે જીવતું, માતાથી વિખૂટું પડેલું બાળક માતાને ન જુએ ત્યારે કેવું રડે છે ? એના એ ફાટફાટ રુદનથી કઠોર કાળજાં પણ કંપી ઊઠે. એવું એ રુદન ક્યારે શમે છે ? કેવળ માતાના દર્શનથી ! માતા નથી



કાંઈ દેતી બાળકને, છતાંય કેવળ માતાનું દર્શન જ બાળકના રુદનનો એક માત્ર ઈલાજ છે. ભક્તનું રુદન પણ કેવળ ભગવાનનાં એ દર્શનને કારણે જ, ભગવાનના વિરહના કારણે જ છે. જે ભક્ત છે તે જગતના દુઃખથી રડતો નથી. જગતના દુઃખને ગણકારતો નથી. જગતનાં દુઃખ તેને મન દુઃખ નથી પણ પ્રભુની કૃપા છે. એ દુઃખમાં એ પ્રભુની નજીક જાય છે. જેનું અંતર પળપળ પ્રભુના દર્શન માટે જ તલસે છે, તેને જ્યારે પ્રભુનાં દર્શન ન થાય ત્યારે તેની નિરાધાર અવસ્થાનું અશ્રુ દ્વારા સહજ પ્રદર્શન થાય છે. રુદન માટે તેને યત્ન કરવો પડતો નથી. યત્ન કરે તે તો દંભી ગણાય. તે જગતને બતાવવા રોતો નથી. નથી તેને ધનલાલસા, નથી તેને પુત્રપરિવારની અભિલાષા, નથી તેને વૈભવની અપેક્ષા. તેને તો માત્ર તેના વહાલાનાં દર્શન માટે તલસતી તરસી આંખોને ઠારવી છે, અને તેથી તેની આંખો રુદન કરે છે. અભાગી એ આંખડી ભક્તની અંતર વેદનાનો પડઘો પાડે છે. અને એ રુદન પણ કેવું ?

रामेण सार्धं मथुरां प्रणीते
श्चाफल्किना मय्यनुरक्त चित्ताः।
विगाढभावेन न मे वियोग–
तीव्राधयोऽन्यं दहशुः सुखाय।

"જ્યારે અક્રૂરજી બલરામ સાથે મને વ્રજથી મથુરા લાવ્યા ત્યારે ગોપીઓનું હૃદય ગાઢ પ્રેમના કારણે મારા અનુરાગના રંગમાં રંગાયેલું હતું. મારા વિયોગની તીવ્ર વ્યાધિથી વ્યાકુળ થઈ રહી હતી અને મારા સિવાય બીજી કોઈ પણ વસ્તુ તેને સુખકારક લાગતી નહોતી." આ છે વિરહની વેદનાનું સ્વરૂપ. અને એ સ્વરૂપના અભાવે વિરહની ઝાળમાં પ્રજ્વળતો ભક્ત એ વિરહની શાંતિ અર્થે જે આક્રંદ કરે છે તેની કલ્પના જેને વિરહની વેદનાનો અનુભવ નથી તેને આવવી સંભવિત નથી. વ્રજની ગોપી એ વિરહની એક આદર્શ પ્રતિમા છે. એ રુદનનું પરિણામ ખરેખર શરીર પર થાય છે. અને તેથી શ્રી અવધૂતે કહ્યું :

"રડી રડી આંખડી સૂજી થઈ રાતડી,
રાતડી જુગ સમી લાગે કારી."

ભક્તને "હું ભગવાનથી વિખૂટો પડ્યો છું", એવી કલ્પના થાય એટલે જ તેની માનસિક સમતુલા અસ્તવ્યસ્ત થાય છે. સાધનકાળમાં તો ભક્તની સાધના દ્વૈતથી જ પ્રારંભાય છે. એટલે "ભક્ત અને ભગવાન" એવું દ્વૈત હોય છે. જ્યારે ભગવાનથી ભક્તની વિભક્તિ અસહ્ય થઈ પડે છે ત્યારે એ વિભક્તિની વેદનાના અગ્નિની શાંતિ અર્થે વણ પ્રયાસે જ ભક્તનું અંતર આર્દ્ર બની જાય છે. એ અંતરની આર્દ્રતા તેના નેત્ર દ્વારા પ્રગટ થાય છે અને ત્યારે તેની આંખોમાંથી શ્રાવણ ભાદરવાના મેહ સમાં અશ્રુઓની ચોધાર અવિરત ધારા સરી પડે છે. ભક્તની એ અવર્ણનીય

માનસિક અવસ્થાનું અહીં શ્રી અવધૂતે જાતઅનુભવ્યું ચિત્ર દોર્યું છે એમ કહેવું અતિશયોક્તિભર્યું નથી. એ અનુભવગમ્ય સ્થિતિનું ભાન દરેકને ન થાય એ સંભવિત છે.

''अव्यक्ता हि गतिर्दुःखं देहवद्भिरवाप्यते।''

ભગવાનના એ શબ્દો અનુસાર નિર્ગુણ અવ્યક્ત સ્વરૂપની ગતિ દેહધારીઓ મુશ્કેલીથી પ્રાપ્ત કરી શકે છે અને તેથી સગુણસાકાર પરમાત્માની ઉપાસના તરફ અર્જુનનું ધ્યાન દોરવ્યું છે. શ્રી ભગવાને ઉદ્ધવને પણ એ જ ભાવનાં વચનો કહીને સગુણસાકાર પરમાત્માની ઉપાસના સર્વસાધારણ સાધકો માટે સુલભ છે એવું કહ્યું છે. અહીં શ્રી અવધૂતે પણ સગુણસાકાર બ્રહ્મની ઉપાસના તરફ જ સાધકનું ધ્યાન ખેંચ્યું છે.



ભા.- ૧

શ્રી અવધૂતે કહ્યું :

''રડી રડી આંખડી સૂજી થઈ રાતડી.''

''એક ક્ષણ પણ જે વિભક્તિ સહન કરી શકતો નથી તે ભક્ત'', એવી ભક્તની વ્યાખ્યા શ્રી અવધૂતે પ્રશ્નોત્તર માલિકામાં કરી છે. આગળ કહ્યું તેમ જ્યારે ભક્તના ભગવાનનાં દર્શન કરવાના અવિરત પ્રયાસો છતાં એ નિષ્ઠુર નંદકિશોર ભક્તને દર્શન દેતો નથી ત્યારે, જેમ વ્રજની ગોપિકાઓ કેવળ રુદન કરીને જ પોતાના એ અસહ્ય દુઃખનો ભાર હળવો કરવાનો નિષ્ફળ પ્રયાસો કરતી, તેમ અહીં પણ શ્રી અવધૂતને એ વિભક્તિનો ભાર હળવો કરવા સર્વ સુલભ રુદનનો જ આશ્રય લેવો પડ્યો છે.

નિરાધાર બાળક કેવળ માતાને જ પોતાનો આધાર અને સર્વસ્વ માનીને તેના જ આધારે જીવતું માતાથી વિખૂટું પડેલું બાળક માતાને ન દેખે ત્યારે કેવું રડે છે ? અને માતાનાં દર્શન થતાં જ કેવું શાંત બની જાય છે ? ભક્તનું એ રુદન કેવળ ભગવાનના વિરહનું જ રુદન છે. તેને પાર્થિવ પદાર્થોની આશા નથી. તેને તો માત્ર તેના પ્રિય પ્રભુનાં દર્શનની જ આશા છે. એ જ તાલાવેલી છે. કેવળ હરિદર્શનથી જ એ તરસી આંખોને તરપત કરવી છે. પણ પ્રભુય કેવો કઠોર છે ? નથી દેતો દર્શન, નથી લોતો રોતાનાં આંસુ, નથી ઠારતો ભક્તનું હૈયું. અને તેથી જ રુદન કરીકરીને ભક્તની આંખો સૂજીને લાલ બુંદ જેવી બની જાય છે. પ્રભુને પામવાની એક માત્ર ઝંખના જેના હૃદયમાં જાગી છે તેની આ એક અવસ્થા છે. એની આંખો રડે, એનું અંતર રડે. નથી એને ક્યાંય ચેન પડતું, નથી રાતે નિદ્રા, નથી શાંતિ દા'ડે. બસ આઠે પ્રહર એને એક જ રટણ છે – પ્રભુદર્શનનું. ઘડીક સૂએ, ઘડીક ઊઠે, ઘડીક ફરે અને એ બધીય ક્રિયાઓમાં પણ એનું મન તો કેવળ પ્રભુદર્શનપ્યાસું જ હોય. અને તેથી જ શ્રી અવધૂતે કહ્યું :



"હે પ્રભો ! તારી ઝંખના કરતાં કરતાં રોઈ રોઈને આંખો સૂજી ગઈ. રાતી બની ગઈ. એમ કરતાં એવી અછાડપછાડ કરતાં રાત્રિ પણ જુગજુગ લાંબી લાગે. એ કારી રાત કેમે કરતાં વીતે નહીં. નિદ્રા આવતી નથી. જાગું છું ત્યારે કેમેય ગોઠતું નથી અને અછાડપછાડમાં શરીરનાં ગાત્ર પણ હવે તો ઢીલાં થયાં."

"નિંદ આવે નહિ જાગ ભાવે નહિ,
ઊઠબેસે તૂટી તંગ મારી ?"

અને એમ છતાંય હજી તને દયા નથી આવતી ? નાથ, દર્શન ક્યારે દેશો ? શીદ તલસાવો આમ !

પણ તોય પ્રભુ દર્શન દેતા નથી. સગુણસાકારસ્વરૂપે આવા ભક્તની ભાવનાને અનુરૂપ દર્શન ન આપે એમાં ભગવાનને શો આનંદ આવતો હશે ? અરે, દર્શન દેવામાં એનું શું લૂંટાઈ જવાનું હશે ! પણ ના, એ એમ શેનો દર્શન આપે !

પણ ના, ભક્ત એમ હારે એમ નથી. જે ભક્ત છે, જેને કેવળ ભગવાનનાં જ દર્શન કરવાં છે, જેની એક માત્ર અભિલાષા જ ભગવાનને પ્રાપ્ત કરવાની છે તે આમ દર્શન ન થાય તેથી પોતાના પ્રયત્નોમાં મોળો પડતો નથી. તેનો તો "અર્થ સાધવો કિંવા મૃત્યુ પામવું", એ મુદ્રાલેખ હોય છે. જેને જાગતિક પદાર્થોનો મોહ છે, તેની પ્રાપ્તિ અર્થે પ્રભુને કેવળ સાધન બનાવ્યું છે, તે કદાચ તેના પ્રયત્નોમાં શિથિલ બને એ બનવાજોગ છે. પણ જેણે સાધ્યની જ પ્રાપ્તિ અર્થે પુરુષાર્થ પ્રારંભ્યો છે તે તો સાધ્યને પ્રાપ્ત કરવાને કદાચ પ્રાણાર્પણ કરવું પડે તો તે કરવાને પણ તૈયાર જ હોય છે. અને તેથી શ્રી અવધૂતે પણ એ જ વસ્તુનો આ ગીતના ગર્ભમાં સિદ્ધાંત રજૂ કર્યો છે. શ્રી અવધૂત રુદન કરતાં કરતાં થાક્યા, અરે ! આંખોમાં અશ્રુ પણ હવે તો આવતાં નથી. અંતરનો એ અશ્રુનો ઝરો પણ સુકાયો અને જ્યારે પ્રભુદર્શન ન થયાં ત્યારે, હવે શ્રી અવધૂત બીજો માર્ગ ગ્રહણ કરે છે.

વ્રજની ગોપીએ શું કર્યું ? ગોપીવૃંદ સાથે વ્રજની વનરાજીમાં વિચરતો એ ગોપાળ જ્યારે ગોપીજૂથમાંથી એકાએક અદૃશ્ય થયો ત્યારે એ ગોપીઓએ રુદન કર્યું. એ રુદન કાનુડાને પીગળાવી ન શક્યું ત્યારે એ ગોપીવૃંદે તેનાં ગુણગાન ગાવાનાં શરૂ કર્યાં. તેને વિનય-અનુનયથી પીગળાવવાના પ્રયત્ન કર્યા. તેમ શ્રી અવધૂત પણ અહીં કરે છે :

આવને આવ અવધૂત દિગંબરા,
ક્યાં લગી અંત અનંત જોશે ?
કંથ વિણ કામિની પંથ શે લાધશે ?
માત વિણ તોકગતિ શી જ થાશે ?

ભલો થા ભગવાન ! હવે તો ભલો થા ! ક્યાં સુધી આમ તલસાવશે

જીવને ? અને અહીં ભગવાનને ઉપમા પણ કેવી આપી છે ? 'અવધૂત' અને 'દિગંબર'.

અવધૂત ગીતામાં ''અવધૂત'' શબ્દની વ્યાખ્યા કરી છે. તેનો સાર એ છે કે, ''જે આશાનાં બધાંય બંધનોથી મુક્ત છે, જે આદિ, મધ્ય અને અંતમાં નિર્મળ છે, જે સદાસર્વદા આનંદસ્વરૂપ છે, જેને વાસના નથી, જેનું વક્તવ્ય નિર્મળ છે, જે વર્તમાનમાં જ રહે છે, જેનાં ગાત્રો ભસ્મોદ્ધૂલિત છે, જેનું ચિત્ત નિર્મળ અને સ્વચ્છ છે, જેને ધ્યાન કે ધારણા જેવું કશું જ નથી, તત્ત્વચિંતન એ જ જેનો વ્યવસાય છે, ચિંતા નથી અને તેથી જે નિશ્ચેષ્ટ છે અને જે તમોગુણના પરિણામરૂપ અહંકારથી મુક્ત છે તે અવધૂત છે અને દિગંબર યોગીરાજ શ્રી દત્ત છે.'' દિગંબર શબ્દનો અર્થ પણ એક વખત શ્રી અવધૂતે કર્યો હતો : ''દિશા જેનું અંબર છે તે દિગંબર. અથવા જે દિશાનું અંબર છે તે દિગંબર''. આમ જે સર્વપ્રકારે શુદ્ધ પરમતત્ત્વ અંતરબાહ્ય વ્યાપ્ત છે તે અવધૂત દિગંબર છે. એવા અવધૂત દિગંબરને અહીં શ્રી અવધૂતે પોકાર કરીને કહ્યું :



''આવને આવ અવધૂત દિગંબરા.''

''ઝાઝું તાણે તાંતણો તૂટી જશે પછી કોને દર્શન દેશે ?'' એ તો ભક્તનો પોકાર છે, આર્તની પ્રાર્થના છે. અશરણની અભ્યર્થના છે. માતાથી વિખૂટા પડેલા અર્ભકનું આક્રંદ છે. પાગલ પ્રેમીના એ પ્રલાપ છે. ''જરા તો દયા કર ! આર્તનું આક્રંદ નહીં સૂણે ? તું શું બહેરો છે ? ના, ના, વિના કર્ણ તું સર્વ સાંભળી શકે છે, તો શું મારા આ આર્તપોકાર તારે કાને નથી આવતા ? અથવા સુણ્યું. અણસુણ્યું કરે છે ? હદ આવી હરિ, હવે તો હદ આવી ! એ હવે ઝાઝું નહીં સહન કરી શકે. દર્શન દઈને અંતર ઠાર. ભગવન્ ! ક્યાં સુધી અંત જોશે ! તું તો અનંત છે. તારો અંત નથી, પણ હું તો અંતવાન છું. અંતવાનનો અંત અનંત જુએ તો અનન્તની અનન્તતા લાજે. દેવ ! તારા વિણ કો અન્ય આધાર છે ? અને જ્યારે તું જ આમ મારો અંત જુએ ત્યારે મારી શી દશા થશે ?

ના, નહીં સાંભળે. એ નિષ્ઠુર છે. નિર્દય છે. દયાનો સાગર, કોમળતાનો-કરુણાનો ભંડાર કહેવરાવે છે, છતાંય આજ એ નિષ્ઠુર બન્યો છે. નહીં સાંભળે ! ભલે, તને રુચ્યું તે ખરું ? ક્યાં લગી આમ તું અંત જોશે ? ના, ના, એમ તો નહીં હોય - ''ગરજ સરી ને વૈદ વેરી.'' શું તું એમ માને છે કે તું દર્શન દઈશ તો પછી હું તને છોડી દઈશ ? શું એવું માનીને દર્શન દેતો નથી ? ભગવન્, મારો ભરોસો નથી ? ના, ના, એમ તો કેમ બને ! કનૈયો વ્રજગોપીને તરછોડી મથુરા જાય પણ વ્રજગોપીના અંતરમાંથી કનૈયો ન જાય, અને ત્યારે જ એ વ્રજગોપીની પ્રશંસા આજ વર્ષો વિત્યાં છતાંય જગત કરે. સુરદાસનો હાથ છંછેડી પ્રભુ ભાગ્યા. સુરદાસે કહ્યું ''હાથ છોડવી ભલે ભાગો, હૃદયથી દૂર થાવ તો



જ ખરું માનું.'' અને તેથી હે ભગવન્ ! મારો અણભરોસો કરીશ ? તું મને ભલે તરછોડે, હું તને કેમ છોડું ? તને કેમ વિસરું ? અગર તું દર્શન દેશે તો પણ ભલે, ન દેશે તો પણ ભલે. પણ મેં તો જે પકડ્યું છે તે છોડું એ બનવું જ સંભવિત નથી.'' એ પ્રલાપોનો પાર નહીં આવે. આપણે આગળ ચાલીએ. શ્રી અવધૂતે બે દૃષ્ટાંતો દ્વારા પ્રભુ વિના અંતિમ ગતિ નથી, પ્રભુ એ જ એક અંતિમ આરો છે – એ સિદ્ધાંત સમજાવવાને કહ્યું :

''કંથ વિણ કામિની પંથ શેં લાધશે ?''

એ એક દૃષ્ટાંત છે.

એ દૃષ્ટાંત દ્વારા શ્રી અવધૂતે બે તત્ત્વોનું આપણને ભાન કરાવ્યું છે. પ્રથમ તો સ્ત્રીને પતિ વિના બીજો ઉદ્ધારનો આધાર નથી. બીજું શાસ્ત્રની મર્યાદા પણ એવી છે કે સ્ત્રી પતિ વિના નિરાધાર છે. ગાર્ગી જેવી વિદુષીને પણ સ્વર્ગારોહણ સમયે તેનું કૌમાર્યવ્રત આડે આવ્યું અને તેથી પતિ એ એક જ સ્ત્રીનો આધાર છે, ઉદ્ધાર અને સર્વસ્વ છે, એ સિદ્ધાંતનું અહીં પ્રતિપાદન કરવામાં આવ્યું છે. પતિ એ સ્ત્રીનો ગુરુ છે એવું પણ શાસ્ત્રનું વચન છે. શ્રી અવધૂતે કહ્યું :

''કંથ વિણ કામિની પંથ શે લાધશે ?''

કંથ વિના કામિની તેનો આત્મોદ્ધાર કરી શકતી નથી. પતિ વિના સતીની શી ગતિ ? અને સર્જનમાત્રનો પતિ કોણ ? પરમાત્મા. જે પરમાત્માથી વિખૂટો પડે છે તે પોતાનો કાળાંતરે પણ ઉદ્ધાર કરી શકતો નથી. જન્મજન્માંતરે પણ તે વણઉદ્ધાર ભવાટવિમાં ભટકે છે. કંથ અને કામિની વિભક્ત છતાંય અવિભક્ત આત્મા જ છે. ઋણાનુબંધે ભેળાં મળેલાં એ બે જણાતાં છતાંય એક જ છે. એ જ કારણે સ્ત્રીને અર્ધાંગના પણ કહેવામાં આવી છે. જો કંથ ન હોય તો કામિનીની બધીય કામના એળે જાય છે. સંસારમાં તેને એકે પંથ સૂઝતો નથી, તે પોતાનું પરમશ્રેય સાધી શકતી નથી. અને તેથી જ જેમ કામિનીનો કંથ વિણ એકે આરો નથી તેમ શ્રી અવધૂતે કહ્યું, ''હે ભગવન્, તારા વિના મારો જીવનપંથ શેં ઉજાળી શકાશે ? તારા વિના મારી એ વિભક્તિ કોણ ટાળી શકશે ? અને આમ વિભક્તિ રહી તો તારી ભક્તિ કરી પણ શા કામની ? અને તેથી હે અવધૂત દિગંબર, આવ.''

શ્રી અવધૂતે બીજું દૃષ્ટાંત આપ્યું છે બાળક અને માતાનું. કહે છે :

''માત વિણ તોકગતિ શી જ થાશે ?''

માતા વિના બાળકની શી ગતિ ! તારા વિના મારી શી ગતિ ! પતિ વિના પત્નીનો ઉદ્ધાર કેમ થાય ? તેનો જીવનપંથ કેમ ઊજળો બને ? હે નાથ, તારા વિના મારું જીવન શુષ્ક જ રહેશે. મારો માર્ગ સદાય અંધકાર-પાર્થિવથીયે પર-ગાઢ અંધકારથી જ ભર્યો રહેશે. કેવળ એક જ કિરણ-પ્રકાશનું કેવળ એક જ કિરણ, કેવળ એક જ ચિનગારી અને હે

ભગવન્, મારો જીવનપંથ-અંધકારથી આચ્છાદિત એ જીવનપંથ-પ્રકાશમય-પ્રકાશ જ બની જશે. નાથ, હવે ક્યાં સુધી અંત જોશો ? અને મૃત્યુ ! એ તો જન્મ્યો ત્યારથી જ નિશ્ચિત છે. ધનભાગ મારા આ જીવનનાં, જો દેહ પડે તુજ કારણે. અને તોય એ અંત સમે પણ ઝંખના તો તારી જ રહેશે. કૃપાળુ છો, કૃપા કરો. પ્રભો ! દર્શન દઈ આંખ ઠારો. વિરહ અને વિભક્તિને કારણે ભડભડ ભડકે બળતા અંતરને દર્શનનાં અમૃત છાંટી શીતળ કરો. માતા વિના શેં બાળ જીવે ? અને જીવે તોય એના જીવનનો સાચો આનંદ ક્યાં છે ? માતાના વહાલસોયા ઉછંગમાં ઉમંગે માણવાનું એના ભાગ્યમાં ક્યાં સર્જાયું છે ? મા ! માનું સુખ ! અરે, અનેરું એ સુખ મારું કેમ હણાયું ! હરિ, તુંયે જગતની માતા. જગતને પાળે અને પોષે. માવડી મારી, અને તારા જ શિશુને આમ અદૃશ્ય થઈને છેહ દઈને ક્યાં છુપાઈ ? પણ ''હું તારો છું'' એવું મને ભાન થાય ત્યારે ને ? પણ મા, શું હું તારો નથી ? બાળક તારું નહીં તો કોનું ? બસ નાથ ! એક જ વખત એક જ ક્ષણ દર્શન દ્યો. પછી તો દર્શન દીધા વિના તમારોય છૂટકો નથી. એક જ વાર કહો, ''હું તારો છું, તું મારો છે.'' અને જીવન ધન્ય. બસ આનંદ. આનંદસાગરમાં હિલોળે ચઢેલું એ અંતર પછી તારામાં જ સમાઈ જશે. વિભક્તિ જશે. પણ એ કોણ સાંભળે ? બહેરાને શું સંભળાવવું ? વિનય, પ્રાર્થના જેનામાં કરુણા હોય તેને કરાય. કહાવે છે કરુણાનિધાન અને કરુણાનો સાગર તો સુકાયો છે ! પણ આ તો ભક્તહૃદયના પ્રલાપ છે. વિભક્તિના દુઃખે બળતા ભગ્નહૃદયના ઊભરા છે. શું પ્રભુ વાણીના એ વિલાસથી નહીં રીઝાતો હોય ?

અને શ્રી અવધૂત બીજો ઈલાજ અજમાવે છે. કહે છે :

''આપું શું તુજને સર્વદાતા હરે ?
વિધિ હરિ હર કરે તુજ સેવા ?
ધ્રુવ ઉપમન્યુએ આપ્યું શું ભૂધરા,
જે થકી પામિયા મિષ્ટ મેવા ?''

શું કાંઈક અર્પણ કરવાથી પ્રભુદર્શન થાય છે ? જે ચૌદ બ્રહ્માંડના અખૂટ ભંડારનો અધિપતિ છે તેને શું અકિંચન પાસે પણ કશુંક પ્રાપ્ત કરવાની અભિલાષા રહે ખરી ? અને રહે તો શું તે પાર્થિવ પદાર્થોથી રીઝે ખરા ? સમસ્ત વિશ્વની સમૃદ્ધિનો જે સ્વામી છે, સમસ્ત વિશ્વમાં વેરાયેલી સર્વ સમૃદ્ધિ જેની નજરે તરણા જેવી તુચ્છ છે તેને હું શું આપી શકું ? ''ભગવન્, તું સર્વદાતા-દાતાશિરોમણિ છે. બધુંય અર્પી દેતાં કાંઈ અવશિષ્ટ ન રહ્યું ત્યારે તું સ્વતઃના આત્માનું એ દાન દેતાં ન ખમચાયો ત્યારે તો તું દત્ત કહેવાયો. જેની પાસે જે કાંઈ છે તે પણ તારું દીધેલું જ છે અને તું ધારે ત્યારે તેનું હરણ પણ કરી શકે છે. માનવીમાત્ર તો કેવળ તારી દીધેલી એ પાર્થિવ સમૃદ્ધિનો રખેવાળ છે. અને મારી પાસે

તો તેં એવી રખેવાળી માટે પણ કશું જ રાખ્યું નથી. નથી ઘરબાર, નથી પુત્રપરિવાર, નથી ધનભંડાર, નથી અન્નભંડાર. પાસે શું છે જે તને આપીને તને રીઝવું ? અને તું એવા પાર્થિવ ધનથી રીઝાશે ખરો ? ના. શું તું વચનથી રીઝાશે ? ના. શું તું તનથી રીઝાશે ? ના. તું તો રીઝે કેવળ ભાવથી. અસત્‌નાં દાન તને શાં દેવાં ? અને અસત્‌થી તું ક્યાં રીઝે છે પ્રભો ? તું સમા ભાવભૂખ્યાને રીઝવવાના ભાવ મારા અંતરમાં ભર્યા છે કે નથી, તે તો મારા કરતાંય તું જ અદકું જાણે છે. સર્વના જાણનાર તારાથી શું છૂપું રહ્યું છે ? અને તને શાની તાણ છે ? તું જ તો જગતનો ભર્તા છે. તું જ તો જગતને દેનાર દાની છે. તને તારું દીધેલુંય પાછું કેમ અપાય ? અને છતાંય આપ્યું તેથી શું તું રીઝાશે ? ના, નહીં રીઝાય. હરિ તને રીઝવવો ક્યાં સહેલ છે ? તું કેટલો મહાન છે !

"વિધિ હરિ હર કરે તુજ સેવા."

બ્રહ્મા હરિ અને હર તે અત્રિવરદ તારી સેવા કરે છે. જેણે જગતના સર્જનનો ભાર પોતાના શિર વહોર્યો છે તે તેના અણમોલ મુકુટ તારે ચરણે ધરે છે. જેણે જગતને જીવન આપવાનો ભાર પોતાના શિર ધર્યો છે, તેઓ તારા ચરણોની રજકણ તેને શિર ચઢાવે છે. જેણે જગતનો સંહાર કરવાનું બીડું ઝડપ્યું છે તે પણ તારા દાસ બનીને તારી સેવા કરે છે. એ બધાયનો તું સર્વશ્રેષ્ઠ છે. આવા કર્તા, ભર્તા અને હર્તા જ્યારે તારી સેવા કરે છે ત્યારે મારી શી ગણના ! મારા જેવા નિષ્કિંચન પાસે તું શેની આશા રાખે છે ? પણ ના, તું વિનિમયપ્રિય નથી. જે તને આપે તેને જ તું બદલો આપે એવોય તું નથી. તું તો સમદૃષ્ટિવાન છે. જે તને આપે તેને તું આપે એ તો વેપાર છે. ના, ના, તું એવો વેપારી તો નથી. જે તને આપે છે તેને તું આપે છે તેનાં કરતાં જે તને નથી આપતા તેને તું અધિક આપે છે, એ તારું બિરદ છે. ઇતિહાસ એની શાખ પૂરે છે. શું કરું ! તને મોલવી લેવાની મારી ગતિ નથી. હું તો ઊભો તુજ દ્વાર પર કેવળ ભિખારી. નથી ખાવા, નથી પીવા, નથી ઓઢવા પાથરવા, નથી રહેવા અને છતાંય નાથ, જીવું છું તારી આશમાં. જ્યાં સુધી આવરદાની દોરી છે ત્યાં સુધી જીવીશ અને અંતે તમન્ના એક દિલની નાથ,

"તમન્ના દિલમેં યહી એક સાંઈ હૈ !"
"તેરો નામહિ ગાવત જાઉં, ધ્યાઉં રૂપ બિસાલ;"
"કાનોમેં તેરીહિ ચર્ચા, ઔર ન શબ્દ વિચાર ?'

\+ \+ \+

"તેરા તુજમેંહિ મિલ જાઉં, દિખે ન દ્વૈત અસાર,"
"રંગ રંગૈયા એક કહૈયા, ઔર ન માંગુ દયાલ !"
"રહેવું સદા તુજ ચરણમાં, વાંછા નહીં બીજી કહીં,"
"મૃત્યુ સમે દીદાર તારા દેખતાં મરવું સહી."

અને બસ એ જ યાચના. નચિકેતાએ યમરાજને કહ્યું : ''હે યમરાજ, ભોગ કાલે રહેશે કે નહિ એવા છે. સંપૂર્ણ ઇન્દ્રિયોના તેજને જીર્ણ કરનારા છે. સમસ્ત જીવન પણ અલ્પ છે. આપનાં એ વાહન અને સ્વર્ગનાં નાચગાન આદિ ભોગ આપને જ મુબારક હો. મનુષ્યને ધનથી તૃપ્તિ થતી નથી. અને જ્યારે આપનાં દર્શન થયાં છે ત્યારે એ ધન તો મને મળ્યું જ છે. જ્યાં સુધી આપનું શાસન છે ત્યાં સુધી હું જીવિત રહીશ એમાં શંકા પણ નથી. મારો તો એક જ પ્રાર્થનીય વર છે.'' તેમ હે નાથ, મારી પણ એકજ પ્રાર્થના છે. એક જ વરદાનની અપેક્ષા છે. અને તે



ભા.- ૧

''આવ ને આવ અવધૂત દિગંબરા.''

બસ, એ સિવાય બીજી પ્રાર્થના નથી. અને છતાંય હે નાથ ! તું નથી આવતો. ક્યાં સુધી એ તાંતણો તાણશે ? તારાં ચરણોમાં રહી તારા દીદારનાં દર્શન કરતાં કરતાં તારામાં એક થવું અને એ રીતે મૃત્યુમાં મળી મહામૃત્યુરૂપ બનવું એ જ એક તમન્ના. હું તો ભિખારી છું પણ અસારનો નહીં, શાશ્વતનો-અક્ષરનો ભિખારી છું.

અને શ્રી અવધૂતે અન્યત્ર કહ્યું :

''હું ભિખારી ભિખારી, ગુરુઘરની દાસી,

+ + +

''હું તો માગણ ગુરુઘર દાસી રે;
એક સેવા તણી ઉપવાસી રે
એઠો ટુકડો તે ગુરુ તમ આપો;
મારી જન્મોજનમની ભૂખ કાપો રે.''

અને નાથ, તું તો તારાની આશ પૂરણ કરનાર એક જ છે વિશ્વમાં, અને તેથી તો તને કહ્યો વિશ્વંભર. વિશ્વનું પૂરું કરનાર. તને શી ખોટ છે કે મારા જેવા નિષ્કિંચન કને અપેક્ષા રાખે ?

પણ મને કહે તો ખરો, દેવ ! એ નાનકડા ધ્રુવે તને શું દીધું ? શેના બદલામાં તેં તેને અવિચળ પદ આપ્યું ? અપરમાતાનાં ઓશિયાળાં કડવાં કઠોર વજશાં વેણ સાંભળીને વ્યથિતહૃદય એ બાળકે તને શું દીધું ? પિતાએ તરછોડ્યો, માતાએ તરછોડ્યો, તારે શરણે આવ્યો અને બદલાની આશા વિના જ તેં તેને તારો કર્યો. હા, તેને જીવનના મોહ નહોતા તેથી તું તેને વર્યો. પણ એ પરિવર્તન થયું કેમ ? કેવળ તારી કૃપાએ. અને એટલી કૃપા મારા પણ પણ કેમ ન કરે ?

એ ઉપમન્યુએ તને શું દીધું ? કાંઈ જ નહીં, અને છતાંય તેં તેને તાર્યો અને મિષ્ટ મેવા આપ્યા. લેવું-દેવું એ તો કેવળ વિનિમય છે. તું તો દાતાર છે, દાનશૂર છે. વણ લીધે દેવું એ તો તારી જગવિખ્યાત કીર્તિ છે. અને તું તો અકામ છે, પૂરણ કામ છે. તારે શી કામના ? અને હું ? હું તો ભર્યો છું કામનાઓથી. સંસારમાં રચીપચી રહેલાં જીવ

તને શું આપે ? અને હરિ, તું તો ભૂધર. જગતને ધારણ કરનાર. જગતનો પાલનહાર. તને તો આપે તેનુંય તું રક્ષણ કરે અને ન આપે તેનુંય કલ્યાણ કરે. શો વાંક છે મારો પ્રભો ! અને વાંક હોય તોય તે તારા અંતરમાં કેમ વસે ? પુત્ર કપૂત થાય પણ માતા કુમાતા થતી સાંભળી નથી. દેવ ! પણ એ પ્રલાપ ક્યાં સુધી ? શું એ પ્રલાપો પ્રલાપો જ રહેશે ? નહીં સાંભળે તું ? ના ના, સંસાર નિરાશ કરશે પણ તું નિરાશ નહીં કરે. મને શ્રદ્ધા છે. વિશ્વાસ છે. મારી એ નિષ્ઠા અચળ છે અને કો કાળે ફળદાયક થશે જ. ભલે જન્મજન્માંતર વીતી જાય, પણ એક દિ એવો આવશે જ્યારે પ્રભો ! તું જ કહેશે : "તું મારો છે." અને તે જ આશાને તાંતણે જીવન જીવી રહ્યો છું. પણ દેવ, જોજે ! એ ઝાઝો તાણતો ના. બહુ તાણતાં તૂટી જશે. એ તંત તૂટે નહીં તે સંભાળજે."

અને વ્રજમાં ભગવાન શ્રીકૃષ્ણ જ્યારે ગોપીવૃન્દમાંથી અદૃશ્ય થયા ત્યારે ગોપીએ શું કર્યું ? આવા જ પ્રલાપો વડે કૃષ્ણચિંતન કર્યું. તેની લીલાઓનું સ્મરણ કર્યું અને એમ કરીને ભક્તની પરીક્ષા અર્થે વજ્રથીયે કઠોર ભાસતા અંતરને પીગળાવવાના પ્રયાસ કર્યા. શ્રી અવધૂત-ભક્ત માત્ર-શરીર ભલે પુરુષનું હોય પણ અંતર તો ગોપીનું જ ને ? ગોપીહૃદય થાય ત્યારે જ ગોપાળ આવે ને ? અને તેથી શ્રી અવધૂત એવા ગોપાળની લીલાનાં ગાન કરીને તેને રીઝવવાનો પ્રયત્ન કરે છે.

હે ભગવન્, તું સર્વ શક્તિમાન છે અને તેથી જ

શુષ્ક કાષ્ઠે હરિ પત્ર આણ્યાં ફરી,
રજકને રાજ દીધુ અઘારિ;
સતીપતિ ઊઠવી દુષ્ટ ભગ ટાળિયું,
એકલો રંગ કાં દીધ વિસરી ?

નિરાકાર હોવા છતાંય ભક્તને કારણે અવતાર ધારણ કરનાર એ પરમાત્માની લીલાકથાનાં ગાન કરતાં તો કોઈનો પાર આવતો નથી. અહીં શ્રી અવધૂતે મહારાષ્ટ્રમાં શ્રી દત્ત ભગવાનના અવતાર સમા પ્રસિદ્ધ શ્રી નૃસિંહસરસ્વતી સ્વામીમહારાજના જીવનના કેટલાક પ્રસંગોનો ઉલ્લેખ કર્યો છે.

શુષ્ક કાષ્ટે હરિ પત્ર આણ્યા ફરી,

કુષ્ઠરોગી એક બ્રાહ્મણ. જીવનથી ત્રાસેલો, જગતની અવગણના અને ઉપાલંભથી ત્રસ્ત થયેલો શ્રી નૃસિંહસરસ્વતી સ્વામીમહારાજને શરણે આવ્યો. સૂકું ઔદુંબરનું ઠૂંઠું તેને આપ્યું અને તેને પાણી રેડવાની સેવા બતાવી. દિવસો સુધી નિરાહાર નિર્જળ રહીને એકનિષ્ઠા, સંપૂર્ણ શ્રદ્ધા અને નિશ્ચળ વિશ્વાસ રાખી તેણે તે કાર્ય કર્યું. પરિણામની લેશ પણ દરકાર રાખ્યા વિના કરેલા બ્રાહ્મણના એ તપના પરિણામે સ્વામી મહારાજને સંતોષ થયો અને તે ઔદુંબરના સૂકા ઠૂંઠાને ગંગાજળ પ્રોક્ષણ

છે. પાપ તાપ સંતાપનું નિવારણ કરીને તો તેં નરહરિનું બિરદ પ્રાપ્ત કર્યું છે. પ્રહ્લાદ જેવા અસુરને ઉગારીને તો તેં અઘારીનું બિરદ મેળવ્યું છે. દોષહરણ થશે, તારાં દર્શન થશે એમ માનીને તો હું તારે દ્વાર આવીને ઊભો. તારો દાસ બન્યો. અને છતાંય એ આશા પૂરણ ન થાય તો તને અઘારી, નરહરિ કોણ કહેશે ?

હે નાથ, આવી ઊભો તુજ દ્વાર. હવે તો મારે કે તારે, કેવળ તારું શરણ. જો મારશે તો પણ ઉદ્ધાર જ થશે. જો તારશે તો પણ ઉદ્ધાર જ થવાનો છે. પણ જો તું કાંઈ ન કરે તોય મારે શું ? જગતમાં લાજ તારી જશે. મારે નથી લાજ કે નથી શરમ. આશા ભર્યો આવ્યો હરિ ક્યમ જાઉં ખાલી હાથ હું ? અને તેથી

"यथेच्छसि तथा कुरु"

બીજું શું કહું ? કહેતાં કહેતાં વૈખરી થાકે તોય પાર ન આવે.



(૫)

ભેદમાં ખેદ અભેદ નિર્વાણ છે,
ભક્તિમાં શક્તિ સઘળી પ્રકાશે;
ભક્તિનાવે ચઢી ભક્ત ભવને તરી,
નિજ સ્વરૂપે હરિ તેજ થાશે. - ટેક -

કોટિ તીર્થો કીધાં પંચગવ્યો પીધાં,
મન તણો મેલ તોએ ગયો ના;
હંસ મોતી ચરે કાક વિષ્ઠા ગળે,
દૈવને દોષ દે મૂઢ નાના. - ભેદમાં -

દર્દ અંદર થયું ઉપર ઓસડ કર્યું,
મન તણો મેલ ક્યમ તન ટાળે ?
અંધતમ કજ્જલે ના ટળે કો સમે,
દીપ પ્રગટ્યા વિના પ્રભ ન થાએ. - ભેદમાં - (૨)

ભ્રમ ભાંગ્યા વિના બ્રહ્મ નવ સાંપડે,
બ્રહ્મ જાણ્યા વિના ભય ન જાયે;
સંતસેવા વિના વાટ નવ એ જડે,
માન મૂક્યા વિના ભાન નાવે. - ભેદમાં - (૩)

મન માર્યા વિના મુક્તિ ભેટે નહિ,
શાંતિ પામે નહિ સોડ તાણ્યે;
સત્યઅસત્યની જુક્તિ જાણ્યા વિના,
રંગ ભવ પીડ તે કેમ જાયે ? - ભેદમાં - (૪)



ભા.- ૧

આ ગીતમાં શ્રી અવધૂતે ભેદાભેદ વિવેક કર્યો છે. ભેદ એટલે ? ''હું અને મારું'', ''તું અને તારું'' એવો મનુષ્યના અંતરમાં જે દ્વિધાભાવ રહેલો છે તેનું નામ 'ભેદ'. એ દ્વિધાભાવ ઉત્પન્ન થવાનું કારણ ? ''અહંતા'' અને ''મમતા.'' એ અજ્ઞાનજનિત અહંતા અને મમતાને કારણે જાગ્રત થયેલા દ્વિધાભાવનું પરિણામ ? ખેદ. એ ભેદ જ્યાં હોય ત્યાં ખેદ-કલેશ ન હોય એ બનવું શક્ય જ નથી. ''મારું અને તારું'' એ જ કજિયાનું મૂળ છે. એ અડપલી રમત માયાની છે. વિભક્ત કરીને સરસાઈ ભોગવવી એ તો માયાનો મુદ્રાલેખ છે. કલિમાં તો તેની માત્રાનું પ્રમાણ પણ પરાકાષ્ઠાએ પહોંચ્યું છે. એ માયાનું રહેઠાણ ? જર, જમીન અને જોરું. આ ત્રણ ''જ''કારમાં રહીને એ પોતાનું જોર જગતને દાખવી રહી છે.

માયા જેમ 'અનાદિ' છે તેમ એ 'ભેદ' પણ અનાદિ છે. વેદના વારાનો ઇતિહાસ દેવાસુર સંગ્રામની સાખ પૂરે છે. એ યુદ્ધ શા સારું ? અસુરોની દેવો ઉપર અધિકાર પ્રાપ્ત કરવાની લાલસાએ. સ્વર્ગનું રાજ્ય ભોગવવાના લોભે સમુદ્રમંથન શા સારુ ? અસુરોના વિનાશ અર્થે. રામરાવણયુદ્ધ શા સારું ? રાવણની અહંતાને પોષવા માટે. સીતાના સ્વરૂપમાં અંધ બનેલો રાવણ અપમાનનો બદલો લેવાને સીતાનું હરણ કરે, રામરાવણનું યુદ્ધ થાય અને રાવણ રણમાં રગદોળાય. બ્રાહ્મણો ક્ષત્રિયોનો ઉત્કર્ષ ન સાંખી શકે, ક્ષત્રિયો વૈશ્યોને પરાસ્ત કરવાની યુક્તિ રચે, વર્ણવિગ્રહો થાય, વર્ગવિગ્રહો થાય, હિંદુમુસલમાનનાં યુદ્ધ થાય, અને એમ અનેક યુદ્ધના પરિણામે રક્તની સરિતા વહે અને અગણિત માનવજાતિનો સંહાર થાય. અનેકવિધ અનર્થ થાય. એ બધું શા સારું ? ''મારું તે મારું અને પરાયું તે પણ મારું'' એ માનસિક સ્વાર્થપટુતાના પરિણામે જ જગતમાં ભેદબુદ્ધિનું વર્ચસ્વ જામે. અને પરિણામ ? વિનાશ. અને તેથી જ ''ભેદમાં ખેદ'' એ સૂત્ર જગતનું નિરીક્ષણ કરીને શ્રી અવધૂતે ઉચ્ચાર્યું છે.

અને અભેદ એટલે ? સત્, પરમતત્ત્વ, પરમાત્મા, ભગવાન આદિ અનેક નામો વડે જેનું જ્ઞાન થાય છે તે પરમતત્ત્વ. એ પરમતત્ત્વજ પરમશાંતિ એટલે નિર્વાણ છે. સર્જન માત્રમાં સમાન રીતે સભર ભરેલું એ પરમતત્ત્વ કોઈમાં ઓછું નથી અને કોઈમાં વધારે નથી. જેમ એ પરમતત્ત્વ સમભાવે સર્વવ્યાપક છે તેમ જ એ પરમતત્ત્વને સમભાવે સર્વત્ર ભાળવાની સમબુદ્ધિ એ જ સાચું અભેદ છે. અભેદભાવે પરમતત્ત્વને સર્વત્ર નિહાળવાની દૃષ્ટિ કેળવતાં ભેદદૃષ્ટિનો લોપ થાય છે, અને ત્યારે જ સાચો આનંદ અને સાચી શાંતિ પ્રાપ્ત થાય છે. એ જ કારણે શ્રી અવધૂતે ''અભેદ નિર્વાણ'' કહીને ભેદના ખેદને ટાળવાનું એ સર્વશ્રેષ્ઠ સાધન છે એમ અહીં કહીને, અભેદદૃષ્ટિ કેળવવાનું અહીં ગર્ભિત રીતે સૂચન કર્યું છે. આગળ કહ્યું તેમ અભેદવૃત્તિ એટલે ''वसुधैव कुटुंबकम्''ની ભાવના. જેની દૃષ્ટિમાં કોઈ પોતીકું નથી કે કોઈ પરાયું નથી પણ, જેમ એક પિતાના અનેક પુત્રપરિવાર તરફ પિતાની સમાનદૃષ્ટિ અને સમાનવૃત્તિ રહે છે, તેમ સમસ્ત સર્જન જેમાં પોતે પણ છે તે એક જ પિતાનો પરિવાર છે. અને તેથી કોઈ કોઈના પ્રતિ ભેદવૃત્તિ નહીં રાખતાં બધાં જ એક સરખાં છે, એવી વૃત્તિ રાખવી એ જ અભેદ ભાવ છે. ''હું પણ પ્રભુનો, જગત પણ પ્રભુનું અને તેથી સર્વ પ્રભુમય છે. તેમાં મારું પણ કશું નથી અને પરાયું પણ કશું જ નથી.'' અને તેથી નિસ્વાર્થભાવે ત્યાગપૂર્વક પ્રારબ્ધવશ જે આવી મળે તે સંતોષપૂર્વક ભોગવવું એ જ ''અભેદ'' ભાવ. જ્યારે ''મારું કશું જ નથી અને પરાયું પણ કશું જ નથી, પણ જે કાંઈ છે તે પ્રભુનું જ છે અને પ્રભુદત્ત જ ભોગવવાનું છે'', એવી દૃઢભાવના સ્થિર થાય ત્યારે અહંતા અને મમતાને રહેવાનું સ્થાન રહેતું નથી. તેમ થતાં અભેદરૂપે જ પ્રભુના

જાગતિક વિલાસને અનુરૂપ બનીને તદનુરૂપ જીવન બનાવીને, માનવી સુખશાંતિમાં જીવન વ્યતીત કરે છે. અભેદવૃત્તિનું એ લક્ષણ છે. ભેદમાં મમત્વ છે અને તેથી કલેશ છે. અભેદ મમત્વરહિત છે અને તેથી નિર્વાણ છે, કલેશરહિત છે. ''મારું ઘર, મારાં ધનસંપત્તિ, પુત્રપરિવાર'' વગેરે જ્યાં જ્યાં સમબુદ્ધિના અભાવે મમત્વ સર્જાય ત્યાં ત્યાં તેનું રક્ષણ કરવાની ભાવના જાગ્રત થાય. એ રક્ષણમાં જે અંતરાયરૂપ થાય તેનો કાંટો કાઢવાની પણ વૃત્તિ થાય ત્યારે તેના પ્રતિ દ્વેષબુદ્ધિ કેળવાય. એ દ્વેષબુદ્ધિ જ શત્રુતાનાં બીજ વાવે. જ્યાં શત્રુતા અને મિત્રતાનો ભાવ ઉત્પન્ન થાય ત્યાં ઈર્ષા, તિરસ્કાર વગેરે દુર્ગુણો અને ચિત્તના વિકારો પણ જાગ્રત થાય અને પોતાના અંતરમાં જાગ્રત થયેલા એ તામસવૃત્તિનાં આંદોલનો સામાના અંતરમાં પણ તે જ પ્રકારનાં આંદોલનો જાગ્રત કરે. એના પરિણામે પરસ્પર વિરોધની વૃત્તિ વ્યક્ત થાય. જો એ ભેદવૃત્તિ અને તેના અનુષંગી બીજા વિકારોના મારણ તરીકે ''પ્રેમભાવ'' અંતરમાં જાગ્રત થાય તો એ ભેદવૃત્તિ ટળી જાય અને સમભાવયુક્ત અભેદવૃત્તિ જાગ્રત થાય. ''સમસ્ત સર્જન મારું મિત્ર છે અને હું સમસ્ત સર્જનનો મિત્ર છું'', એવી કેવળ વૃત્તિ જ નહીં પણ આચારસિદ્ધ વૃત્તિ જ્યારે સ્થિર થાય ત્યારે સંસારમાં તેને પોતાનો કોઈ મિત્ર કે શત્રુ જણાતો નથી, અને બધા જ આત્મવત્ બની જાય છે. પોતાની સાથે શત્રુતા કેળવનાર પોતે શી રીતે હોઇ શકે ? આ જ ''ભેદ'' અને ''અભેદ'' નો ભેદ છે. જ્યાં સુધી સ્વાર્થ છે ત્યાં સુધી અભેદવૃત્તિનો સંભવ નથી. સ્વાર્થ એ અજ્ઞાન છે. નિઃસ્વાર્થ ભાવે જીવન જીવનારો શાંતિમય જીવન ગુજારી શકે. એ કારણે શ્રી અવધૂતે ભેદનો ઉચ્છેદ કરી અભેદને જાગ્રત કરવાના શ્રેષ્ઠ સાધન તરીકે ''ભક્તિ''નો ઉલ્લેખ કર્યો છે. અને તેથી

''ભક્તિમાં શક્તિ સઘળી પ્રકાશે,''

એવું કહ્યું છે.

શ્રી અવધૂતભાખી એ ભક્તિ કેવી ? આપણે વિચાર કરીએ.

જેમ ''જીવ'' અને 'આત્મા' એક જ શરીરમાં રહેલાં છે તેમ, માનવતા અને દાનવતા પણ એક જ શરીરમાં રહેલાં છે. માનવશરીર એવી એવી વિચિત્રતાનું સંગ્રહસ્થાન છે. જ્ઞાન અને અજ્ઞાન પણ માનવશરીરમાં સાથે સાથે જ રહેલાં છે. પ્રકાશ પણ ત્યાં છે અને અંધકાર પણ ત્યાં છે. પ્રકાશ સાથે અંધકાર રહી શકતો નથી એ ખરું, પણ પ્રકાશને ઢાંકી દેવાની તો અંધકારમાં શક્તિ છે અને તેથી જ તો જગતનો વ્યવહાર ચાલે છે. ઘટમાં રહેલો દીપક પોતાનો પ્રકાશ ઘટની બહાર પ્રસારી શકતો નથી. તેમ અજ્ઞાનથી ઢંકાયલું જ્ઞાન પોતાનો પ્રકાશ જીવને આપી શકતું નથી. એ કારણે જીવ અંધકારને જ પ્રકાશ માની, કામ ક્રોધ આદિ ષડ્રિપુઓમાં રહીને પોતાનો નિર્વાહ કરે જાય છે. હા, પણ શ્રી અવધૂતભાખી સર્વશક્તિસંપન્ન ભક્તિ શું છે ?



જે શક્તિ યોગમાં નથી, જે શક્તિ જ્ઞાનમાં નથી, જે શક્તિ કર્મમાં નથી તે શક્તિ ભક્તિમાં છે. એ ભક્તિ સામાન્ય અર્થમાં જેને આપણે ભક્તિ કહીએ છીએ તે ભક્તિ નથી. કેવળ પાષાણપ્રતિમાની પૂજાઅર્ચના કરવી એ સાચી ભક્તિ નથી. ભક્તિનો મહિમા પણ ગહન છે અને ભક્તિનો ભાવ પણ ગહન છે. આગળ કહ્યું તેમ ભક્તિ એ જ જેમાં સાધન છે, અને ભક્તિ એ જ જેમાં સાધ્ય છે, તે જ એ ભક્તિની વિશિષ્ટતા છે. પરમપદ પામવાની સાધન પરંપરામાં એ સાધન શિરોમણી છે. તેનું પણ એ જ કારણ છે. શ્રી ભગવાને પણ એ જ ભક્તિનો મહિમા ગાયો છે. એ ભક્તિનું અનુશીલન કરનારો ભક્ત અદ્વેષ્ટા છે, મિત્ર છે, કારુણ્યની મૂર્તિ છે. મમતારહિત, અહંકારનો કટ્ટો શત્રુ, સુખદુઃખમાં સમતા ધારણ કરનાર અને ક્ષમાનો અવતાર છે. એ ભક્ત સંતુષ્ટ છે. ગમે તે પરિસ્થિતિમાં પણ અસંતોષ જેને થતો જ નથી, દૃઢ નિશ્ચયી છે, સતત યોગી છે અને પ્રત્યેક પળે આત્મા અને પરમાત્મામાં ઉદ્યોગવાન છે. ભક્તનું મન અને બુદ્ધિ પરમાત્માને અર્પણ થયેલાં છે. જેનાથી લોકોને ઉદ્વેગ થતો નથી અને જેને લોકોથી ઉદ્વેગ થતો નથી. હર્ષ, ભય, ક્રોધ આદિ રાજસ્ ગુણના વિકારોથી જે મુક્ત છે, જેને કોઈ જાતની અપેક્ષા નથી, જે શુદ્ધ છે, દક્ષ છે, જેને કોઈ પણ પ્રકારની વ્યથાનું ભાન નથી અને તેથી તે બધીય પરિસ્થિતિ પ્રત્યે ઉદાસીન છે. જે કોઈ પણ કર્મના આરંભમાં લપટાતો નથી, જે હર્ષ પામતો નથી, દ્વેષ કરતો નથી, શત્રુ અને મિત્ર જેવી જેને ભાવના નથી અને તેથી ઉભયપક્ષે તે સમબુદ્ધિવાન છે. જેને નથી માન કે જેને નથી અપમાન અને તેથી લોકોમાં માનાપમાનના કારણે જે રાગદ્વેષની વૃત્તિ જાગ્રત થાય છે, તે તેનામાં જાગ્રત થતી નથી. જેને શરીરનાં ટાઢ, તડકો, સુખદુઃખ આદિ પ્રત્યે રાગદ્વેષ નથી અને તેથી તેની સમાનબુદ્ધિ છે. જે આસક્તિ રહિત છે, નિંદા અને સ્તુતિ એ ઉભય પ્રત્યે તેનું દુર્લક્ષ હોવાથી એ બન્ને તેને સમાન છે. પ્રારબ્ધને આધીન જે સમયે જે પ્રાપ્ત થાય તેમાં જ તેને સંતોષ છે. જે અનિકેત છે અને જેની બુદ્ધિ સ્થિર છે તે સાચો ભક્ત છે. શ્રી અવધૂતભાખી ભક્તિ, જે સર્વશક્તિસંપન્ન ભક્તિ છે તેની આ વિશિષ્ટતા છે. આટલા ગુણો જે ભક્તમાં છે તેનામાં ભેદબુદ્ધિ હોવાની કલ્પના સરખીયે આપણે કરી શકીએ નહીં. અને તેથી એ ભક્તિમાં ભેદવૃત્તિનો વિનાશ કરવાની અને અભેદની શાંતિનો અનુભવ કરાવવાની શક્તિ છે.

જ્યાં સુધી જગત છે અને જ્યાં સુધી મમતા છે, ત્યાં સુધી એ ભેદભાવ ટળી શકતો નથી. પણ ભગવાનભાખ્યાં ભક્તિનાં લક્ષણોનું અનુશીલન કરનારો ભક્ત મમતારહિત થઈ જાય છે. તે જગતને જગતસ્વરૂપે જોતો નથી પણ બ્રહ્મસ્વરૂપે જ જોતો હોવાથી ભેદમાં પણ તે અભેદનો જ અનુભવ કરે છે. જગતમાં જગતના નિયંતાને નિહાળવાની

વૃત્તિ કેળવીને, બ્રહ્મ પણ સત્ય અને જગત પણ બ્રહ્મસ્વરૂપ હોવાથી સત્ય છે એમ માનીને જો સર્જન માત્રમાં એ બ્રહ્મની પ્રતીતિ કરીને, જગતમાં સર્વ રીતે સભર જગન્નિયંતાના સ્વરૂપને જ ઓળખવાનો આપણે યત્ન કરીએ તો તેમાંથી મમતાની નિવૃત્તિ આપોઆપ થઈ જાય છે. મમતાની નિવૃત્તિ થતાં જ પ્રેમનો પ્રકાશ જણાશે. પછી મનુષ્ય અને પ્રાણીમાત્રમાં ભેદભાવ નહીં રહે અને ત્યારે તે ખરો પંડિત કહેવાશે. એવા પંડિતને શ્રી ભગવાને અર્જુનને કહ્યું તેમ :



ભા.- ૧

विद्याविनयसंपन्ने ब्राह्मणे गवि हस्तिनि।
शुनि चैव श्वपाके च पंडिताः समदर्शिनः॥

"જ્ઞાનીઓની નજરમાં વિદ્યા અને વિનયસંપન્ન બ્રાહ્મણ, ગાય, હાથી, કૂતરા અને ચાંડાળમાં તાત્ત્વિક દૃષ્ટિએ કોઈ ભેદ રહેતો નથી."

એ જ "અભેદ નિર્વાણ" છે.

અને ત્યારે જ એ બધાં પ્રભુનાં સ્વરૂપોને સુખ પહોંચાડવાના નિમિત્તે એ બધાયની પ્રભુભાવે ભક્તિ કરે છે. અને ભક્તિ કરીને બધાયને સુખ પહોંચાડે છે. ભક્તિના એ પ્રકાશ આગળ અજ્ઞાનનો અંધકાર સહેજે અદૃશ્ય થાય છે. અને

"आत्मवत् सर्वभूतेषु"

-ના સિદ્ધાંતને અનુસરીને પોતાને જેનાથી દુઃખનો અનુભવ થાય તેવું કોઈપણ વર્તન બીજાઓ તરફ કરતો એ રોકાશે. કોઈને કડવાં વેણ કહીને તેને કલેશ નહીં કરે. કોઇને મારીને તેને કલેશ નહીં કરે. કોઈની વસ્તુ ચોરીને કોઈનું અપહરણ નહીં કરે. કોઈની મર્યાદા લૂંટીને, કોઈનું કાંઈ પણ અનિષ્ટ કરીને પોતાના અંતરમાં રહેલા આત્મા જેવા જ તેના અંતરમાં રહેલા આત્માને કોઈ પણ પ્રકારની વ્યથા નહીં કરે. અને જેમ જેમ એવો આત્મભાવ, એવું આત્મજ્ઞાન અને એવું આત્મવત્ સર્વ સાથેનું વર્તન વજલેપ થતું જશે તેમ તેમ તેની ભેદવૃત્તિ ક્રમશઃ ક્ષીણ થતી થતી એક દિવસ અત્મપ્રકાશમાં તે ભસ્મીભૂત બની જશે અને પછી તે અભેદભાવે સર્વને જોતો થશે. એ રીતે પોતે તો શાંતિનો અનુભવ કરીને પરમાનંદતૃપ્ત બનશે, એટલું જ નહીં પણ પોતાના પરિચયમાં આવનારા અનેકને એ પરમશાંતિનો સંદેશો પહોંચાડશે. અને ત્યારે જ ભેદમાં પણ અભેદ વૃત્તિનું સમ્યક્ દર્શન થશે. દ્વૈતમાં અદ્વૈતભાવનો અનુભવ કરીને પછી પરમ શાંતિનો પણ ત્યારે જ એ અનુભવ કરતો થશે. અને તેથી જ શ્રી અવધૂતે

"ભક્તિમાં શક્તિ સઘળી પ્રકાશે;"

એ સૂત્રનું ઉચ્ચારણ કર્યું છે.

પાષાણપ્રતિમાની પૂજાઅર્ચના એ તો સ્થૂળ છે. એ સ્થૂળમાં જ જ્યાં સુધી રચ્યાપચ્યા રહીએ ત્યાં સુધી સૂક્ષ્મનો અનુભવ કરીને અને આનંદ માણીને કૃતાર્થ થઈ શકાતું નથી. સ્થૂળમાં આનંદ નથી પણ સ્થૂળની



સૂક્ષ્મભાવે ભક્તિ કરીને સૂક્ષ્મનો આનંદ માણવાનો છે. સ્થૂળ એ સાધન છે. સૂક્ષ્મનો આનંદ એ સાધ્ય છે. સ્થૂળમાં પણ સૂક્ષ્મને જ નિહાળતાં નિહાળતાં જ્યારે સૂક્ષ્મની પ્રાપ્તિ થશે ત્યારે સ્થૂળ સ્વયં અદૃશ્ય થઈ જશે; અને કેવળ સૂક્ષ્મ જે સર્વવ્યાપક છે તે જ સર્વત્ર સર્વસત્તા સ્વરૂપે રહેશે. ત્યારે જ સૂક્ષ્મનો ખરો આનંદ પણ આવશે. ત્યારે જ ભક્તિનું પોત પણ પ્રકાશશે. અહીં સાકારસગુણ ઉપાસનાનો સંકેત છે પણ તે નિર્ગુણનિરાકારની પ્રાપ્તિ કરવાના એક પગથિયા તરીકે જ છે. જેમ મેડીએ ચઢનારો એક જ પગથિયું ચઢીને અટકી જતો નથી પણ મેડીએ પહોંચે ત્યાં સુધી બધાં જ પગથિયાં તેણે ચઢવાં જ પડે છે, તેમ પ્રતિમાપૂજાના પ્રારંભકાળમાં પૂજક પરમાત્મપ્રાપ્તિને પોતાનું લક્ષ્ય બનાવીને જ પ્રતિમાપૂજાનો પ્રારંભ કરે છે. મેડીએ ચઢનારો મેડીએ ચઢ્યા પછી પગથિયાંને જોતો નથી, તેમ પ્રતિમાપૂજા કરતાં કરતાં ચરમલક્ષ્યની પ્રાપ્તિ કર્યા પછી સાધક-પૂજક તે પ્રતિમાને જોતો નથી. ના, પછી પ્રતિમા આપોઆપ જ અદૃશ્ય થઈ જાય છે અને તેને સ્થાને નિર્ગુણનિરાકાર બ્રહ્મનું આનંદસ્વરૂપ જ તેના રોમેરોમમાં પ્રસરી તેને આનંદસ્વરૂપ બનાવી દે છે. પરમાત્માએ પોતાની માયા વડે જગતનું સર્જન કર્યું પણ પોતે તેની ઓથમાં રહીને માયાને પ્રાધાન્ય આપ્યું, એટલે જગતની જડતામાં પરમાત્માનું ભાન ભુલાયું. મોહ અને મમતામાં જ જગત જન્મ્યું, જીવ્યું અને મરણ પામ્યું. અને તેથી જ કોઈ કવિએ કહ્યું :

"તરણા ઓથે ડુંગર રે, ડુંગર કોઈ દેખે નહીં."

તરણા જેવી માયાના ઓથામાં રહેલા ડુંગર જેવા પરમાત્માને કોઈ જોતું નથી. અસ્તુ.

હવે જ્યારે અભેદભાવ થતાં ભેદભાવ ટળી જાય, ભક્તિના શક્તિશાળી પ્રકાશમાં જ્યારે માનવી જીવતાં શીખે ત્યારે શું થાય? શ્રી અવધૂત કહે છે :

"ભક્તિ નાવે ચઢી ભક્ત ભવને તરી,
નિજ સ્વરૂપે હરિ તે જ થાશે."

મહાન સમુદ્રને પાર કરવાને નાવ એક સાધન છે. જ્યાં સુધી નાવ પાણી પર તરતી રહે ત્યાં સુધી તે તેમાં બેઠેલાંઓને તારે છે, પણ તે જ નાવમાં જ્યારે પાણી ભરાય છે ત્યારે પોતે ડૂબે છે, એટલું જ નહીં પણ તેમાં બેઠેલાંઓને પણ સમુદ્રના તળિયે લઈ જાય છે. ભક્તિનૌકાનું એવું નથી. ભક્તિનું નાવડું કોઈ દિવસ માયારૂપી સમુદ્રને તળિયે જતું નથી. કારણ કે માયાનાં વિકારરૂપી જળ તેમાં પ્રવેશ કરી શકતાં નથી. અને તેથી જ ભક્તિરૂપી નાવડામાં બેસીને ભક્ત ભવસાગરને તરીને પાર કરે છે એમ શ્રી અવધૂતે કહ્યું છે. ભવસાગરને તરવાને માટે સાચી નાવ તો ભક્તિ છે. બીજાં નાવડાંઓ છે જ્ઞાન, યોગ અને કર્મ. તેમાં પાણી

ભરાઈ જવાનો સંભવ છે અને તેથી તેમાં પ્રવાસ કરનારને ડૂબવાનો પણ ભય રહે છે. ભક્તિની નાવ એવી છે કે સદા પાણીની ઉપર જ રહે છે અને તેમાં માયાના વિકારરૂપ પાણી પ્રવેશવાનો ભય રહેતો નથી. ભક્તિનૌકાની એ જ શ્રેષ્ઠતા છે. એ નૌકામાં જે બેઠો તે અવશ્યમેવ સંસારસાગરને તરશે એમાં લવલેશ શંકાને સ્થાન નથી. અને તેથી જ શ્રી અવધૂતે જ્ઞાન, કર્મ અને યોગની નૌકાનો અનુભવ કરીને જ ભક્તિનાવને જ સર્વશ્રેષ્ઠ સાધન ભાખ્યું છે. ઇતિહાસ પણ એની શાખ પૂરે છે. નરસિંહ, મીરાં, તુકારામ, જ્ઞાનદેવ, એકનાથ અને એવી ભક્તપરંપરાનો ઇતિહાસ આપણને શું બતાવે છે ? ભક્ત યોગી છે. ભક્ત જ્ઞાની છે. ભક્ત કર્મઠ પણ છે અને છતાંય એ બધાયની ઉપર છે. ભક્તિની એ મહત્તા છે.



ભા.- ૧

ભક્ત જ્યારે ભક્તિની નૌકાનો આધાર લઈને ભવસાગરને તરીને સામે કિનારે પહોંચે છે ત્યારે તેને શું જણાય છે ? પોતાનું સ્વરૂપ. જેમ આપણે દર્પણમાં જોઈએ તો આપણું પોતાનું જ મુખ તેમાં આપણે જોઈ શકીએ છીએ, તેમ પરમાત્માના સ્વરૂપમાં આપણે આપણું જ સ્વરૂપ જોઈ શકીએ છીએ. શ્રી ભગવાને અર્જુનને વિરાટ સ્વરૂપનાં દર્શન કરાવ્યાં. અર્જુને શું જોયું ? સમસ્ત સર્જનમાં પોતાને અને રણસંગ્રામને પણ તેમાં જોઈને તેને આશ્ચર્ય થયું. અહીં પણ શ્રી અવધૂત એ જ કહે છે. જ્યારે ભક્તિ વડે આપણે ભવસાગરને પાર કરીએ ત્યારે ત્યાં પરમાત્મસ્વરૂપની ઝાંખી થાય છે અને તેમાં આપણું સ્વરૂપ પણ આપણે જોઈ શકીએ છીએ. એ સ્વરૂપ પરમાત્મસ્વરૂપથી આપણને અભિન્ન જણાય છે. અને તેથી જ :

નિજ સ્વરૂપે હરિ તે જ થાશે.

પોતાના જ સ્વરૂપમાં સમાયેલો એ ભક્ત પોતે જ હરિ બની જાય છે.

ભક્તિ આગળ બીજાં બધાંય સાધનો સ્વલ્પ છે એમ કહેવું આવશ્યક નથી. કર્મ, યોગ અને જ્ઞાનના માર્ગ કપરા છે. તેમાં અધિકારભેદ છે અને રુચિભેદ છે. અંતે ઇષ્ટ પરિણામની આશંકા તો રહે જ છે. જ્યારે સાચી ભક્તિ એ સાદું સરળ સાધન છે. ત્યાં પડવાનો કે પછડાવાનો ભય ઓછો છે. ઉપર ચઢવાનો જ એ માર્ગ છે. વળી એ જ્ઞાન આદિ સાધનોનો સહારો લઈને પરમાર્થનો પંથ કાપતો પથિક, જ્યાં સુધી સાચો ભક્ત નથી બનતો ત્યાં સુધી તેને પરમાત્માનો પ્રસાદ પ્રાપ્ત થતો નથી, એ પણ નિર્વિવાદ છે. તેથી જ અહીં શ્રી અવધૂતે મુક્તકંઠે ભક્તિનો મહિમા ગાયો છે. શ્રી અવધૂતનું આ ગીત અનુભવના વાણાતાણાએ વણાયેલું છે, એટલે જ એ આનંદ આપે છે.

શ્રી અવધૂતે એક પ્રસંગે કહ્યું, "માનવી પ્રભુ નથી પણ માનવી પ્રભુથી જુદો પણ નથી." આકારમાં રહેલી આકારતાનો લોપ થતાં જ એ આકાર નિરાકાર થઈ જાય છે. ત્યારે જ નામ, રૂપ અને આકારે

આકારે રહેલા એક જ અભિન્ન પરમાત્માનાં ભક્તને દર્શન થાય છે. એટલું જ નહીં પણ ''અંશ'' ''અંશી''માં ભળી જતાં ''અંશી'' જ બની જાય છે. અને તેથી જ શ્રી અવધૂતે કહ્યું :



ભા.- ૧

''નિજ સ્વરૂપે હરિ તે જ થાશે.''

શ્રી અવધૂતની આ વેદવાણી કેવળ પુસ્તકિયા વાણી નથી પણ અનુભવસિદ્ધ છે, અને તેથી જ તેની સચોટ અસર થાય છે. સંતની વાણી એ જ શાસ્ત્ર છે. સંતોના શબ્દો સ્વાનુભવપૂર્ણ હોવાથી જ તેનું માહાત્મ્ય છે.

જ્યાં સુધી અંતરની શુદ્ધિ નથી, જ્યાં સુધી ચિત્તની નિર્મળતા નથી, ત્યાં સુધી આત્મપ્રાપ્તિનાં વલખાં મારવાં એ મિથ્યા છે. બાહ્ય સાધનો દ્વારા અંતઃશુદ્ધિ થતી નથી, એ સિદ્ધાંતનું પ્રતિપાદન કરવા શ્રી અવધૂત કહે છે :

''કોટિ તીર્થો કીધાં પંચગવ્યો પીધાં,
મન તણો મેલ તોયે ગયો ના;
હંસ મોતી ચરે કાક વિષ્ટા ગળે
દૈવને દોષ દે મૂઢ નાના.''

અને એમ કહીને અંતઃશુદ્ધિ તરફ આંગળી ચીંધી છે.

બાહ્યશુદ્ધિ અને અંતઃશુદ્ધિ એ આત્મતત્ત્વની પ્રાપ્તિ અર્થે આવશ્યક છે, એમ શાસ્ત્રોએ ગાયું છે. મનનો મેલ ટાળવા માટે એકલાં બાહ્ય સાધનો પૂરતાં નથી. બાહ્યશુદ્ધિની અસર માનસિક આંતરશુદ્ધિ ઉપર થાય છે એ વાત બરોબર છે, પણ એકલી સ્થૂળ દૃષ્ટિએ કરોડો તીર્થો કર્યાથી કે પંચગવ્યાદિનું પાન કર્યાથી જ આંતરશુદ્ધિ થતી નથી. મનનો મેલ તો અંતઃશુદ્ધિથી જ કપાય છે. જેમ વસ્ત્રનો મેલ કાઢવાને સાબુ વગેરેનો ઉપયોગ આવશ્યક છે, તેમ મન જે સૂક્ષ્મ છે તેનો મેલ કાઢવા માટે તો ધ્યાનાદિ સૂક્ષ્મ સાધનોની જ જરૂર છે. સંસારની અસારતાનો મનને બોધ, વિષયોની વિષવૃત્તિનું મનને ભાન અને પરમાત્માના પરમ સુખમય સ્વરૂપનું મનને જ્ઞાન - એ મનને શુદ્ધ કરવાનાં સૂક્ષ્મ સાધનો છે. આ સાધનો દ્વારા જો મનને સમજાવવામાં આવે તો જેમ એક હઠીલું બાળક યુક્તિપ્રયુક્તિ દ્વારા ઠેકાણે આણી શકાય, તેમ મન પોતાની બહિર્મુખવૃત્તિને સંકેલી અંતર્મુખ થાય. અને ત્યારે જ અંતરનો મેલ ટળે, ચિત્ત શુદ્ધ થાય અને પરમાર્થ સધાય. કામ, ક્રોધ અને લોભ એ મનની મલિનતાનાં મુખ્ય કારણો છે, અને તેથી જ શ્રી ભગવાને એમને નર્કનાં દ્વાર તરીકે વર્ણવ્યાં છે. શ્રી ભગવાને અર્જુનને કહ્યું :

त्रिविधं नरकस्येदं द्वारं नाशनमात्मनः।
कामः क्रोधस्तथा लोभस्तस्मादेतत्त्रयं त्यजेत्॥

''કામ, ક્રોધ અને લોભ એ આત્માનું અધઃપતન કરનારાં ત્રણ પ્રકારનાં નર્કનાં દ્વાર છે, માટે એ ત્રણેનો ત્યાગ કરવો.''

કામની નિવૃત્તિ સાથે જ લોભ અને ક્રોધનો આપોઆપ નાશ થાય

છે. જાગતિક પ્રાપંચિક સાધનો પ્રાપ્ત કરવાની અંતરની અંતરમાં રહેલી સૂક્ષ્મવૃત્તિ એટલે ''કામ''. એ વૃત્તિ જ્યારે ઘનીભૂત થાય છે ત્યારે તે ઇચ્છા કહેવાય છે. એ ઇચ્છા જ્યારે તીવ્ર બને છે ત્યારે તૃષ્ણામાં પરિણમે છે. એ ત્રણેનો લોપ થતાં મન નિર્મળ થાય છે. શ્રી અવધૂત હંસ અને કાગડાનું દૃષ્ટાંત આપીને મનનો સ્વભાવ કેવો છે તે સ્પષ્ટ કહે છે. હંસ મોતીનો ચારો જ ચરે છે અને કાગડો વિષ્ટાનો જ આહાર કરે છે. એ જેમ, એ ઉભયનો સ્વભાવ છે તેમ મનનો સ્વભાવ પણ વિષયો તરફ જવાનો છે. વિષયને પંથે પળી દુઃખના ગર્તમાં આવી પડતાં સ્વકર્મનો વિચાર છોડી, દૈવને દોષ દેવામાં માલ નથી. ખરી રીતે તો મનને વિષયોના અંધકારનું જ્ઞાન આપી, ત્રિગુણાત્મક વિષયો તરફ જતું અવરોધીને, આત્મજ્ઞાનરૂપી પ્રકાશ તરફ દોરી જવાની જરૂર છે. અને એ તો આગળ કહ્યું તેમ ભગવાન પ્રતિ અનુરાગ અને વિષયો પ્રતિ વૈરાગ્યવૃત્તિ કેળવવાથી જ સાધ્ય થઈ શકે છે. એને માટે નથી ગંગા યમુનાનાં સ્થૂળ સ્નાનની જરૂર કે નથી પંચગવ્ય પ્રાશન કરવાની જરૂર.



તીર્થાટન કરવું એ તપશ્ચર્યાની દૃષ્ટિએ આવશ્યક છે એમ માનીએ તો પણ, તીર્થાટન કરવાની આજકાલની પ્રથા તો આત્મોદ્ધાર અર્થે લેશમાત્ર ઉપયોગી નથી. પ્રાચીન કાળમાં તીર્થાટન નિમિત્તે જે તપશ્ચર્યા થતી હતી તે હવે રહી નથી. હવે તો પ્રવાસનાં સુખસાધનોની વિપુલતા છે અને તેથી તેમાં તપશ્ચર્યા જેવું કશું જ રહેતું નથી. એ તો માત્ર સહેલ કરવાનું કે દેશપરદેશ જોવા માટેનું એક નિમિત્ત બની ગયું છે. એવા તીર્થાટનથી તેનું શાસ્ત્રોક્ત ફળ મળતું નથી. મન પર તેની અસર થતી નથી. તપનું નામ રહેતું નથી પણ કેવળ દ્રવ્ય અને સમયનો વ્યય થાય છે. પંચગવ્ય માટે પણ તેવું જ માનવું જોઈએ. કરેલાં પાપ માટે પશ્ચાત્તાપની ભાવના વિના અને ફરીથી તેમ ન કરવાના દૃઢ નિશ્ચય વગર કેવળ ગાયનું મૂતર અને ગાયનું છાણ પીવાથી પાપ ધોવાતાં હશે ? મન નિર્મળ બનતું હશે ? ના ના, એ તો ભ્રમણા છે. જ્યાં સુધી એ પંચગવ્ય પ્રાશનની સાથે પશ્ચાત્તાપરૂપી પંચગવ્યનું પાન થતું નથી ત્યાં સુધી એ લૌકિક વિધિની કોઈ કિંમત નથી. એનું કાંઈ પણ પરિણામ નથી.

જ્યારે દુઃખ આવે છે ત્યારે આપણે દૈવને દોષ દઈએ એ શું વાસ્તવિક છે ? દૈવ બિચારું શું કરે ? તમે જેવું કરો તેવું તેનું પરિણામ ભોગવવાને પણ તમે બંધાયેલા છો. કવચ વાવીને કેસરની પ્રાપ્તિ કરવામાં કોઈ દિવસ ફળીભૂત થવાશે ખરું ? સત્કર્મ કરો તો તેના પરિણામે સુખ મળશે અને ત્યારે તમે દૈવને દોષ દેશો ખરા ? પાપ કરવું છે અને તેનાં માઠાં પરિણામ ભોગવવાની તૈયારી નથી. પુણ્ય કરવું નથી અને તેનાં મીઠાં પરિણામની આશા સેવતા રહેવું છે. અને તેમાં નિરાશ થઈને દૈવને દોષ દેવો એ નરી મૂઢતા છે. દૈવને દોષ દેવાની જરૂર નથી એમ શ્રી અવધૂત કહે છે.



આગળ ચાલતાં શ્રી અવધૂત કહે છે :

"દર્દ અંદર થયું ઉપર ઓસડ કર્યું,
મન તણો મેલ ક્યમ તન ટાળે ?"
"અંધતમ કજ્જલે ના ટળે કો સમે,
દીપ પ્રગટ્યા વિના પ્રભ ન થાએ."

જે રોગીને પેટમાં દુખતું હોય તેને તો હિંગ વગેરે ઔષધનો ઉપચાર અંદર કર્યાથી જ તેનો રોગ મટી શકે છે. રોગીના શરીરમાં જે દર્દ થતું હોય તે દર્દ મટાડવાને બહારના ઉપચારો વ્યર્થ છે, તેમ મનનો મેલ મટાડવાને દેહની શુદ્ધિ વ્યર્થ છે. જ્યાં સુધી રોગનું નિદાન ન થાય ત્યાં સુધી અને તે નિદાન પ્રમાણે ઔષધોપચાર થાય નહીં ત્યાં સુધી એ અંતરના રોગનું નિરસન થતું નથી. રોગી નિરોગી બનતો નથી. મનને શુદ્ધ કરવાને મન સાથે અનુસંધાન કરીને જ્યાં સુધી સૂક્ષ્મ સાધનો દ્વારા મનની ચંચળતાનો નાશ કરીને, મનને સ્થિર કરીને, આત્મૈક્ય સાધી શકાતું નથી ત્યાં સુધી લાલેને શરીરને સુંદર બનાવો તેથી અર્થ સરતો નથી. શરીરની શુદ્ધિ અર્થે જેટલા પ્રયોગો કરશો તેટલો શરીરમાં મોહ વધતો જશે અને તે જ પ્રમાણમાં મનનો મેલ પણ વધતો જશે. હા, શરીરશુદ્ધિ જરૂરની છે પણ ધર્મના સાધન તરીકે શરીરના રક્ષણ પૂરતી જ એ શુદ્ધિ જરૂરની છે. અનેકવિધ બાહ્ય સાધનોનો ઉપયોગ કરવાથી મન સ્વચ્છ થતું નથી. સ્વચ્છ શરીરવાળા અનેક સફેદ ઠગો આપણે જગતમાં ક્યાં નથી જોયા ? વસ્તુતઃ તો આજ સુધીમાં થઈ ગયેલા સંતમહંતોએ, વેદ, પુરાણ, ઉપનિષદ અને શાસ્ત્રોએ કેવળ મનને મારવાનો જ બોધ કર્યો છે. મન મર્યા પછી શરીર શુદ્ધ હોય કે અશુદ્ધ તેની કોઈ કાળજી એ કરતું નથી. અંધકારને ટાળવાની શક્તિ કાજળમાં નથી. પાર્થિવ અંધકાર ગાઢ છે. અમાવસ્યાની રાત્રીના ગાઢ અંધકારમાં પણ આકાશમાં ટમટમતા અસંખ્ય તારાઓનો પ્રકાશ મળે છે, પણ અંતઃકરણનો અંધકાર એ પાર્થિવ અંધકારથી અતિ ઘણો કાળો છે. કાજળ જેમ કાળું છે તેમ એ અંધકાર પણ કાળો છે અને તેને ટાળવાને કાજળનો ઉપયોગ કરનાર નર્યો મૂઢ છે. અંધકારના નિરસન અર્થે તો દીપકની જ જરૂર પડે. જેમ કાજળ એ અંધકારને વધારે ગાઢ બનાવે છે તેમ મનના ઉપર જે અજ્ઞાનના થર ચઢ્યા છે તેને દૂર કરવાને શરીરશુદ્ધિ, પંચગવ્યનું પાન, તીર્થાટન આદિ બાહ્ય સ્થૂળ ઉપાયનો કશો જ અર્થ નથી. મનને શુદ્ધ કરવાને, મનના મેલ કાઢવાને અને મનને નિર્મળ બનાવવાને તો જ્ઞાનદીપની જ જરૂર છે. જ્ઞાનદીપ પ્રગટતાં જ મનનો અજ્ઞાનરૂપી અંધકાર તુરત જ અદશ્ય થઈ જાય છે. જેમ સુવર્ણનો મેલ કાપવાને તેને અગ્નિની ઉષ્ણતાની જરૂર છે તેમ મનનો મેલ કાપવાને જ્ઞાનરૂપી અગ્નિની ઉષ્ણતાની જરૂર છે. એ જ જ્ઞાન પછી પોતાના પ્રકાશ વડે મનને દિવ્યચક્ષુ આપે છે. એ ચક્ષુ વડે મનની દૃષ્ટિનું પરિવર્તન થતાં જ તેની વિષયાભિમુખ

વૃત્તિ ઈશ્વરાભિમુખ બની જાય છે. જ્યાં સુધી દીપક પ્રગટતો નથી ત્યાં સુધી અંધકાર જ જણાય છે. દીપક પ્રગટે છે એટલે ઉજાસ થાય છે. દીપકનો ઉજાશ થતાં જ અંધકારના નિરસન અર્થે બીજો પુરુષાર્થ કરવાની જરૂર રહેતી નથી. માત્ર દીપક જ પ્રગટાવવો જોઈએ. જ્ઞાન પ્રાપ્ત કરવું જોઈએ. એ જ જ્ઞાન જ્ઞેય પણ છે અને જ્ઞાતા પણ છે. આ કારણે જ શ્રી અવધૂતે મનની મલિનતા ટાળવા માટે જ્ઞાનદીપ ઉજાળીને પ્રભુની પ્રભુતાનાં દર્શન કરવાની આવશ્યકતા ઉપર ભાર મૂક્યો છે. અસ્તુ.



ભા.- ૧

શ્રી અવધૂત એ મનની ભ્રામક મલિનતાનું પરિણામ ભાખતાં કહે છે :

"ભ્રમ ભાંગ્યા વિના બ્રહ્મ નવ સાંપડે,
બ્રહ્મ જાણ્યા વિના ભય ન જાયે;
સંતસેવા વિના વાટ એ નવ જડે,
માન મૂક્યા વિના ભાન નાવે."

શ્રી ભગવાને ગીતામાં ક્ષર, અક્ષર અને પુરુષોત્તમ એવા ત્રણ વિભાગ કર્યા. ક્ષર એટલે જગત, અક્ષર એટલે કૂટસ્થ આત્મા અને પુરુષોત્તમ એટલે અહીં જેને બ્રહ્મ કહ્યું છે, જેના આધારે ક્ષર અને અક્ષરનું અસ્તિત્વ છે તે. જીવને પોતાની નજીક રહેલ જાગતિક પ્રપંચનો ભ્રમ થયો છે. એ ભ્રમ જ્યાં સુધી ન જાય ત્યાં સુધી એ જીવ એ જ પ્રપંચમાં અહીં તહીં અટવાયા કરે છે. પુરુષોત્તમ બ્રહ્મનો તેને વિચાર સરખોય આવતો નથી. માયાની આંખે જોનાર જીવ કેવળ માયામાં જ રચ્યોપચ્યો રહે છે. જ્યાં સુધી એ ભ્રમનું નિરસન ન થાય ત્યાં સુધી માયાની ઓથમાં રહેલા બ્રહ્મનું જીવને દર્શન થતું નથી. જ્યાં સુધી સ્વપ્ન છે ત્યાં સુધી જાગ્રત અવસ્થાનું જ્ઞાન થતું નથી. જાગ્રત થતાં જ સ્વપ્નનું જ્ઞાન રહેતું નથી. ક્ષર અને પુરુષોત્તમ એ બેની વચમાં રહેલો કૂટસ્થ આત્મા એ ઉભયથી વિલક્ષણ છે. અને તે કર્મના ફળનો સાક્ષી છે. તે જ કૂટસ્થ આત્મા જ્યારે સાક્ષીત્વ છોડીને કર્તૃત્વાભિમાન ધારણ કરે છે ત્યારે "જીવ" કહેવાય છે, અને તેથી એ કૂટસ્થ આત્મા જીવભાવે તેમાં આસક્ત બનીને કર્મ કરે છે. એ આસક્તિ મમત્વના કારણે સર્જાય છે. મમત્વથી જ જીવને બંધન પણ સર્જાય છે. જ્યાં સુધી માયિક ભ્રમણા એટલે અજ્ઞાનનો પડદો જીવની ફરતે વીંટળાયેલો છે ત્યાં સુધી એ ભ્રમ ટળી શકતો નથી. દેહાદિ જગતને સત્ય માનનારની એ ભ્રમણા ટળે નહીં ત્યાં સુધી "બ્રહ્મદર્શન" થતું નથી. બ્રહ્મતત્ત્વનું જ્ઞાન થયા વિના ભ્રમણાનો ભેદ જતો નથી. અને એટલે જ જીવ શિવ બની શકતો નથી. શિવ હોવા છતાંય જીવભાવમાં ભૂલો પડેલો એ આત્મસ્વરૂપને પામી શકતો નથી. પોતે પોતાને જ ભૂલી ગયેલાને કોણ ઓળખાવી શકે ? બ્રહ્મતત્ત્વનું જ્ઞાન થવા માટે સાધનની આવશ્યકતા છે. જ્યાં સુધી સંતની સેવા ન કરીએ ત્યાં સુધી સાધનરૂપી માર્ગ જડતો નથી. સંતની સેવાના પરિણામે જ્યારે દેહનું અભિમાન ટળી જાય છે ત્યારે જ સાચું જ્ઞાન પ્રાપ્ત

થાય છે. અભિમાન એ અજ્ઞાનનું દ્યોતક છે. ''સત્'' જેને અહીં 'બ્રહ્મ' કહ્યું છે તે પદાર્થ મોહક આવરણને ઓથે હોવાથી, જીવની નજરે કેવળ મોહક આવરણ જ પડે છે. જ્યારે દેહઅહંતાનું નિરસન થાય છે ત્યારે જ એ મોહક આવરણ ટળી જાય છે. સેવાનું ક્ષેત્ર જ દેહઅહંતાના નાશ અર્થે નિર્માયેલું છે. સેવામાં જે નમ્રતા છે તે જ અહંતાની શત્રુ છે. સાચી સેવાનો મર્મ જ અભિમાનનો નાશ છે. અભિમાન ટળે એટલે સંતકૃપાએ સમ્યક્‌જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. સમ્યક્‌જ્ઞાન થતાં અભયપદ પ્રાપ્ત થાય છે. જે અભય છે તેને પછી ભય શાનો ? કેવળ બ્રહ્મ બને છે ત્યારે જ જીવભાવ જતો રહે છે અને શિવપદનો પ્રકાશ થાય છે. એ બને છે કેવળ સંતસેવાના પ્રતાપે જ. અને તેથી જ શ્રી અવધૂતે કહ્યું :

''સંતસેવા વિના વાટ એ નવ જડે''

એટલે આપણે એ સંત સેવાનો થોડો વિચાર કરીએ.

શ્રી ભગવાને અર્જુનને યજ્ઞનું મહત્વ સમજાવતાં ''જ્ઞાનયજ્ઞ'' સર્વથી શ્રેષ્ઠ છે એમ કહીને તે જ્ઞાન પ્રાપ્ત કરવા માટે -

तद्विद्धि प्रणिपातेन परिप्रश्नेन सेवया।
उपदेक्ष्यन्ति ते ज्ञानं ज्ञानिनस्तत्त्वदर्शिनः॥

''તે જ્ઞાન નિરહંકાર નમસ્કારથી, પુનઃ પુનઃ પ્રશ્નોથી અને સંતસેવાથી અને ઉપદેશાનુસાર વર્તનથી તત્ત્વ જોનારા જ્ઞાનીઓ તને જ્ઞાનનો ઉપદેશ કરશે.'' શ્રી અવધૂતે સેવાનો (૧) પરિચર્યા (૨) સેવન તદ્રૂપવર્તન, એવો અર્થ કર્યો છે. શ્રી ભગવાને સેવાદ્વારા જ્ઞાનપ્રાપ્તિની વાત કરીને, જ્ઞાનીઓની સેવા કરીને, જ્ઞાનનો મર્મ જાણવાની વાત અર્જુનને કહી છે. જે તત્ત્વદર્શી છે, જેણે આત્મનાત્મદ્વૈતનું છેદન કરીને કેવળ અભેદતત્ત્વને જ પ્રાપ્ત કર્યું છે તે જ જ્ઞાની છે. તે જ સંત છે. તેવા સંતનાં ચરણની સેવા કરીએ ત્યારે જ આપણો પત્તો લાગે ! એવા સંતો મળવા પણ દુર્લભ. કેવળ ઈશકૃપા થાય ત્યારે જ એવા સંતની પ્રાપ્તિ થાય અને તેની સેવા કરીને આત્મલાભ કરી શકાય. ભાગ્યમાં હશે તો એ પણ થશે. શા સારુ નિરાશ થઈએ ? આપણે પણ થોડો અભિમાનરહિત પુરુષાર્થ કરીશું તો ઈશકૃપા થશે અને સંત સાંપડશે. ભવની ભાવઠ ભાંગશે.

આગળ ચાલતાં શ્રી અવધૂત કહે છે :

''મન માર્યા વિના મુક્તિ ભેટે નહિ,
શાંતિ પામે નહિ સોડ તાણ્યે;
સત્યઅસત્યની જુક્તિ જાણ્યા વિના,
રંગ ભવપીડ તે કેમ જાયે ?''

બંધન અને મુક્તિ એ ઉભય માનસિક વિકારો છે. વાસ્તવિક રીતે નથી બંધન કે મુક્તિ. ''તને કોણે બાંધ્યો છે ? તારા હાથ છૂટા છે, પગ પણ છૂટા છે, તું હરફર કરી શકે છે, તારે જ્યાં જવું હોય ત્યાં

જવાની તને છૂટ છે, પછી તું બંદીવાન છે એમ શાથી કહે છે ? તારા હાથેપગે કોણે બેડી પહેરાવી છે ? તું બંદીવાન છે એ કેવળ તારો ભ્રમ છે. બંધનની ઉપેક્ષા કર અને મુક્તિની અપેક્ષા નહીં રહે.'' પણ એ તો શરીરની વાત કરી. ત્યારે શું આ આત્મા બદ્ધ છે ? આત્મા તો શરીરનો દ્રષ્ટા છે. શરીરમાં રહેનારા આત્માને પણ કોણે બાંધ્યો છે ? દસ દ્વારવાળા દેહમાં એને જવા આવવાને બધાય રસ્તા મોકળા છે. એને કોણ અટકાવે છે ? જાને ભાઈ તારે જ્યાં જવું હોય ત્યાં ! પણ ના, એ નહીં જાય. એને શરીરની પ્રીત લાગી છે. ''મારું શરીર છે'' એમ માનીને શરીરને છોડીને જવાની એને ઇચ્છા થતી નથી. ત્યારે તને કોઈએ બાંધ્યો નથી. તું તારી જાતે જ બંધાયો છે. તું તારી જાતે જ મુક્ત પણ થઈ શકે એમ છે. પણ તું પરાધીન છે. તું મનનો દોરવ્યો દોરવાય છે. અને તેથી મન વડે જ તું બંધાયલો છે. શ્રી ભગવાને તો ઉદ્ધવને કહ્યું જ છે.



ભા.- ૧

बद्धो मुक्त इति व्याख्या गुणतो मे न वस्तुतः।
गुणस्य मायामूलत्वान्न मे मोक्षो न बन्धनम् ॥

''આત્મા બદ્ધ છે અથવા મુક્ત છે એવું જે વ્યવહાર દ્રષ્ટિએ કહેવાય છે તે મારે આધીન રહેલા સત્ત્વ આદિ ગુણોની ઉપાધિથી થાય છે. તત્ત્વદ્રષ્ટિથી એવું કશું જ નથી. બધું ગુણ અને માયામૂલક ઇન્દ્રજાલ જેવું છે. જાદુના ખેલ જેવું છે. અને તેથી મારો મોક્ષ પણ નથી અને મારું બંધન પણ નથી.''

''ભગવાનમાં તો તને ભરોસો છે ને ? ભગવાનની આ વાણી તો સ્પષ્ટ છે ને ? ત્યારે તું બંધનમાં પણ નથી અને મુક્તિની તને અપેક્ષા પણ નથી. ત્યારે ''હું બંધનમાં છું'' એમ તું શા સારુ કહે છે ? એ જ તારું અજ્ઞાન છે. એ અજ્ઞાન અવિદ્યામૂલક છે. તું બ્રહ્મવિદ્યાનું શરણ ગ્રહણ કરશે તો તારી અવિદ્યાનો નાશ થઈ જશે. અસ્તુ.''

શ્રી અવધૂતે કહ્યું : -

''મન માર્યા વિના મુક્તિ ભેટે નહિ.''

જ્યાં સુધી મનની ચંચળતા જાય નહીં, જ્યાં સુધી મન વિષયોમાં જ ભટકતું રહે ત્યાં સુધી મુક્તિની આશા કરવી એ આકાશકુસુમ વીણવા જેવું છે. જેને મુક્તિની કામના હોય તેણે પ્રથમ તો મનને જ મારવું ઘટે. મન મરે એટલે જ બધીય ચંચળતા મરી જાય. નિશ્ચળ મન પછી પ્રભુ પ્રત્યે પગલાં માંડતું થઈ જાય. એ જ કારણે બધાય સંતમહંતો અને શાસ્ત્રો મનને સૌ પ્રથમ મારવાની જ વાતો કરે છે. વાયુ જેવું સર્વત્ર સંચાર કરનારું મન શી રીતે જકડી શકાય ? પવનને શું કોઈ બાંધી શક્યું છે ? પવન ભલે નહીં બાંધી શકાય પણ શ્રી ભગવાને અર્જુનને કહ્યું :

''अभ्यासेन तु कौन्तेय वैराग्येण च गृह्यते''

'અભ્યાસ અને વૈરાગ્યથી મનને વશ કરી શકાય છે.'' ભગવાનના



એ શબ્દોમા સંપૂર્ણ શ્રદ્ધા રાખી યત્ન કરનાર અવશ્ય સફળ થાય છે. એ મન મરી જાય તો મુક્તિ હસ્તામલકવત્ છે એમાં શંકા પણ નથી. મનને મરણતોલ બનાવવાના અનેકવિધ ઉપાયો છે. બિચારું મન એક અને તેની પાછળ કેટલા પડ્યા છે ? જેને ભોગ જોઈએ છે તે પણ એ મનની પાછળ પડ્યા છે. અરે, જગત સમગ્ર એક બાજુ છે અને બીજી બાજુ એ મન એકલું છે. પણ જાણો છો એ મનને કોનો આધાર છે ? માયાનો. અને માયા એટલે ? ભગવાનની જ અનાદિશક્તિ. અને ભગવાનનો જ આધાર પામીને, જેમ એક વેલ વૃક્ષનો આધાર પામીને શક્તિશાળી બને તેમ શક્તિશાળી બનેલી છે. અને તેથી જ એ મનને પીઠબળ પણ સદ્ધર છે. જેના પર પ્રભુના આશીર્વાદ ઊતરે છે તે એ મનને મગતરાં પેરે ચપટીમાં ચોળી નાંખે છે. મન મારવાના અનેકવિધ ઉપાયો વડે જેણે મનને માર્યું છે તે ઉપાય તેણે જગત આગળ મૂક્યા છે. જેમ એક વૈજ્ઞાનિક એક અખતરો કરે અને તેમાં સફળ નીવડે તો જગત આગળ તે રજૂ કરે તેમ અનેક ભકતોએ, અનેક સંતોએ, અનેક શાસ્ત્રોએ એ મનને મારવાના અનેક ઉપાયો બતાવ્યા, પણ તે બધાયમાં ભક્તિ એ સૌથી સરળ અને સુગમ ઉપાય સર્વમાન્ય બન્યો છે.

ભક્તિમાં પરોવાયેલું મન પછી વિષયોનું સ્મરણ કરતું નથી. પરમાત્મા આગળ પછી જગત તેને નિરસ લાગે છે. રસસ્વરૂપ પરમાત્મામાં તરબોળ બનેલું મન એ અમૃતને છોડીને મરણધર્મા વિકારોમાં આનંદ માણતું નથી અને ત્યારે પ્રભુના આશીર્વાદ એના ઉપર ઊતરે છે. પ્રભુનું સત્યસ્વરૂપ તેના અનુભવમાં આવે છે. એ જ મુકિત છે. મન મરી જાય છે એનો અર્થ એ છે કે મન જીવને પોતાની પકડમાંથી છોડી દે છે. અરે, એમ કહેવું એ યોગ્ય નથી. એ મનને જ પ્રભુની પ્રીત લાગે છે. એટલે જીવને પણ એ મન જ પ્રભુનું દર્શન કરાવે છે. અને ત્યારે જીવ આત્માનું એટલે પોતાનું જ દર્શન કરીને બંધનની ભ્રમણામાંથી મુક્ત થાય છે. આમ શ્રી અવધૂતભાખ્યા,

"મન માર્યા વિના મુક્તિ ભેટે નહીં."

એ વાતનો આપણે વિચાર કર્યો. હવે,

"શાંતિ પામે નહીં સોડ તાણ્યે."

એ વાતનો વિચાર કરીએ.

મનુષ્ય શાંતિ માટે વલખાં મારે છે. વિષયોના ભોગ દ્વારા એ શાંતિ પ્રાપ્ત કરવા માટે અહીંતહીં ભટકે છે અને કદાચ ક્ષણિક શાંતિનો અનુભવ પણ કરે છે. એ શાંતિ નથી પણ કેવળ શાંતિનો આભાસ છે. એ "શાંતિ તો ભાઈ, તમારા અંતરમાં રહેલી છે. એ શાંતિ બહાર શોધે ક્યાંય જડશે નહીં. જે શાંતિ અર્થે તમે વલખાં મારો છો તે શાંતિના તો તમે ભંડાર છો." જેમ જમીનમાં દાટેલા ધનથી એક માણસ અજ્ઞાત હોવાની "હું ગરીબ છું"

એમ કહેતો ફરે છે તેમ તમે શાંતિ અર્થે અજ્ઞાનતાના અંધકારમાં ફાંફાં મારો છો. ભૂગર્ભમાં દાટેલા તમારા એ ધનને કોઈ બતાવે અને એને પ્રાપ્ત કરવાના ઉપાય બતાવી, તે પ્રમાણે તમારી પાસે એ ઉપાય કરાવે ત્યારે તમને તે ધન પ્રાપ્ત થતાં શાંતિ મળે. તમારી ગરીબાઈની ભ્રમણા ટળી જાય ત્યારે જ તમે ''હું ધનવાન છું'', એમ કહેતા થાવ. આ શાંતિનું પણ એવું જ. તમારા અંતરમાં ભરેલા શાંતિના ભંડારથી તમે અજ્ઞાત છો અને તેથી જ શાંતિ માટે ઘરઘર ભટકો છો. જ્યારે થાકી જાવ છો ત્યારે સોડ તાણીને સૂઇ જાવ છો. ભાઈ, સોડ તાણીને સૂઈ જશો તેથી શાંતિ નહીં સાંપડે. કારણ ઊંઘ આવશે પણ ત્યાં પણ સ્વપ્ન તમને સતાવશે. કદાચ પ્રગાઢ સુષુપ્તિની અવસ્થા મળશે પણ તે શાંતિ આસુરી છે અને તે પણ ક્ષણિક છે. નિશ્ચળ અને શાશ્વત શાંતિ તો જ્યારે તમને આત્મદર્શન થશે, તમને તમારી પોતાની જ ઓળખ થશે ત્યારે જ મળશે. તે થશે કેવળ ઈશકૃપાએ. અસ્તુ.



આગળ ચાલતાં શ્રી અવધૂત કહે છે :

''સત્યઅસત્યની જુક્તિ જાણ્યા વિના
રંગ ભવપીડ તે કેમ જાયે ?''

સત્યઅસત્યની જુક્તિ જાણવાનું શ્રી અવધૂત કહે છે. ''સત્ય'' છે સચ્ચિદાનંદ ભગવાન અને ''અસત્ય'' છે સંસાર એટલે માયા. પણ આપણે માયાને સત્ય માનીએ છીએ અને સત્યસ્વરૂપ પરમાત્માને અસત્ય માનીએ છીએ. એ કેવળ દૃષ્ટિભેદ છે અને અશાંતિનું કારણ છે. એ સત્ અને અસત્ની જુક્તિ જાણ્યા વિના ભવની ભાવઠ ભાંગતી નથી. સત્ને પામવાને અસત્નો ત્યાગ નિર્માયેલો છે. અસત્નો ત્યાગ એટલે માયાજનિત જગતમાં જે મોહ-મમત્વ છે તેનો ત્યાગ. એ ત્યાગ આગળ કહ્યું છે તેમ પરમતત્ત્વનો અભ્યાસ કરવાથી અને અસત્ પ્રત્યે વૈરાગ્યવૃત્તિ કેળવવાથી સાધી શકાય છે. એ ત્યાગ આ સાધનો દ્વારા સંપૂર્ણપણે સિદ્ધ થાય છે ત્યારે સત્ય સ્વયં હાજર છે એમાં શંકા પણ નથી. એ સત્-અસત્નો વિવેક સાધી, હંસક્ષીર ન્યાયે સત્રૂપે રહેલા સત્ને ગ્રહણ કરી અસત્નો ત્યાગ કરવાથી, શ્રી અવધૂત કહે છે તેમ જન્મમરણના વિષચક્રની મર્યાદામાંથી જીવ બહાર નીકળી જાય છે. જન્મમરણની ઉપાધિ એટલે જ ભવની પીડા. જ્યાં સુધી માયાનું જીવ પર આધિપત્ય છે, ત્યાં સુધી એ પીડા પ્રણ કેટલી મીઠી લાગે છે ? સ્ત્રીની પ્રસૂતિપીડા કેટલી કપરી છે ? છતાંય સ્ત્રી પુનઃ પુનઃ એ પીડા ભોગવવામાં મીઠી મઝા નથી માણતી ? એ ઉપાધિમાંથી મુક્ત થવાનો એક જ માર્ગ અને તે પરમાત્માનું અનન્ય શરણ. તેને શરણે જા ! તને તે સન્માર્ગ બતાવશે. પ્રભુ ચીંધ્યા માર્ગે જા ! તને પ્રભુ મળશે.

શ્રી ભગવાને અર્જુનને કહ્યું :

તમેવ શરણં ગચ્છ સર્વભાવેન ભારત।
તત્પ્રસાદાત્પરાં શાન્તિં સ્થાનં પ્રાપ્સ્યસિ શાશ્વતમ્॥

શ્રી દત્તાષ્ટક



ભા.- ૧

(રાગ સારંગ, તાલ દાદરા.)

ઢૂંઢત દેખા જગતમેં, સાર વસ્તુ હૈ એક;
જીન પાયે સબ પા લિયા, દત્ત દત્ત દો ભેદ. (૧)

દયા દાન અરુ દમન હૈ, દદા કા યહ ભેદ;
તત્તા વિષયાધ્યાસ હૈ, તાકો તું કર ભેદ. (૨)

કુત્તે ચારોં બેદ હૈ, ચાટત નિશદિન પાંવ;
ગૌમાતા શાંતિ છમા, ધરમ લચ્છનસાર. (૩)

એક હાથ ત્રિશૂલ હૈ, નાશ કરે અજ્ઞાન;
ડમરુ બાજે હૃદયમેં, સોહં સોહં નાદ. (૪)

ગદા દાન કર જ્ઞાનકા, કમલ હૃદયબિકાસ;
ચક્ર નાશ ભવચક્રકા, શંખ રટે ઓંકાર. (૫)

જ્ઞાનનદી નિત સ્નાન હૈ, કૌપીન સંયમ સાર;
કિસ જીહ્વા ગુન ગા સકું ? બેદ નેતિ પુકાર. (૬)

સબ દેવનકા દેવ યહ, સબ બેદનકા બેદ;
ભૂપનકી તો કયા કથા ? શ્વાસ નિસારે અનેક. (૭)

બાર બાર પ્રણતિ કરું, ગાઉં મુખસે ગાન;
નાચું હો નિર્લાજ મૈં, મસ્ત ફકીર પુરાણ. (૮)

દત્તાષ્ટક જો યહ પઢે, 'રંગ' દત્ત નિર્ધાર;
પામર વિષયી કોઉ હો, સાધુ સાધુ ત્રિવાર. (૯)



શ્રી અવધૂતપ્રણીત આ દત્તાષ્ટકમાં શ્રી દત્તભગવાનના સગુણ અને નિર્ગુણ સ્વરૂપનું નિરૂપણ કરવામાં આવ્યું છે. શ્રી અવધૂત કહે છે :

ઢૂંઢત દેખા જગતમેં, સાર વસ્તુ હૈ એક;
જીન પાયે સબ પા લિયા, દત્ત દત્ત દો ભેદ.

આપણે શ્રી દત્તાષ્ટકનું વિવેચન કરીએ તે પહેલાં "શ્રી દત્ત"ના સ્વરૂપનો યથામતિ વિચાર કરીએ.

શ્રી ભગવાને અર્જુનને કહ્યું :

द्वाविमौ पुरुषौ लोके क्षरश्चाक्षर एव च ।
क्षरः सर्वाणिभूतानि कूटस्थोऽक्षर उच्यते ॥

उत्तमः पुरुषस्त्वन्यः परमात्मेत्युदाहृतः ॥
यो लोकत्रयमाविश्य विभर्त्यव्यय ईश्वरः ॥

"संसारमां 'क्षर' अने 'अक्षर' એ બે જ પુરુષો છે; સર્વ ભૂતો ક્ષર (નાશવંત) અને કૂટસ્થ (જીવ) અક્ષર અવિનાશી કહેવાય છે. પરંતુ ઉત્તમ પુરુષ તો જુદો જ છે, જે ત્રણે લોકમાં પ્રવેશ કરી ધારણ પોષણ કરે છે અને અવિનાશી ઈશ્વર તથા પરમાત્મા કહેવાય છે."



ભા.- ૧

यस्मात्क्षरमतीतोऽहमक्षरादपि चोत्तमः ।
अतोऽस्मि लोके वेदे च प्रथितः पुरुषोत्तमः ॥

"હું ક્ષરથી પર છું અને અક્ષરથી પણ પર છું તેથી લોકોમાં અને વેદમાં 'પુરુષોત્તમ' એ નામથી પ્રસિદ્ધ છું."

શરીર ક્ષર, જે શરીરમાં રહેલો છે તે કૂટસ્થ જીવ. ગીતામાં એને દેહી કહ્યો છે. એ બેથી પર તે પુરુષોત્તમ છે. એ પુરુષોત્તમ છે છતાંય પુરુષ એટલે ક્ષર અને અક્ષર એ ઉભયમાં રહીને એ ઉભયથી અતીત અને એ ઉભયનો પ્રકાશક એ શ્રી દત્ત.

બ્રહ્મા કર્તા, વિષ્ણુ ભર્તા અને શંકર સંહર્તા. એ ત્રણેનું અધિષ્ઠાન તે શ્રી દત્ત. રજોગુણથી ઉત્પત્તિ, સત્ત્વગુણથી સ્થિતિ અને તમોગુણથી લય. એ ત્રણે ગુણોનું અધિષ્ઠાન તે શ્રી દત્ત. અને છતાંય એ ત્રણે ગુણથી પર એટલે ગુણાતીત પરમતત્ત્વ તે શ્રી દત્ત. એ સાત્ત્વિક, રાજસી અને તામસી ભાવોનું અધિષ્ઠાન ભગવાન છે. પરંતુ એ ભાવો ભગવાનમાં નથી. અને તેથી જ શ્રી ભગવાને કહ્યું :

ये चैव सात्त्विका भावा राजसास्तामसाश्च ये ।
मत्त एवेति तान्विद्धि न त्वहं तेषु ते मयि ॥

"વળી સાત્ત્વિક, રાજસી અને તામસી જે ભાવો છે તે મારાથી જ ઊપજેલા છે એમ તું જાણ, હું તેમાં નથી, પરંતુ તે મારામાં છે."

દૃશ્ય જગત મરણધર્મા છે અને તેથી પ્રકાશ્ય છે. અદૃશ્ય પરમતત્ત્વ અદૃશ્ય અને અવિનાશી છે. તે દૃશ્ય જગતનું પ્રકાશક છે.

પ્રકાશ્ય પ્રકાશક બની ન શકે. સૂર્ય અંધકારમાં પરિવર્તન ન પામી શકે. પરમતત્ત્વ પ્રકાશ્યનું અધિષ્ઠાન છે અને પ્રકાશકનું અધિષ્ઠાન છે. છતાંય સ્વયંપ્રકાશ છે. પ્રકાશ્ય અને પ્રકાશક એ ઉભયથી અતીત જે પરમતત્ત્વ છે તે શ્રી દત્ત.

મૃતિકામાં ઘટ સમાયેલો છે. સુવર્ણમાં અલંકાર સમાયેલાં છે. અને તેથી મૃતિકા એ ઘટનું અધિષ્ઠાન છે. સુવર્ણ એ અલંકારનું અધિષ્ઠાન છે. ઘટ અને અલંકાર એ મૃતિકા અને સુવર્ણના વિકારો છે. એ વિકારોનો નાશ થશે પણ અધિષ્ઠાનરૂપે રહેલાં મૃતિકા અને સુવર્ણનો નાશ નથી, એટલે અધિષ્ઠાનનો નાશ નથી. તે જ રીતે પ્રકાશ્ય પદાર્થનો નાશ થશે પણ પ્રકાશકનો નાશ નથી. અને તેથી એ સમસ્ત પ્રકાશ્યના અધિષ્ઠાનરૂપ



પરમતત્ત્વ અવિનાશી છે, અને તે શ્રી દત્ત છે.

શ્રી દત્તના નિર્ગુણ નિરાકાર સ્વરૂપનો આપણે તાત્ત્વિક દૃષ્ટિએ વિચાર કરીએ તો જે પરમતત્ત્વ સંપૂર્ણ વિશ્વમાં ઓતપ્રોત બનીને વ્યાપ્ત છે, બ્રહ્માંડમાં અણુરેણુમાં સભર ભરાઈને પણ અવશિષ્ટ રહ્યું છે તે પરમતત્ત્વ શ્રી દત્ત છે એ નિઃશંક છે.

સગુણ સાકાર સ્વરૂપની આપણે કલ્પના કરીએ તો પણ અંતે એ જ નિર્ણય આવે છે. પરમતત્ત્વની ત્રણ શક્તિ. બ્રહ્મા સૃષ્ટિનું સર્જન જ કરી શકે, વિષ્ણુ પાલન જ કરી શકે અને શંકર સંહાર જ કરી શકે. રજસ્ ગુણનું કાર્ય સત્ત્વગુણ કે તમોગુણથી ન થાય. સત્ત્વગુણનું કાર્ય રજસ્ કે તમસ્ ગુણથી ન થાય અને તમોગુણનું કાર્ય સત્ત્વ કે રજસ્થી ન થાય. એટલે એ ત્રણેની પૃથક્ પૃથક્ સત્તાવાળા એ ત્રણે દેવો માત્ર પોતપોતાના અધિકારથી આગળ વધીને બીજાના અધિકારનું કામ કરવાને શક્તિશાળી બની જ ન શકે. એમના પરસ્પરના અધિકારમાં પરસ્પરની દરમિયાનગીરી હોય તો નિસર્ગનો વ્યવહાર પણ ખોરવાઈ જાય. આંખ રૂપને જોવાનું જ કામ કરી શકે. કાન શબ્દશ્રવણ કરવાનું જ કાર્ય કરી શકે. જીહ્વા રસાસ્વાદ જ લઈ શકે અને ત્વચા સ્પર્શ જ કરી શકે. આંખ પાસે જીહ્વાનું કામ ન લેવાય. નાક પાસે કાનનું કામ ન લેવાય. અને એ રીતે એક ઇન્દ્રિય પાસે બીજી ઇન્દ્રિયનું કામ ન લેવાય. એ રીતે જો એક ઇન્દ્રિય બીજી ઇન્દ્રિયના ધર્મમાં દરમિયાનગીરી કરે તો એકે ઇન્દ્રિયનું કામ પરિપૂર્ણ ન થાય. તે જ રીતે ઉત્પત્તિ, સ્થિતિ અને લયના ત્રણ ધર્મો ભિન્ન ભિન્ન શક્તિ નિર્માણ કરી તેને સોંપવામાં આવ્યા. એ ત્રણેના નિયામક, એ ત્રણેને નિયંત્રણમાં રાખનાર પરમતત્ત્વનું ત્રિગુણાત્મક સ્વરૂપ પણ નિર્માણ થયું. તે કરવા માટે અત્રિ અને અનસૂયાને નિમિત્ત બનવું પડ્યું. અત્રિ અનસૂયાની એ કથા આપણે અન્યત્ર જોઈ છે એટલે પુનરાવૃત્તિ કરવાની જરૂર નથી. એ ત્રણે ગુણોના એકીકરણરૂપે શ્રીદત્તસ્વરૂપે, અનસૂયા માતાની માતૃભાવની તૃપ્તિ કરવાને જે સ્વરૂપ આશ્રમમાં રહ્યું, તે એક અખંડ અને અભંગ પરમતત્ત્વ. તે જ શ્રીદત્તસ્વરૂપે જગતમાં પ્રસિદ્ધ થયું.

શ્રી દત્તના સગુણસાકાર અને નિર્ગુણનિરાકાર સ્વરૂપનો સંક્ષપ્તિમાં વિચાર કરી આપણે હવે શ્રી અવધૂતપ્રણીત દત્તાષ્ટકનો વિચાર કરીએ.

જગતનો સાર શોધવા નીકળેલા શ્રી અવધૂતને જગતમાં

"ઢૂંઢત દેખા જગતમેં, સાર વસ્તુ હૈ એક;"

જગતમાં સારવસ્તુ એક જ જણાઈ અને તે

"જીન પાયે સબ પા લિયા,"

જેની પ્રાપ્તિ થવાથી બધાની જ પ્રાપ્તિ થાય છે તે સારવસ્તુ શ્રી અવધૂતને મળી.

શ્રી અવધૂતને એવી શી વસ્તુ મળી તેનો પણ આપણે વિચાર કરીએ.

મુંડકોપનિષદનો એક પ્રસંગ છે. શૌનક નામક પ્રસિદ્ધ ગૃહસ્થે અંગિરાઋષિ પાસે જઈને વિનયથી પ્રશ્ન કર્યો :

"ભગવન્, કઈ વસ્તુને જાણી લીધાથી આ બધીય જાણવા જેવી વસ્તુઓ જાણી શકાય ?"

"અક્ષર પરમાત્માનું જ્ઞાન જે પરાવિદ્યાથી થાય છે તે જાણ્યાથી પરમતત્ત્વની પ્રાપ્તિ થાય છે. પરમતત્ત્વની પ્રાપ્તિ થતાં બીજું બધું જ જાણી શકાય છે. એકને જાણવાથી મનુષ્ય સર્વજ્ઞ થઈ જાય છે. જેને પરમતત્ત્વની પ્રાપ્તિ થઈ છે તેને બીજું કશું જ પ્રાપ્ત કરવાનું રહેતું નથી." અંગિરાઋષિએ ઉત્તર દીધો.

આ સંવાદના વિસ્તારનો વિચાર કરવાની અહીં જરૂર નથી. શ્રી અવધૂતે જે પ્રાપ્ત કરીને બધું જ પ્રાપ્ત કર્યું, જે જાણીને બધું જ જાણ્યું, તે શું છે તેનો જ માત્ર અહીં ઉત્તર છે. એ પરમતત્ત્વની પ્રાપ્તિ કર્યા પછી શું પ્રાપ્ત કરવાનું રહે ? તરસ્યાને આકંઠ શીતળ જળપાન કર્યા પછી, અધિક જળની અભિલાષા રહે ખરી ? ભૂખ્યાને ભાવતાં ભોજન આકંઠ તૃપ્તિ મળ્યા પછી અધિક ભોજનની આવશ્યકતા રહે ખરી ? જેને પરમતત્ત્વની પ્રાપ્તિ થઈ છે તે નિષ્કામ, પૂર્ણકામ કે આત્મતૃપ્તને શું પ્રાપ્ત કરવાનું રહે ? તેથી જ શ્રી અવધૂતે કહ્યું :

જીન પાયે સબ પા લિયા.

"પરમતત્ત્વની પ્રાપ્તિ થયા પછી કાંઈ પણ પ્રાપ્ત કરવાનું રહેતું નથી." એ પરમતત્ત્વ તે જ શ્રીદત્ત છે.

એ "શ્રીદત્ત" શબ્દના બુદ્ધિગમ્ય ભેદ

દત્ત દત્ત દો ભેદ.

અને તેનો અર્થ સમજાવતાં શ્રી અવધૂત કહે છે :

દયા દાન અરુ દમન હૈ, દદાકા યહ ભેદ;
તત્તા વિષયાધ્યાસ હૈ, તાકો કર તું ભેદ.

"દત્ત" શબ્દમાં બે અક્ષરો છે. "દ" અને "ત." "દ"નું રહસ્ય સમજાવતાં શ્રી અવધૂત કહે છે :

દયા દાન અરુ દમન હૈ, દદાકા યહ ભેદ;

"દ" નો અર્થ દયા, દાન અને દમન છે.

ઉપનિષદની એક આખ્યાયિકા છે. દેવ, દાનવ અને માનવ બ્રહ્માજી પાસે ઉપદેશ અર્થે ગયા.

બ્રહ્માજીએ દેવને "દ" શબ્દ કહ્યો અને પૂછ્યું : "શું સમજ્યા ?"

દેવોએ કહ્યું, "અમે સ્વર્ગમાં રહીએ છીએ. ભોગવિલાસની અખૂટ સામગ્રીના મોહમાં પડ્યા છીએ; જેથી આપે અમોને દમન કરી વૃત્તિઓને વિષયો તરફ જતી અવરોધવાનો આદેશ આપ્યો." બ્રહ્માજીએ કહ્યું :

''બરાબર છે.''

દાનવને પણ બ્રહ્માજીએ ''દ'' કહીને પૂછ્યું ''શું સમજ્યા ?'' દાનવોએ કહ્યું :

''અમે સ્વભાવથી જ ક્રૂર અને હિંસક છીએ, એટલે આપે અમને દયાનો ગુણ કેળવવા કહ્યું.'' બ્રહ્માજીએ કહ્યું : ''બરાબર છે.''

અને માનવને પણ બ્રહ્માજીએ ''દ'' કહીને એ જ પ્રશ્ન પૂછ્યો. માનવીએ જવાબ દીધો :

''અમારો સ્વભાવ લોભને વશ છે. ધનસંપત્તિની લોલુપતાને કારણે અમો પ્રમાણ કરતાં વધારે પરિગ્રહ કરીએ છીએ. બીજાઓ ભૂખ્યા મરે છે તેની અમોને સ્પૃહા નથી. તેથી આપે અમોને ''દાન'' કરવાની આજ્ઞા કરી.'' બ્રહ્માજીએ કહ્યું : ''બરાબર છે.''

આ રીતે એક જ ''દ'' અક્ષરમાંથી દેવ, દાનવ અને માનવે પોતપોતાના સ્વભાવ અને વૃત્તિને અનુરૂપ ઉપદેશ મેળવ્યો. જેમ એ ''દ'' દયા-દાન-અને દમન એ ત્રણેમાં વ્યાપક છે તેમ શ્રીદત્ત પણ વિશ્વવ્યાપક છે. એ ''દ'' અક્ષરથી ધ્વનિત થતા દયા, દાન અને દમન એ ત્રણે ગુણો શ્રીદત્તસ્વરૂપમાં મૂર્તિમંત છે. એ શાસ્ત્રસંમત છે.

શ્રી દત્તની દાનશીલતાની શી વાત કરવી ? પોતે જ પોતાને અત્રિ-અનસૂયાને અર્પણ કરીને ''દત્ત'' નામ સાર્થ કર્યું. દયાના તો એ સાગર છે. શરણે આવેલા ભક્તો જાતપાતના ભેદભાવ વિના એની દયાથી ભવાબ્ધિ તર્યા અને તેની કથાઓ આલેખાઈ. યદુરાજા, પરશુરામ, પ્રહ્લાદ આદિ અનેક ભક્તોના ભવભવના ફેરા ટાળનાર એ દયાબ્ધિની દયાની શી વાત કરીએ ? અને દમન તો સ્વયં મૂર્તિમાન જ છે. અને તેથી દેવનું દેવપદ શોભાવનારી દમનવૃત્તિ, દાનવની દાનવતા શમાવનાર દયાવૃત્તિ અને માનવની માનવતા દીપાવનાર દાનવૃત્તિ, એ ''દ'' કારના ત્રણ ભેદ શ્રીદત્તમાં મૂર્તિમાન છે.

''ત'' અક્ષરનો અર્થ શ્રી અવધૂતે ''વિષયાધ્યાસ'' કર્યો છે.

''तत्ता विषयाध्यास है''

જીવ સૂક્ષ્મશરીરને આધીન છે. સૂક્ષ્મશરીર એટલે પાંચ જ્ઞાનેન્દ્રિય, પાંચ કર્મેન્દ્રિય, મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર. એ સૂક્ષ્મશરીર સાથે એક શરીરનો ત્યાગ કરીને જીવ બીજા શરીરમાં પ્રવેશ કરે છે. અને તેથી જન્મજન્માંતરના વિષયાધ્યાસને કારણે જીવનો, વિષયો પ્રતિ અનુરાગ એ એક સ્વભાવ બની જાય છે. એ સ્વભાવ અનુસાર શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધમાં આસક્ત રહેવાનો જીવનો સ્વભાવ બની જાય છે. જીવ એક શરીરનો ત્યાગ કરી જ્યારે બીજા શરીરમાં પ્રવેશ કરે છે ત્યારે, એ સ્વભાવના કારણે જીવને વિષયો પ્રતિ સહજ અનુરાગ હોય છે અને તેથી પરમાત્માને ભૂલીને તે વિષયોને જ ભજે છે. પરિણામે જીવ



લખચોરાસી યોનીના ફેરા ખાતો થાય છે. શ્રી ''દત્ત'' શબ્દનો ''ત'' કાર એ વિષયાધ્યાસ છે. અહીં એ વિષયાધ્યાસનો ભેદ કરવાનું એટલે, વિષયાધ્યાસનો ત્યાગ કરીને બ્રહ્મનો અનુરાગ કરવાનું સૂચન કરવામાં આવ્યું છે. સાર એ છે કે દયા, દાન અને દમનની વૃત્તિ કેળવી જ્યારે મનુષ્ય વિષયાધ્યાસનો સમૂળ નાશ કરે છે, ત્યારે તેની વૃત્તિ બ્રહ્માકાર બની તે સ્વયં બ્રહ્મ કે દત્તસ્વરૂપ બની જાય છે. એ કારણે શ્રી દત્ત શબ્દનું મહત્ત્વ સમજીને, સાધકે સાધનકાળમાં આ તત્ત્વોની જ સાધના કરવાનો અહીં સંકેત કરવામાં આવ્યો છે. જ્યાં સુધી વિષયો પ્રતિ અનુરાગ રહે ત્યાં સુધી જીવની મુક્તિ થવાની નથી, કે જીવને પોતાના શુદ્ધ સ્વરૂપનું ભાન પણ થવાનું નથી એ નિર્વિવાદ છે.

પતંગ તેજ અને પ્રકાશલોલુપ છે. માતંગ રૂપલોલુપ છે. કુરંગ નાદ-લોલુપ છે અને મીન રસલોલુપ છે. એક એક વિષય એ બધાયને માટે પ્રાણહર બને છે. મનુષ્ય તો એ પાંચે વિષયોમાં લોલુપ છે. વિષય લોલુપતા પ્રાણહર છે એ જાણ્યા છતાં, મોહાંધ માનવી એ પાંચે વિષયોમાં રચ્યોપચ્યો રહી ભગવાનને ભૂલે છે. વિષયોની વિઘાતકતાનો ખ્યાલ કરીને જો માનવી વિષયવિમુખ બને તો એ જ માનવી દેવ થાય. એ કારણે જ સ્વસ્વરૂપ જાણવાને વિષયાધ્યાસનો ત્યાગ કરવાનું અહીં સૂચન કરવામાં આવ્યું છે.

આમ શ્રી દત્તના તાત્ત્વિક અને બાહ્યસ્વરૂપનો વિચાર કર્યા પછી શ્રી અવધૂત આપણને શ્રી દત્તના સ્વરૂપ સાથે સંકળાયેલાં ગાય, કૂતરા આદિ જે સાધનો છે તેનો વિચાર કરવાનું કહે છે. એ સાધનોનું સ્પષ્ટીકરણ કરતાં શ્રી અવધૂત કહે છે :

''कूत्ते चारों बेद है, चाटत निशदिन पांव;
गौमाता शांति छमा धरमलच्छन सार.''

ચારે વેદો પરમાત્માની સ્તુતિ કરે છે. કૂતરાઓ જેમ પોતાના માલિકના પગ ચાટે છે એટલે વશ વર્તે છે તેમ, વેદો પણ પરમાત્માને વશ વર્તી તેના પગ આગળ ગેલ કરે છે એવી અહીં કલ્પના કરવામાં આવી છે. આ સંબંધમાં એક વાત પણ છે. એક વખત કોઈ એક શ્રોત્રિય બ્રાહ્મણને ત્યાં શ્રાદ્ધપ્રસંગે અમંગળ બ્રાહ્મણેતર ભિક્ષુકરૂપે સાથે એક કાળા કૂતરાને લઈ શ્રીદત્ત ભગવાન જઈ પહોંચ્યા. બ્રાહ્મણોએ તેમને જોતાં જ તેમનો ધિક્કાર કર્યો. એટલે એમની સાન ઠેકાણે લાવવા માટે પ્રભુએ એ બ્રાહ્મણોના દેખતાં પોતાની સાથેના કૂતરાને વેદ બોલવાનું કહ્યું. એ શ્વાનના મુખમાંથી ચારે વેદ અંગો અને સૂત્રોસહ સ્પષ્ટપણે સંભળાવા લાગ્યા. એ જોઈ બ્રાહ્મણો ગર્વગલિત થઈ પ્રભુની સ્તુતિ કરવા લાગ્યા વગેરે વિસ્તાર ''श्री दत्तात्रेय षोडशावतार जयंतिकल्प''ના દસમાવતારચરિતમાં વર્ણવેલો છે તે ત્યાં જોઈ લેવો. અસ્તુ.

હવે પ્રભુને પડખે ગાય કેમ ખડી દીસે છે તેનો મર્મ વિચારીએ.



ગાય સર્વધર્મના સારરૂપ શાંતિ અને ક્ષમાનું પ્રતીક છે. જેનામાં ક્ષમાવૃત્તિ છે તે જ સતત શાંતિનો અનુભવ કરી શકે છે. જે સહેજ સહેજમાં ચિઢાઈ જાય છે. બીજાની ભૂલો કે અપરાધોથી ઉશ્કેરાઈ જઈ ક્રોધાવિષ્ટ થાય છે, તેને સ્વપ્ને પણ શાંતિનો અનુભવ થતો નથી. જે શાંતચિત્ત છે તે જ શાશ્વતસુખની પ્રાપ્તિ કરી શકે છે. અને તેથી ક્ષમા અને શાંતિ એ ઉભય જેનામાં સંપૂર્ણ રીતે વિકાસ પામેલાં છે, તે જ સાચો સ્થિતપ્રજ્ઞ કહી શકાય છે. એ સ્થિતપ્રજ્ઞની મૂર્તિસમા ભગવાનની પાસે ક્ષમા, શાંતિ અને માતૃવત્ વાત્સલ્યના પ્રતીક શી ગાય જોવામાં આવે છે. ભગવાન દત્તાત્રેયના ભક્ત કહેવડાવનારે એ ગુણો અપનાવવા જોઈએ એવું એ સૂચવે છે.

દ્વેષની નિવૃત્તિ ક્ષમા તો આપોઆપ આવી જાય. દ્વેષની નિવૃત્તિ માટે પ્રાણીમાત્રને આત્મવત્ જોવાની અને તેની સાથે તેવું વર્તન રાખવાની યુક્તિ કેળવવી ઘટે. અને એમ કરીને એ ગુણોનો વિકાસ થતાં, જ્યારે પૂર્ણ ચંદ્ર પ્રમાણે એ ઉભય ગુણોનો વિકાસ સિદ્ધ થાય ત્યારે, તે પૃથ્વી સમો ક્ષમાશીલ બની શકે. સમુદ્રના જેવો ગંભીર અને શાંત પણ બની શકે.

ક્ષમા અને શાંતિ પરસ્પર પૂરક છે. અશાંત છે તે ક્ષમાશીલ હોવાનો સંભવ નથી. ક્ષમાશીલ અશાંત બની શકતો નથી. ક્ષમા અને શાંતિ સાથે જ રહે છે. ક્ષમા માનવતા છે, દ્વેષ દાનવતા છે. માનવ જો માનવ રહે તો દ્વેષ જતાં ક્ષમાશીલ બની શકે. માનવ દાનવ બને તો ક્ષમા અને શાંતિનો આનંદ તેના જીવનમાં કોઈ પણ વખત પ્રાપ્ત ન કરી શકે. આ કારણે જ ક્ષમા અને શાંતિ એ સર્વધર્મનો સાર છે, એમ શ્રી અવધૂતે કહ્યું છે.

ક્ષમા અને શાંતિના પાયા પર જ સમાજરચના થયેલી છે અને ટકી પણ રહી છે. એ જ સમાજધર્મ સમાજને ઉન્નતિને શિખરે લઈ જવાનો રાજમાર્ગ છે. અને તેથી ક્ષમા અને શાંતિ એ ધર્મમાત્રના આધારસ્તંભો છે એમ પણ અહીં શ્રી અવધૂતે સૂચવ્યું છે.

જીવનમાં પણ આપણે એ જ અનુભવીએ છીએ. જ્યાં શાંતિ છે, જ્યાં ક્ષમા છે ત્યાં જીવનનો કોલાહલ જણાતો નથી. જીવનના છ શત્રુઓનો પ્રભાવ પણ ક્ષમા અને શાંતિના પ્રભાવ આગળ નતમસ્તક બનીને નિર્વીર્ય બની જાય છે. વશિષ્ઠ અને વિશ્વામિત્રની પૌરાણિક ગાથાનો મર્મ પણ આ જ સૂચવે છે.

જ્યાં ક્ષમા હોય ત્યાં ક્રોધ નથી. શાંતિ હોય ત્યાં કામ કે લોભ નથી. અને નર્કના દ્વારસમા કામ, ક્રોધ અને લોભનું જ્યાં અસ્તિત્વ નથી ત્યાં મોહ, મદ અને મત્સરનો સંચાર નથી.

ભૃગુઋષિએ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશની પરીક્ષા કરી. ક્ષમા અને

શાંતિ કોને વરી છે તે જોવા અને જાણવા ભૃગુઋષિ શંકર પાસે ગયા. ત્યાં તેમને ક્ષમા અને શાંતિનો અભાવ જણાયો. બ્રહ્માને ત્યાં પણ તેવો જ અનુભવ થયો. અંતે ભૃગુઋષિ શ્રીવિષ્ણુ પાસે ગયા અને શ્રીવિષ્ણુના વક્ષઃસ્થળમાં લાત મારી. જગતના પાલક ભગવાન વિષ્ણુમાં ક્ષમા અને શાંતિ ન હોય તો જગતનું પાલન નિષ્પક્ષભાવે શી રીતે કરી શકે ? ભગવાને તત્કાળ ભૃગુઋષિનાં ચરણ તળાસ્યાં અને પૂછયું : પ્રભો! આપના ચરણને તો કષ્ટ નથી થયું ને ?'' ભૃગુઋષિનો ભ્રમ ભાંગી ગયો. શ્રી વિષ્ણુ ભગવાનને પ્રણામ કર્યાં. ભગવાને એ પ્રસંગના સ્મારક તરીકે ભૃગુનું પદલાંછન પોતાના વક્ષઃસ્થળ પર ધારણ કર્યું છે. આ છે ક્ષમા અને શાંતિની પરાકાષ્ઠા! ઉપકારી પર ઉપકાર કરવો એ તો માનવતા છે. પણ અપકારી પર પણ ઉપકાર કરવો એ છે દિવ્યતા! અપકારી પર ઉપકાર કરનાર માનવ દેહે દેવ છે. અને ત્યાં જ સત્ત્વગુણ પણ મૂર્તિમંત છે. ત્યાં એ દૈવી ગુણો પણ પ્રત્યક્ષ જ છે.



સત્ત્વગુણપ્રધાન ભગવાન દત્તાત્રેયમાં વિષ્ણુનાં ઉપર્યુક્ત ક્ષમા અને શાંતિ સંપૂર્ણપણે ઊતર્યાં હોય એમાં શી નવાઈ ? અને ગાય ! શાંતિ અને ક્ષમાની મૂર્તિસમી ગોમાતા મૂકભાવે શાંતિ અને ક્ષમાના પ્રતીક રૂપે પડખે ઊભી રહી એની સાક્ષી પૂરે છે.

હવે આપણે શ્રી દત્ત ભગવાનનાં આયુધોનો વિચાર કરીએ. શ્રી અવધૂત કહે છે :

''એક હાથ ત્રિશૂલ હૈ, નાશ કરે અજ્ઞાન;''
''ડમરુ બાજે હૃદયમેં, સોહં સોહં નાદ.''
''ગદા દાન કર, જ્ઞાનકા, કમલ હૃદયબિકાસ;''
''ચક્ર નાશ ભવચક્રકા, શંખ રટે ઓંકાર.''

શ્રી દત્ત ભગવાનનાં આપણે જ્યાં જ્યાં સાકાર સ્વરૂપો જોઈએ છીએ ત્યાં તેમના હસ્તમાં આયુધો આપવામાં આવ્યાં હોય છે. તેનો ઉલ્લેખ કરતાં અહીં શ્રી અવધૂત કહે છે કે, ભગવાન શ્રી દત્તાત્રેયના એક હાથમાં ત્રિશૂલ છે.

''એક હાથ ત્રિશૂલ હૈ, નાશ કરે અજ્ઞાન.''

એ ત્રિશૂલ અજ્ઞાનનો નાશ કરે છે. માયાના આવરણથી આચ્છાદિત જીવ અજ્ઞાનના કારણે પોતાના સ્વરૂપનું જ્ઞાન ભૂલીને, પોતે શાશ્વત હોવા છતાંય અશાશ્વત શરીરને પોતાનું સ્વરૂપ માનીને, ત્રિવિધ તાપથી અહોનિશ તપતો રહે છે. જીવનું એ અજ્ઞાન જ્યાં સુધી નિઃશેષ ન થાય ત્યાં સુધી જીવ પરમગતિને પ્રાપ્ત કરી શકતો નથી. અને તેથી શ્રીદત્ત ભગવાન નિજ ભક્તના એ અજ્ઞાનનો સંહાર કરવાને હાથમાં ત્રિશૂલ ધારણ કરે છે. જ્યારે મનુષ્યને આત્મજ્ઞાન થાય છે ત્યારે અજ્ઞાનમૂલક આધિ, વ્યાધિ અને ઉપાધિ પણ આપોઆપ અદૃશ્ય થઈ જાય છે. પરિણામે તેને પરમ

શાંતિ પ્રાપ્ત થાય છે. ત્રિશૂલ એ અજ્ઞાનજનિત ત્રણ શૂલનો સંહાર કરનારનું એ રીતે નિદર્શક છે.

શ્રી દત્ત ભગવાનના બીજા હાથમાં ડમરુ છે.



ભા.- ૧

"ડમરુ બાજે હૃદયમેં સોહં સોહં નાદ."

ડમરુ એ નાદનું પ્રતીક છે. ડમરુ વાગે છે એટલે શબ્દ થાય છે. એ શબ્દનો "સોહં સોહં" ધ્વનિ છે. શ્વાસે શ્વાસે એ "સોહં સોહં" ના અનાહત નાદનો અહીં સંકેત કરવામાં આવ્યો છે. એ નાદ સાથે અનુસંધાન કરીને સાધક પરમપદની પ્રાપ્તિ કરી શકે છે. અને તેથી ડમરુના નાદને અહીં "સોહં-તે હું છું" એ રીતે શ્રી અવધૂતે વર્ણવ્યો છે. પ્રભુના હાથમાંનું ડમરુ સાધકને મૂકભાવે 'સોહં'નો સનાતન મંત્ર ઉપદેશે છે.

ભગવાન દત્તાત્રેયના ત્રીજા હાથમાં ગદા અને ચોથા હાથમાં કમલ છે, જે સંબંધમાં શ્રી અવધૂત કહે છે :

"ગદા દાન કર જ્ઞાનકા, કમલ હૃદયબિકાસ."

શ્રી ભગવાનના એક હાથમાં ગદા છે. તે ગદા જ્ઞાનૈશ્વર્યની નિદર્શક છે. ભક્તના અજ્ઞાનના ચૂરેચૂરા કરી તેની સાધનામાં આવતાં વિઘ્નોના ભૂકેભૂકા ઉડાવી, સદ્‌બુદ્ધિ આપી જ્ઞાન તરફ પ્રેરે છે.

ભક્તના હૃદયવિકાસ અર્થે ભગવાન દત્તાત્રેયે પોતાના હાથમાં કમલપુષ્પ ધારણ કર્યું છે. એ કમલનું પુષ્પ હૃદયના વિકાસનું પ્રતીક છે. જેમ સૂર્યોદય થતાં જ કમળનાં પુષ્પો વિકસે છે તેમ અંતરના અજ્ઞાનનો અંધકાર ટળી જતાં, જ્ઞાનસૂર્યનો પ્રકાશ પામીને હૃદય પ્રફુલ્લિત થાય છે. હૃદયનો વિકાસ એ આત્મજ્ઞાનનું દ્યોતક છે. જ્યાં સુધી પોતાના સ્વરૂપનું ભાન થતું નથી ત્યાં સુધી હૃદયમાં રહેલા પરમાત્માનું સાધકને જ્ઞાન થતું નથી. અને તેટલે અંશે હૃદય કમલની વણવિકસી કળી જેવું જ સંકુચિત રહે છે. પણ જ્યારે જ્ઞાન થવા માંડે છે એટલે કે અજ્ઞાન દૂર થવા માંડે છે ત્યારે, એ વણવિકસી કમળની કળી જેમ ધીમે ધીમે વિકાસ પામે છે તેમ, હૃદય પણ વિકાસ પામે છે. સાધકની સંકુચિતતા નાશ પામી એની દૃષ્ટિ વ્યાપક થવા લાગે છે. તેમાં રહેલો આત્માનો પ્રકાશ અંધકારનો વિચ્છેદ કરીને જીવને પોતાનું સાચું "ભૂમા" સ્વરૂપ બતાવે છે. શ્રુતિ ભગવતી કહે છે :

"यो वै भूमा तत्सुखम् । नाल्पे सुखमस्ति ।"

'જે વિશાળ છે, વ્યાપક છે, તે જ સુખ છે. સંકુચિતતામાં સુખ નથી.' માટે જ કમળથી હૃદયના વિકાસનો-આત્માના સર્વવ્યાપક ભાવના અનુભવનો નિર્દેશ કર્યો છે અને એ પ્રાપ્ત કરવાનું સૂચન કર્યું છે.

શ્રી દત્તના બીજા હાથમાં ચક્ર છે. અનન્યભાવે ભગવાનને શરણે જનાર ભક્તના ભવચક્રનો એ નાશ કરે છે, એવું સૂચવવા પ્રભુએ પોતાના હાથમાં સુદર્શનચક્ર ધારણ કર્યું છે. અને સુદર્શન-સુ-દર્શન કહ્યું છે. એનું રહસ્ય એ છે કે જેને એ ચક્રવત્ અખંડમંડલાકાર સચરાચરમાં વ્યાપ્ત

પરમાત્માનું સમ્યક્ દર્શન-અપરોક્ષ અનુભવ થાય છે. તેનો

"पुनरपिजननं पुनरपिमरणं"

સંસારનો ફેરો નાશ પામે છે.



ભા.- ૧

શ્રી દત્તપ્રભુના એક હાથમાં શંખ પણ છે. શંખમાંથી જે નાદ નીકળે છે તે પ્રણવનાદ છે. પ્રણવનાદ એટલે જ ૐકાર. પરમતત્ત્વની સર્વશ્રેષ્ઠ વૈદિક ઓળખ એ છે. એ ૐકારનો ઉપાસક તે દ્વારા આત્મોપલબ્ધિ કરી શકે છે. એ પ્રણવોપાસનામાં પણ નાદબ્રહ્મની જ ઉપાસના છે. ચિત્તની ચંચળતાને બધી રીતે સંકેલી લઈને એ નાદમાં જ કેન્દ્રિત કરવાનો અભ્યાસ કરતાં કરતાં, તેમાં જ તલ્લીન બની જતો સાધક આત્મતત્ત્વનો અનુભવ કરી શકે છે. શંખ માટે તો એવું કહેવાય છે કે, વણવીંધ્યા એ શંખને જો કાન આગળ ધરીએ તો તેમાંથી ૐકારને મળતો જ એક પ્રકારનો એકધારો ધ્વનિ થયા કરે છે અને તે સાંભળી પણ શકાય છે. અને તેથી અહીં શ્રી અવધૂતે

"શંખ રટે ઓંકાર"

એમ કહીને શંખનાદને પ્રણવનાદ તરીકે ઓળખાવ્યો છે. અને પરમાત્મ પ્રાપ્તિના સાધન તરીકે ઉપનિષદુક્ત "सोऽहम्"ના અનુસંધાનપૂર્વક પ્રણવોપાસનાનું સૂચન કર્યું છે.

તાત્પર્ય એ છે કે "सोऽहम्"ના લક્ષ્યાર્થમાં ચિત્તવૃત્તિ પરોવી પ્રણવનું રટણ કરવાથી હૃદયનો વિકાસ થાય છે. અજ્ઞાનનો નાશ થતાં જ્ઞાનપ્રાપ્તિ થાય છે. જ્ઞાનપ્રાપ્તિને અંતે આત્મસાક્ષાત્કારનો અનુભવ થતાં સાધક જન્મમરણના ફેરામાંથી મુક્ત થાય છે. આમ શ્રી દત્ત ભગવાનના આયુધોનો ગૂઢ સંકેત વર્ણવી, કોઈપણ દેવની મૂર્તિનાં આયુધો તરફ માત્ર સ્થૂળ દૃષ્ટિએ ન જોતાં તેના સાંકેતિક લક્ષનો પણ વિચાર કરી, તેને જીવનમાં પચાવવો જોઈએ એવું શ્રી અવધૂત સૂચવે છે. અહીં શ્રી અવધૂતે દત્તમૂર્તિમાં આ ષડ્ આયુધોનો જ સૂક્ષ્મ અર્થ મૂક્યો છે. શ્રી દત્તની વિધવિધ અન્ય મૂર્તિઓ અને તન્નિષ્ઠ આયુધો વગેરેનો યથાર્થ ખ્યાલ, આધિભૌતિક, આધિદૈવિક ને આધ્યાત્મિક રહસ્યની કલ્પના શ્રી અવધૂતના "દત્ત ઉપાસના : એક ઊડતું પ્રવચન," એ પુસ્તિકા ઉપરથી કંઈક અંશે આવશે અને વાચકને વિચારની દિશા મળશે. અસ્તુ.

આગળ જતાં શ્રી અવધૂત કહે છે :

"જ્ઞાનનદી નિત સ્નાન હૈ, કૌપીન સંયમ સાર;
કિસ જીહ્વા ગુન ગા સકું ? બેદ નેતિ પુકાર."

જે નિરાકાર છે તેને સ્નાન કરવું શેં સંભવે ? જે આકારવાન હોય તેના બાહ્ય ક્લેવરની સ્નાન દ્વારા શુદ્ધિ સંભવિત છે. શ્રી દત્ત ભગવાન પરમતત્ત્વ સ્વરૂપે નિરાકાર, નિર્વિકાર, શુદ્ધ, બુદ્ધ, નિત્ય, મુક્ત છે. એને માનવોચિત સ્નાન કરવાનું રહેતું નથી. અને તેથી જ શ્રી અવધૂતે લૌકિક સ્નાનને બદલે જ્ઞાનનદીમાં નિત સ્નાન કરે છે એમ કહ્યું છે. જ્ઞાન પણ



કાંઈ સરિતાના પ્રવાહ જેવું પ્રવાહી નથી. જ્ઞાનસરિતા એ તો માત્ર ઉપમા છે. જેમ સરિતાનાં નિર્મળ જળમાં સ્નાન કરવાથી શરીરનો બાહ્ય મળ શુદ્ધ થાય છે અને તેથી શરીર નિર્મળ બને છે, તેમ જ્ઞાનરૂપી સરિતામાં અવગાહન કરવાથી અંતરની મલિનતાનો ક્ષય થતાં અંતર નિર્મળ બને છે. જ્ઞાનથી જ્યારે એ રીતે ચિત્ત શુદ્ધ થાય છે ત્યારે એવા નિર્મળ ચિત્તમાં નિરાવરણ પરમતત્ત્વનાં દર્શન થાય છે. શ્રી દત્ત ભગવાન તો પરમજ્ઞાન સ્વરૂપ જ છે. તેને જ્ઞાનનદીમાં સ્નાન શાં કરવાં ? પણ માનવસ્વરૂપ ધારીને માનવોચિત કાર્ય કરવું પડે તે રીતે અહીં લૌકિક સ્નાનને બદલે જ્ઞાનનદીમાં દત્ત ભગવાન નિત સ્નાન કરે છે એમ કહે છે. તાત્પર્ય એ છે કે, જ્ઞાનસ્વરૂપ શ્રી દત્ત ભગવાન સદાસર્વદા જ્ઞાનમય વાતાવરણમાં જ રહે છે. અને તે વાતાવરણને જ અહીં જ્ઞાનસરિતા કહી છે એમ કહીએ તો ખોટું નથી.

એ જ વાતને જરા આગળ લંબાવીએ અને વિચાર કરીએ. સિદ્ધનાં લક્ષણો તે જ સાધકની આત્મસાધનાનાં સાધન છે. ભગવાનના સહજ ગુણો તેજ ભક્તના પ્રયત્નસાધ્ય સદ્‌ગુણો છે. પરમપુરુષાર્થ કરી તે જીવનમાં ઉતારવા એ જ સાધના છે. અહીં જ્ઞાનનદીમાં નિત્ય સ્નાન વર્ણવી નિરંતર બ્રહ્માનંદમાં મગ્ન રહેવાનું સૂચવ્યું છે અને તેને માટે કૌપીનથી સૂચિત સંયમ કે યમનિયમોનું કડક આચરણ એ ટૂંકમાં સાધન બતાવ્યું છે. આપણે શ્રી દત્ત ભગવાનનું કૌપીન શું સૂચવે છે તે જરા વિસ્તારથી જોઈએ.

શ્રી અવધૂતે કહ્યું :

"કૌપીન સંયમ સાર."

સ્થૂળ કૌપીન એ સેન્દ્રિય મનોનિગ્રહનું એટલે જ સંયમનું દ્યોતક છે. ઇન્દ્રિયનિગ્રહ અને મનોનિગ્રહ એ પરસ્પરાવલંબી છે. એકના નિગ્રહ વગર બીજાનો નિગ્રહ અશક્યપ્રાય છે; અને તેથી જ જ્યાં જ્યાં "શમ" (મનોનિગ્રહ)ની વાત આવે છે ત્યાં ત્યાં "દમ" (ઇન્દ્રયનિગ્રહ)ને પણ વર્ણવ્યો છે. અને જ્યાં જ્યાં "દમ"નું સૂચન છે ત્યાં ત્યાં "શમ"નો ઉલ્લેખ પણ હોય જ છે. જીવાત્મા શરીરરૂપી રથમાં બેઠેલો રથી છે. ઇન્દ્રિયો ઘોડાઓ છે. મન એમને આડે રસ્તે જતાં અટકાવવાની લગામ જેવું છે. બુદ્ધિ એ સારથિ છે અને મનરૂપી લગામને પોતાના હાથમાં રાખી ધારેલે સ્થળે-સ્વસ્વરૂપ વિષે લઈ જાય છે. વિષયો એ અશ્વોને ફરવાનાં છૂટાં ગોચરો છે. તેમાંથી તેમને પરાવૃત્ત કરી ઈશ્વરાભિમુખ માર્ગે લઈ જવા માટે કુશળ સારથિની જરૂર છે. તેના વગર ઘોડાઓ સરળ રીતે ગંતવ્યસ્થાન વિષે જીવાત્માને લઈ જતા નથી. ઘોડાઓ તોફાને ચઢેલા હોય, લગામ તૂટેલી હોય, સારથિ બુધ્ધુ હોય, તો રથ અધવચ ભાંગી જવાનો અને રથી ખાડામાં પડી અતોભ્રષ્ટતતોભ્રષ્ટ થવાનો સંભવ છે... વગેરે રૂપકથી ઉપનિષદોમાં આ જ શમદમાન્વિત સંયમીજીવનનું ચિત્ર દોર્યું છે. એ જ ઉભયવિધ સંયમનો શ્રી અવધૂતે



"કૌપીન સંયમ સાર"

કહી ટૂંકમાં ઉલ્લેખ કર્યો છે.

શ્રી દત્ત ભગવાન સંયમની જીવંત મૂર્તિ છે. અને તેથી જ એની કૃપા મેળવી તત્સ્વરૂપ થવાને કૌપીનસૂચિત સંયમ સાધકને માટે સાધનરૂપ છે. આથી વધુ વિસ્તાર અહીં અસ્થાને છે. અસ્તુ.

આવા સર્વ સર્જનના અધિષ્ઠાનરૂપ ભગવાનનું એના અનંત રૂપ, અનંત ગુણ અને અનંત લીલાનું વર્ણન શી રીતે કરવું ? માટે જ શ્રી અવધૂતે કહ્યું :

"વેદ નેતિ પુકાર."

જ્યાં હજારો જીહ્વાવાળા શેષાદિ અને બુદ્ધિના અવતાર સમા બૃહસ્પતિ, સરસ્વતી આદિ થાકી ગયાં ત્યાં મારા જેવા એકજીહ્વ અલ્પમતિનું શું ગજું ? વાણીની ત્યાં પહોંચ નથી. શબ્દનો ત્યાં પ્રવેશ નથી. બુદ્ધિની પકડ ત્યાં ઢીલી છે. અરે ! પ્રભુના નિશ્વાસસમા અનંત વેદ પણ જેને વર્ણવતાં

નેતિ નેતિ

કરી પોતાની લાચારી જાહેર કરે છે ત્યાં એ પરમતત્ત્વનું યથાર્થ વર્ણન કોણ કઈ રીતે કરી શકે ? છતાં એના ગુણગાનનો લોભ મુકાતો નથી.

જેમ પાણી એ મત્સ્યનું જીવન છે તેમ પ્રભુનાં ગુણગાન એ સદ્‌ભક્તનું જીવન છે. એના વગર એ તરફડી ઊઠે છે. તેથી જ શ્રી અવધૂત આગળ ચાલતાં કહે છે :

"સબ દેવનકા દેવ યહ, સબ બેદનકા બેદ;"
"ભૂપનકી તો કયા કથા ? શ્વાસ નિસારે અનેક."

બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, શક્તિ, શારદા, સૂર્ય, ગણેશ, ઇન્દ્ર, ચંદ્ર, વરુણાદિ સર્વ દેવદેવીઓ એ પરમતત્ત્વસ્વરૂપ શ્રીદત્તનો જ પ્રકાશ છે. અથવા બીજી રીતે કહીએ તો બધાં દેવદેવીઓ એ અરૂપીનાં જ ભક્તેચ્છાનુરૂપ ધારણ કરેલાં વિવિધ સ્વરૂપો છે. તેથી જ એને **"સબ દેવનકા દેવ"** કહી શ્રી અવધૂતે અહીં ટૂંકમાં વર્ણવ્યા છે.

જ્ઞાનસ્વરૂપ હોવાથી સર્વ વેદોનો વેદ-જ્ઞાનનું મૂળ ઝરણું એ જ પરમતત્ત્વ છે. તેથી જ શાસ્ત્રોમાં એ વેદોને પરમતત્ત્વના નિશ્વાસરૂપ વર્ણવ્યા છે. અને અહીં દત્તાવતારમાં તો એમને શ્વાનવત્ પ્રભુપદની ચોકી કરતા ચીતર્યા છે. એવો જેનો અનંત, અચિંત્ય આત્મવૈભવ છે તેની આગળ રાજા - મહારાજાઓનો હિસાબ જ શો ? એના શ્વાસમાત્રથી, એના કૃપાકટાક્ષથી એવી અનેક બાદશાહતો ઊભી થાય છે અને લય પામે છે.

એ સર્વપ્રકાશક પરમદેવ આગળ રાજાઓ, દેવો, વેદો, અરે ! સમગ્ર સર્જન કેવળ તરણાને તોલે જ છે. એવા એ અનંતને સાન્ત માનવી એની નિઃસત્ત્વ વાણીથી શી રીતે વર્ણવી શકે ? માટે જ છેવટે વિનય અને

નિરહંકાર ભાવે શ્રી અવધૂત કહે છે કે :

"બાર બાર પ્રણતિ કરું, ગાઉં મુખસે ગાન;"
"નાચું હો નિર્લાજ મૈં, મસ્ત ફકીર પુરાણ."



હે ભગવન્ ! તારો-જૂનો ચિરપરિચિત નાચીજ બંદો એવો હું તારું વર્ણન શે મુખે કરું ? તારો અનન્તનો પાર હું સાન્ત પામર શી રીતે પામું ? માટે વાક્‌ચાતુર્યનો બધો અહંકાર બાજુએ મૂકી હું અનન્ય ભાવે કેવળ તારા ચરણમાં ઢળી પડું છું. નિર્મનસ્ક થઈ વારંવાર તને નમન કરું છું. અને કેવળ તારું નામ ગાતો એના આનંદમાં મસ્ત બની કોઈ નચિંત ફકીરની માફક લોકલાજ બાજુએ મૂકી નાચી ઊઠું છું.

ભગવાનનું વિશ્વરૂપ જોઈ આભા બનેલા અર્જુનની માફક

नमो नमस्तेऽस्तु सहस्त्रकृत्वः
पुनश्च भूयोऽपिनमो नमस्ते ।
नमः पुरस्तादथ पृष्ठतस्ते
नमोऽस्तुते सर्वत एव सर्व ॥

"હજારો વાર તને નમન હો ! ફરી ફરીથી તારા ચરણમાં પ્રણિપાત હો ! આગળથી તને નમસ્કાર હો ! પાછળથી તને પ્રણામ હો ! હે સર્વસ્વરૂપ દેવાધિદેવ, સર્વ બાજુએથી તારા ચરણમાં દંડવત્ હો !" આમ મૂકભાવે ગદ્‌ગદિત અંતઃકરણે દત્તના ચરણમાં પ્રણામ કરી શ્રી અવધૂત અષ્ટક પૂરું કરે છે.

અંતે એનું મહત્ત્વ સમજાવતાં કહે છે કે :

'દત્તાષ્ટક જો યહ પઢે, રંગ દત્ત નિર્ધાર;"
"પામર વિષયી કોઉ હો, સાધુ સાધુ ત્રિવાર."

"આ દત્તાષ્ટકનું જે કોઈ પઠન કરે છે, તેનું રહસ્ય સમજી આચરણમાં ઉતારે છે તે પામર, વિષયી ફાવે તેવા હોય તો પણ સાધુ જ છે. એક વાર નહીં પણ ત્રણવાર કહું છું કે સાધુ જ છે. સદાચારસંપન્ન એ દત્તસ્વરૂપ બની જાય છે એમ નિશ્ચયપૂર્વક જાણી સમજી લો."

કેટલા સાનુભવ વિશ્વાસપૂર્વક શ્રી અવધૂતે આ પંક્તિ ઉચ્ચારી છે ? બધી બાજુએથી હતાશ અને નષ્ટભ્રષ્ટ સાધકને પણ એ કેટલું આશ્વાસન આપે છે ? શ્રી ભગવાને પણ એ જ વાત કહી છે :

"अपिचेत्सुदुराचारो भजते मामनन्यभाक् ।
साधुरेव स मन्तव्यः सम्यग् व्यवसितोहिसः ॥"

"અત્યંત દૂરાચારી પણ જો એકનિષ્ઠ ભાવે ભગવાનને શરણે જાય છે તો સાધુ જ માનવો જાઈએ. કેમકે એનો એ નિશ્ચય સારે રસ્તો વળેલો છે. અને સંત શિરોમણિ તુકારામ કહે છે તેમ

निश्चयाचें बळ । तुका म्हणे तें चि फळ ॥

"નિશ્ચયનો પ્રભાવ જ એવો છે કે ફળ દૂર રહી શકતું નથી." અસ્તુ.

(૭)

(રાગ - મિશ્રમાડ, તાલ-કહેરવા)

કહે દિવાના મુજકો, દુનિયા, કહે દિવાના મુજકો. ટેક.

મૈં દિવાના તું દિવાના, સબ જગ દિવાના;
કો દિવાના નાહીં જગમેં ? કહે દિવાના મુજકો.-દુનિયા. (૧)

નામદિવાના દામદિવાના, ચામદિવાના કોઉ;
ધન ધન સો જો રામદિવાના, મૈં દિવાના સોઉ.-દુનિયા. (૨)

ખલ્કદિવાના ખલ્ક ન પાયો, જુગ જુગ ભટકાયો;
રામદિવાના રામ સમાયો, રામરંગ રૂલાયો !-દુનિયા. (૩)

નામ ન ભાયો દામ ન ભાયો, ચામ ન ભાયો મુજકો;
રોમ રોમ અવધૂત દિગંબર, એહિ ધૂન જગાયો !-દુનિયા. (૪)

ગુરુગમ મારગ, પોથાંથોથાં કોઉ કામ ન આયો;
રંગ કૃપા મુરશીદ-દિવાના, સ્વાદ અનુપમ પાયો !-દુનિયા. (૫)



ભા.- ૧

❋

કોણ દિવાનો ? પ્રશ્ન અટપટો છે. દુનિયાની નજરે અવધૂત-દુનિયાની રહેણીકરણી કરતાં વિપરીત અવસ્થામાં આનંદ માણતો અવધૂત-દિવાનો છે. અવધૂતની નજરે જે પ્રાપ્ત કરીને અન્ય પ્રાપ્ત કરવાનું રહેતું નથી, તે પ્રાપ્ત કરીને કેવળ યંત્રવત્ વિચરતા અવધૂતની નજરે દુનિયા દિવાની છે. ઉભયપક્ષે દૃષ્ટિબિંદુ ભિન્ન હોવાથી ઉભય પક્ષનું કથન પ્રથમ દર્શને તો સાચું જણાય, પણ તાત્ત્વિક દૃષ્ટિએ જોઈએ. કામ, દામ અને ચામદૃષ્ટિ ક્ષણભર દૂર કરીને, તેની નશ્વરતાનો મર્મ સમજીને જોઈએ તો અવધૂત સાચો છે, ડાહ્યો-છે, અને દુનિયા ખરેખર દિવાની છે. પ્રભુપ્રીત્યર્થે સર્વસ્વનું સમર્પણ કરનાર જ સાચું જીવન જીવી જાણે છે. જગતપ્રીત્યર્થે જીવન વેડફી દેનાર જન્મમરણના ફેરા ખાળી શકતો નથી, જ્યારે પ્રભુના નામ પર જીવન ન્યોછાવર કરનાર પ્રભુનો લાડીલો થાય છે. અંતે જગતનો પણ તે લાડકવાયો બને છે. જગત તેને પ્રભુપેરે પૂજે છે અને તેથી જ એવા પાગલ જગતમાં પૂજાતા આવ્યા છે, પૂજાય છે, અને પૂજાશે.

માનવ જન્મનું પરમ ધ્યેય પરમાત્માની પ્રાપ્તિ કરવી એ છે. એ પ્રાપ્તિને માર્ગે જનારે જાગતિક પ્રપંચને તિલાંજલિ આપવી ઘટે. જાગતિક પ્રપંચમાંથી આસક્તિ નિઃશેષ ટાળવી ઘટે. એ અંતરાયો જ્યાં સુધી રહે ત્યાં સુધી, એ નશ્વર સંસારમાં રચ્યોપચ્યો રહેલો માનવી ખરેખર દિવાનો જ છે. કોઈ કવિએ કહ્યું છે :



"દુનિયાને ઊંધા ચશ્મા ડાહ્યા દિવાના લાગે."

જેણે પરમાત્મપ્રાપ્તિને પંથે પગલાં માંડ્યાં છે, જેણે એ માર્ગ પ્રગતિ કરી છે, જેણે એ તત્ત્વની પ્રાપ્તિ કરી છે, તે જ ખરેખર જીવનનું પરમધન પામ્યો છે, અને તેથી જ તે ડાહ્યો છે. કાચના કટકા જેવા જગતને પારસમણિ લેખનાર ખરેખર દિવાનો છે. ખીર તરછોડીને થૂલી ફાકનાર ખરેખર મૂર્ખ છે. રૂપિયા આના પાઈ કમાઈને વૈભવવિલાસમાં જીવન વિતાવતો અર્થ અને કામનો ગુલામ ખરેખર માયાનો દાસ છે. એ ઠીકરાં અને ઇંટ-માટીની મહેલાતોમાં જ રાચતો માનવી અંતે હાથ પસારી પોશપોશ આંસુ સારી વલોપાત કરે છે. છતાંય ખાલી હાથે જ જાય છે. જ્યારે અકિંચન, અનિકેત પણ પ્રભુપરાયણ હસતે મુખે જીવનનું પરમધન પ્રાપ્ત કરી શાશ્વત સુખ અને શાંતિ પામે છે. ખરો ડાહ્યો તો એ જ છે. પણ અર્થ અને કામલાલસાથી ભરેલું જગત એને દિવાનો કહે છે.

કેવળ માયાજનિત મોહવશ મનુષ્યો જાગતિક પ્રપંચ પાછળ પડ્યા છે. ધનવૈભવ પ્રાપ્ત કરવામાં જ જીવન વ્યતીત કરે છે અને જીવનની સાર્થકતા માને છે. ખરો પરમાર્થ જાણતા નથી, જાણવાની પરવા પણ કરતા નથી અને જીવનભર એ માયાની જાળમાં જકડાયેલા જ રહે છે. ખરેખરા દિવાના તો તે છે. ઉભયવર્ગનું-પારમાર્થિક જીવન ગાળતા અને પ્રાપંચિક જીવન ગાળતા-દૃષ્ટિબિન્દુ ભિન્ન હોવાથી પરસ્પર દિવાના કહે છે. સાધકે વિવેકબુદ્ધિનો ઉપયોગ કરી એમાં કોણ ડાહ્યું અને કોણ ગાંડું છે તે શોધી કાઢવાનું છે.

શ્રી અવધૂત કહે છે : "દુનિયા મને દિવાનો કહે છે" પણ -

"મેં દિવાના, તું દિવાના, સબ જગ દિવાના;
કો દિવાના નાહીં જગમેં ? કહે દિવાના મુજકો ?"

"હું દિવાનો છું. કબૂલ છે. પણ મને દિવાનો કહેનાર પણ દિવાનો જ છે. સમસ્ત જગત પણ દિવાનું છે અને એ દિવાની દુનિયામાં કોણ દિવાનું નથી ?"

દિવાનાઓના આશ્રમો જોયા છે ? ત્યાં બધા જ દિવાના હોય છે. પણ એ બધાયના ગાંડપણનાં કારણો અને તદનુરૂપ પ્રકાર ભિન્નભિન્ન છે. આ જગત પણ દિવાનાંના એક વિશાળ સંગ્રહસ્થાન જેવું છે. તેમાં બધા જ દિવાના છે. પણ તેમનાં ગાંડપણનાં કારણો ભિન્નભિન્ન છે. એક જ કોટિનાં મનુષ્યો જ્યાં ભેળાં મળ્યા હોય ત્યાં કોણ કોની તુલના કરે ? પણ તે કોટિના મનુષ્યોથી જે જુદો પડતો હોય તેને તેઓ દિવાનો જ કહે. તે દૃષ્ટિએ શ્રી અવધૂત દુનિયાના માનવીઓથી જુદી ભાત પાડતા હોવાથી શ્રી અવધૂતને સમજ્યા વિના દુનિયા તેને દિવાના તરીકે સંબોધે એ દુનિયાની દૃષ્ટિએ વાસ્તવિક છે. કેવળ દૃષ્ટિભેદ છે. કમળાવાળાની દૃષ્ટિએ જગત પીળું જણાય તેમ પાર્થિવ દૃષ્ટિવાળાઓને પારમાર્થિક પંથે

જતો માનવી પાગલ જણાય. એ દૃષ્ટિનો ભેદ ટળી જાય તો દુનિયાને અવધૂત ડાહ્યો જણાય. એ દિવાનાઓની જમાતમાં પણ ભાતભાતના દિવાના છે. જગત જ્યારે અવધૂતને દિવાનો લેખે છે ત્યારે અવધૂત જગતને દિવાનું લેખે છે. નામ, રૂપ અને આકાર પાછળ જીવન વેડફી દેનાર દિવાનો છે કે નામ, રૂપ અને આકાર વિહોણા છતાંય સર્વવ્યાપી અને એ નામ, રૂપ અને આકારમાં અસંગ ભાવે રહેલા પરમાત્મા પાછળ પાગલ બનેલા દિવાના છે, તેની તુલના કરવા માટે શ્રી અવધૂત જાગતિક દિવાનાઓનું વર્ગીકરણ કરી આગળ ચાલતાં કહે છે :



ભા.- ૧

"નામદિવાના દામદિવાના ચામદિવાના કોઉ;
ધન ધન સો જો રામદિવાના, મૈં દિવાના સોઉ."

સંસારમાં ચાર પ્રકારના દિવાનાઓ નજરે ચઢે છે. નામદિવાના કોઈ કીર્તિની પાછળ ઘેલા બન્યા હોય છે. દામદિવાના કોઈ ધનની પાછળ ભાન ભૂલ્યા હોય છે. ચામદિવાના કોઈ રૂપની પાછળ પોતાનું સાનભાન ભૂલી જાય છે. રામદિવાના કોઈ પરમાત્માના ધ્યાનમાં મસ્ત બની શરીરનું ભાન ભૂલી જાય છે. તેને નામ, દામ અને ચામનો ખ્યાલ સરખો પણ આવતો નથી. બધા જ પાગલ છે પણ સર્વશ્રેષ્ઠ પાગલ તો રામદિવાનો છે. શ્રી અવધૂત કહે છે, "હું એવો રામ દિવાનો છું."

દુનિયામાં બે નિષ્ઠા : "રામનિષ્ઠા" અને "કામનિષ્ઠા". રામ દિવાનો તે દૈવી નિષ્ઠાવાન. કામદિવાનો તે આસુરી નિષ્ઠાવાન. દૈવી નિષ્ઠા મનુષ્યને પ્રભુપરાયણ બનાવે અને મોક્ષભાગી બનાવે. આસુરી નિષ્ઠા મનુષ્યને ભગવત્‌વિમુખ બનાવી બંધનની દૃઢ શૃંખલાઓમાં જકડી રાખી અંતે અધોગતિના ઊંડા ખાડામાં તેને નાંખે છે. કોઈ કાળે પણ તે તેમાંથી ઊંચું ડોકું કરી શકતો નથી. પરમાત્માનો પ્રકાશ જોવાને ભાગ્યશાળી થતો નથી. દૈવી નિષ્ઠામાં કામનાનો અભાવ છે. આસુરી નિષ્ઠામાં પરમતત્ત્વ પ્રત્યેની પ્રવૃત્તિનો જ અભાવ છે, એટલું જ નહીં પણ કામનાથી પૂર્ણ છે. અને તેથી જ અહીં શ્રી અવધૂતે દિવાનાના બે વિભાગ કર્યા છે : કામદિવાના અને રામદિવાના. કામદિવાનાનો એક વર્ગ છે જેમાં નામદિવાના, ચામદિવાના અને દામદિવાના છે. અને બીજો વર્ગ રામદિવાનાનો.

નામદિવાનો એટલે લોકૈષણા પાછળ ગાંડા બનેલાનો વર્ગ. દામ દિવાનાનો એક વર્ગ છે જેમાં વિતૈષણાવાળાઓની જમાત છે. અને ચામદિવાનાઓની એક ટોળી છે જેમાં સ્ત્રી, પુત્ર આદિની એષણાવાળાઓ છે. બીજા વર્ગમાં કેવળ રામદિવાના-પરમાત્મા પાછળ જીવનસર્વસ્વનું અર્પણ કરનાર છે.

આમ તો દુનિયા ગાંડાની જમાત જ છે. જેમ એક ગાંડો બીજાને ગાંડો લેખે છે અને પોતે ડાહ્યો છે એમ માને છે તેમ, અહીં પણ રામદિવાનો

કામદિવાનાને ગાંડો માને છે. જ્યારે કામ દિવાનો રામ દિવાનાને ગાંડો ગણે છે. તેથી એ ઉભય વર્ગમાં ડાહ્યું કોણ એ સમસ્યા ઉકેલવાનું શ્રી અવધૂત આપણને કહે છે.



હવે આપણે કામ દિવાનાનો થોડો વિચાર કરીએ. કામ, ક્રોધ અને લોભ એ નર્કનાં ત્રણ દ્વાર છે. તેમનો સમૂળ ત્યાગ કરવાનો શ્રી ભગવાને આદેશ આપ્યો છે. એ ત્રણે દ્વારોમાં મુખ્ય દ્વાર છે કામ. ક્રોધ અને લોભ એ કામને અનુસરનારા છે. કામના અભાવે ક્રોધ પણ નથી અને લોભ પણ નથી. કામમાં નિષ્ફળતા ક્રોધને આમંત્રણ આપે છે. કામની સફળતા લોભને આમંત્રણ આપે છે. મુખ્ય દ્વારમાંથી પ્રવેશ કરીને જેમ બીજાં દ્વારો ઓળંગવાં પડે છે તેમ, અહીં પણ કામનું મુખ્ય દ્વાર વટાવીને જ આપણે ક્રોધ કે લોભના દ્વારને વટાવી શકીએ. કામનાની પૂર્તિ લોભને વધારે છે. કામનાની અપૂર્તિ ક્રોધને વધારે છે. અને તેથી એ ત્રણે ત્યાજ્ય છે. કામનાનો જ ત્યાગ થાય તો લોભ કે ક્રોધનો ત્યાગ સ્વયં થાય છે. એ ઉભય વિકારો આપોઆપ સમાઈ જાય છે.

વિતૈષણા, લોકૈષણા અને દારૈષણા એ ત્રણે કામનાના જ પરિવાર છે. કામના રજોગુણજનિત છે. લોભ અને ક્રોધ તમોગુણજનિત છે. એ ત્રણે મોહનાં પરિણામ છે. જ્યાં સુધી અંતઃકરણ ઉપર રજોગુણ અને તમોગુણનો પ્રભાવ પડે છે ત્યાં સુધી સત્ત્વગુણ દબાયલો રહે છે અને પોતાનો પ્રભાવ અંતઃકરણ ઉપર પાડી શકતો નથી. જ્યાં સુધી રજોગુણ અને તમોગુણનું અંતઃકરણ ઉપર વર્ચસ્વ છે ત્યાં સુધી કામનાજનિત એષણાઓને રોકટોક કરનાર કોઈ નથી. અને તેથી એ નિત નવપલ્લવિત બની જ રહે છે. રોજરોજ વધતી જતી અને બળવાન બનતી જતી એ કામનાઓનો અંત આવતો જ નથી. એ એષણાઓ જ્યાં સુધી નિઃશેષ થતી નથી ત્યાં સુધી મનુષ્ય આત્મદર્શન માટે જિજ્ઞાસુ બનતો નથી. જિજ્ઞાસાના અભાવે આત્મદર્શન સંભવિત નથી. આત્મદર્શન વિના મુક્તિ નથી. મુક્તિ વિના ભવબંધન છૂટતાં નથી. તેથી કામને માનવજાતનો મહાન શત્રુ લેખ્યો છે.

હું એક પ્રશ્ન પૂછું છું. તમે કોઈ દિવસ "कोऽहम्" – "હું કોણ છું" એવો પ્રશ્ન તમારી જાતને પુછ્યો છે ? એ જાણવાની જિજ્ઞાસા કરી છે ? જવાબ નકારમાં જ આવશે. જ્યાં સુધી તમે જાગતિક પ્રપંચ પાછળ જ પડ્યા છો, જ્યાં સુધી તેને જ તમારું સર્વસ્વ માન્યું છે, ત્યાં સુધી તમારી જાતને ઓળખવાનું તમને મન થતું જ નથી. એ જ તમારી પરીક્ષા છે. તમારા અંતઃકરણ ઉપર રજસ્ અને તમસ્નું વર્ચસ્વ છે એ વાત સિદ્ધ કરવાને એ પૂરતું છે. જ્યારે "कोऽहम्"ની જિજ્ઞાસા જાગે ત્યારે એ બન્ને ગુણોની પકડમાંથી તમારું અંતઃકરણ અંશતઃ મુક્ત થયું છે એમ કહી શકાય. "कोऽहम्" એ જ વિચારને તમે દિનપ્રતિદિન પુષ્ટ કરતા જશો તો તમને "सोऽहम्" એવું ભાન કોક દિ થશે. અને ત્યારે સત્ત્વગુણના

પ્રભાવે તમારા અંતઃકરણ ઉપર વર્ચસ્વ પ્રાપ્ત કર્યું છે એમ માની શકાય. તમે કોઈ દિવસ આત્મનિરીક્ષણ કર્યું છે ? જવાબ નકારમાં જ મળશે. તમે તમારું સર્વસ્વ પરમાત્માને ચરણે ધર્યું છે ? પરમાત્મદર્શન માટે તાલાવેલી અનુભવી છે ? જવાબ નકારમાં જ આવશે. અને ત્યારે તમે ડાહ્યા છો એમ શા સારુ કહો છો ? જ્યાં સુધી તમે પુરુષને છોડી પડછાયા પાછળ પડ્યા છો ત્યાં સુધી તમે ડાહ્યા છો એમ કહેવરાવવું એ જ તમારું ગાંડપણ છે. તમે જ ખરેખરા ગાંડા છો. કાચની ચમકને દેખી હીરો પડતો મૂકનાર ડાહ્યો કે ગાંડો ? જવાબ તમે જ આપો.



કામનાજનિત ત્રણ એષણા પૈકી પ્રથમ કઈ એષણા જાગૃત થાય છે એ કહેવું સહેલું નથી. પણ એ ત્રણે એષણાઓ પ્રત્યેક મનુષ્યને જળો પ્રમાણે વળગેલી જ છે. તે તેનું પ્રતિક્ષણે રક્ત શોષણ કરે જ છે. વિતૈષણા પ્રથમ જાગૃત થાય છે એમ કહીએ તો ખોટું નથી. વિત્તની પ્રાપ્તિ પછી દારૈષણા અને એ ઉભયની પ્રાપ્તિ પછી લોકૈષણા જાગૃત થાય છે એમ કહેવું સયુક્તિક છે. માણસ પૈસેટકે સુખી હોય, પુત્રપરિવારથી સુખી હોય તો તેને કીર્તિ કમાવાની ઇચ્છા થાય એ સ્વાભાવિક છે. ભિખારી બિચારો કીર્તિની શી કામના કરે ? માંડમાંડ પોતાના પરિવારનું પોષણ કરનાર બિચારો કીર્તિ કેમ મેળવી શકે ? લક્ષ્મી લહેરાતી હોય ત્યારે જ કીર્તિ કમાવાનું મન થાય.

શ્રી ભગવાને થોડા પણ સચોટ સુંદર શબ્દોમાં એવા લોકૈષણાલોલુપ આસુરીભાવભર્યા મૂઢાત્માઓનું વર્ણન કર્યું છે. ધનનો ઘમંડ હોય, પ્રજાપરિવારવેષ્ઠિત હોય, સાંજને છેડે ચાર માણસો હા જી હા કરનારા પણ હોય ત્યારે અભિમાનની માત્રા પણ વધે અને પછી, જેમ મદિરાના ઘેનમાં મસ્ત બનેલો માનવી યદ્વાતદ્વા બકવાનું શરૂ કરે તેમ એ પણ કહેશે : ''હું કોણ ? મારા જેવો કોણ ? મારે શું નથી ? હું ધનવાન છું, બળવાન છું, કીર્તિવાન છું''. અને એવા અભિમાનભર્યા શબ્દો પણ એના મુખમાંથી સરી પડે. અને ત્યારે એ પરમાત્માની પણ અવગણના કરે. પોતે જ પરમાત્મા છે એમ પણ કહે. એવો મૂઢાત્મા શું ન કરે એ જ વિચારવા જેવું છે. અને તેથી અહીં શ્રી અવધૂતે કહ્યું :

નામદિવાના દામદિવાના ચામદિવાના કોઉ.

પણ હું ? હું તો રામ દિવાનો છું. અને એ રામદિવાનો કેવો ?

ધન ધન સો જો રામદિવાના.

અહીં તો માત્ર કામનાઓ અને તેની પાછળની ઘેલછાઓનો ઉલ્લેખ કરવો જ પૂરતો છે. એ વિષયની ચર્ચા કરતાં તો સ્વતંત્ર ગ્રંથ લખાય. ભજન સમજવા માટે આટલો ઉલ્લેખ બસ છે. નામ, દામ અને ચામદિવાનાઓ વિષયો પાછળ જીવનભર જહેમત ઉઠાવીને શું મેળવે છે ? રામદિવાનો રામની પાછળ સર્વસ્વનું સમર્પણ કરીને વાંસળીના જેવો પોલો બનીને શું

પ્રાપ્ત કરે છે ?

શ્રી અવધૂત એ પ્રશ્નનો ઉત્તર

"ખલ્કદિવાના ખલ્ક ન પાયો, જુગ જુગ ભટકાયો;
રામદિવાના રામ સમાયો, રામરંગ રૂલાયો."

એ પ્રમાણે આપે છે. રામદિવાનાનું જીવન ધન્ય છે. જે રામદિવાનો છે તેનું જ જીવન જીવ્યું સાર્થ છે. કૂતરા-કાગડાઓ પણ પેટ તો ભરે જ છે. અને તેથી જ શ્રી અવધૂતે "મૈ દિવાના સોઉ" કહીને જગતના ભાત ભાતના દિવાનાઓથી પોતાની જાતને અલગ પાડી છે. એનાં કારણોનો હવે આપણે વિચાર કરીએ.

ધર્મ અને મોક્ષ ઈશ્વર આધીન છે. અર્થ અને કામ પ્રારબ્ધ આધીન છે. એ ચારે પુરુષાર્થ પ્રાપ્ત કરવાનું સ્થાન માનવશરીર છે અને જગત ક્ષેત્ર છે. માનવજન્મ એક સાધન છે. દુનિયાની પાછળ ઘેલો બનેલો, કામનાઓની પાછળ કૂતરાને મોતે મરતો માનવી, નથી દુનિયાને જીતી શકતો કે નથી કામના પૂર્ણ કરી શકતો. પુરુષોત્તમ શ્રી રામચંદ્ર જેવાની નિંદા કરનાર પણ જગતમાં જન્મ્યાં છે. તેનામાં પણ દોષ દેખનાર અવધપુરીમાં જીવ્યા છે. એવા એક આદર્શપુરુષના પણ દોષ જગતની દૃષ્ટિએ જણાયા છે, તો પછી બીજાઓની તો વાત જ શી કરવી ? દુનિયાને કોઈ જીતી શક્યું નથી, જીતી શકવાનું નથી. અને તેથી શ્રી અવધૂતે કહ્યું :



કઢંગા ઢંગ બેરંગી, હમારા રાહ ના સીધા!
અવળપંથી અટૂલા રંગ, દેખે કોઈ હક–બંદા ! !

"ખલ્કદિવાના ખલ્ક ન પાયો"

જગતની પાછળ ઘેલો બનેલો માનવી જગતને પ્રાપ્ત કરી શક્યો નથી, કરી શકવાનો નથી. દોષદૃષ્ટિ એ દુનિયાનું લક્ષણ છે. બીજાઓનાં છિદ્ર જોવાં એ દુનિયાનો સ્વભાવ છે. દોષદૃષ્ટિએ ન જુએ તો તે દુનિયા નથી. ગધેડો ભૂંકે અને લાતાલાત કરે એ ગધેડાનો સ્વભાવ છે. તેમ ન કરે તો તેને ગધેડો કોણ કહે ? હું તમારામાં અને તમે મારામાં દોષ જુઓ એ જ જગતનો ધર્મ છે, કારણ કે અસાધુવૃત્તિ વડે જ દુનિયાનો વહેવાર નભે છે. બધાની જ જો સાધુવૃત્તિ થાય તો કલિ બિચારો પોશપોશ આંસુ સારે. શોક અને મોહથી ભરેલા જગતમાં જો પ્રત્યેક મનુષ્ય સાધુવૃત્તિવાન બને તો શોક અને મોહ ક્યાં રહે ? શાને રહે ? જે સુખી છે તેની ઈર્ષા કરનાર, જે દુઃખી છે તેની ઉપેક્ષા-અવગણના કરનાર અને જે સમાન છે તેની સ્પર્ધા કરનાર જગતમાં ક્યાં નથી ? એટલે જ ખરો સુખી પણ કોઈ નથી અને ખરો દુઃખી પણ કોઈ નથી. ખરી રીતે તો જગત જેને સુખી માને છે તે જ ખરો દુઃખી છે. અને જગત જેને દુઃખી માને છે તે જ ખરો સુખી છે. તેથી જ શ્રી અવધૂતે કહ્યું : "જગત દિવાનો જગતને જીતી શક્યો નથી." પણ જે જગત દિવાનો બન્યો એટલે જે કામ, દામ, નામ અને ચામદિવાનો બનીને રામને ભૂલ્યો તેનું શું થયું ? શ્રી અવધૂત કહે છે :

"જુગ જુગ ભટકાયો."

કેમ ભટકાયો ?

કર્મ કરવું એ જ માનવીનો અધિકાર. જન્મીને મૃત્યુ પર્યંત પ્રત્યેક પળે કર્મ કર્યા વિના માનવી જીવી શકતો નથી, અને તેથી કર્મ કરવું એ જ કાયાનો ધર્મ. અસંગભાવે કર્મ કરનાર પરિણામની પરવા કરતો નથી અને તેથી તે નિઃસંગ ભાવે કર્મ કરીને સુખી બને છે. કર્મમાં આસક્ત બનીને પરિણામની આશા સેવતો માનવી કર્મ કરીને દુઃખી થાય છે. કરેલા કર્મનું ફળ તો લલાટે લખેલા વિધિના નિર્માણને આધીન છે. કરેલા કર્મનું ઈપ્સિત ફળ મળશે કે કેમ એ કર્મ કરનારની શક્તિ બહારની વાત છે. અને તેથી જ તેણે પ્રારબ્ધને અધીન બનીને, પ્રારબ્ધ ઉપર અવલંબીને જ કર્મ કરવાનું રહે છે. અહંભાવ ભરેલો મૂઢાત્મા છતાંય કરેલા કર્મનું ફળ આપનારો પોતે જ છે એમ માનીને આશાભર્યો કર્મ કરતો રહે છે. પરિણામ વિપરીત આવે છે, ક્રોધને લાવે છે અને ત્યારે તેના હાથ હેઠા પડે છે. એ રીતે દુનિયાનાં એટલે નાશવંત પદાર્થોની પ્રાપ્તિ પાછળ શરીર ધોઈ નાખતો મનુષ્ય દુનિયાને પોતાની બનાવી શકતો નથી. જન્મમૃત્યુમાંથી પરવારતો નથી. નથી તેને દુનિયા ગણતી, કારણ કે સ્વાર્થપરાયણ રાગદ્વેષથી ભરેલી દુનિયામાં કોઈને કોઈની પડી નથી. "આપ આપકે તાનમે ગદ્ધા બી મસ્તાન" જેવી જગતની દશા છે. પ્રભુના



દરબારમાં તેનો હિસાબ નથી. પ્રભુનું સ્મરણ કર્યું હોય તો તે આશ્વાસન પણ દુઃખની પળોમાં તે મેળવી શકે. પણ કામ આગળ રામને વિસારે મૂકીને જીવનારને આશ્વાસન પણ નથી. એથી વિપરીત રામદિવાનો તો રામને પ્રાપ્ત કરીને તેમાં જ સમાઈ જાય છે. તેને નામ, દામ કે ચામની જરાયે પડી નથી. રામદિવાનો ખલ્કનો બાદશાહ છે અને કામ એનો દાસ છે. રામના રંગે રંગાયલો એ ''રામ'' શબ્દ કહેતાં જ રામમય બની જાય છે. ગદ્‌ગદ્ કંઠ થઈ જાય છે. ભાવાવેશમાં આવી દેહભાન ભૂલી જાય છે. જ્યારે જગતને તે ગાંડો લાગે છે ત્યારે દુનિયાના જે સાચા ડાહ્યા છે તેમાંનો એ એક છે એમ કહેવાય છે. અને તેથી જ શ્રી અવધૂતે કહ્યું :

''ધન ધન સો જો રામ દિવાના.''

એ રામ દિવાનો પણ કેવો ? જેની આંખમાં રામનું ઘેન છે, એ ઘેનથી ઘેરાયેલી અધખીલી કમળકળી સમી અધઉઘડી આંખોમાંથી નીતરતું એ રામનું ઘેન સમસ્ત જગતને રામ પાછળ ઘેલું બનાવે છે. ઘેલું બનાવવાને બળવાન છે. જેનાં રોમેરોમથી રામ નામનો અશ્રાવ્ય નાદ વાયુમંડળને સભર બનાવી દે છે, જેની રગરગમાં વહેતા રક્તમાં રામરસ વહેતો, વહીને અખંડ સ્રોત શો પૃથ્વીને પલાળે છે, જેની આંખો ફરે ત્યાં ત્યાં કેવળ રામને જ ન્યાળે, જેને માયામંડાણમાં પણ માયાપતિની જ ઝાંખી થાય તે સાચો રામદિવાનો. નિર્ગુણરામ, સગુણરામ, જડચેતન છે કેવળ રામ. રામ વિના નવ ખાલી ઠામ. રામમય જગત, જગતમય રામ. એવો રામદિવાનો ખરેખર ધન્ય છે. ધન્ય છે જીવન એનું. રામદિવાનાને રામ સિવાય બીજી કોઈ એષણા નથી. કામ, નામ, દામ, ચામ બધુંય તેને મન તો રામરૂપ જ છે. તેણે તો સર્વસ્વ શ્રી હરિને ચરણે ધરી નિષ્કિંચન ભાવે પ્રભુ આગળ ઊભા રહેવાનું, અને

''પ્રભો ! હું તારો છું, તું મારો થા.''

એટલું જ કહેવાનું. અને ઘટઘટવ્યાપી શ્રી ભગવાનને તો એટલુંય કહેવાની જરૂર નથી. ભાવગમ્ય ભગવાન તો એવા રામદિવાનાને વિસારે એમ નથી. એવા શરણાગતને જ પ્રભુ પોતાનામાં સમાવી દે છે અને તેથી જ એ રામદિવાનો ધન્ય છે. શ્રી અવધૂત કહે છે :

''મૈં દિવાના સોઉ.''

કામ અને રામ સાથે રહી શકતા નથી.

આગળ ચાલતાં શ્રી અવધૂત કહે છે :

''નામ ન ભાયો દામ ન ભાયો, ચામ ન ભાયો મુજકો;
રોમ રોમ અવધૂત દિગંબર, એહિ ધૂન જગાયો.''

જેને રામની રુચિ છે તેને રામ સિવાય બીજું કશું જ રુચતું નથી અને સૂઝતું પણ નથી. શ્રી અવધૂત કહે છે, ''મને લોકૈષણા નથી. એટલું

જ નહીં પણ મને તે ગમી નથી અને ગમતી પણ નથી. મને નથી લક્ષ્મીનો લોભ કે લક્ષ્મી પ્રાપ્ત કરી ધનવાન કહેવરાવવાની એષણા. મને નથી રૂપનો મોહ કે રૂપ પ્રાપ્ત કરીને તેમાં જીવન વેડફી નાખવાની ઇચ્છા. હું ચામદિવાનો નથી. નથી રૂપ પ્રાપ્ત કરીને ઘરબારી કે સંસારી થવાની મને વૃત્તિ.'' શ્રી અવધૂતે આ શબ્દો દ્વારા પોતાનું આંતરિક સ્વરૂપ અહીં ઉઘાડું કર્યું છે. શ્રી અવધૂતમાં એ ત્રણે એષણાઓનો અંશ પણ નથી, એ વાતની પ્રતીતિ કરાવવાને શ્રી અવધૂતનું આચરણ બસ છે. પ્રસંગવશાત્ શ્રી અવધૂતે કહ્યું, ''મને જ્યારે ધન પ્રાપ્ત કરવાની ઇચ્છા થશે, લક્ષ્મીનો લોભ લાગશે ત્યારે આ સાધુનો વેશ ત્યજીને લૂંટારો બનીશ અથવા ધંધો કરીશ. સંસારની વૃત્તિ જાગશે ત્યારે લંગોટીને ફગાવી દઈશ અને સંસારી બનીશ. અંતરમાં એ કામનાઓને રાખીને, બાહ્ય સાધુતાનો સ્વાંગ રાખીને, દંભી બની હું જગતને ઠગીશ નહીં. મારી સાધુતાને હું કદી લજવીશ નહીં.'' સંતો જગતમાં એ જ નિર્દંભ લક્ષણથી પૂજાય છે. એવો પ્રસંગ શ્રી અવધૂતના જીવનકાળમાં આવે એવો સંભવ જ નથી. અને આજે તો એ રામદિવાનો છે તે છે જ. અસ્તુ. શ્રી અવધૂત તો કહે છે :

''રોમ રોમ અવધૂત દિગંબર,
એહિ ધૂન જગાયો.''

જેણે સર્વસ્વ શ્રી હરિને સમર્પણ કર્યું છે, જે કેવળ અકિંચન, અનિકેત અને નિઃસંગ છે તેવાને માટે તો રોમરોમથી વહાલા ભગવાનના નામસ્મરણનો ધ્વનિ જ નીકળતો હોય છે. શ્રીકૃષ્ણના એવા અજપાજાપનું અર્જુન એક આદર્શ દૃષ્ટાંત છે. જ્યારે જગતની નશ્વરતાની પ્રતીતિ થાય છે ત્યારે ખરું આત્મજ્ઞાન જાગ્રત થાય છે. એવા સતત જાગ્રત આત્મજ્ઞાનીને પાર્થિવ પદાર્થોનું લક્ષ પણ નથી રહેતું. અને તેથી તેનું ચિત્ત સદોદિત લક્ષ્યમાં જ અનુલક્ષિત હોય છે. એ જ અખંડધૂન છે. શ્રી અવધૂતે એ જ ભાવ વ્યક્ત કર્યો છે. પણ એ અવસ્થા પ્રાપ્ત કરવા માટેની ચાવી તો ગુરુગમ છે.

શ્રી અવધૂત કહે છે :

''ગુરુગમ મારગ, પોથાંથોથાં કોઉ કામ ના આયો;
''રંગ'' કૃપા મુરશીદ, દિવાના-સ્વાદ અનુપમ પાયો !''

એ ચાવી ગુરુગમ છે. એ મારગ ગુરુ વિના કોઈ ચીંધી શકતું નથી. રોમેરોમ અવધૂત દિગંબરની ધૂન લગાવવાનો માર્ગ તો કેવળ ગુરુકૃપાએ જ મળે છે. શ્રી અવધૂતની જાતઅનુભવની એ વાત છે. એ સ્થિતિ પુસ્તકો વાંચે પ્રાપ્ત થતી નથી. વર્ષો સુધી વેદાંતનું અધ્યયન કરો કે પંડિત બનો, પણ જ્યાં સુધી ગુરુકૃપા ન થાય ત્યાં સુધી એ માર્ગ પ્રાપ્ત થતો નથી. અને તેથી જ ''गुरुकृपा हि केवलम्'' એ શ્રી અવધૂતનો મુદ્રાલેખ છે. એ માર્ગ કેવળ ગુરુ-ભોમિયાને જ ખબર હોય છે. જ્યારે સર્વસ્વાર્પણ

કરીને સાધક અધિકારી બને છે ત્યારે તેને ગુરુને શોધવાની જરૂર રહેતી નથી. ગુરુદેવ પોતે જ પધારે છે. તેનો હાથ પકડી લે છે અને ત્યારે તેની કૃપાનું એક કટાક્ષ સાધકને સિદ્ધ બનાવી દે છે. તેને પોતાના જેવો જ બનાવે છે. એ છે ગુરુગમ મારગ. અને એ છે ગુરુકૃપાની બલિહારી. એવી કૃપા વડે જ શ્રી અવધૂતને એવો, ઉપમા ન આપી શકાય એવો અને અવર્ણનીય સ્વાદ-રામરસનો-સ્વાદ ચાખવાનો મળ્યો. તેથી જ શ્રી અવધૂત રામદિવાના છે અને આપણે બધા જગતડાહ્યા છીએ. રામને ત્યાં આપણી કોડીની પણ કિંમત નથી.

સમગ્ર ભજનનો સાર એ છે કે પરમાત્મતત્ત્વની પ્રાપ્તિ અર્થે પ્રભુભજન જ એક માર્ગ છે. એ માર્ગમાં કામનાઓ અંતરાયરૂપ છે અને તેથી તેનો અંતર ઉપર પડેલો ઊંડો પ્રભાવ ભૂંસી નાખવાની જરૂર છે. સ્ત્રી પુત્રાદિની કામના મનુષ્યને પોતાના માર્ગમાંથી ચ્યુત કરે છે. તેથી તેને તિલાંજલિ આપી, સદ્‌ગુરુશરણ શોધી ગુરુકૃપાથી સિદ્ધ બનવું એ સાધકનો ધર્મ છે.



ભિક્ષા ઉઁ દે, મા પારવતી ! જેથી આત્મામાં થાય રતિ–ટેક.
વૈરાગ્ય-કફની ધરી હું આવ્યો, નિરહં-ખપ્પર કરમાં લાવ્યો;
રસશૂન્ય અમર રસ દે, મા ઓ ! જેથી વિષયે ન રમે કુમતિ.-ભિક્ષા.-૧
નિત નિત્ય નવું ખાવું દા'ડે, સૂવું સમશાન મહીં કોડે;
ફરવું પેદલ, ન કદિ ઘોડે; હડધૂત બધે હું અવળ જતિ !-ભિક્ષા.-૨
ના વસ્ત્ર દિગંબર હું ભટકું, માગું કોરાન્ન કરી ખટકું;
થાએ સ્હામો તેને પટકું, યમરાજ કરે આવી પ્રણતિ !!-ભિક્ષા.-૩
તારલિયા અંતરમાં વિલસે, ચાંદો અનિમેષ તિમિર ગ્રસે;
બસ એકજ રંગ સુદિવ્ય દિસે, ભાસે સઘળે કૈલાસપતિ !!-ભિક્ષા.-૪



ભા.- ૧

ભિક્ષા અને દીક્ષા અવધૂતના શબ્દકોશમાં નથી. પેટનો ખાડો ભરવાને ઘર ઘર ભટકવાનું, દીનવદન બનીને યાચના કરવાનું કે કોઈ પણ ચીજની લાલચે હાથ લાંબો કરવાનું શ્રી અવધૂત શીખ્યા નથી. એને ભૂખ લાગતી નથી અને તરસ પણ એને સ્પર્શ કરી શકતી નથી. ભૂખ લાગે છે ત્યારે દર્દનો આહાર કરનાર અને તરસ લાગે ત્યારે ''શ્વાસ''નું નીર પીનાર એ અવધૂતને એના દેહની શી પડી છે ? જેને દેવની લગની લાગે તેને દેહનું સ્મરણ ક્યાં રહે ? અને તેથી જ એણે દેહની દરકાર કર્યા વિના દેવના દર્શનને જ પોતાના જીવનનું એક માત્ર ધ્યેય માન્યું છે. એટલું નહીં પણ એ ધ્યેયને સિદ્ધ કરીને જ આજે

''यो मां पश्यति सर्वत्र सर्वं च मयि पश्यति''

એ શ્રી ભગવાનના શબ્દોને મૂર્તસ્વરૂપ આપી વિનાશથી અભય પ્રાપ્ત કર્યું છે. એ અભયસ્થાનની પ્રાપ્તિ અર્થે શ્રી અવધૂતે ક્યાં સુધી પહોંચવાની હિંમત કરી તેનો શ્રી અવધૂતે આ ગીતમાં ગુંજારવ કર્યો છે.

જીવનમાં એણે એક જ વખત ભિક્ષા માગી છે. પણ એ ભિક્ષા અર્થે એણે ધનવાનનાં આંગણાં નથી સેવ્યાં. તુમાખીભર્યા તવંગરને એણે નથી રીઝવ્યા. એ ભિક્ષા અર્થે એણે અન્યને રીઝવવાને બદલે ભિક્ષાનો અધિકાર પ્રાપ્ત કર્યો છે. અધિકારયુક્ત બનીને શ્રી અવધૂત જઈને ઊભા મા પારવતીને આંગણે ! કેટલી સુંદર કલ્પના છે ? દીનહીન બનીને નહીં, યાચકવૃત્તિને અંગીકાર કરીને નહીં. પણ અધિકારી બનીને ભિક્ષા માટે અભ્યર્થના કરનાર એવો ભિક્ષુક તો લાખ કરોડે નચિકેતા જેવો કોક જ જોવા મળે ! અને નચિકેતાએ શું કર્યું ?

નચિકેતાએ યમરાજ પાસે શું માંગ્યું, જાણો છો ? પિતાએ કહ્યું,



''હું તારું દાન યમરાજને આપું છું.'' પોતાના પિતાની એ આજ્ઞાનું પાલન કરવા નચિકેતા-આઠ વર્ષનો બાળક-યમરાજને આંગણે સદેહે જઈને ઊભો. કેટલો નિર્ભય ! કેટલો ઉન્નત ! કેવો જિજ્ઞાસુ ! ત્રણ દિન તો યમરાજનાં નચિકેતાને દર્શન ન થયાં. યમરાજનાં દર્શન વિના અન્નજળનો સ્વીકાર કરવાનો પણ નચિકેતાએ ઇન્કાર કર્યો. કેટલો અડગ એ બાળ ! અને જ્યારે યમરાજ પ્રવાસ કરીને સ્વસ્થાને પધાર્યા ત્યારે તેમની પત્નીએ કહ્યું :

वैश्वानरः प्रविशत्यतिथिर्ब्राह्मणो गृहान्।
तस्यैतां शान्ति कुर्वन्ति हर वैवस्वतोदकम्॥

''બ્રાહ્મણ અતિથિ બનીને અગ્નિ જ ઘરમાં પ્રવેશ કરે છે. સાધુપુરુષ એ અતિથિની અર્ઘ્ય, પાદ્ય, દાન આદિથી શાંતિ કરે છે. તેથી હે વૈવસ્વત, આ બ્રાહ્મણ અતિથિની શાંતિ અર્થે જલ લઈ જાવ.'' પત્નીના આ શબ્દો સાંભળીને યમરાજ નચિકેતા પાસે ગયા. વિનય અને વિવેક શીખવો હોય, ગૃહસ્થધર્મનો આચાર શીખવો હોય તો યમરાજ પાસે શીખો. સર્જન માત્રના આત્માનો અધિકાર હોવા છતાં, જન્મ અને મૃત્યુનો સમ્રાટ હોવા છતાંય બાળ નચિકેતાને યમરાજે કહ્યું :

तिस्रो रात्रीर्यदिवात्सीर्गृहे मे।
अनश्नन्ब्रह्मन्नतिमिर्नमस्यः।
नमस्तेऽस्तु ब्रह्मन्स्वस्ति मेऽस्तु
तस्मात्प्रति त्रीन्वरान्वृणीष्व॥

''હે બ્રહ્મન્ ! તમને નમસ્કાર હો. મારું કલ્યાણ હો ! તમે નમસ્કાર યોગ્ય અતિથિ થઈને પણ મારા ઘરમાં ભોજન કર્યા વિના ત્રણ રાત્રી રહ્યા તેથી એક એક રાત્રીને માટે એક એક વરદાન પ્રમાણે મારી પાસે ત્રણ વરદાન માગો !'' આ છે યમરાજનો વિવેક, વિનય અને કૃતજ્ઞતા ! અને ત્યારે નચિકેતાએ ત્રણ વરદાન માગ્યાં. પ્રથમ પિતાના ચિત્તની અને ક્રોધની તેમ જ સંકલ્પની શાંતિની યાચના કરી. પછી નાચિકેત અગ્નિ વિધાનની યાચના કરી. અને યમરાજાએ સ્વર્ગના સાધનભૂત અગ્નિનો વિધિ નચિકેતાને કહ્યો. નચિકેતાની પ્રત્યુત્પન્ન મતિ અને મેધાશક્તિ જોઈને પ્રસન્ન થઈ એક અધિક વરદાન દ્વારા એ અગ્નિ-ઉપાસનાને ''નાચિકેત'' કહેવાશે એવો પણ વર આપી નચિકેતાને અમર બનાવ્યો. નચિકેતાને હજી એક વર માગવાનો બાકી હતો. અહીં જ નચિકેતાની સર્વોત્કૃષ્ટતા અને યમરાજની ઉદારતાનો આપણને ખ્યાલ આવે છે. નચિકેતાએ યમરાજને વિનવ્યા અને ત્રીજો વર માગ્યો. એ વર શો હશે ? કલ્પના તો કરો ! યમરાજ પાસે ઉભેલ નચિકેતા ચિરંજીવીપદ માગે, સ્વર્ગના વૈભવ માગે, અખૂટ ધનભંડાર માગે ! ના, નચિકેતાએ એમાંનું એકે માગ્યું નહીં. યમરાજને પણ કલ્પના ન આવે એવું તેણે માગ્યું. નચિકેતાના શબ્દોમાં જ આપણે સાંભળીએ. નચિકેતાએ કહ્યું :

येयं प्रेते विचिकित्सा मनुष्ये–
ऽस्तीत्येके नायमस्तीति चान्ये।
एतद्विद्यामनुशिष्टस्त्वयाहं
वराणामेष वरस्तृतीयः॥



"જે મનુષ્ય મરણ પામે છે તેના સંબંધમાં કોઈ કહે છે, "તે રહે છે." અને કોઈ કહે છે "તે રહેતો નથી." આપના દ્વારા એ જ્ઞાન હું પ્રાપ્ત કરું એ મારો ત્રીજો વર છે.

"શરીર, ઇન્દ્રિયો, મન અને બુદ્ધિથી વિલક્ષણ દેહાંતર સાથે સંબંધ રાખનાર આત્મા રહે છે એવું કો'કનું કહેવું છે અને તે આત્મા રહેતો નથી એવું કો'કનું કહેવું છે. એ શંકાનું નિવારણ આપ જ કરી શકો."

નચિકેતાનો આ પ્રશ્ન શ્રવણ કરીને યમરાજ તો આભા જ બની ગયા. બાળક નચિકેતા આત્મવિદ્યાનો પ્રશ્ન કરે એ યમરાજની કલ્પનામાં પણ ન આવ્યું. એ પ્રશ્નનું સમાધાન ટાળવાને યમરાજે નચિકેતાને અનેક પ્રલોભન આપ્યાં. નચિકેતાએ અંતે કહ્યું :

'હે યમરાજ, ભોગ અશાશ્વત છે, ધનથી માનવ કદી તૃપ્ત થતો નથી. આપનું શાસન છે ત્યાં સુધી હું જીવિત રહીશ એમાં મને શંકા નથી. સ્વર્ગના દેવો પણ અંતે તો પુણ્યક્ષય થતાં મૃત્યુલોકમાં જ પ્રવેશ કરે છે. અને તેથી હે યમરાજ, આપના જેવો વક્તા હોય તો મારે એ પરમતત્ત્વના જ્ઞાન અર્થે બીજે ક્યાં જવું ? આપ જ એ જ્ઞાનના જ્ઞાતા છો. મૃત્યુના દેવ છો. મને મારું ઇપ્સિત વરદાન આપી કૃતાર્થ કરો.'

યમરાજે બાળ નચિકેતાનો ત્યાગ, તેની જિજ્ઞાસા અને પાત્રતાની પરીક્ષા કરી. નચિકેતા યમરાજની એ અગ્નિપરીક્ષામાં ઉત્તીર્ણ થયા અને અંતે યમરાજે કહ્યું :

सर्वे वेदा यत्पदमामनन्ति
तपांसि सर्वाणि च यद्वदन्ति।
यदिच्छन्तो ब्रह्मचर्यं चरन्ति
तत्ते पदं संग्रहेण ब्रवीम्योमित्येतत्॥

"બધાય વેદો જે પદનું વર્ણન કરે છે, બધાંય તપ જેની પ્રાપ્તિનાં સાધન છે, જેની ઇચ્છાથી મુમુક્ષુ બ્રહ્મચર્યનું પાલન કરે છે તે પદ હું તને સંક્ષેપમાં કહું છું. ૐ એ જ તે પદ છે.

એ અક્ષર જ બ્રહ્મ છે. એ અક્ષર જ પર છે. એ અક્ષરને જાણીને જે એની ઇચ્છા કરે છે તે તેને પ્રાપ્ત થાય છે.

એ જ શ્રેષ્ઠ આલંબન છે, એ જ પર આલંબન છે. એ આલંબનને જાણીને પુરુષ બ્રહ્મલોકમાં મહત્તા પામે છે, માન પામે છે.

આ નચિકેતાની વરયાચના ! અને શ્રી અવધૂતે શાની ભિક્ષા માગી ?

"ભિક્ષા ૐ દે, મા પારવતી !"



બંનેની યાચના તો એક જ થઈ. શ્રી અવધૂત યમરાજને બાજુએ મૂકી મા પારવતી પાસે ગયા અને તેની પાસે ભિક્ષા માંગી. મા પારવતી પાસે શા સારુ ? એ તો પર્વતની પુત્રી ! મહાદેવની અર્ધાંગના ! એની પાસે ઉઁની ભિક્ષા કેમ મળે ?

શ્રી અવધૂત મા પારવતી પાસે ભિક્ષાની યાચના કરવા કેમ ગયા, તેનો ભેદ આપણને કેનોપનિષદમાંથી મળે છે.

દેવતાઓના ગર્વનું ખંડન કરવાને પરબ્રહ્મ યક્ષરૂપે દેવતાઓ આગળ ગયા. દેવતાઓ એ યક્ષનો પાર ન પામ્યા. અને સ્વયં દેવરાજ ઇન્દ્ર એ યક્ષનો પાર પામવા ગયા ત્યારે એ યક્ષ અદ્રશ્ય થયા. અને દેવરાજ ઇન્દ્રને અંતરિક્ષમાં એક સ્ત્રીનાં દર્શન થયાં. ઇન્દ્રરાજે

स तस्मिन्नेवाकाशे स्त्रीयमाजगाम बहुशोभमाना–
मुमां हैमवतीं। तांहोवाच किमेतद्यक्षयमिति॥

''એ જ આકાશમાં એક અત્યંત શોભાયમાન સ્ત્રી પાસે ઇન્દ્ર આવ્યા અને તે સુવર્ણભૂષણભૂષિત અથવા હિમાલયની પુત્રી ઉમા, પાર્વતીરૂપિણી બ્રહ્મવિદ્યાને પૂછ્યું, ''આ યક્ષ તેજઃપુંજ વ્યક્તિ કોણ છે ?'' અને તેણે કહ્યું :

''ब्रह्मेति''

''એ બ્રહ્મ છે.''

અને તેથી પાર્વતી બ્રહ્મવિદ્યા છે. જેમ મૃત્યુનો મર્મ જાણવાને યમરાજ જેવો બીજો મર્મવિદ્ મળવો શક્ય નથી તેમ બ્રહ્મને જાણવાને બ્રહ્મવિદ્યા સિવાય કોઈ ઇતર બ્રહ્મનો મર્મ જાણનાર મળવો શક્ય નથી. વૃક્ષનાં ડાળપાંખડાંને પકડવાને બદલે શ્રી અવધૂતે તેથી સીધો બ્રહ્મવિદ્યાનો જ આશ્રય લીધો અને તેની પાસે જ ઉઁની ભિક્ષા માગી.

અહીં આર્યોની ભિક્ષાપરંપરાનો થોડો વિચાર પણ અસ્થાને નહીં ગણાય. પ્રાચીન ભારતમાં વિદ્યાર્થી બ્રહ્મચર્યવ્રતનું પાલન કરી વિદ્યાભ્યાસ અર્થે ગુરુગૃહમાં વાસ કરતા. ત્યાં ગુરુની અને આશ્રમની સેવા શુશ્રૂષા કરી, તપશ્ચર્યામય જીવન ગાળી અપરા અને પરાવિદ્યાનો અભ્યાસ કરતા. અને દરમ્યાન શરીરના પોષણને માટે ત્રણ કે પાંચ ઘેર ભિક્ષા માગતા. તેમના પોષણનો ભાર સમાજમાં વહેંચાઈ જવાથી, કોઈ એક વ્યક્તિ પર પડતો નહીં. અને ભિક્ષા માગનારમાં પણ સાદાઈ, નિરહંકારિતા, અસ્વાદ, નમ્રતા વગેરે ગુણો કેળવાતાં. જીવન ખડતલ બનતું, અધ્યયન તેજસ્વી બનતું અને સમાજે પોતાના ઉપર જીવનના ઘડતરના સમયમાં કરેલા ઉપકારની સ્મૃતિ જાગ્રત રહી સમાજની પ્રસંગ પડે કોઈ પણ સેવા કરવાની તત્પરતા કાયમ રહેતી. અન્ય ત્યાગીઓને પણ આ જ ભિક્ષાવૃત્તિએ જીવનનિર્વાહ કરી, અધ્યયન કે ઉપદેશ કરી સમાજસેવામાં પોતાનું જીવન વ્યતીત કરવાનું રહેતું. એ ભિક્ષા પરંપરાની પાછળ એદીપણાને પોષવાની

દૂર દૂર પણ કલ્પના નહોતી. અને તેથી જ આવા તદ્દન અપરિગ્રહી રોજ ને રોજ કેવળ ભિક્ષા માંગી જીવન નિર્વાહ કરતા સાધુસંન્યાસીઓ અને વિદ્યાર્થીઓ પ્રત્યે સમાજમાં સહાનુભૂતિ સાથે માનની લાગણી રહેતી. એ ભિક્ષા માગતી વખતે બોલવાનો શ્લોક કેટલો રહસ્યપૂર્ણ છે, તે જુઓ.

अन्नपूर्णे सदापूर्णे शंकरप्राणवल्लभे।
ज्ञान वैराग्य सिध्यर्थं भिक्षां देहि च पार्वति॥

"સદા સર્વ રીતે પૂર્ણ અને પ્રાણીમાત્રનું કલ્યાણ કરનાર શિવસ્વરૂપ પરમાત્માની હે અર્ધાંગિની અન્નપૂર્ણા (ભૌતિક અને આધ્યાત્મિક અન્નથી પરિપૂર્ણ) હે બ્રહ્મવિદ્યારૂપ પાર્વતી ! મારાં જ્ઞાન અને વૈરાગ્ય પરિપૂર્ણ રીતે સિદ્ધ થાય તે માટે ભિક્ષા આપ." આમ ભિક્ષાવૃત્તિ એ જ્ઞાન અને વૈરાગ્યની સિદ્ધિ માટે હતી. આજની માફક એદીપણું ને ચેલાબાજી કે વ્યસનબાજી પોષવા માટે ન હતી. અને તેથી જ એ ભિક્ષાવૃત્તિનું શાસ્ત્રમાં અતિ મહત્ત્વ ગાયું છે. એ ભિક્ષાનો ટૂંકો મંત્ર પણ રહસ્યપૂર્ણ છે.

"ॐ भवति भिक्षां देहि।"

તે એ મંત્ર છે. એમાં પણ કેટલું રહસ્ય છે તે જુઓ. હે ભવતિ ! જગદ્વંદ્ય પાર્વતીસ્વરૂપ ગૃહલક્ષ્મી ! મને "ૐ"રૂપી (બ્રહ્મવિદ્યાના પ્રતીક પ્રણવના રહસ્યરૂપ) ભિક્ષા આપ. એકલા રોટલાથી જ માણસ જીવતો નથી. એના સાચા જીવન માટે એથી વધારે કંઈકની જરૂર છે. "ૐ"ની ભિક્ષાથી ભૌતિક ભૂખની સાથે આધ્યાત્મિક ભૂખની શાંતિનો પણ ગૂઢ નિર્દેશ છે. વળી ભિક્ષા આપતી પ્રત્યેક સ્ત્રીમાં વૈરાગ્યમૂર્તિ પતિવ્રતા જગજનની મા પારવતીની ભાવના કરવાની છે. અસ્તુ.

પણ "ૐ" કાંઈ બ્રહ્મ નથી. એ તો બ્રહ્મનું પ્રતીક છે. તેથી બ્રહ્મ કેમ પ્રાપ્ત થાય ? તેથી બ્રહ્મજ્ઞાન કેમ પ્રાપ્ત થાય ? શ્રી ભગવાને કહ્યું :

"ॐ इत्येकाक्षरं ब्रह्म," "प्रणवः सर्ववेदेषु !"

અને તે ન્યાયે એ "ૐ" બ્રહ્મ છે. અથવા બીજી રીતે કહીએ તો એ "ૐ" દ્વારા બ્રહ્મનું જ્ઞાન પ્રાપ્ત થાય છે. તેથી શ્રી અવધૂતે "ૐ"ની ભિક્ષા માગી. બ્રહ્મ તો નિરાકાર છે પણ સાધન કાળમાં સાકારનું અવલંબન આવશ્યક છે. એવા સાકાર બ્રહ્મનું "ૐ" એ વેદ અને ઉપનિષદ પ્રતિપાદિત પ્રતીક છે, આલંબન છે. અને તેથી તેની ઉપાસના કહી છે. અહીં "ૐ"ની ભિક્ષાનો આશય "ૐ" ઉપલક્ષિત બ્રહ્મવિદ્યાના રહસ્ય જ્ઞાનની ભિક્ષા માગવાનો છે. અને તે ભિક્ષા આપવાની બ્રહ્મવિદ્યા સ્વરૂપિણી ઉમા-પાર્વતી સિવાય અન્ય કોઈની શક્તિ નથી. અને તેથી જ શ્રી અવધૂતે મા પારવતીને આંગણે ઊભા રહી ભિક્ષા માગી છે.

પરમતત્ત્વનું યથાર્થ જ્ઞાન પ્રાપ્ત કરવા માટે અપરાવિદ્યા કામ લાગતી નથી. અપરાવિદ્યા દ્વારા તો માત્ર સ્વર્ગાદિ અવિદ્યામૂલક ફળની પ્રાપ્તિ થાય છે. પરાવિદ્યાદ્વારા પરમતત્ત્વની પ્રાપ્તિ થાય છે. અવિદ્યાની નિવૃત્તિ



એટલે જ પરમતત્ત્વનું જ્ઞાન અથવા બ્રહ્મવિદ્યાની પ્રાપ્તિ. અંધકારની નિવૃત્તિ એટલે જ પ્રકાશની પ્રાપ્તિ. એ બ્રહ્મવિદ્યાનું જ્ઞાન પ્રાપ્ત થતાં જ આત્મતત્ત્વ જાણવામાં પ્રેમ ઉત્પન્ન થાય છે, આત્મતત્ત્વનો બોધ થાય છે અને આચારયુક્ત જ્ઞાન દ્વારા આત્મતત્ત્વની પ્રાપ્તિ થાય છે. સર્વસાધારણ સાધકો બ્રહ્મવિદ્યાના અધિકારી નથી. બ્રહ્મવિદ્યાની પ્રાપ્તિ અર્થે તો અધિકારી બનવું પડે છે. એ અધિકાર ક્યારે મળે ? બ્રહ્મવિદ્યાનો અધિકારી કોણ ? એ પ્રશ્નોનો આપણે થોડો વિચાર કરીએ.

મુંડકોપનિષદ્‌માં આપણને કાંઈક જાણવાનું મળશે.

"तस्मै स विद्वानुपसन्नाय सम्य-
क्प्रशांतचित्ताय शमान्विताय।
येनाक्षरं पुरुषं वेद सत्यं
प्रोवाच तां तत्त्वतो ब्रह्मविद्याम्॥"

"એ વિદ્વાન ગુરુ પોતાની સમીપ આવેલ સંપૂર્ણ શાંતચિત્ત અને જિતેંદ્રિય શિષ્યને, જેના વડે સત્ય અને અક્ષર પુરુષનું જ્ઞાન થાય છે તે બ્રહ્મવિદ્યાનો ઉપદેશ કરે."

અહીં બ્રહ્મવિદ્યાના અધિકારીનું અંશતઃ વર્ણન કર્યું છે. સમાહિત, પ્રશાંતચિત્ત અને શમાન્વિત સાધક બ્રહ્મવિદ્યાનો અધિકારી છે. આપણે બ્રહ્મવિદ્યાના અધિકારીનાં લક્ષણોનો થોડો વિચાર કરીએ.

બ્રહ્મનિષ્ઠા સ્થિર થવાને, બ્રહ્મને જ પોતાનું લક્ષ્ય બનાવવાને એ નિષ્ઠામાં આડે આવતા અપરાવિદ્યાજનિત સંસારનો સાધકે ત્યાગ કરવો ઘટે. ભલે સ્થૂળ ત્યાગ ન થાય પણ સૂક્ષ્મ ત્યાગ વિના ચિત્તનાં મળ, વિક્ષેપ અને આવરણ દૂર થતાં નથી. એ દૂર ન થાય ત્યાં સુધી વિક્ષિપ્ત ચિત્તમાં બ્રહ્મનિષ્ઠાની સ્થિરતા થવી સંભવિત નથી. અને તેથી જ પ્રથમ શરત છે સમાહિત ચિત્ત થવું. એ ચિત્ત બ્રહ્મમાં સમાહિત થાય પણ ચંચળતા એ ચિત્તનો સ્વભાવ છે. અને તેથી તે જરા જરામાં પોતાનું ધ્યેય ચૂકીને સ્વભાવજન્ય વિષયો તરફ ધસી જાય છે. તેને અવરોધવાને તે ચિત્ત પ્રશાંત એટલે ચારે બાજુએથી શાંત થવું જરૂરનું છે. પ્રશાંત શાંતિ પ્રાપ્ત કરવા માટે શમ, દમ, તિતિક્ષા આદિ સાધનોનો અભ્યાસ કરવાની જરૂર છે. એ રીતે જ્યારે ચિત્તની તૈયારી થાય ત્યારે તે બ્રહ્મવિદ્યાનો અધિકારી બને છે.

પણ બ્રહ્મવિદ્યાની પ્રાપ્તિ માટે આટલી બધી તાલાવેલી શા સારુ ? શ્રી અવધૂત કહે છે :

"જેથી આત્મામાં થાય રતિ"

"જેમ સંસાર અપરાવિદ્યાનો વિષય છે, તેમ અક્ષરબ્રહ્મ એ પરાવિદ્યાનો વિષય છે. અપરાવિદ્યાની એટલે સંસારના મોહની નિવૃત્તિ વિના પરાવિદ્યાનો અધિકાર પ્રાપ્ત થતો નથી. અપરાવિદ્યાનું અનુશીલન કરનારને પરાવિદ્યાના વિષયરૂપ પરમતત્ત્વમાં રતિ થતી નથી. અને તેથી

અહીં શ્રી અવધૂતે એ પરમતત્ત્વમાં રતિ થાય એ હેતુએ જ બ્રહ્મવિદ્યારૂપી ''ૐ''ની ભિક્ષાની યાચના કરી છે. ''ૐ'' ઉપલક્ષિત પરમતત્ત્વ ૐથી ભિન્ન નથી. નામ અને નામીનો ભેદ નથી. અને તેથી જો ૐનું જ્ઞાન થાય તો બ્રહ્મનું જ્ઞાન થાય એમાં સંશય નથી. જેમ રામ, કૃષ્ણ આદિ શબ્દોથી તેના નામીનું જ્ઞાન થાય છે, તેમ ૐ શબ્દનું જ્ઞાન થવાથી ''ૐ'' ઉપલક્ષિત પરમતત્ત્વનું જ જ્ઞાન થાય છે. જ્યારે પરમતત્ત્વનું જ્ઞાન થાય છે ત્યારે તેવો જ્ઞાની પરમતત્ત્વથી ભિન્ન રહેતો નથી. જ્યાં સુધી વિષયોમાં અપ્રીતિ થતી નથી ત્યાં સુધી આત્મામાં દૃઢ પ્રીતિ થતી નથી. અને તેથી એ આત્મરતિ અર્થે વિષયરતિનો ત્યાગ કે વૈરાગ્ય અત્યંત આવશ્યક છે. તેથી શ્રી અવધૂતે કહ્યું :



''વૈરાગ્ય કફની ધરી હું આવ્યો.''

બ્રહ્મવિદ્યાના અધિકારી બનવા માટે સાધકે સૌ પ્રથમ વૈરાગ્યવૃત્તિ સંપૂર્ણપણે કેળવવી ઘટે. જાગતિક પ્રપંચ પ્રત્યે વૈરાગ્યવૃત્તિ કેળવવાથી જ નહીં, પણ એ વૃત્તિને સંપૂર્ણપણે સ્વાધીન કરવાથી જ સાધક આત્મદર્શનના પથ પર પગલાં માંડી શકે. જ્યાં સુધી વિષયોમાં અનુરાગ રહે ત્યાં સુધી પરમતત્ત્વ પ્રત્યે પ્રીતિ થતી નથી. એ વૈરાગ્ય જો સ્મશાનવૈરાગ્ય હોય તો તે કાયમ ટકી શકતો નથી. એ વૈરાગ્ય મનનો હોય. કેવળ તનનો કે ઉપલક વૈરાગ્ય નિરર્થક છે. એ વૈરાગ્ય દૃઢ હોવો જરૂરનો છે. દૃઢ વૈરાગ્યની પ્રાપ્તિ અર્થે વિવેક અને ત્યાગની જરૂર છે. વિવેક વિનાનો વૈરાગ્ય પાંગળો છે. વૈરાગ્ય વિના ત્યાગ થઈ શકતો નથી. ત્યાગ આવેશરહિત હોવો જરૂરનો છે. કોઈ પ્રકારના ક્લેશના કારણે કે દેખાદેખી ત્યાગ કરવાથી તે ત્યાગ થતો નથી. જ્યારે મનથી જ વિષયો પ્રત્યે વૈરાગ્ય આવે ત્યારે એવા વૈરાગ્યયુક્ત ત્યાગની જ સચોટ અસર થાય છે. વિવેક, વૈરાગ્ય અને ત્યાગની વૃત્તિઓને સાથે સાથે જ કેળવવી જરૂરની છે.

કોઈ પણ જાગતિક પદાર્થ તરફ આપણને અરુચિ થાય ત્યારે તેનો ત્યાગ સહજ કરી શકાય છે. પણ જો અરુચિ અથવા વૈરાગ્ય ન થાય તો બળજબરીથી કરેલો ત્યાગ કાયમ ટકી શકતો નથી. ત્યાગ, વૈરાગ્ય અને વિવેક એ ત્રિપુટીનું સાધન કરીને વિવેકપુરઃસર ત્યાગ કરીને સાધકે મનને મારવું જોઈએ. અહીં શ્રી અવધૂત મા પારવતી પાસે બ્રહ્મવિદ્યાની યાચના કરવા કેવા સ્વરૂપે ગયા તે વર્ણન પણ બોધપ્રદ છે. એટલું જ નહીં પણ બ્રહ્મવિદ્યાના અધિકારનું દ્યોતક છે.

પ્રથમ તો બ્રહ્મવિદ્યાની અભિલાષા જાગ્રત થવી જોઈએ. પછી તે બ્રહ્મવિદ્યા-આત્મતત્ત્વમાં રતિ થાય એ હેતુએ પ્રાપ્ત કરવી જોઈએ. તેની પૂર્વભૂમિકા તરીકે પ્રથમ તીવ્ર વૈરાગ્ય સિદ્ધ કરવો જોઈએ. અને તેથી જ શ્રી અવધૂતે કહ્યું :

''વૈરાગ્ય કફની ધરી હું આવ્યો.''

વૈરાગ્યરૂપી કફની પહેરવી એનો અર્થ મનસા, વાચા અને કર્મણા જીવનના દરેક ક્ષેત્રમાં વૈરાગ્યવૃત્તિ દૃઢ કરવી એ છે. અને પછી :

''નિરહં ખપ્પર કરમાં લાવ્યો.''



જ્યારે ભિક્ષા માગવા જઈએ ત્યારે ભિક્ષાપાત્ર પણ હોવું જોઈએ. અહીં એ ભિક્ષાપાત્ર ''નિરહં'' છે એવું શ્રી અવધૂતે કહ્યું છે. જગતનો સઘળો વ્યવહાર અહંકાર વડે જ ચાલે છે એ કહેવું જરૂરનું નથી. જ્યાં અહંકાર નથી ત્યાં વ્યવહારના અભાવે સંસાર પણ નથી. જ્યાં સુધી વૈરાગ્યવૃત્તિ ન કેળવાય ત્યાં સુધી એ અહંનો ત્યાગ થતો નથી. જ્યાં સુધી દેહમાં અહંતા છે ત્યાં સુધી મમતા પણ સાથે જ રહે છે. જ્યારે અહંતા જાય છે ત્યારે મમતાને પણ સાથે જ લેતી જાય છે. ''નિરહં'' થવા સાથે ''નિર્મળ'' થવાનું પણ તેથી જ શ્રી અવધૂતે અહીં સૂચવ્યું છે. ''હું'' અને ''મારું'' એ અહંતા અને મમત્વનાં પ્રતીક છે. જ્યાં સુધી જાગતિક પ્રપંચમાં મમતા છે અને જ્યાં સુધી દેહમાં અહંતા છે ત્યાં સુધી બ્રહ્મવિદ્યા પ્રાપ્ત કરવાનો અધિકાર પ્રાપ્ત થતો નથી. પ્રત્યેક માયિક પદાર્થની અસારતાનું ભાન થાય નહીં ત્યાં સુધી નિર્મળ બ્રહ્મવિદ્યા પ્રાપ્ત થતી નથી. અહંતા અને મમતા એ ચિત્તની મલિનતા છે. એ મલિનતા રહે ત્યાં સુધી ચિત્તની શુદ્ધિને અવકાશ નથી. કોલસો સાબુ વડે ધોવાથી શ્વેત થતો નથી. અગ્નિનો સંપર્ક થતાં તે બળીને શ્વેત ભસ્મ બની જાય છે. ''હું કાંઈક છું'' એવો ખ્યાલ દૂર થઈ, ધન, જન, કુળ, વિદ્યા વગેરેનો અહંકાર ઓગળી નમ્રતા નહીં આવે ત્યાં સુધી ચિત્ત શુદ્ધ નથી અને બ્રહ્મવિદ્યાનો અધિકાર નથી. એ કારણે શ્રી અવધૂતે ''વૈરાગ્ય કફની'' ધારણ કરી અને ''નિરહં'' ખપ્પર હાથમાં લઈ બ્રહ્મવિદ્યાસ્વરૂપી મા પારવતી પાસે પ્રણવની ભિક્ષાની યાચના કરી અડંગો લગાવ્યો. શા સારુ ? શ્રી અવધૂત કહે છે :

''રસશૂન્ય અમરરસ દે, મા ઓ !''

અમરરસ રસશૂન્ય છે. રસ એ જિહ્વાની લોલુપતાનું પરિણામ છે. ખટ્રસ એ જિહ્વાને સ્વાદ પ્રતિ આકર્ષે છે. ખારું, ખાટું, તીખું, મોળું, ગળ્યું એવા બધા રસો જીભને ભાવે છે. શાંત, વીર, ભયાનક આદિ નવ રસો મનને આકર્ષે છે અને બીજી ઇન્દ્રિયોને પણ આકર્ષે છે. શ્રી અવધૂત એ સર્વ રસ પ્રત્યે વૈરાગ્ય સેવી, એ બધાય રસોનો એટલે જ જિહ્વાના અમ્લમિષ્ટાદિ ખાનપાન અને શબ્દસ્પર્શાદિ વિષયોની આસક્તિનું જ્યાં નામ પણ નથી અને ઇન્દ્રિયોના બધાય રસની જ્યાં ગંધ પણ નથી એવો રસ ચાખવા માટે મા પારવતીને આંગણે જઈ ઊભા છે અને માગે છે 'અમરરસ.' જે રસનું પાન કરવાથી મનુષ્ય મૃત્યુને જીતીને અમર બને છે તે અમરરસની યાચના કરે છે.

બીજાં ખાનપાન આદિ કે વિષયોપભોગથી પ્રાપ્ત થતા રસ (આનંદ)

મર્ત્ય છે, ક્ષણજીવી છે. ઉત્પન્ન થાય છે અને નાશ પામે છે અને તેથી જ દુઃખપરિણામી છે. એ સૌથી વિલક્ષણ એવો આ ''રસશૂન્ય અમરરસ'' અમર છે, અવિનાશી છે. એક વખત પ્રાપ્ત થયા પછી તેનો નાશ નથી અને સુખપર્યવસાયી છે. એ દૃષ્ટિએ પણ એને ''અમરરસ'' કહ્યો છે. આત્માનંદ, નિજાનંદ કે સ્વરૂપાનંદ એ જ એ ''અમરરસ'' છે.



ભા.- ૧

શ્રી અવધૂતની ભિક્ષા પણ અજોડ છે. આંગણે આવેલો ભિક્ષુક કટકો રોટલો માગશે, એકાદ બીજું વસ્ત્ર માંગશે, પણ આ ભિક્ષુક જેવો તેવો ભિક્ષુક નથી.

''વપુ પ્રારબ્ધ પોષે છે, ખુશામત જહાં તણી શાને ?''

આ સિદ્ધાંતને અટલ શ્રદ્ધા વડે જીવનમાં ઉતારનારને કટકો રોટલાની કે વસ્ત્રની પડી જ નથી. એણે એ કટકો રોટલો માગવા કે કપડાં પહેરવા માટે સંસારનો ત્યાગ પણ કર્યો નથી.

''किं पापं त्वालस्यम्''

''આળસ જ મહાપાપ છે'' એમ માનનાર શ્રી અવધૂતમાં રોટલો રળવાની તાકાત નથી એમ તો કેમ કહેવાય ? મા પારવતીને આંગણે બ્રહ્મવિદ્યાની ભિક્ષા યાચવાનું સાહસ કરનાર એ વિરલ વ્યક્તિએ એ હિંમત અને આત્મબળ પ્રાપ્ત કરવાને કેટલો ઉદ્યોગ કર્યો હશે, તેની કલ્પના આપણને કેમ આવે ? બ્રહ્મવિદ્યા દ્વારા આત્મતત્ત્વની પ્રાપ્તિ કેટલી વિકટ ! અને શ્રી અવધૂતની આ યાચના પણ કેવી અજોડ છે ! પ્રભુને પ્રાપ્ત કરીને આપણે માગીશું ધન, પુત્ર, પરિવાર. પણ આવી અજોડ ભિક્ષા માગવાની આપણને કલ્પના પણ ન આવે ! નચિકેતાની કક્ષાએ પહોંચેલા કો'ક જ આવી ભિક્ષાની યાચના કરે ! આ ભિક્ષુક પણ જેવો તેવો ન્હોય ! જગતને અને જગતના પ્રપંચને ''જ્ઞાનઝહર'' પીને જેણે ઘોળી પીધો છે અને એ ''જ્ઞાનઝહર'' દ્વારા જેણે અવિદ્યાનો સંહાર કરીને આત્માનંદની મસ્ત મસ્તીનો અનુભવ કર્યો છે તે અવધૂતને દાળરોટલા માગવાના ન હોય. એ તો જો માગશે તો આવું અવધૂતી જ માગશે.

અમરરસને રસશૂન્ય કેમ કહ્યો ? બધાય રસનો સ્વામી, બધાય રસનું અધિષ્ઠાન તો એ ''અમરરસ'' છે. અને

''रसो वै सः''

એ શ્રુતિવાક્યાનુસાર અમરરસ એ પરમતત્ત્વ જ છે. એને રસશૂન્ય કેમ કહ્યો ?

''मत्तः परतरं नान्यत्किञ्चिदस्ति धनञ्जय''

''હે ધનંજય, મારાથી અધિક શ્રેષ્ઠ બીજું કાંઈ જ નથી'' એ શ્રી ભગવાનના શબ્દોને અનુસરીને પરમતત્ત્વ વિનાના આ જગતમાં બીજું કશું જ નથી. તેથી એ રસમાત્ર પરમતત્ત્વમાંથી જ ઊપજ્યા છે છતાંય એ રસના સ્વામી એ રસ માત્રથી અલિપ્ત છે. અને તેથી તે રસશૂન્ય કહેવાય છે. જેમ



પરમાત્મા સર્વવ્યાપક હોવાથી બધાયમાં હોવા છતાં કોઈથી લેપાતો નથી તેમ એ પરમતત્ત્વસ્વરૂપ રસમાંથી જ સર્વ રસોની ઉત્પત્તિ હોવા છતાંય, એ રસાગાર હોવા છતાંય રસથી અલિપ્ત છે અને તેથી રસશૂન્ય છે.

શ્રી અવધૂતે એવો રસશૂન્ય અમરરસ કેમ માગ્યો ?

"જેથી વિષયે ન રમે કુમતિ."

જેણે અમરરસ પીધો તે અમર બન્યો. જેણે અમરરસ ચાખ્યો તેને વિષયોનું ઝહર પીવાનું ન હોય. અને જેણે અમરરસ ચાખ્યો તે વિષયો તરફ દૃષ્ટિ સરખી કરવાની વૃત્તિ પણ ન કરે. હંસ કે જે માનસ સરોવરનો મોતીનો ચારો ચરે, તેણે કાગડા પેરે વિષ્ટા ચૂંથવાની ન હોય. પૂર્ણબ્રહ્મ પામવાની જેને તમન્ના હોય-તાલાવેલી હોય, જેના અંતરમાં સંસારરૂપ વિષયો પ્રતિ તીવ્ર વૈરાગ્ય હોય, તેણે નચિકેતાએ યમરાજને કહ્યું તેમ, "તમારાં ધનસંપત્તિ જેને જોઈતાં હોય તેને ભલે આપો. તમારા સ્વર્ગના વૈભવ ભલે દેવો ભોગવે. એ હાથી, ઘોડા, ધન, રથ આદિ સર્વોત્તમ છતાંય નશ્વર પદાર્થોની યાચના કરવા હું આવ્યો નથી. મને મૃત્યુનું રહસ્ય જાણીને એ મૃત્યુને તરવાની વિદ્યા આપો." એમ કહેવું જોઈએ. અહીં શ્રી અવધૂતે પણ એ જ માગ્યું. અમરરસ માગવાનો હેતુ પણ કેટલો શુભ છે ? જ્યાં સુધી અમરરસનું પાન ન થાય ત્યાં સુધી દૃઢ વૈરાગ્ય પણ કદાચ ડગે, નિશ્ચળ મન પણ કદાચ ચંચળ બને, નિરહંતામાંથી પણ કદાચ અહંતાનો અંકુર ફૂટે અને પરિણામે કરેલી મહેનત વ્યર્થ જાય. અને ત્યારે પુનઃ વિષયો તરફ કુમતિ થાય એવો ભય રહેલો છે. એ સતત તોળાતા ભયની આગાહી કરીને જ શ્રી અવધૂતે એ બધાયથી નિર્વિકાર બનેલાં શુદ્ધ ચિત્ત અને શુદ્ધ બુદ્ધિને સ્થિર કરી આત્મતત્ત્વમાં જ રહેવા માટે અમરરસની યાચના કરીને તેના પરિણામે મતિ ભ્રષ્ટ થાય અને વિષયોમાં જાય તેની નિવૃત્તિની આકાંક્ષા રાખી. અમરરસ માગવાનું કારણ વિષયોમાં રહેલી સૂક્ષ્મ વૃત્તિઓની સૂક્ષ્મ વાસનાની પણ નિવૃત્તિ થાય એ છે. મનનું વલણ હમેશાં વિષયો તરફ જ વહેતું હોય છે. તે મનને જેણે માર્યું છે અને વિષયો પ્રત્યે વૈરાગ્યવૃત્તિ દૃઢ કરી છે તેના ચિત્તમાં વિષયો પ્રતિ રતિ સરજાતી નથી. એ વૃત્તિને દૃઢ કરવા માટે જ આ યાચના છે.

પોતે એ યાચનાને પાત્ર છે તેની પણ પ્રતીતિ કરાવવા શ્રી અવધૂતે આગળ કહ્યું :

"નિત નિત્ય નવું ખાવું દા'ડે"

અહીં શ્રી અવધૂત પોતાના આહારવિહારની વાતો કરે છે. એ માર્ગે ચઢેલા સાધકને એ વાતો સાંભળીને સાચું માર્ગદર્શન મળે એમાં નવાઈ નથી. આત્મસાક્ષાત્કારની જેને તમન્ના હોય, જેને આત્મોપલબ્ધિની તીવ્ર તાલાવેલી લાગી હોય, આત્મદર્શન એ જ માત્ર જેનું એક ધ્યેય હોય તેને ભોજનની અને રહેઠાણની વરણાગી પરવડે એમ નથી. જ્યાં સુધી

ભોજનમાં રસાસ્વાદ છે ત્યાં સુધી પરમતત્ત્વની પ્રાપ્તિ પ્રત્યે તેનો તીવ્ર વેગ છે એમ કહી શકાય નહીં. અને શ્રી અવધૂત જ્યારે વિષયોમાં રમતી મતિને નિવૃત્ત કરવાને રસશૂન્ય અમરરસની ભિક્ષા માગે છે ત્યારે, અને જ્યારે ''વૈરાગ્ય''ની કફની અને ''નિરહં'' ખપ્પર લઈને ઉમાને આંગણે ઊભા છે ત્યારે તેને ભોજનની અને રસની વરણાગી કેમ પરવડે ? આ શબ્દો દ્વારા શ્રી અવધૂતે પોતાની પરિભ્રમણ અવસ્થાનો આછો ખ્યાલ આપ્યો છે એમ કહીએ તો અસ્થાને નથી.



ભા.- ૧

પોતે એક જગ્યાએ એદી પેરે પડી રહેતા નહીં કે માલમલીદા ઉડાવતા નહીં. હરહંમેશ અપરિગ્રહ અને અયાચક વૃત્તિએ જે મળ્યું તે નવું નવું ભોજન કરતા. આજે પણ જ્યારે આપણે શ્રી અવધૂતના જીવનમાં ડોકિયું કરીએ ત્યારે એનો શુદ્ધ, સાત્ત્વિક અને યુક્ત આહાર આપણને વિચાર કરતા કરી મૂકે છે. આપણને ખટરસયુક્ત ભાવતાં ભોજન જોઈએ છે, જ્યારે શ્રી અવધૂતને ભોજનમાં રસની રતિ નથી. એને ખાવા માટે પણ ગણીગાંઠી વસ્તુઓ જ છે. ગળપણ વિના આપણને ઘડી ચાલતું નથી ત્યારે તેને ગળપણ-ખાંડ-ગોળ, મરચાં, મસાલા, તેલ વગેરે વર્જ્ય છે. એના પરિણામે મિષ્ટાન્ન કે તીખા તમતમતા ઉત્તેજક અન્નને એમના ભાણામાં આપણે જોઈ શકતા નથી. ખીચડી, ભાખરી, રોટલી કે એવો સાદો આહાર લેવાનું કારણ પણ, શરીર અન્નમયકોષ હોવાથી તેના નિભાવ અને નિર્વાહ અર્થે અન્ન લેવું આવશ્યક છે. અને છતાંય કડાકા કાઢવા પડે તેનું શ્રી અવધૂતને દુઃખ પણ હોતું નથી. એ વાત શ્રી અવધૂતનો રેવા પરિક્રમાનો ઇતિહાસ આપણે કોકને મોઢે સાંભળીએ ત્યારે જાણવા મળે. આ ગીત લખાયું હશે ત્યારે શ્રી અવધૂતનું જીવન કેટલું અગવડતા ભર્યું હશે તેનો આપણને આ ગીત દ્વારા ખ્યાલ આવે. ન ખાવાનાં ઠેકાણાં, ન સૂવાનાં ઠેકાણાં, ન રહેવાનાં ઠેકાણાં, ન વસ્ત્રનાં ઠેકાણાં. અને છતાંય એની આનંદાવસ્થામાં જરાય ક્ષતિ થતી નથી. એ કેટલો તીવ્ર વૈરાગ્ય હશે ? કેવો તીવ્ર ત્યાગ હશે ? અને સંયમનું તો પૂછવું જ શું ? શ્રી અવધૂતને જીવનમાં શેના વિના નથી ચાલતું ? શ્રી અવધૂતને જીવનમાં શેની જરૂર છે ? અન્ન પણ ન મળે તો ભગવાનનાં દીધાં વૃક્ષનાં ફળફૂલથી અવધૂતના શરીરનું પોષણ થાય છે. જળ પણ ન મળે તો વનનાં નિર્મળ નીરનાં નિર્ઝરો એની તૃષા તૃપ્ત કરવાને હાજર છે. રહેવાનું ઠામ ન મળે તો વનવગડામાં સુંદર લીલોતરીની ગાદી બનાવી કોક વૃક્ષની શીતળ છાયામાં, કે પહાડોની પ્રચંડ શિલાઓ કે નદીના ભાઠામાં રેતીના ઢગલાના પલંગ પર સૂવાનું ક્યાં નથી મળતું ? અને હાથ તો ભગવાને દીધા છે તકિયા બનાવવાને જ ! પહેરવા શું જોઈએ ? શાલદુશાલા અને જરિયાન વસ્ત્રોને ફાડીને ફેંકી દઈ મારગનાં ફાટ્યાંતૂટ્યાં ચીંથરાંની કંથા બનાવીને પહેરવાની એને ક્યાં નાનમ છે ? ઢાંકવું તો શરીરને છે ને ? તે પણ



લોકમર્યાદા અર્થે જ ને ? એ બધું કરીને પણ એમાં નથી ભાવનો આનંદ કે નથી અભાવનો વિષાદ. અને ત્યારે જ મા પારવતીને આંગણે બ્રહ્મવિદ્યાની ભિક્ષા માગવાની હિંમત પણ આવે. અને એ ઇપ્સિત ભિક્ષા પ્રાપ્ત કરીને ત્યાંથી પાછા વળે.

શ્રી અવધૂત ઘણી વાર કહે છે :

रथ्यासु बहुचीराणि भिक्षा सर्वत्र लभ्यते।
वारि कूपतडागेषु यतयः केन दुःखिताः॥

''ફાટ્યાંતૂટ્યાં ચીંથરાં રસ્તામાં ઘણાંય મળી આવે છે. પ્રાણ ટકાવવા પૂરતું રૂખુંસૂકું ભિક્ષાન્ન બધે મળે છે, તૃષા નિવારણ માટે કૂવા, તળાવ કે નદીનાળાંની ક્યાં ખોટ છે ? આટલું બધું આત્મૈશ્વર્ય સદા પ્રાપ્ત છતાં પરમાત્મપ્રાપ્તિ માટે પ્રયત્ન કરતા સાચા ત્યાગીને શું દુઃખ બળ્યું છે ?'' અસ્તુ.

આગળ શ્રી અવધૂત કહે છે, ''વગર યાચે બીજો આપે તે નવું નવું ભોજન દિવસમાં એક વખત કરવું, પણ રહેવું ક્યાં ?''

''સૂવું સમશાન મહીં કોડે.''

રાત્રે સૂવાને સ્મશાન ! આપણે મન જે ભયનું સ્થાન છે તે એની આત્મશાંતિ માટે નિર્ભય સ્થાન છે. સ્મશાનમાં રાત્રે જવાની હિંમત કોઈ ન કરે. અભય અવધૂત આનંદથી ત્યાં ઘસઘસાટ ઊંઘે ! કેવી ઈર્ષાસ્પદ અવસ્થા છે ! કેવી વિલક્ષણ સ્થિતિ છે ! જેને મન સ્મશાન અને શહેર, મહેલાતો અને અરણ્ય એક જ સરખાં છે તેને શું સ્મશાન કે શું મકાન. અહીં શ્રી અવધૂતે બે વાતોનો નિર્દેશ કર્યો છે. પ્રથમ આહારવિહાર પ્રત્યેનો વૈરાગ્ય અને બીજું 'અભય'. જ્યાં સુધી આહારવિહારમાં આસક્તિ હોય અને રસવૃત્તિ હોય ત્યાં સુધી સાધકની વૃત્તિ એકધારી પરમતત્ત્વમાં એકાગ્ર થતી નથી અને બુદ્ધિ પણ સ્થિર થતી નથી. ખાનપાન અને વસ્ત્રભૂષાની વરણાગીમાં દેહભાન રહેલું છે. અને તેથી દેહની અહંતાનો પ્રભાવ હોવાથી પરમતત્ત્વ તેનાથી દૂર જ રહે છે. જે સાચો સાધક છે તેને તો જે સમે જે મળ્યું તેનાથી જ દેહઅહંતારહિત કેવળ દેહના નિર્વાહ અર્થે જ ચલાવી લેવાનું છે. પછી ફાફડા થૂવરનાં ફળ ખાઈને કે વાલની દાળની ખીચડી ખાઈને સમય કાઢવો પડે તો, તેમાં મનમાં જરાય ક્લેશ ન થાય ત્યારે જ આવરણરહિત આનંદઅવસ્થાનો અનુભવ કરી શકાય.

જ્યારે સમસ્ત વિશ્વમાં એક જ પરમતત્ત્વ વ્યાપક છે એવી અદ્વૈતતત્ત્વમાં અટલ શ્રદ્ધા થાય છે ત્યારે તેને દ્વૈતના અભાવે ભય ઉત્પન્ન થતો નથી. સ્મશાનની નીરવ શાંતિમાં જ તે શાંત ચિત્તે આત્માનુસંધાન કરી શકે છે. અહીં શ્રી અવધૂતે સ્મશાન તો માત્ર સૂચક રીતે જ કહ્યું છે. તેના ગર્ભમાં અભયની ભાવના રહેલી છે. યોગીશ્રેષ્ઠ મહાદેવનો વાસ પણ સ્મશાનમાં જ કલ્પ્યો છે ને ? બીજો પણ અહીં એક બોધ થાય

છે. આગળ કહ્યું તેમ ભોજન કરવું એ તો કેવળ શરીરના નિર્વાહ અર્થે જ છે. પણ પારમાર્થિક પંથ પર ચઢેલા સાધકનું ભોજન સ્થૂળ અન્નરૂપી ભોજનથી કાંઈક વિલક્ષણ છે. તેને જે અન્નની આવશ્યકતા છે તે માનસિક છે. જે અન્ન દ્વારા તેનો આધ્યાત્મિક ઉન્નતિનો માર્ગ સરળ બને તે જ તેનું સાચું અન્ન છે. એ અન્ન બહારથી મળતું નથી. અંતરમાંથી જ એ અન્ન મળે છે. એ અંતરને સશક્ત રાખવાને જ સ્થૂળ શરીરના પોષણની જરૂર છે. મનને કેવા પ્રકારનો આધ્યાત્મિક આહાર આપવો તે પણ ગર્ભિત રીતે શ્રી અવધૂતે અહીં સૂચવ્યું જ છે. મનને વિષયોનો આહાર જોઈએ છે. વિષયોનો આહાર મનને રોજરોજ મળતો રહે એટલે જ મન સદોદિત વિષયાસક્ત રહે છે. જો મનને રોજરોજ એક જ અથવા બધાય વિષયોને બદલે રોજરોજ જુદા જુદા વિષયો તરફ આકર્ષી જઈએ તો તે અમુક એક જ વિષયમાં આસક્ત બનતું નથી. આજે રૂપ, કાલે રસ, પરમદિ ગંધ અને એમ જુદા જુદા વિષયોનો આસ્વાદ ચખાડીને તેના તરફથી તેને હટાવી દેવાથી, તેને તે વિષયોનો અભ્યાસ થતો નથી પણ એ વિષયો આગંતુક બની જાય છે. આગંતુક વિષયોમાં જ્યારે આસક્તિ થતી નથી ત્યારે મન તેમાં લોભવૃત્તિ પણ કેળવતું નથી. રૂપ કરતાં રસ સુંદર, રસ કરતાં ગંધ સુંદર, ગંધ કરતાં શબ્દ સુંદર અને શબ્દ કરતાં સ્પર્શ સુંદર. એમ પ્રત્યેક વિષય બીજા કરતાં સુંદર છે અને શ્રેષ્ઠ છે એમ મનને સમજાવીને, એ પાંચે વિષયો કરતાં પણ પરમશ્રેષ્ઠ વિષય તો ''અમરરસ'' છે એમ મનને સમજાવીએ અને એ અમરરસનું એક જ બિંદુ તેને ચખાડીએ, તો પછી એ મન ભૌતિકરસરૂપી વિષયો પ્રત્યે વૈરાગ્યવૃત્તિયુક્ત બનશે. પછી એ વિષયોની આસક્તિ સજીવન થવાનો સંભવ નથી.

અહીં ''દા'ડે'' શબ્દ પણ વિચારવા જેવો છે. ''દા'ડે'' એટલે વિવેકના પ્રકાશમાં. સાર-અસારનો વિચાર કરીને અસાર વસ્તુનો ત્યાગ કરી સારવસ્તુના ગ્રહણનો અહીં ગૂઢાભિસંકેત છે. વળી નિત (હમેશાં) નિત્ય નવું જ, -રોજ નવુંનવું દેખાય છે. જેમ જેમ વિચાર કરીએ તેમ તેમ જેમાં કંઈક ઓર અલૌકિકતા જણાય છે, અને છતાં જે ક્ષણજીવી નથી પણ નિત્ય જ, ત્રણે કાળમાં રહેનારું, શાશ્વત, સનાતન એટલે જ નિત્ય નૂતન ''सत्यं शिवं सुन्दरम्'' એવું જે પરમતત્ત્વ છે તેને ખાવાનું-ચિંતન દ્વારા અંદર ઉતારી આત્મસાત્ કરવાનું-જીવન સાથે એકરૂપ બનાવવાનું સૂચન પણ અહીં ચિન્ત્ય છે.

વળી સ્મશાનમાં સૂવાની પણ વાત કરી. આધ્યાત્મિક દૃષ્ટિએ સ્મશાન કયું ? શુભાશુભવૃત્તિઓને બાળી નાખવાનું-નિઃશેષ કરવાનું સ્થાન જે મનુષ્યનું અંતઃકરણ તે. ત્યાં સૂવાનું એટલે વૃત્તિને અંતર્મુખ કરી, જાતને અને જગતને ભૂલી જઈ સહજ આત્મચિંતનમાં પડી રહેવાનું. શ્રી અવધૂતે પોતાને પડી રહેવાના સ્થાનનો ખ્યાલ આપતાં

"હમારા અસ્થાન મરઘટ ઘાટ."

એ ભજનમાં આ સ્મશાનનું સુંદર વર્ણન કર્યું છે. (અવધૂતી આનંદ ભજન સંખ્યા ૯૧)



ભા.- ૧

આમ શ્રી અવધૂતે ભોજન અને શયનની વાત કરી. હવે આગળ શું કહે છે તે જોઈએ.

"ફરવું પેદલ, ન કદિ ઘોડે; હડધૂત બધે હું અવળ જતિ."

આગળ કહ્યું તેમ આ ગીત આખુંય શ્રી અવધૂતની પરિવ્રાજક અવસ્થાનું શબ્દચિત્ર છે. તેમાંથી શ્રી અવધૂતની સાધનકાળની વિષમતાઓની આપણને કાંઈક ઝાંખી થાય છે. કોઈક વખત વિનોદમાં એ અવસ્થાનું શ્રી અવધૂત જ્યારે વર્ણન કરે છે ત્યારે આનંદ પણ થાય છે અને ખેદ પણ થાય છે. આપણો એ ખેદ ઐહિક વૃત્તિને કારણે છે. શ્રી અવધૂતને એ સંકટજનક અવસ્થામાં પણ સંકટજનિત વિષાદનો અનુભવ થતો નથી. અસ્તુ.

સાધક અવસ્થામાં શ્રી અવધૂતે પરિવ્રાજક તરીકે જે પરિભ્રમણ કર્યું છે તે પણ તપશ્ચર્યાની દૃષ્ટિએ અનુકરણીય છે. દેહઅહંતા ક્ષીણ થઈ દેહનું વિસ્મરણ થવા માટે વિવેકપૂર્ણ દેહદમન આવશ્યક છે. સમજપૂર્વકનું દેહદમન એ પણ તપશ્ચર્યાનો એક પ્રકાર છે. દેહને તાવીને, દેહાસક્તિ ક્ષીણ કરીને દેહને કેવળ બ્રહ્મપ્રાપ્તિના સાધન તરીકે જ સુરક્ષિત રાખવાની ભાવના કેળવવી, એ પણ આધ્યાત્મિક ઉન્નતિ અર્થે આવશ્યક છે. જેમ જેમ શરીરની સુખસગવડો તરફ વૃત્તિ વળતી જાય તેમ તેમ પારમાર્થિક પ્રાપ્તિ તરફ દુર્લક્ષ થતું જાય છે. શરીરના સુખનાં સાધનો સંપાદન કરવામાં શક્તિનો કેટલો વ્યય થાય છે તેની આપણને કલ્પના નથી આવતી. શરીર અને સંસાર જ્યાં સુધી મનમાં મોખરે રહે છે ત્યાં સુધી પરમતત્ત્વને પ્રાપ્ત કરવાની વૃત્તિ મોળી જ હોય છે. અને તેથી તેને માટે પુરુષાર્થ કરવાની વૃત્તિ થતી નથી. શરીર જ્યારે આહારવિહારની વિપુલતાથી હૃષ્ટપુષ્ટ હોય છે ત્યારે ઇન્દ્રિયો પણ ભાગ્યે જ શાંત અને સ્વસ્થ રહી શકે છે. પરમતત્ત્વની પ્રાપ્તિ અર્થે તો મનોનિગ્રહ અને ઇન્દ્રિયદમન આવશ્યક છે. ઇન્દ્રિયોને વિષયોમાં મુક્ત વિહાર કરવા દઈને પરમતત્ત્વની પ્રાપ્તિની આશા રાખવી એ નિરર્થક છે. ઇન્દ્રિયોને તો કાચબા પેરે બધી બાજુએથી સંકુચિત કરીને એક જ વૃત્તિમાં કેન્દ્રિત કરવાની આવશ્યકતા છે. પેદલ ચાલવાનું તો એક નિમિત્ત છે. એની પાછળ શ્રી અવધૂતનો આશય ગૂઢ છે. પ્રથમ તો વાહનની પરતંત્રતાના કારણે પરાઈ દયા પર રહેવું પડે. શ્રી અવધૂત ધનને તો સ્પર્શ કરતા નથી, તો પાસે તો પાઈ સરખી પણ કેમ રાખે ? રેલની મુસાફરી કરવી હોય તો બીજાઓ પ્રમાણે શ્રી અવધૂત ટિકિટ વિના કોઈ દિવસ મુસાફરી કરતા નથી. અને તેથી ટિકિટ માટે કોક પાસે હાથ લાંબો કરવો પડે. દયામણે મોંએ યાચના કરવાનું શ્રી અવધૂત શીખ્યા નથી. વાહનની

મુસાફરીમાં પણ કોક પાસે વાહન માગવું પડે. રવડતા રઝળતા શ્રી અવધૂતને વાહન પણ કોણ આપે ? ''એવા તો ઘણાય સાધુ બાવા ભમતા ફરે છે'' એમ કહીને એને કોઈ વાહન પણ ન આપે. પ્રભુએ પગ આપ્યા છે, શરીરમાં સંચારશક્તિ આપી છે તો પછી પરાઈ દયા અને પરાધીનતા શા સારુ ભોગવવી પડે ? એવી પરિવ્રાજક અવસ્થામાં જ માણસની ખરી કસોટી પણ થાય છે. શ્રી અવધૂતની ગતિની તમને કલ્પના પણ નહીં આવે ! શ્રી અવધૂત પોતાની સ્વાભાવિક ચાલમાં ચાલતા હોય ત્યારે એની સાથે કદમ મેળવવા તમારે દોડવું પડે અને તોય તમે એને ન પહોંચી શકો ! એને જ્યારે જરાય શ્વાસ ન ચઢે ત્યારે તમે હાંફી જાવ. એને જ્યારે જરાય બેસવાનું કે વિશ્રામ લેવાનું મન સરખું પણ ન થાય ત્યારે તમારે વિસામો ખાવો પડે. તમને થોભ્યા વિના ન ચાલે. અને ત્યારે જ રોજના ચાળીસ પચાસ માઈલની મુસાફરી કરીને શ્રી અવધૂત નર્મદાપરિક્રમા જેવી વિકટ પરિક્રમા માત્ર ૧૦૮ દિવસ ચાલીને પૂરી કરે ને ! હવે તો અવસ્થાને કારણે પરેચ્છાએ શ્રી અવધૂત વાહનમાં અને રેલમાં મુસાફરી કરે છે. જ્યારે આ ગીત લખાયું ત્યારે તો એ શરીરમાં યૌવનનું જોમ હતું, પરમતત્ત્વના અપરોક્ષ અનુભવની તીવ્ર ઉત્કંઠા હતી અને તેથી એને દેહની કોડીની પણ કિંમત નહોતી, વાહનની સ્પૃહા નહોતી અને ધ્યેયસિદ્ધિ અર્થે શરીર રહે કે પડે તેની પણ એને ક્યાં પરવા હતી ? એ ધીરગંભીરને મૃત્યુનો ભય નહીં, જીવનનો મોહ નહીં, શરીરના સુખની લાલસા નહીં અને શરીરની ક્રિયાઓનું પણ પૂરું ભાન નહીં. ચાલવું તો ચાલવું, સૂવું તો સૂવું, બેસવું તો બેસવું. શરીરની એ બધી ક્રિયામાં જેને મનનું અનુસંધાન હોય તેને ચાલતાં થાક લાગે, ઊંઘ આવે, બેસતાં થાકી જવાય, અને એવું બધું દેહભાનને અનુરૂપ થાય. પણ ચાલતાં ચાલતાં જેને પાછા વળીને જોવાનું જ ન હોય તેને શું થાય ? જરા લાંબું થયું ખરું, પણ જરૂરનું છે. શ્રી અવધૂતના ગીતને સમજતાં સમજતાં શ્રી અવધૂતને ઓળખવાનો પણ આપણે પ્રયત્ન કરવો જોઈએ. શ્રી અવધૂતની માટી કો'ક અનેરી કોટિની છે એમ માન્યા વિના ચાલતું જ નથી. શ્રી અવધૂતે તપશ્ચર્યાનો એક આદર્શ સમાજ સમક્ષ રજૂ કર્યો છે. સાધુજીવનનું ગાંભીર્ય સમાજ આગળ રજૂ કર્યું છે. સાધુ એટલે એક આદર્શ છે એવો સિદ્ધાંત પણ સમાજ આગળ વર્તન અને વાણી દ્વારા રજૂ કર્યો છે.

અહીં પેદલ ચાલવાની વાત દ્વારા પરાવલંબનનો ત્યાગ કરી સ્વાવલંબી થવાની, ઘોડે ન બેસવાની વાત દ્વારા મનને ઘોડે બેસી એ નચાવે તેમ ન નાચવાનું ગર્ભિત સૂચન રહેલું છે.

આ તો પેદલપ્રયાણની વાત થઈ. હવે એ પરિભ્રમણમાં શ્રી અવધૂતને આદર અને અનાદરના અનેક અનુભવો થયા છે. તેનો સંકેત કરતાં શ્રી અવધૂત કહે છે :





"હડધૂત બધે હું અવળ જતિ."

જેમ તપશ્ચર્યાની દૃષ્ટિએ પાદચારી પરિભ્રમણ આવશ્યક લાગ્યું છે, જેમ એક જ સ્થાનમાં રહીને "મારું સ્થાન" એવા મમત્વપૂર્ણ અવસ્થાના ત્યાગ અર્થે પરિભ્રમણ આવશ્યક છે, જેમ ભોજન અને ભોજ્ય પદાર્થોમાં સર્જાતી આસક્તિનું નિરસનં કરીને, લોલુપતા પર વિજય પ્રાપ્ત કરવાને નિતનિત નવું ભોજન–જેવું મળે તેવું–કરવાની આવશ્યકતા છે તે જ રીતે દેહઅહંતાના ત્યાગ અર્થે માનાપમાનની ભાવનાનો ત્યાગ પણ આવશ્યક છે. અનાદર, અપમાન અને કટુ વાક્પ્રહાર સાંખવાની સહનશક્તિ કેળવીને એ ભાવથી જ્યાં સુધી પર નહીં થવાય, ત્યાં સુધી સાધારણ રીતે એવી પરિસ્થિતિ ઉત્પન્ન થાય ત્યારે માનવી સ્વભાવથી જ ક્રોધિત બને છે. દેહ અહંતાને કારણે એ ક્રોધ દ્વારા અનર્થ ઊપજે છે. જ્યારે બીજાઓને માનાપમાનની વૃત્તિ જાગ્રત થાય છે ત્યારે અહીં શ્રી અવધૂત એ વૃત્તિનો લય કરવા માટે જ્યાં ત્યાં અટવાય છે, અનેક પ્રકૃતિના મનુષ્યના પરિચયમાં આવે છે, એને કોઈ જે કહે તે શ્રવણ કરે છે. સારું કહે તો ભલે, માઠું કહે તો ભલે. કોક ચોર માનીને રાતવાસો રહેવા પણ ન દે, કોક ઢોંગી ગણીને જ્યાં જાય ત્યાંથી હાંકી કાઢે અને કોક વળી આવકાર પણ આપે. એ બધીય પરિસ્થિતિમાં મન વિકારી ન બને, હર્ષ કે શોક ન થાય, વિષાદની તો એક રેખા સરખી પણ મુખ પર ન દેખાય ! એ અભ્યાસ કરવાને જ શ્રી અવધૂતે અજ્ઞાત અને વિચિત્ર વેશે પરિભ્રમણ કરવાનું સ્વીકાર્યું એમ કહેવું પણ અજુગતું નથી. મનથી વિકારો પર વિજય મેળવ્યો એમ આપણે માનીએ પણ જ્યારે સંયોગો ઊભા થાય છે ત્યારે એ વિકારો જાગ્રત થાય છે અને આપણે ઠગાઈએ છીએ. પ્રસંગવશાત્ શ્રી અવધૂતે કહ્યું : "દારૈષણા અને વિતૈષણા પર વિજય મેળવવો પ્રમાણમાં સહેલો છે પણ લોકૈષણા પર વિજય મેળવવો અતિ કપરો છે." એ કપરી પરિસ્થિતિ પર વિજય પ્રાપ્ત કરવાને અને તે દ્વારા આત્મસ્થિતિ દૃઢ કરી, દેહ અહંતાની સંપૂર્ણ નિવૃત્તિ અર્થ શ્રી અવધૂતે આ એક સફળ અખતરો કર્યો છે એમ કહેવું અયોગ્ય નથી. શ્રી અવધૂતના એ રઝળાટમાં જ્યાં જ્યાં એ જાય ત્યાં અવળજતિ (લોક પ્રવાહથી ઊંધે રસ્તે ચાલનાર)ની પેરે અપમાન પામીને તેમાં આનંદ માણે છે. એમ કરીને દેહાસક્તિની વૃત્તિનો ક્રમશઃ લય કરે છે અને આત્મસ્થિતિની દૃઢતા કરતા જાય છે. શ્રી અવધૂત પ્રસંગોપાત્ત પોતાની એ પરિવ્રાજક અવસ્થામાં પોતાને થયેલા અનુભવોની વાતો કરે છે ત્યારે ખરે જ આનંદ થાય છે. આપણે જો એવી પરિસ્થિતિમાં હોઈએ તો વિવાહનું બારમું જ કરીએ. આ તો અવધૂત-અવળજતિ. એનો રાહ આપણા કરતાં જુદો. કોઈ એને ધૂની કહે, કોઈ એને ગાંડો કહે, કોઈ એને ચોર માને, કોઈ એને ઢોંગી માને અને એ બધું અપમાન એ શાંત

ચિત્તે ગળી જાય, હડધૂત થાય. એ અનુભવમાંથી તાત્પર્ય એક જ નીકળે છે કે સાચો સાધક અપમાન સહન કરીને દેહાસક્તિમાંથી મનને મુક્ત કરતો જાય છે. ''અનુભવ વિના પૂર્ણતા પ્રાપ્ત થતી નથી'' એ સત્ય શ્રી અવધૂતે પોતાના જીવનમાં અક્ષરશઃ ઉતાર્યું છે. સાચા સાધકને એ જ પોતાના જીવનમાં ઉતારવાની શ્રી અવધૂતે અહીં સલાહ આપી છે. સાધકે દેહાસક્તિમાંથી મુક્ત થવાની જરૂર છે. અપમાનને ગળી જવાની જરૂર છે. અનાદર થાય, અપમાન થાય કે કટુ વાક્પ્રહાર કાને અથડાય તો પણ અંતરની શાંતિ અભંગ રહે એ પ્રકૃતિને કેળવવાની જરૂર છે. અપમાન કે સન્માન થાય છે તે દેહનું, આત્માનું નહીં. એ ભાવના કેળવવાને આ અખતરો કરવા જેવો છે. પણ એમાં જો અપમાન કે અનાદરથી મનમાં કલેશ થશે, મનમાં ડંખ રહેશે તો એ અખતરો કરવો ન કરવો સરખો જ છે. અનાદર અને અપમાન તરફ ઉપેક્ષા અને વિસ્મૃતિ કેળવવી ઘટે. અવળજતિની એ અવળી રીત છે. કોઈ કહેશે મને ક્રોધ આવતો જ નથી, કોઈ કહેશે મને માન અને અપમાન સરખાં જ છે, પણ તેની કસોટી પ્રસંગ આવ્યે જ થાય છે. આવા પ્રસંગમાં એ કસોટીમાંથી જે પાર ઊતરે છે તે જ ઊગરે છે. મનની પરીક્ષા માટે પ્રસંગ ઊભો કરવાની જરૂર નથી. મન એટલું કિન્નાખોર અને દગાખોર છે કે ક્યારે દગો દેશે તે કહી શકાય નહીં. જ્યારે અનાયાસે એવા પ્રસંગો અને પરિસ્થિતિ સર્જાય ત્યારે તેમાં મનને મનાવી લેવું એ જ જરૂરનું છે. શ્રી અવધૂતે અન્યત્ર

''મનકો બિન મારે ગોસાંઇ, ઐસો મિલે ન કબહૂ ભાઈ !''

એમ કહ્યું છે. મનને મારવાનો આ એક અખતરો પરમતત્ત્વની પ્રાપ્તિ અર્થે કરવા જેવો છે.

આગળ ચાલતાં શ્રી અવધૂત કહે છે :

''ના વસ્ત્ર દિગંબર હું ભટકું, માગું કોરાન્ન કરી ખટકું,
થાએ સ્હામો તેને પટકું, યમરાજ કરે આવી પ્રણતિ!!''

દિશા જેનું અંબર છે તે દિગંબર અથવા દિશાનું જેને અંબર છે તે દિગંબર. પરમાત્મા અંદર અને બહાર વ્યાપ્ત હોવાથી તે દિગંબર છે. તેને કાંઈ જ વસ્ત્રપરિધાન નથી. તેનું શુદ્ધ સ્વરૂપ આવરણરહિત તેજઃપુંજ છે. એવા આત્માને જાણીને, આત્મદર્શન કરીને, આત્મા બનેલાને પાંચ ભૂતના આ દેહની લાજમર્યાદાની શી પડી છે ?

''ના વસ્ત્ર દિગંબર હું ભટકું.''

શ્રી અવધૂતના શબ્દો ગૂઢ રહસ્યથી ભરેલા છે. પ્રસંગ છે મા પારવતી પાસે બ્રહ્મવિદ્યાની ભિક્ષા માગવાનો. એ પ્રસંગે જ્યારે શ્રી અવધૂત આ શબ્દો ઉચ્ચારે છે ત્યારે તે લૌકિક વસ્ત્રપરિધાનની વાત કરે છે એમ માનવું એ મર્યાદિત બુદ્ધિની અથવા કેવળ શબ્દાર્થની કલ્પના કરવા જેવું છે. લૌકિક



વસ્ત્રપરિધાન, દેહની લજ્જા અને લૌકિક મર્યાદા ક્યાં સુધી રહે ? જ્યાં સુધી દેહ છે અને દેહમાં અહંતા છે ત્યાં સુધી. મૃતશરીરને વસ્ત્રપરિધાન કરવાની વૃત્તિ જાગે તો આત્મક્રીડ, આત્મરત અને આત્મતૃપ્તને વસ્ત્રનું ભાન રહે. મૃતશરીરને પણ આપણે વસ્ત્ર પહેરાવીએ છીએ અથવા આચ્છાદિત કરીએ છીએ કારણ કે આપણી દેહબુદ્ધિ છે. આપણી લિંગબુદ્ધિ છે. મૃતશરીરને જેમ કાયાની કશી જ પડી નથી, તેમ પરમતત્ત્વમાં લીન બનેલાને દેહભાનના અભાવે દેહ ઢાંક્યો છે કે ઉઘાડો છે તેની કશી જ પડી નથી. એવી આત્મરતિયુક્ત અવસ્થાનો અહીં શ્રી અવધૂતે સંકેત કર્યો છે.

બીજી દૃષ્ટિએ વિચાર કરીએ તો માતાની પાસે બાળક જાય છે ત્યારે શું વસ્ત્રો પહેરીને જાય છે ? માતાની સન્મુખ લજ્જા અને મર્યાદાનો પડદો રહેતો નથી. માતાએ તો એને વસ્ત્ર પહેરાવવાનો અભ્યાસ પાડ્યો છે અને તેથી તે વસ્ત્ર પહેરતો થયો છે. માતા પાસે તે જઈને ઊભો રહે ત્યારે નિરાવરણ હોવો જરૂરનું છે. જ્યાં સુધી આવરણ છે ત્યાં સુધી સ્વરૂપની ભિક્ષા માતા પણ ન આપે. દુર્યોધન માતા પાસે અમર થવા ગયો પણ તેને લજ્જા અને મર્યાદાનું આવરણ હતું અને તેથી તે કટીથી જંઘા સુધી પુષ્પનો તંગિયો પહેરીને ગયો. માતાની દૃષ્ટિ પડતાં તેનું શરીર અમર બન્યું પણ દેહનો જે ભાગ આવરણયુક્ત હતો તે જ તેના મૃત્યુનું સ્થાન નિર્માયું. ભીમની ગદા પણ તેની જંઘા ઉપર જ પડી. જ્યારે શ્રી અવધૂત માતા પારવતી પાસે બ્રહ્મવિદ્યાની ભિક્ષા માગે છે ત્યારે તો તેણે ખરેખર વાસનારૂપી વસ્ત્રો ફેંકી દઈ આવરણરહિત દિગંબર થઈને જ જવું ઘટે. અને તો જ તે એ વિદ્યાનો અધિકારી પણ બને. બ્રહ્મવિદ્યાની પાત્રતા માટે તો ત્રિગુણાત્મક વૃત્તિઓના આવરણ માત્રથી મુક્ત થવાનું શાસ્ત્રોએ પણ કહ્યું છે. શ્રી ભગવાને પણ અર્જુનને

"निस्त्रैगुण्यो भवार्जुन"

એમ કહ્યું છે. શ્રી અવધૂતે દિગંબર બનીને ભટકવાની વાત એ કારણે અહીં કહી છે. અસ્તુ.

અહીં શ્રી અવધૂત આત્મસ્વરૂપમાં મગ્ન ઉન્મત્ત અવસ્થાનું વર્ણન કરે છે. કોઈ પણ પ્રકારના ઐહિક કે આંતરિક આચ્છાદનરહિત કેવળ દિગંબર અવસ્થામાં જ પોતે ભટકે છે એમ શ્રી અવધૂત કહે છે. આગળ કહ્યું તેમ જ્યાં સુધી દેહભાન છે ત્યાં સુધી જ શરીરના આચ્છાદનનું પણ ભાન રહે છે. સંપૂર્ણ સાત્ત્વિક વૃત્તિના ઉદય સાથે જ્યારે દેહભાન ભુલાય ત્યારે પોતે નગ્ન છે કે વસ્ત્ર પહેર્યું છે, વ્યવસ્થિત રીતે પહેર્યું છે કે અવ્યવસ્થિત રીતે પહેર્યું છે તેનું તેને ભાન રહેતું નથી. વસ્ત્ર સમાજમર્યાદા અને દેહરક્ષણ પૂરતાં જ છે. આત્મરતિસિદ્ધને શરીરમર્યાદા જેવું કશું જ રહેતું નથી. ભગવાન આગળ તો આપણે જેવા છીએ તેવા નિર્દંભ, નિરાવરણ અને નિરહંકાર દેખાવા જોઈએ. વસ્ત્રનો દંભ ત્યાં નકામો છે. મનુષ્ય જ્યારે

વિકારરહિત બની જાય છે ત્યારે જ તેને આત્મદર્શન થાય છે. એ જ અર્થમાં શ્રી અવધૂતે પોતાની દિગંબર અવસ્થાનું વર્ણન કર્યું છે. વાસ્તવિક દિગંબર અવસ્થા આપણે માનીએ છીએ તેનાં કરતાં વિલક્ષણ છે.

ભટકે છે તો દિગંબર બનીને પણ ખાવાનું શું ? શ્રી અવધૂત કહે છે :

"માગું કોરાન્ન કરી ખટકું."

શ્રી અવધૂતે અહીં આહારશુદ્ધિનો નિર્દેશ કર્યો છે. ભિક્ષા માગવાનો પ્રસંગ આવે છે ત્યારે પોતે પકવાન માગતા નથી. પણ સૂકું અન્ન માગે છે. એ રીતે રસનાઇન્દ્રિયની લોલુપતાનો પણ પોતે અંત આણ્યો છે એવું ગર્ભિત સૂચન કર્યું છે. અને તેથી જ સૂકું અન્ન લઈને કાચુંપાકું ખાઈ લે છે. કાચું-ચડ્યું જોવાનું પણ એને ભાન નથી. કવચિત્ યથાપ્રાપ્ત સડેલા વાલની દાળની ખીચડી ખાઈને પણ જવરગ્રસ્ત અવસ્થામાંયે સંતોષથી પડી રહે છે. અને ત્યારે જ શ્રી અવધૂતને ચોર, ડાકુ યા ઢોંગી માનીને એવી જવરગ્રસ્ત અવસ્થામાં પણ કોઈ ઠરીને રહેવા દેતું નથી. એ માગે છે તે પણ

"કરી ખટકું"

બીજાઓની માફક કરગરીને, પેટનો ખાડો બતાવીને દયામણે મોંએ એ માગતા નથી. એ ભિક્ષા પણ અધિકારયુક્ત સ્વમાન જાળવીને જ માગે છે. અહીં કોરાન્ન – કોરુંકટ કોઈ પણ જાતના ડાઘાડુઘી કે બગાડ વગરનું એટલે જ નિત્યનિરંજન નિષ્કલંક બ્રહ્મરૂપી અન્ન એવો પણ અર્થ ગર્ભિત છે.

અને પછી ? શ્રી અવધૂત કહે છે :

"થાયે સ્હામો તેને પટકું."

આગળ આપણે અભય અવસ્થાનું વર્ણન કર્યું છે. એ સંપૂર્ણ રીતે અભય હોવાથી એની સામો જે આવે તેને પટકવાની વાત શ્રી અવધૂત કહે છે. એમાં અવિવેક કે અવિનય નથી પણ નીડરતા છે. જે સર્વ રીતે અભય છે તેને કોઈ પણ ડરાવી શકતું નથી. સામો કોઈ અવિવેક કે અવિનય કરે તો તેને પટકવાની પણ એનામાં શક્તિ છે. જેનું નામ સાંભળીને જ આપણે ધ્રૂજી ઊઠીએ તેવા યમરાજનો પણ એને ભય નથી અને તેથી એ યમરાજને પણ એ પડકારી શકે છે. કહેવાનું તાત્પર્ય એ છે કે બ્રહ્મવિદ્યાને આંગણે ઊભી કેવળ બ્રહ્મને જ લક્ષ્ય રાખી, બ્રહ્મમાં જ જે તન્મય બન્યો છે તેણે જગતમાં જે જાણવાનું છે તે જાણ્યું છે અને પામવાનું છે તે પ્રાપ્ત કર્યું છે. તેને નથી હોતો ભય કે નથી હોતી કોઈની સ્પૃહા. જેને મરણની લહર આવે તેને મૃત્યુ પણ શેં ડરાવે ? એટલે તે પોતાની જ મસ્તીમાં વનવગડામાં એકલો અટુલો ભટકે છે ત્યારે પણ તેનું નામ સરખુંય કોઇ લેતું નથી. એના અધિકારને પડકાર કરનાર કોઈ પાક્યો નથી અને પાકશે પણ નહીં.

હવે



"થાયે સામો તેને પટકું."

એનો ગૂઢાર્થ જોઈએ તો, "જે કોઈ એ કોરાન્ન એટલે એ બ્રહ્મવિદ્યાની પ્રાપ્તિમાં સામું થાય એટલે અંતરાય નાંખે કે વચમાં નડે કે પાછો પાડવાનો યત્ન કરે તે સર્વ પ્રતિકૂળ પરિસ્થિતિ કે કારણોને પ્રભુકૃપાથી દબાવી દઉં છું અને એ વિષમ સંજોગો પર સ્વાર થઈ એ કોરાન્નની ભિક્ષા મેળવું ત્યારે જ જંપું છું", એવો થાય છે.

એ ભિક્ષા પ્રાપ્ત થઈ તેનું સેવન કર્યા પછી શી સ્થિતિ થાય છે તેનો સંકેત કરતાં કહે છે કે :

"તારલિયા અંતરમાં વિલસે, ચાંદો અનિમેષ તિમિર ગ્રસે,
બસ એક જ 'રંગ' સુદિવ્ય દિસે, ભાસે સઘળે કૈલાસપતિ."

આ છે સાધકની અંતિમ અવસ્થા. બ્રહ્મવિદ્યાની પ્રાપ્તિનું પરિણામ પણ એ જ છે.

"वासुदेवः सर्वमिति"

એ ભાવના જાગ્રત થાય છે અને સમસ્ત સચરાચર દૃશ્યાદૃશ્ય સર્જન કેવળ પ્રભુનું જ સ્વરૂપ જણાય છે ત્યારે ધ્યાતા, ધ્યાન અને ધ્યેય, દ્રષ્ટા, દર્શન અને દૃશ્ય વગેરે બધો જ ત્રિપુટીમય સંસાર સમાપ્ત થઈ જાય છે. એકમેવાદ્વિતીય પરમતત્ત્વનો જ બધે આવિર્ભાવ જણાય છે. અને ત્યારે જ બધામાં રહેલું એ પરમતત્ત્વ પોતે જ છે એવી પ્રતીતિ કરીને સાધક પોતે જ બ્રહ્મને જાણી, બ્રહ્મમાં એકરૂપ બની, જગતમાં શરીરથી વિચરે છે. એવી આત્માવસ્થા પ્રાપ્ત થાય છે ત્યારે સર્વત્ર પ્રકાશ જ પ્રકાશ જણાય છે. તેમાં તારા અને ચંદ્ર, સૂર્ય અને અગ્નિ આદિના પ્રકાશનો પણ લય થઈ જાય છે.

"તારલિયા અંતરમાં વિલસે."

એ શબ્દો દ્વારા શ્રી અવધૂત અંતરના પ્રકાશની વાતનું સૂચન કરે છે.

"ચાંદો અનિમેષ તિમિર ગ્રસે."

એ શબ્દો દ્વારા ચંદ્રનો શાંત અમૃતમય પ્રકાશ જેમ રજનીના અંધકારને એક સરખી રીતે ગ્રસે છે તેમ પરમતત્ત્વનો શાંત અમીરસભર્યો પ્રકાશ પણ અંતરના અજ્ઞાનરૂપી અંધકારને સતત ખાઈ જાય છે એવું સૂચન કર્યું છે. તેના પરિણામે એક જ અત્યંત દેદિપ્યમાન સ્વસ્વરૂપનાં અખંડ દર્શન--આત્માનો સાક્ષાત્કાર થાય છે. એ ઓજસપૂર્ણ આત્મા એ જ નિષ્કલંક સ્વરૂપાનુભૂતિના શિખર--કૈલાસ પર બિરાજનાર કૈલાસપતિ શિવશંકર છે. આત્મા--બ્રહ્મ જ સર્વત્ર સર્વવ્યાપક હોવાથી,

"ભાસે સઘળે કૈલાસપતિ."

"કૈલાસના નાથ, દેવોના દેવ મહાદેવનાં જ બધે દર્શન થાય છે" એમ શ્રી અવધૂતે કહ્યું છે. અહીં વિશ્વ અને એમાં થતી બધી ઘટનાઓ

એ બ્રહ્મનો જ ચિદ્‌વિલાસ કે લીલા છે એમ કહેવાનું તાત્પર્ય છે.

અદ્વૈતનો આ સિદ્ધાંત શ્રી અવધૂતે સુંદર રીતે સાધકને સમજાવ્યો છે. તારલિયા વગેરેથી યોગાભ્યાસ દ્વારા ષટ્‌ચક્રનો ભેદ કરીને બ્રહ્મરંધ્રમાં અંતિમ આત્મદર્શન થાય તે પહેલાં ચંદ્ર, સૂર્ય, તારા વગેરે અપાર્થિવ જ્યોતિઓનાં અંદર થતાં દર્શન પ્રત્યે પણ સંકેત કર્યો છે. અને અંતે એ સર્વ આગંતુક જ્યોતિઓને દબાવી, એ બધાને પ્રકાશ આપતી અખંડ સ્વયંભૂ આત્મજ્યોતનો નિર્દેશ કર્યો છે. તારલા, ચાંદો, સૂર્ય આદિનાં તેજ સંસારને પ્રકાશ આપે છે પણ એ બધાનું તેજ તો ક્ષણિક છે. એ તેજ જ્યાંથી આવે છે તે તેજનો ઝરો તો અખૂટ છે, અખંડ છે. અને તેથી જેમાં અંધકારનો આવિર્ભાવ નથી એવા પરમતેજનો અહીં નિર્દેશ કર્યો છે. એ પરમતેજ જેમ સર્વવ્યાપક છે તેમ પ્રાણીમાત્રના અંતરમાં પણ તે જ પ્રકાશ અનિમેષ રહેલો છે. ભૌતિક તારા અને ચંદ્ર આથમશે પણ અંતરમાં રહેલી એ પરમજ્યોત—એ આત્મચંદ્ર આથમતો પણ નથી અને તેનો ઉદય પણ નથી. એ આત્મજ્યોત સ્વયંસિદ્ધ છે. તેનું જ તેજ જગતપર પથરાયેલું રહે છે. અહીં ''અનિમેષ'' શબ્દનો પ્રયોગ સહેતુક કરવામાં આવ્યો છે તેનું પણ એ જ કારણ છે. અંધકાર અને પ્રકાશ તો કેવળ દૃષ્ટિભેદ જ છે. ખરું જોતાં અંધકાર જેવું કાંઈ પણ નથી. જગતનો વ્યવહાર સૂર્ય વડે ચાલે છે. સૂર્યના અભાવે ચંદ્ર વડે, ચંદ્રના અભાવે તારાના તેજ વડે ચાલે છે. તારાના તેજના અભાવે દીપક—અગ્નિના તેજ વડે ચાલે છે. અગ્નિના તેજના અભાવે આત્માના તેજ વડે ચાલે છે. એટલે જેને આપણે અંધકાર કહીએ છીએ તેમાં પણ આત્માના તેજનો પ્રભાવ તો છે જ. તે તેજ ઝીલવાની, જોવાની આપણી પાસે દૃષ્ટિ નથી. અને તેથી આપણે સૂર્યાદિના તેજના અભાવને અંધકાર માનીએ છીએ. વસ્તુતઃ તો એ બધું તેજ આત્માનું જ તેજ છે. એ તેજનો કોઈ પણ વખતે અભાવ થતો જ નથી. આત્મા તેજઃપુંજ છે અને પરમાત્માનો અંશ છે. પરમાત્મા બધે જ વિલસે છે એટલે પ્રકાશ જ બધે વિલસે છે. અંધકારની કેવળ ભ્રાંતિ છે. એ ખરેખર અંધકાર હોય તો ઘુવડ, બિલાડાં વગેરે પ્રાણીઓ એ અંધકારમાં પોતાનું ખાદ્ય શી રીતે પ્રાપ્ત કરી શકે ? એ અંધકારમાં પણ પ્રકાશનું દર્શન કરવા માટે કેવળ દૃષ્ટિ ફેરવવાની જરૂર છે. એ દૃષ્ટિપરિવર્તન થતાં સઘળે એક જ એક, કરોડો ચંદ્ર તારાઓના પ્રકાશને આવરી લેતા પ્રકાશપુંજના અખંડ અવિનાશી પ્રચંડકાય શાંતિના સ્રોતસમો કૈલાસપતિ નજરે પડે છે અને જીવાત્માની ભિક્ષાવૃત્તિનો અંત આવે છે. અસ્તુ.



(૯)

(રાગ–માઢ, તાલ કહેરવા)

(ક્યાંથી આ સંભળાય–એ રાહ)



ભા.- ૧

શૂન્યશિખર પર ચઢી, નિહાળ્યો વિજળીનો ચમકાર !
સખી, મેં વિજળીનો ચમકાર !! ટેક.

ચપળા ના એ વાદળ ત્યાં ના, નૂર જ અપરંપાર ! – સખી –(૧)
ચંદા સૂરજ આતશ નાહીં, દીપક કોણ જ બાપ ? – સખી –(૨)
કાળો ધોળો રાતો નાહીં, એક અમાપ જ ભાસ ! – સખી –(૩)
મનડું મોહ્યું, ચિતડું ચોર્યું, દિલ આનંદ અપાર !– સખી –(૪)
રંગ કૃપા ગુરુ રંગ નિહાળ્યો, નિંદ ગંવાઈ રાત !!– સખી –(૫)

શૂન્યશિખર એટલે મસ્તકમાં રહેલું 'સહસ્રદલ' કમળ. શરીરનું દસમું દ્વાર તે બ્રહ્મરન્ધ્ર. શરીરનાં નવ દ્વારની અપેક્ષાએ એને દસમું દ્વાર કહ્યું છે. યોગીઓ એ જ દ્વારથી પ્રાણોત્ક્રમણ કરીને બ્રહ્મલોકને પામે છે. અંતકાળે સંન્યાસીઓની ખોપરીમાં શંખ વડે છેદ પાડવાની પ્રથા પણ એ જ કારણે છે. શ્રી અવધૂતે પોતાની સાધનાના ફળસ્વરૂપે પ્રાપ્ત કરેલ અનુભવનું જ અહીં વર્ણન કર્યું છે. સુષુમ્ના નાડી દ્વારા સાધક જ્યારે આજ્ઞાચક્રને ભેદીને ત્રિકૂટ માર્ગે આગળ વધીને બ્રહ્મરન્ધ્રમાં અથવા સહસ્રદલમાં જીવસહિત લિંગદેહે પ્રવેશ કરે છે ત્યારે ત્યાં તેને હૃદયસ્થિત પરમતત્ત્વના તેજોમય સ્વરૂપની ઝાંખી થાય છે. તે ઝાંખી કેવા પ્રકારની છે તેનું વર્ણન શ્રી અવધૂતે સાધકની જાણ માટે કર્યું છે.

"શૂન્યશિખર પર ચઢી નિહાળ્યો વીજળીનો ચમકાર."

"હે સખી !" શું આ સંબોધન લૌકિક છે ? ના. હૃદયની ગુફામાં જીવ અને શિવ એમ બે પંખીઓ એક જ માળામાં રહે છે. તેમાંનો એક જે જીવ છે તે ફળભોક્તા છે. બીજો શિવ માત્ર દ્રષ્ટા છે. જીવ અને શિવ મિત્રો છે. ઉપનિષદ્માં એને "સખા" શબ્દથી વર્ણવ્યા છે. અહીં શ્રી અવધૂત "આત્મા" અથવા શિવસ્વરૂપે પોતાના પરમમિત્ર જીવને સંબોધન કરે છે, એટલું જ નહીં પણ જીવને પોતાના શુદ્ધસ્વરૂપનું ભાન કરાવે છે. ઘેટાંના ટોળામાં રહેલા સિંહના શિશુને જેમ સિંહે તેના મૂળ સ્વરૂપનું ભાન કરાવ્યું તેમ અહીં પણ આત્મા જીવને પોતાના સ્વરૂપનું ભાન કરાવે છે. આત્મા જીવને કહે છે હે સખી ! હે જીવ, હું જ્યારે શૂન્ય શિખર પર ચઢ્યો–એટલે જ્યારે આત્મા સહસ્રદલમાં પ્રવેશ કરે

છે– ત્યારે મેં ત્યાં શું જોયું ? વીજળીનો ચમકાર.. વીજળીનો ચમકાર તો આપણે જોઈએ જ છીએ. એમાં નવું શું કહ્યું ? આપણે જે વીજળીનો ચમકાર જોઈએ છીએ તે તો લૌકિક છે, ક્ષણિક છે. પણ સહસ્રદલમાં પહોંચતાં જીવને જે ચમકારનો અનુભવ થાય છે તેનું સ્વરૂપ કેવું હોય છે તેના તરફ અંગુલિનિર્દેશ કરીને અહીં વીજળીનો ચમકાર કહ્યો છે.



આપણે વીજળીને ચમકતી જોઈએ છીએ ત્યારે આપણે નરી આંખે અંજાઈ જઈએ છીએ. એ ચમકારનો પ્રકાશ એટલો બધો હોય છે કે નરી આંખે જોઈ શકાતો નથી. જાણે અનેક સૂર્યોનો એકી સાથે જ પ્રકાશ પડ્યો હોય એવો એ વીજળીનો ચમકાર લાગે છે. પણ અહીં અનુભવેલો વીજળીનો ચમકાર એવો ઝબકતો ચમકાર નથી. ઝબકીને જતો રહે તે તો લૌકિક વીજળી. બે વાદળોના ઘર્ષણથી ઉત્પન્ન થયેલી વીજળીનો એ ચમકાર ઘર્ષણ પૂરું થતાં જ પ્રકાશ ફેંકી અદૃશ્ય થાય છે. આ ચમકાર એ પાર્થિવ વિદ્યુતના ચમકાર સમો તો ખરો પણ ક્ષણિક નહીં. કારણ કે

"ચપળા ના એ વાદળ ત્યાં ના નૂર જ અપરંપાર"

ત્યાં વાદળાં નહોતાં. વાદળાંના ઘર્ષણ વડે ઉત્પન્ન થતા પ્રકાશના ઝબકારાને આપણે વીજળી કહીએ છીએ તે વ્યાજબી છે. પણ આભલાંના અભાવે થતા એ પ્રકાશના ઝબકારાને આપણે વિદ્યુત કિંવા વીજળી એટલે ચપળા છે એમ કહીએ એ ઠીક નથી. એ પ્રકાશની બીજી કોઈ ઓળખ આપવાની એંધાણના અભાવે એને ચપળા કહેવી અયોગ્ય નથી. આખરે તો એ પ્રકાશ–ચમકાર તો ખરો જ ને ? જ્યારે આત્મદર્શન થાય છે ત્યારે એ તેજના દર્શનનો લાભ થાય છે. સાધકને ઘણી વખત એવા પ્રકાશના ઝબકારાનો અદીઠ અનુભવ થાય છે એવું શ્રી અવધૂતે કોઈ પ્રસંગે કહ્યાનું યાદ છે. વાદળાંના અભાવે પણ એ અપરંપાર નૂર–એટલો બધો પ્રકાશ કે જેની કલ્પનાય ન થઈ શકે ને પાર પણ ન આવી શકે એવો એ પ્રકાશ જોયો. તાત્ત્વિક દૃષ્ટિએ એ પ્રકાશ એટલે પરમતત્ત્વનું પરમતેજ. આત્મા એ જ તેજનો કેવળ અંશ છે. જેમ અગ્નિનો તણખો અગ્નિમાં જ સમાઈ જાય છે અને પોતાનું વિભક્ત અસ્તિત્વ રાખી શકતો નથી, તેમ એ અગ્નિની ચિનગારી સમો આત્મા પણ પરમાત્મામાં સમરસ બનીને પોતાનું ભિન્ન વ્યક્તિત્વ ટકાવી શકતો નથી. અને તેથી આત્મદર્શન કર્યા પછી એ દર્શન કેવું તે કહેનાર કોઈ રહેતો નથી. અહીં જે વર્ણન છે તે તો સ્થૂળ દૃષ્ટિએ એ તેજનો ઝબકારો કેવો હતો તેનું છે. અને તેથી એ પ્રકાશની તુલના કરતાં શ્રી અવધૂત કહે છે :

"ચંદા સૂરજ આતશ નાહીં, દીપક કોણ જ બાપ !"

ચંદ્રના તેજનો ત્યાં હિસાબ નથી. સૂર્યના તેજની ગણના નથી. અગ્નિના તો શા ભાર ? અને અંતે ઘરદીવડો બિચારો શું તેજ આપી શકે ! જેને આપણે જાગતિક પ્રકાશનાં સાધનો લેખીએ છીએ તે પ્રકાશનાં



સાધનો દિવ્ય પ્રકાશ આગળ ઝાંખાં પડી જાય છે. અનેક કોટિ સૂર્યનો ઝળહળતો પ્રકાશ, અનેક ચંદ્રનો શીતળ પ્રકાશ, અગ્નિનો ભડકે બળતો પ્રકાશ અને દીપક એ બધાયના પ્રકાશને ભેળા કરીએ તોય, એ પ્રકાશ આગળ આ પ્રકાશ ગણનાપાત્ર પણ ન ગણાય અને ઝાંખો પડી જાય. એવો એ દિવ્ય પ્રકાશ કેવો હતો તેનું વર્ણન ન થઈ શકે. એટલે એ પ્રકાશને શ્રી અવધૂતે

''નૂર જ અપરંપાર''

કહીને વર્ણવ્યો છે. શ્રુતિ પણ આ વાતને અનુમોદન આપતાં

न तत्र सूर्यो भाति न चंद्रतारकं ।
नेमा विद्युतो भान्ति कुतोऽयमग्निः ।
तमेव भान्तमनुभाति सर्वं
तस्य भासा सर्वमिदं विभाति ॥

''ત્યાં સૂર્યનો પ્રકાશ ભાસમાન થતો નથી. નથી ત્યાં ચંદ્ર કે તારાનો પ્રકાશ દેદિપ્યમાન થતો. અગ્નિ કે વિદ્યુતનો પ્રકાશ પણ ત્યાં નહીંવત્ છે. એવા અદ્વિતીય પ્રકાશવડે જ સૂર્ય, ચંદ્ર, અગ્નિ, તારા, વિદ્યુત આદિ પ્રકાશે છે. એટલે જગતમાં જણાતાં પ્રકાશનાં સાધનોને પણ પ્રકાશ પ્રાપ્ત કરવાનું જે સ્થાન છે તે દિવ્ય પ્રકાશ શૂન્યશિખર પર ચઢી એણે જોયો. એ પ્રકાશની તુલના કરવાને બીજો પ્રકાશિત પદાર્થ નથી એ ભાવ સમજાવવાને ''અપરંપાર'' શબ્દનો પ્રયોગ જ પર્યાપ્ત છે. એ પ્રકાશનું વિશેષ વર્ણન કરવાને શ્રી અવધૂત કહે છે :

''કાળો ધોળો રાતો નાહીં, એક અમાપ જ ભાસ !''

સૂર્ય, ચંદ્ર કે વીજળીનો પ્રકાશ આપણે જોઈ શકીએ છીએ. એ પ્રકાશમાં કોઈ પણ જાતનો વર્ણ આપણને જણાતો નથી. શ્રી અવધૂતભાખ્યા એ અમાપ પ્રકાશમાં રંગભેદ નહોતો. એ પ્રકાશ કાળો નહીં કારણ કે કાળો પ્રકાશ એટલે અંધકાર. એ પ્રકાશ ધોળો નહીં અને રાતો પણ નહીં. પણ હતો કેવળ ''પ્રકાશ.'' એ હતો પણ ''અમાપ.'' ખરેખર પરમતત્ત્વ અમર્યાદ છે. અમર્યાદને મર્યાદિત બનાવવા માટે જગતમાં કોઈ સાધન નથી. પણ જેમ આકાશ અમર્યાદ છે છતાંય તેને ઘડામાં જોઈ શકીએ છીએ અને ત્યારે તે ઘટાકાશ કહેવાય અને ઘડો ફૂટતાં એ તો મહદાકાશ જ રહે, તેમ આ દિવ્ય અમાપ પ્રકાશ પણ જો કાળી વસ્તુમાંથી જોઈએ તો કાળો, રાતી વસ્તુમાંથી જોઈએ તો રાતો અને જે રંગની વસ્તુમાંથી જોઈએ તે રંગનો આંખને જણાશે. વસ્તુતઃ પ્રકાશનો એ સ્વભાવ નથી. પ્રકાશનો એ વર્ણ નથી. આવરણયુક્ત બનાવવાથી તે તે રંગનો જણાય છે. આવરણરહિત પ્રકાશ તો વર્ણવિહીન જ છે. જેમ આકાશ અને વાયુ અમાપ છે તેમ જ એ આત્મતેજ પણ અમાપ છે, અપરંપાર છે એ પ્રકાશ શ્રી અવધૂતે જોયો.

એ પ્રકાશ જોતાં જ શી પરિસ્થિતિ થઈ ? શ્રી અવધૂત કહે છે :

"મનડું મોહ્યું, ચિતડું ચોર્યું, દિલ આનંદ અપાર ?"

એ પ્રકાશ જોતાં જ દિલ ઠરી ગયું. પરિણામ શું આવ્યું ? મન મનન કરવાનું, સંકલ્પવિકલ્પ કરવાનું અને જીવને ચગડોળે ચઢાવવાનું ભૂલી ગયું. મોહનું એ જ પરિણામ છે. મોહમાં પડેલા મનુષ્યને સાચી પરિસ્થિતિનો ખ્યાલ આવતો નથી. જીવને જ્યારે મોહ થાય છે ત્યારે જ તે પોતાનું સ્વરૂપ ભૂલી જાય છે અને માયાના આવર્તમાં ફેરા ફર્યા કરે છે. મનને પણ એ દિવ્ય પ્રકાશનાં દર્શન થતાં જ મોહ ઉપન્યો અને જાત ભૂલી તે પ્રકાશમાં એ પણ લીન બની ગયું. પરિણામે પોતાનો વ્યવસાય વિસરાયો. વ્યવસાય વિનાનું મન પણ એ પ્રકાશમાં જ સમાઈ ગયું. મનના તરંગરૂપે વહેતી સંકલ્પવિકલ્પની અખંડ ધારા, જેમ એક અભિષેક પાત્રમાં ભરેલું જળ ખૂટી જતાં એ પાત્રમાંથી પડતી અખંડ ધારા અટકી જાય તેમ, જ્યારે આ રીતે એકાએક બંધ પડી ગઈ ત્યારે ચિત્તને ચિંતન કરવાનું પણ રહ્યું નહીં. ભંડોળ વિનાનો વેપારી જેમ કાંઈ ધંધો કરી શકતો નથી તેમ ભંડોળ વિનાનું મન પણ શું ધંધો કરે? ભંડોળ વિનાનું ચિત્ત બિચારું બનીને, જેમ હારેલો રાજા વિજયી સૈન્યની પાછળ, ગરીબ બકરી જેમ કસાઈની પાછળ ઘસડાય, તેમ મનની પાછળ જ એ દિવ્ય પ્રકાશની ઓરામાં હરાઈ ગયું. શ્રીકૃષ્ણને શાસ્ત્રમાં ચોરનું બિરદ મળ્યું છે. કેમ? જેના ઉપર તેની કૃપા થાય છે તેનું ચિત્ત જ તે ચોરી લે છે. તે જ રીતે આ દિવ્ય પ્રકાશમાં મન અને ચિત્ત પોતાનો સ્વભાવ ભૂલીને પતંગિયાં પેરે ઝંપલાયાં. અંતરને વિક્ષિપ્ત કરનારા મન અને ચિત્તની જ્યારે આ પરિસ્થતિ થઈ ત્યારે મેલ જતાં જેમ જળ શુદ્ધ જ છે તેમ વિક્ષેપ જતાં ચિત્ત સ્વભાવે તો શુદ્ધ જ છે.

શુદ્ધતા એટલે જ વિકારરહિત આનંદ. તેથી શ્રી અવધૂતે કહ્યું, "મન મોહ્યું, ચિત્ત ચોરાયું એટલે અંતરમાં અપાર આનંદનો સાગર હિલોળે ચઢ્યો." તાત્પર્ય એ છે કે અજ્ઞાનને કારણે અંતરમાં ખૂણેખાંચરે રહેલી જે કોઈ મલિનતા હોય તે જતી રહે ત્યારે કેવળ શુદ્ધ આત્મપ્રકાશ જ અવશેષ રહે. એવા પ્રકાશના પરિપૂર્ણ આનંદમાં જીવ જીવભાવ ભૂલી શિવભાવમાં મીઠાની કાંકરી જેમ સમુદ્રમાં પડી સમરસ બની જાય છે તેમ, લીન બની ગયો.

પણ એ બન્યું શી રીતે ? શું પુરુષાર્થ પ્રધાન હતું? એ પરિણામ માટે પ્રારબ્ધનો યોગ માનવો ? ના. એમાં પુરુષાર્થ નથી કે નથી પ્રારબ્ધનું પ્રાધાન્ય. શ્રી અવધૂત નિરભિમાન ભાવે કહે છે :


"રંગ કૃપા ગુરુ રંગ નિહાળ્યો નિંદ ગંવાઈ રાત."

એ કેવળ ગુરુકૃપાનું જ પરિણામ છે. સાધક પુસ્તક વાંચીને અનેક પ્રયાસો કરે કે જીવન વેડફી નાખે તો પણ જેણે એ અપરંપાર તેજનાં



દર્શન કર્યાં છે એવા ગુરુની કૃપા વિના એ પરમ તેજનાં દર્શન થવાં સંભવિત નથી. અને તેથી શ્રી અવધૂતે ગુરુકૃપાએ એ પરમ તેજ નિહાળ્યું. પરમાત્માનું દિવ્ય સ્વરૂપ નિહાળ્યું. એ પ્રકાશ શું હતો ? પરમાત્માનું દિવ્ય સ્વરૂપ. આદિત્યવર્ણ અને તમથી પર એ પ્રકાશ જીવનભર મહેનત કરવા છતાંય પણ પામી ન શકાય તે કેવળ ગુરુકૃપાએ ક્ષણાર્ધમાં પ્રાપ્ત કરી શકાયો. અને તેથી શ્રી અવધૂતે કહ્યું, **"સ્વપ્ન દર્શન માત્રથી જ અનાર્યનો આર્ય બનાવનારા શ્રી વાસુદેવને નમસ્કાર હજો."** જીવનની બીજી જે ક્ષણો વીતી તે તો જેમ ઊંઘમાં રાતો વીતી જાય તેમ નિરર્થક જ વીતી. જીવનની ધન્ય ઘડી તો આ જ હતી. એવી જીવનની ધન્ય ઘડી તો જીવનમાં એક જ વાર આવે. એવી ધન્ય પળે જ્યારે જીવનો શિવ સાથે સંબંધ થાય છે ત્યારે તે સંબંધને સાચવી રાખવો એ જીવનો ધર્મ છે.

આવું આ દિવ્ય દર્શન-અપરંપાર તેજનું દર્શન-કરીને શ્રી અવધૂત આજે અનેકને એ માર્ગે દોરી રહ્યા છે. જેના ધનભાગ હશે તે જ એ અણમોલ અવસર પામી કૃતાર્થ થશે.



(૧૦)

(રાગ-મિશ્ર પહાડી, તાલ કહેરવા)
(જમકા અજબ તડાકા બે - એ રાહ)



ભા.- ૧

ગીતા અજબ પઢાયા રે, મુજકો ત્યાગી બનાયા રે!- ટેક.
ગુરુપસત્તિ કફની પહેની, શ્રવણ અંગ ભભૂત;
મનન મોક્ષમહામંત્ર સિખાયો, નિદિધ્યાસ સિરમુંડ!-ગીતા. (૧)
કર્મયોગકા દિયા કટોરા, ભક્તિયોગકી ભીખ;
જ્ઞાનયોગ કર દંડ ગહાયા, વાહ ગુરુકી શીખ!-ગીતા. (૨)
મન નિર્મળ આસન બૈઠાયા, યમ નિયમોં કી દીખ;
હૃદયકુંડમેં અગન જલાયા, કામ ક્રોધ બલિ દીધ!-ગીતા. (૩)
'રંગ' અર્જુના મોહ મિટાયા, સારથિ શ્રી વ્રજરાજ;
રથ હાંક રણ જુદ્ધ કરાયા, અંત દિલાયો રાજ!- ગીતા. (૪)

ગીતા એટલે શ્રી ભગવાનના શબ્દો. તત્ત્વદર્શનના બોધનો સર્વોપરિ ગ્રંથ. ભારત માટે જ નહીં પણ વિશ્વસમસ્તના માનવો માટે-મોહગ્રસ્ત મૂઢ જીવ માટે આત્મોદ્ધારનું સર્વોત્કૃષ્ટ સાધન. પ્રભુદત્ત એ સાધનનો સદુપયોગ થાય તો જગતમાં દુઃખ શોધ્યું ન જડે. જગતનો વ્યવહાર વ્યવહારદૃષ્ટિએ થંભે પણ નહીં અને આજે જણાતા કલહ, અતૃપ્તિ, વૈર અને એવાં અનેક આસુરી તત્ત્વોનો અંત આવી જાય. એવા એ અજોડ ગ્રંથનો શ્રી અવધૂતે આ નાનકડા ગીતમાં દૂધમાંથી માખણ નીકળે તેમ સાધક માટે સાર કાઢી અહીં આપ્યો છે.

ગીતા માનવીને માનવતા શીખવે છે, જીવન જીવતાં શીખવે છે અને અંતકાળે હરિનું સ્મરણ કરતાં કરતાં હરિરૂપ બનતાં શીખવે છે. શ્રી ભગવાને અર્જુનને ગીતાનો બોધ આપ્યો તેને વર્ષો વીત્યાં છતાંય એનું તત્ત્વજ્ઞાન અફર રહ્યું છે. અનેક વિચારજ્ઞો, દાર્શનિકો, જ્ઞાનીઓ, યોગીઓ અને એવા બીજાઓએ એ કામદુધાને દોહીને ભિન્નભિન્ન પ્રકારના જ્ઞાનનો પ્રચાર કર્યો છે. છતાં આજે પણ એ કામદુધા નિત્યયૌવન જ રહી છે. એના નિત્યનૂતન સૌંદર્યમાં લવલેશ પણ પરિવર્તન થયું નથી. એ અમરવેલ છે. અમર રહેશે અને આર્ત, જિજ્ઞાસુ, અર્થાર્થી, જ્ઞાની, ભક્ત, યોગી, કર્મવીર અને બધાયનો એક સરખો આધારસ્તંભ બની રહેશે. એ જ્ઞાનના અખૂટ ભંડારમાંથી જેને જે જોઈશે તે મળી રહેશે. ગીતા અદ્વિતીય છે. અસ્તુ.

એ ગીતાનું જ્ઞાન ત્રણ ભાગમાં વિભક્ત છે. કર્મ, જ્ઞાન અને ભક્તિ.



શ્રી અવધૂતે પણ એ જ સિદ્ધાંતો ઉપર આ ગીત ગાયું છે અને પરમતત્ત્વને પામવાને સર્વસુલભ એવું સાધન અહીં બતાવ્યું છે. આપણે એ ગીતનું રહસ્ય સમજીએ તે પહેલાં થોડી પૂર્વ ભૂમિકાનો વિચાર કરીએ.

ગીતાના બોધનો સાચો અધિકારી કોણ? અર્જુન. અર્જુનને મધ્યમ અધિકારી કહ્યો છે. અર્જુનને નિમિત્ત બનાવીને શ્રી ભગવાને વિશ્વ માટે ગીતાનો બોધ પ્રગટ કર્યો. અર્જુન એટલે સ્થૂળદૃષ્ટિએ પાંડુકુમાર, પણ તાત્ત્વિક દૃષ્ટિએ જોઈએ તો ''જીવ''. ઉપદેશનું ક્ષેત્ર રણસંગ્રામ. એ રણસંગ્રામ એટલે મહાભારતના યુદ્ધની રણભૂમિ. એનાં પાત્રો કૌરવ અને પાંડવ. તાત્ત્વિક દૃષ્ટિએ જોઈએ તો દૈવી સંપત્તિ અને આસુરી સંપત્તિ. યુદ્ધભૂમિ ''હૃદય.'' એક બાજુએ જુઓ તો આસુરી સંપતિના સૈન્યરૂપે કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર આદિ રિપુઓ સાથે અજ્ઞાન અને રજોગુણ અને તમોગુણયુક્ત અહંતા અને મમતા. બીજી બાજુએ જુઓ તો દૈવી સંપતિના સૈન્યરૂપે સત્ય, અહિંસા, ધર્મ, નીતિ વગેરે સત્ત્વગુણસંપન્ન પરાર્થવૃત્તિ. એ બોધ દેવાનો સમય? જ્યારે આસુરી સંપત્તિમાં સપડાયેલો જીવ મોહવશ સ્વસ્વરૂપ ભૂલી જાય અને શું કરવું અને શું ન કરવું એ વિચારવમળમાં દ્વિધાચિત્ત બની અકળાઈ ઊઠે ત્યારે. કાર્પણ્યદોષયુક્ત, ધર્મસંમૂઢચિત્ત જીવ અંતે સદ્‌ગુરુનું શરણ શોધે ત્યારે. મોહ અને આસક્તિના આવરણમાં જીવ સત્યનું ભાન ભૂલી જાય, અને જ્યારે આસુરી સંપત્તિ એ સાચી નથી એવું તેને ભાન થાય ત્યારે એ યુદ્ધની ક્ષણ આવે. અને ત્યારે શિષ્યભાવે જીવ સદ્‌ગુરુને શરણે જાય. અર્જુને પણ શ્રી ભગવાનને એવી જ પળે

''शिष्यस्तेऽहंशाधि मां त्वां प्रपन्नम्''

કહીને શોકસાગરમાં ડૂબેલા કર્મવિમૂઢ અર્જુને સન્માર્ગ માટે શ્રી ભગવાનનું શરણ ગ્રહણ કર્યું. શ્રી ભગવાને બોધરૂપે ત્યારે જ ગીતા કહી.

શિષ્યભાવ જાગ્રત થાય તે પહેલાંનું મનોમંથન પણ થોડો વિચાર માગી લે છે. અર્જુન જેવા ભડવીરની રણસંગ્રામમાં જેવી દશા થઈ તેવી સંસારમાં બધાયની થાય છે. જીવને એક બાજુ જગત છે, બીજી બાજુ બ્રહ્મ છે. જીવ જ્યારે જગતને જુએ છે ત્યારે તેને સત્ય માને છે. જીવ જ્યારે બ્રહ્મનો વિચાર કરે છે ત્યારે તેને જ સત્ય માને છે અને જગતને મિથ્યા માને છે. શાસ્ત્રો પણ આવી દ્વિધાવાણી ઉચ્ચારે છે એટલે બિચારો જીવ ત્રિશંકુ દશા ભોગવે છે. એ મનોમંથન-જગત સત્ય કે બ્રહ્મસત્ય-માંથી તેનું સમાધાન થઈ શકતું નથી. આ ખરું કે તે, એનો નિર્ણય થઈ શકતો નથી. એક તરફ છે માયાની મોહકતા, બીજી તરફ છે દૈવી સંપત્તિની પ્રકાશમય ઉજ્જવળતા. એક તરફ પ્રગાઢ અંધકાર છે છતાંય ત્યાં જીવને પ્રકાશ જણાય છે, બીજી તરફ છે આંખને આંજી નાખે એવો અજોડ પ્રકાશ. પણ ઘુવડની આંખ જેમ સૂર્યનો પ્રકાશ જોઈ શકતી નથી તેમ

જીવ એ પ્રકાશ ઝીલી શકતો નથી. એક બાજુ સુવર્ણકુંભમાં ભરેલ વિષમય સંસાર અને બીજી બાજુએ હિરણ્યમયપાત્રથી આચ્છાદિત જ્ઞાનનો જીવ નિર્ણય કરી શકતો નથી, ત્યારે અર્જુન જેમ શિષ્યભાવે જગતગુરુ શ્રીકૃષ્ણ ભગવાનને શરણે ગયો તેમ અહીં પણ શ્રી અવધૂત ગુરુશરણની વાત કરે છે.



ભા.- ૧

જ્યારે સાધક સત્યાસત્યનો નિર્ણય કરી શકતો નથી ત્યારે હતાશ થઈ અનન્યભાવે સદ્‌ગુરુને શરણે જાય છે. ત્યારે જ તેના અંતરમાં વૈરાગ્યની જાગ્રત થયેલ પ્રબળ જ્યોતને નિહાળી શ્રી ગુરુદેવ તેને આશ્વાસન આપે છે, સન્માર્ગે લઈ જાય છે. અહીં શ્રી અવધૂતે એવી જ કોઈક વિલક્ષણ સ્થિતિનો ઉલ્લેખ કર્યો છે.

શ્રી અવધૂત કહે છે :

"ગીતા અજબ પઢાયા રે, મુજકો ત્યાગી બનાયા રે."

"એવી અજબ રીતે મને ગીતાનો બોધ આપ્યો કે તેના પરિણામે હું ત્યાગી બની ગયો." ગીતાનો ખરો બોધ જ "ત્યાગ અને અનાસક્તિ" છે. સંસાર અસાર છે એ વાતને વસ્તુતઃ જાણી લઈને તેના તરફ ત્યાગવૃત્તિ કેળવવી અને છતાંય અનાસક્ત ભાવે જે આવી પડે તેનો વેંઢાર કરવો એ સમગ્ર ગીતાનો બોધ છે. એ બોધ અક્ષરસઃ આચારમાં મૂકી શકાય તે પહેલાં સાધકની તેટલી ભૂમિકા તૈયાર હોવી જોઈએ. અને તેથી ગીતાનો એ બોધ તાત્ત્વિક રીતે સાધકને પચે એ માટે સાધકે એક પછી એક પગથિયું ચઢવાનું રહે છે. શ્રી અવધૂતે તેની પૂર્વભૂમિકાનો અહીં ઉલ્લેખ કર્યો છે.

ગીતાનો બોધપાઠ સાધકને ત્યાગી બનાવે છે એમ આપણે આગળ જોયું. એ ત્યાગ કેવા પ્રકારનો તેનો આપણે અર્જુનની અવસ્થાને નજર સમક્ષ રાખીને થોડો વિચાર કરીએ.

વિષયોનો ઉપભોગ કરવાની વૃત્તિનો અભાવ એટલે ત્યાગ. સંસારના પાંચ આધારસ્તંભ – શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ પાંચ વિષયો છે. એ પાંચે વિષયો ઉપર જ સૃષ્ટિમંડાણનો આધાર છે. જીવને અવનતિના ગર્તમાં નાખનાર પણ એ પાંચ વિષયો જ છે. શ્રી ભગવાનભાખ્યા ત્રણ પ્રકારના ત્યાગ પૈકી અહીં શ્રી અવધૂતચીંધ્યો ત્યાગ તે સાત્ત્વિક ત્યાગ છે. ધર્મ છે એમ સમજીને ફળમાં આસક્તિરહિત કરેલાં કર્મ એ જ ખરો સાત્ત્વિક ત્યાગ છે. કોઈ પણ વસ્તુનો સમજ અને વિવેકપૂર્વક ત્યાગ કરવાથી જ તે ત્યાગ ટકી શકે છે. વિષયો પ્રત્યેની રસવૃત્તિ અને લોલુપતાનો ત્યાગ સાધ્ય થાય પણ સ્થૂળ રૂપે દેહના રક્ષણ અર્થે આવશ્યક વિષયોનો ઉપભોગ થાય તો તેથી ત્યાગનો ભંગ થતો નથી. કર્મ કરવા છતાંય કર્મના કર્તૃત્વનું જેને અભિમાન નથી તે ખરો ત્યાગી છે. કર્મનો ત્યાગ કરનાર ત્યાગી નથી, કર્મફળનો ત્યાગ કરનાર ત્યાગી છે. વિષયોનો ઉપભોગ



કરવા છતાંય તેના અભાવે જે વલખાં મારતો નથી તે ત્યાગી છે. ત્યાગના બાહ્ય આચારથી અર્થ સરતો નથી. એ તો વૃત્તિ છે અને તે અંતરમાંથી ઉદ્‌ભવે છે. એ વૃત્તિને દૃઢ કરીને જે વિષયોનો મોહ છોડે છે તે ત્યાગી છે. ત્યાગવૃત્તિ કેળવવી પડે છે, કારણ કે સ્વભાવ વિષયાનુરાગી છે અને વિષયાનુગામી છે. ત્યાગવૃત્તિ સ્વભાવથી પ્રતિકૂળ હોવાથી તેને અનુકૂળ બનાવવા માટે વિષયોની વિષમતાનો વિચાર દૃઢ કરવો જરૂરનો છે. શ્રી અવધૂત ત્યાગી છે છતાંય ત્યાગનું એને અભિમાન નથી, ત્યાગનું એને સ્મરણ પણ નથી. એટલે જ એ ત્યાગનું સ્વરૂપ સમજી શક્યા છે. સ્થૂળનો ત્યાગ કરવાથી ત્યાગવૃત્તિ સિદ્ધ થતી નથી. ત્યાગમાં જે આવશ્યક છે તે વિષયોમાં સૂક્ષ્મ રૂપે રહેલી લોલુપતાનો ત્યાગ છે. એ વાતો અનુભવની છે. થોડેઘણે અંશે પણ આપણે એ તરફ પ્રયાસ કરીએ તો ત્યાગનો ખરો મર્મ આપણે કળી શકીએ. ''લોકો મને ત્યાગી કહેશે'' એવી ભાવના અંતરમાં રાખી ત્યાગનો આચાર કરવો એ નર્યું દંભભર્યું આચરણ છે.

પોતે ત્યાગી થતાં પહેલાં શ્રી અવધૂતે શું કર્યું ?

''ગુરુપસત્તિ કફની પહેની, શ્રવણ અંગ ભભૂત;
મનન મોક્ષમહામંત્ર સિખાયો, નિદિધ્યાસ સિરમુંડ !''

મોક્ષની ઇચ્છાથી સદ્‌ગુરુને શરણે જવું એ જ સાધકને શ્રી સદ્‌ગુરુએ પહેરાવેલી કફની છે. બાહ્ય કંથા તો શરીરને ઢાંકે છે. પણ અહીં જે કફનીની જરૂર છે તે અંતરની કફની છે. એ કફની છે મોક્ષની ઇચ્છા, જ્યાં સુધી મુમુક્ષા જાગ્રત થતી નથી ત્યાં સુધી કોઈ સદ્‌ગુરુની શોધમાં નીકળતું નથી. મોક્ષની તીવ્રતમ ઇચ્છા જ્યારે જાગ્રત થાય છે ત્યારે સદ્‌ગુરુને શોધવા જવાની જરૂર પડતી નથી. જ્યારે સાધકનું અંતર વૈરાગ્યવૃત્તિ તરફ ઢળેલું હોય છે અને તે વૃત્તિને દૃઢ કરવામાં મોહ તેને આડે આવતો હોય છે, ત્યારે એ અંતરાયને દૂર કરવા માટે સદ્‌ગુરુની જરૂર છે. સાધક જ્યારે અનન્ય ભાવે સદ્‌ગુરુ પાસે જઈને, જેમ અર્જુને શ્રીકૃષ્ણ આગળ પોતાનું અંતર ખાલવ્યું તેમ, ખાલવે છે ત્યારે પરમ દયાળુ સદ્‌ગુરુ તેનો ક્ષણિક મોહ નષ્ટ કરવા માટે પ્રથમ તો, જેમ શ્રી કૃષ્ણે અર્જુનને શ્રવણ કરાવ્યું તેમ, જગતની અને જાગતિક સંબંધની નશ્વરતાનો બોધપાઠ આપે છે. જ્યારે જગત નશ્વર છે, જગતના સંબંધો નશ્વર છે ત્યારે તે જ જગતમાં રહેલા પરમતત્ત્વની મહત્તા પણ સદ્‌ગુરુ શિષ્યને શ્રવણ કરાવે છે. એ પરમતત્ત્વ અજ છે, અમર છે, શરીર અનિત્ય છે જ્યારે પરમાત્મા નિત્ય છે. શરીર જડ છે જ્યારે પરમતત્ત્વ ચૈતન્યઘન છે. શરીર જ્યારે પરિવર્તનશીલ છે ત્યારે પરમતત્ત્વ એક જ નિર્વિકાર અવસ્થામાં રહેનારું છે. શ્રી ગુરુદેવ શરીર અને પરમાત્માનાં લક્ષણોનો આમ ભેદ કહીને પરમાત્માની શ્રેષ્ઠતાનું પ્રતિપાદન કરીને તે પ્રાપ્તવ્ય છે એમ શિષ્યને સમજાવે છે. એવું શ્રવણ અને તેને અંગ પર ધારણ

કરવું તેને અહીં શ્રી અવધૂતે

"શ્રવણ અંગ ભભૂત"

શરીર પર ભભૂત લગાવી છે એ રીતે વર્ણવ્યું છે.

કેવળ શ્રવણ કર્યાથી જ આત્મપ્રાપ્તિ થતી નથી. એક કાને સાંભળી બીજે કાને કાઢી નાખવાથી પરમાત્મા મળી જતા નથી. જો તેમ થતું હોય તો બધાયને તેની પ્રાપ્તિ થાય. શ્રવણ તો માત્ર પ્રથમ પગથિયું છે. સદ્‌ગુરુએ જે કાંઈ કહ્યું તેનું મનન કરવું આવશ્યક છે. જેમ ગાય ચારો ચરીને જઠરમાં ભેગો કરી નિરાંતે બેસીને તે જ ચારાને વાગોળે છે તેમ શ્રી ગુરુદેવે બોધની જે વાતો શ્રવણ કરાવી તેનું સાધકે મનન કરવું જોઈએ. એવા મનને



"મનન મોક્ષમહામંત્ર સિખાયો"

એમ કહીને મનન એ જ મોક્ષનો મહામંત્ર છે એમ કહ્યું છે. શ્રી ગુરુદેવ મોક્ષદાતા છે. તે જે શ્રવણ કરાવે છે તે જીવને પોતાનું શુદ્ધ સ્વરૂપ જાણી, જીવદશામાંથી મુક્તિ મેળવવાને પુરુષાર્થ કરવામાં સહાયક બને એ હેતુએ જ શ્રવણ કરાવે છે. એનાથી જીવનાં માની લીધેલાં બંધનોમાંથી જીવ મુક્ત થાય છે. એથી મનન એ જ મોક્ષનો મહામંત્ર છે.

મનન કર્યા પછી તેનું નિદિધ્યાસન કરવું પણ જરૂરનું છે. જે સાંભળ્યું તેનો વિચાર કરીને ત્યાં જ અટકી પડીએ તો તેથી શો લાભ ? સાંભળ્યું, વિચાર કર્યો અને વિચાર કરીને એ વાતને દ્રઢ કર્યા પછી એકની એક જ વાતનો વારંવાર વિચાર કરી તેને આચારયુક્ત બનાવવું તેનું નામ "નિદિધ્યાસન". જે સાંભળ્યું, જે વિચાર્યું તેનો રોજરોજ અભ્યાસ કરી તેનું તાત્પર્ય જીવનમાં ઉતારવાથી જ તેનો લાભ મેળવી શકાય છે. એવા નિદિધ્યાસનને

"નિદિધ્યાસ સિરમુંડ"

એમ કહીને શિરનું મુંડન કર્યું એમ કહ્યું છે. દેહાસક્ત જીવને દેહની આસક્તિથી મુકત થવાનું અહીં સૂચન કર્યું છે. રૂપ, રંગ, વસ્ત્રપરિધાન વગેરેની વરણાગીમાં પડેલા વિષયલોલુપ જીવને જ્યાં સુધી દેહનો મોહ રહે ત્યાં સુધી તેનું કામ સરતું નથી; અને તેથી ગુરુપદેશ માટે અધિકાર પ્રાપ્ત કરતાં પહેલાં વૈરાગ્યયુક્ત દેહાસક્તિનો ત્યાગ આવશ્યક છે. તે દૃષ્ટિએ અહીં કફની, ભભૂત અને શિરમુંડનની વાત લખી છે. શ્રવણ, મનન અને નિદિધ્યાસન એ દેહાસક્તિને દૂર કરવામાં સહાયક બને છે અને જીવને આત્મચિંતનમાં તદ્રૂપ બનાવે છે.

રણક્ષેત્રમાં શસ્ત્રો છોડી દઈ "હું યુદ્ધ નહીં કરું" એમ કહેનાર અર્જુનનો મોહ નષ્ટ કરવાને, શ્રી ભગવાને પણ તેને બાવો બનવાનું નથી કહ્યું. શ્રી ભગવાને તો તેને 'આત્મા હણતો નથી કે હણાતો નથી, હું હણનાર છું એમ માનનાર કેવળ મોહવશ એવું બોલે છે" વગેરે શબ્દો



કહીને તેને પ્રથમ તો જ્ઞાનનો ઉપદેશ કર્યો છે. એ જ્ઞાન જ્યારે અને જેમ જેમ અર્જુનને પચતું ગયું, ત્યારે અને તેમ તેમ શ્રી ભગવાને તેને કર્મયોગનો બોધપાઠ આપવાનો પ્રારંભ કર્યો. શ્રી ભગવાને કહ્યું, ''કર્મ કરવું એ જ તારો અધિકાર છે. તેના ફળમાં આસક્તિ રાખવી એ તારો ધર્મ નથી.'' ગીતાના આ મહાન ઉપદેશમાં જ ''કર્મ કરનાર માત્ર નિમિત્ત છે'' એ વાતનો મર્મ સમાયલો છે. અહીં શ્રી અવધૂત પણ આગળ ચાલતાં એ જ ક્રમને અનુસરીને

''કર્મયોગકા દિયા કટોરા, ભકિતયોગકી ભીખ;''
''જ્ઞાનયોગ કર દંડ ગહાયા, વાહ ગુરુકી શીખ!''

એમ કહ્યું છે.

જ્ઞાન, કર્મ અને ભક્તિ એ ગીતાના ત્રણ યોગ. એ ત્રણે યોગનું અહીં શ્રી અવધૂતે એક એક શબ્દમાં વર્ણન કર્યું છે. ભિક્ષાપાત્ર તરીકે ''કર્મયોગ'' કહ્યો છે

''કર્મયોગકા દિયા કટોરા,''

શ્રી ભગવાને અર્જુનને ગીતાનો બોધ કરતાં સૌ પ્રથમ તો કર્મયોગની જ વાત કરી છે. કર્મયોગની શ્રેષ્ઠતા સમજાવીને તે કર્મ અનાસક્ત ભાવે જ કરવાનો ઉપદેશ કર્યો છે. અહીં શ્રીગુરુએ પણ તે જ કર્મયોગનું ભિક્ષાપાત્ર હાથમાં આપ્યું છે. મર્મ એ છે કે સાધકે કર્મ કરવું આવશ્યક છે. જ્યાં સુધી સિદ્ધાવસ્થા પ્રાપ્ત ન થાય ત્યાં સુધી આત્મશુદ્ધિ અર્થે કર્મ કરવું તો આવશ્યક છે પણ ''અજબ ત્યાગી'' ક્યારે થવાય? જ્યારે એ કર્મમાંથી તેના ફળની ઇચ્છાનો ત્યાગ સંપૂર્ણ રીતે અને સર્વાંગે સધાય ત્યારે અને કેવળ નિષ્કામભાવે અનાસક્ત રહીને જ એ કર્મ થાય ત્યારે. કર્મયોગના ભિક્ષાપાત્રમાં આ પ્રકારની ભિક્ષા માગવાનું સૂચન કર્યું છે. એવું કર્મ કરતાં કરતાં પણ સાધકે પોતાના મનને તો શ્રી પ્રભુના ચરણમાં જ લીન કરવાનું છે. કર્મ કરીને મનના મળનો, જ્ઞાન વડે ચિત્તના વિક્ષેપનો અને ભક્તિ વડે આવરણનો નાશ થતો હોવાથી કર્મ, જ્ઞાન અને ભક્તિ એ ત્રણે સાધકને સાધનઅવસ્થામાં આવશ્યક છે. એ સાધનોનો જ અહીં ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

જ્યારે આપણે મનને પ્રભુના સ્વરૂપમાં લીન કરવાની વાત કરીએ છીએ ત્યારે તેના સાધન તરીકે શ્રી અવધૂતે કેવળ ભક્તિયોગનું સૂચન કર્યું છે. ભક્તિયોગના પ્રારંભમાં ભક્ત અને ભગવાન એમ દ્વૈતભાવના રહે છે. અને તેથી કર્મયોગ અને ભક્તિયોગનો સંયોગ થતાં ભગવાનને અર્થે જ કર્મ કરીને કર્મના ફળની આશાનો ક્રમશઃ લોપ થતો જાય છે. એમ કરતાં કરતાં સ્થૂળ ભક્તિ-પ્રતિમાપૂજામાંથી જ્યારે સૂક્ષ્મ ભક્તિ તરફ સાધકનું મન વળે છે ત્યારે તેનો ''જ્ઞાનદીવડો'' પ્રગટે છે. ''જીવ તો ભગવાનનો અંશ છે'' એવું જ્યારે સાધકને લાગવા માંડે છે ત્યારે ''ભક્તના

ભગવાન'' એવી ભાવના જાગ્રત થાય છે. અને ત્યારે કર્મ, ભક્તિ અને જ્ઞાનની ત્રિવેણીનો સંગમ થાય છે. અહીં કર્મ પણ થાય છે, ભક્તિ પણ થાય છે અને સાથે સાથે જ્ઞાન પણ દિનપ્રતિદિન પ્રકાશ પાડતું જાય છે. જ્ઞાનના એ અજવાળામાં સાધકની દૃષ્ટિ વિશાળ થતી જાય છે. સાધક જગતને જુએ છે. જ્યાંત્યાં તેને ચેતન જ જણાય છે. એ ચેતન જે પોતાનામાં રહેલું છે તેવું જ છે એવો સાધકને પ્રબોધ થાય છે ત્યારે, સાધક જગતમાત્રને પ્રભુનો અંશ માનીને પોતાની સાથે જગતનું ઐક્ય સાધે છે. જગતમાં પ્રભુને અને પ્રભુમાં જગતને જાણીને પછી તે જગત સાથે પરમાત્મસ્વરૂપે પ્રેમપૂર્વક વર્તન કરીને સાચો ભક્તિયોગ સાધ્ય કરે છે. પછી જ્ઞાનયોગના પૂર્ણ પ્રકાશમાં સાધકને પોતાનું સ્વરૂપ પરમાત્માથી અભિન્ન જણાય છે અને ત્યારે ભક્ત ભગવાન બની જાય છે.

સાધકને અહીં શ્રીગુરુ ભક્તિયોગની શિખામણ આપે છે. કર્મયોગમાં પણ ભક્તિયોગ આ પ્રમાણે ઓતપ્રોત છે એમ આપણે અહીં માનીએ તો અયોગ્ય નથી. અને તેથી કર્મયોગ સાથે ભક્તિયોગને રાખી કર્મયોગના કટોરામાં ભક્તિયોગની ભિક્ષા માગવાનું કહેવામાં આવ્યું છે. આમ કર્મ અને ભક્તિને ભેળાં કરીને જ્ઞાનયોગનો દંડ આપવાનું પણ શ્રી અવધૂતે કહ્યું છે.

"ज्ञानयोग कर दंड गहाया."

કર્મયોગ અને ભક્તિયોગનો આચાર કરતાં કરતાં સાધકને વાસ્તવિક જ્ઞાનની ઉપલબ્ધિ થાય છે.

કર્મયોગ અને ભક્તિયોગનો આમ શ્રી અવધૂતે ભિક્ષાપાત્ર અને ભિક્ષારૂપે સમન્વય કર્યો છે. પાત્ર વિના જેમ ભિક્ષા લઈ શકાતી નથી તેમ કેવળ કર્મયોગથી જ પરમતત્ત્વની પ્રાપ્તિ થતી નથી. પણ કર્મયોગ સાથે ભક્તિયોગનો સુમેળ થાય ત્યારે જ સાધક જ્ઞાનયોગ માટે પોતાની ભૂમિકા તૈયાર કરે છે. અને તેથી

"ज्ञानयोग कर दंड गहाया."

એમ કહીને શ્રી અવધૂતે જ્ઞાનયોગનો વિચાર કરવાનું અહીં સૂચન કર્યું છે.

પરમાત્માનું, જીવનું અને જગતનું સાચું સ્વરૂપ જાણવાને પ્રથમ તો સંપૂર્ણ વૈરાગ્યની આવશ્યકતા છે એવું શાસ્ત્રોએ સૂચવેલું છે. વિષયો પ્રત્યે વૈરાગ્ય ઉત્પન્ન થાય પછી જગત પ્રત્યે વૈરાગ્ય ઉત્પન્ન થાય અને દેહ પ્રત્યે વૈરાગ્ય ઉત્પન્ન થાય ત્યારે તેને સંન્યસ્તનો અધિકાર પ્રાપ્ત થાય. જ્યાં સુધી એ વૈરાગ્ય કાચો હોય, ક્ષણિક હોય, ત્યાં સુધી તે સંન્યસ્તને પાત્ર ગણાતો નથી. અહીં શ્રી અવધૂતે દંડ ગ્રહણ કરવાની વાત કરી છે. એ દંડ કાષ્ટદંડ નથી પણ જ્ઞાનયોગનો દંડ છે. જ્ઞાનયોગ પ્રાપ્ત કરવા માટે પ્રથમ તો વાણીને દંડ દેવો ઘટે. અનાવશ્યક શબ્દોનો ઉચ્ચાર સરખોય

ન કરવો એ વાણીદંડ છે. વિષયો તરફ ઢળેલા મનનું તે તરફથી દિશાપરિવર્તન કરી, પરમાત્મામાં લીન કરવું એ મનનો દંડ ગણાય. અને એશઆરામમાં રચીપચી રહેલા શરીરનું ઉગ્ર તપશ્ચર્યા દ્વારા દમન કરવું એ દેહદંડ ગણાય. સંન્યાસીના ત્રિદંડનો પણ એ જ અર્થ છે. જ્ઞાનાવસ્થા પ્રાપ્ત થાય ત્યારે એ વાગ્દંડ, મનોદંડ અને કાયાદંડ સિદ્ધ થયા હોય છે એવું શાસ્ત્રનું વચન છે. જીવની આધ્યાત્મિક પ્રગતિમાં અવરોધ કરતાં એ મન, વાણી અને કાયાને દંડ કરીને, એટલે એ ત્રણને સંપૂર્ણ રીતે જીતી લઈને જ સાચો સાધુ આગળ ચાલી શકે છે. એ ત્રણે પ્રકારનો દંડ કર્મ, ભક્તિ અને જ્ઞાનયોગમાં અનુસ્યૂત છે. તેને અહીં શ્રી અવધૂતે જ્ઞાનદંડની ઉપમા આપી છે. એવો દંડ જે સદ્‌ગુરુએ શિષ્યના હાથમાં આપ્યો છે તે ગુરુની ખરેખર બલિહારી જ છે. જીવને તેની યોગ્યતા પ્રાપ્ત કરાવ્યા વિના શિવસ્વરૂપનું તેને જ્ઞાન આપવું એ મરકટને મદિરાપાન કરાવવા જેવું છે. ક્રમશઃ દેહ પ્રત્યેનો વૈરાગ્ય કેળવ્યા પછી મનને વૈરાગ્યની દિશામાં વાળી, બુદ્ધિ દ્વારા પરમાત્માની સર્વવ્યાપકતાનો નિશ્ચય કરાવી, તેવા પરમાત્માની પ્રાપ્તિ અર્થે કર્મ, ભક્તિ અને જ્ઞાનની શિખામણ આપી, અંતે સાધકને સિદ્ધ બનાવવાની જે યુક્તિ છે તે જ ખરેખર આશ્ચર્યજનક છે. ગીતાના ગર્ભમાં આ સદ્‌ગુરુની વિશેષતાનો, અને મહત્તાનો સંપૂર્ણ બોધ થાય છે. ''ગુરુ વિના જ્ઞાન નહીં અને જ્ઞાન વિના મુક્તિ નહીં'' એ વાતની અહીં પ્રતીતિ થાય છે.

અત્યાર સુધીના વિવરણનો વિચાર કરીએ તો પ્રથમ મોક્ષની ઇચ્છા જાગ્રત થવાથી તેવો મુમુક્ષુ જ્યારે ગુરુ પાસે જાય છે ત્યારે ગુરુ તેને અધિકારી બનાવવાને પ્રથમ તો દેહાસક્તિ છોડાવે. તે માટે તેના શાલદુશાલાને તિલાંજલી આપી કેવળ કફની પહેરાવે, અને સૂક્ષ્મ ભાવે એ કફની એટલે ગુરુનું શરણ મળે. પછી ગુરુ તેને શાસ્ત્રનું શ્રવણ કરાવી, તેનું મનન અને નિદિધ્યાસન કરવાનું કહે. પછી તેના મનના મળના નિવારણ અર્થે કર્મ કરવાની, વિક્ષેપના નિવારણ અર્થે જ્ઞાન પ્રાપ્ત કરવાની શિખામણ આપે. એ રીતે જ્યારે સાધક ગુરુભાખ્યા માર્ગે વ્યવસ્થિત રીતે ચાલી પોતાનું કાર્ય પૂર્ણ કરે ત્યારે તેનામાં આત્મદર્શનની યોગ્યતા આવી ગણાય. એવી યોગ્યતા પ્રાપ્ત કર્યા પછી પણ જે કાંઈ અંશતઃ રહી ગયું હોય તે દૂર કરવાને, શ્રી ગુરુદેવ આગળ ચાલીને શિષ્યને માર્ગ બતાવે. એ માર્ગ શો તેનો શ્રી અવધૂત હવે વિચાર કરે છે.

શ્રી અવધૂત કહે છે :

''મન નિર્મળ આસન બૈઠાયા, યમનિયમોંકી દીખ;
હૃદયકુંડમેં અગન જલાયા, કામ, ક્રોધ બલિ દીધ.''

હવે શ્રી અવધૂત આસનની વાત કરે છે. આટલું થયા પછી પણ મન પ્રસંગવશાત્ પોતાની ચંચળતા ભૂલતું નથી. પોતે જીવ નથી પણ

શિવ છે એમ ખાત્રી થયા છતાંય એ નિશ્ચય મનનો દોરવ્યો પ્રશંગવશાત્ ચળી જાય છે. અને તેથી મનની નિર્મળતા ઉપર આસનરૂપે ભાર મૂકવામાં આવ્યો છે. તેથી અહીં આસનની જરૂરિયાત બતાવીને મનની શુદ્ધતા એજ જીવનું આસન છે એમ નકકી કરવામાં આવ્યું છે. યોગમાર્ગે જનાર માટે પણ આસનશુદ્ધિની આવશ્યકતા ઉપર ભાર મૂકવામાં આવ્યો છે.



''स्थिरसुखमासनम्''

એવું કહીને યોગદર્શનમાં આસનની વ્યવસ્થા સાધકની અનુકૂળતા પર રાખી છે. જે રીતે સાધકને સુખપૂર્વક સગવડતાભર્યું બેસવાનું લાગે તે રીતે બેસીને તેણે યોગસાધના કરવી એવો સૂત્રકારનો અભિપ્રાય છે. શ્રી ભગવાને પણ ગીતામાં આસનનો વિધિ વર્ણવ્યો છે. ત્યાં પણ સ્થિરતા ઉપર ભાર મૂકવામાં આવ્યો છે.

''स्थिरमासनमात्मनः''

કહીને શ્રી ભગવાને પોતાના આસનની સ્થિરતા ઉપર યોગસાધનાનો આધાર છે એમ કહ્યું છે. આસનની સ્થિરતાની અસર મન પર થાય છે. સુખપૂર્વક બેસનાર સ્થિરતા વડે મનની ચંચળવૃત્તિને અંકુશમાં રાખી શકે છે. એ જ કારણે આસનનું મહત્ત્વ ગણવામાં આવ્યું છે. મનની નિર્મળતા એ જ આત્મદર્શનમાં મહત્ત્વની હોવાથી અહીં શ્રી અવધૂતે એ જ નિર્મળતાને આસન તરીકે ગણાવી છે. અને તેથી જ

''मन निर्मळ आसन बैठाया''

એ પ્રમાણે કહ્યું છે.

યોગસાધનામાં આસન ઉપરાંત યમનિયમ પણ પ્રાથમિક અંગ છે. એટલે અહીં પણ

यमनियमोंकी दीख

એમ કહીને યમનિયમો તરફ સંકેત કર્યો છે. એ યમનિયમનો પણ થોડો વિચાર કરીએ.

સાગરને જ લક્ષ્ય બનાવીને જેમ સરિતા વહે છે, તેમ વિષયોને જ લક્ષ્ય બનાવીને મન પણ તે તરફ જ વહે છે. એ મન અથવા ચિત્તનો નિરોધ એટલે મનની વૃત્તિઓનો નિરોધ એ જ યોગ છે. યોગસાધન કરવાને કેટલીક પ્રાથમિક ભૂમિકાઓ તૈયાર કરવાની હોય છે. જેમ શરીરને સુદૃઢ બનાવવાને અંગકસરતની જરૂર છે તેમ મનને સુદૃઢ બનાવવાને કેટલીક રીતે સ્વતંત્ર મનને અંકુશમાં રાખી તે રીતે તેને બળવાન બનાવવાનું છે. તેને માટે કેટલીક પ્રણાલિકાઓ તૈયાર કરવામાં આવી છે. તેમાં યમનિયમનો સમાવેશ થાય છે.

अहिंसासत्यास्तेयब्रह्मचर्यापरिग्रहा यमाः॥

યોગદર્શનકારે ''યમ''નું વર્ણન એ પ્રમાણે કર્યું છે.

અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એ પાંચ યમ

કહ્યા છે.

અહિંસા

કોઈ પણ પ્રાણીને કોઈ પણ પ્રકારે લેશમાત્ર દુઃખ ન કરવું તે.



ભા.- ૧

સત્ય

પ્રિય અને હિતકર અને બીજાને ઉદ્વેગ નહીં કરે એવાં વચન દ્વારા ઇન્દ્રિયો અને મનથી, પ્રત્યક્ષ જોઈને અથવા અનુમાન કરીને જેવો અનુભવ કર્યો હોય તેવો ને તેવો જ ભાવ પ્રકટ કરવો તે.

અસ્તેય

અન્યની માલિકીની વસ્તુના અપહરણની વૃત્તિનો અભાવ. છલકપટ કે બીજી કોઈ પણ અન્યાયયુક્ત રીતે બીજાની વસ્તુ પોતાની બનાવી લેવી તેનું નામ ''સ્તેય'' કિવા ચોરી. એનો અભાવ તે ''અસ્તેય.''

બ્રહ્મચર્ય

સઘળી અવસ્થાઓમાં મન, વાણી અને શરીર દ્વારા થતા સઘળા પ્રકારના મૈથુનનો સદા ત્યાગ કરીને, બધી જ રીતે વીર્યની રક્ષા કરવી તે.

બ્રહ્મચર્યનું અખંડત્વ જાળવવાને અને પરિપૂર્ણ રીતે આચાર કરવાને સ્ત્રૈણની સોબત, સ્ત્રીની સોબત કામોદ્દીપક વસ્તુઓનું સેવન, અશ્લિષ્ટ દૃશ્યોનો ત્યાગ, ગંદાસાહિત્યનો ત્યાગ વગેરે આચાર આવશ્યક છે.

અપરિગ્રહ

પોતાના સ્વાર્થ માટે મમતાપૂર્વક ધનસંપત્તિનો અને ભોગસામગ્રીનો સંચય કરવો તે ''પરિગ્રહ''. એના અભાવને 'અપરિગ્રહ' કહ્યો છે. શ્રી અવધૂતે પણ અપરિગ્રહનો અર્થ કરતાં ''દેહરક્ષા માટે જરૂર હોય તે સિવાયના વધારાના ભોગસાધનોનો સ્વીકાર નહીં કરવો તે ''અપરિગ્રહ'' એમ કહ્યું છે.

હવે આપણે નિયમો શું છે તે પણ જોઈએ. યોગદર્શનકાર એ નિયમોનો ઉલ્લેખ કરતાં :

शौचसंतोषतपः स्वाध्यायेश्वरप्रणिधानानि नियमाः॥

એ પ્રમાણે કહ્યું છે. શૌચ, સંતોષ, તપ, સ્વાધ્યાય અને ઈશ્વરપ્રણિધાન એ પાંચ નિયમો છે.

શૌચ

બાહ્યશૌચ-પાણી, માટી આદિનો ઉપયોગ કરી શરીર શુદ્ધ રાખવું અને સ્વચ્છ રાખવું તે. આંતરશૌચ-જપ, તપ અને શુદ્ધ વિચારો દ્વારા અંતઃકરણના રાગદ્વેષાદિ મળનો નાશ કરવો તે.

સંતોષ

કોઈ પણ પ્રકારની કામના કે તૃષ્ણા કર્યા વિના પ્રારબ્ધાનુસાર જે કાંઈ પ્રાપ્ત થાય તેનાથી જ તૃપ્ત રહેવું તે.

પોતાની પરિસ્થિતિ અને યોગ્યતા અનુસાર સ્વધર્મનું પાલન કરવું અને તેના પાલનમાં જે કાંઈ શારીરિક યા માનસિક વધારેમાં વધારે કષ્ટ પ્રાપ્ત થાય તે સહર્ષ સહન કરવું એ 'તપ' છે.



વ્રત, ઉપવાસ આદિ દેહદમનના અનેક પ્રયોગોનો તપમાં સમાવેશ થાય છે. એવા તપનું નિષ્કામભાવે પાલન કરવાથી મનુષ્યનું અંતઃકરણ અનાયાસ શુદ્ધ થઈ જાય છે.

स्वाध्याय

વેદ, પુરાણ, શાસ્ત્ર આદિ ગ્રંથોનું વાચન અને ગાયત્રી, પ્રણવ આદિનો જપ એ સ્વાધ્યાય છે.

ईश्वरप्रणिधान

ઈશ્વરને શરણે જવું, અનન્ય ભાવે તેને શરણે રહી તેનાં જ ગુણગાન કરવાં, તેની કીર્તિનું શ્રવણ, મનન કરવું અને પ્રભુમાં અનન્ય પ્રેમ રાખવો.

શ્રી ભગવાને ઉદ્ધવને બાર યમ અને બાર નિયમો ગણાવ્યા છે. શ્રી અવધૂતે પણ એ જ પાંચ નિયમો બતાવ્યા છે. આ યમનિયમોનો આચાર મનની નિર્મળતા અને સ્થિરતામાં સહાયક બને છે, એટલું જ નહીં પણ વિષયો તરફ જતા મનને ઈશ્વર તરફ લઈ જવામાં પણ સહાયભૂત બને છે. આ નિયમોનું યથાર્થ પાલન થાય તો સ્વાભાવિક રીતે જ ક્રમે ક્રમે વૈરાગ્યવૃત્તિ કેળવી શકાય છે. તેની સાથે જ ત્યાગ અને જનતાજનાર્દન પ્રત્યે પ્રેમભાવ પણ અંતઃકરણમાં પ્રકટે છે. એ કારણે જ એ યમનિયમની આવશ્યકતા છે.

આટલું કર્યાથી પણ જાણે અર્થ ન સરતો હોય તેમ, શ્રી ગુરુએ

"हृदयकुंडमें अगन जलाया."

હૃદયકુંડમાં અગ્નિ પ્રગટાવ્યો. હૃદયને અહીં યજ્ઞકુંડની ઉપમા આપી છે. હૃદયમાં જે અગ્નિ પ્રગટ થાય છે તે "જ્ઞાનાગ્નિ" છે. એ જ્ઞાનાગ્નિ હૃદયમાં પ્રગટ થાય છે ત્યારે અરણ્યમાં અગ્નિ પ્રગટ થઈને સમસ્ત કચરો-કૂટો, વૃક્ષો વગેરેને ભસ્મસાત્ બનાવી દે છે તેમ, મનુષ્યના અંતરમાં રહેલા સર્વ પ્રકારના મળ, વિક્ષેપ અને આવરણને ભસ્મસાત્ બનાવી દે છે. એ મળ, વિક્ષેપ અને આવરણને કારણે કામ, ક્રોધ આદિ છ વિકારો જે મનુષ્યને ભવભવના ચક્રમાં નાખનારા છે તેનો પણ નાશ થાય છે. તેથી એ જ્ઞાનના અગ્નિમાં

"काम कोध बलि दीध"

કામ, ક્રોધનું બલિદાન આપ્યું છે.

રજોગુણમાંથી ઉત્પન્ન થતા એ કામક્રોધાદિનું નિવારણ થઈ જતાં, જેમ અગ્નિમાંથી નીકળેલું કાંચન શુદ્ધ બની જાય છે તેમ, સાધકનું અંતઃકરણ કાંચન જેવું શુદ્ધ બની જાય છે. જ્યાં સુધી એ નર્કના દ્વાર



સમા કામ, ક્રોધ, લોભ વગેરેનો નિઃશેષ નાશ નથી થતો ત્યાં સુધી આત્મદર્શન અર્થે કરેલી મહેનત ''ધૂળ પર લીંપણ'' જેવી છે. જ્યાં સુધી વૃત્તિઓ રહે ત્યાં સુધી મન, બુદ્ધિ અને ચિત્ત સ્થિર રહેતાં નથી. અહંકાર પણ ગળી જતો નથી અને તેથી જ અહીં એ વિકારોને જ્ઞાનાગ્નિમાં ભસ્મ કરવાનું કહેવામાં આવ્યું છે. પરિણામે અંતઃકરણ નિર્વિકાર બની જતાં પ્રગતિમાં અવરોધ આવતો નથી.

આ રીતે એક સાધકને ક્રમશઃ કર્મ, ભક્તિ અને જ્ઞાનમાર્ગનો શ્રી ગુરુદેવ સદ્‌બોધ આપે છે. અને ત્યારે જેમ અર્જુનને થયું તેમ

નષ્ટો મોહઃસ્મૃતિર્લબ્ધા ત્વત્પ્રસાદાન્મયાચ્યુત।
સ્થિતોઽસ્મિ ગતસંદેહઃ કરિષ્યે વચનં તવ॥

સાધકનો મોહ નાશ પામે છે, જ્ઞાન પ્રાપ્ત થાય છે, સંદેહનો નાશ થાય છે અને અંતે અનન્યભાવે ગુરુને શરણે જઈ સાધક ''તું કહીશ તેમ કરીશ'' એમ કહેવાને સંકોચ પામતો નથી. આ પરિસ્થિતિ ઉત્પન્ન થાય ત્યારે એ સાધક-જીવશિવની સાથે એકતા સાધી, દ્વૈતનો ભેદ ટાળી, શિવસ્વરૂપ બનેલો સાધક-મોક્ષભાગી બને છે અને તેથી જ શ્રી અવધૂતે કહ્યું :

''રંગ અર્જુના મોહ મિટાયા, સારથિ શ્રી વ્રજરાજ,
રથ હાંક રણ જુદ્ધ કરાયા, અંત દિલાયો રાજ!''

અર્જુન જેવા સાધકને પણ ધન્ય છે. અર્જુનનો મોહ મિટાવનાર શ્રી ભગવાનને પણ ધન્ય છે. અર્જુનનો મોહ જેમ શ્રી ભગવાને મિટાવ્યો તેમ સદ્‌ગુરુ પણ સાધકના જીવનસંગ્રામમાં સારથિરૂપ બનીને, જેમ શ્રીકૃષ્ણે અર્જુનનો રથ હંકાર્યો, યુદ્ધમાં તેને વિજય પ્રાપ્ત કરાવ્યો અને અંતે રાજ્ય અપાવ્યું તેમ, સદ્‌ગુરુ પણ સાધકને સાધન માર્ગ બતાવી, તે સાધનમાં તેની સાથે રહી તેનો મોહ નષ્ટ કરી, અંતે તેને શિવસાયુજ્ય હાથ કરાવે છે. અર્જુનને શ્રીકૃષ્ણે લૌકિક રાજ્ય અપાવ્યું. અહીં શ્રી સદ્‌ગુરુ સાધકને સ્વરાજ્ય અપાવે છે. સ્વરાજ્ય એટલે પોતાનું–આત્માનું સ્વાત્મરાજ્ય. તાત્પર્ય એ છે કે સાચા મુમુક્ષુનો સાચો સારથિ–સુકાની સદ્‌ગુરુ છે અને તે જ તેને તેનું સત્યસ્વરૂપ બતાવી અંતે તેની મોક્ષકામના પૂર્ણ કરે છે. શ્રી અવધૂતે પ્રારંભમાં જ કહ્યું :

''મુજકો ત્યાગી બનાયા રે.''

તે ખરો ત્યાગી એ જ છે.

કર્મ, જ્ઞાન અને ભક્તિ એ ભલે ત્રણ ભિન્ન ભિન્ન માર્ગો છે પણ તે ત્રણેનું અંતિમ ધ્યેય તો પરમાત્મા છે. ગીતા એ ત્રણે માર્ગોનો સમન્વય છે. કર્મમાં જ્ઞાન, જ્ઞાનમાં ભક્તિ અને ભક્તિમાં કર્મ એમ એ ત્રણે માર્ગો પરસ્પર મળેલા જ છે. કર્મમાંથી જ જ્ઞાન અને ભક્તિનો, ભક્તિમાંથી જ કર્મ અને જ્ઞાનનો અને જ્ઞાનમાંથી જ કર્મ અને ભક્તિનો ઉદય થાય

છે; એટલે કેવળ પ્રણાલિકાભેદને કારણે જ એ ભિન્ન જણાય છે અને તેથી શ્રી ભગવાને કહ્યું :

सांख्ययोगौ पृथग्बालाः प्रवदन्ति न पण्डिताः ।


\+ + + + +

एकं सांख्यं च योगं च यः पश्यति स पश्यति ॥

જેઓ અજ્ઞાની છે તે જ સાંખ્ય અને યોગને ભિન્નભિન્ન માને છે. પંડિતો માનતા નથી. જે સાંખ્ય અને યોગને એક જ માને છે તે જ સાચો જોનાર છે.



ભા.- ૧



(રાગ દેશ, તાલ–દાદરો)
(કમજાત રાણી પિંગલા - એ રાહ)



ભા.- ૧

શું થયું જે રૂપ તારૂં જીવ ગયું ફરી ?
શેઠ થઈને દાસ કેમ થાય ફરી ફરી ? - ટેક.
સ્વતંત્ર રાજ વન તણો તું કેસરી સહી;
મેષ ગોડ મે મે કરત કાં મરે અહીં ? - શું થયું. (૧)
અક્ષયસુખનિધાન તું, રાજરાજવી !
ભીખ માગતો ફરે કાં નિત નવી નવી? - શું થયું (૨)
કાળનોયે કાળ તું વિશાળ શ્રીપતિ;
ભાળ પાછું વ્હાલ આણી સ્વાંત ધીપતિ !- શું થયું. (૩)
મોહસુરાપાનથી તું ભાન ગયો ભૂલી;
વિપ્રવંશી હાથથી બન્યો જઈ કુલી !- શું થયું. (૪)
કોડી માટ કોડ તેં કર્યા જતા કપિ;
રામ મૂકી દામમાળ કોડથી જપી !- શું થયું. (૫)
મૂળ તરફ આવ રંગ ઘૂમવું મૂકી;
માન મૂરખ વેદવચન જાણ ગુરુ થકી ! - શું થયું. (૬)

❖

શ્રી અવધૂત જીવને પ્રશ્ન કરે છે :

"શું થયું જે રૂપ તારું જીવ ગયું ફરી ?"

હે જીવ ! તને શું થયું કે તારું રૂપ ફરી ગયું? અને જીવનું રૂપ કેવું હતું? તેમાં શું પરિવર્તન થયું? એ પણ એક વિચાર કરવા જેવો પ્રશ્ન છે.

શાસ્ત્રો કહે છે : "જીવ બ્રહ્મ છે અને બીજું કાંઈ જ નથી."

जीवो ब्रह्मैव नापरः ।

શ્રી ભગવાને કહ્યું :

ममैवांशो जीवलोके जीवभूतः सनातनः ।

"મનુષ્ય લોકમાં મારો જ અંશ સનાતન જીવ બન્યો." તો પછી જે બ્રહ્મ છે, જે પરમતત્ત્વનો જ અંશ છે તે આવો ક્ષુદ્ર કેમ? ના ના, બ્રહ્મ તો અનાદિ છે, અજર છે, અમર છે અને સકળ બ્રહ્માંડનો અધિષ્ઠાતા છે. એની શક્તિ અદ્વિતીય છે. ત્યારે આ જીવ તો બિચારો માંકડા જેવો છે. ગરીબ ગાય જેવો છે. બકરા જેવો નિર્બળ અને નિઃસહાય છે એનું કારણ શું ? કારણ શ્રી અવધૂત હવે આપે છે અને સાથે સાથે જીવને પોતાના સનાતન સ્વરૂપનું ભાન પણ કરાવે છે.

આત્મા "જીવ" કેમ થયો ? એ પ્રશ્નનો આપણે જરા વિસ્તારથી

વિચાર કરીએ. શ્રી ભગવાને ઉદ્ધવને કહ્યું :

देहेन्द्रियप्राणमनोऽभिमानो
जीवोऽन्तरात्मा गुणकर्ममूर्तिः ।



ભા.- ૧

"દેહ, ઇન્દ્રિયો, પ્રાણ અને મનમાં રહેલો આત્મા જ્યારે એનું અભિમાન ધારણ કરે છે, તેને જ પોતાનું સ્વરૂપ માની લે છે ત્યારે એ આત્માને 'જીવ, સંજ્ઞા પ્રાપ્ત થાય છે." આત્મા એ ચેતનસ્વરૂપ છે જ્યારે દેહ, ઇન્દ્રિયો, પ્રાણ અને મનસહિત જડ છે. એ જડ પદાર્થોને આત્માનું ચેતન મળે છે ત્યારે જ તે ક્રિયાવાન અને સચેત જણાય છે. આત્મા અનાદિ છે પણ અનાદિ કાળથી જ તેને શરીરનો સંબંધ થતો આવ્યો છે. શરીરના સંબંધને કારણે તેને શરીરમાં મોહ ઊપજ્યો છે, જેથી તે શરીર છે એમ માનતો થયો છે. એ શરીરનો સંચાલક પ્રાણ છે. એ પ્રાણ વિના શરીરનો વ્યવહાર સ્થગિત થઈ જાય છે. અને તેથી જે પ્રાણને એ આત્માની ગતિ મળે છે તે પ્રાણ પણ પોતે જ છે એમ આત્મા માનતો થાય છે. ઇન્દ્રિયો અને મન તો જડ છે જ. તે ઇન્દ્રિયો અને મન દ્વારા શરીરનો વ્યવહાર ચાલે છે. એ શરીરના વ્યવહારમાં પણ આત્માની આત્મબુદ્ધિ થવાથી, તે પણ પોતે જ છે એમ આત્મા માનતો થયો છે. તેથી એ પાર્થિવ પદાર્થોમાં એને અહંતા ઉત્પન્ન થઈ છે. અને તેથી આત્માનો એ દેહેન્દ્રિયાધ્યાસ જીવભાવ ગણાયો છે. વાસ્તવિક રીતે આત્માનું સ્વરૂપ બદલાતું નથી. કારણ કે જે ચૈતન્યસ્વરૂપ છે તે પરિવર્તનશીલ નથી. પ્રકૃતિ એટલે જડતા. અને જડતા પરિવર્તનશીલ છે. આત્મા એટલે ચૈતન્ય અને તેથી ત્રણે કાળમાં તેનું પરિવર્તન નથી. જ્યારે ચૈતન્ય જડ ભાવનો સ્વીકાર કરે છે ત્યારે તે પોતાના મૂળ સ્વરૂપને વીસરે છે અને જે જડભાવનો તેણે સ્વીકાર કર્યો હોય તે જડભાવ પોતે જ છે એમ માનીને તે સુખદુઃખ આદિ દ્વંદ્વોમાં સપડાય છે. વાસ્તવિક રીતે તો એ સુખદુઃખ આદિ દ્વંદ્વો મનને જ ભોગવવાનાં હોય છે. મન ઇન્દ્રિયોના સમૂહના સહકારથી એ ભોગવે છે, છતાંય આત્મા એ પોતે ભોગવતો હોય એવો તેને ભાસ થાય છે. અને તેથી દેહ, ઇન્દ્રિયો અને મનનાં સુખદુઃખ આદિ દ્વંદ્વોને તે પોતાનાં માનીને ક્લેશ ભોગવે છે. તે શેઠ હોવા છતાંય સેવકના જેવો ગરીબ અને રાંકડો જણાય છે. માટે શ્રી અવધૂતે કહ્યું :

"શેઠ થઈને દાસ કેમ થાય ફરી ફરી?"

શ્રી ભગવાને અર્જુનને કહ્યું તેમ જ્યારે પરમતત્ત્વના અંશરૂપ આત્મા ઉપર કહ્યા પ્રમાણે અભ્યાસને કારણે જીવભાવ ધારણ કરે છે ત્યારે વસ્તુતઃ વિષયોનો ભોક્તા મન અને બુદ્ધિ છે છતાં એ વિષયો પોતે ભોગવે છે એમ માને છે. અને તેથી જ,

श्रोत्रं चक्षुः स्पर्शनं च रसनं घ्राणमेव च ।
अधिष्ठाय मनश्चायं विषयानुपसेवते ॥



"શ્રોત્ર, ચક્ષુ, ત્વચા, જીભ અને ઘ્રાણ એ પાંચ ઇન્દ્રિયોના જે જે છે તે તે વિષયોને જીવાત્મા-જીવભાવ પામેલો આત્મા-મનને પોતાનું અધિષ્ઠાન બનાવીને સેવે છે.

આ રીતે આપણે જોયું કે પોતે જે નથી તે છે એમ માનીને વિપરીત જ્ઞાનના પરિણામે આત્માના શુદ્ધ સ્વરૂપમાં પરિવર્તન થતું નથી, છતાં તેના ઉપર એક પ્રકારનું અજ્ઞાનનું આવરણ આવ્યું છે તેથી તે એ વિપરીત જ્ઞાનનો ભોગ બને છે. વાદળાંથી ઢંકાયેલા સૂર્યને જેમ વાદળાં વીખરાઈ જતાં તેના શુદ્ધ સ્વરૂપમાં આપણે જોઈ શકીએ છીએ તેમ, એ અધ્યાસના આવરણથી ઢંકાયેલા આત્માને પણ આવરણ વીખરાઈ જતાં આપણે અનુભવી શકીએ છીએ અને તેથી જ અહીં શ્રી અવધૂતે કહ્યું :

"શેઠ થઈને દાસ કેમ થાય ફરી ફરી ?"

જીવ શેઠ છે. ખરેખર બ્રહ્મનો અંશ જીવ છે અને તેથી અંશ અંશથી ભિન્ન નથી. સાકરના ઢગથી જુદો પડેલો સાકરનો ટુકડો કિંવા મીઠાના ઢગથી અલગ પડેલી મીઠાની કણિકા કિંવા અગ્નિથી ભિન્ન જણાતી અગ્નિની ચિનગારી કિંવા સાગરથી ભિન્ન થયેલ જલબિંદુ પોતપોતાના અધિષ્ઠાનથી ભિન્ન નથી, તેમ બ્રહ્મથી ભિન્ન જણાતો જીવ પણ બ્રહ્મથી ભિન્ન નથી. વર્ષાઋતુમાં આકાશમાંથી વરસતું પાણી સ્વભાવે શુદ્ધ છે. અંતરિક્ષમાં રહેલી મલિનતા તેના માર્ગમાં તેની સાથે ભળી તેને મલિન બનાવે છે અને તે પૃથ્વી પર પડતાં વધુ મલિન બને છે. તેમ જીવભાવ વિનાનો આત્મા શુદ્ધ છે. નિર્મળ આત્મામાં દેહબુદ્ધિ એ જ મલિનતા છે. જેમ પાણીની મલિનતા સ્વભાવસિદ્ધ નથી તેમ આત્માનો જીવભાવ સ્વભાવસિદ્ધ નથી. જેમ મલિનતા જીવથી ભિન્ન છે તેમ જીવભાવ આત્માથી ભિન્ન છે. જેમ વિજ્ઞાનના પ્રયોગ દ્વારા પાણીની મલિનતાને પાણીથી જુદી પાડી શકાય છે, તેમ જ્ઞાનીઓ આત્મામાં આરોપિત જીવભાવને જુદો પાડી શકે છે. જેમ દર્પણનો મેલ પાણી વડે સ્વચ્છ કરી શકાય છે તેમ આત્માનો જીવભાવ જ્ઞાન વડે સ્વચ્છ કરી શકાય છે. એ સ્વચ્છ કરવા માટે જેમ આવરણરૂપી મલિનતાને કાઢવી જરૂરની છે તેમ, અધ્યાસની મલિનતાને ટાળવાને જીવભાવયુક્ત આત્માને પોતાના શુદ્ધ સ્વરૂપનું જ્ઞાન આપવાની જરૂર છે. અહીં શ્રી અવધૂત જીવભાવ પામેલા આત્માને એ જ્ઞાન આપવાનો પ્રયત્ન કરે છે. શ્રી અવધૂત કહે છે : "તું શેઠ છે." અને જીવભાવ રહિત આત્મા ખરેખર શેઠ જ છે એટલે બીજાઓ ઉપર આધિપત્ય ભોગવવાનો તેને અધિકાર છે. આત્માનો અધિકાર સમસ્ત પ્રકૃતિ પર આધિપત્ય ભોગવવાનો છે. આત્મા પુરુષ છે, પ્રકૃતિ દાસી છે. પુરુષના આધારે એ પ્રકૃતિનું જીવન છે. જ્યાં સુધી પુરુષ પોતાનું પુરુષત્વ જાળવી રાખે ત્યાં સુધી જ પ્રકૃતિ તેની દાસી બની રહે છે. જ્યાં સુધી આત્મા પોતાનું વર્ચસ્વ જાળવી રાખે ત્યાં સુધી તે

પ્રકૃતિનો દાસ બનતો નથી. પણ પ્રકૃતિના - મન, બુદ્ધિ – વિષયોના સતત સહવાસથી આત્માનું વર્ચસ્વ ધીમે ધીમે ક્ષીણ થતું જાય છે અને આત્મા એ પ્રકૃતિના ઓજસમાં ઘસડાતો ઘસડાતો અંતે પોતાનું વર્ચસ્વ ગુમાવી પ્રકૃતિનો દાસ બની જાય છે. પુરુષત્વ ગુમાવીને બીજાનો દાસ બની રહે છે ત્યારે પ્રકૃતિ આત્મા પર પોતાનું આધિપત્ય જમાવે છે અને તેથી જ તે શેઠ હોવા છતાંય પ્રકૃતિનો-મન, બુદ્ધિ અને વિષયોનો દાસ બનીને જ રહે છે. મન એ પ્રકૃતિનું જ સર્જન છે અને તેથી મનનો દાસ બની જાય છે. કારણ આત્માથી ઊતરતા દરજ્જાના મનનું ઇન્દ્રિયો ઉપર આધિપત્ય છે.



ભા.- ૧

इन्द्रियेभ्यः पराह्यर्थाः अर्थेभ्यश्च परं मनः ।
मनसस्तु परा बुद्धिर्बुद्धेरात्मा महान्पर : ।
महतः परमव्यक्तमव्यक्तात्पुरुषः परः ।
पुरुषान्न परं किंचित्सा काष्ठा सा परागतिः ।

''ઇન્દ્રિયો કરતાં તેના વિષયો શ્રેષ્ઠ છે. વિષયો કરતાં મન ઉત્કૃષ્ટ છે. મન કરતાં બુદ્ધિ શ્રેષ્ઠ છે. અને બુદ્ધિથી શ્રેષ્ઠ મહાન આત્મા છે. એ મહાન કરતાં પણ અવ્યક્ત પ્રકૃતિથી પણ સર્વશ્રેષ્ઠ પુરુષ છે. એ પુરુષથી શ્રેષ્ઠ કશું જ નથી. એ જ અંતિમ મર્યાદા છે. એ જ અંતિમ સર્વશ્રેષ્ઠ ગતિ છે.

આમ ઉપનિષદ્કારે પણ પુરુષની શ્રેષ્ઠતાનાં ગાન કર્યાં છે. આત્મા એ જ શ્રેષ્ઠ પુરુષનો અંશ છે. એટલે તેના જેટલો ઉત્કૃષ્ટ છે પણ અવ્યક્ત મૂળ પ્રકૃતિના અંશતઃ વ્યક્ત કરણરૂપ મન, બુદ્ધિ, ઇન્દ્રિયો અને વિષયોનો તે દાસ બનીને પોતાનું મહત્ત્વ ગુમાવી પરતંત્ર બન્યો છે. અને તેથી જ શ્રી અવધૂત કહે છે : ''તું આમ ફરી ફરીને દાસ કેમ બને છે ?''

જીવ જ્યારે મનને સ્વાધીન બની જાય છે ત્યારે મન જીવનો સ્વામી બનીને જ જીવને દોરવે છે. મન જ્યારે જીવના ઉપર પોતાનું આધિપત્ય જમાવે છે ત્યારે જીવ મનનું માન્યું જ કરે છે. અને તેથી તે મનનો સ્વામી હોવા છતાં જ્યાં સુધી મનને આધીન રહે છે ત્યાં સુધી તે મનનો દાસ જ રહે છે. એ મન જ જીવને વારે વારે જન્મ મરણના ફેરા પણ ખવરાવે છે.

પણ ના, મનનો એમાં દોષ નથી. જે કરે છે તે ભોગવે છે. આત્મા અકર્તા છે, અભોક્તા છે. મન અને બુદ્ધિ પરસ્પર સહકાર સાધીને ઇન્દ્રિયોની સહાયતાથી વિષયોનો ઉપભોગ કરીને તેમાંથી જે આનંદ મળે છે તે ભોગવે છે. જે દુઃખ થાય છે તે સહન કરે છે. આત્મા કેવળ દ્રષ્ટા થઈને મન અને બુદ્ધિના કારણને જોતો રહે છે. મન કે બુદ્ધિ આત્માને આમંત્રણ આપવા જતાં નથી. જેમ એક બાળવૃંદ રમત રમતું હોય અને એક બાળક કેવળ જોતો હોય, તે રમત રમતા બાળવૃંદને રમતમાં જે



આનંદ આવે છે તે જોઈને જોનાર બાળકને નવાઈ ઊપજે છે. અને ધીમે ધીમે તે બાળક પણ તેનો દ્રષ્ટા મટીને જોવાનો આનંદ માણતો થાય. આમ થતાં થતાં એક દિવસ તે બાળક પણ પેલા બાળવૃંદની સાથે ભળી રમત રમતો થઈ જાય. તેમ આત્મા પણ મન અને બુદ્ધિના એ કરણમાં સહયોગ આપતો થઈ જાય છે. અને ત્યારે તે પોતે પણ પોતાને કર્તા ભોક્તા માનતો થઈ જાય છે. પછી તે આત્માનો એ સ્વભાવ બની જાય છે. એટલે આત્મા પણ તેની સાથે ઐક્ય સાધીને કર્તૃત્વ-ભોક્તૃત્વનું પોતાનામાં જ આરોપણ કરે છે. અને પછી પરિણામનાં આનંદ-વિષાદ પણ પોતાનાં જ માની લે છે. ટૂંકમાં કહીએ તો નિર્લેપ આત્મા અણબોલાવ્યો જ મન અને ઇન્દ્રિયોને સહકાર અને સહયોગ આપે છે. એને જ આપણે અધ્યાસ કહીએ છીએ અથવા અહંતા કહીએ છીએ. જ્યાં સુધી આત્મા કેવળ દ્રષ્ટા તરીકે જ કામ કરે છે ત્યાં સુધી તેને કશું થતું નથી. પણ દ્રષ્ટા થતાં થતાં કર્તાપણું સ્વીકારી લે છે ત્યારે આત્મામાં મમત્વ પ્રવેશે છે. અને તેથી જ તેનું સ્વરૂપ ભૂલીને તે અધ્યાસથી બનેલા પોતાના આરોપિત સ્વરૂપમાં લીન થઈ જાય છે. અને ત્યારે જ તે સ્વામીત્વનો ત્યાગ કરીને દાસત્વ સ્વીકારે છે. ત્યારે શ્રી અવધૂત કહે છે તેમ

"શેઠ થઈને દાસ કેમ થાય ફરી ફરી?"

એ વાતનું આત્માને ભાન કરાવવું પડે છે. બહુરૂપીને તો આપણે જોયો છે. આજે રાજા, કાલે ભિખારી, પરમ દિવસે મહાત્મા અને એમ રોજરોજ નવાનવા સ્વાંગ સજીને તે જનતાને આનંદ આપે છે, પણ તે પોતે કોણ છે તે ભૂલતો નથી. તેને રાજાના સ્વાંગમાં આનંદ નથી. ભિખારીના સ્વાંગમાં શોક નથી. અહીં પણ તેવું જ છે.

આગળ ચાલતાં શ્રી અવધૂત કહે છે :

"સ્વતંત્ર રાજ વન તણો તું કેસરી સહી;
મેષ ગોડ મેં મેં કરત કાં મરે અહીં ?"

કેસરીસિંહ વનનો સમ્રાટ છે. તેની સત્તાનો પ્રતિકાર કરવાની કે તેની શક્તિને પડકારવાની કોઈની શક્તિ નથી. બ્રહ્મસ્વરૂપ જીવની શક્તિ કે સત્તાનો પડકાર કરવાની પણ કોઈની શક્તિ નથી. વનકેસરી જેમ અરણ્યનો રાજા છે, સમ્રાટ છે, અનેકવિધ વનપ્રાણીઓ એની પ્રજા છે, તેમ આત્મા પણ વિશ્વનો સમ્રાટ છે. સમસ્ત સચરાચર જગત એની પ્રજા છે. એના એ વિશાળ અધિકારની આડે આવવાને કોઈ હામ ભીડી શકતું નથી. અને તેથી શ્રી અવધૂત કહે છે :

"જીવ, તું તો વનકેસરી જેવો સમસ્ત વિશ્વમંડળનો સમ્રાટ છે, છતાં આમ બકરાં પેરે અહીં મેં મેં કરતો શા સારુ મરે છે?"

બકરાંનું એક ટોળું એક સમે વનમાં ચરતું હતું. તેમાં એક સિંહનું



શિશુ પણ બકરાં ભેળું બકરું બનીને પોતાની જાતને ભૂલીને ચરતું હતું. સંગતના દોષથી એ સિંહનું બચ્ચું પોતાનો સ્વભાવ પણ ભૂલી ગયું હતું. બકરાં એ એનું ભક્ષ્ય છે એ વાત ભૂલીને એ પણ બકરાં પેરે જ તૃણ ચરતું હતું. વનને થરથરાવી દે એવી ત્રાડ મારવાનું ભૂલીને એ પણ બકરાં પેરે જ મેં મેં કરતું હતું. સિંહના એ બાળકનું સ્વભાવપરિવર્તન થયું હતું. આમ બકરાં પેરે ગરીબ બનીને જીવતા સિંહના બચ્ચાને એક પ્રસંગે કોક સિંહ જોઈ ગયો. આશ્ચર્ય થયું. તેણે વિચાર કર્યો "આમ કેમ? એ સિંહનું શિશુ છે છતાંય બકરી જેવું ગરીબ કેમ?" એ સિંહ એ સિંહના બાળકને પકડીને એક પાણીના ઝરા આગળ લઈ ગયો અને તેના બાહ્ય કલેવરનું પાણીમાં પડેલું પ્રતિબિંબ બતાવ્યું. એ પ્રતિબિંબની આકૃતિ પોતાની સામે ઊભેલા સિંહની આકૃતિને મળતી આવતી જોઈને એ બકરા જેવા સિંહશિશુને વિચાર થયો : "અરે આ તો જુદો જ આકાર છે. મારો આકાર પણ મારી સાથે ફરતા બકરાના આકાર કરતાં જુદો જ છે. હું બકરું નથી." પોતાના આકારને બકરાના આકારથી બધી રીતે વિલક્ષણ જોઈ વિચાર કરતાં એ સિંહ બાળકના કાને ભયંકર ત્રાડનો અવાજ અથડાયો. ચોમેર દૃષ્ટિ ફેરવીને જોયું તો પોતાની જ સન્મુખ ઊભેલો સિંહ એ ત્રાડ પાડતો હતો અને વનરાજીને ગજવી રહ્યો હતો. એનું અનુકરણ કરીને એ સિંહના બાળકે પણ તેવી જ ત્રાડ મારી. સિંહે કહ્યું, "તું કોણ છે તેનું તને ભાન થયું?" સિંહના શિશુએ કહ્યું, "હા. મને ભાન થયું, હું બકરું નથી પણ સિંહ છું." પરિણામે બકરાંના ટોળામાં ફરતું સિંહનું બાળ પણ સિંહ બની તેની સાથે વનવગડે વિચર્યું.

તાત્પર્ય એ છે કે જ્યાં સુધી પોતાના શુદ્ધ સ્વરૂપનું જીવને ભાન નહીં થાય ત્યાં સુધી તે બકરાંના ટોળામાં ફરતા સિંહના શિશુ જેવો જ છે. જ્યારે કોઈ સદ્‌ગુરુ જીવને પોતાના સ્વરૂપનું ભાન કરાવે ત્યારે તરત જ તે બકરાંના ટોળામાંથી જુદો પડી જાય છે. એ બકરાંના ટોળાનો સરદાર મન છે. મન કાંઈ સિંહ તો નથી જ પણ સિંહનો સ્વાંગ ધારીને એ ફરે છે. એ મન જેમ દોરવે તેમ એ બધાય ચાલે છે. જેમ એક મધમાખીના ટોળાનો રાજા જે જગ્યાએ બેસી જાય તે જ જગ્યાએ બધી મધમાખીઓ પણ એક ઉપર એક એમ બેસીને ઢગ થઈ જાય છે. તેમ એ મન જ્યાં ચોંટયું ત્યાં જ ચિત્ત આદિ બધાય ચોંટી જાય છે. આપણે વાત વાતમાં "મારું મન આમાં ચોંટ્યું છે." એમ કહીએ છીએ. એનો અર્થ પણ એ જ છે કે જ્યાં મનનું વલણ ત્યાં જ અંતઃકરણનું વલણ, અને અંતઃકરણની દોરવી ઇન્દ્રિયો પણ ત્યાં જ ચોંટે છે. જીવ મનનો સ્વામી છે પણ મનની ફેલાવેલી માયાની જાળમાં ફસાયેલો એ જીવ મનનો દોરવ્યો દોરવાય છે. મનની એ માયાજાળ એટલે વિષયો અને



તેનું વિષભર્યું માધુર્ય. જીવને એ જ સદા સર્વદા જકડી રાખે છે! જ્યાં સુધી જીવ એ મનની માયાજાળમાં જકડાયલો રહે ત્યાં સુધી મનના ચૌદચોકડી રાજ્યમાં કોઈ વિઘ્ન કરી શકતું નથી.

આપણે આગળ કહ્યું તેમ ઈન્દ્રિયો અને તેના અર્થ એટલે વિષયોની અપેક્ષાએ મન શ્રેષ્ઠ છે. પણ બુદ્ધિ અને આત્માની અપેક્ષાએ કનિષ્ઠ છે. ત્યારે પ્રશ્ન એક જ થાય છે કે બુદ્ધિ અને આત્મા કરતાં કનિષ્ઠ કોટીનું મન એ બુદ્ધિ અને આત્મા ઉપર આમ આધિપત્ય કેમ ભોગવે છે? ઈન્દ્રિયો અને વિષયો કરતાં તો મન શ્રેષ્ઠ છે અને તેથી તેના ઉપર આધિપત્ય ભોગવે એ સંભવિત છે. પણ બુદ્ધિ અને આત્મા ઉપર પણ આધિપત્ય કેમ ભોગવે ?

વિચાર કરીશું તો જણાશે કે આત્મા નિષ્કર્મ અને નિષ્ક્રિય છે. અકર્તા અને અભોક્તા છે. સૂર્ય જેમ પ્રકાશ આપીને તે પ્રકાશમાં જગતનો વ્યવહાર થાય છે તેનો માત્ર દ્રષ્ટા અથવા સાક્ષી હોવાથી જગતના એ વ્યવહારથી લેપાતો નથી, તેમ આત્મા પણ પોતાનું ચૈતન્ય રેડીને તે ચૈતન્ય વડે થતાં કર્મોનો માત્ર દ્રષ્ટા અથવા સાક્ષી બની રહે છે, અને તેથી જગતના કાર્યથી તે લેપાતો નથી. તેનું ચૈતન્ય પણ નિર્લેપ જ રહે છે. બુદ્ધિ અને મનનો સહયોગ અને સહકાર થવાથી જ મનની બધીય ચેષ્ટાઓ થાય છે. અને જ્યારે મન અને બુદ્ધિની એ ચેષ્ટાઓના દ્રષ્ટા બનવાને બદલે આત્મા જ્યારે તેની સાથે જ સહયોગ સાધે છે ત્યારે તે મનના અધિકાર તળે આવીને બકરા જેવો બની જાય છે.

"તું કોણ?" દ્રષ્ટાત્માએ ભોક્તા જીવને પૂછ્યું.

"હું કર્તા, હું ભોક્તા," ભોક્તા જીવે કહ્યું.

"તારી ભૂલ છે. તું ભોક્તા પણ નથી અને કર્તા પણ નથી. તું તો કેવળ મારા જ જેવો દ્રષ્ટા!" દ્રષ્ટાત્માએ કહ્યું.

"હું દ્રષ્ટા છું તો મને કર્તાભોક્તાનું ભાન કેમ થયું? મને સુખદુઃખનો અનુભવ કેમ થયો?" ભોકતાત્માએ કહ્યું.

"મન અને બુદ્ધિનો દોરવ્યો તું દોરાયો એટલે."

"ત્યારે આ સુખદુઃખ શું સાચાં નથી?"

"ના, એ કેવળ ભ્રમણા છે અને અધ્યાસને લીધે આરોપિત છે. વિષયોનાં સુખદુઃખ સાચાં નથી"

બકરા જેવા જીવને કાંઈક સધિયારો મળ્યો. જરા હિંમત આવી. તેને થયું. "હું જે ભાસું છું અને એ આભાસને લીધે પોતાને જે માનું છું, તે તો હું નથી." સિંહના બચ્ચાને જેમ થયું તેમ જીવને પણ આત્માએ વિચાર કરતો કરી મૂક્યો. અને તેથી શ્રી અવધૂતે કહ્યું :

"તું વનકેસરી સમો સ્વરાજ્યનો સમ્રાટ છે. શા સારુ બકરા પેરે મેંમેં કરે છે ?" અને –

"અક્ષયસુખનિધાન તું, રાજરાજવી!
ભીખ માગતો ફરે કાં નિત નવી નવી?"

હે જીવડા, તું તો અક્ષયસુખનો ભંડાર છે. "અક્ષય એટલે કોઈ પણ વખત વધે નહીં કે ઘટે નહીં અને એક જ સરખી અવસ્થામાં સ્થિતિસ્થાપક રહે તે સુખ. એ સુખનો તું ભંડાર છે." એમ જ્યારે જીવને કહ્યું ત્યારે જીવ વિચાર કરતો થયો.



"મને જે સુખ થાય છે અને એ સુખને લીધે મને જે આનંદ થાય છે તે તો ક્ષણે ક્ષણે બદલાતાં જ રહે છે. એ ક્ષણિક છે. એવા અક્ષય-જે ક્ષણિક નથી તેવા-સુખનો તો મને અનુભવ થતો જ નથી."

જીવ તેના અસલ સ્વરૂપે પરમાત્માનો અંશ છે અને પરમાત્મા એ અક્ષયસુખનું નિધાન છે. એટલે જીવભાવરહિત આત્મા પણ અક્ષયસુખનું નિધાન જ છે. આનંદ એ સુખનું પ્રતીક છે. પરમાત્મા આનંદસ્વરૂપ છે - આનંદ છે. જ્યાં આનંદ છે ત્યાં શોક નથી. જ્યાં સુખ છે ત્યાં દુઃખ નથી. જ્યાં પ્રકાશ છે ત્યાં અંધકાર નથી. જ્યાં સુખ અને આનંદ છે ત્યાં દુઃખ કે શોક શોધ્યાં પણ જડતાં નથી. શ્રી અવધૂતની ભાષામાં કહીએ તો "ભગવાને દુઃખનું દેવાળું કાઢ્યું છે." પણ જ્યાં સુધી દેહાધ્યાસ છે, જ્યાં સુધી પોતાના શુદ્ધ સ્વરૂપનું અજ્ઞાન છે ત્યાં સુધી પોતે અક્ષયસુખનો ભંડાર છે એમ જીવને પ્રતીતિ થતી નથી અને તેથી જ તે ફાંફાં મારે છે સુખને શોધવાનાં. એક વખત શ્રી અવધૂતે કહ્યું: "સુખ અને આનંદનો ભંડાર તો અંતરમાં ભર્યો છે. એને શોધવા બહાર જવાની જરૂર નથી. પણ જગતને એ સુખ અને આનંદનો ભંડાર અંતરમાં જડતો નથી, એટલે લોકો ક્ષણિક સુખ અને ક્ષણિક આનંદ માણવા તેને શોધવા બહાર નીકળી પડે છે." જ્યાં તે નથી ત્યાં તેની પ્રાપ્તિ શી રીતે થાય? શું વિષયોનું સુખ સાચું સુખ છે? વિષયોનું ભ્રામક સુખ પણ દુઃખને આમંત્રણ આપીને જ આવે છે. જે સાચો સુખી છે તે કેવો છે? શ્રી અવધૂત કહે છે:

"રાજરાજવી"

અક્ષયસુખ આગળ સમ્રાટના સામ્રાજ્યનાં સુખો માયિક છે-ક્ષણિક છે અને તરણાતોલ છે. નચિકેતાએ યમરાજ પાસે ત્રીજું વરદાન માગ્યું:

"મૃત્યુ પામેલા મનુષ્યના સંબંધમાં એવો સંદેહ છે કે કોઈ કહે છે "તે રહે છે" કોઈ કહે છે "નથી રહેતો." એ સંદેહ ટાળો એ મારું ત્રીજું વરદાન છે."

આત્મતત્ત્વના જ્ઞાનને અનુલક્ષીને નચિકેતાએ માગેલું વરદાન પૂર્ણ કરવાની યમરાજાએ આનાકાની કરી. જગતનાં અનેકવિધ પ્રલોભનો આપીને નચિકેતાને તેના નિશ્ચળ નિશ્ચયથી ચલિત કરવાનો યમરાજાએ નિષ્ફળ પુરુષાર્થ કર્યો. અંતે નચિકેતાએ યમરાજને પોતાનો નિશ્ચય વ્યક્ત કર્યો અને આત્મતત્ત્વનું ગૂઢ રહસ્ય જાણવાની પોતાની જિજ્ઞાસા તૃપ્ત

કરવાની વિનંતી કરી. યમરાજાએ યોગ્ય અધિકારી જાણી આત્મસુખપ્રાપ્તિના સાધન સહિત આત્મજ્ઞાનનું ગૂઢ રહસ્ય કહ્યું. એ છે ''અક્ષય સુખનિધાન''ની અને અક્ષયસુખની મહત્તા.



મૈત્રેયીએ યાજ્ઞવલ્ક્યને કહ્યું :

''જેના વડે હું અમર નહીં થઈ શકું તેને લઈને હું શું કરું? આપ અમૃતત્ત્વનું સાધન જે કોઈ જાણતા હો તે જ મને કહો.''

યાજ્ઞવલ્ક્યે જ્યારે સંન્યસ્ત ધારણ કરવાની ઇચ્છાથી પોતાની પત્ની કાત્યાયની અને મૈત્રેયીને પોતાની મિલકતના ભાગ વહેંચી આપી સંસારથી મુક્ત થવાની ઇચ્છા વ્યકત કરી ત્યારે મૈત્રેયીએ યાજ્ઞવલ્ક્યને આ પ્રમાણે કહી, સંસારના વિષયોપભોગ કરતાં અક્ષયસુખની મહત્તા અનેક ગણી છે એમ કહીને તે પ્રાપ્ત કરવાના સાધનની યાચના કરી.

આ દૃષ્ટાંતો ભલે વિષયાંતર ગણાય પણ આત્મસુખનિધાન આત્માની મહત્તા બતાવવાના હેતુથી જ અહીં આપ્યાં છે. જીવને જ્યારે આત્માના અક્ષયસુખના નિધાન તરીકે શ્રી અવધૂત ઓળખાવે છે ત્યારે પાર્થિવ પદાર્થો, પૃથ્વીનાં સામ્રાજ્યો, પૃથ્વીના બહુવિધ સર્વોત્કૃષ્ટ વૈભવો, પૃથ્વીના ધનવિલાસ આદિની, આત્માની મહત્તા આગળ કેટલી લઘુતા છે તે આ ઉભય દૃષ્ટાંતોથી સમજી શકાય એમ છે. અને તેથી જ એ અક્ષયસુખનિધાન આત્મા 'રાજરાજવી' છે એમ શ્રી અવધૂતે કહ્યું.

એ અક્ષયસુખનો એક જ વખત અનુભવ થયો હોય તો તે સુખને કોરે મૂકી બીજાં માયિક સુખ માણવાની જીવને લેશમાત્ર ઇચ્છા થતી નથી. એ જ કારણે શ્રી અવધૂતે જીવના સત્યસ્વરૂપની આ ગીતમાં ઝાંખી કરાવી છે.

એ જીવ રાજાઓનો પણ રાજા છે. આત્માની ઉત્કૃષ્ટતાની આ બીજી ઓળખ છે. રાજરાજવી હોવા છતાંય આમ દાસના પણ દાસ જેવો દીનરાંક જીવ કેમ બન્યો? કારણ એક જ છે – પરાધીનતા. પરાધીન નોકર જેમ શેઠની આજ્ઞાને અનુસરીને જ વર્તે છે અને તેને સ્વતંત્ર વિચાર કે આચાર કરવાનો અધિકાર નથી તેમ, જીવ પણ અહીં સ્વતંત્ર હોવા છતાં પરતંત્ર સેવક પ્રમાણે મન જેમ દોરવે તેમ દોરાય છે. પોતે તો રાજાનો પણ રાજા-સમ્રાટ છે પણ પોતાનું ભાન ભૂલેલો, ભ્રમણામાં જાત ભૂલેલો બીજાના ગુલામ જેવો જ તે જણાય છે, એટલું જ નહીં પણ પોતે બીજાને આધીન છે એમ જીવ માને છે. તેથી જીવને જાગ્રત કરવાને અહીં તેને તેની ઓળખ આપવામાં આવી છે. એક નાનકડું દૃષ્ટાંત અસ્થાને નહીં ગણાય.

એક જનક સમો વડો સમ્રાટ. તેને વૈભવવિલાસની મણા નહીં. રોજના અનેક ભિક્ષુકો તેને આંગણે આવે. મોકળે હાથે એ સૌને ધનધાન્ય આપી તૃપ્ત કરે. એ સમ્રાટને એક રાત્રે સ્વપ્ન લાધ્યું. ચીંથરેહાલ, હાથમાં ભિક્ષાપાત્ર લઈ એ રસ્તાના ભિખારી પેરે ઘરઘર ભટકતો અને

દીનતા દાખવીને દયામણે મુખે કૃપા ઊપજાવે એવા કરુણ સ્વરે બીજાઓની કને ભીખ માગતો તેણે પોતાને જોયો. એ જ અવસ્થામાં એ જાગ્રત થયો. સ્વપ્નનાં બધાંય દશ્યો જતાં રહ્યાં. પોતે સમ્રાટ છે એ એને જણાયું. જે સ્વપ્ન હતું તે મિથ્યા હતું તેનું પણ એને ભાન થયું. જીવની એ પરાધીનતા પણ આ સ્વપ્ન જેવી જ છે. એ આગંતુક છે. જેમ નિર્મળ આકાશમાં વાદળાંઓ આગંતુક છે તેમ આત્મામાં જીવભાવ પણ આગંતુક છે. જેમ આકાશને એ વાદળાંઓથી કાંઈ પણ થતું નથી, તેમ આત્માને એ જીવભાવથી કાંઈ થતું નથી. જેમ વાયુની લહર એ આગંતુક વાદળાંઓને છિન્નભિન્ન કરી નાખે છે ત્યારે આકાશ પુનઃ નિરભ્ર જણાય છે તેમ, જ્ઞાનરૂપી વાયુ એ આગંતુક જીવભાવને વિખેરી નાંખે છે અને આત્મા પોતાના શુદ્ધ સ્વરૂપમાં પ્રકાશી રહે છે. આ છે રાજરાજવીની મહત્તા. અસ્તુ.



એ રાજરાજવી છે છતાં શ્રી અવધૂત કહે છે :

"ભીખ માગતો ફરે કાં નિત નવી નવી?"

સ્વપ્ન એ માયિક અવસ્થા છે. એ અવસ્થામાં સ્થૂળ શરીર કશું જ કરતું નથી. માત્ર મન પોતાનો વ્યવહાર કરે છે. જીવ તેના સાક્ષીરૂપે રહીને અનુભવ કરે છે. સ્વપ્નાવસ્થા જેમ સાચી નથી છતાં સ્વપ્નકાળમાં તે સાચી જણાય છે તેમ જીવભાવ સાચો નથી પણ જ્યાં સુધી છે ત્યાં સુધી તે સાચો છે અને તેથી રાજરાજેશ્વર આત્મા પણ જીવભાવથી પરિવેષ્ટિત હોવાથી ભિખારી જેવો જ છે. એ જીવ ભીખ માગતો ફરે છે. રોજ નવી નવી ભીખ માગવાનો એનો સ્વભાવ બનેલો હોય છે. એ શાની ભીખ માગે છે?

જેવી સોબત તેવી અસર. મન અને બુદ્ધિ ઇન્દ્રિયો દ્વારા જે વિષયસુખનો ઉપભોગ કરે છે અને આનંદ માણે છે, તે વિષયોપભોગ અને આનંદ જીવ પોતે માણે છે એમ જીવે માની લીધું છે, તેથી એ જીવ રોજરોજ વિષયોની ભીખ માગે છે એમ અહીં કહ્યું છે. જીવ કેવળ વિષયોની જ ભીખ માગે છે. કોઈ દિવસ શબ્દની, કોઈ દિવસ સ્પર્શની, કોઈ દિવસ રૂપની તો કોઈ દિવસ રસની અને કોઈ દિવસ ગંધની; એમ જુદા જુદા વિષયોની ભીખ માંગીને તેમાંથી મળતા અધઃપતનને માર્ગે લઈ જનારા, સુખરૂપ જણાતા પણ અંતે દુઃખમાં જ પરિણામ પામતા આનંદાભાસનો ઉપભોગ કરે છે. વસ્તુતઃ એ ભોગ પણ જીવનો નથી કે આનંદ પણ જીવ માણતો નથી. પોતાના સત્ય સ્વરૂપના સાચા જ્ઞાનના અભાવે અજ્ઞાનના કારણે જીવ એમાં મોહ અને મમતાનો માર્યો જકડાય છે. વિષયોના આનંદનો ઉપભોગ કરતાં તેને લોભ પણ સતાવે છે. કામ પણ સતાવે છે. એષણા પણ સતાવે છે. કોઈ દિવસ સ્ત્રીની વાંછા કરે છે, કોઈ દિવસ લક્ષ્મીની, કોઈ દિવસ કીર્તિની તો કોઈ દિવસ વૈભવવિલાસના સાધનોની



અને એમ ભિન્નભિન્ન પ્રકારની માયિક વસ્તુઓની અભિલાષા જીવને રોજરોજ થતી જ રહે છે. તે વૃદ્ધ થાય, અરે મૃત્યુશૈયા પર પડ્યો હોય અને છેલ્લા શ્વાસ ચાલતા હોય, આયુની ઘડી ગણાતી હોય ત્યાં સુધી એ તૃષ્ણા તેને છોડતી નથી. અંતે તૃષ્ણાના દાસ જેવો એ એક દિવસ સ્થૂળ દેહનું પ્રારબ્ધ પૂરું થતાં અવશેષ રહેલી કામનાઓને પૂર્ણ કરવા એ સ્થૂળ શરીરનો ત્યાગ કરી અન્ય શરીરમાં જઈને વસે છે. આશાપાશમાં જકડાયેલો એ જીવ આ દશામાં કોઈ પણ દિવસ પરમાત્મા સાથેના પોતાના નિત્ય સંબંધનો વિચાર કરતો નથી. એટલું જ નહીં પણ વિચાર કરવાની તેની વૃત્તિ સરખીયે થતી નથી. મોહ અને મમતાભર્યા જીવને ''હું કોણ?'' એ વાત ઉકેલવાની ઇચ્છા જ થતી નથી. કુશળ પ્રધાનોનું એ જ લક્ષણ છે. રાજા પાસેથી એક વખત અધિકાર પ્રાપ્ત કર્યા પછી તે જ અધિકારના દોરે રાજાને કુશળ પ્રધાનો જકડી રાખે છે. તેમ અહીં મન અને બુદ્ધિને જીવે પોતાના અધિકારો આપી દીધા પછી તે જ મન અને બુદ્ધિ કરે છે બધું, ભોગવે છે બધું. પણ જીવ કરે છે, જીવ ભોગવે છે એમ કહેવરાવીને પોતે નિર્દોષ બની રહે છે. આગળ આપેલા દૃષ્ટાંતમાં જેમ સ્વપ્નમાં ભિખારી બનેલા સમ્રાટને જાગ્રત અવસ્થામાં સાચી સ્થિતિનું ભાન થયું તેમ સ્વપ્નવત્ સંસારમાં રચીપચી રહેલા જીવને જાગ્રત થતાં જ પોતાના અધિકારનું ભાન આવે છે ત્યારે તે મન અને બુદ્ધિની પકડમાંથી છૂટીને પિંજરામાંથી છૂટેલો સિંહ જેમ પોતાનું પોત પ્રકાશે છે અને પોતાના પર જુલ્મ કરનારાના પ્રાણ હરે છે તેમ, મન અને બુદ્ધિનો એ જ જીવ નાશ કરે છે. પોતાનો અધિકાર પુનઃ સ્થાપિત કરે છે. શ્રી અવધૂતે જીવને આ શબ્દોમાં તેના સત્યસ્વરૂપનું ભાન કરાવ્યું છે.

આગળ ચાલતાં જીવની મહત્તાનો અધિક ખ્યાલ આપતાં શ્રી અવધૂત કહે છે :

''કાળનોયે કાળ તું વિશાળ શ્રીપતિ;''
''ભાળ પાછું વ્હાલ આણી સ્વાંત ધીપતિ.''

મનુષ્ય જીવે છે, પણ મૃત્યુના ભયથી હંમેશ છળતો રહે છે. શરીરમાં જરા જેટલી વિક્રિયા થતાં મનુષ્યની દૃષ્ટિ સમક્ષ મૃત્યુ જાણે મૂર્ત સ્વરૂપે ઊભું છે એમ તેને લાગે છે. જીવભાવના કારણે એ ભયની લાગણીનો અનુભવ પણ જીવને જ થાય છે અને તેથી એ જીવને અહીં શ્રી અવધૂત જાગ્રત કરે છે : ''તું કોણ છે? તને ખબર નથી કે તું તો એ મૃત્યુનો પણ અંત આણનાર કાળનો પણ મહાકાળ છે. અલ્યા, એ મૃત્યુ તો તારો દાસ છે. તારી આજ્ઞાને આધીન તો એ પોતાનું કાર્ય કરે છે. પછી તું એનાથી શેં ડરે છે?'' અને ખરે જ ''**मृत्युर्धावति पञ्चम**'' એ શ્રુત્યુક્તિ પ્રમાણે પરમાત્માની આજ્ઞા વિના કાળ પણ કશું કરી શકતો નથી. જીવ એ પરમાત્માનો જ અંશ હોવાથી અંશના દાસ તે અંશીના દાસ છે એમાં

નવાઈ પણ શી? સત્ય વસ્તુનું જીવને ભાન નથી. કેવળ ભ્રમણાવશ જીવ પોતાની પૂર્ણ અવસ્થાને કળી શકતો નથી. હવે તો જીવે જાગ્રત થવાની જરૂર છે. જેમ રાખમાં ભારેલો પ્રકાશિત અગ્નિ રાખને ખંખેરી નાખતાં પોતાનું પોત પ્રકાશે છે તેમ, અજ્ઞાનથી ભારેલા એ જ્ઞાનસ્વરૂપ જીવે અજ્ઞાનના આવરણને છિન્નભિન્ન કરીને પોતાનું પોત પ્રકાશવાની જરૂર છે. અને તેથી તેને કાળનો પણ કાળ કહીને મૃત્યુભયથી મુક્ત થવાનો આદેશ કરવામાં આવ્યો છે.



આપણે જરા વિચાર કરીએ તો મૃત્યુ કોનું? જે જન્મે છે તેનું. જન્મે છે કોણ? આત્મા કે દેહ? શ્રી ભગવાને કહ્યું :

न जायते म्रियते वा कदाचिन्नायं भूत्वा भविता वा न भूयः ।
अजो नित्यः शाश्वतोऽयं पुराणो न हन्यते हन्यमाने शरीरे ॥

''આ આત્મા કદી જન્મતો કે મરતો નથી; અથવા પ્રથમ ઉત્પન્ન થઈને પછી હોનાર હોય એમ પણ નથી. આ અજન્મા, નિત્ય, સનાતન અને પુરાતન છે તેથી શરીર મરાય છતાં મરતો નથી.'' શ્રી ભગવાનનાં આ વચનો અનુસાર આત્મા જન્મતો નથી કે મરતો નથી. હન્યમાન શરીરમાં રહેલો હોવા છતાં એ કોઈથી હણાતો પણ નથી. એટલે દેહ જન્મે છે અને દેહ જ મરે છે. દેહના જન્મ અને મૃત્યુ સાથે આત્માને કશો જ સંબંધ નથી. છતાં જીવભાવભાવિત આત્મા ''હું દેહ છું'' એમ માનીને તેમાં મોહ અને મમત્વ ધારણ કરતો હોવાથી શરીરના જન્મને પોતાનો જન્મ અને શરીરના મૃત્યુને પોતાનું મૃત્યુ માનીને હેરાન પરેશાન થાય છે. અહીં આત્માનો જીવભાવ ખંખેરી નાખી પોતાના સત્યસ્વરૂપનું ભાન કરાવવાને અને મૃત્યુભય એ કેવળ ભ્રમણા છે એમ સમજાવવાને જ શ્રી અવધૂતે ''કાળનોયે કાળ તું'' કહ્યું છે.

આત્માના સ્વરૂપનો જરા વધારે વિચાર કરીએ. શ્રી ભગવાને આત્માના સ્વરૂપનું વર્ણન કરતાં અર્જુનને કહ્યું :

अच्छेद्योऽयमदाह्योऽयमक्लेद्योऽशोष्य एव च ।
नित्य : सर्वगतः स्थाणुरचलोऽयं सनातनः ॥

''એ આત્મા છેદવો અશક્ય, બાળવો અશક્ય, ભીંજવવો અશક્ય અને સૂકવવો અશક્ય છે; અને આ નિત્ય, બધે વ્યાપ્ત, સ્થિર તથા સદા રહેનારો છે.''

नैनं छिन्दन्ति शस्त्राणि नैनं दहति पावकः ।
न चैनं कलेदयन्त्यापो न शोषयति मारुतः ॥

''આ આત્માને શસ્ત્રો છેદતાં નથી, એને અગ્નિ બાળતો નથી, એને પાણી ભીંજવતું નથી અને પવન સૂકવતો નથી.'' અને તેથી જ શ્રી અવધૂતે ''વિશાળ'' શબ્દ વાપરીને આત્માની અમર્યાદ અવસ્થાનો ખ્યાલ આપ્યો છે.



કાળનોયે કાળ છે એટલે જે કાળ જીવભાવયુક્ત માનવીને કેવળ સ્મરણ, કેવળ કલ્પનામાત્રથી જ ધ્રૂજવી મૂકે છે તે કાળ પણ આત્માની ફાળમાં એક મગતરા જેવો છે. આકાશ સિવાયનું કોઈ પણ તત્ત્વ એને પોતાની પકડમાં લઈ શકતું નથી. અને આકાશ કેટલું વિશાળ છે ? એની વિશાળતાનું માપ કાઢનાર હજી સુધી તો કોઈ જન્મ્યું નથી અને જનમશે પણ નહીં. એવા વિશાળ આકાશને પણ જે પોતાનામાં સમાવીને રહેલો છે તે આત્મા કાળથી ભય પામીને ધ્રૂજે ત્યારે તો ખરેખર આશ્ચર્ય જ થાય ! જીવ જ્યાં સુધી અભય બનતો નથી ત્યાં સુધી તે હમેશાં આત્મરક્ષણ અર્થે ભયનો અનુભવ કરે છે કારણ કે તેનામાં અભેદજ્ઞાન નથી. ભિન્નભાવના તેને ભય ઉપજાવે છે.

ભય એ દેહઅહંતાનું પરિણામ છે. પણ જ્યારે જીવ પાછું ફરીને પોતાના સ્વરૂપને જોઈ શકે, જ્યારે બકરાંના ટોળામાં ફરતા સિંહના શિશુને જ્યારે બકરાંથી ભિન્ન પોતાનું સિંહનું સ્વરૂપ જણાય ત્યારે તેનો એ મૃત્યુભય ટળી જાય.

શ્રી અવધૂતે અહીં એ આત્માને ''શ્રીપતિ'' તરીકે સંબોધીને પણ એની શ્રેષ્ઠતાનો ખ્યાલ આપ્યો છે. ''શ્રી'' શબ્દનો આપણે ''લક્ષ્મી'' એવો સંકુચિત અર્થ કરીએ છીએ અને તેના પતિ એટલે શ્રી વિષ્ણુ એમ આપણે માનીએ છીએ. એ રૂઢ થયેલો અર્થ એ દૃષ્ટિએ ઠીક છે. શ્રી વિષ્ણુનું સ્વરૂપ મર્યાદિત છે. શ્રી અવધૂતભાખ્યા શ્રીપતિ તો ચૌદ બ્રહ્માંડ જ નહીં પણ અનંતકોટિ બ્રહ્માંડની સંપૂર્ણ સમૃદ્ધિના સ્વામી છે. એ જેટલો વિશાળ છે તેટલો જ આત્મા પણ વિશાળ છે. એ શ્રીપતિ તે જ પરમતત્ત્વ છે. જેના આધારે સર્જનમાત્ર સમૃદ્ધ છે, સર્જનમાત્ર અસ્તિત્ત્વ પામ્યું છે અને પોતાનું અસ્તિત્વ જેના આધારે જ ટકાવી રહ્યું છે તે શ્રીપતિ આત્મા છે. જીવ જે ક્ષુદ્ર જણાય છે, શાસ્ત્રોએ જેને ''જંતુ''ની ઉપમા આપી છે તેને એમ કહીને તેનું મહત્ત્વ સમજાવ્યું છે. અને તેથી એ ''કાળના પણ કાળરૂપ વિશાળ શ્રીપતિ''ને પ્રેમથી પાછું ફરીને જોવાની શ્રી અવધૂત વિનંતી કરે છે.

જીવ જ્યારે પાછું ફરીને પોતાના સ્વરૂપને જોઈ શકે ત્યારે તેનો એ મૃત્યુભય ટળી જાય. જીવને અહીં ''ધીપતિ'' તરીકે વર્ણવ્યો છે. જ્યારે જીવ પોતે જ બુદ્ધિનો પતિ છે ત્યારે તેણે તો મન અને બુદ્ધિને તિલાંજલિ આપીને સ્વબુદ્ધિ વડે જ પોતાનું સ્વરૂપ જોવાની તજવીજ કરવી જોઈએ. જ્યારે એ પોતાની બુદ્ધિ વડે જ ''હું કોણ છું'' એ પ્રશ્નનો નિર્ણય કરે ત્યારે તેને સત્યસ્વરૂપનો ખ્યાલ આવે. દર્પણમાં જ્યારે મુખ જોઈએ ત્યારે તે કેવું છે તેનો સચોટ ખ્યાલ આવે. બુદ્ધિ એટલે વિષયવિષયક વિચાર કરીને નિર્ણય કરવાની શક્તિ નહીં, પણ બુદ્ધિરૂપ ગુહામાં રહેલા પોતાના સત્યસ્વરૂપનો પોતે જ નિર્ણય કરવાની

શક્તિ. એ શક્તિ વડે જીવ પોતે કોણ છે તેનો નિર્ણય કરી શકે છે અને પોતાનું સત્યસ્વરૂપ સમજી શકે છે.

પણ જીવની આવી ઉન્નત અવસ્થા, અદ્વિતીય અવસ્થા હોવા છતાંય આવી અધોગતિ કેમ થઈ ? આ પ્રશ્નનો શ્રી અવધૂત અહીં ઉકેલ આપે છે.



ભા.- ૧

આગળ કહ્યું તેમ જીવ મનને આધીન બનીને અને મન માયાને આધીન બનીને આ જગતરૂપી તમાશો રચે છે. મન જીવને માયાના પાશમાં જકડી લેવા માટે સર્વ પ્રથમ વિષયોના મોહક સ્વરૂપનું ભાન કરાવવાને જીવને આકર્ષે છે. અને તેથી શ્રી અવધૂત કહે છે :

"મોહસુરાપાનથી તું ભાન ગયો ભૂલી
વિપ્રવંશી હાથથી બન્યો જઈ કુલી !"

"બ્રાહ્મણ પરમાત્માના મુખસ્વરૂપ છે" એવું શાસ્ત્રવચન છે અને શ્રી ભગવાને કહ્યું તેમ ભગવાનસર્જી ચાર વર્ણમાં પણ બ્રાહ્મણ વર્ણ અગ્ર છે અને તેથી તે શ્રેષ્ઠ છે. "બ્રહ્મને જાણે છે તે બ્રાહ્મણ છે" એવું પણ શાસ્ત્રનું કથન છે. ઇતર વર્ણ કરતાં એ શ્રેષ્ઠ છે એવું બ્રાહ્મણનું શ્રેષ્ઠત્વ પ્રતિપાદન કરવાને અહીં આત્મા "વિપ્રવંશી" છે એમ કહેવામાં આવ્યું છે. જેમ વર્ણમાં બ્રાહ્મણ શ્રેષ્ઠ છે તેમ જીવ અને આત્મા એ ઉભયમાં આત્મા શ્રેષ્ઠ છે. મદિરાપાન એ બ્રાહ્મણ માટે નિષિદ્ધ છે. "હે જીવ, તું તો વિપ્રવંશી છે એટલે સર્વશ્રેષ્ઠ છે. મદિરાપાન એ તારે માટે નિષિદ્ધ વસ્તુ છે પણ તેં મોહરૂપી મદિરાનું પાન કર્યું છે. નિષિદ્ધ વસ્તુનો અંગિકાર કરીને તેં પ્રથમ તો એ જ અનાચાર કર્યો છે. તારા શ્રેષ્ઠત્વને હીણું પાડનાર તારું એ કૃત્ય જ તને અધોગતિના ગર્તમાં ઘસડી જનાર છે. તેં મોહની સુરાનું પાન તો કર્યું પણ જેમ શંકરે હળાહળ વિષ પીધું અને પાચન કરીને નીલકંઠ કહેવાયા તેમ, તેને પાચન કરવાની તારામાં શક્તિ ન રહી અને તેથી તને તેનું ઘેન ચઢ્યું. એ ઘેનમાં જેમ સમ્રાટ સ્વપ્નમાં પોતાનું ભાન ભૂલીને ભિખારી બને છે તેમ, તું પણ આત્માની ઉન્નત અવસ્થાને ભૂલીને જીવની અધમ અવસ્થાને પામ્યો. એ મદિરાના ઘેનમાં તેં તારા વાસ્તવિક સ્વરૂપનું જ્ઞાન વિસારે મૂક્યું અને હાથે કરીને કુલી એટલે શૂદ્ર જેવો બન્યો."

કોઈ પણ પ્રકારનો મોહ એ મદિરાપાન જેવો છે. ધનનો મોહ, સ્ત્રીનો મોહ, સત્તાનો મોહ, પદવીનો મોહ અને એમ અનેકવિધ પાર્થિવ પદાર્થોનો મોહ માનવીને અંધ બનાવે છે. જ્યારે જીવને વિષયો પ્રત્યે મોહ થાય છે ત્યારે મોહને લીધે તેની વૃત્તિ વિકારી બને છે, એટલે તે વિવેકહીન બની જાય છે અને તેથી આત્મારૂપ હીરલાને છોડી વિષયરૂપી કાચના ટુકડાને મેળવવા તેની પાછળ મંડ્યો રહે છે. વિષયોનું ઘેન જેને ચઢ્યું છે તે પોતાની જાતને ભૂલી જાય છે. જેમ દારૂ પીધેલો માનવી



દારૂના કેફમાં પોતે ફાવે તેમ બોલે છે અને યથેચ્છ વર્તન કરે છે તેમ મોહરૂપી મદિરાનું પાન કરીને જીવ પણ વિષયો તરફ વળતો રહે છે; અને તેથી તેની વિવેકહીન બુદ્ધિને કારણે પોતાના સત્યસ્વરૂપને જાણી શકતો નથી. જાણવાનો પ્રયત્ન પણ કરતો નથી. એટલું જ નહીં પણ પ્રયત્ન કરવાની તેનામાં શક્તિ પણ નથી.

આગળ ચાલતાં શ્રી અવધૂત કહે છે :

"કોડી માટ કોડ તેં કર્યા જતા કપિ;
રામ મૂકી દામમાળ કોડથી જપી."

આત્મસુખ અથવા પરમાત્મપ્રાપ્તિ આગળ જગતની સર્વ સામગ્રીઓથી મળતું સુખ કે આનંદ તુચ્છ છે. જીવને એ તુચ્છ સામગ્રીઓ પ્રાપ્ત કરવાનો મોહ થવાથી કરોડોની કિંમતનું શાશ્વત પદ-અમોલ અમરપદ-તજી દઈને જેમ એક વાંદર કોડીનો ચમકાર જોઈને હીરાના ચમકારને તેની આગળ તુચ્છ ગણીને તરછોડે છે તેમ, "હે જીવ ! તેં પણ સંસાર જેવી કોડીની વસ્તુના હીણ મોહમાં કરોડોની કિંમત પણ ઓછી કહેવાય એવું અમોલ આત્મપદ છોડી દીધું. અને તેથી તું કપિ જેવો જ છે. તેં રામનામની માળા જપવાને બદલે દામની માળા હોંશથી જપીને જીવન એળે ગાળ્યું."

વાંદરને વળી બુદ્ધિ કેટલી ? એક બાજુ રામ, બીજી બાજુ દામ. રામ નજરે ચઢતા નથી. દામ નજરે દેખાય છે. દૃશ્યનું આકર્ષણ અદૃશ્યના આકર્ષણ કરતાં અધિક હોય છે અને તેથી મનુષ્ય ભગવાનને ભૂલીને ધનને ભજે છે. ધન પ્રાપ્ત કરીને વિષયોનો આનંદ માણે છે અને સાથે સાથે વિષયોના વિષનું પણ પાન કરતો જાય છે. વિષયો તેને એકદમ મારી નાખતા નથી પણ રિબાવી રિબાવીને મારે છે. લક્ષ્મી ચંચળ છે. આજે આવી કાલે જતી રહેનારી એવી એ લક્ષ્મીની પાછળ પડનારને લક્ષ્મી પ્રાપ્ત કરવામાં, તેનું રક્ષણ કરવામાં અને નાશ થતાં સર્વત્ર કેવળ દુઃખ જ અનુભવવાનું હોય છે. આમ છતાં એક બાજુ કરોડ રૂપિયાનો ઢગ અને બીજી બાજુ ચમકતી કોડી. એ બેમાંથી કરોડ રૂપિયાના ઢગ કરતાં કોડીના ચમકાર પર મોહ પામીને કોડી લઈને કરોડને જતા કરે છે. રામ અને દામની સરખામણીએ રૂપિયાના ચમકાર આગળ અને ઝાંઝરના ઝણકાર જેવા નાદ આગળ મોહવશ જીવ લોભાઈ જાય છે અને પ્રભુને ભૂલીને લક્ષ્મીની માળા જપે છે. અરે, લક્ષ્મી પ્રાપ્ત કરવાને જેટલો પુરુષાર્થ મનુષ્ય કરે, તેના કરતાં શતાંશે પણ ભાવપૂર્વક પ્રભુપ્રાપ્તિનો પુરુષાર્થ કરે તો પ્રભુ તેની આગળ હાજરાહજૂર છે એમાં શંકા નથી. મનુષ્ય પૈસાની પાછળ શરીરનો અને શક્તિનો કેટલો વ્યય કરે છે ? છતાંય તેને લક્ષ્મીની પ્રાપ્તિ નિશ્ચિત નથી. અને એટલો વ્યય પ્રભુપ્રાપ્તિ અર્થે કરે તો ?

છેવટે શ્રી અવધૂત કહે છે :

"મૂળ તરફ આવ રંગ ઘૂમવું મૂકી;
માન મૂરખ વેદવચન, જાણ ગુરુ થકી ?"

મૂળને પકડવાથી જ વૃક્ષનો પાર પામી શકાય છે. ડાળાં પાંખડાંને પકડવાથી વૃક્ષનો પાર પામી શકાતો નથી. ડાળાં પાંખડાં તો મૂળને આધારે જ વૃક્ષરૂપે રહેલાં છે. સરિતાનું મૂળ શોધવું હોય તો પૂર્વમાં પ્રવાસનો પ્રારંભ કરવો જોઈએ. પૂર્વ એટલે સૂર્ય અને પ્રકાશ. પ્રકાશ તરફ મુખ રાખીને આપણે ચાલીએ તો પડછાયો પાછળ રહી જાય. પ્રકાશ એટલે જ્ઞાન. પડછાયો એટલે અજ્ઞાન. જ્ઞાનના આધારે આત્મસ્વરૂપનું ભાન આવે. પશ્ચિમમાં જઈએ તો પ્રકાશ પાછળ રહે અને પડછાયો આગળ આવે. અજ્ઞાનના આધારે પરમતત્ત્વનું ભાન આવતું નથી અને તેથી શ્રી અવધૂતે મૂળ તરફ વળવાનું સૂચન કર્યું છે. પરમાત્મસ્વરૂપની પ્રાપ્તિ અર્થે તો પરમાત્માની જ ઉપાસના કરવી ઘટે. દેવદેવીઓનો ડાળપાંખડાં જેવો આશ્રય ગ્રહણ કરવાથી મૂળ પરમાત્માની પ્રાપ્તિ થતી નથી. શ્રી ભગવાને કહ્યું :



ભા.- ૧

यान्ति देवव्रता देवान्पितॄन्यान्ति पितृव्रताः ।
भूतानि यान्ति भूतेज्या यान्ति मद्याजिनोऽपिमाम् ॥

"દેવોનું વ્રત કરનારાઓ દેવને પામે છે. પિતૃઓનું વ્રત કરનારા પિતૃઓને પામે છે. ભૂતોને પૂજનારા ભૂતોને પામે છે અને મને ભજનાર મને પામે છે."


મર્યાદિત અધિકારવાળા નોકરો જેવાં એ દેવદેવીઓ માત્ર પોતાના અધિકાર અનુસાર ફળ આપીને થંભી જાય છે. અમર્યાદિત પરમાત્મા તો શરણે ગયેલાને પોતાનામાં જ સમાવી દે છે. બ્રહ્મને જાણનારો બ્રહ્મ જ બની જાય છે. જીવ એ અમાપ આત્માનો અમાપ અંશ છે. શ્રી અવધૂતે તેની જીવભાવની નિવૃત્તિ અર્થે "મૂળ"ને પકડવાનો આદેશ કર્યો છે. આમતેમ ભટકતો જીવ જ્યાં સુધી મૂળ તત્ત્વનું જ્ઞાન પ્રાપ્ત ન કરે ત્યાં સુધી તે પોતાને ઘેર પહોંચતો નથી. પરમાત્માને પ્રાપ્ત કરવા માટે રઝળવાની જરૂર નથી. એ તો અખંડિતપણે અંતરમાં વિરાજમાન છે જ. અને ત્યાં જ તેને શોધવાની જરૂર છે. અરે, શોધવા શા માટે જવું પડે ? એ તો હાજરાહજૂર છે. તેને પામવાની તમન્ના જોઈએ. જ્યાં સુધી વિષયો તરફ વૃત્તિ છે, તે વિષયો પ્રાપ્ત કરવાને પ્રભુને છોડીને પ્રભુના નોકરોને પ્રસન્ન કરવાની વૃત્તિ છે ત્યાં સુધી, પ્રભુ પાસે હોવા છતાંય દૂર જ છે. જંગલમાં કે પર્વતની ગુફામાં એ મળતો નથી પણ જે ગુફામાં એ છુપાયો છે તે ગુફા તો આ દેહમાં જ છે.

"अङ्गुष्ठमात्रः पुरुषो मध्य आत्मनि तिष्ठति"

"અંગુષ્ઠમાત્ર પુરુષ પોતાના (શરીરના જ) મધ્યમાં રહેલો છે" એવો ઉપનિષદ્નો નિચોડ છે. વેદનાં વેણ પણ એવાં જ છે. વેદનાં એ

વેણનો મર્મ જાણવા માટે જીવને ગુરુની આવશ્યકતા છે. ભોમિયા વિના સાચો માર્ગ કોણ બતાવે ? અને તેથી મૂઢ જીવને વેદનાં વેણનો મર્મ સમજવાને ગુરુનું શરણ ગ્રહણ કરવાનો નિર્દેશ કર્યો છે. જ્યાં સુધી જીવ માયામાં જ જકડાયેલો છે ત્યાં સુધી તે મૂર્ખ છે. અને એવા મૂર્ખ જીવને તો આ આત્મબોધની-સ્વરૂપના જ્ઞાનની જરૂર છે. જે જીવે પોતાનું સ્વરૂપ પારખી લીધું છે, પોતાનો અધિકાર જાણી લીધો છે અને પોતાનું સ્થાન પ્રાપ્ત કર્યું છે તેને આ બોધની જરૂર નથી. એ પરમપદની પ્રાપ્તિ અર્થે તો સદ્‌ગુરુનાથ એક જ સહારો છે. અરણ્યમાં પ્રખર તાપમાં તપતા વટેમાર્ગુને, જેમ એક નાનકડું ઝરણું અને વૃક્ષની શીતળ છાયા અપાર આનંદ આપે છે અને વિશ્રાંતિપ્રદ બને છે, તેમ જે જીવ ત્રિવિધ તાપે તપ્ત થયો છે, જેને પોતાનું સ્વરૂપ જાણવાની તમન્ના છે, તેને તો ગુરુ વિના એકે આરો નથી. અજાણ્યો, જેણે એ પદ પ્રાપ્ત કર્યું નથી, જેણે એ પદની પ્રતીતિ કરી નથી તેવા લેભાગુ ઘરઘર મળતા ગુરુ શિષ્યનો ઉદ્ધાર કરી શકતા નથી. એ અભેદ્ય દ્વારની ચાવી તો સદ્‌ગુરુ પાસે જ છે અને તેને શરણે જનારને એ સદ્‌ગુરુદેવ કદી પણ નિરાશ કરતા નથી.

જીવને શિવતત્ત્વની સમજ આપવાને શ્રી અવધૂતે પોતાની અનુભવ-સિદ્ધ વાણી આ ગીતમાં ઉતારી છે. જે નથી તે પોતે છે એમ માની રહેલા જીવને જ્ઞાનદ્વારા એ વાત સમજાવવાની લઢણ ગમે તેવા અભણને પણ આત્મતત્ત્વની ઝાંખી કરાવવાને શક્તિશાળી છે. જીવશિવનો ભેદ અનાદિ છે. એ ભેદ ક્યારે પડ્યો એ કહેવું મુશ્કેલ છે. કર્મ અને પ્રારબ્ધનું વિષચક્ર ક્યારથી પ્રારંભાયું અને ક્યારે તેનો અંત આવશે એ કહેવું પણ સહેલું નથી. જ્યારે સાધકના અંતરમાં જ્ઞાનનો ઉદય થાય અને પ્રારબ્ધ ક્ષીણ થાય ત્યારે એ જ જીવ શિવસ્વરૂપ બની જાય છે એવી શાસ્ત્રોની ઘોષણા છે. જેમ સૂર્યનો ઉદય કરવાને પુરુષાર્થ કરવો પડતો નથી પણ સૂર્યની આડે રહેલા વાદળાને વિખેરી નાખવાને જ પવનના ઝકોરાંની જરૂર છે તેમ શિવપદ પ્રાપ્ત કરવાને પુરુષાર્થ કરવો પડતો નથી, પણ એ શિવપદને અંતરાયરૂપ અજ્ઞાનના નિસ્તાર અર્થે જ સાધન દ્વારા પુરુષાર્થ કરવો પડે છે. એ સાધનનો માર્ગ નક્કી થાય તે પહેલાં "પોતે જે નથી તે છે" એવી જે દૃઢ માન્યતા છે તે મિથ્યા છે એ વાતની પ્રતીતિ કરાવવાને શ્રી અવધૂતનું આ ગીત સાધકને માટે ખરેખર અજોડ માર્ગદર્શકનું કામ કરશે.



(૧૨)

(રાગ–ભીમપલાસ, તાલ–ત્રિતાલ)
(સબસે ઊંચી પ્રેમસગાઈ–એ રાહ)



ભા.- ૧

સતસે નાહીં ચીજ પરાઈ;
જહાં દેખો વહાં આપુ સમાઈ, રૂપ અરૂપ દિખાઈ.–ટેક.
એક નૂર વિધુ સુર પ્રકાશ્યો, મૃગજલ કિરણ એહિ;
સપ્તરંગ ધનુ આપ દિખાયો, અંત આપુ સમાઈ.–સતસે.–(૧)
એક બુંદ નખ શિખ તન વ્યાપ્યો, હડ્ડી ચામ સબ એહી;
પત્તિ ફૂલ ફલ શાખન માંહી એક પેડરસ માઈ.–સતસે.–(૨)
જલતરંગ અરુ ફેન બુદ્‌બુદા, બરફન શીકર સોઈ;
એક મૃત્તિકા ઘાટ ઘડાયો, ઘટકટોરી કહાઈ.–સતસે.–(૩)
એક તંતુ પટ સબ બિખરાયો, વિધવિધ રૂપ દિખાઈ;
અશ્વ સ્વાર છવિ ભિન્ન દિખાયો, અંત રંગ સમુઝાઈ.–સતસે.–(૪)

અભેદ આત્માનું આ શ્રી અવધૂતભાખ્યું વર્ણન છે.

સર્જનના પ્રારંભ પહેલાં અને સર્જનના અંત પછી પણ જે પરમતત્ત્વનું અસ્તિત્વ કાયમ જ છે તે ''સત્'' સર્જન જેમાંથી સર્જાય છે અને સર્જનનો જેમાં લય થાય છે છતાંય જે તત્ત્વ અણુમાત્ર પણ વધતું નથી કે ઘટતું નથી તે ''સત્'' જગતનું જે ઉપાદાનકારણ છે અને નિમિત્તકારણ પણ છે તે ''સત્'' ભૂતકાળમાં જે હતું, વર્તમાનકાળમાં જે છે અને ભવિષ્યકાળમાં પણ જે રહેશે છતાંય એ ત્રણે કાળનો જેનામાં લય છે તે ''સત્'' સર્જનમાં નખશિખાંત વ્યાપ્ત હોવા છતાંય સર્જનનાં ઉત્પત્તિ, સ્થિતિ અને લયથી પર તે ''સત્'' ''સત્'' સિવાય અન્ય કોઈ પણ વસ્તુનું ભિન્ન અસ્તિત્વ નથી. અથવા ''સત્''થી પર કોઈ પણ વસ્તુનું અસ્તિત્વ નથી. ''સત્''ની સત્તા સિવાય કોઈ પણ શક્તિશાળી તત્ત્વનું અસ્તિત્વ નથી અને તેથી જ

''સતસે નાહીં ચીજ પરાઈ''

કહીને શ્રી અવધૂતે એકમેવાદ્વિતીય ''સત્''નું અહીં મહત્ત્વ વર્ણવ્યું છે. ''સત્'' એટલે ત્રણે કાળમાં અને તેની પૂર્વે અને અંત પછી જે એક જ સરખી સ્થિતિમાં-અક્ષર અવસ્થામાં લવલેશ પણ વિકૃત થયા વિના રહે છે તે. ''સત્'' એ પરમતત્ત્વનું દ્યોતક છે. પરમાત્માનું સ્વરૂપ ત્રિકાળાબાધિત છે. અને છતાંય ત્રણે કાળમાં અનુસ્યૂત છે. તેની સત્તા વડે જ કાળનું પણ મર્યાદિત મહત્ત્વ છે. ''સત્''ની એ જ વિલક્ષણતા છે. સાગરમાં અનેક સરિતાનાં નીર આવી આવીને સમાય છે. અનેક

ભરતી અને ઓટ આવે છે. ઉનાળામાં કેટલું બધું જળ વરાળરૂપે આકાશમાં જાય છે છતાં હમેશાં છલોછલ ભરેલો અચળ સમુદ્ર તેવો ને તેવો જ રહે છે. તેમ એ ''સત્'' પણ અનેક પરિસ્થિતિમાં એક જ સરખું અને અચળ રહે છે.



સર્જન એટલે ''અસત્'' ''અસત્'' જન્મે છે, જીવે છે અને અંતે લય પામે છે. ''સત્'' જન્મતું નથી, જીવતું નથી અને લય પણ પામતું નથી છતાં એ સર્જનમાં અનુસ્યૂત છે જ. ''અસત્'' પણ ''સત્''ની સત્તા વિના પોતાનું અસ્તિત્વ ટકાવી શકતું નથી. પ્રાણ વિના શરીરનું અસ્તિત્વ ટકી શકતું નથી. ''સત્'' એ સર્જનનો પ્રાણ છે અને જેમ પ્રાણ શરીરમાં નખશિખાંત વ્યાપ્ત છે તેમ સર્જનમાં એ ''સત્'' પણ નખશિખાંત વ્યાપ્ત હોવા છતાં એનાથી ભિન્ન છે. સર્જનના ધર્મો એ ''સત્''ના ધર્મો નથી પણ ગુણના ધર્મો છે. ''સત્'' એ ગુણોથી પર છે. ગુણોને પણ ''સત્''નો જ આધાર છે. પણ ''સત્'' સ્વયં નિરાલંબ છે. નિરાલંબ હોવા છતાંય સર્વનું એ ''સત્'' આલંબન છે. કઠોપનિષદ્‌કારે કહ્યું :

एतदालंबनं श्रेष्ठमेतदालंबनं परम् ।
एतदालम्बनं ज्ञात्वा ब्रह्मलोके महीयते ॥

''અસત્''માં ''સત્''નું અસ્તિત્વ છે પણ તે માત્ર આભાસ છે. સૂર્યોદય પૂર્વે ઉષાનો આભાસ જણાય છે તે આભાસ જેમ સૂર્યનો હોવા છતાં સૂર્ય નથી તેમ, સર્જનમાં પણ એ ''સત્''ની આભામાત્ર જણાય છે પણ એ આભા ''સત્'' નથી. એ જ ''સત્''ની માયા છે. ''સત્''ની સત્તા વિના એ સર્જનનું પણ અસ્તિત્વ નથી. અસ્તિત્વનો આભાસ પણ નથી. સૂર્યની સત્તા વિના ઉષાનો આભાસ ક્યાંથી હોય ? ઘોર અંધકારમાં આપણે વસ્તુનું અસ્તિત્વ હોવા છતાં અંધકારને કારણે જેમ કશું જ જોઈ શકતા નથી તેમ, પ્રલયકાળમાં એ ''સત્''માં વિલીન થયેલા સર્જનનું બીજરૂપે અસ્તિત્વ છે છતાં આપણે સર્જનને જોઈ શકતા નથી. બીજમાં વૃક્ષના બધાય સંસ્કારો છે પણ તે લુપ્તપ્રાય હોવાથી આપણે બીજમાં રહેલા વૃક્ષને જોઈ શકતા નથી. કારણ કે ''સત્''ના પ્રકાશનો-આભાનો અભાવ છે.

શ્રી ભગવાને ઉદ્ધવને કહ્યું :

न यत्पुरस्तादुत यन्न पश्चा-
न्मध्ये च तन्न व्यपदेशमात्रम् ।
भूतं प्रसिद्धं च परेण यद् यत्
तदेव तत् स्यादिति मे मनीषा ॥

''જે ઉત્પત્તિ પહેલાં નહીં હતું અને પ્રલય પછી પણ નહીં રહેશે તે મધ્યમાં પણ નથી એમ સમજવું જોઈએ. જે પદાર્થ જેનાથી બને છે અને જેના વડે પ્રકાશિત થાય છે તે જ તેનું વાસ્તવિક સ્વરૂપ છે. એ

જ એની પરમાર્થ સત્તા છે.

અને તેથી જ શ્રી અવધૂતે કહ્યું :

"सत से नाहीं चीज पराई..."

જે અસત્ છે તેની સ્વતંત્ર સત્તા નથી. તેને આદિ પણ છે અને અંત પણ છે. 'સત્' ને આદિ કે અંત નથી. તેની સત્તા સર્વત્ર હોવાથી તે સર્વસત્તાધીશ છે અને એ જ "સત્"નો મહિમા છે.



ભા.- ૧

શ્રી ભગવાને અર્જુનને કહ્યું :

नासतो विद्यते भावो नाभावो विद्यते सतः ।
उभयोरपि दृष्टोऽन्तस्त्वनयोस्तत्त्वदर्शिभिः ॥

"અસતનો-ભાવ-અસ્તિત્વ નથી. અને સતનો અભાવ નથી. તત્ત્વદૃષ્ટાઓએ તો એ બન્નેનો આખરી નિર્ણય જોયો છે."

"સત્" નિરાકાર છે, નિર્ગુણ છે, નિરવયવ છે, અરૂપ છે, છતાંય નામ, રૂપ અને આકારમાં એ સમાયલું હોવાથી જેટલાં નામ છે, જેટલાં રૂપ છે, જેટલા આકાર છે તે તમામ એ "સત્"ના જ છે. આ ભાવ વ્યક્ત કરવાને શ્રી અવધૂતે કહ્યું :

"जहां देखो वहां आपु समाई, रूप अरूप दिखाई."

અને તેથી જ્યાં જ્યાં નજર પડે છે, જ્યાં જ્યાં મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકારની દોડ ચાલે છે ત્યાં ત્યાં બધે જ એ "સત્" સમાયેલું છે. અને એટલે જ એ "સત્" સર્વવ્યાપક છે. એ "સત્"નો પાર પામવાને મન, બુદ્ધિ આદિ સહિત ઈન્દ્રિયસંઘાત શક્તિવાન નથી. અને તેથી જ એ તત્ત્વને અગોચર પણ કહ્યું છે. મન "સત્" નથી પણ "સત્"ની સત્તા વડે જ તે સત્તાવાન છે. બુદ્ધિ સ્વતંત્ર રીતે સત્તાવાન નથી પણ સત્ની સત્તા વડે જ સારાસારનો નિર્ણય કરી શકે છે. ચિત્તનું ચિંતન પણ એ જ "સત્"ની સત્તા વડે થાય છે અને અહંકાર પણ એ જ "સત્"ના પ્રભાવે ઓજસ્વી છે છતાંય એમાંનું એકે "સત્" નથી. એ બધું જ "અસત્" છે. જે કંઈ જણાય છે તે એનો ભાસ છે. જેમ સૂર્યનાં કિરણો જતાં જ મૃગજળનો લોપ થાય છે તેમ એ "સત્"નો આભાસ ઊડી જતાં જ એ મન આદિ અંતઃકરણ ચતુષ્ઠય પણ નિર્વીર્ય બની જાય છે. ચક્ષુ એ "સત્" નથી પણ "સત્"ની સત્તા વડે જ એ જોઈ શકે છે. શ્રોત એ "સત્" નથી પણ "સત્"ની સત્તા વડે જ શ્રવણ કરે છે. એ જ રીતે શરીરની અન્ય ઈન્દ્રિયો પણ એ જ "સત્"ની સત્તા વડે પોતપોતાના ધર્મનું પાલન કરે છે. અને પોતાની મર્યાદામાં રહીને જ શક્તિશાળી જણાય છે. તેથી જ શ્રી અવધૂતે કહ્યું :

"जहां देखो वहां आपु समाई"

શ્રી ભગવાને ઉદ્ધવને પણ એમ જ કહ્યું છે:

अहमात्मोद्धवामीषां भूतानां सुहृदिश्वरः ।
अहं सर्वाणि भूतानि तेषां स्थित्युद्भवाप्ययः ॥



''હું સમસ્ત પ્રાણીઓનો આત્મા, પ્રાણ, હિતૈષી, સુહૃદ અને ઈશ્વર-નિયામક છું. હું જ આ સમસ્ત પ્રાણી અને પદાર્થમાં છું અને તેની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયનું કારણ પણ હું જ છું.''

શ્રી ભગવાને અર્જુનને પણ એવું જ કહ્યું છે :

अहमात्मा गुडाकेश सर्व भूताशयस्थितः ।
अहमादिश्च मध्यं च भूतानामन्त एव च ॥

''સર્વ પ્રાણીઓના હૃદયમાં રહેલો આત્મા હું છું. ભૂતોનો આદિ, મધ્ય અને અંત પણ હું જ છું.''

શાસ્ત્રો અને ઉપનિષદોએ પણ ભગવાનની એ ભાષાનો જ પડઘો પાડ્યો છે.

આમ એ ''સત્''નું અસ્તિત્વ સર્વવ્યાપક છે. અને તેથી

''જહાં દેખો વહાં આપુ સમાઈ.''

છતાં એ અરૂપ છે. એનું એકે રૂપ નથી. એનો એકે આકાર નથી. અનંતનામી હોવા છતાંય એ એકે નામથી મર્યાદિત નથી. કેવું વિચિત્ર ? ''સત્''નું રૂપ કોઈ વર્ણવી શક્યું નથી. આર્ષ દ્રષ્ટા ઋષિમુનિઓએ એ ''સત્''ને પ્રાપ્ત કર્યું છે છતાં તેનું રૂપ કોઈ વર્ણવી શક્યું નથી. કારણ કે ચાર પ્રકારની-પરા, પશ્યંતી મધ્યમા અને વૈખરી–વાણીથી એ ''સત્'' પર છે. વર્ણન કરવું એ વાણીનું ક્ષેત્ર છે, પણ

यतो वाचो निवर्तन्ते अप्राप्य मनसा सह ।

એમ કહીને એ સત્નું વર્ણન કરવામાં વાણી અને મનની નિર્બળતા વ્યક્ત કરીને, એ સત્ને ઉપનિષદ્કારે અવર્ણનીય અને અમનનીય કહ્યું છે. આમ છતાં એ એક જ 'સત્' સર્વત્ર એક જ સરખું સર્વમાં સમાયેલું છે. એ સનાતન સત્યનો આજ સુધીમાં કોઈ ઇન્કાર કરી શક્યું નથી. વનસ્પતિના નાનામાં નાના પાંદડાથી માંડીને મહાનમાં મહાન સર્જનમાં એ 'સત્' એકસરખું સમાયેલું છે. સર્જન નાશવંત છે. 'સત્'નો ભાસમાત્ર છે. માયા અને ગુણનું એ કાર્ય છે. સર્જનની નશ્વરતાનો તો આપણે રોજરોજ અનુભવ કરીએ છીએ. પણ એ નશ્વર શરીરમાં-સર્જનમાં સૂક્ષ્મ સત્તારૂપે એ 'સત્' સમાયેલું હોવાથી અસ્તિત્વકાળમાં આપણે એ સર્જનને 'સત્' રૂપે માનીએ છીએ. અને તેથી જ શ્રી અવધૂતે કહ્યું :

'રૂપ અરૂપ દિખાઈ.'

અને એમ કહીને સર્જનના એ નામ, રૂપ અને આકારમાં સમાઈ રહેલી 'સત્'ની સત્તાનો નિર્દેશ કર્યો છે. 'સત્'ના સ્ફુરણ માત્રથી જ એ સર્જનની ઉત્પત્તિ થઈ છે. તેથી આગળ કહ્યું તેમ

''एकोऽहं बहुस्याम्''

એવું એ 'સત્'નું સ્ફુરણ કિંવા ઈક્ષણ જ આ સર્જનનો હેતુ છે એમ કહી શકાય. ''સત્'' થી ''સત્''ની સત્તા ભિન્ન નથી. સમુદ્રથી

તરંગ ભિન્ન નથી. સૂર્ય પ્રકાશથી ભિન્ન નથી. પણ આપણે તરંગ અને સમુદ્રમાં ભિન્નતા અનુભવીએ છીએ. સૂર્ય અને પ્રકાશમાં ભેદબુદ્ધિ રાખીએ છીએ. એ ભેદબુદ્ધિ એ જ આપણું અજ્ઞાન છે. 'સત્' પોતાની સત્તાને ચાંચલ્ય આપીને તે પોતાના સ્વરૂપમાં જ સ્થિત રહે છે. તેથી જ 'સત્' કેવળ દૃષ્ટા અથવા સાક્ષીભાવે જ પોતાના ઈક્ષણનું પરિણામ જોઈ રહે છે પણ પરિણામથી અલિપ્ત રહે છે. એ 'સત્તા' અથવા 'ચાંચલ્ય' 'સત્' નથી. દૃષ્ટા દૃશ્યથી ભિન્ન છે. કુંભાર ઘટથી ભિન્ન છે. દૃષ્ટા ચેતન છે. દૃશ્ય જડ છે. જડને ચેતન માનવું એ અજ્ઞાન છે. વિપરીત જ્ઞાન વડે જ સંસારનું અસ્તિત્વ સ્વીકારાયું છે. નાટકના રંગમંચ ઉપર કાર્ય કરતાં અનેક પાત્રો પોતાની ઇચ્છા અનુસાર કાર્ય કરતાં નથી. અભિનય, ભાષા, વેશભૂષા, આદિ બધું જ સૂત્રધારના દિગ્દર્શનને અનુસરીને જ થાય છે. નટસમૂહને પોતપોતાનું કાર્ય સોંપી પ્રયોગનો આરંભ થતાં જ સૂત્રધાર એક ખૂણે બેસી પોતાનો સર્જનરૂપ એ નાટ્યપ્રયોગ માત્ર દૃષ્ટા તરીકે જ જોતો રહે છે. એ જ રીતે જે જે અનેક રૂપ છે, આકાર છે, નામ છે તેમાં સૂક્ષ્મ રૂપે એ ''સત્'' રૂપી સૂત્રધારની સત્તા જ કામ કરે છે. સૂત્રધારના દિગ્દર્શનના અભાવે જેમ નાટ્યપ્રયોગમાં વ્યવસ્થા રહેતી નથી તેમ સર્જનમાં 'સત્'ની સત્તાના અભાવે વ્યવસ્થા રહેતી નથી. 'સત્'ની સત્તાના અભાવે એ અનેક રૂપ કેવળ પ્રાણવિહોણા પ્રેત જેવાં જ છે. આ કારણે 'સત્' અરૂપ છે પણ બહુવિધ રૂપ બતાવી રહ્યું છે. સત્ અગણિત રૂપમાં સમાયું છે છતાં પોતાના અરૂપત્વમાં તે અચળ છે. અને તેથી જ શ્રી અવધૂતે કહ્યું :



'રૂપ અરૂપ દિખાઈ'

આગંતુક નામ, રૂપ અને આકારની ઉપાધિ નિર્વિકાર આત્માને સ્પર્શ કરતી નથી. નામ, રૂપ અને આકારના અધિષ્ઠાનરૂપ આત્માને એટલે 'સત્'ને એ આગંતુક વિકારો ચલિત કરી શકતા નથી. અધિષ્ઠાનનો એ જ મહિમા છે. વાયુનો પ્રચંડ પ્રવાહ મહેલાતના છપ્પરને ઉડાવે પણ પાયાને ઉખેડવાની તેનામાં શક્તિ નથી. મૂશળધાર વૃષ્ટિ સરિતાને છલકાવી દે પણ સાગરને છલકાવવાની તેનામાં શક્તિ નથી. આકાશમાં ઊડતા ધૂળના ગોટા આકાશને મલિન કરી શકતા નથી તેમ 'સત્'ને સ્પર્શ કરવાની કોઈની શક્તિ નથી. ભલે રૂપ દેખાય પણ તે રૂપમાં રહેલું અરૂપ 'સત્' અથવા પરમતત્ત્વ રૂપવાન બની શકતું નથી. સ્વચ્છ સ્ફટિકને જે રંગનો સંગ થાય તે રંગનો તે જણાય. તે રંગનું આવરણ જતું રહે ત્યારે સ્ફટિક પોતાના સ્વચ્છ સ્વરૂપમાં જ અવશેષ રહે, તેમ સર્જનમાં અનેક રૂપે રહેલાં નામ, આકાર અને રૂપ કેવળ 'સત્'નાં આવરણ છે. અને એ આવરણનું નિરસન થતાં એ 'અરૂપ' સર્જનમાં રહેલું છે છતાં તેનાથી વેગળું પોતાના મૂળ સ્વરૂપમાં જ પ્રકાશિત થાય છે. શ્રી અવધૂતે આ ત્રણ શબ્દોમાં એ

મહાનની મહત્તાનો જ આપણને ખ્યાલ આપ્યો છે.

એ 'સત્'ની સત્તા ક્યાં ક્યાં છે અને શું શું કાર્યો કરી રહી છે તેનો ઉલ્લેખ કરતાં શ્રી અવધૂત કહે છે :



ભા.- ૧

એક નૂર વિધુ સુર પ્રકાશ્યો, મૃગજલ કિરણ એહિ;

આત્મવિભૂતિનું શ્રી ભગવાને જ્યારે અર્જુનને દર્શન કરાવ્યું ત્યારે કહ્યું :

अथवा बहुनैतेन किं ज्ञातेन तवार्जुन ।
विष्टभ्याहमिदं कृत्स्नमेकांशेन स्थितो जगत् ॥

''અથવા હે અર્જુન, આ બહુ જાણવાથી તને શું ફળ છે ? એક અંશ વડે સમગ્ર જગતને ધારણ કરી રહ્યો છું.''

અહીં શ્રી અવધૂત પણ આપણને સત્‌ના એ એક નૂરની જ વાત કરે છે. સૂર્ય સાથે સીધો સંપર્ક સાધનાર ભસ્મ થઈ જાય છે. સૂર્ય તો અગ્નિનો ગોળો છે. જેમ આપણે અગ્નિને સ્પર્શ કરીએ તો દાઝી જઈએ છીએ તેમ એ 'સત્' પણ અગ્નિનો ગોળો જ છે. તેનો સીધો સ્પર્શ આપણને ભસ્મ જ બનાવી દે છે. જેમ સૂર્યનો પ્રકાશ આપણને તેજ આપે છે, જીવન આપે છે અને ઉષ્ણતા આપે છે તેમ એ 'સત્'નો પ્રકાશ પણ આપણને-જગતને તેજ, જીવન અને ઉષ્ણતા આપે છે. આપણે જરા ઊંડા ઊતરીને વિચાર કરીશું તો જણાશે કે એ તેજ વિના સર્જનનું અસ્તિત્વ જ નથી. એ તેજ જગતને સૂર્ય દ્વારા મળે છે. એ ઉષ્ણતા પણ સૂર્ય દ્વારા મળે છે અને તે તેજ અને ઉષ્ણતાના પ્રભાવે જગતને જીવન પણ મળે છે. એ તેજ સૂર્યનું નથી. સૂર્ય જે તેજ વડે તેજાળો છે તે તેજ તો એ 'સત્'નું અંશતઃ તેજ છે. એ સત્‌નું સમગ્ર તેજ ગ્રહણ કરવાની સૂર્યની શક્તિ પણ ક્યાં છે ? જેમ સચર જગત એ સૂર્યના તેજ વડે જ જીવન પ્રાપ્ત કરે છે તેમ અચર વનસ્પતિસર્જન ચંદ્રના તેજ-અમી વડે જીવન ધારણ કરે છે. સૂર્યનું તેજ અને ઉષ્ણતા અચર વનસ્પતિજગતના જીવનનો અંશતઃ આધાર છે. વિશેષ પ્રમાણમાં તો ચંદ્ર જ એ વનસ્પતિજગતને જિવાડે છે. જે તેજ સૂર્યમાં છે તે જ તેજ ચંદ્રમાં પણ છે. એકમાં પ્રકાશ અને ઉષ્ણતા છે. બીજામાં પ્રકાશ અને શીતળતા છે. ઉભયમાં જીવનતત્ત્વ તો સરખું જ છે. ચંદ્રનું તેજ પણ તેનું સ્વતેજ નથી. સત્‌ના અંશતઃ તેજ વડે એ પણ તેજસ્વી છે. એ જ કારણે શ્રી અવધૂતે કહ્યું :

''એક નૂર વિધુ સુર પ્રકાશ્યો''

એ 'એક નૂર' તે 'સત્' નથી પણ 'સત્'નું નૂર છે. અને તેથી આપણે કહીશું કે સત્‌નું જે આત્મતેજ છે તે તેજ વડે જ સૂર્ય અને ચંદ્ર પ્રકાશિત છે. એ જ વાત શ્રી ભગવાને અર્જુનને કહી છે :

यदादित्यगतं तेजो जगद्भासयतेऽखिलम् ।
यच्चन्द्रमसि यच्चाग्नौ तत्तेजो विद्धि मामकम् ॥

''સૂર્યમાં રહેલું જે તેજ સમગ્ર જગતને પ્રકાશિત કરે છે અને જે તેજ ચંદ્રમાં તથા અગ્નિમાં છે તે તેજને તું મારું તેજ જાણ.''

એ રીતે સૂર્ય અને ચંદ્રનું જે તેજ છે તે 'સત્'નું જ તેજ છે. મૃગજળ અને કિરણરૂપે પણ એ જ 'સત્' જણાય છે.



''મૃગજલ કિરણ એહિ''

અભાવના ભાવનો આભાસ એટલે 'મૃગજળ.' જે 'નથી' તે છે એવો જે ભાસ થાય છે તે મૃગજળ. એ મૃગજળનું કારણ સૂર્યનાં કિરણ છે. તે કિરણો દ્વારા આપણને મૃગજળ અથવા ઝાંઝવાનાં જળની ભ્રાંતિ થાય છે. તે કિરણ પણ એ જ 'નૂર' છે. એ નૂર વડે જ સૂર્યનાં કિરણ પ્રકાશિત થાય છે. પોતાના પ્રકાશ વડે ક્ષિતિજમાં મૃગજળ સર્જાવે છે.

સૂર્યનાં કિરણો રેતીના રણમાં સાગર હોય એવું દૃશ્ય નિર્માણ કરે છે. વસ્તુતઃ ત્યાં નથી સાગર કે નથી સાગરનાં નીર. રેતીનું વિસ્તીર્ણ રણ હોય, પ્રખર તાપ પડતો હોય, તરસ્યું મૃગલું પાણી માટે વલખાં મારતું ચોમેર પોતાની દૃષ્ટિ ફેરવતું છેક દૃષ્ટિમર્યાદા સુધી દૃષ્ટિને લંબાવે. ત્યાં તેને નીતર્યાં નીરના લહેરાતા સાગરનો ભાસ થાય. ચારે પગે ફાળ ભરતું પાણીની આશાભર્યું એ મૃગલું તે સાગર તરફ દોડે. જેમ જેમ આગળ ધસતું જાય તેમ તેમ એ નીરનો સાગર તેની દૃષ્ટિમર્યાદામાં જણાય. પણ ક્ષિતિજનો પાર ક્યાં આવે ? બિચારું મૃગલું તરસથી તરફડતું દોડી દોડીને થાકે. અંતે રેતીના રણમાં પાણીતરસ્યું પ્રાણવિહોણું પડે. આ બધીય રમત કેવળ સૂર્યના કિરણની છે. એ સૂર્યનાં કિરણો ''સત્''ની સત્તા વડે જ પ્રકાશ પામે છે. તેથી જ અહીં

''મૃગજલ કિરણ એહિ''

કહીને સર્જનને કેવળ મૃગજળ જેવું જ જાણવાનો ગર્ભિત બોધ કર્યો છે.

જ્યાં સુધી સૂર્ય છે ત્યાં સુધી જ એ કિરણો છે અને કિરણો દ્વારા સૂર્યનો પ્રકાશ છે. જ્યાં સુધી સત્‌ની સત્તા છે ત્યાં સુધી જ સૂર્યનું એ તેજ છે અને એ કિરણો પણ છે. ચંદ્રનું પણ એવું જ. સૂર્ય અને ચંદ્ર સ્વસત્તાએ પ્રકાશતા નથી. સત્‌ની સત્તા એ શક્તિશાળી છે. અધિકાર વિનાનો અધિકારી જેમ કોડીની કિંમતનો છે તેમ 'સત્'ની સત્તા વિનાના એ સૂર્ય અને ચંદ્ર પણ કોડીની કિંમતના છે. એ સત્તા વિના નથી એ જગતને જીવન આપી શકતા કે નથી એ મૃગજળ સર્જાવી શકતા. અહીં 'નૂર' શબ્દનો પ્રયોગ 'સત્'ની સત્તાનો દ્યોતક છે. સર્વશક્તિમાન સત્ સ્વાવલંબી અને અસત્ પરપ્રકાશ-પરાવલંબી છે. શાસ્ત્રો સંસારને પણ મૃગજળની ઉપમા તેથી જ આપે છે. જેમ મૃગલાને જળ જણાય છે છતાં ત્યાં જળ નથી તેમ માયાંધ માનવીને સંસાર અને અહં મમત્વ જણાય છે. વાસ્તવિક રીતે સંસાર નથી પણ એ કેવળ ભાસ છે. વ્યવહાર દૃષ્ટિએ

સત્ય જણાતો સંસાર પારમાર્થિક દૃષ્ટિએ અસત્ય છે.

મેઘધનુષની વાત કરતાં પણ શ્રી અવધૂત કહે છે :

"સપ્તરંગ ધનુ આપ દિખાયો, અંત આપુ સમાઈ."



ભા. - ૧

આકાશમાં આપણે ઘણી વાર મેઘધનુષ જોઈએ છીએ. એના સાત રંગ આપણે જોઈ શકીએ છીએ. પાણીથી ભરેલાં વાદળાંઓનો સૂર્યના કિરણના તેજ સાથે સમાગમ થતાં એ મેઘધનુષ આપણી નજરે પડે છે. કેટલું સુંદર દૃશ્ય છે ? જાણે વિવિધ વર્ણે વર્ણી એક કુશળ ચિત્રકારે ચીતરેલી, કાળી પશ્ચાત્‌ભૂમિકા ઉપર સપ્તરંગ કમાન ! એ કરતુક તો નિસર્ગનું છે. નિસર્ગને નથી પીંછીની જરૂર કે નથી રંગની જરૂર. પાણીના રંગ નથી પણ સૂર્યના કિરણમાં રહેલા એ સાત રંગો જ જેમ દર્પણમાં પ્રતિબિંબ પડે તેમ વાદળાંમાં પ્રતિબિંબિત થાય છે. તેના કારણે એ દૃશ્ય સર્જાય છે. જ્યારે સૂર્યનાં કિરણો આઘાંપાછાં થાય છે ત્યારે એ મેઘધનુષ પણ અદૃશ્ય થાય છે. વર્ષાઋતુમાં આપણને એ દૃશ્ય ઘણી વખત જોવાનું મળે છે. સૂર્યના કિરણના અભાવે એ મેઘધનુષ સર્જાતું નથી. 'સત્'ની સત્તા વિના સૂર્યનાં કિરણ પ્રસરતાં નથી. અને તેથી એ મેઘધનુષનું કારણ સૂર્યનાં કિરણો છે. એ કિરણોને નિમિત્તકારણ માનીએ તો તેનું ઉપાદાન કારણ 'સત્'ની સત્તા છે. એ જ રીતે જગતનું નિમિત્ત અને ઉપાદાન કારણ સત્‌ની સત્તા છે. શ્રી અવધૂતે પણ એ જ વાત આ પંક્તિમાં કહી છે. સાત રંગવાળું ધનુષ દેખનાર પણ એ જ 'સત્' છે અને જેમાં એ સમાઈ જાય છે તે પણ 'સત્' છે. તાત્પર્ય એ છે કે સૂર્યના પ્રકાશ વડે જે જે નૈસર્ગિક ક્રિયાઓ થાય છે તે બધી ક્રિયાઓમાં 'સત્'ની સત્તાનો સક્રિય ફાળો છે. આમ છતાં એ 'સત્'ની સત્તા વડે થતા સક્રિય નૈસર્ગિક પરિવર્તનમાં 'સત્' નથી. કેવળ સત્‌નું ઈક્ષણ જ કામ કરી રહ્યું છે. 'સત્' તો કેવળ નિર્લેપ સાક્ષી જેવું છે.

એ સત્ એક બિંદુ માત્ર છે છતાંય કેટલું મહાન છે. તેનો પરિચય કરાવતાં શ્રી અવધૂત કહે છે :

એક બુંદ નખ શિખ તન વ્યાપ્યો, હડ્ડી ચામ સબ એહિ;
પત્તિ ફૂલ ફલ શાખન માંહી એક પેડરસ માઈ.

સર્જનના સ્તંભરૂપ પંચ મહાભૂતો પૈકી તેજતત્ત્વને અનુલક્ષીને સત્‌ની સત્તા વડે પ્રકાશિત સૂર્ય અને સૂર્યના કિરણની ભિન્નભિન્ન પરિવર્તનશીલ ક્રિયાઓનો આપણને બોધ કર્યો. હવે શ્રી અવધૂત એ જ પરમતત્ત્વરૂપ 'સત્'ને આધારે રહેલા પ્રાણ એટલે જીવનતત્ત્વને અનુલક્ષીને આપણને બોધ આપે છે :

"એક બુંદ નખ શિખ તન વ્યાપ્યો,"

આગળ કહ્યું તેમ એ આત્મતત્ત્વનો માત્ર એક અંશ સમસ્ત સર્જનમાં વ્યાપીને રહેલો છે. શરીરમાં એ સત્ ક્યાં નથી ? જ્યાં સત્‌ની સત્તા

ન હોય તે શરીરનો ભાગ અચેતન અવસ્થામાં જ રહે છે. અનુભવ એમ કહે છે કે એ સત્ નખશિખાંત શરીરમાં સર્વત્ર વ્યાપક છે. શરીરનું એકે કણરજકણ એવું નથી કે જ્યાં એ સત્ નહીં હોય. શરીરના કોઈ પણ ભાગમાં જરા સરખો કીડીનો એક ડંખ થાય તો તે જ ક્ષણે તેનું જ્ઞાન શરીરના સમગ્ર ભાગમાં પ્રસરી જાય છે. શરીરના કોઈ પણ ભાગમાં એક નાનકડી માખ કે મગતરું બેઠું હોય તો સ્પર્શ દ્વારા તુરત જ એ જ્ઞાન શરીરમાં પ્રસરી જાય છે. શરીરમાં ગમે ત્યાં એક નાનકડી પણ અવક્રિયા થાય તો શરીરમાં તે તુરત જ પ્રસરી જાય છે. એ બધી ક્રિયાઓનું જે જ્ઞાન થાય છે તે કેવળ ચેતન દ્વારા થાય છે. એ ચેતન-આત્મસ્વરૂપ 'સત્'-હૃદયમાં રહેલું છે એવું શાસ્ત્રનું કથન છે. એ હૃદયમાંથી પ્રસરતી શિરાઓ દ્વારા બ્રહ્મરન્ધ્રમાં વ્યાપી ત્યાંથી એ જ્ઞાન સમગ્ર શરીરમાં વ્યાપે છે. એ ક્રિયા કેટલી ત્વરિત ગતિએ ગતિમાન થાય છે તેની કલ્પના સરખીયે આપણને આવે તે પહેલાં તો એ બધીય ક્રિયાઓ સંપૂર્ણપણે થઈ ગઈ હોય છે. વ્યષ્ટિરૂપ શરીરમાં જે જે ક્રિયાઓ થાય છે તે તે ક્રિયાઓ સમષ્ટિરૂપ પ્રકૃતિમાં પણ તેટલી જ ત્વરિત ગતિએ અને આપણને કલ્પના પણ ન આવે એ રીતે થતી જ રહે છે. તેનું કારણ પણ એ જ 'બુંદ' માત્ર 'સત્' છે અને તેથી જ શ્રી અવધૂતે

"એક બુંદ નખ શિખ તન વ્યાપ્યો"

કહીને શરીરમાં એ જ ચેતનતત્ત્વ સર્વત્ર ભરેલું છે એ વાત કહી છે. એ રીતે એ 'સત્' શરીરના અણુપરમાણુમાં વ્યાપક હોવા છતાંય તેનું વિશેષરૂપે સ્થાન હૃદયની ગુહામાં છે. ત્યાં રહીને એ પોતાની સત્તા વડે જ શરીરનો સઘળો વ્યવહાર કેવળ સાક્ષીરૂપે ચલાવી રહ્યો છે અને દ્રષ્ટા તરીકે જોઈ રહ્યો છે. જ્યારે શરીરના અણુપરમાણુમાં એ વ્યાપક છે ત્યારે

"હડ્ડી ચામ સબ એહિ"

એમ કહેવામાં શું ખોટું છે ? હાડ, માંસ, ચામડામાં એ નથી એમ શી રીતે કહી શકાય ? હાડ, માંસ તો શરીરના બંધારણના-મકાનના-પાયા જેવાં છે. તેમાં પણ એ જ સત્ રહેલું છે. અથવા એ જ સત્નું હાડ અને માંસ એટલે શરીરમાં રહેલા હાડ, માંસ, મજ્જા, રુધિર, મેદ અને બીજા બધાય રસો પણ એ જ સત્નાં ભિન્નભિન્ન સ્વરૂપો છે. હાડમાંસ તો કેવળ નિર્દેશ અર્થે છે. પણ શરીરમાં જે કાંઈ છે તે બધું જ એ સત્ની સત્તાથી યુક્ત છે એમ કહેવાનો આશય છે. સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ એ ત્રણે શરીરમાં રહેલા અન્નમય, પ્રાણમય, મનોમય, જ્ઞાનમય અને આનંદમય એ પાંચ કોષ પણ એ જ 'સત્' છે એવો આપણે અર્થ કરીએ તો અસ્થાને નથી. એથી પણ વિશાળ અર્થમાં લઈએ તો ચર જગતમાં માનવી, પશુ, પંખી આદિ જે કાંઈ છે તે કેવળ 'સત્' છે. 'સત્' સિવાય બીજું કશું જ નથી. ભિન્નભિન્ન નામે, ભિન્નભિન્ન રૂપે

અને ભિન્નભિન્ન આકારે જે કાંઈ સચરાચર જગત છે તે કેવળ એ લીલારૂપી પરમતત્ત્વની જ લીલા છે. એ બધાંય તેનાં જ સ્વરૂપો છે એમ કહીએ તો ખોટું પણ શું છે ?



ભા.- ૧

હવે આપણે એ અચર એટલે સ્થાવર સર્જનની વાત કરીએ. શ્રી અવધૂતે કહ્યું :

"पत्ति फूल फल शाखन मांही एक पेडरस माई."

જેમ એક બુંદ હોવા છતાં માનવશરીરમાં એટલે ચર જગતમાં કીડીથી કુંજર જેવા સ્થૂળકાય પ્રાણીમાત્રમાં એ 'સત્' નખશિખાંત વ્યાપ્ત છે તેમ અચર સર્જન એટલે શાસ્ત્રો જેને વનસ્પતિ કિંવા ઔષધિ કહે છે તે અઢારભાર વનસ્પતિમાં ઝીણાં પાંદડાંથી તે મૂળ પર્યંત વૃક્ષનાં સર્વ અંગો જેવાં કે ફળ, ફૂલ, પાન, છાલ, મૂળ એ સર્વમાં પરમતત્ત્વ રસરૂપે રહેલું છે. શ્રી ભગવાને કહ્યું :

गामाविश्य च भूतानि धारयाम्यहमोजसा।
पुष्णामि चौषधीः सर्वा सोमो भूत्वा रसात्मकः॥

''હું પૃથ્વીમાં પ્રવેશ કરી ઓજસ વડે સર્વ ભૂતોને ધારણ કરું છું. તથા રસરૂપ ચંદ્ર બનીને સર્વ ઔષધિઓનું અર્થાત વનસ્પતિઓનું પોષણ કરું છું.''

એ રસ વડે જ એ અઢારભાર વનસ્પતિઓનું પોષણ અને વિકાસ થાય છે. તેના પરિણામે જ જેમ માનવશરીર પ્રાણ વડે જીવંત છે તેમ વૃક્ષની કાયા પણ એ રસ વડે જીવંત છે. વાયુ, જળ અને પૃથ્વી સર્જનના આધારસ્તંભ છે. ચરઅચર સંસારના જીવન માટે એ ત્રણે તત્ત્વો આવશ્યક છે. જરા વિચાર કરીશું તો જણાશે કે તેજ અને ઉષ્ણતા સચર કે અચરના વિકાસ માટે આવશ્યક છે. વાયુ એના જીવનને નિભાવવાને અને તેનો નિર્વાહ કરવાને જરૂરનો છે. જલ એના જીવનની વૃદ્ધિ અર્થે જરૂરનું છે. પૃથ્વીનો આધાર ન હોય તો એ સર્જનમાત્ર ટકી શકે નહીં. એટલું જ નહીં પણ તેનું અસ્તિત્વ જ નથી. આમ અગ્નિતત્ત્વનાં તેજ અને ઉષ્ણતા, વાયુતત્ત્વના પ્રાણવાયુ, જલતત્ત્વનો રસ અને પૃથ્વી એ સર્જનના આધારસ્તંભ છે. પૃથ્વી સચરાચર સર્જનના આધારરૂપ હોવાથી તેની ગંધ તન્માત્રા પણ સર્જનમાત્રમાં રહેલી છે. બાકી રહ્યું આકાશતત્ત્વ અને તેની ''શબ્દ'' તન્માત્રા. આકાશ એટલે પોલાણ વિના સર્જન ક્યાં રહી શકે ? જ્યાં પોલાણ છે ત્યાં શબ્દ તો હશે જ ! જરા વિષયાંતર થાય પણ જ્યારે 'સત્'નો જ સર્વને આધાર છે એમ શાસ્ત્રસંમત શ્રી અવધૂતે અહીં કહ્યું છે ત્યારે એ સત્ને પોતાની સત્તાનો વિસ્તાર કરીને સર્જનને સર્જી, પોષી તેનો વિકાસ કરવાને જે જે તત્ત્વો આવશ્યક છે તે તે તત્ત્વોનો પણ ઉલ્લેખ કરવો જરૂરનો છે. વસ્તુતઃ તો એ પંચ મહાભૂત અને તેની તન્માત્રા એ 'સત્'નું જ રૂપાંતર છે અથવા સત્ની સત્તાનો જ આવિર્ભાવ છે.

અહીં શ્રી અવધૂતે ખરેખર શ્રી ભગવાનના

एकांशेन स्थितो जगत् ।

એ વાક્યને અનુલક્ષીને જ ''બુંદ'' શબ્દ વાપર્યો છે. એ બુંદ પણ કેટલું શક્તિવાન છે ? વિષનું એક જ બુંદ પ્રાણહર નીવડે છે. અમૃતનું એક જ બુંદ પીનારને અમર બનાવે છે. સત્‌નું આ એક જ બુંદ અનેક બ્રહ્માંડોને સર્જે છે, તેમાં રહી તેનું પાલનપોષણ કરીને અંતે શ્રી અવધૂત કહે છે તેમ



ભા.- ૧

''જહાં દેખો વહાં આપુ સમાઈ''

—ની અવસ્થા પ્રાપ્ત કરે છે. સમસ્ત વિશ્વને, સચરાચર દૃશ્યાદૃશ્ય સર્જનને અંતરબાહ્ય આવરી લઈને એ સઘળાથી જુદું એના હૃદયમાં એ બિરાજ્યું છે. હૃદયનું માપ કેટલું નાનકડું ? શાસ્ત્રોએ કહ્યું ''અંગુષ્ઠમાત્ર.'' છતાંય તેની શક્તિ કેટલી અપરિમિત ? અહીં ''બુંદ''નો અર્થ એ સત્‌ની અપરિમિત શક્તિનો દ્યોતક છે. આપણને અંગુઠામાં ઠોકર વાગે છે, એ ઠોકરની જે ચૈતન્યશક્તિદ્વારા આપણને સૂચના મળે છે તે ચૈતન્યશક્તિ એ 'સત્'ની શક્તિ છે. તેથી નખશિખાંત એ પરમાત્મા વ્યાપક છે એમ કહેવાનો અહીં ભાવ છે.

આપણે આગળ જોયું તેમ વૃક્ષનાં ભિન્નભિન્ન અંગપ્રત્યંગોનો વિકાસ અને જીવન એ રસને આભારી છે. એ રસને પૃથ્વીમાંથી લઈને વૃક્ષના સર્વાંગને પહોંચાડવાનું કાર્ય મૂળ કરે છે. મૂળમાંથી થતી એ નૈસર્ગિક ક્રિયા જે શક્તિ વડે થાય છે તે શક્તિ સત્‌ની સત્તા છે અને તેથી જ અહીં શ્રી અવધૂતે પાન, ફળ, ફૂલ આદિમાં પણ રસરૂપે એ રહેલી છે એમ કહ્યું છે. શ્રી ભગવાને પણ કહ્યું છે :

सोमो भूत्वा रसात्मकः।

આમ ચર અને અચર જગતમાં સત્‌ની સત્તાનો સંચાર થયેલો છે અને તે જ સત્તા વડે ઉભય જગત સચેત છે એમ શ્રી અવધૂત કહે છે અને તેથી જ

''સતસે નાહીં ચીજ પરાઈ''

એવું આ ગીતના પ્રારંભમાં કહ્યું છે.

શ્રી ભગવાને પણ અર્જુનને કહ્યું :

मत्तः परतरं नान्यत्किञ्चिदस्ति धनंजय।
मयि सर्वमिदं प्रोतं सूत्रे मणिगणा इव॥

''જેમ સૂત્રમાં અનેક મણિ પરોવાયેલા હોય છે તેમ હે અર્જુન, મારાથી અધિક શ્રેષ્ઠ કશું જ નથી. આ સર્વ મારામાં પરોવાયલું છે.

આગળ ચાલતાં શ્રી અવધૂતે કહ્યું :

જલતરંગ અરૂ ફેન બુદ્‌બુદા બરફન શીકર સોઈ;
એક મૃત્તિકા ઘાટ ઘડાયો, ઘટકટોરી કહાઈ.



પાણી મૂળ સ્વરૂપ છે. પાણી ઉપર થતા તરંગો પાણીથી ભિન્ન નથી પણ ભિન્ન જણાય છે તેથી તેને તરંગ કહ્યા છે. એ જ પાણીના વલોણાથી તેના ઉપર ફીણ થાય છે. એ ફીણ પણ પાણી જ છે છતાં તેનાં આકાર અને રૂપ પાણીથી ભિન્ન જણાય છે એટલે તેને ફીણ કહેવામાં આવે છે. પાણીના હલનચલનથી વાયુના કારણે પાણીના પેટાળ ઉપર પરપોટા જણાય છે. એ પરપોટા પર પાણી જ છે છતાં તે પાણીથી ભિન્ન જણાય છે એટલે તેને પરપોટા કહેવાયા છે. એ જ પ્રવાહી પાણી વધુ શીતળ વાતાવરણમાં ઠરી જાય છે એટલે તેને બરફ સંજ્ઞા આપવામાં આવી છે. ઉપરથી જમીન પર વેગભેર પાણી પડે છે ત્યારે તે ધારામાંથી જુદાં પડતાં પાણીનાં રજકણો જણાય છે. તે પાણી હોવાં છતા તેને શીકર કહેવામાં આવે છે. આમ એક જ પાણીનાં એ બધાં જ ભિન્નભિન્ન સ્વરૂપો છે. એ બધાયમાં જેમ પાણી ઓતપ્રોત છે એટલું જ નહીં પણ એ બધું જ પાણી છે તેમ અહીં પણ 'સત્'એ પરમ વસ્તુ છે. તે જ 'સત્' સર્વસત્તાધીશ છે. પોતાની સત્તા વડે સર્વત્ર ઓતપ્રોત રહેલું છે. કેવળ બાહ્ય વ્યવહારદૃષ્ટિએ જ એ ભિન્નભિન્ન નામ, રૂપ અને આકારનો પ્રબંધ થયો છે.

જેમ મૂળ વસ્તુ માટી છે છતાંય તેના ભિન્નભિન્ન ઘાટો ઘડીને તેને ઘડો, કોડિયું અને એવાં જ અનેક નામો આકારને અનુરૂપ આપવામાં આવ્યાં છે તે બધાયમાં માટી અનુસ્યૂત છે તેમ એ પરમતત્ત્વ બધાયમાં અનુસ્યૂત હોવાથી આકારપરત્વે તેનાં ભિન્નભિન્ન નામો આપવામાં આવ્યાં છે. મૂળ વસ્તુ તરફ આપણે લક્ષ રાખીએ તો એ નામ, રૂપ અને આકાર આપણી દૃષ્ટિ આગળથી અદૃશ્ય થાય છે. જ્યારે મૂળ વસ્તુનું ભાન થાય અને તત્ત્વતઃ તેનો આપણે સ્વીકાર કરીએ ત્યારે, તેનાં જે ભિન્નભિન્ન રૂપ છે તે અને એ રૂપ અને આકારને અનુરૂપ તેનાં જે નામો છે તેમાં વ્યવહારદૃષ્ટિએ રહેલો ભેદભાવ ટળી જાય છે. જો આપણે મૂળ વસ્તુને વળગી રહીએ તો 'સત્' વસ્તુ એક જ છે. સત્ની સ્ફૂરણા વડે પ્રાદુર્ભૂત શક્તિનો આ બધો આડંબર છે. ભિન્નભિન્ન નામ, રૂપ અને આકાર પણ એ એક જ શક્તિના છે એમ જ્યારે આપણે ગળે ઉતારીએ ત્યારે એ જ ભિન્ન ભાવ ટળી જતાં જેમ ઘાટ જતાં માટી જ અવશેષ રહે છે તેમ ચરાચર સંસારનો દૃષ્ટિ આગળથી લોપ થતાં મૂળ તત્ત્વ 'સત્' જ આપણી નજર આગળ તરવરે છે.

આ ઉભય દૃષ્ટાંતો દ્વારા એ 'સત્'નું સર્વવ્યાપકત્વ દૃઢ કરવાનો શ્રી અવધૂતે પ્રયાસ કર્યો છે. સમુદ્રમાં આવતાં મોજાંઓ ઊછળતાં જોઈએ છીએ. વાયુના કારણે એ નૈસર્ગિક ક્રિયા સમુદ્રમાં થાય છે. એ જ મોજાંઓ પાણી વિના સ્વતંત્ર રીતે ઉદ્ભવે ખરાં ? જો તેમ ન હોય તો એ મોજાંઓ પાણી નથી તો બીજું શું છે ? સ્વરૂપ ભિન્ન છે પણ વસ્તુતઃ તો એ

પાણી જ છે. એજ રીતે ફીણ, પરપોટા, બરફ, શીકર એ બધું છે તો પાણી જ, પણ માત્ર આકાર અને રૂપ ભિન્ન હોવાથી વ્યવહાર દૃષ્ટિએ જ ભાષાશાસ્ત્રીએ જુદાં જુદાં નામો પાડ્યાં છે. જેમ બધાંયમાં પાણી સ્વરૂપ સ્થિત છે તેમ પરમતત્ત્વ પણ સર્વત્ર ચૈતન્ય પ્રસારતું હોય છે.



ભા.- ૧

એ જ રીતે

"એકતંતુ પટ સબ બિખરાયો,
વિધવિધ રૂપ દિખાઈ;
અશ્વ સ્વાર, છવિ ભિન્ન દિખાયો,
અંત 'રંગ' સમુઝાઈ."

વણેલું કપડું હાથમાં લઈને આપણે જોઈશું તો તેમાં વાણો અને તાણો એ સુતરના તાંતણા જ જણાશે. સમગ્ર વસ્ત્ર એ સુતરના જુદા જુદા તંતુઓનો વ્યવસ્થિત વણેલો સંચય જ છે. એ જ વણાયું એટલે વસ્ત્ર કહેવાયું. વગર વણેલો સુતરનો તાંતણો કહેવાયો. એ જ તાંતણામાં અને વસ્ત્રમાં વસ્તુતઃ આકારભેદ સિવાય કાંઈ ભેદ નથી. વિચારીને જોવાની પણ જરૂર નથી. સૂક્ષ્મ નિરીક્ષણની પણ જરૂર નથી. જોતાં જ કહીશું કે 'સુતરનો તાંતણો' અને તેના વડે વણેલું વસ્ત્ર તત્ત્વરૂપે તો એક જ છે. ભેદ માત્ર દૃષ્ટિનો જ છે. એ જ રીતે જગત અને તેનો 'સત્' રૂપે રહેલો સંચાલક કાંઈ ભિન્ન નથી. બાહ્ય સ્વરૂપનો લોપ કરતાં તાત્ત્વિક દૃષ્ટિએ તો જગત જેવું કશું જ નથી. એ જ જ્ઞાનમાર્ગનો સિદ્ધાંત છે. શ્રી અવધૂતે આ ભાસવાન્ જગત એટલે શું તે સંપૂર્ણ જ્ઞાનમાર્ગની દૃષ્ટિએ જ અહીં જણાવ્યું છે. તંતુ વિના વસ્ત્રનું અસ્તિત્વ નથી. 'સત્' વિના જગતનું અસ્તિત્વ નથી. તાત્પર્ય એટલું જ છે કે

तिलेषु तैलं दधिनीव सर्पि–
रापः स्रोतःस्वरणीषु चाग्निः।
एवमात्मात्मनि गृह्यतेऽसौ
सत्येनैनं तपसा योऽनुपश्यति॥

"તલમાં તેલ, દહીમાં ઘી, ઝરણમાં જળ અને કાષ્ટમાં અગ્નિ જણાય છે તે પ્રકારે જે પુરુષ સત્ય અને તપ દ્વારા એ 'સત્' સ્વરૂપ પરમતત્ત્વને જોવાનો વારંવાર પ્રયત્ન કરે છે તેને આ આત્મા આત્મામાં જણાય છે. એ શ્વેતાશ્વતર ઉપનિષદ્‌ના સિદ્ધાંત અનુસાર એક જ 'સત્' પોતાની સત્તા વડે સર્વમાં ઓતપ્રોત છે. બાહ્ય વિકારો એ કેવળ સાગરના તરંગ જેવા છે. એ તરંગને છોડી દઈને તરંગના મૂળ રૂપે રહેલા પાણીને જોનારને બાહ્ય જગતના ભીતરમાં રહેલા 'સત્'નાં અવશ્ય દર્શન થશે.

પટમાં જેમ તંતુ છે તેમાં કોઈ લાલ, કોઈ કાળો, કોઈ સફેદ એમ વિવિધ રંગના છે તે વસ્તુતઃ તો તાંતણા જ છે પણ વિવિધ રૂપ અને વર્ણવાળા જણાય છે તેમ ભિન્નભિન્ન આકારવાળા આ પચરંગી સર્જનમાં

પણ મૂળ વસ્તુરૂપે તો 'સત્' જ વિરાજમાન છે.

શ્રી અવધૂતે ઘોડો અને સ્વારનું દૃષ્ટાંત આપ્યું છે.

"અશ્વ સ્વાર છવિ ભિન્ન દિખાયો અંત રંગ સમુઝાઈ."



ભા.- ૧

એક જાનવર અને બીજો મનુષ્ય. શું જાનવર અને મનુષ્ય એક ? હા. કેવળ આકાર અને વર્ણભેદને કારણે વ્યવહાર દૃષ્ટિએ એ ભિન્ન જણાય છે પણ એ ઉભય આકારોનો સંચાલક એક જ છે. તેની જ શક્તિ વડે એ ઉભય આકારો ગતિવાન છે અને શક્તિવાન છે. પારમાર્થિક દૃષ્ટિએ એક જ છે. જે શક્તિ દ્વારા અશ્વ શક્તિશાળી છે તે જ શક્તિ વડે માનવી પણ શક્તિશાળી છે. એ 'સત્' વિહોણો સ્વાર કે મનુષ્ય નિઃસત્વ છે. એ બાહ્ય આકારનો છેદ કરવાની અહીં સૂચના કરી છે. અંતે જ્યારે એવો દૃષ્ટિભેદ ટળી જાય છે ત્યારે જ સત્નું સાચું રહસ્ય સમજી શકાય છે. વ્યવહારમાં પણ જો પરમાર્થદૃષ્ટિ આવે તો જ સાચું પારમાર્થિક જીવન જીવી શકાય. એ રહસ્યનો પાર પામવાને અજ્ઞાનજનિત દૃષ્ટિભેદનો નિસ્તાર જરૂરનો છે. અંધકાર જતાં સૂર્યોદય માટે પુરુષાર્થ કરવો જરૂરનો નથી. અજ્ઞાન જતાં જ્ઞાનપ્રાપ્તિ અર્થે પ્રયાસ કરવાની જરૂર નથી. જ્યાં સુધી અંધકાર છે ત્યાં સુધી પ્રકાશની આશા ન રખાય. પ્રકાશ થતાં જ અંધકાર ન રહે. જ્ઞાન થતાં છેવટનું સાચું રહસ્ય સમજાતાં

"અંત રંગ સમુઝાઈ"

એ અવસ્થા પ્રાપ્ત થશે. જ્ઞાન થતાં જ્ઞાની અને જ્ઞાન અભિન્ન બનશે. અને ત્યારે વ્યવહાર અને પરમાર્થમાં સમદર્શન થતાં એ પરમતત્ત્વનો અપરોક્ષ અનુભવ થશે.



(૧૩)

(રાગ-ભૈરવ, તાલ-કહેરવા)



ભા.- ૧

મન મૂરખ નાદાન અતિશે, શી રીતે સમજાવું રે !
પારદ હોયે રસથી બાંધું, દ્વિરદ અંકુશે ખાળું રે ! - ટેક.
સાંઢ નાથ ખેંચી સમજાવું, મૃગ નાદે લોભાવું રે;
ફણિવર મંત્રે મોહ પમાડું, વૃશ્ચિક ડંખ ઉડાવું રે - મન. (૧)
પવન બંકગઢ કેદ કરાવું, સુરતસાંડસે બાંધું રે,
ભૂત ભૂવો થઈ નાચ નચાવું, આખર અધવચ દાટું રે. - મન. (૨)
બાળક મિષ્ટ ખવાડું પ્રેમે, યુક્તિપ્રયુક્તિ લગાવું રે,
સમજે તો સોવિધ સમજાવું, આડે ગાલ સૂજાવું રે. - મન. (૩)
ભજનકેફથી સાન ભૂલાવું, વિધવિધ રંગ રમાડું રે,
મારી અમર મોક્ષપદ આપું, આવાગમન મટાડું રે ! - મન. (૪)

મન કેવું છે ? મૂરખ છે અને અતિશય નાદાન છે. તેને શી રીતે સમજાવી શકાય ? શ્રી અવધૂતે એ પ્રશ્ન અહીં રજૂ કર્યો છે. જે ન કરવાનું કરે તે મૂરખ કહેવાય. મન એવું શું કરે છે કે જેથી તેને મૂરખ કહેવું પડે ? શાણા માણસો બાળકોનાં કામોને નાદાનીભર્યાં અને બુદ્ધિ વિનાનાં ગણીને તેની અવગણના કરે છે. જેને જ્ઞાન નથી, જેને સારાસારનો વિચાર નથી તે નાદાન છે. પોતાનું હિત શેમાં છે તે તેને સમજાતું નથી અને તેથી તે નાદાન છે. મૂરખ પણ છે જ. એક બાળકના હાથમાં સળગતું લાકડું આપીશું તો રમત કરતાં ઘર બાળી મૂકશે. બાળકનો ઘર બાળવાનો ઇરાદો નથી, પણ પોતે કરેલા કર્મનું પરિણામ તે કલ્પી શકતો નથી અને તેથી કુતૂહલવશ એ એવું કરે છે. તેથી તેને મૂરખ કે નાદાન કહેવો એ શું ન્યાય છે ? તેને મૂરખ કિંવા નાદાન કહેનાર કોણ ? જે શાણો છે, જેને જ્ઞાન છે તે. તેનામાં એ શાણપણ ક્યાંથી આવ્યું ? જન્મથી જ કોઈ ડાહ્યો કે જ્ઞાની જન્મતો નથી. બુદ્ધિનો ક્રમશઃ વિકાસ થતાં એ સારાસારનો વિચાર કરતો થાય છે ત્યારે તેની સમાજમાં શાણા પુરુષ તરીકે ગણના થાય છે. પણ મનને શું સમજાવવાનું છે ? તે તો જડ છે. એ જડ છે એ વાત ખરી પણ એને જે સંકલ્પવિકલ્પ કરવાની શક્તિ મળી છે તેનો દુરુપયોગ કરીને જીવને એ જન્મમૃત્યુના આવર્તમાંથી મુક્ત થવા દેતું નથી તેથી એ મૂરખ છે. નાદાન છે. એક રાજા બીજાને અધિકાર પર નિયુક્ત કરી તેને જે અધિકારની નવાજેશ કરે છે તે રાજા અને રાજ્યના હિતમાં તેનો ઉપયોગ કરવા માટે કરે છે પરંતુ તે અધિકારી



જો તેનો દુરુપયોગ કરે અને આડે રસ્તે ચાલે તો રાજા તેને દંડ આપે છે અને અધિકારભ્રષ્ટ કરે છે. મન એ જીવના એક અધિકારી જેવું છે પણ જીવ મનને આધીન છે. જીવની દૃષ્ટિ સમક્ષ વિષયોનાં જાળાં જામેલાં છે. તે જાળાંમાંથી તેણે બહાર નીકળી પોતાનું આત્મસ્વરૂપ વિલોકવાનું છે. મન જીવનું સંચાલક હોવાથી જેમ દોરવે તેમ દોરવાય છે. મન જો સન્માર્ગગામી સંકલ્પો કરે, મન જો પરમાર્થનો માર્ગ જીવને બતાવે તો જીવ તે માર્ગે પ્રયાણ કરે અને આત્મકલ્યાણ કરી શકે. આત્મોન્નતિ સાધી શકે. રાજાના અધિકારીઓ જેમ પોતાનો અધિકાર જાળવી રાખવાને અને રાજાને પ્રસન્નચિત્ત રાખવાને, રાજાના માનસનું માપ કાઢીને તેને અનુરૂપ કાર્ય કરીને, તેને પ્રસન્ન રાખી પોતાનું સ્થાન અવિચળ બનાવે છે તેમ, મનનું વલણ રાજાના એટલે જીવના વલણને અનુરૂપ બની જાય છે અને તેથી જીવની શક્તિ વડે શક્તિશાળી બનેલું મન પણ જીવની રૂખ જોઈને જ તેને દોરવે છે. રાજાની શાણી પ્રજા પ્રધાનોનો જ દોષ કાઢે છે. તેમ અહીં પણ મનનો જ દોષ કાઢવામાં આવે છે. મન સર્વાનર્થકારી છે એવું તમામ વિચારકો કહેતા આવ્યા છે અને કહે છે. જીવને સન્માર્ગે દોરવવાનું કામ મન કરતું નથી. જેણે તેના ભરોસા ઉપર પોતાનું નાવ છોડ્યું છે તેને તે અવળે રસ્તે ઘસડી જાય છે. પોતાના સ્વાર્થમાં લોલુપ બનેલું મન તેથી મૂરખ અને નાદાન છે એમ શ્રી અવધૂત કહે છે.

શાણા મનુષ્યો બાળકને મૂર્ખ અને નાદાન લેખે છે. બાળક પોતાને મૂર્ખ પણ માનતો નથી અને નાદાન પણ લેખતું નથી. હઠે ચડેલા બાળકને સમજાવતાં માબાપનો દમ નીકળી જાય છે અને તે બાળક પોતાની હઠ પૂરી કર્યા વિના રહેતું નથી. એવા હઠીલા બાળકને સમજાવવું જેમ વિકટ છે તેમ એવા મૂર્ખ અને નાદાન મનને સમજાવવું પણ મુશ્કેલ છે. અને તેથી જ મન પ્રમાથિ છે, બળવાન છે, અને તેને સ્વાધીન કરવું એ કપરું છે એમ જ્યારે અર્જુને ભગવાનને કહ્યું ત્યારે શ્રી ભગવાને મનને સમજાવી સ્વાધીન બનાવવાનો માર્ગ ''અભ્યાસ'' અને ''વૈરાગ્ય'' છે એમ કહ્યું. આપણે પણ મનને એ જ રીતે સમજાવી અંકુશમાં લાવવું ઘટે.

જીવ અને શિવ એ ઉભયનું સ્થાન હૃદય છે. જીવ ફળભોગી છે. શિવ ફળત્યાગી છે. શિવ એટલે જ્ઞાનસ્વરૂપ. શિવ જ્યારે ફળભોગના લોભમાંથી જીવને મુક્ત કરવાને અશક્તિમાન બને છે ત્યારે તે મનને પોતાના પક્ષમાં લે છે અને મન દ્વારા જીવને સન્માર્ગગામી કરવાનો પ્રયાસ આદરે છે. મનને શિવ સમજાવે છે એટલે મનને જ્ઞાનની વાત કરે છે અને શિવની એટલે જ્ઞાનની એ જ વાત જો મનને રુચે તો તે જીવને શિવ-ચીંધ્યા માર્ગે લઇ જઇ જીવનો ઉદ્ધાર સાધી શકે છે. અને તેથી જ મનને જીવનો મિત્ર પણ કહ્યો છે અને મનનો શત્રુ પણ કહ્યો છે. એ જ કારણે જીવના બંધન અને મોક્ષનું કારણ પણ મનને જ લેખ્યું છે.

તેને દંડ ર મનને વિષયોનો મોહ છે. મનની ગતિ વિષયો તરફ જ છે. વૈકારી જેવું વિષયાસક્ત મન પોતાને રુચિકર સંકલ્પવિકલ્પોનું જાળું પાથરે છે. જાળાં જાળિયાની જાળમાં જેમ માખી સપડાય છે અને છૂટી પડી શકતી નથી ાપ વિલોકવ જીવ એ જાળમાં જકડાય છે અને તેમાંથી મુક્તિ મેળવી શકતો નથી. ય છે. મનવિષયોના ઉપભોગનો આનંદ મન મેળવે છે. જીવ મનને એ જ આનંદ મને બતાવેણતો નિહાળે છે અને પોતે પણ આનંદ માણે છે. ક્રમે કરી એ જ એક ત્મોન્નતિ કારનો જીવનો અધ્યાસ થઈ જાય છે અને તેના પરિણામે મનના એ રાખવાને વિષયોપભોગનો આનંદ જીવ પોતાનો જ આનંદ માને છે. જીવ એમ ને તેને અન્નતો થઈ જાય છે એ જ જીવનું બંધન છે. જીવ જ્યારે એક દેહ છોડી મનાવે છે જા દેહમાં પ્રવેશ કરે છે ત્યારે તે પૂર્વજન્મના સંસ્કારોના સૂક્ષ્મ શરીર ા જાય છે ને વાસનાઓના લિંગદેહને સાથે લઈને જ પ્રવેશ કરે છે. આમ જીવની ની રુખ જોતે જે સૂક્ષ્મ શરીર વીંટળાયલું હોય છે તે સંસ્કાર અને વાસનાને અનુરૂપ ા કાઢે છે. રબ્ધને ભોગવવાને જીવ બંધાયેલો રહે છે. પ્રત્યેક જીવ શિવમાર્ગે જઈ ર્વાનર્થકારીકતો નથી તેનું આ પણ એક કારણ છે. આકાશમાં ફેંકાયલો પાણો જમીન જીવને સન પડ્યા વિના રહેતો નથી તેમ વાસનાનું પરિણામ ભોગવ્યા વિના તે ર પોતાનું સનાનો ક્ષય થતો નથી. વાસના એ પ્રારબ્ધનું બીજ છે. વિષયો એ મનનો ્વાર્થમાં લો વિષય જ છે. તેમાં જીવ જ્યારે પુષ્ટિ આપે છે ત્યારે મન પણ જીવની ધૂત કહે ષ્ટિથી અધિક બળવાન બનીને પોતાના ક્ષેત્રમાં સ્વચ્છંદ વિહાર કરે છે.

બાળક પો આવા વિષયાસક્ત મનને સમજાવવા માટે શ્રી અવધૂતે આ ગીતમાં ચડેલા બાળપવીતી વાતો લખી છે. શ્રી અવધૂતને જ નહીં પણ સાધકમાત્રને ક પોતાનીધનકાળમાં મનનો અંતરાય આડો આવે છે. એ અંતરાય દૂર કરવાને વવું જેમ જુ સાધક તનતોડ મહેનત કરે છે. કેટલાક સાધકો મનને વશ થઈ ુશ્કેલ છે. ાનો માર્ગ કોરે મૂકી મનને માર્ગે ચાલ્યા જાય છે. સાધુનો સ્વાંગ કરવું એ અંતરથી મનની ગુલામી કરતા એવા સાધકો આ પારનાયે નથી મનને સમતા અને તે પારનાયે નથી રહેતા. શ્રી અવધૂતની માટી જ કોઈક છે એમ લક્ષણ છે અને તેથી જ તે મનને પોતાનો દાસ બનાવીને આજે અમન ાવવું ઘટે. ીને, આપણી વચ્ચે અસ્તિત્વ ધરાવે છે.

ફળભોગી હવે આપણે ગીતના મૂળ વિષય પર આવીએ. સાધનકાળમાં ારે ફળભોાયેલું આ ગીત શ્રી અવધૂતના મનોમંથનનો ચિતાર વાચક આગળ ખડો ત્યારે તે છે. મનને મનાવવામાં સાધકે કેટલાં ફાંફાં મારવાં પડે છે તેનો સાધકને કરવાનો પ્રૌટ ખ્યાલ આપતું આ ગીત ખરેખર મનન કરવા યોગ્ય છે. અસ્તુ.

ની વાત ક આગળ ચાલતાં શ્રી અવધૂત કહે છે : એ મનને શી રીતે સમજાવું ?

તે જીવને ‘‘પારદ હોયે રસથી બાંધુ, દ્વિરદ અંકુશે ખાળું રે !
તેથી જ સાંઢ નાથ ખેંચી સમજાવું, મૃગ નાદે લોભાવું રે,
. એ જ ફણિવર મંત્રે મોહ પમાડું, વૃશ્ચિક ડંખ ઉડાવું રે.’’

છે. પારદ પ્રવાહી છે. ચંચળ છે, અસ્થિર છે. મનના પ્રવાહ, અસ્થિરતા



જો તેનો દુરુપયોગ કરે અને આડે રસ્તે ચાલે તો રાજા તેને દંડ આપે છે અને અધિકારભ્રષ્ટ કરે છે. મન એ જીવના એક અધિકારી જેવું છે પણ જીવ મનને આધીન છે. જીવની દૃષ્ટિ સમક્ષ વિષયોનાં જાળાં જામેલાં છે. તે જાળાંમાંથી તેણે બહાર નીકળી પોતાનું આત્મસ્વરૂપ વિલોકવાનું છે. મન જીવનું સંચાલક હોવાથી જેમ દોરવે તેમ દોરવાય છે. મન જો સન્માર્ગગામી સંકલ્પો કરે, મન જો પરમાર્થનો માર્ગ જીવને બતાવે તો જીવ તે માર્ગે પ્રયાણ કરે અને આત્મકલ્યાણ કરી શકે. આત્મોન્નતિ સાધી શકે. રાજાના અધિકારીઓ જેમ પોતાનો અધિકાર જાળવી રાખવાને અને રાજાને પ્રસન્નચિત્ત રાખવાને, રાજાના માનસનું માપ કાઢીને તેને અનુરૂપ કાર્ય કરીને, તેને પ્રસન્ન રાખી પોતાનું સ્થાન અવિચળ બનાવે છે તેમ, મનનું વલણ રાજાના એટલે જીવના વલણને અનુરૂપ બની જાય છે અને તેથી જીવની શક્તિ વડે શક્તિશાળી બનેલું મન પણ જીવની રૂખ જોઈને જ તેને દોરવે છે. રાજાની શાણી પ્રજા પ્રધાનોનો જ દોષ કાઢે છે. તેમ અહીં પણ મનનો જ દોષ કાઢવામાં આવે છે. મન સર્વાનર્થકારી છે એવું તમામ વિચારકો કહેતા આવ્યા છે અને કહે છે. જીવને સન્માર્ગે દોરવવાનું કામ મન કરતું નથી. જેણે તેના ભરોસા ઉપર પોતાનું નાવ છોડ્યું છે તેને તે અવળે રસ્તે ઘસડી જાય છે. પોતાના સ્વાર્થમાં લોલુપ બનેલું મન તેથી મૂરખ અને નાદાન છે એમ શ્રી અવધૂત કહે છે.

શાણા મનુષ્યો બાળકને મૂર્ખ અને નાદાન લેખે છે. બાળક પોતાને મૂર્ખ પણ માનતો નથી અને નાદાન પણ લેખતું નથી. હઠે ચડેલા બાળકને સમજાવતાં માબાપનો દમ નીકળી જાય છે અને તે બાળક પોતાની હઠ પૂરી કર્યા વિના રહેતું નથી. એવા હઠીલા બાળકને સમજાવવું જેમ વિકટ છે તેમ એવા મૂર્ખ અને નાદાન મનને સમજાવવું પણ મુશ્કેલ છે. અને તેથી જ મન પ્રમાથિ છે, બળવાન છે, અને તેને સ્વાધીન કરવું એ કપરું છે એમ જ્યારે અર્જુને ભગવાનને કહ્યું ત્યારે શ્રી ભગવાને મનને સમજાવી સ્વાધીન બનાવવાનો માર્ગ ''અભ્યાસ'' અને ''વૈરાગ્ય'' છે એમ કહ્યું. આપણે પણ મનને એ જ રીતે સમજાવી અંકુશમાં લાવવું ઘટે.

જીવ અને શિવ એ ઉભયનું સ્થાન હૃદય છે. જીવ ફળભોગી છે. શિવ ફળત્યાગી છે. શિવ એટલે જ્ઞાનસ્વરૂપ. શિવ જ્યારે ફળભોગના લોભમાંથી જીવને મુક્ત કરવાને અશક્તિમાન બને છે ત્યારે તે મનને પોતાના પક્ષમાં લે છે અને મન દ્વારા જીવને સન્માર્ગગામી કરવાનો પ્રયાસ આદરે છે. મનને શિવ સમજાવે છે એટલે મનને જ્ઞાનની વાત કરે છે અને શિવની એટલે જ્ઞાનની એ જ વાત જો મનને રુચે તો તે જીવને શિવ-ચીંધ્યા માર્ગે લઇ જઇ જીવનો ઉદ્ધાર સાધી શકે છે. અને તેથી જ મનને જીવનો મિત્ર પણ કહ્યો છે અને મનનો શત્રુ પણ કહ્યો છે. એ જ કારણે જીવના બંધન અને મોક્ષનું કારણ પણ મનને જ લેખ્યું છે.

મનને વિષયોનો મોહ છે. મનની ગતિ વિષયો તરફ જ છે. વિષયાસક્ત મન પોતાને રુચિકર સંકલ્પવિકલ્પોનું જાળું પાથરે છે. કરોળિયાની જાળમાં જેમ માખી સપડાય છે અને છૂટી પડી શકતી નથી તેમ જીવ એ જાળમાં જકડાય છે અને તેમાંથી મુક્તિ મેળવી શકતો નથી. વિષયોના ઉપભોગનો આનંદ મન મેળવે છે. જીવ મનને એ જ આનંદ માણતો નિહાળે છે અને પોતે પણ આનંદ માણે છે. ક્રમે કરી એ જ એક પ્રકારનો જીવનો અધ્યાસ થઈ જાય છે અને તેના પરિણામે મનના એ વિષયોપભોગનો આનંદ જીવ પોતાનો જ આનંદ માને છે. જીવ એમ માનતો થઈ જાય છે એ જ જીવનું બંધન છે. જીવ જ્યારે એક દેહ છોડી બીજા દેહમાં પ્રવેશ કરે છે ત્યારે તે પૂર્વજન્મના સંસ્કારોના સૂક્ષ્મ શરીર અને વાસનાઓના લિંગદેહને સાથે લઈને જ પ્રવેશ કરે છે. આમ જીવની ફરતે જે સૂક્ષ્મ શરીર વીંટળાયલું હોય છે તે સંસ્કાર અને વાસનાને અનુરૂપ પ્રારબ્ધને ભોગવવાને જીવ બંધાયેલો રહે છે. પ્રત્યેક જીવ શિવમાર્ગે જઈ શકતો નથી તેનું આ પણ એક કારણ છે. આકાશમાં ફેંકાયલો પાણો જમીન પર પડ્યા વિના રહેતો નથી તેમ વાસનાનું પરિણામ ભોગવ્યા વિના તે વાસનાનો ક્ષય થતો નથી. વાસના એ પ્રારબ્ધનું બીજ છે. વિષયો એ મનનો તો વિષય જ છે. તેમાં જીવ જ્યારે પુષ્ટિ આપે છે ત્યારે મન પણ જીવની પુષ્ટિથી અધિક બળવાન બનીને પોતાના ક્ષેત્રમાં સ્વચ્છંદ વિહાર કરે છે.



ભા.- ૧

આવા વિષયાસક્ત મનને સમજાવવા માટે શ્રી અવધૂતે આ ગીતમાં આપવીતી વાતો લખી છે. શ્રી અવધૂતને જ નહીં પણ સાધકમાત્રને સાધનકાળમાં મનનો અંતરાય આડો આવે છે. એ અંતરાય દૂર કરવાને સમજુ સાધક તનતોડ મહેનત કરે છે. કેટલાક સાધકો મનને વશ થઈ પોતાનો માર્ગ કોરે મૂકી મનને માર્ગે ચાલ્યા જાય છે. સાધુનો સ્વાંગ સજી અંતરથી મનની ગુલામી કરતા એવા સાધકો આ પારનાયે નથી રહેતા અને તે પારનાયે નથી રહેતા. શ્રી અવધૂતની માટી જ કોઈક વિલક્ષણ છે અને તેથી જ તે મનને પોતાનો દાસ બનાવીને આજે અમન બનીને, આપણી વચ્ચે અસ્તિત્વ ધરાવે છે.

હવે આપણે ગીતના મૂળ વિષય પર આવીએ. સાધનકાળમાં લખાયેલું આ ગીત શ્રી અવધૂતના મનોમંથનનો ચિતાર વાચક આગળ ખડો કરે છે. મનને મનાવવામાં સાધકે કેટલાં ફાંફાં મારવાં પડે છે તેનો સાધકને સચોટ ખ્યાલ આપતું આ ગીત ખરેખર મનન કરવા યોગ્ય છે. અસ્તુ.

આગળ ચાલતાં શ્રી અવધૂત કહે છે : એ મનને શી રીતે સમજાવું ?

"પારદ હોયે રસથી બાંધુ, દ્વિરદ અંકુશે ખાળું રે !
સાંઢ નાથ ખેંચી સમજાવું, મૃગ નાદે લોભાવું રે,
ફણિવર મંત્રે મોહ પમાડું, વૃશ્ચિક ડંખ ઉડાવું રે."

પારદ પ્રવાહી છે. ચંચળ છે, અસ્થિર છે. મનના પ્રવાહ, અસ્થિરતા

અને ચંચળતાનો ખ્યાલ આપવા માટે અહીં શ્રી અવધૂતે પારદ-પારાનું દૃષ્ટાંત આપ્યું છે. વસ્તુતઃ મન કેટલું ચંચળ છે, કેટલું અસ્થિર છે અને કેટલા વેગવાન પ્રવાહવાળું છે તેની કલ્પના પણ થઈ શકતી નથી. પારો એવો પ્રવાહી પદાર્થ છે કે જે જરા પણ સ્થિર રહી શકતો નથી. પણ મન એ પારદના કરતાંય અદકું ચંચળ છે અને એક ક્ષણ પણ સ્થિર રહી શકતું નથી. આટલું ચંચળ પ્રવાહી અને અસ્થિર હોવા છતાંય પારદને ઘટ બનાવીને તેની ગોળીઓ બનાવી શકાય છે. એ વનસ્પતિ અથવા રસાયણશાસ્ત્રના પ્રયોગ વડે બની શકે છે. આપણે પારદની ગોળીઓ તો જોઈએ છીએ. મન પારાના જેવું છે પણ પારો નથી અને તેથી રસાયણશાસ્ત્ર કે વનસ્પતિ તેને ઘટ એટલે સ્થિર બનાવવામાં નિરુપયોગી છે. તેથી એ પ્રયોગ કરવો અર્થ વિનાનો છે.

તે જ રીતે મન હાથીના જેવું બળવાન છે, પ્રમાથિ છે પણ હાથી નથી. વિશાળ વૃક્ષને સૂંઢની ચૂડ ભેરવી જમીનદોસ્ત કરવાની હાથીમાં શક્તિ છે. મનની શક્તિ એથીય અદકી છે. હાથી જેવું બળવાન પ્રાણી પણ એક અંકુશ વડે વશ કરી શકાય છે. આવા મોટા પર્વત જેવા હાથીના શરીર ઉપર એક સાડા ત્રણ મણની કાયાવાળો માનવી સવારી કરે છે માત્ર અંકુશના બળ વડે. એક જ અંકુશ એ બળવાન હાથીને વશ કરી શકે છે પણ મન પર એવો અંકુશ મૂકી શકાતો નથી. મન એટલું નિરંકુશ છે કે તેને કોઈ પણ અંકુશ વશ કરવાને અસમર્થ છે. અને તેથી જ અહીં મનને હાથી કરતાં પણ અધિક બળવાન લેખ્યું છે.

એ જ રીતે અહીં સાંઢ સાથે મનને સરખાવ્યું છે. બળદ અને આખલા-સાંઢમાં તફાવત છે. બળદ બિચારો ગરીબ છે. તેને નાથ છે અને તેથી તે પરવશ છે. આખલો નાથ વિનાનો એટલે નિરંકુશ છે. નિરંકુશપણે તે ગમે તેમ વિચરે છે. એવો આખલો પણ બળ આગળ વશ થાય છે. બળ વાપરીને એને નાથી શકાય છે. નાથેલો આખલો અંકુશમાં આવી શકે છે પણ મન આખલા જેવું નિરંકુશ હોવા છતાંય સ્થૂળકાયાધારી આખલો નથી અને તેથી તેને નાથી શકાતું નથી.

એ જ રીતે હરણનું. હરણનું ચાંચલ્ય અંશતઃ મનના ચાંચલ્ય જેવું છે. જરા સરખો પગસંચાર સાંભળીને એ હરણ ફાળો ભરતું એક ક્ષણમાં જ દૃષ્ટિથી અગોચર બની જાય છે. એટલે હરણને પકડવું કે વશ કરવું એ પણ વિકટ છે. છતાંય હરણની એક નિર્બળતા છે. હરણ નાદઘેલું છે. નાદમાં લોભાયેલું હરણ તુરત જ વશ કરી શકાય છે. પારધી જ્યારે હરણનો શિકાર કરવા નીકળે છે ત્યારે પ્રથમ તો તેને મધુર મુરલીના નાદે સ્થિર કરીને પરવશ બનાવે છે, પછી તેના ઉપર શરસંધાન કરે છે. હરણ એ નાદને વશ બની પોતાના પ્રાણ ગુમાવે છે. હરણ જેવા એ ચપળ મનને નાદથી પણ લોભાવી શકાતું નથી. મનને શબ્દનો મોહ

તો છે જ પણ હરણ જેવો એ ઘેલો મોહ નથી. ''શબ્દ''માં તલ્લીન બનીને શબ્દને વશ થાય એવું હરણ જેવું નમાલું એ મન નથી અને તેથી તેને નાદથી પણ વશ કરી શકાય એમ નથી.



ફણિધર એટલે નાગ. એ નાગ જેને ડંખે તેને પાણી સરખુંય પીવા ન દે. એવા તત્કાળ પ્રાણ હરણ કરે એવા ઝેરીલા નાગને વશ કરવાને પણ સાધન છે અને તે છે મંત્ર. મોહનમંત્ર દ્વારા એવા ફણિધરને પણ વશ કરી શકાય છે. કેટલીક વાર મંત્ર જાણનારાઓ એવા ફણિધરને મંત્રના બળે બોલાવે છે. જેને ડંખ દીધો હોય તેને તે ડંખવાળી જગ્યાએ લગાડી તેનું વિષ તેની પાસે જ ચૂસાવી લે છે અને તેને માનભંગ કરી જવા દે છે. એ બધું મંત્ર બળે કરી શકાય છે. મનને વશ કરવાને એવો કોઈ મંત્ર હજી સુધી મળ્યો નથી. કેવળ અભ્યાસ અને વૈરાગ્યથી જ એ મનને પકડમાં લઈ શકાય છે. એ પકડ ક્યારે છૂટી જશે તેનો ભરોસો નથી. ક્યાં તો વૈરાગ્ય શિથિલ થઈ જાય કે અભ્યાસ છૂટી જાય તો, મનની પકડ શિથિલ થતાં તે તુરત જ પાછું નિરંકુશપણે પોતાનું સ્વભાવસિદ્ધ કાર્ય કરતું થાય.

વીંછીના વિષને પણ એવા જ મંત્રપ્રયોગથી ઉતારી શકાય છે એ વાત જાણીતી છે.

આ રીતે આપણે જોયું કે પારદ બાંધી શકાય, હાથીને અંકુશમાં આણી શકાય, આખલાને નાથી શકાય, મૃગલાને મોહિત કરી શકાય, સર્પને પણ મોહિત કરી શકાય, વીંછીનું વિષ પણ ઉતારી શકાય પણ મનને વશ કરી શકાતું નથી.

હવે આપણે આગળ ચાલીએ.

''પવન બંકગઢ કેદ કરાવું, સુરતસાંડસે બાંધું રે.''

હઠયોગનો અભ્યાસ કરતા યોગીઓ પ્રાણાયામ દ્વારા વાયુનું રુંધન કરી શકે છે. તેને બ્રહ્મરંધ્રમાં ચઢાવીને કુંભક દ્વારા ત્યાં સ્થિર કરી શકે છે. સમાધિ દ્વારા એ રીતે વાયુને લાંબો સમય બંધ રાખી શકાય છે. સમર્થ યોગીઓ યોગની પ્રક્રિયા દ્વારા બાહ્ય વાયુમંડળનું રુંધન પણ કરવાને સમર્થ બને છે. પવનને એ રીતે કેદ કરીને શક્તિશાળી પરમતત્ત્વમાં તેને લીન પણ કરી શકાય છે. તાત્પર્ય એ છે કે વાયુ જેવાને વશ કરવાને પણ માનવી શક્તિશાળી છે. શક્તિશાળી વાયુને પણ એક નાનકડો કાળા માથાનો માનવી પરવશ બનાવી પોતાના કાબૂમાં લઈ શકે છે પણ તે મનને વશ કરી શકતો નથી. એ પણ માનવીય નિર્બળતાની પરાકાષ્ટા જ છે.

આગળ ચાલતાં શ્રી અવધૂત કહે છે :

''ભૂત, ભૂવો થઈ નાચ નચાવું, આખર અધવચ દાટું રે.''

મન જો ભૂત હોય તો તેને મંત્રવિદ્યા વડે ભૂવો નચાવી શકે. એ નાચમાં મશગૂલ બનેલા પરવશ ભૂતને અધવચ્ચે જ પૂરી દઈને કબજે લઈ શકાય. મલિન વિદ્યાના વિશારદો એ કરી શકે. પણ મન ભૂત નથી

અને તેથી તેને તે રીતે પણ વશ કરી શકાય એમ નથી.

બાળક મિષ્ટ ખવાડું પ્રેમે, યુક્તિપ્રયુક્તિ લગાવું રે,
સમજે તો સોવિધ સમજાવું, આડે ગાલ સૂજાવું રે.



શ્રી અવધૂત પૂર્વાશ્રમમાં શિક્ષક હતા, એટલે બાળકને શી રીતે સમજાવવો એ વિદ્યાના પારંગત હોય એમાં નવાઈ જ નથી. આજે પણ એ એક શિક્ષકનું જ કામ કરે છે ને ? અનેક આવે છે. અનેક પ્રશ્નો પૂછે છે. અનેકની શંકાનું સમાધાન થાય છે. એ સમાધાન અર્થે આત્મસૂઝી યુક્તિપ્રયુક્તિઓ, દાખલાદૃષ્ટાંતો અને દલીલો કરીને પણ શ્રી અવધૂત એ પ્રશ્ન એવી કુશળતાથી ચર્ચે છે કે જટિલમાં પણ જટિલ પ્રશ્નનું નિરાકરણ તુરત જ થઈ જાય છે. શંકાયુક્ત માનવી તુરત જ શ્રી અવધૂતની રાહમાં આવ્યા વિના રહેતો નથી. ઘણાય પ્રશ્નો પૂછનારા, ઘણાય વિચાર કરીને પ્રશ્નાવલિ તૈયાર કરીને આવનાર પણ એ વિભૂતિ આગળ કોણ જાણે કેમ મૂક બની જાય છે તે સમજાતું નથી. અસ્તુ. અહીં શ્રી અવધૂત બાળકની વાત કરે છે. બાળક હઠે ચઢે છે ત્યારે તેને કેમે સમજાવી શકાતું નથી. મન પણ બાળકના જેવું જ હઠીલું છે, એટલે તેને પણ સમજાવી શકાતું નથી. બાળક આપણી આગળ સાકારરૂપે છે એટલે તેની સાથે અનેક રીતે યુક્તિપ્રયુક્તિ વાપરી તેના મનનું સમાધાન કરી શકાય. સામ, દામ, ભેદ અને દંડના પ્રયોગો કરીને પણ બાળકને મનાવી શકાય. એક બાળક જો હઠ કરે તો તેનું મનોવિજ્ઞાન જાણીને, તેને મેવામીઠાઈ ખવરાવીને તેનું સમાધાન કરી શકાય. બાળક મીઠાઈના મોહમાં પોતાની હઠ છોડી દે છે. માતા જ્યારે ઔષધ પીવાને આનાકાની કરતા બાળકને લાડુ બતાવે છે ત્યારે બાળક રાજીખુશીથી ઔષધ પી જાય છે. પ્રલોભન બાળકને વશ કરવાનું સર્વોત્તમ સાધન છે. બાળક કેમે કરતાંય ન સમજે તો આખરે ચૌદમું રતન તો છે જ ને ? નહીં માને તો ગાલ પર બે ચાર તમાચા માર્યા એટલે ગાલ સૂઝી જાય અને સાન ઠેકાણે આવતાં જ હઠ પણ ભૂલી જાય. પણ મનનું તો તેમેય કરી શકાય એમ નથી. કારણ કે મન નિરાકાર છે. તેને માટે તો તેના જેવો જ પ્રયોગ શોધી કાઢવો જરૂરનો.

શ્રી અવધૂતે મનના મારણ માટે અનેક પ્રયોગોનો વિચાર કર્યો પણ તેમાં તેમને સફળતા પ્રાપ્ત ન થઈ. નિષ્ફળતાથી નિરાશ થાય એ અવધૂત નહીં. નિષ્ફળતાથી નિરાશ થાય એ કાયર. નીડર અવધૂત નિષ્ફળતાને વર્યા નથી અને તેથી અંતે મનને વશ કરવાનો માર્ગ તેમણે શોધી કાઢ્યો.

ભજનકેફથી સાન ભુલાવું, વિધવિધ રંગ રમાડું રે,
મારી અમર મોક્ષપદ આપું, આવાગમન મટાડું રે !

મનને મારવાનો આ છે શ્રી અવધૂતચીંધ્યો મહાપ્રયોગ. મરણાસન્ન રોગીને નિહાળીને બીજા વૈદ્યો હિંમત હારે પણ ધનવંતરી તો તેને નિરોગી કરીને જ અટકે. શ્રી અવધૂત ધનવંતરી છે. જીવને ભવરોગ લાગ્યો છે.

તેનો જાતઅનુભવ્યો અમોઘ ઉપાય એમની પાસે છે અને તે છે ભજન. ભજનના કેફમાં મનનું સાનભાન ભુલાવવાની શક્તિ છે. મનુષ્ય જ્યારે મદિરાપાન કરે છે ત્યારે તે પોતે પોતાને ભૂલી જાય છે. કેવળ મદિરાના ઘેનમાં તેનું નવું જ સ્વરૂપ જગત આગળ ખડું થાય છે. વિષયોમાંથી મનને મોકળું કરવાને ભજન જેવું કેફી પીણું બીજું એકે નથી. ભજન ભલભલાનાં ભાન ભુલાવે છે. ક્રૂરતાની મૂર્તિ સમો એ વાલિયો કોળી અંતે વાલ્મીકિઋષિ બન્યો. જગતમાં એ રામનામના ભજનના પ્રભાવે જ વંદનીય બન્યો. મનને એક વખત જો ભજનનો રંગ લાગ્યો તો એ રંગ એવો છે કે એની આગળ માયાના અનેકવિધ રંગો ઝાંખવાણા પડે છે. એ રંગ લાગ્યા પછી એના ઉપર બીજો રંગ ચઢતો જ નથી. જ્યારે મનને ભજનનો કેફ ચઢે છે ત્યારે જેમ દારૂડિયો દારૂના કેફમાં પોતાને ભૂલી જાય છે તેમ મન પણ ભજનની ધૂનમાં પોતાની વિષયાભિમુખ પ્રવૃત્તિ ભૂલી જાય છે અને ભજનમય બની જાય છે. પછી વિષયોનું એને સ્મરણ સરખુંય થતું નથી અને ભજનના જ વિધવિધ રંગોમાં એ રંગાઈ જાય છે. એ રીતે ભજનરત મનનું નવું સ્વરૂપ સર્જાય છે અને જૂના વિષયરત મનનું મૃત્યુ થાય છે. એનું પરિણામ એ આવે છે કે જ્યારે મનને ભજનાનંદમાં ઓતપ્રેત બનેલું જીવ જુએ છે ત્યારે મનના એ આનંદમાં પણ જીવ સહયોગ આપે છે અને અંતે તે આત્મસ્વરૂપનાં દર્શન કરે છે. વિષયો તરફ વહેવાની મનની વૃત્તિઓ મરી જવાથી હવે વિષયોમાં મનને આનંદ આવતો નથી. મન વિષયો તરફ જવાને બદલે હવે પ્રભુપદ પ્રત્યે પગલાં માંડે છે. અરે, મન જેમ જેમ ભજનાનંદમાં રત થતું જાય છે તેમ તેમ મનનો એ દિશા તરફ વેગ પણ વધતો જાય છે અને અંતે મન પ્રભુને ભેટવા દોડે છે. જીવ પણ તેની પાછળ દોડે છે. અંતે મન મરીને અમર બને છે. મનનો મોક્ષ થાય છે. જીવ તો સદા મુક્ત જ છે. એટલે જીવના બંધનોમાંથી તેની મુક્તિ થતાં જીવ પણ મુક્તસ્વરૂપ બને છે અને અંતે જીવનું જન્મમૃત્યુનું ચક્ર પણ ફરતું અટકી જાય છે.



ભા.- ૧

તાત્પર્ય એક જ છે કે જ્યાં સુધી મન દ્વારા જીવ વિષયોના આનંદમાં મગ્ન રહે છે ત્યાં સુધી તેની મુક્તિ નથી. વિષયાનંદના અભાવે ભજનાનંદમાં મગ્ન બનેલું મન પોતે પણ મુક્ત બને છે, જીવના મિત્ર તરીકે શિવચીંધ્યો માર્ગ જીવને દાખવીને જીવને પણ મુક્ત બનાવે છે અને અંતે ઉભયને

"આવાગમન મટાડું રે"

એ વાક્યની પ્રતીતિ થાય છે.





ભા.- ૧

ભજો શું મૂરખ ભૂત અનેક ? ઈશ્વર છે સઘળે એ એક–ટેક.

પાણી અંબુ જલ વારિ આપમાં, નામ વિના નહિ ભેદ;
બાષ્પ બરફ રૂપે જૂદાં પણ, અંત વારિ સહુ એક. – ભજો. (૧)

શ્યામ કોલસો મેલો દિસે, હીરો ઝગઝગ તેજ;
રાગદ્વેષથી જગત નચાવે તત્ત્વ એહનું એ જ ! – ભજો. (૨)

સ્ત્રી પુમાન નપુંસક કહાવે, દેવી દેવ પરબ્રહ્મ;
લિંગ થકી લિંગી જુદો એ, સચ્ચિદ્રૂપે ઓમ્. – ભજો. (૩)

નામરૂપનો સકલ પસારો, માયાનો દરબાર;
માયી દરબારી ન્યારો છે, ખેલે અંદર બહાર. – ભજો. (૪)

આદિઅંતમાં અર્ક બિરાજે, મધ્યે મૃગજલ તૂત;
દેખી મૃગલાં દોડે અંધાં, જ્ઞાની પરખે ભૂત ! – ભજો. (૫)

ખેલ સમેટે આપ ખેલાડી, ખેલે ઈચ્છાસાર;
"રંગ" નાટકી નટવર ખેલે, નામ રૂપ મોઝાર !! – ભજો. (૬)

———o———

"પથ્થર તેટલા પૂજે દેવ" એ એક બીજી ઉક્તિ અક્ષરસઃ સત્ય છે. મહારાજાને ભૂલી જઈને હવાલદારથી આરંભી દીવાન સુધીના નાના મોટા કર્મચારીઓને જ મહારાજા માનીને, તેની જ ઉપાસના કરનારી પ્રજા મહારાજનો સંપર્ક સાધી શકતી નથી. મહારાજાને પિછાની શકતી નથી. મહારાજાની શક્તિથી હમેશાં અજ્ઞાત જ રહે છે, તેમ પરમતત્ત્વ એક જ હોવા છતાંય, જેમ મહારાજાએ દીધેલા અધિકાર વડે જ કર્મચારીઓ તેજસ્વી બને છે તેમ, પરમતત્ત્વના દીધેલા મર્યાદિત અધિકાર વડે જ એ કર્મચારીઓ જેવાં દેવદેવીઓ તેજસ્વી બને છે. જેમ સૂર્યનો પ્રકાશ પામીને જ ચંદ્ર તેજાળો જણાય છે તેમ પરમાત્માનો પ્રકાશ પામીને જ એ દેવદેવીઓ ઓજસવાન જણાય છે. એ વાત દિનપ્રતિદિન વિસરાતી જાય છે અને તેના પરિણામે ભોળાં છતાંય ભાવિક માણસો એ ભ્રમણામાં ઠગાય છે. એવા ભક્તહૃદયને જાગ્રત કરવાને શ્રી અવધૂતે અહીં કહ્યું :

"ભજો શું મૂરખ ભૂત અનેક ?
ઈશ્વર છે સઘળે એ એક."

ભેદવૃત્તિ એ મૂર્ખતા-મૂઢતાનું દ્યોતક છે. જ્યાં અભેદવૃત્તિ છે ત્યાં હમેશાં જ્ઞાનનો પ્રકાશ છે. જ્ઞાનના પ્રકાશમાં પડછાયા જેવી ઈતર વસ્તુઓનો પ્રકાશ ઝાંખો પડી જાય છે. સૂર્યના પ્રકાશમાં જેમ ચંદ્ર, તારા અને ઘરના ટમટમતા દીવડાઓનો પ્રકાશ ઝંખવાય છે તેમ પરમતત્ત્વના

પ્રકાશ આગળ એ દેવદેવીઓનો પ્રકાશ ઝાંખો પડી જાય છે. છતાં પરમતત્ત્વને નહીં જાણનારાઓ એ દેવદેવીઓ, ભૂત, પિશાચ, સર્પ, વૃક્ષ વગેરેને સર્વસ્વ માનીને તેની ઓજસ્વી ઓરામાં તણાય છે અને પરમતત્ત્વના પ્રભાવથી સદા અનભિજ્ઞ રહે છે. અજ્ઞાનીઓથી પૂજાતાં ક્ષુદ્ર સત્ત્વો અનેક છે, કારણ કે એ અનેક ને ભિન્નભિન્ન અધિકારો આપવામાં આવ્યા છે. એમની શક્તિ અમર્યાદ નથી. સીમિત શક્તિ વડે એ પ્રભાવશાળી મનાય છે. સામાન્ય માનવી કરતાં એમની શક્તિ અધિક પ્રમાણમાં હોવાથી માનવી તે શક્તિમાં, જેમ દીપકના પ્રકાશમાં પતંગિયું ખેંચાય છે તેમ અંજાય છે અને તેથી તેને સાવધ કરવાનો શ્રી અવધૂતે અહીં પ્રયાસ કર્યો છે.



પરમતત્ત્વ અવ્યક્ત છે. અને તેની ઉપાસના પણ સર્વસાધારણ ભક્ત માટે કપરી છે. શ્રી ભગવાને અર્જુનને કહ્યું :

क्लेशोऽधिकतरस्तेषामव्यक्तासक्तचेतसाम्।
अव्यक्ता हि गतिर्दुःखं देहवद्भिरवाप्यते॥

"પરંતુ અવ્યક્ત નિર્ગુણ સ્વરૂપમાં આસક્ત ચિત્તવાળાઓને અતિશય કષ્ટ થાય છે કારણ કે અવ્યક્ત નિર્ગુણ સ્વરૂપની ગતિ દેહધારીઓ વડે મુશ્કેલીથી મેળવાય છે." નદીના ઓવારા જેવી એ સગુણ ઉપાસનાની યોજના પણ તેથી જ કરી છે. ચિત્તની સ્થિરતા અર્થે એ સગુણ સાકારની ઉપાસના આવશ્યક છે. પણ તેમાં જે ભેદબુદ્ધિ છે તે જ હાનિકારક છે. રામનો ઉપાસક કૃષ્ણની અવગણના કરે, શિવનો ઉપાસક વિષ્ણુની અવગણના કરે, સૂર્યનો ઉપાસક અન્ય દેવોની અવગણના કરે અને એમ કરીને બુદ્ધિમાં ભેદનું જાળું દિનપ્રતિદિન દૃઢ કરતો જાય તો અંતે તેને પરમતત્ત્વની અસીમતાની કલ્પના આવતી નથી. તે પરમતત્ત્વને પામીને આત્મદર્શન કરી શકતો નથી. તેની ઉપાસના મર્યાદિત રહે છે અને તેથી તેનું પરિણામ પણ મર્યાદિત જ છે. નદીના ઓવારે જનારો નદીના મૂળને પ્રાપ્ત કરી શકતો નથી તેમ મર્યાદિત અધિકારવાળાં દેવદેવીઓને પૂજનાર ભક્ત, એ દેવદેવીઓને શક્તિ દેનાર પરમતત્ત્વને પ્રાપ્ત કરી શકતો નથી. આરંભકાળમાં સગુણસાકારની ઉપાસના આદરીને ક્રમશઃ તેમાંથી નિર્ગુણનિરાકાર પરમતત્ત્વને પ્રાપ્ત કરવા માટે એ સગુણસાકારની ઉપાસનાના ગણેશ એ જ કારણે મંડાય છે એમ કહેવું અયોગ્ય નથી.

"જ્યાં લગી આતમા તત્ત્વ ચીન્યું નહીં,"
"ત્યાં લગી સાધના સર્વ જૂઠી."

એ નરસિંહ મહેતાના વાક્યમાં કેટલું ગાંભીર્ય ભર્યું છે ? સગુણ ઉપાસના નિર્ગુણની પ્રાપ્તિનો હેતુ સિદ્ધ કરવાને કરવામાં આવે તો જ તે સાર્થ છે એમાં શક નથી.

શ્રી ભગવાને અર્જુનને કહ્યું :



अवजानन्ति मां मूढा मानुषीं तनुमाश्रितम्।
परं भावमजानन्तो मम भूतमहेश्वरम्॥

''ભૂતોના મહાન ઈશ્વર-મારા શ્રેષ્ઠ તત્ત્વને નહીં જાણનાર મૂઢ લોકો મનુષ્યશરીર ધારણ કરી રહેલા મારી અવગણના કરે છે.'' પરંતુ

महात्मानस्तु मां पार्थ दैवीं प्रकृतिमाश्रिताः।
भजन्त्यनन्यमनसो ज्ञात्वा भूतादिमव्ययम्॥

''હે અર્જુન, મહાત્માઓ તો દૈવી પ્રકૃતિનો આશ્રય કરી ભૂતોના આદિ કારણ અને અવિનાશી જાણીને અનન્ય ચિત્તે મને જ ભજે છે.''

મૂઢ અને જ્ઞાની જનોનો શ્રી ભગવાનભાખ્યો આ ભેદ છે. એક ભૂતને ભજે છે, બીજો ભૂતોના ઈશ્વરને ભૂતમાં રહેલો જાણીને ભજે છે. એક ભેદભાવે ભજે છે, બીજાની અભેદવૃત્તિ છે. અને તેથી શ્રી ભગવાને કહ્યું તેમ, દૈવી સંપત્તિનો આશ્રય લેનાર મોક્ષભાગી બને છે, આસુરી સંપત્તિનો આશ્રય લેનાર બંધનભાગી બને છે. અહીં શ્રી અવધૂતે પણ ભગવાનના

दैवी संपद्विमोक्षाय निबन्धायासुरीमता॥

એ વાક્યનો આશ્રય લઈને જ ભેદબુદ્ધિયુક્ત ભક્તોનો બુદ્ધિશ્રમ ટાળવાનો પ્રયાસ કર્યો છે. અને તેથી જ કહ્યું :

''ભજો શું મૂરખ ભૂત અનેક ?
ઈશ્વર છે સઘળે એ એક.''

પરમતત્ત્વ એક જ હોવાથી તેને આપણે સર્વવ્યાપક કહ્યું. જે સર્વવ્યાપક છે તે ક્યાં નથી એનો વિચાર કરવાનો રહેતો નથી. શ્રી ભગવાને પણ

मया ततमिदं सर्वं जगदव्यक्तमूर्तिना।
मत्स्थानि सर्वभूतानि न चाहं तेष्ववस्थितः॥

''ઇન્દ્રિયોથી નહીં જણાતા સ્વરૂપવાળા મારા વડે આ સર્વ જગત વ્યાપ્ત છે. સર્વ ભૂતો મારામાં રહેલાં છે. પણ હું તેઓમાં રહેલો નથી.'' એવું કહ્યું ત્યારે એ ભૂતો ક્યાં રહેલાં છે એ પ્રશ્ન થાય છે. શ્રી ભગવાને કહ્યું :

न च मत्स्थानि भूतानि पश्य मे योगमैश्वरम्।
भूतभृन्न च भूतस्थो ममात्मा भूतभावनः॥

''વળી, ભૂતો મારામાં રહેલાં નથી. મારી ઐશ્વર્યયુક્ત ઘટના તું જો ! ભૂતોને ઉત્પન્ન કરતો તથા ભૂતોને ધારણ કરતો મારો આત્મા ભૂતોમાં રહેલો નથી.'' એ જ વાત વિશેષ રીતે સમજાવતાં શ્રી ભગવાન કહે છે :

यथाकाशस्थितो नित्यं वायुः सर्वत्रगो महान्।
तथा सर्वाणि भूतानि मत्स्थानीत्युपधारय॥

''જેમ બધે ગતિ કરતો મહાન વાયુ આકાશમાં રહેલો છે તેમ સર્વ

ભૂતો મારામાં રહેલાં છે એમ તું જાણ.''

આ વિવેચનનું તાત્પર્ય એટલું જ છે કે ભૂતમાત્રની ઉત્પત્તિ પરમતત્ત્વથી છે, પણ જેમ વાયુ આકાશમાં રહેલો હોવા છતાં આકાશ તેનાથી નિર્લિપ્ત છે તેમ, પરમતત્ત્વ અંશતઃ એ ભૂતોમાં રહેલું હોવા છતાં એનાથી નિર્લિપ્ત છે. એમ ભૂતમાત્ર એ પરમતત્ત્વની સ્વતંત્ર સત્તાથી સત્તાન્વિત છે. એમને પોતાની સત્તા નથી. કોકની દીધેલી સત્તા વડે જ એ ભૂતમાત્ર શક્તિશાળી છે અને તેથી તેને ભજવાને બદલે, જેની શક્તિ વડે એ ભૂતોનું અસ્તિત્વ છે તેને જ પ્રાપ્ત કરવાની અહીં સૂચના કરવામાં આવી છે.



જ્યાં ત્યાં ગમે તે આકારધારી દેવદેવીને પૃથક્ પૃથક્ માની પૂજવાના પરિણામે, ઈશ્વર અનેક છે અને તે પણ પરસ્પર વિરોધી સ્વભાવવાળા છે એવી ભ્રાન્તિને પોષણ મળે છે. અને વિધવિધ ઉપાસનાને નામે અજ્ઞાનીઓમાં અનેક પંથનિવડ ઝઘડાઓ ઘર કરી બેસે છે. ઉપાસનાનું પ્રતીક ફાવે તે હોય પણ એ તે જગન્નિયંતા પરમાત્માનું છે એ મૂળ રહસ્ય ભુલાઈ જવાથી અનેક બખેડાઓ ઊભા થયા છે અને થાય છે. ને તે દૂર થવાના હોય તો પરમાત્મા એક જ છે અને બધાંય પ્રતીકો તેનાં જ છે એ સત્ય પૂરેપૂરું બુદ્ધિમાં ઉતારવાની જરૂર છે. અને તેથી જ શ્રી અવધૂતે

''ઈશ્વર છે સઘળે એક''

એમ કહીને એ અંતરમાં ઘર કરી રહેલી અજ્ઞાનમૂલક માન્યતાને ધોઈ નાંખવાને અને એકત્વભાવે સર્વત્ર સમદર્શન કરવાની ભાવના જાગ્રત કરવાને આ બોધ આપ્યો છે.

પરમાત્મા સઘળે એક છે. જે પરમાત્મા જડમાં છે તે જ પરમાત્મા ચેતનમાં પણ છે. જે પરમતત્ત્વ શંકરમાં છે તે જ પરમતત્ત્વ શક્તિમાં પણ છે. બ્રહ્મા, વિષ્ણુ અને બીજાં અનેક દેવદેવીઓમાં પણ તે જ પરમતત્ત્વનો વાસ છે. આપણે ત્યાં તેત્રીસ કોટિ દેવોની ગણના છે. એ બધાંય દેવદેવીઓનું એ પરમતત્ત્વથી ભિન્ન વ્યક્તિત્વ નથી. એ પરમતત્ત્વ વડે જ શક્તિશાળી છે અને પરમતત્ત્વથી અભિન્ન વ્યક્તિત્વ છે. અને તેથી ભારતના તો શું પણ સમસ્ત સર્જનના અંતરમાં રહેલા સચરાચર પરમાત્માનું પૂજન કરવાની પ્રથા છે. વૃક્ષને, પહાણને, પર્વતને, માનવીને, ભૂતપ્રેતને અને એમ ઇતર સર્જનને ભિન્ન ભાવે નહીં પણ પરમતત્ત્વના સ્વરૂપે પૂજનારો પરમતત્ત્વને જ પામે છે. પૃથક્ ભાવે પૂજનારો તેનું વાસ્તવિક ફળ પ્રાપ્ત કરી શકતો નથી. પરમતત્ત્વના અભાવે એ સર્જનસમસ્તનું તો શું પણ દેવદેવીઓનું પણ અસ્તિત્વ નથી અને તેથી જ ઉપનિષદે

नित्योऽनित्यानां चेतनश्चेतनाना—
मेको बहूनां यो विदधाति कामान्।



तमात्मस्थं येऽनुपश्यन्ति धीरा-
स्तेषां शान्तिः शाश्वती नेतरेषाम्॥

''જે અનિત્ય પદાર્થોના મૂળમાં નિત્યરૂપે રહેલો છે તથા ચેતન વસ્તુઓનું આદિ ચેતન છે અને જે એકલો જ અનેકોની કામના પૂર્ણ કરે છે તેવા, પોતાની બુદ્ધિમાં રહેલા એ આત્માને જે વિવેકી પુરુષો જુએ છે - અનુભવે છે - તેવાઓને જ નિત્યશાંતિ પ્રાપ્ત થાય છે. બીજાઓને નહીં'' એ પ્રમાણે ગાયું છે.

આ બુદ્ધિભેદ અથવા અભેદમાં ભેદદૃષ્ટિ થવાનું કારણ માત્ર નામ, રૂપ અને આકાર છે. અને તેથી નામ, રૂપ અને આકાર તરફ દુર્લક્ષ્ય કરીને એ બધાના અધિષ્ઠાનરૂપે રહેલા એકમેવ મૂળ તત્ત્વ તરફ જ દૃષ્ટિ ઠેરવવાની જરૂર છે એવો સંકેત કરતાં શ્રી અવધૂત કહે છે :

''પાણી અંબુ જલ વારિ આપમાં,''
''નામ વિના નહીં ભેદ;''

આપણે ભિન્નભિન્ન નામે ભલે પોકારીએ પણ તે પોકારનું લક્ષ્ય તો પરમતત્ત્વ જ હોવું જોઈએ. વિષ્ણુને ભજો, શિવને ભજો, રામ, કૃષ્ણ, શક્તિ આદિ તમારી અભિરુચિ અનુસાર ગમે તેને ભજો પણ ભજન

सर्वदेवनमस्कारः केशवं प्रति गच्छति॥

એ ન્યાયે એક પરમતત્ત્વને અનુલક્ષીને જ થવું જોઈએ. તેમ થશે તો જ અભેદદૃષ્ટિ સ્થિર થશે અને ત્યારે જ સાંપ્રદાયિક ભેદભાવના દૂર થઈને પરમતત્ત્વની ઉપાસનાનું ઈષ્ટ પરિણામ પ્રાપ્ત થશે. જેમ કોઈ માણસ પાણી કહીને માગશે, કોઈ અંબુ કહેશે, કોઈ વારિ, આપ, કે જલ કહેશે છતાંય તેને મળશે તો પાણી જ. આમ એક જ પદાર્થનાં ભિન્નભિન્ન નામો હોવા છતાંય મૂળ ''પાણી'' તે પાણી જ રહેશે. તેમાં તલપુર પણ તફાવત પડશે નહીં. તેમ નામમાં રહેલા નામીને અનુલક્ષીને જ જો ભજન થશે તો જ તેનું ઈષ્ટ પરિણામ પણ મળશે. અંબુ, વારિ, આપ કે જળ કહેવાથી જેમ પાણીનું તત્ત્વ પલટાતું નથી તેમ ભલે શંકર કહો, ભલે વિષ્ણુ કહો, ભલે જગદંબા કહો, એ પરમતત્ત્વના અનંત કલ્યાણકારી ગુણોને અનુરૂપ અનંત નામે પોકારો છતાંય એ મૂળતત્ત્વ તો એક જ છે. અને અંતઃકરણમાં તેની તેવી જ ભાવના રહેવી જોઈએ. નામની ભિન્નતા વડે જણાતો ભેદ નામમાત્રનો જ છે. જેમ એક જ વ્યક્તિને તેનો દીકરો પિતા કહેશે, પત્ની સ્વામી કહેશે, બહેન ભાઈ કહેશે, મા બેટો કહેશે અને બીજાઓ તેના વાસ્તવિક નામથી સંબોધન કરશે અને એ રીતે અનેક પ્રકારે ઓળખાતી વ્યક્તિ તો એક જ રહેશે તેમ પરમતત્ત્વ ભલે ભિન્નભિન્ન નામી હોય પણ વસ્તુતઃ તો એક જ છે અને રહેશે.

આ તો પાણીના ભિન્નભિન્ન નામોની વાત થઈ. હવે એના સ્વરૂપનો વિચાર કરીએ.

"બાષ્પ બરફ રૂપે જુદાં પણ
અંત વારિ સહુ એક."

પાણીના ત્રણ ભેદ. પ્રવાહી, વરાળ અને બરફ. વાસ્તવિક રીતે તો જે પાણી છે તે જ બરફ છે અને બરફ છે તે જ વરાળ છે. પાણીમાંથી જ બરફ બને છે અને પાણીમાંથી જ વરાળ બને છે. પાણીના અભાવે વરાળ કે બરફનો સંભવ છે ખરો ? તેમ આકાર ભિન્ન છતાંય જ્યાં જ્યાં જુઓ ત્યાં ત્યાં એક જ પરમાત્મા રહેલો છે. જે ભેદ જણાય છે તે આકારને કારણે છે. બરફ પાણી હોવા છતાંય કોઈ તેને પાણી નહીં કહે. વરાળ પાણી હોવા છતાંય કોઈ તેને પાણી નહીં કહે. અને કદાચ કહેશે તો તેને પાગલ લેખવામાં આવશે. વસ્તુતઃ તો પાણી, વરાળ અને બરફને પાણી જ માનનારો અને કહેનારો જ ડાહ્યો છે. પાણીના ભિન્ન ભિન્ન આકારને કારણે તેમાં ભેદદૃષ્ટિ રાખનાર જ પાગલ છે. પાણીને જ ગરમી લાગવાથી તે વરાળ બને છે, પાણીને વધારે ઠંડક લાગવાથી જ તે બરફ બને છે. પરિણામે એ જ બરફ અને એ જ વરાળ અનુકૂળ વાતાવરણ મળતાં પુનઃ પાણીરૂપે પરિવર્તન પામે છે. તે જ રીતે ચતુર્ભુજ ભગવાન શ્રીવિષ્ણુ, ષડ્ભુજધારી શ્રી દત્તમહારાજ, પાંચ મુખના શ્રીશંકર, દસભુજા મહાશક્તિ અને એ જ રીતનાં અનેકવિધ દેવદેવીઓનાં વિવિધ સ્વરૂપો હોવા છતાં, જેમ બરફ, પાણી અને વરાળ એક જ છે તેમ, પરમતત્ત્વ એક જ છે. એ બધાંય શરીરો અશરીરિનાં જ શરીરો છે. જ્યાં સુધી નામ અને આકારની ભેદદૃષ્ટિ આગળ રહે ત્યાં સુધી મૂળતત્ત્વની પ્રાપ્તિમાં તે અંતરાયરૂપ છે. એ ઉપાધિભેદનો નિસ્તાર થતાં તત્ત્વ એક જ રહે છે.



आकाशमेकं हि यथा घटादिषु पृथग्भवेत्।
तथात्मैको ह्यनेकश्च जलाधारोष्ववांशुमान्॥

"જેમ ઘટ આદિમાં એક જ આકાશ ભિન્ન ભિન્ન જણાય છે તે જ રીતે એક જ આત્મા જળાશયોમાં સૂર્ય સમાન ભિન્નભિન્ન પ્રતીત થાય છે." આ શ્રુતિસંમત બોધ શ્રી અવધૂતના આ બોધને પુષ્ટ કરવાને પૂરતો છે. એ ભ્રમણા ટાળવાને પ્રભુનું જેને જે સ્વરૂપ પ્રિય તેને ભજવામાં રહેલો ભ્રમણાત્મક અજ્ઞાતજનિત ભેદભાવ ટાળવાનો અહીં આગ્રહ કરવામાં આવ્યો છે. આ પ્રકારની અભિન્નમાં ભિન્નત્વની ભેદબુદ્ધિ એક જ પરમતત્ત્વનાં ભિન્નભિન્ન સ્વરૂપના ઉપાસકો વચ્ચે પણ દ્વેષબુદ્ધિ ઉત્પન્ન કરવાનું મૂળ કારણ છે. અને તેથી જ

एकः समस्तं यदिहास्ति किञ्चि-
तदच्युतो नास्ति परं ततोऽन्यत्।
सोऽहं स च त्वं स च सर्वमेत-
दात्मस्वरूपं त्यज भेदमोहम्॥

''આ જગતમાં જે કાંઈ છે તે એક માત્ર હરિ છે. તેનાથી ભિન્ન કશું જ નથી. હું તે છું, તું પણ તે જ છે અને આ જગત સમસ્ત પણ આત્મસ્વરૂપ શ્રી હરિ જ છે અને તેથી તું ભેદભ્રમનો ત્યાગ કર'' એવો શાસ્ત્રનો બોધ છે.



આગળ આપણે નામ અને આકારમાં ભેદબુદ્ધિને કારણે ભ્રમણા કેમ ઉત્પન્ન થાય છે તે જોયું. આપણને બાહ્ય સ્વરૂપને જોવાની ટેવ પડી છે અને તેથી નામ અને આકારને જ તત્ત્વ માનીને ખોટી ભ્રમણામાં અટવાઈએ છીએ. નામ અને આકાર પરમતત્ત્વથી ભિન્ન છે, એમ જો આપણે માનીએ અને તેથી તે નાશવાન છે એમ જો આપણી બુદ્ધિ થાય તો, અથવા નામ અને રૂપમાં અને પરમતત્ત્વમાં તાત્ત્વિક દૃષ્ટિએ ભેદ નથી પણ વસ્તુતઃ બધું જ પરમાત્મા છે એવી પરમાત્મ બુદ્ધિ ઉત્પન્ન થાય તો પછી ખેદનું કારણ રહેતું નથી. વ્યવહારમાં અને પરમાર્થમાં ભેદબુદ્ધિ રાખવી એ જરૂરનું ભલે હોય પણ વાસ્તવિક દૃષ્ટિએ તો વ્યવહારમાં પણ પરમાર્થ દૃષ્ટિ રાખવી એ જ હિતાવહ છે. એ ભેદ ભાંગે તો જ અભેદતત્ત્વનું જ્ઞાન થાય અને જ્ઞાન થતાં જ અનેક ભૂતને ભજવાનું ભૂલીને, માનવી એકને જ એકમાં જોતો બને. અને અનેકમાં એકને જોઈને, તે એકને જ પોતાનામાં જોઈને તે એકસ્વરૂપ બનીને દ્વૈતની ભ્રાંતિથી મુક્ત થાય.

હવે આપણે રૂપની વાત કરીએ. ઉપર આપણે નામ અને આકારનો વિચાર કર્યો. આ જગત નામ, રૂપ અને આકારના કારણે જ છે. શ્રી અવધૂત કહે છે :

શ્યામ કોલસો મેલો દીસે,
હીરો ઝગઝગ તેજ;

કોલસો કાળો છે. હીરો તેજનો અંબાર છે. કાળું પણ રૂપ છે અને તેજાળ પણ રૂપ છે. વિજ્ઞાનશાસ્ત્રીઓએ કોલસાનું અને હીરાનું પૃથક્કરણ કર્યું છે અને એવો નિર્ણય કર્યો છે કે એ બંનેમાં ભારોભાર ''કાર્બન'' ભરેલો છે. એટલે રૂપની દૃષ્ટિએ એ ઉભય ભિન્ન હોવા છતાંય તાત્ત્વિક દૃષ્ટિએ એક જ છે. આપણે તત્ત્વને જોતા નથી, રૂપને જોઈએ છીએ. સાકરમાંથી અનેકવિધ રમકડાં બનાવીને વેપારી વેચવા મૂકે છે. કોઈ પૂતળી લેશે, કોઈ વહાણ લેશે, કોઈ તાજમહેલ લેશે, કોઈ રાતા રંગને પસંદ કરશે, કોઈ શ્વેત રંગને પસંદ કરશે, પણ એ સાકર છે એમ સમજીને કોઈ તેને પસંદ નહીં કરે. એ છે દૃષ્ટિભેદ, બુદ્ધિભેદ અને ભ્રામક વૃત્તિ. એના વડે જ એ ભુલભુલામણીમાં આપણે પડીએ છીએ. શ્રી એકનાથ મહારાજે દૂધનું દૃષ્ટાંત આપ્યું છે. કાળી ગાયનું, રાતી ગાયનું, અને સફેદ ગાયનું દૂધ આપણે જુદાં જુદાં વાસણોમાં કાઢીએ. એ દૂધ વાસણમાં જુદું દેખાય છે ખરું ? એને ચાખીએ તો

એનો સ્વાદ જુદો લાગે છે ખરો ? એનું પૃથક્કરણ કરીએ, એનાં તત્ત્વોમાં કાંઈ ફેર પડે છે ખરો ? એને મોરવીને તેમાંથી ઘી કાઢીએ તેમાં કાંઈ ફેર પડે છે ખરો ? એ જુદા જુદા વાસણનું દૂધ એક જ વાસણમાં ભેળું કરીએ. પછી જુદું કરી શકીશું ખરા ? એ જ દૃષ્ટિએ સ્થૂળ દૃષ્ટિનો ત્યાગ કરીને કેવળ તાત્ત્વિક દૃષ્ટિએ જોઈશું તો, જેમ જુદા જુદા રંગની ગાયોનું દૂધ એક જ સરખું ધોળું છે તેમ, જૂજવા રૂપે રમી રહેલું પરમતત્ત્વ તો એક જ સત્, ચિત્, આનંદસ્વરૂપ છે અને તેથી શ્રી અવધૂતે અન્યત્ર



''અનેકરૂપે રૂપી એક''

\+ + + +

''નામ હજારો નામી એક''

\+ + + +

''રૂપ કરોડો રૂપી એક''

\+ + + +

''સઘળે એક જ રંગ નિહાળ''
''બીજો ઝઘડો વ્યર્થ અસાર''
''અંધાને રવિનો શો ખ્યાલ''

\+ + + +

એવું ગાઈને આ સઘળું અદ્વૈત રહસ્ય ટૂંકમાં ખૂબ સુંદર રીતે સમજાવ્યું છે. જેમ ગાયનાં રૂપ ભિન્નભિન્ન હોવા છતાંય દૂધ એક જ છે, તેવું જ શેરડીનું દૃષ્ટાંત પણ શ્રી એકનાથ મહારાજે આપ્યું છે. અનેક રંગની શેરડીના સાંઠામાંથી તત્ત્વરૂપે નીકળતો રસ તો એક સરખો જ છે અને તેથી પ્રારંભમાં જ શ્રી અવધૂતે કહ્યું :

ભજો શું મૂરખ ભૂત અનેક.
ઈશ્વર છે સઘળે એ એક.

શ્રી ભગવાને ઉદ્ધવને કહ્યું :

''શ્રુતિઓ કર્મકાંડમાં મારું જ વિધાન કરે છે. ઉપાસનાકાંડમાં ઉપાસ્ય દેવતાના રૂપમાં મારું જ વર્ણન કરે છે અને જ્ઞાનકાંડમાં આકાશાદિ રૂપથી મારામાં જ બીજી વસ્તુઓનો આરોપ કરીને તેનો નિષેધ કરે છે. સંપૂર્ણ શ્રુતિઓનું તાત્પર્ય એટલું જ છે કે તે મારો આશ્રય લઈને મારામાં ભેદનો આરોપ કરે છે. માયામાત્ર કહીને અનુવાદ કરીને મારામાં જ શાંત થઈ જાય છે અને કેવળ અધિષ્ઠાનરૂપે હું જ શેષ રહી જાઉં છું.''

શ્રી ભગવાનનાં આ વચનો ઉપરથી આપણે શ્રુતિઓનું પણ તાત્પર્ય સમજી શકીએ અને કેવળ માયારૂપે નામ, રૂપ અને આકારના આ પસારાનું તત્ત્વ શોધી લઈએ તો આપણી એ ભ્રમણા ટળી જવાનો સંભવ છે; એટલું જ નહીં પણ જતી જ રહે છે. અને તેથી જ શ્રી અવધૂતે કહ્યું :



રાગદ્વેષથી જગત નચાવે,
તત્ત્વ એહનું એ જ.

રાગ અને દ્વેષ એ રજોગુણનું પરિણામ છે. શ્રી ભગવાને અર્જુનને કહ્યું :

रजो रागात्मकं विद्धि तृष्णासंगसमुद्भवम् ।
तन्निबध्नाति कौंतेय कर्मसंगेन देहिनम् ॥

''હે અર્જુન, તૃષ્ણા અને આસક્તિથી ઉત્પન્ન થતા રજોગુણને તું રાગરૂપ જાણ. તે જીવને કર્મના સંગ વડે બાંધે છે.'' એ સત્ત્વ, રજસ્ અને તમસ્ એ આત્માના ગુણો નથી પણ કેવળ બુદ્ધિના જ ગુણો છે. આત્મા એ ત્રણે ગુણોથી નિર્લેપ છે. પણ જ્યારે આત્મા એ ગુણમાં અભિમાન કરી તેના સકંજામાં સપડાય છે ત્યારે પોતાના સ્થૂળ, સૂક્ષ્મ અને કારણદેહમાં તેની મમત્વબુદ્ધિ થવાથી એ નિર્વિકાર આત્મા ગુણોથી આવૃત્ત બનીને જીવભાવ પ્રાપ્ત કરીને ગુણો વડે બંધાય છે અને પોતાના શુદ્ધ સ્વરૂપને વીસરી જાય છે. સ્વસ્વરૂપના જ્ઞાનથી વંચિત એ જીવ પછી મમત્વના કારણે ''મારું'' અને ''તારું'' કરતો થાય છે. એ ''મારું'' અને ''તારું'' એ જ રાગ અને દ્વેષનું કારણ છે. એ ''अहं ममत्व'' અને ''त्वं, तव'' ના ભેદના કારણે જ્યાં જ્યાં અહંતાયુક્ત મમતા છે ત્યાં ત્યાં જીવને રાગ-પ્રીતિ ઉત્પન્ન થાય છે અને જ્યાં જ્યાં ''त्वं, तव''– ''તું, તારું'' છે ત્યાં ત્યાં તેને દ્વેષ ઉત્પન્ન થાય છે. અને ત્યારે એ ''મારું અને તારું''નો રોગ લાગ્યાથી જીવ નાના પ્રકારનાં રાગદ્વેષયુક્ત કર્મો કરતો થાય છે. એ કર્મોમાં મમત્વ હોવાથી, ''હું કર્તા છું'' એવી આસક્તિ હોવાથી તે કર્મોનાં બંધન સર્જાય છે. એ બધુંય માયાના કારણે થતું રહે છે કારણ કે ગુણો માયાજનિત છે. માયા પરમાત્માની પ્રકૃતિ છે અને તેથી એ પ્રકૃતિને ઓથે રહેલો પરમાત્મા આ જગતને નચાવે છે એમાં શું ખોટું છે ? શ્રી ભગવાને પણ અર્જુનને કહ્યું :

ईश्वरः सर्वभूतानां हृद्देशेऽर्जुन तिष्ठति ।
भ्रामयन्सर्वभूतानि यन्त्रारुढानि मायया ॥

''હે અર્જુન, સંસારરૂપ યંત્ર પર ચઢેલાં સર્વ પ્રાણીઓને માયા વડે ભમાવતો ઈશ્વર સર્વ પ્રાણીઓનાં અંતઃકરણમાં એટલે હૃદય-પ્રદેશમાં રહેલો છે.''

આમ અનેકવિધ જગતમાં અનેક રૂપે રહેલો પરમાત્મા એક જ છે અને પ્રાણીમાત્રને એના અજ્ઞાનમૂલક રાગદ્વેષને લીધે નચાવી રહ્યો છે. જે વસ્તુ પોતાને અનુકૂળ લાગે તેના તરફ માણસને રાગ-પ્રીતિ કે આસક્તિ થાય છે અને જે વસ્તુ પોતાને પ્રતિકૂળ જણાય છે તેના પ્રત્યે દ્વેષ કે ઘૃણા ઊપજે છે. જેમ હીરો અને કોલસો તત્ત્વતઃ એકરૂપ હોવા છતાં એક મૂલ્યવાન જણાવાથી એના પ્રત્યે આકર્ષણ થાય છે

અને બીજો હીન લાગવાથી એના પ્રત્યે એટલો ભાવ થતો નથી, પ્રત્યુત કાળો ડાઘ લાગવાની બીકે તેનાથી દૂર રહેવાનું મન થાય છે, તેમ જગતની વિધવિધતામાં અધિષ્ઠાનરૂપે એ જ પરમતત્ત્વ રહેલું હોવા છતાંય દૃષ્ટિભેદે માણસને કેટલીક સારી અને કેટલીક ખરાબ, કેટલીક ઊંચી અને કેટલીક નીચી લાગવાથી અંતઃકરણમાં ઉત્પન્ન થયેલ ઉચ્ચનીચ ભાવાનુરૂપ રાગદ્વેષમાં સપડાઈ માણસ સુખદુઃખના ગર્તમાં સપડાઈ અસ્વસ્થ બને છે. તત્ત્વતઃ બધું પરમાત્મમય હોવાથી બધું જ મંગલ, શિવ, સુંદર અને સુખસ્વરૂપ છે. ને એ અભેદઅદ્વૈત દૃષ્ટિનો ઉદય થતાં અહીંતહીં નાચવાનું કે ભટકવાનું રહેતું નથી.



હવે એ પરમતત્ત્વ કે બ્રહ્મ કેવું છે ? શ્રી અવધૂત કહે છે :

સ્ત્રી પુમાન નપુંસક કહાવે,
દેવી દેવ પરબ્રહ્મ;
લિંગ થકી લિંગી જુદો એ,
સચ્ચિદ્રૂપે ઓમ્....

આ શ્રી અવધૂતભાખ્યું બ્રહ્મનું વર્ણન છે. શ્વેતાશ્વતર ઉપનિષદકાર પણ એ જ સૂર કાઢતાં કહે છે :

त्वं स्त्री त्वं पुमानसि त्वं कुमार उत वा कुमारी ।
त्वं जीर्णो दण्डेन वञ्चसि त्वं जातो भवसि विश्वतोमुखः ॥

"તું સ્ત્રી છે. તું પુરુષ છે, તું જ કુમાર યા કુમારી છે અને તું જ વૃદ્ધ બનીને દંડને સહારે ચાલે છે. તું જ પ્રપંચરૂપે ઉત્પન્ન થઈને અનેકરૂપ બની જાય છે."

આપણે જોઈએ છીએ કે સર્જનનાં ત્રણ લિંગ છે. પુલિંગ, સ્ત્રીલિંગ અને નપુંસકલિંગ કે પુરુષ, સ્ત્રી ને ષંઢ. કોઈ એને દેવરૂપે (પુલિંગ) ભજે છે, કોઈ એને દેવીરૂપે (સ્ત્રીલિંગ) કલ્પે છે, કોઈ એને પરબ્રહ્મ (નપુસકલિંગ) કહે છે, પણ વસ્તુતઃ તે તે લિંગે કલ્પેલું પરમતત્ત્વ તો એ ત્રણે લિંગોથી (જાતિ-સ્વરૂપ) પર છે. એને એકે લિંગ નથી. એકે લિંગના ધર્મ એને સ્પર્શ કરી શકતા નથી. એ તો પ્રાણીમાત્રમાં આત્મારૂપે એક સરખો જ રહેલો છે. એ જાતિ અથવા ચિહ્ન તો પ્રાકૃત છે. વ્યવહાર-કાળની ઓળખ અર્થે છે અને તેથી એ પ્રાકૃત ચિન્હોથી પરમતત્ત્વ અલિપ્ત છે. એ જ રીતે દેવદેવીના જે ભેદો પાડવામાં આવ્યા છે તે પણ પ્રાકૃતિક છે અને એ દેવદેવીઓમાં રહેલું પરમતત્ત્વ તો એક જ છે. શ્રી અવધૂતે કહ્યું તેમ

"લિંગ થકી લિંગી જુદો એ."

તેથી દેવદેવીઓનો ભેદ તે તે ઉપાસકની ભાવના પ્રમાણે ઉપાસના પૂરતો જ છે. વસ્તુતઃ એ ભેદ કેવળ નામ, રૂપ અને આકારને અનુલક્ષીને જ પાડવામાં આવેલા છે. વસ્તુતઃ નથી કોઈ દેવ જેવું કે નથી કોઈ



દેવી જેવું. અભેદભાવે તો સર્વત્ર પરમાત્મા જ વ્યાપક છે અને તેની શક્તિ વડે જ સમસ્ત સર્જનનો વ્યવહાર ચાલે છે. એ લિંગથી ભિન્ન લિંગી સત્-ચિત્ અને આનંદ સ્વરૂપ છે અને તેનું વૈદિક પ્રતીક પ્રણવ છે. અને એ પ્રણવમાંથી જ ભાવના-કલ્પનાએ કરી વિભિન્ન દેખાતી દેવદેવીઓની મૂર્તિઓનો ઉદ્ભવ છે.

ત્યારે આ જગત અને આ ભેદવૃત્તિ શું છે ? શા સારુ છે ? તેનો નિર્ણય કરતાં શ્રી અવધૂત કહે છે :

નામરૂપનો સકળ પસારો,
માયાનો દરબાર;
માયી દરબારી ન્યારો છે,
ખેલે અંદર બહાર.

આગળ કહ્યું તેમ નામ, રૂપ અને આકારમય જે દૃશ્ય જગત જણાય છે અને જે અદૃશ્ય છે તે તે સઘળું માયાનું જ કાર્ય છે. માયાનો એ પસારો છે. માયાનો એ પસારો જેને શ્રી અવધૂતે "દરબાર" સંજ્ઞા આપી છે તે માયાનો પતિ તો એ દરબારથી એટલે એ પસારાથી ન્યારો છે. તે પોતે અંદર અને બહાર રહીને આ બધુંય કરાવી રહ્યો છે. કહેવાનું તાત્પર્ય એટલું જ છે કે પરમાત્મા માયાને મોખરે રાખીને એ જગતનો સઘળો વ્યવહાર પોતાની શક્તિ વડે ચલાવી રહ્યો છે.

मायांतु प्रकृतिं विद्यान्मायिनं तु महेश्वरम् ।
तस्यावयवभूतैस्तु व्याप्तं सर्वमिदंजगत् ॥

"પ્રકૃતિને તો માયા જાણવી અને મહેશ્વરને માયાવી. તેના જ અવયવ ભૂતકાર્યકારણસંઘાત વડે આ સંપૂર્ણ જગત વ્યાપ્ત છે." માયાના એ પસારાનું નિમિત્તકારણ તેમ જ ઉપાદાનકારણ પરબ્રહ્મ પોતે જ હોવા છતાં માયાપતિના એ કાર્યથી તે માયાવી અલિપ્ત છે અને સ્વસ્વરૂપસ્થિત છે. અને તેથી

सूर्यो यथा सर्वलोकस्य चक्षु-
र्न लिप्यते चाक्षुषैर्बाह्यदोषैः ।
एकस्तथा सर्वभूतान्तरात्मा
न लिप्यते लोकदुःखेन बाह्यः ॥

"જે પ્રકારે સંપૂર્ણ લોકોના નેત્રરૂપે હોવા છતાં સૂર્ય નેત્ર સંબંધી બાહ્ય દોષોથી લિપ્ત થતો નથી તેમ સંપૂર્ણ પ્રાણીમાત્રનો અંતરાત્મા એક જ હોવા છતાંય સાંસારિક સુખદુઃખાદિ વિકારોથી લેપાતો નથી. પણ તેનાથી બહાર અલિપ્ત રહે છે." એવી સ્થિતિ છે. નભોમંડળમાં અનેક વાદળાંઓ આવે છે અને જાય છે છતાં આકાશને સ્પર્શ કરી શકતાં નથી. અનેક વાર વાયુમંડળમાં ધૂળના ગોટેગોટા ઊડે છે પણ તે આકાશને મલિન કરી શકતા નથી; તેમ માયાનો એ બજાર તેના સાક્ષીરૂપે રહેલા પરમાત્માને

લેપન કરી શકતો નથી. આગળ કહ્યું તેમ જગતનો એ પસારો કેવળ ત્રણ ગુણમાંથી જ ઉત્પન્ન થયેલો છે, છતાંય એ પરમતત્ત્વ એ ગુણોમાં નથી, ગુણોથી પર છે. પરંતુ એ ગુણોનો પરમતત્ત્વમાં માત્ર આરોપ કરવામાં આવે છે. અને તેથી જ એ પરમતત્ત્વ ગુણાતીત છે. ગુણના કાર્યોથી તે નિર્લિપ્ત છે. એ રીતે આ માયાના દરબારનો માયાપતિ અલગ રહીને સૂત્રધાર પેરે એ માયાનો દરબાર ચલાવી રહ્યો છે.



ભા.- ૧

આગળ ચાલતાં શ્રી અવધૂત કહે છે :

આદિ અંતમાં અર્ક બિરાજે,
મધ્યે મૃગજળ તૂત;
દેખી મૃગલાં દોડે અંધા,
જ્ઞાની પરખે ભૂત !

આદિ અને અંત કોનો ? જે જન્મે તેનો. જેનો જન્મ નથી તેનું મૃત્યુ કે અંત પણ નથી અને તેથી પરમતત્ત્વને ''અનાદિમધ્યાન્ત'' કહેવામાં આવ્યું છે. કેવળ પ્રકાશસ્વરૂપે એ પરમતત્ત્વ પ્રકૃતિના પ્રારંભમાં અને પ્રકૃતિના અંતકાળે પ્રકાશે છે. પ્રકૃતિનો પ્રલય થશે પણ પરમતત્ત્વનો પ્રલય થવાનો નથી એ શાસ્ત્રસંમત સિદ્ધાંત છે. પ્રકૃતિ કેવળ મૃગજળ સમાન મિથ્યા છે. એ મૃગજળ સમાન મિથ્યા પ્રકૃતિને દેખીને માનવી મોહવશ આંધળો બનીને તેને પામવાને તેની પાછળ દોડે છે. જેનું અસ્તિત્વ જ નથી તે છે એમ માનીને તેને પ્રાપ્ત કરવા માટે ખરેખર છતી આંખે તેની પાછળ પડનાર અંધ નથી તો બીજું શું છે ? પણ જ્યાં સુધી અજ્ઞાન છે ત્યાં સુધી એ વસ્તુસ્થિતિનું જ્ઞાન થતું નથી. જગત સારરૂપ છે એમ સમજીને જ માનવી પ્રાપંચિક પદાર્થોની પ્રાપ્તિ અર્થે આંધળિયાં કરે છે. જે જ્ઞાની છે તેને એ આદિઅંતમાં સૂર્યસ્વરૂપે એટલે કેવળ પ્રકાશસ્વરૂપે રહેલી પરમશક્તિનું ભાન થાય છે. તેને આ અસાર સંસાર મૃગજળ જેવો અશાશ્વત છે એવું પ્રતીત થાય છે, અને તેથી તે જાગતિક પ્રપંચ પાછળ પોતાનું જીવન વેડફી નાખતો નથી. એ માયાનો બજાર પ્રભુની ઇચ્છા હોય ત્યાં સુધી તે ખેલી લે છે અને પછી તેને સમેટી લે છે. જાગ્રત અવસ્થામાં જેમ સ્વપ્નસૃષ્ટિ વિવર્તરૂપે છે તેમ પ્રબુદ્ધ અવસ્થામાં જગત પણ કેવળ સ્વપ્ન જેવું જ છે. જે આદિમાં નથી અને અંતમાં નથી તે મધ્યમાં પણ નથી એમ સમજવું જોઈએ. અને તેથી મધ્યમાં જણાતા આ સંસારની પાછળ ન પડવાનો અહીં બોધ કરવામાં આવ્યો છે. અને તેથી જ શ્રી અવધૂત અંતમાં કહે છે.

ખેલ સમેટે આપ ખેલાડી,
ખેલે ઇચ્છાસાર;
''રંગ'' નાટકી નટવર ખેલે
નામ રૂપ મોઝાર.



બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ એવી ત્રણ શક્તિઓના એકીકરણરૂપ માયા એટલે ઉત્પત્તિ, સ્થિતિ અને સંહારરૂપ આ સંસારનું સર્જન સંકલ્પમાત્રથી કરીને તેમાં નાનાવિધ નામરૂપે અને આકારરૂપે ભેદબુદ્ધિ ઉત્પન્ન કરીને એ પરમાત્મા જ એ માયાના બજારમાં ખેલ કરી રહ્યો છે. શ્રીહરિ જ્યારે જગતનું સર્જન કરે છે ત્યારે બ્રાહ્મી શક્તિનો આધાર લે છે. જ્યારે તેનું પાલન કરે છે ત્યારે વૈષ્ણવી શક્તિનો આધાર લે છે. જ્યારે તેનો સંહાર કરે છે ત્યારે શૈવી શક્તિનો આધાર લે છે. એ ત્રણ વિભિન્ન શક્તિઓ એક અભિન્ન પરમાત્માની જ શક્તિ છે છતાંય એ શક્તિઓ પોતપોતાનાં મર્યાદિત કાર્ય કરે છે. પણ તેનું સંચાલનસૂત્ર પરમાત્મા છે અને તેથી એ નટશ્રેષ્ઠ નામરૂપના નાટકમાં પોતે જ પોતાની ઇચ્છા અનુસાર નાટક ભજવી અંતે મહાકાળ સ્વરૂપે એ નાટક પોતે જ સમેટી લે છે. કરોળિયાનાં જાળાં જેવી આ વાત છે. કરોળિયો પોતાના શરીરમાંથી જ જાળું બનાવે છે અને પોતાની ઇચ્છાનુસાર તે જાળું પોતે ગળી જાય છે. તેમ શ્રી ભગવાન પણ આ સંસારનું નિમિત્તોપાદાન કારણ બનીને સંસારનું સર્જન કરી અંતે પ્રલયકાળે તેને પોતાનામાં જ સમાવી દે છે.

સમગ્ર ભજનનો સાર એટલો જ છે કે જગતમાં તેત્રીસ કરોડ દેવદેવીઓની ગણના છે તે બધાં જ એક જ પરમતત્ત્વના આધારે તેની શક્તિ વડે શક્તિશાળી છે. દરેકની કાર્યક્ષેત્રની અને અધિકારની મર્યાદા છે. તે ઉપરાંત તેઓ વિશેષ કરી શકતાં નથી. પરમપદ આપવાની સત્તા તો શ્રીહરિએ પોતાના હાથમાં રાખી છે અને તેથી નામ, રૂપ કે આકારનું અવલંબન કરીને ભિન્નભિન્ન આકૃતિઓનાં દેવદેવીઓને જ પરમતત્ત્વ માની પરમપદની આશા સેવવી એ આકાશકુસુમ પ્રાપ્ત કરવાની આશા રાખવા જેવું છે. શ્રી ભગવાને તો સ્પષ્ટ કહ્યું જ છે :

यान्ति देवव्रता देवान् पितॄन्यांति पितृव्रताः ।
भूतानि यान्ति भूतेज्या यान्ति मद्याजिनोऽपिमाम् ॥

"દેવોને ભજનાર દેવને, પિતૃઓને ભજનાર પિતૃઓને, ભૂતોને પૂજનારા ભૂતોને પામે છે પણ મને પૂજનારા મને પામે છે." જે ભગવાનના પરમધામની પ્રાપ્તિ કરે છે તે ત્યાં જઈને પુનરાવૃત્તિનો ભોગ બનતો નથી. નામ, રૂપ અને આકારને મહત્ત્વ ન આપતાં આપણે તેમાં રહેલા તત્ત્વને જ મહત્ત્વ આપીને પરમતત્ત્વની પ્રાપ્તિ કરી શકીએ. અહીં દેવદેવીઓનો દ્વેષ કરવાનો હેતુ નથી પણ જે આકારને ભજીએ તે આકારને સંકુચિત દૃષ્ટિએ નહીં ભજતાં તેમાં પણ પરમતત્ત્વનું જ લક્ષ્ય રાખીએ તો હેતુ સિદ્ધ કરી શકાય છે. અને તેથી જ ઉપનિષદ્‌કારે કહ્યું :

एको वशी सर्वभूतान्तरात्मा
एकं रुपं बहुधा यः करोति ।


तमात्मस्थं येऽनुपश्यंति धीरा
स्तेषां सुखं शाश्वतं नेतरेषाम् ॥

"જે એક સર્વને પોતાને આધીન રાખનાર અને સંપૂર્ણ ભૂતોનો અંતરાત્મા છે, પોતાના એક જ રૂપને અનેક પ્રકારનાં કરી લે છે તેવા બુદ્ધિસ્થિત આત્મદેવને જે ધીરપુરુષો જુએ છે તેને નિત્ય સુખની પ્રાપ્તિ થાય છે, બીજાને નહીં."

વસ્તુમાત્રનો તાત્ત્વિક દૃષ્ટિએ સાર શોધવાનો એટલે દેખાતા અનેકવિધ ભેદોમાં અભેદને પિછાનવાનો જ અહીં બોધ છે.



ભા.- ૧





ભા.- ૧

બોલ રહી કોકિલ કાનનમેં! ધૃ.
કયા, જાને વો કયોં અસ બોલે! સૂનત બિરહી તનરા જાલે!
નીંદ નહિ કભુકી નૈનનમેં!–બૌલ. (૧)
તૂ....હું તૂ....હું શબ્દ સુનાવે, આપ પરાયો ભેદ મિટાવે;
ઝૂલ રહી આતમ–ઝૂલનમેં!–બોલ. (૨)
ચારોં પર પંચમ સૂર છેરા, બુઝે કોઈ બિરલા ચેરા;
ભૂલત કયોં કાગન બાતનમેં?–બોલ. (૩)
બીતા બસંતા બરખા આઈ, ઠૌર ઠૌર મેંડક દિખ પાઈ;
'રંગ' મૌજ માને મૌનનમેં!–બોલ. (૪)

●

કોયલનો ટહુકાર.

"બોલ રહી કોકિલ કાનનમેં..."

કોયલ વનવગડે ટહુકી રહી છે. કવિને કોયલના એ કૂજનમાં રસ છે. કવિ એટલે નિસર્ગને નૈસર્ગિક સ્વરૂપમાં નિહાળનાર. નિસર્ગમાં એને જ્યાં ત્યાં કાવ્ય જ જણાય. ભક્તોને કોયલના એ ટહુકારમાં આનંદનો અનુભવ આવે. ભક્ત જ્યાં ત્યાં આનંદપિપાસુ જ હોય છે. ભક્તનું હૃદય જ આનંદભાજન છે અને તેથી જળમાં, થળમાં, વનવગડામાં, પશુપંખીમાં– જ્યાં જુએ ત્યાં તેને પ્રભુની પ્રભુતા અને એ પ્રભુતામાં પ્રભુ જ જણાય છે. કોકિલામાં પણ પ્રભુભાવે પરમાનંદ માણતો એ ભક્ત પણ પરમાનંદમાં ભાન ભૂલે છે. કવિના અને ભક્તના એ કોકિલના કૂજનમાં અર્થભેદ છે. ભાવફેર છે. કવિને એ ટહુકામાં શૃંગારયુક્ત વિરહનો ભાવ જણાય છે. પતિવિરહી પ્રિયાને ત્યાં અગ્નિજ્વાળાસમી જ્વાળાનો ઉગ્ર ભાવ જણાય, જ્યારે ભક્તને એ ટહુકારમાં આત્મૈક્યતાનું માધુર્ય માણવાનું મળે. એમ જેના હૈયે જેવો ભાવ તેવી તેને એ ટહુકારમાં અનુભવની પ્રતીતિ થાય. અહીં શ્રી અવધૂતે કોયલના એ ટહુકારમાં ભક્તહૃદયને થતી અનુભૂતિનું દર્શન કરાવ્યું છે. શ્રી અવધૂત કવિ તો છે જ પણ ભક્ત પ્રથમ અને પછી કવિ. એટલે એને ભક્તહૃદયનો ભાવ આગળ પડતો જણાય એ સ્વાભાવિક છે. શ્રી અવધૂત કહે છે :

"બોલ રહી કોકિલ કાનનમેં"

કોકિલ કાનનમાં જ બોલે. સ્વચ્છંદે વનમાં વિહાર કરતી, ઝાડેઝાડે ઊડતી, ડાળેડાળે બેસતી, અને નિસર્ગની સાથે ઐક્ય સાધીને આનંદમાં ડોલતી એ કોયલનો ટહુકો જ શ્રોતાને આકર્ષે. આમ્રવૃક્ષ હોય, મંજરીથી મહેંકતાં નવપલ્લવ એ વૃક્ષની ડાળે હોય, મંદ મંદ વાયુ વાતો હોય ત્યારે

એ કોયલ ટહુકો કરે. એ ટહુકો કોયલના પ્રફુલ્લ ચિત્તનું એંધાણ છે. નિરંકુશપણે આનંદમગ્ન બની વનવગડામાં કોયલ ટહુકો કરે ત્યારે શ્રોતાના મનને પણ પ્રફુલ્લ બનાવે એમાં નવાઈ નથી. કોયલ ટહુકો કરે છે એમ કહેવું તેનાં કરતાં કોયલથી ટહુકો થઈ જાય એમ કહેવું વધારે સુસંગત છે. આપણે એક કામ કરીએ તેમાં મમત્વ છે અને અહંતા છે. જ્યારે અનાયાસ જ આપણાથી એક કામ થઈ જાય છે ત્યારે તેમાં અહંતા અને મમતાનો અભાવ છે. આપણે ઈરાદાપૂર્વક કરેલા કામના પરિણામની આશા સેવીએ છીએ. જ્યારે અનાયાસ થયેલા કામના પરિણામની આશા આપણે સેવતા નથી. અને તેથી ''કરેલા કામમાં'' અને ''થયેલા કામમાં'' મહત્ત્વનો ભેદ છે. કરેલા કામથી પરિણામ પ્રમાણે સુખદુઃખનો અનુભવ થાય છે. થયેલા કામથી એવા સુખદુઃખનો અનુભવ થવાનો સંભવ નથી. અને તેથી જ શ્રી અવધૂતે કહ્યું :

''કયા જાને વો ક્યોં અસ બોલે.''

કોયલ કાનનમાં ટહુકો કેમ કરે છે તે એ જાણતી નથી. ગ્રીષ્મમાં એવો ટહુકો કરવો એ કોયલનો સહજ ધર્મ છે અને તેથી તેનાથી એ ટહુકો થઈ જ જાય છે. એ ટહુકા જો અવસર આવે ન કરે અથવા ન થાય તો એ કોયલ નહીં. જેમ આનંદનો અતિરેક થાય ત્યારે હાસ્ય, રુદન આદિ ભાવો જાગ્રત થાય છે એ સ્વાભાવિક છે. તેમ અહીં પણ આનંદમય નિસર્ગમાં નિઃશંકપણે મહાલતી નિરંકુશ કોયલના અંતરના આનંદનું એ ટહુકો એક પ્રતીક છે. એ ટહુકાની પાછળ કોયલનો કશો જ આશય રહેતો નથી. કેવળ પોતાનો આનંદ સ્વભાવિક રીતે જ વ્યકત થાય છે. એ ટહુકો કરવામાં કોયલને ક્યાં પ્રયાસ કરવો પડે છે? એ ટહુકો કાંઈ બારે માસ થતો નથી. પણ એવી કોક આનંદની પળે જ એ કોયલ ટહુકે છે. ભલે સોનાના પણ પિંજરમાં પુરાયેલી કોયલ પરાણે ટહુકો કરે છે. પણ એ ટહુકો એટલો આનંદદાતા બનતો નથી. ટહુકો પણ તે જ છે, કોયલ પણ તે જ છે, પણ માત્ર પરિસ્થિતિના ભેદનો એ પ્રભાવ છે. હશે! ગમે તે રીતે પણ આનંદની પળોમાં ટહુકો કરતી કોયલના એ ટહુકામાં અનેરો ભાવ ભરેલો છે. એ ભાવનો આનંદ કોયલ માણતી હશે કે કેમ તે તો તે જાણે, પણ સાંભળનારને શું અનુભવ થાય છે તે શ્રી અવધૂત હવે ગાય છે.

''સૂનત બિરહી તનરા જાલે...''
નીંદ નહિ કભુકી નૈનનમેં...''

સંસાર સુષુપ્ત અવસ્થામાં શાંત છે, નિસર્ગની નીરવતાને પડકાર કરનાર કોઈ માનવી નથી ત્યારે મધરાતે એકમાત્ર કોયલ એ નીરવતાનો ભંગ કરીને ટહુકે છે. એના એ ટહુકા નિસર્ગની નીરવતાને ભેદીને વાયુમંડળમાં વિસ્તાર પામી પા'ડ અને પર્વતોની ખીણમાં જઈ પડઘા પાડે છે. કોક બિચારી વિરહની વેદનાએ વ્યથિત થતી, જેમ જળ વિના માછલી



તરફડે તેમ સેજ બિછાવી તરફડતી નાર એ ટહુકો સાંભળે છે. ''અરે અભાગણી! ક્યાં ટહુકી તું આ વેળા? અને ટહુકીને શા સારુ મુજ વિરહિણીને બાળી રહી છે?'' એવું એ બોલી જાય છે. એની આંખોમાં નિદ્રા નથી. અંતરમાં શાંતિ નથી. પળપળ પતિને જ સંભારતી એ વિરહી નારને જેમ અગ્નિની જવાળા દાહક લાગે, તેમ એ ટહુકો જાણે પ્રજાળતો હોય એવો અનુભવ થાય છે. એવા વિરહનો અને વિરહાગ્નિનો જેને અનુભવ હોય તે એ વાત વધારે જાણે. પણ એ મંજુલ રવના શ્રવણથી વિરહીને દાહ થાય છે. પણ એ વિરહી કોણ? જેને વિરહની વેદના હોય તે. વિરહની વેદનાનો જેને અનુભવ થયો હોય તે. પ્રિયતમના અભાવે જેને સદાય ચેન ન હોય તે. કવિની કલ્પનામાં પતિવિરહી પ્રમદા. ભક્તની કલ્પનામાં પ્રભુવિરહમાં ઘેલો બનેલો ભક્ત. શ્રી અવધૂતનું

''સૂનત બિરહી તનરા જાલે''

એ વાક્ય ઉભય રીતે વિચારી શકાય એવું છે. અને તેથી પ્રભુદર્શન માટે તલસતા ભક્તનો પણ થોડો વિચાર કરીએ. એના અંતરમાં કોયલનો એ ટહુકો શી અસર કરે છે તે પણ જોઈએ.

આગળ કહ્યું તેમ કવિ અને ભક્તની દૃષ્ટિમાં ભેદ. કવિ અને ભક્તને જગતમાં કાવ્ય જણાય પણ એ ઉભયના કાવ્યમાં દૃષ્ટિ અને અર્થનો ભેદ રહે. શ્રી અવધૂતભાખી વિરહી તે ભક્તહૃદય. શ્રી કૃષ્ણ વ્રજ છોડીને મથુરા ગયા પછીનો વ્રજગોપીનો વિરહ તે જ સાચો વિરહ. જે વિરહમાં શરીરની સૂધબૂધ ના રહે, જે વિરહમાં દેહના ધર્મ વીસરાય અને કેવળ પ્રિયતમ સિવાયનું સર્વ શૂન્ય જણાય તે સાચો વિરહ. જ્યારે શ્રીકૃષ્ણના મોકલ્યા શ્રી ઉદ્ધવ મથુરાથી વ્રજગોપીની એ દશા જોવા ગયા, ત્યારની ગોપીની અવસ્થાનું ઉદ્ધવભાખ્યું વર્ણન ખરેખર વિરહ અને વિરહવેદનાનો સચોટ ખ્યાલ આપે છે. અને ત્યારે જ ઉદ્ધવ પણ વ્રજના તૃણ થઈને એ વિરહવ્યથા અનુભવવામાં પોતાની કૃતાર્થતા માને છે. એવી જે વિરહી હોય તે જ આવા કોયલના ટહુકાથી પ્રજળે. એ વિરહીને આંખોમાં ઊંઘ નથી, ભૂખ કે તરસ નથી, શરીરના સુખની સ્પૃહા નથી. ચિંતન કેવળ પ્રિયતમનું જ થાય અને તેના વિનાનું બધું જ અસત્ય જણાય એ જ સાચો વિરહ છે. અને એવા વિરહીને જ એ કોયલનો ટહુકો પણ અગ્નિની જવાળા સમો જણાય. આંખોમાં જ્યારે ઊંઘ ન હોય અને તેવે સમે રાત્રિની નીરવતાનો ભંગ કરતો કોયલનો એકાદ પણ ટહુકો કાને અથડાય ત્યારે સાચા વિરહીને પ્રિયતમનું સ્મરણ તાજું થાય. અને વિરહનો અગ્નિ જાણે પ્રત્યેક પળે ભસ્મ કરતો હોય એવો અનુભવ થાય. અહીં શ્રી અવધૂતે આ પંક્તિઓ એ જ ભાવે આલેખી છે. ખરા ભક્તની પણ એક વિરહી નાર જેવી જ અવસ્થા છે. જ્યારે જીવન સર્વસ્વ પ્રભુને અર્પણ કરીને ભક્ત પ્રભુદર્શનની લાલસા સેવતો હોય, પ્રભુદર્શન ન થતાં હોય, ક્યારે

થશે તે પણ જણાતું ન હોય ત્યારે ભક્તની અંતરની સંવેદના પણ એ વિરહી નારની અંતરવેદના જેવી જ હોય છે. શરીરના સ્થૂળ પ્રેમને નામે પોષતા પાશવ પરિચય સાથે કોયલના ટહુકાને કશો જ સંબંધ નથી. સ્થૂળ પ્રેમ તો કેવળ શરીરનો પ્રેમ–મોહ છે. અને તેથી તેવા શરીર–પ્રેમીઓને એ વિરહ વેધતો નથી. જે પ્રેમમાં વિનિમય નથી, જે પ્રેમમાં દેહસુખનો કે બીજો કોઈ સ્વાર્થ નથી, જે પ્રેમમાં પાશવતાનો અંશ પણ નથી, પણ જે પ્રેમ કેવળ પ્રેમને અર્થે જ છે; પ્રિયતમના સુખે જ સુખી થવાની જે પ્રેમમાં ભાવના છે, તે જ પ્રેમમાં સાચો વિરહ છે. અને તેવા વ્રજગોપી જેવા પ્રેમવિરહીને જ એ કોયલનો ટહુકો સાલે. એ પ્રેમ સ્ત્રી–પુરુષનો પ્રેમ નહીં. એ પ્રેમ ભક્ત અને ભગવાનનો–જીવ અને શિવનો. અસ્તુ.



શ્રી અવધૂતે એ ટહુકામાં શું સાંભળ્યું? શું અનુભવ્યું?

"તૂ...હું તૂ...હું શબ્દ સુનાવે
આપ પરાયો ભેદ મિટાવે"

સ્થૂળ દૃષ્ટિએ વિચાર કરીએ તો જગત એટલે અહંતા અને મમતાનું પ્રતીક. અહંતામાં "હું અને મારું." મમતામાં "તું અને તારું." આમ હું અને તુંનો ભેદ ભલે માયિક હોય પણ જગતનું એ એક સનાતન યુગલ છે; અને તેમાંથી જો એ અહંતા અને મમતાનું વિર્સજન થાય તો એ જ તું...હું"માં જગતનું નિર્વાણ છે. એ ટહુકામાં શ્રી અવધૂતે "सोऽहम् हंसः!"નો નાદ શ્રવણ કર્યો. "તૂ...હું તૂ...હું" એટલે "તું અને હું"નો જે માયિક ભેદ છે તે એ નાદમાંથી તરી આવતો હોવાથી તું અને હું નો ભેદ ટાળનાર એ નાદમાં શ્રી અવધૂતને જીવ અને બ્રહ્મની એકતા સંભળાઈ. કોયલ બિચારી શું જાણે જીવ શું અને બ્રહ્મ શું? અને તેની એકતા શી? પણ શ્રવણ કરનાર ભક્તહૃદયનેજ એ નાદમાં જીવબ્રહ્મની એકતાનો અનુભવ થાય. અખંડિત બ્રહ્મભાવભાવિત હોય એ જ સાચું ભક્તહૃદય છે. અને તેથી તેને પ્રકૃતિના અણુપરમાણુમાં પરમતત્ત્વનાં જ દર્શન થાય છે. તેની વૃત્તિમાં પણ એ જ ભાવ રહે છે. જેમ કમળાવાળી આંખોએ જોનાર દૃશ્યમાત્રને પીળું જુએ છે, તેમ સાચું ભક્તહૃદય દૃશ્યમાત્રને પ્રભુનું જ સ્વરૂપ જુએ છે. નાદમાત્રને પ્રભુનો જ નાદ સમજી શ્રવણ કરે છે અને તેથી તેને મન માયિક ભેદ રહેતો નથી. જ્યારે કોયલના ટહુકામાં ભક્તહૃદયને આ ભાવનાનો અનુભવ થાય છે ત્યારે પોતાનો અને પારકાનો દ્વૈતભાવ એટલે "अहं मम" અને "त्वं तव"નો અંતરમાં રહેલો ભાવ ટળી જાય છે. અદ્વૈતભાવે–બ્રહ્મભાવે જ જોતો થાય એવા એ ટહુકામાંથી શ્રી અવધૂતનું અદ્વૈતભાન સચેત થયું. જગત અને બ્રહ્મની વચ્ચે માયાનો પડદો છે. લગ્ન પ્રસંગે પતિપત્ની વચ્ચે અંતરપટ રાખવાનો રિવાજ છે. અંતરપટને ઓથે પત્ની છે એમ પતિ જાણે છે. અંતરપટને ઓથે પતિ છે એમ પત્ની જાણે છે. જ્યારે અંતરપટ ખેંચી લેવાય છે

ત્યારે જ પરસ્પર ઉભયને જોઈ લે તેમ જીવ અને બ્રહ્મની વચ્ચે રહેલો અજ્ઞાનરૂપી માયાનો પડદો જ્યારે ખસી જાય છે ત્યારે જીવ અને બ્રહ્મ એક–બીજાને જોઈને એકરૂપ બની જાય છે. અને ત્યારે ''મારું'' અને ''તારું'' એવો જે માયિક ભાવ છે તે પણ સરી જાય છે. અને તેથી અહીં કોયલના એ ''તૂ...હું'' નાદમાં હું અને તું નો ભેદ ટળી ગયાનું અને પરિણામે ''તું અને હું'' એકરૂપ બની ગયાનું શ્રી અવધૂત સૂચવે છે. પારકું અને પોતીકું એવો ભેદ જતો રહેતાં કેવળ પરમાત્મા, જે ''તું'' પણ નથી અને ''હું'' પણ નથી અને અભેદભાવે જોઈએ તો 'તું' પણ તે જ છે એવું ભાન થાય છે. આમ ''હું'' ''તું'' અને ''તે'' નો પરસ્પર લય થઈ જાય ત્યારે તત્ત્વદર્શન થાય. અને તેથી જ શ્રી અવધૂતે ''આતમઝૂલા'' પર ઝૂલવાની વાતનો ઉલ્લેખ કર્યો છે. જેમાં 'હું અને તું'' નથી તે જ પરમતત્ત્વ. ''હું અને તું'' જેમાં છે તે માયા. માયા મિથ્યા છે અને પરમતત્ત્વ શાશ્વત છે. અસ્તુ.

હવે આપણે શ્રી અવધૂતભાખ્યા ''આતમઝૂલા''નો થોડો વિચાર કરીને આતમઝૂલા પર ઝૂલીશું.

કોયલ તું હું તું હુંનો ટહુકો કરતી આતમઝૂલા પર ઝૂલી રહી છે એમ શ્રી અવધૂત કહે છે.

કોયલ કાળી છે, ખરુંને? અને માયા? એ પણ કાળી છે, કારણ કે અજ્ઞાન અને અંધકારનો રંગ એકસરખો જ છે. છતાંય એ અંધકારરૂપ માયા પ્રકાશે છે પરમાત્માનાં તેજોમય પ્રકાશ વડે. એ માયા શક્તિશાળી છે એ પરમ તેજોમય પરમાત્માની શક્તિ વડે. એ માયા જગતને નચાવે છે આત્માના જોર ઉપર. અને તે જ આતમઝૂલા ઉપર માયા ઝૂલી રહી છે.

શ્રી અવધૂતે કહ્યું :

ઝૂલ રહી આતમ–ઝૂલનમેં!

જેમ માયા આતમઝૂલા પર ઝૂલે છે તેમ કોયલ પણ આંબાની ડાળે આનંદમગ્ન ઝૂલી રહી છે. આત્માના આધાર વિના માયા ક્યાં ઝૂલે? આંબાની ડાળના આધાર વિના કોયલ ક્યાં ઝૂલે? આંબાની ડાળ તૂટે તો કોયલનાં ઝૂલણાં છૂટે. આત્માનો આધાર છૂટે તો માયાનાં ઝૂલણાં તૂટે. અને ''તું હું'' નો ભેદ ટળે તો એ માયાના ઝૂલા પણ ન રહે અને ઝૂલવાનો આનંદ પણ ન રહે. અને તેથી શ્રી અવધૂતે

''આપ પરાયો ભેદ મિટાવે''

એવું કહીને કોયલના ''તૂ...હું...'' નાદે દ્વૈતનું નિરસન કરીને અદ્વૈતનું ભાન કરાવ્યું છે.

આગળ ચાલતાં શ્રી અવધૂતે કહ્યું :

ચારોં પર પંચમ સૂર છેરા, બુઝે કોઈ બિરલા ચેરા;''

સંગીતવિશારદો કોયલના એ ટહુકાને ''પંચમ'' સ્વર તરીકે પિછાને

છે. સંગીતશાસ્ત્રમાં ષડ્જ, ઋષભ, ગંધાર, મધ્યમ, પંચમ, ધૈવત, નિષાદ, એવા સાત સૂર છે. તેમાંના ચાર છોડીને પંચમ સ્વરનો નાદ કોયલે કર્યો. પંચમ કેમ? સ્વાભાવિક ષડ્જથી આરંભ કરીએ તો એ ષડ્જનો જે ''પંચમ'' આવે તે કોયલનો સ્વાભાવિક સૂર છે. એવું સંગીતશાસ્ત્રીઓએ અનુભવે સિદ્ધ કર્યું છે. પણ સા, રી, ગ, મ એ ચાર સ્વરોને વિતાવ્યા વિના પંચમ સ્વરને પહોંચી શકાતું નથી.

''શબ્દ'' આકાશનો ગુણ છે પણ તે અશ્રાવ્ય છે. એ જ શબ્દને નાદ, વાણી વગેરે સંકેતથી આપણે ઓળખીએ છીએ. શરીરમાં ''નાભિચક્ર'' છે. શાસ્ત્રો તેને ''મૂળાધાર'' કહે છે. તેમાં જ્યારે એ નાદનો અનુભવ થાય છે ત્યારે તેને ''પરા'' સંજ્ઞા અપાય છે. પછી એ નાદ ઉપર ચઢતાં જેમજેમ સ્થૂળતા પામતો જાય છે તેમતેમ ''પશ્યંતી,'' ''મધ્યમા'' અને ''વૈખરી''ના નામે ઓળખાય છે. જે નાદ શ્રાવ્ય છે તેને આપણે ''વૈખરી'' એવી સંજ્ઞા આપી છે. અહીં શ્રી અવધૂત

''ચારોં પર પંચમ સૂર છેરા''

એમ કહીને જે સૂરની વાત કરે છે તે આ પરા, પશ્યંતી, મધ્યમા અને વૈખરી સિવાયના આકાશના મૂળસ્વરૂપે રહેલા ''શબ્દ'' ગુણને લક્ષ્ય કરીને કરે છે. શ્રી ભગવાને ''शब्दः खे'' એવું કહીને જે નાદ પોતાનું સ્વરૂપ છે એમ કહ્યું છે તે જ એ કોયલનો ''પંચમ'' છે.

પરા, પશ્યંતી, મધ્યમા અને વૈખરી, એ ચારે વાણીને પાર કર્યા વિના એ પરમતત્ત્વનો ''શબ્દ'' શ્રવણ કરી શકાતો નથી. જ્યાં સુધી વૈખરીથી પ્રારંભી મધ્યમા, પશ્યંતી અને પરાવાણીનું ક્ષેત્ર છે ત્યાં સુધી એ મૂળનાદ–શબ્દ શ્રવણ કરી શકાતો નથી. કારણ કે જેમ પરા, પશ્યંતી મધ્યમા અને વૈખરી ઇન્દ્રિયગોચર છે તેમ એ ''પંચમ'' સ્વર ઇન્દ્રિયગોચર નથી, એટલું જ નહીં પણ વાણીનો એ વિષય જ નથી. સૂક્ષ્માતિસૂક્ષ્મ વાણી તે ''પરા'' વાણી છે અને તેને પેલે પાર એ પરબ્રહ્મ–નાદબ્રહ્મનો નિવાસ છે. કોયલના એ પંચમમાં શ્રી અવધૂતને નાદબ્રહ્મનો અનુભવ થાય એ સ્વાભાવિક છે, કારણ કે એ નાદબ્રહ્મના શ્રવણથી જ

''આપ પરાયા ભેદ મિટાવે''

એ તત્ત્વનો અર્થ કળી શકાય અને ત્યારે જ આત્માનું ભાન થાય છે.

''यतो वाचो निवर्तंते''

જ્યાં વાણી થંભી જાય છે, પાછી વળે છે, ત્યાં મૌનનું ક્ષેત્ર શરૂ થાય છે. જ્યાં મૌન છે, ત્યાં જ એ અશ્રાવ્ય નાદબ્રહ્મનો પ્રાદુર્ભાવ છે. અંને તેથી એ પંચમ સ્વરમાં ચારે વાણીની પૂર્ણાહુતિ પછીનો જે સ્વર–મૌન–તે પરમનાદનું શ્રી અવધૂતને જ્ઞાન થયું છે. એ મૌનમાં રહેલા નાદબ્રહ્મ–પરમનાદનો બધાયને અનુભવ થતો નથી અને તે સુલભ પણ નથી. સદ્‌ગુરુનો કોક વિરલ ચેલો જ એ નાદબ્રહ્મને અનુભવી

શકે છે. એવો વિરલ ચેલો તો લાખ કરોડે કોક જ મળી આવે અને તે જ સદ્‌ગુરુકૃપાકટાક્ષે એ મૌનમાં સમાયેલા નાદબ્રહ્મને પ્રિછી તન્મય બની જાય.



ભા.- ૧

એવો વિરલ ચેલો કોણ હોઈ શકે? શાસ્ત્રોએ આત્માના ચાર પાદ કહ્યા છે. એ આત્મા તો એક જ છે પણ ભિન્ન ભિન્ન ક્રિયાઓમાં એ ચૈતન્ય રેડે છે, એટલે એ ચતુષ્પાદ કિંવા ચતુર્ધાવિભક્ત કહેવાય છે.

બ્રહ્મના એ ચતુષ્પાદત્વ સંબંધે માંડૂક્યોપનિષદમાં વિશદ વર્ણન છે.

सर्वंह्येतद् ब्रह्मायमात्मा ब्रह्म सोऽयमात्मा चतुष्पात्॥

''આ સર્વ બ્રહ્મ છે. આ આત્મા જ બ્રહ્મ છે. તે એ આત્મા ચાર પાદવાળો છે.

પ્રથમ જાગ્રત અવસ્થા. તેમાં એ આત્મા ''વિશ્વ'' સંજ્ઞા પ્રાપ્ત કરીને શરીરની જાગ્રત અવસ્થાની ક્રિયાઓમાં પ્રાણ પૂરે છે. બીજી સ્વપ્નાવસ્થા. એમાં એ ''તૈજસ'' સંજ્ઞા પ્રાપ્ત કરીને જ્યારે તમામ ઈન્દ્રિયો નિશ્ચેષ્ટ બની જાય છે ત્યારે કેવળ મનને ચેતના આપીને મનની માનસિક ક્રિયાઓમાં પ્રાણ પૂરે છે. ત્રીજી ''સુષુપ્તિ.''એ અવસ્થામાં શરીર, શરીરની સર્વ ઇન્દ્રિયો અને મન નિશ્ચેષ્ટ અને નિષ્ક્રિય બની જાય છે ત્યારે આત્મા ''પ્રાજ્ઞ'' સંજ્ઞા પ્રાપ્ત કરીને શરીરને ટકાવી રાખે છે અને શરીરમાં પ્રાણનક્રિયા કરવામાં આધારભૂત બને છે. ચોથી ''તુરીય'' અવસ્થા. જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિરહિત એ અવસ્થા છે. એ અવસ્થામાં આત્મતત્ત્વ કેવળ પરમતત્ત્વ સાથેના અનુસંધાનમાં જ રહી શરીરને જીવિત રાખે છે. એ અવસ્થામાં શરીરની કોઈ પણ ક્રિયા સાથે આત્માને સંબંધ રહેતો નથી. એવી ''તુરીય'' અવસ્થા પછીની જે ''તુરીયાતીત'' અવસ્થા છે તે પાંચમી અવસ્થા છે. જ્યારે સાધક આ ચારે અવસ્થાને પાર કરીને તુરીયાતીત અવસ્થામાં રહે છે ત્યારે તેને ધર્મ, અર્થ, કામ અને મોક્ષની પણ ઈહા રહેતી નથી. જે ઈહામાત્રથી પર બન્યા છે તેને જ એ મૌનમાં રહેલા ''પંચમ'' સ્વર-નાદબ્રહ્મનો અનુભવ થાય છે. જ્યાં સુધી ચાર અવસ્થામાં સાધક ભટકે છે ત્યાં સુધી અને ચાર પદાર્થો પૈકીના મોક્ષની પણ સાધકને ઈહા રહે છે ત્યાં સુધી એ મૌનમાં રહેલા પરમાનંદનું ભાન પણ સાધકને થતું નથી. કોયલના પંચમ સ્વરનો અર્થ આવો માર્મિક છે. અને તે ક્યારે સંભળાય છે? શ્રી અવધૂત કહે છે :

''ભૂલત કયોં કાગન બાતનમેં.''

કોયલનો સ્વર બધાને પ્રિય કેમ લાગે છે? કાગડાનો સ્વર બધાને કર્કશ કેમ લાગે છે ? કોયલ પણ કાળી અને કાગ પણ કાળો. છતાંય એ ભેદદૃષ્ટિ કેમ? કોયલ ટહુકે અવસરે. કાગડો કાકા કરે બારે માસ અને વખતબેવખત. કોયલ ટહુકે ગ્રીષ્મમાં અને વસંતમાં. કાગડો કાકા કરે શિયાળે, ઉનાળે, ચોમાસે. અવસરે થયેલો ટહુકો જ પ્રિય લાગે છે.

અવસર વિનાનો ''કાકા'' અપ્રિય લાગે છે. અહીં શ્રી અવધૂતે

''કાગન બાતનમેં''

શબ્દો વાપરીને પુસ્તકિયા જ્ઞાનીઓના લવારાબકારા તરફ આપણું લક્ષ ખેંચ્યું છે. જે વસ્તુ કેવળ અનુભવગમ્ય છે તેને માટે સમજ્યા વિના કે અનુભવ કર્યા વિના વિદ્વત્તાભરી વાતો કરી વાણી વિલાસ કરવો એ અજુગતું છે. કાગડાના ''કાકા'' શબ્દ જેવું છે. અને તેથી કેવળ એવાં પુસ્તકો વાંચીને એ ''પંચમસ્વર'' શ્રવણ કરવાની લાલસા સેવતા આત્મદર્શનને પંથે જતા સાધકને શ્રી અવધૂત



ભા.- ૧

''ભૂલત કયોં?''

કહીને ચેતવણી આપે છે. શાસ્ત્રોની એ વાતો અને અનુભવ વિનાના પોથીપંડિતોની વાતોમાં રસ નહીં લેતાં કોક અનુભવી સદ્‌ગુરુને શરણે જઈ એ પંચમ નાદબ્રહ્મનો અનુભવ લેવાની શ્રી અવધૂતે અહીં ગર્ભિત સૂચના આપી છે.

આગળ ચાલતાં શ્રી અવધૂત કહે છે :

''બીતા બસંતા બરખા આઈ,
ઠૌર ઠૌર મેંડક દિખ પાઈ;
રંગ મૌજ માને મૌનનમેં!''

આગળ શ્રી અવધૂત કહ્યું :

''ભૂલત કયોં કાગન બાતનમેં.''

તેના જ અનુસંધાનમાં આ પંક્તિઓ શ્રી અવધૂતે ઉચ્ચારી છે. કોયલ તો વસંતમાં બોલે અને ગ્રીષ્મમાં પણ બોલે. પછી તો એનો એ મીઠડો ટહુકો સાંભળવાનોય ન મળે. પછી તો કાગડાનું ''કાકા'' સાંભળવાનું જ મળે. અને તેથી વસંત અને ગ્રીષ્મના વીત્યા પછી શું પરિણામ આવે?

વર્ષની છ ઋતુઓમાં વસંત સર્વશ્રેષ્ઠ છે. નિસર્ગ સર્વાંગપ્રફુલ્લ બનીને જ્યાં ત્યાં કેવળ આનંદનો જ સાગર રેલાવે છે. એવી સર્વાંગસુંદર નવયૌવન વાસંતિકનિસર્ગમાંથી જ સાધક સારી પ્રેરણા પ્રાપ્ત કરીને પોતાની સાધનામાં આગળ વધે છે. જીવનનો યૌવનકાળ પણ એ વસંતના જેવો જ છે. શરીરનો જ્યારે સંપૂર્ણ વિકાસ થયો હોય, શરીરમાં જ્યારે જોમ પણ હોય, વૃત્તિઓ પણ જ્યારે નિરંકુશ અશ્વો પ્રમાણે જ્યાં ત્યાં દોડતી હોય, વિષયોપભોગ માણવા જ્યારે વિપુલ સામગ્રીઓ હોય, વસંતના જેવો જ જીવનમાં પણ ઉલ્લાસ ભર્યો હોય ત્યારે, જેમ વિષયો ભોગવવાનું સુગમ બને છે તેમ પરમતત્ત્વની પ્રાપ્તિ અર્થે પુરુષાર્થ કરવાનું પણ ત્યારે જ સુગમ બને છે. બાલ્યાવસ્થામાં કે વૃદ્ધાવસ્થામાં એ વિકટ પુરુષાર્થ સુલભ નથી. અને તેથી જ આત્મદર્શનની અભિલાષાવાળા સાધકે જીવનનો વસંત સમો યૌવનકાળ જ સાધના અર્થે નિર્માણ કરી શ્રી અવધૂતભાખ્યા કોયલના એ ''પંચમ'' સ્વરને અનુભવ દ્વારા શ્રવણ કરવાને, એટલે ચારે

વાણીને પેલે પાર રહેલા એ અશ્રાવ્ય પરમ નાદનો અનુભવ કરવાને કટીબદ્ધ થવું જોઈએ. વસંત વીત્યા પછી વર્ષાઋતુમાં તો જ્યાં ત્યાં દેડકાઓ નજરે પડે છે અને તે ''ડરાઉં ડરાઉં''ના કર્કશ શબ્દો કરી વસંતના ન ભુલાય એવા શાંતિમય વાતાવરણમાં ભંગ પાડે છે. કોયલના પંચમની આરાધનામાં વિક્ષેપરૂપ બની જાય છે. વસંત અને કોયલ જેમ અભિન્ન હોવા છતાંય ભિન્ન છે, તેમ જીવન અને બ્રહ્મ પણ પરસ્પર અભિન્ન હોવા છતાંય ભિન્ન ભાસે છે. એ ભિન્નતાનો ભેદ તો વસંતમાં કોયલનો પંચમ શ્રવણ કરીને ટાળવાનો રહ્યો. બાકી તો ચોમાસાનાં દેડકાં જેવા ઠેકઠેકાણે જણાતા પોથીપંડિતોની વાતમાં કાંઈ સાર નથી. જે તર્યો નથી તે બીજાને તારી શકતો નથી. જે દેખતો નથી તે અંધને દોરવી શકતો નથી. શ્રી અવધૂત કહે છે કે જ્યારે એવા દેડકાઓનો ઉપદ્રવ વધી પડ્યો હોય ત્યારે સૌથી સુલભ સાધન મૌન સેવવું એ જ છે. કાન ઉઘાડા રાખવા પણ વાણીનું મૌન રાખવું એટલું જ એ દેડકાઓનાં કર્કશ સ્વરથી બચવાનું સાધન છે. પાનખર ઋતુમાં જેમ ઝાડનાં ડાળપાંખડાં પાંદડાં વિનાનાં બની જાય છે, તેમ એ દેડકાં જેવા પોથીપંડિતો બીજાઓને ભૂલવે છે. એ પોતાનું તો શ્રેય કરી શકતા નથી. તેથી જ શ્રી અવધૂતે કહ્યું :

''રંગ મૌજ માને મૌનનમેં...''

ક્યાં વસંતની કોયલડીનો એ પંચમ અને ક્યાં વર્ષાના દેડકાનો એ કર્કશ ''ડરાઉં!'' ક્યાં એ વાણીથી પર ''મૌન'' અને ક્યાં એ કાગડાનાં ''કાકા!'' ક્યાં એ મૌનનો પૂર્ણ નાદબ્રહ્મ અને ક્યાં એ પોથીપંડિતોનો વિતંડાવાદ અને વાણીવિલાસ !!

પ્રથમ ખંડ સમાપ્ત



અવધૂતી-મસ્તી

પ્રથમ ખંડ

અનુસૂચિ



ભા.- ૧

ક્રમ		પાન
(૧)	એક આધાર કિરતારનો જગતમાં...	૮૪
(૨)	એક કિરતાર કલિતાર સૃષ્ટિ તણો...	૫૦
(૩)	ઊઠ અઘભંજના દત્ત મુનિરંજના...	૧
(૪)	કહે દિવાના મુજકો, દુનિયા, કહે દિવાના મુજકો...	૧૫૯
(૫)	ગીતા અજબ પઢાયા રે, મુજકો ત્યાગી બનાયા રે !...	૧૯૫
(૬)	ઢૂંઢત દેખા જગતમેં, સાર વસ્તુ હૈ એક...	૧૪૬
(૭)	દરદીનું દરદ એક દરદી જાણી શકે...	૧૧૬
(૮)	બોલ રહી કોકીલ કાનનમેં !...	૨૬૦
(૯)	ભજો શું મૂરખ ભૂત અનેક? ઈશ્વર છે સઘળે એક....	૨૪૬
(૧૦)	ભિક્ષા ૐ દે, મા પારવતી ! જેથી આત્મામાં થાય રતિ...	૧૬૯
(૧૧)	ભેદમાં ખેદ અભેદ નિર્વાણ છે...	૧૩૧
(૧૨)	મન મૂરખ નાદાન અતિશે, શી રીતે સમજાવું રે ?...	૨૩૯
(૧૩)	શું થયું જે રૂપ તારું જીવ ગયું ફરી ?...	૨૦૮
(૧૪)	શૂન્ય શિખર પર ચઢી, નિહાળ્યો વીજળીનો ચમકાર !...	૧૯૦
(૧૫)	સતસે નાહીં ચીજ પરાઈ...	૨૨૫

